## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૪ | ૩૩ | **'શ્રી સમરાઈચ્ચ કહા'** | ૧ |
| ૨. | ૪ | ૩૩ | મન અને વિકલ્પજગત | ૮ |
| ૩. | ૪ | ૩૩ | સાગરોપમ એટલે | ૧૦ |
| ૪. | ૪ | ૩૪ | કર્મસત્તા અને ભવિતવ્યતા | ૧૪ |
| ૫. | ૪ | ૩૪ | પાપનાં કારસ્થાન | ૧૬ |
| ૬. | ૪ | ૩૪ | સમરાદિત્યની ઉન્નતિનું રહસ્ય | ૨૦ |
| ૭. | ૪ | ૩૪ | સમુદ્રદત્તની ઉત્તમ વિચારણા | ૨૩ |
| ૮. | ૪ | ૩૫ | દાન | ૨૮ |
| ૯. | ૪ | ૩૫ | અભયદાન | ૩૨ |
| ૧૦. | ૪ | ૩૬ | ધર્મોપગ્રહદાન | ૩૬ |
| ૧૧. | ૪ | ૩૬ | દાનમાં ૪ શુદ્ધિ જોઈએ | ૪૨ |
| ૧૨. | ૪ | ૩૭ | શીલધર્મ | ૪૮ |
| ૧૩. | ૪ | ૩૭ | તપધર્મ | ૫૪ |
| ૧૪. | ૪ | ૩૭ | ભાવનાધર્મ | ૫૪ |
| ૧૫. | ૪ | ૩૮ | સંસાર જુગુપ્સનતા | ૬૦ |
| ૧૬. | ૪ | ૪૩ | અશાંતિનું મૂળ | ૮૪ |
| ૧૭. | ૪ | ૪૩ | સંસારવાસ ત્યાજ્ય શાથી ? | ૮૭ |
| ૧૮. | ૪ | ૪૪ | સાધુજીવનની દુષ્કરતાઓ | ૯૧ |
| ૧૯. | ૪ | ૪૪ | ચારિત્રધર્મને ઉપમાઓ | ૯૬ |
| ૨૦. | ૫ | ૩ | પુણ્ય કેમ વધે ? | ૯૮ |
| ૨૧. | ૫ | ૫ | ઠગાયો કોણ કહેવાય | ૧૦૬ |
| ૨૨. | ૫ | ૧૪ | નાસ્તિક પર જિનવાણીની અસર | ૧૧૮ |
| ૨૩. | ૫ | ૧૬ | અષાઢાભૂતિનો પ્રસંગ | ૧૨૧ |
| ૨૪. | ૫ | ૧૬ | જાલિનીનો પેંતરો | ૧૨૮ |
| ૨૫. | ૫ | ૧૮ | રાજુલનું સત્ત્વ | ૧૩૪ |
| ૨૬. | ૫ | ૧૯ | મુનિ અને ભક્ત શ્રાવિકા | ૧૪૩ |
| ૨૭. | ૫ | ૨૨ | ભાવનામાં કેવળજ્ઞાન | ૧૪૫ |
| ૨૮. | ૫ | ૨૩/૨૪ | નિમિત્તોની ચમત્કારિક અસર | ૧૫૫ |
| ૨૯. | ૫ | ૨૩/૨૪ | 'આ પાપી સંસાર જ એવો છે' | ૧૬૭ |
| ૩૦. | ૫ | ૨૩/૨૪ | આમાં ત્રણ શિખામણો મળે છે | ૧૬૯ |
| ૩૧. | ૮ | ૧ | સમરાદિત્ય | ૧૭૨ |
| ૩૨. | ૮ | ૧ | ધર્મસેવનનું ફળ શુભ આત્મદશા | ૧૭૪ |
| ૩૩. | ૮ | ૨ | વૈશ્રમણ શેઠ અને શ્રીદેવી પત્ની | ૧૮૧ |
| ૩૪. | ૮ | ૩ | માનવ ભવ હકથી મળ્યો છે ? | ૧૮૪ |
| ૩૫. | ૮ | ૩ | સૂગ-અરુચિના કરુણ અંજામ | ૧૮૬ |
| ૩૬. | ૮ | ૪ | મિથ્યાત્વના અંધાપાના દારુણ પરિણામ | ૧૯૦ |
| ૩૭. | ૮ | ૬ | મોટાઓ પણ ધર્મના સંસર્ગમાં આવે તો સુધરે | ૧૯૬ |
| ૩૮. | ૮ | ૬ | જૈનશાસનનો અનેકાંતવાદ ન વીસરો | ૧૯૯ |
| ૩૯. | ૮ | ૭ | ધનકુમાર ઉદાસ બને છે | ૨૦૧ |
| ૪૦. | ૮ | ૮ | માનવભવના કાળને યોગ્ય શું શું | ૨૦૬ |
| ૪૧. | ૮ | ૯ | માનવજીવનમાં મુખ્ય શું | ૨૦૯ |
| ૪૨. | ૮ | ૧૦ | ધન અને નંદ વચ્ચે વાર્તાલાપ | ૨૧૮ |
| ૪૩. | ૮ | ૧૧ | બળ્યા-ઝળ્યાને પહેલો નકારો-જાકારો ન દેવાય | ૨૨૨ |
| ૪૪. | ૮ | ૧૨ | લિમિટ આહાર-વિષય-પરિગ્રહ અને કષાયોમાં | ૨૨૯ |
| ૪૫. | ૮ | ૧૩ | માનવ જીવનનું મૂલ્યાંકન | ૨૩૪ |
| ૪૬. | ૮ | ૧૪ | પાયામાં જ વિચાર ઉમદા ગોઠવો | ૨૩૮ |
| ૪૭. | ૮ | ૧૪ | સુખનો આધાર શાના ઉપર | ૨૪૪ |
| ૪૮. | ૮ | ૧૬ | પાપની લગની ભયંકર કેમ ? | ૨૫૧ |
| ૪૯. | ૮ | ૧૭ | ભારેખમ દિલની દુર્દશા | ૨૬૦ |
| ૫૦. | ૮ | ૧૭ | માણસ તામસી કેમ બને છે | ૨૬૫ |
| ૫૧. | ૮ | ૧૭ | દુર્જનના સામ્રાજ્યમાં સજ્જનોને નિષ્ફળતા | ૨૭૦ |
| ૫૨. | ૮ | ૧૭ | નંદ દરિયામાં પડે છે ત્યારે ? | ૨૭૫ |
| ૫૩. | ૮ | ૧૯ | ધર્મ માટે ભોગ કેમ નથી આપતો ? | ૨૭૭ |
| ૫૪. | ૮ | ૨૦ | ધનકુમારની વિચારણા | ૨૮૬ |
| ૫૫. | ૮ | ૨૦ | સ્ત્રી કપટનું કારખાનું | ૨૮૯ |
| ૫૬. | ૮ | ૨૦ | પંડિતની કથા : સ્ત્રીચરિત્ર | ૨૯૦ |
| ૫૭. | ૮ | ૨૧ | મનુષ્ય જીવન અંધકારનો કાળ નહિ | ૨૯૬ |
| ૫૮. | ૮ | ૨૧ | ત્રણ ભવનું તારણ | ૨૯૭ |
| ૫૯. | ૮ | ૨૨ | સ્ત્રી-પુરુષ બંનેની ઓળખ | ૩૦૦ |
| ૬૦. | ૮ | ૨૨ | મહેશ્વરદત્ત જોગીનું આશ્વાસન | ૩૦૫ |
| ૬૧. | - | - | અનુપ્રેક્ષાનો આનંદ | ૩૦૭ |

# 'શ્રી સમરાઈચ્ચ કહા'

**ઉપબૃંહણા ન કરો તો નુકશાન :-**

જિનમતિ તો આથી ય આગળ વધી. પતિએ મહાન આત્મપરાક્રમ કર્યું છે; એના પર તેવી જ પ્રશંસા અને આભારની લાગણી પ્રદર્શિત કરવી જોઈએ. એને ઉપબૃંહણા કહે છે. ઉપબૃંહણા એ દર્શનાચારનો પાંચમો પ્રકાર છે. **'ઉવવૂહ થિરીકરણે'** બોલો છો ને ? **અવસરે સામાના સુકૃતની પ્રશંસા ન કરો તો દર્શનાચાર લોપનારા બનાય;** એ ભૂલશો નહિ. ગુરુ સુદ્ધાંએ આમ તો શિષ્યના મોઢે એની બહુ પ્રશંસા, એ ગર્વિષ્ઠ અને પ્રમાદી ન બની જાય એ હેતુથી, નહિ કરવાનું હોવા છતાં, અવસરે એની જ ઉપબૃંહણા કરવાની છે. નહિતર સંભવ છે શિષ્ય સારા શાસન-પ્રભાવક કાર્યમાં કે આત્મહિતના કાર્યમાં શિથિલ થઈ જાય. બહુ તપ કરવા છતાં ગુરુ તરફથી સારો ટેકો ન દેખાય તો એમ થાય કે 'ત્યારે મૂકો માથાફોડ. ગુરુને જો ગમતું નથી, તો તપ કરવાનું શું કામ છે ?' આમ કરી **તપ છોડી દે. આમાં નિમિત્ત કોણ બન્યું ? ગુરુની અનુપબૃંહણા.** શાસ્ત્રમાં આવે છે,

**અનુપબૃંહણાથી ગુરુ-શિષ્ય બંનેય પડ્યા :**

એક આચાર્ય મહારાજ પરગામથી મિથ્યાત્વી-વાદીને જીતી આવેલા પોતાના શિષ્ય સાથે ત્યાંના સંઘને એની પ્રશંસા કરતો જુએ છે. સંઘ એ પ્રભાવક શિષ્યને મૂકવા આવ્યો છે, ને ગુરુને કહે છે, ''ભગવંત ! આપના શિષ્યે ગજબ કરી. લોખંડી-વાદીને પણ નિરુત્તર કરી દીધો. મિથ્યાત્વ અંધકારને ધક્કો મારી જિનશાસનની જ્યોતિ ફેલાવી. શાસનનો ડંકો વગાડ્યો...'' આચાર્ય પ્રશંસા ગુણ ઝીલી શક્યા નહિ. શિષ્ય તો બિચારો આવીને પગમાં પડ્યો. કહે છે, 'આપની કૃપાએ શાસનનું નામ રહ્યું.' પણ ગુરુએ એની ઉપબૃંહણા ન કરી. પરિણામ એ આવ્યું કે શિષ્યનો ઉલ્લાસ ભાંગી ગયો; તે એય શિથિલ પડી મન બગાડી ભવભ્રમણના પંથે ચઢી ગયો. અને ગુરુ પણ ભવમાં ભમનારા બની ગયા. છતે ચારિત્ર જેવા મહાન જીવને પણ પંચાચારમાંના આચારનો ભંગ જીવનું મન બગાડી અનર્થ કરનારો બને છે. માટે જ અવસરે અવસરે સ્વાર્થને ભૂલીને પણ સુકૃતની ઉપબૃંહણા કરવાનું ન ભૂલતા.



**૪. ઉપબૃંહણા :-**

જિનમતિ પિતાની આજ્ઞા લઈ પતિ સાધુ પાસે પહોંચી જઈ ઉપબૃંહણા કરે છે ! જુઓ આ બાલિકાના પ્રૌઢ વચનો ! આ અબળાના પ્રબળ ઉદ્ગારો !

**१. 'सोहणमणुचिट्ठियं अज्जत्तेण ।**

**२. छिन्ना मोहवल्ली ।**

**३. अवलम्बिअं सप्पुरिसचरियं ।**

**४. समुत्तारिआ अहं अप्पाय इमाओ भवसमुद्दाओ ।**

**૧. આર્યપુત્રે સુંદર કર્યું :-**

શું કહ્યું પહેલું એણે ? 'આર્યપુત્રે સુંદર અનુવર્તન કર્યું !' અનુવર્તન એટલે કોઈની પાછળ વર્તન. પ્રસ્તુતમાં મહાપુરુષોના વર્તનની પાછળ અને ગુરુ મહારાજના ઉપદેશની પાછળ વર્તન. આ વર્તન ચારિત્ર જેવા ઉચ્ચ પરાક્રમનું છે તેથી એ કહે છે 'સુંદર કાર્ય કર્યું.' આ કાર્યના પેટામાં સંસારત્યાગ આવ્યો; સગાંવહાલાના ત્યાગ આવ્યા, પરણેલીને મૂકવાનું આવ્યું. એ બધું જ સુંદર !! સાંભળતાં સાધુને પણ કેટલો બધો ઉત્સાહ વધે ! કહેનારને કેવો સરસ ઉપબૃંહણાનો લાભ મળે !

**થયું ન થવાનું નથી હોતું, પણ અજ્ઞાનદશાએ આવા મહાન સસ્તા લાભ ગુમાવાય છે :** સામાની ભૂલ થતી હોય તો પણ એના ધર્મકાર્યની તો પ્રશંસા જ કરો. પછી ભૂલ માટે વાત્સલ્યભાવથી જરૂર સાવધાન કરજો. પહેલી **પ્રશંસા કરવામાં એક વાર તો સામાને આપણા તરફ આકર્ષણ થાય છે;** એટલે પછી જે કડવું કહે છે એની ભૂમિકા તૈયાર થાય છે, તમારા સંસાર **વ્યવહારમાં આ જો હોય તો ઘણા અંટસ પડતાં અટકી પડે.** પાછું એમાં **પ્રશંસા કરનારનું દિલ પહોળું ઉદાર બને છે.** એય લાભ છે. અને સામાનો પ્રેમભાવ વધે છે. જિનમતિ ગળગળી થઈને પતિ મહારાજને કહે છે 'આપે સુંદર કર્યું.' પોતાના યૌવનની મઝા મરી ગઈ એ નહિ, જીવનસાથી ગયો એ નહિ, અજાણમાં રાખી સંસારદ્રોહ કર્યો એ નહિ. ધર્મ કર્યો પણ છેતરીને કર્યો એ નહિ. આવી કોઈ વાત નહિ, કોઈ વિચાર જ નહિ. વિચાર અને વાત એક જ; આર્યપુત્રે સુંદર કાર્ય કર્યું !'' કેમ એમ ? સમજે છે કે **''ચામડાની મઝા તો કૂતરાંય માણી જાણે છે. જે જીવનસાથી બનીને જન્મ-મરણના સાથી બનાવે એવા જીવનસાથીમાં શો માલ છે ? ત્યારે દ્રોહ તો મોહના ટાયલાં કૂટીને આપણે સામાને એ મોહમાં ફસાવી આત્મા-પરમાત્મા, પુણ્ય-પાપ, સંત અને ધર્મ વગેરે ભૂલાવ્યું, એથી એ બિચારા દુર્ગતિના રવાડે ચઢી ગયા, એવા અનંતાને આપણે દુર્ગતિએ ચઢાવ્યા, એ દ્રોહ ક્યાં ઓછો છે ? બાકી ધર્મ કર્યો પણ છેતરીને કર્યો એ તો એના જેવું છે કે જેમ કોઈ વિદ્યાપ્રેમી બાપ છોકરાને કહે તેં વિદ્યા લીધી**

**પણ છેતરીને, મને અજાણમાં રાખીને લીધી. અથવા તું પૈસા કમાવાનો મંત્ર શીખી આવ્યો પણ મને કહ્યા વિના શીખી આવ્યો !' અથવા કોઈ માતૃભક્ત પુત્ર પોતાના ભાઈને કહે કે 'તેં માતાજીની સેવા કરી પણ મને ઠગીને કરી; તે તારી સેવા નકામી !' શું કહે આવું ? ના, એ બાપ તો ખુશ થાય 'ભલેને એમ, પણ મને ગમતું લાવ્યો છે ને ?' ભાઈ ખુશ થાય 'છો ને મને અજાણમાં રાખ્યો, પણ મારા પૂજ્યની સેવા કરી છે ને ?' એમ અહીં પણ જિનમતિ ધર્મની પોતાના મનગમતી ચીજ માને છે, એ બીજા લે તો સારું જ છે. ધર્મને એ પૂજ્ય માને છે. પોતાનો નાથ માને છે, એની સેવા કોઇ પણ કરે તો એ સારું જ છે. ત્યાં પોતાના અજાણપણાની શી બહુ કિંમત છે ? માટે જ કહે છે** 'તમે સુંદર કાર્ય કર્યું.''

**૨. મોહવેલડીને છેદી નાખી :-** જિનમતિ બીજું એ કહે છે કે 'તમે મોહવેલડીને છેદી નાખી.' અર્થાત્ આ મોહવેલડી અનાદિકાળથી જે આત્મક્ષેત્રમાં ઊગેલી તે અમર જેવી છે. વજ્રથી મોટા પર્વતો ભેદવા સમર્થ એવા ઇન્દ્ર જેવા પણ આ મોહની કોમળ વેલડી છેદી શકતા નથી. એવી એ વિલક્ષણ મજબૂતાઈવાળી છે. એને આર્યપુત્રે છેદવાનું ચમત્કારિક કાર્ય કર્યું. જિનમતિ પોતે જુએ છે કે પોતાના જેવી આકર્ષક પત્નીઓ, પતિને કેવી મોહિત કરે છે ! પતિ મુગ્ધ બની કેવા એના આદર કરે છે, વિશ્વાસ કરે છે. એની જગાએ આ પતિ જરાય ન આકર્ષાયા ! જરાય એને બહુ ન માની ! અને ભડાક મોહ તોડી નાખ્યો ! એ એમનું અલૌકિક પરાક્રમ નહિ તો બીજું શું ? **કુંવારા જ્યાં ફાંફા મારે છે, પરણેલા જ્યાં રૂપાળી પરનારી પ્રત્યે મોહ-મુગ્ધ બને છે, ત્યાં આ તો પોતાના કબજાની વસ્તુ અને સુંદર રૂપમૂર્તિ એનો જરાય લાભ લહાવો લેવાની વાત નહિ, અને પલકમાં એનો જીવનભર ત્યાગ કરે છે, એ મોહવેલડીને કાપી નાખવાનું કેટલું બધું શ્રેષ્ઠ અને દુર્લભ પરાક્રમ ! લાખોના સૈન્યને જીતવાનું સહેલું, પણ મોહને જીતવાનું મહાકઠીન, મહામુશ્કેલ !**

**હા, જિનવચનનો રંગ લાગી જાય, એથી આંખ સામે નરકની અગ્નિ ધીખતી પૂતળીઓ ભેટી ભડભડ સળગી જવાનું; તે એક બે વાર નહિ, પણ અસંખ્ય વાર ! એવી બીજી પણ ઘોર પીડાઓને અસંખ્ય વર્ષો સુધી એક ધારી સહેવી પડવાનું નજરે દેખાય, એને મોહપાત્રના ત્યાગ કાંઈ જ મુશ્કેલ નથી, મોહના છેદન કાંઈ જ કઠીન નથી. આત્માના અસલી સ્વરૂપમાં જડનો કોઈ સંસર્ગ નહિ, અને છતાં અસાંયોગિક અનંત આનંદ ! શુદ્ધ સ્વગુણ રમણતા !' એ સ્વરૂપની બરાબર શ્રદ્ધા થઈ જાય તો પછી ગમે તેવા રળિયામણા દેખાતા જડ પદાર્થો એ પણ વેઠ લાગે ! વિટંબણાકારક લાગે ! મોટા ચક્રવર્તીને ગટર ઉલેચવા જેવું લાગે ! સ્વ**



**સ્વરૂપમાં મહાન સ્વસ્થતા છે, પર રૂપમાં વિટંબણા છે. ક્રોધ એ પર રૂપ, ક્ષમા એ સ્વ-સ્વરૂપ. ક્રોધમાં ચઢેલો એ વિટંબણામાં પડ્યો. અને ક્ષમામાં ઝીલનારો એ મહાસ્વસ્થ બન્યો. એમ કામ એ પરરૂપ, એમાં તણાયો તે વિટંબણા પામ્યો ! બ્રહ્મચર્ય એ સ્વ-સ્વરૂપ, એમાં રહ્યો એ ઘણો સ્વસ્થ ! જડના બધા સંયોગમાં આવું વિટંબણા કપાળે ચોટે. ક્ષમા, અહિંસા, સત્ય, દયા, બ્રહ્મચર્ય, તપસ્યા, દાન, વ્રત વગેરે સ્વ-સ્વરૂપમાં રમનારો મહા-સ્વસ્થતા અનુભવે છે.** અખતરો કરતા ચાલો એટલે બરાબર આ વાત ગળે ઊતરશે. જડના મોહમાં જ વિંટળાયા. પાર વિનાની વિટંબણા વહોરી; અને નવી કર્મ વિટંબણા વહોરાય છે. **મોહની વિટંબણાથી જ આત્માને કર્મકેદી બનવું પડે છે; ને કાયાની જેલમાં પૂરાઈ એની અનેક પરાધીનતા ઉઠાવવી પડે છે !** એની જ માત્ર નહિ, અનેક સગાંની અને વહાલાંની, શેઠની, સાહેબની અને આજે તો ઠેઠ નોકરની પણ પરાધીનતા વેઠવી પડે છે ! શાથી ? કાયામાં પુરાયા માટે. મોક્ષમાં ગયેલાને છે કાંઇ વેઠ ? સમુદ્રદત્તે આવો બધો પાઠ જિનવચનમાંથી ભણી લીધો છે, નોકર મંગળિઆના જીવનમાં નજરે જોયો છે, પછી કેમ એવા કરપીણ મોહને ન છેદી નાખે ? **છતાં સાચી સમજ પછી પણ પ્રલોભક સંયોગમાં એ સાચી સમજને તદનુસાર સત્પુરુષાર્થ કઠીન છે, પ્રલોભનથી ન આકર્ષાવુ કઠીન છે,** એ સમજનારી જિનમતિ પતિ મહારાજના ઓવારણાં લે છે અહો ! તમે મોહરૂપી વિષયવેલડીને છેદવાનું મહાન પરાક્રમ કર્યું ! ત્રીજું એ કહે છે,

**૩. આપે સત્પુરુષના ચરિત્રનું અવલંબન કર્યું !** સત્પુરુષો ઠેઠ તીર્થંકરદેવથી માંડીને નીચેના નાના સાધુ સુધી. પાંચેય પરમેષ્ઠી એ સત્પુરુષો. એમનાં ચરિત્ર અદ્ભુત હોય છે. આત્મગુણોથી ઝળકતા ! ઉચ્ચ ધર્મપુરુષાર્થોથી ઝગમગ ઝગમગ શોભતા ! દોષના અંધકારથી તદ્દન રહિત ! એવા ચારિત્રનું આલંબન પતિએ કર્યું એ એમની મહાન ઉત્તમતા સૂચવે છે એમ જિનમતિ માને છે, અને સમજે છે. લોકો જુદું કહેશે 'જોયું ? કાયર ! તેં સ્ત્રીને મૂકી ભાગી ગયો, બાવો બની બેઠો.' પણ ખરી રીતે આજ સત્પુરુષ અનુસરણ છે; સત્પુરુષને ઉચિત કાર્ય છે. **દુનિયામાં ઘણા લોકો બીજાના હલકા જીવનના આલંબન કરે છે. પણ એ અસત્ પુરુષના આલંબન છે.** ૨૦ વર્ષ પૂર્વે મેટ્રિકની પરીક્ષામાં ૫-૭ હજાર વિદ્યાર્થી બેસતા, હવે ૭૫ હજાર બેસે છે !! પૂર્વે ડોક્ટરો બહુ ઓછા, હમણાં હમણાં રાફડો ફાટ્યો છે ! આજે સિનેમા શોખીનો, હોટલરસિયા, પરસ્ત્રી લંપટો કેવી રીતે વધી ગયા ? ઘણું તો દેખાદેખી. અર્થાત્ અસત્ પુરુષોના જીવનને પકડનારા દુનિયામાં ઘણા; એટલે બેની પાછળ ચાર ! ચારની પાછળ ચૌદ !... એમ ચાલ્યું. પણ

સત્પુરુષના જીવનનું આલંબન કરનારા બહુ જૂજ ! એમાંય તીર્થંકરદેવ જેવાના ય ચારિત્રજીવનની પાછળ આકર્ષાઈ, લાવો એમના જેવાએ એ કર્યું, તો મારે વળી બીજું શું કરવાનું હોય ? **એમના જેવા એટલે ? લખી લ્યો, ઈન્દ્રો જેમની સેવામાં હાજર થતા ! કુબેરો જેમના ઘરઆંગણે ધનના ઢગલા કરતા ! રાજકુળમાં જે જન્મેલા હતા ! દેવતાઓ જેમને જોઈ જોઈને આનંદિત થતા ! તો મનુષ્યોની તો શી વાત ? પાછા જન્મથી મહાવિરાગી એટલે ઘરમાં રહેવા છતાં, ભોગોથી પરિવરેલા છતાં, કર્મથી લેપાતા નહોતાં ! એમાં વળી જન્મથી અવધિજ્ઞાની, મહાજ્ઞાની, તે તે જ ભવમાં પોતાનો મોક્ષ જાણતા હતા ! આટલું છતાં એમણે ઘર છોડ્યા. ઋદ્ધિ છોડી, નોકર-ચાકર મૂક્યા, કુટુંબી મૂક્યા, અને કઠોર ચારિત્રપંથે પ્રયાણ આદર્યાં ! તેમાંય ઘોર તપસ્યાઓ કરી ! ઉગ્ર અભિગ્રહો ધર્યા ! ભારે પરીસહ સહ્યા ! ભયંકર ઉપસર્ગ વેઠ્યા ! આવું એ સત્પુરુષનું, પરમપુરુષનું ચરિત્ર !** એનું આલંબન પણ લેનાર કોક વિરલ ભાગ્યવાન ! જિનમતિ દેખે છે કે પતિએ એવા ભાગ્યશાળી બની સત્પુરુષના ચરિત્રનું આલંબન કર્યું. સનત્કુમાર ચક્રવર્તી જેવા એક લાખ બાણું હજાર રૂપ સુંદરીઓ રાખીને સત્પુરુષ નહોતા બન્યા, પણ એનો ત્યાગ કરીને. સત્પુરુષનું ચરિત્ર એ કે જે ઈન્દ્રિય-વિષયો અને દેહસુખમાં દુનિયા આકર્ષાય છે એનો ત્યાગ ! એનું પતિએ અવલંબન કર્યાની જિનમતિ ઉપબૃંહણા કરે છે. ચોથી ઉપબૃંહણા કહે છે,

**તમે તો મનેય જાતને ભવસમુદ્રમાંથી તારવાનું કર્યું :-**

"શું ? સંસાર ત્યજી ચારિત્ર લીધું તેથી તો બંનેનો ઉદ્ધાર કર્યો" **હૈયામાં ભવભ્રમણ બદલ કેટલી આગવરસી રહી હોય, ત્યારે આ શબ્દ નીકળે ? કર્મથી કલંકિત થવાનું કેવુંક તીક્ષ્ણ ભાલાની જેમ ભોંકાતું હોય, ત્યારે આ વેદનાના સૂર નીકળે ? આત્માના ઊંડાણમાંથી વિષય રસ કેવોક સુકાઈ ગયો હોય, ત્યારે આ મનાય અને બોલાય ?** પતિને ક્યાંય ક્લેશ પણ ઠપકો છે ? તો પછી "આ તમે તો દીક્ષા લઈને મને ઊભી સળગાવી દીધી ! આના કરતાં મને ઝેર કેમ ન આપ્યું ? મારું ગળું કેમ ટૂંપી ન નાખ્યું ? આવો જુલ્મ ? આવો દ્રોહ ? તો પરણ્યા' તા શું ઉપાડે ?..." આવો તો કોઈ શબ્દો કે વિચાર જ શાના હોય ? એ તો સમજે છે કે 'અહો ! કેવું મારું મહા સૌભાગ્ય ! કેવા મારા પુણ્યોદય ! કે આવા સૌભાગી પતિ મળ્યા ! સ્વ-પર તારક સ્નેહી મળ્યા ! વિવેકી હૃદયનાથ મળ્યા ! મારા જિનેન્દ્રનાથને શોભાવે એવા સગા મળ્યા !' એ સમજે છે કે **'પૂર્વે પતિ અને પત્ની તો અનંતા મળ્યા. પણ એ બધા મોહવિષના-કામવિષના પ્યાલા પાઈ પાઈ સંસારસમુદ્રમાં રખડતા કરનારા હતા.** અહીં પણ બીજા પતિ મળ્યા હોત તો કદાચ



એ ય મોહવિષના કટોરા જ પાતા.' કવિ ઋષભદાસ કહે છે ને,

**'વિશ્વાસે વહાલા કીધા, પિયાલા ઝેરના પીધા,**
**પ્રભુને વિસારી દીધા રે, પામર પ્રાણી.'**

તેથી જિનમતિ વિચારે છે કે "કામઘેલો જીવ, વિષયઘેલો જીવ, મોહમૂઢ જીવ હલાહલથીય ઉગ્ર એ ઝેરના પ્યાલાને અમૃત પ્યાલા સમજે છે. તેથી એના દેનારમાં ફસાય છે. સારું થયું કે આ પતિ સમુદ્રદત્ત પોતે જ વિવેકી બની, **'બીજાને ઝેરના પ્યાલા પોતે ધરવા નહિ; અને બીજાના ઝેરના પ્યાલામાં પોતે મોહવું નહિ,'** એ ગણત્રીએ સંસારમાંથી ઊઠી પ્રભુ તીર્થંકરદેવના મહામાર્ગે વિચરવા ગુરુચરણે જઈ બેઠા ! એથી એ તો હવે નિર્મળ બ્રહ્મચર્ય, સંયમ વગેરેની સાધના કરી તરી જવાના; પણ એમણે મનેય સગવડ કરી આપી. મારા લગ્ન પહેલાં કર્યું હોત તો કોણ જાણે મને મોહ છોડત કે કેમ ? પણ આ તો લગ્નસંબંધથી ગાંઠી એવા સુંદર સંયોગમાં મૂકી કે મને એમણે ઉત્તમ આદર્શ આપ્યો. આવા પતિ શોધતાંય ક્યાં મળે ? **હવે તો અબ્રહ્મથી તો સહેજે બચી જ; પણ વધારામાં હવે મારે કોની વેઠ કરવાની ફરજ છે ? કોઈનીય નહિ. તેથી હવે તો તારક પરમાત્મા, સદ્ગુરુ અને ધર્મની જ સેવામાં લાગી જાઉં, એટલે મારુંય કલ્યાણ થઈ જાય.** આમ એ ય તર્યા અને હું ય તરી. ભયંકર ભવસમુદ્રમાંથી તરી જવાનો કેવો સુંદર યોગ !" આ બધી સુસમજથી જિનમતિ ઉપબૃંહણા કરે છે,

**"હે આર્યપુત્ર ! તમે ખરેખર સુંદર કાર્ય કર્યું ! મોહની વેલડીને જ કાપી નાખી કે જે ઝેરી વેલડી અનંત અનંતકાળથી આત્મઘરમાં ઊગેલી, ફાલી-ફૂલીને ઝેર ફેલાવી રહી હતી ! અને ભાવ પ્રાણનો નાશ જ કરનારી હતી. વળી તમે તો આ સત્પુરુષોના આચરણનું આલંબન કર્યું ! એથી તો તમારા કેટલા ગુણ ગાઉં ? તમારા જીવનને કેટલા ધન્યવાદ આપું ! એથી તો તમે મને અને તમારા આત્માને ભવસમુદ્રથી પાર ઉતાર્યા !"**

ધર્મ સિવાય બધું કૂચા લાગે, બધે ભય લાગે, બધે નાલેશી લાગે તો આવી વિચારણા અને વર્તાવને અવકાશ છે. ધર્મ સિવાયની મહાન કોટિની પણ વૈભવની વાતો હૃદયને બાળનારી હોય, ત્યારે જ આવા ધર્મની ઝંખનાઓ થાય; તેવા ધર્મની ભારોભાર અનુમોદના થાય. અનુમોદના પક્ષપાતવાળી નહિ. માણસ પોતાના હોય કે પારકા; દરેક આરાધનારના પગે પડવાનું મન થાય; તેમનાં વધામણાં કરવાનું મન થાય. ત્યાં 'આ તો આપણા પોતાના જ છે, આપણા સ્વાર્થને કચરનારા છે; એના ધર્મમાં સંમતિ શી ? એવું ન થાય. "સંસાર હૈયાને બાળે છે, ધર્મ હૈયાને ઠારે છે. સંસારમાં ભય છે, ધર્મમાં નિર્ભયતા છે. સંસાર પરાયો લાગે, ને ધર્મ

પોતાનો લાગે.'' પછી ભલેને પોતાના સ્વાર્થને ઊંધો વાળનારા પતિ છે, તો ય એમનામાં જ્યાં ધર્મ જુએ ત્યાં ઝૂકી પડે ! જિનમતિ ઝૂકી પડી ! એ કહે છે, **''તમે તો મને તારી ! તમારા જેવા સોભાગી પતિ મળ્યા પછી હું રઝળું ભવમાં ? મેં નજરે જોયું કે મહાન સમૃદ્ધ નગરવાળો માર્ગ તમે લીધો, તો તે જોયા પછી ભવ અટવીમાં હું ભમતી રહું ? ના હું ય નીકળી જાઉં.''**

**જિનમતિની દીક્ષા :**

જિનમતિએ પણ અનંગદેવ ગુરુ મહારાજ પાસે ચારિત્ર લીધું; અને સાધ્વીના સમુદાયમાં ભળી ગઈ. શરીરની સગાઇ ભૂલી ગઈ, સ્વ-પરના આત્માના હિત જોયા, તો શું ખરાબ થયું ? ઊલટું સારું થયું. બંનેય પવિત્ર મહાત્મા બની જગત્પૂજ્ય બન્યા !

**સમુદ્રદત્ત ગ્રૈવેયકે :**

સમુદ્રદત્ત મુનિ નિરતિચાર ચારિત્ર પાળી ગ્રૈવેયક દેવલોકમાં પચીસ સાગરોપમવાળા દેવ બન્યા ! ગ્રૈવેયકના દેવ એટલે નિર્વિકાર દેવતા ! તો અહીં સાધુજીવનમાં નિર્વિકારતાનો કેટલો અભ્યાસ કર્યો હશે ? કોઈ વિષયની લોલુપતા નહિ, કોઈ કષાયનો ઉધમાત નહિ. નિર્વિકારના સુખ કેટલા ઊંચા ? વિકારીના માનેલા સુખ કરતાં કરોડો અબજો ગુણા !!

**મંગળ નિધાને :**

નોકર મંગળિયો સમુદ્રદત્તને છરી લગાવીને ઊપડ્યો પર્વત પાસે, કે જ્યાં નિધાન દાટેલું છે. ધન કાઢ્યું. સાત લાખ સોનામહોર દાટેલી બહાર કાઢી ! ચક ચક ચળકી રહેલી છે ! જોઈને આનંદનું શું પૂછવું ? લક્ષ્મીના લાલચુને પાછી રૂપાળી લક્ષ્મી ! આ લક્ષ્મીના લોભમાં કરેલા ભયંકર દુષ્કૃત્યનોય અફસોસ શાનો હોય ? ઉપરથી નિર્દોષ સમુદ્રદત્તને ઠગ્યાનો અને છરી મારી જંગલમાં રખડતો મૂક્યાનો આનંદ !! આવા ભયંકર કાળા હૃદયમાં છઠ્ઠી નરકના ભાતાં બંધાય એમાં નવાઈ નથી. આટલું પાપ કોણે કરાવ્યું ? લક્ષ્મીએ, ક્યાં આત્માની દિશા ! ને ક્યાં જડ પદાર્થોની !

છતાં મંગળને લક્ષ્મી ભોગવવાની વાત ક્યાં છે ? એણે તો પાછું તેને દાટ્યું ! અને એને પથરાઓના સમૂહથી ઢાંક્યું ! જમીન એવી સ્વાભાવિક બનાવી દીધી કે ત્યાંથી આવતા જતા કોઈને ખબર ન પડે કે અહીં નિધાન દાટેલું હશે ! અને પોતે ત્યાં જ રહ્યો. માંસાહારી બન્યો. ક્લેશપૂર્વક પોતાની આજીવિકા નભાવે છે ! ક્લેશ એટલે હૃદયની કલુષિતતાપૂર્વક. એના મનને તો આ ધનની હૂંફ છે. માને છે કે 'હું તો જગતનો બાદશાહ બની ગયો !'' અજ્ઞાન અને મિથ્યા મોહમાં



એ તણાઈ ગયો છે. માંસાહાર કેટલો પલટો લાવી દે છે ! નોકર શ્રાવક શેઠને ત્યાં રાત્રિભોજન પણ નહિ કરતો હોય, તે સંયોગ ગયા ! અને જંગલમાં ધનનો સંયોગ થયો તો માંસાહારી બન્યો. સીધેસીધું જીવન ચાલતું હતું તો મન કોમળ અને મેલું ન હતું; પણ લક્ષ્મીના મોહમાં મન કઠોર અને મેલું બની ગયું !

## • મન અને વિકલ્પજગત •

**પ્ર.- જંગલમાં એકલો છે, તો મન કોની સામે બગાડવાનું ?**

**ઉ.- પાસે રહેલી લક્ષ્મી એના મનમાં આખી કાલ્પનિક દુનિયા ખડી કરે છે !** એટલે તો હવે બેકલો શું, અનેકની વચમાં થઈ ગયો ! **કલ્પના એવી ચીજ છે કે આમ બહાર વાસ્તવિક રીતે જગત નાનું હશે, પણ કલ્પનાના જગતના વિસ્તારનો પાર નહિ !** જે વાસ્તવિક દુનિયામાં ન મળે તે માનસિક મળે ! એનો અર્થી, સંજ્ઞી બન્યો-મનવાળો બન્યો તે ભયંકર ગુનો કે બીજું કંઈ ? તુચ્છ યોનિઓમાં મન નહોતું, વિચાર-શક્તિ ન હતી, હવે વિચારક શક્તિવાળો માનવ બન્યો, તો એ વિચારશક્તિ એને માટે ઉપકારક બની કે મારક બની ? **જે માણસો વિકલ્પની દુનિયામાં પડી ગયા, તેમને પાપનો પાર નહિ.** કેમકે કુવિકલ્પો છે ! જો જો, એક જ મનથી બે જાતનાં કાર્ય થઈ શકે છે. **સજ્ઞાન, સાવધાન મનમાં સુવિચારોનું જગત રચાય; તેથી મહાન પાપક્ષય અને પુણ્યોપાર્જન ! અજ્ઞાનતાવાળું મન કુવિકલ્પોની દુનિયા સર્જશે, જેમાં રૌદ્રધ્યાન અને નરકનાં ભાતાં ભેગાં થશે !** તંદુલિયો મચ્છ નાનકડો છતાં ઘોર નરકમાં કેમ જાય ? માનસિક કુવિકલ્પોના પાપે. મન છે એટલે એમને એમ બેસી ન રહેવાય ! વિચારણા તો ચાલે ને ? તો ગમે તે વિચારણા ચાલે તેવું ધોરણ રખાય ? ધારો કે જંગલમાંથી જતાં માણસને વિષવૃક્ષ મળ્યું. તો શું એમ કહે કે ''ભાઈસાબ, મોંઢુ છે એટલે ગમે તે મોંમાં નખાય જ ને ?'' તો તો ઝેર પણ નખાય ? ના, ત્યાં તો ઝટ કહેશે ગમે તે ન ખવાય. ગંડેરી ચવાય, પણ માત્ર શેરડી પર જીવતા ઊંટના મીઠા લીંડા ન ચવાય. તો પછી શું વિચારો ગમે તે કરાય ? કે વિવેક જોઈએ ?

**મંગળ છઠ્ઠી નરકે :-**

મંગળિયો પોતાના મનની કાલ્પનિક દુનિયામાં વિચારે છે ''હું મોટો શેઠ બનીશ !... પેઢી જમાવીશ...ચમરબંધી થઈશ... નોકર-ચાકર રાખીશ... માયકાંગલો નહિ રહું... સત્તાધીશ બનીશ.'' આ નોકર માત્ર વિકલ્પની દુનિયામાં રમે છે; નિધાનમાંની એક ગીની પણ ભોગવવાની નહિ ! જાતે ભોગવવાનું તો ઘેર ગયું, પણ બીજા માટે બૂરું વિચારે છે. એમજ એ નિધાન ત્યાં રાખી મરીને

છઠ્ઠી નરકમાં પહોંચ્યો. હાય લક્ષ્મી ! કેવી ક્રૂર એ ! નિજના આત્માને સરાસર ભૂલાવી કેવા કેવા ઘોર વિકલ્પોમાં જ જીવન સડાવી નાખે છે !

છદ્મસ્થજીવને વિકલ્પો રચવા પાછળ થતા દુર્ધ્યાનમાં ક્યાં ક્યાં ઘોર કર્મ બંધાય છે, તેનું ભાન ક્યાં છે ? એ તો ઉપરથી કહેશે કે "આપણે તો સંતોષ રાખવા...જે મળે તેટલામાં ચલાવી લેવું...બહુ દોડધામ નહિ કરવાની !" પણ આવું કહેનારા માણસોને પૂછો કે "સંતોષ રાખ્યો છે ? મૂડી કેટલી રાખી છે ? અંદરના હૈયાની વાત બોલો. પાછું મળે એવું લાગે ત્યાં દોડો કે નહિ ? તમારું કોઈ ઉઠાવે ત્યાં સંતોષ ખરો ? કે અશાંતિ સળગે ? એકલી બહારની કથનીથી માપ ન નીકળે. અંદરમાં વિકલ્પો કેટલા, તેના પર માપ નીકળે. દેખીતું જીવન સીધું-સાદું હોવા છતાં વિકલ્પોથી જીવ બહુ જ ભારે થાય છે."

**વિકલ્પસર્જિત દુનિયા રાક્ષસ ! :-**

માપ કાઢો કે કાયાથી પાપ કેટલું કરીએ છીએ, ને વિકલ્પોથી કેટલું ? "શું કરીએ સાહેબ ! સંસારી છીએ... ચૂલો-હોલો સંભાળવો પડે... બજારે જવું પડે..." ભલે કાયાથી આટલું કર્યું, પણ મનથી વધારે નહિ ને ? ચોમાસાનો દહાડો છે, કોલસા સળગતા નથી, ભેજવાળા થઈ ગયા છે, તો મન બિલકુલ શાંત ને ? કે કોલસાવાળા પર મન ઊતરી પડે ખરું ? **માત્ર એક દિવસનું ય માપ કાઢીએ તો હૃદય કંપી ઊઠે તેવી માનસિક હાલત છે !** રાત ને દિવસ ધમધોકાર કામ ચાલુ છે ! ઊંઘમાંય સ્વપ્ન ચાલુ, તો જાગતાં તો સંકલ્પ-વિકલ્પોમાં અટકવાનું જ શાનું હોય ? **વિકલ્પસર્જિત દુનિયા રાક્ષસી હોય છે ! વિકલ્પ કરનારને પોતાને જ ખાઈ જાય ! ખાય તે ચારે બાજુથી ખાય ! પુણ્ય ખાય ! ગુણ ખાય ! સમતા ખાય ! પ્રેમ ખાય ! જ્ઞાન ખાય !**

**મારી દુનિયા એટલે એકલી જિનમતિ નહિ :-**

**માનસિક વિચારણામાં જો પ્રભુશાસનનો ઉપયોગ કરતાં આવડે તો બધું બદલાઈ જાય !** આખો ઝોક ફરી જાય ! સમુદ્રદત્તનો ઝોક કેવો ફર્યો ! નોકરના મોઢે સાંભળ્યું કે પત્ની "જિનમતિ વંઠી ગઈ છે !" તો એ સમાચાર પર ખોટા વિકલ્પો રચવાને બદલે માનસિક વિચારણામાં પ્રભુશાસનનો ઉપયોગ કર્યો ! **"ઊભો રહે, મારી દુનિયા એટલે એકલી પત્ની જિનમતિ નથી. એમાં ખરા તો મારા જિનેશ્વરદેવ છે. એ ત્રણેય કાળ માટે ઉત્તમોત્તમ છે !** એ જો મારી પાસે છે તો એક જિનમતિ ખોવાઈ જવામાં શું રોઉં ? અને વિચાર કરું તો **આત્માને તો પત્ની જિનમતિ શું, પણ પોતાની કાયા સાથેય ક્યાં કાયમના મેળ છે ?** આ તો ભલાભાઈની પ્રીત ! મુસાફરખાને મેળો ! મનથી મુક્ત વિચાર કરતાં તો દેખાય છે કે નજર



સામે એકલી જિનમતિ નથી; સમસ્ત દુનિયા છે. એ દુનિયામાં મોહના નાટક જીવો નાચી રહ્યા છે. તેવા કોઈ નાટકની અસર, સંભવ છે કે, પત્ની પર પણ થયેલી હોય. પરંતુ એમાં એનાં કર્મ અને વાસના કામ કરે છે, ત્યાં મારો શો અધિકાર, કે હું વિચારું કે એ આમ કેમ થઈ ગઈ ? હવે હું જ એ નાટકમાં ભળું નહિ; માટે મારે સાવધાન થવાનું." બહાર કંઈ દેખાતું નથી, પણ જિનવચનના સહારે અંદરમાં આ દુનિયા ઊભી કરી ! "આપણને એવા નાટકમાં ભળવાનો ખપ નથી; આપણે તો ચારિત્ર લઈશું; ઘેર જવું નથી, કેમકે ઘેર જાઉં તો કોઈ નવું વિઘ્ન આવીને ઊભું રહે. એના બદલે સીધો ગુરુ મહારાજ પાસે જઈશ !..." પગથી ચાલીને તો મળશે ત્યારે મળશે, પણ મન તો ઊપડવા માંડ્યું ! "આરાધના કરીશ ગુરુમહારાજ પાસે...! કુવિકલ્પોને બદલે શુભ વિચારણાની ધારામાં ચઢેલો એ ચારિત્ર પામશે ત્યારે પામશે, પણ પાપધારાને અટકાવીને એ અત્યારથી કર્મની નિર્જરા કરી રહ્યો છે ! શુભવિચારણાની ધારા પાસે ન રાખી, તો કુવિકલ્પોની ધારા પાસે જ સમજી રાખજો; ને એ પોતાની જાત માટે રાક્ષસનું કામ કરે છે, **આપણે જો ખોટા વિકલ્પમાં નથી તણાતા, તો બહારનો કોઈ શું બગાડી શકે ?** अप्पा मित्तं अमित्तं च । પોતાનો આત્મા જ પોતાનો શત્રુ અને મિત્ર છે. સ્વયં જ શુભ વિચારોમાં ચઢે છે, તો જાતને તારે છે. સ્વયં જો વિકલ્પોની હોળી સળગાવે છે, તો જાતને જ મારે છે.

**સાગરોપમ એટલે :-**

નોકર અને શેઠમાં ફરક કેટલો પડ્યો ? નોકર કુવિકલ્પની દુનિયામાં રમી, મરીને છઠ્ઠી નરકમાં પહોંચ્યો ! ને શેઠ શુભ વિચારણામાં ગ્રૈવેયકમાં પહોંચી ગયા ! કેવા કાળ ? ૨૨ ને ૨૫ સાગરોપમના ! એકેક ક્રોડ પલ્યોપમો એક-બે વાર નહિ, સો-બસો વાર નહિ, હજાર-બે હજાર વાર નહિ... દસ કરોડ-કરોડ વાર પસાર થાય !! શું થાય છે 'અધધધ ! છઠી નરકના રોજિંદા મિનિટે-મિનિટના છેદન-ભેદન-કૂટણ આટલા બધા દીર્ઘકાળ સહવાના ?' ના, આટલું જ નહિ, એવા બાવીસ સાગરોપમ સહવાનું ! ૧-૨ વાર નહિ, પણ ૨૨ વખત દસ કરોડ ક્રોડ પલ્યોપમ પસાર થાય એટલા બધા દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી જીવલેણ દુઃખની ચક્કીમાં પીસાવાનું ! પલ્યોપમ પણ નાનો કાળ નથી. જુગલિયાના અસંખ્ય વાળના ટૂકડાથી ખચ ભરેલા જોજનિયા કૂવામાંથી ૧૦૦-૧૦૦ વર્ષે એકેક ટૂકડો કાઢતાં, એટલે દા.ત. ૨૦૦૦ની સાલમાં એક જ ટૂકડો કાઢ્યો, પછી ૨૧૦૦ની સાલમાં બીજો કાઢ્યો, ૨૨૦૦ની સાલમાં ત્રીજો ટૂકડો... એમ કરતા આખા કૂવાના સમસ્ત ટૂકડા કાઢવાના એમાં જે કાળ જાય તે પલ્યોપમ કાળ !!

અજિતદેવ તીર્થંકર ભગવાન વિજયસિંહ આચાર્ય મહારાજને કહી રહ્યા છે "તું સમુદ્રદત્ત તો હજી ગ્રૈવેયકમાં છે; પણ પેલા મંગળનો છઠ્ઠી નરકે બાવીસ સાગરોપમનો કાળ પૂરો થયો, તે ત્યાંથી બહાર નીકળી આજ મહાવિદેહમાં આજ વિજયમાં રાષ્ટ્રવર્ધન ગામમાં વૈલ્લિતક ચંડાળને ત્યાં બોકડો થયો. એ મોટો થતાં, બીજા બોકડાઓની સાથે જયસ્થળ નામના નગરમાં તેને લઈ જવામાં આવે છે. રસ્તે જતાં પાછો ભવિતવ્યતાથી એ નિધાનના પ્રદેશ આગળ આવે છે. એ દેશનો એને પૂર્વે ખ્યાલ છે, પૂર્વે ખૂબ પરિચય છે, તેથી તે પ્રદેશ જોતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, પૂર્વજન્મનું સ્મરણ થયું ! પણ તેથી શું ? "હું મંગળિયો નોકર...આ મારું નિધાન...પણ મારા કામમાં ન લાગ્યું..." પશુને લોભ હોય ? હા, લોભનો અભ્યાસ કરીને આવ્યો છે, તે હોય. પૂર્વજીવનના અભ્યાસથી તેનું અહીં ઉદ્‌બોધન થયું. પણ તે એના માટે એકલો અનર્થકારી નીવડવાનો છે. માટે જ માનવભવે, એવા અભ્યાસ ન પડી જાય એ ખાસ જરૂરી છે. બોકડો ત્યાં ઊભો રહી ગયો; ખસતો નથી. ચંડાળ દંડો લગાવે છે. દંડો પડ્યો એટલે ચાલવા માંડ્યું, પણ ધણીની નજર ચૂકી, કે પાછો નિધાન આગળ આવીને ઊભો, ફરી ચંડાળ આવ્યો, ને દંડ લગાવ્યો, તે પાછો ચાલ્યો. પણ જાતિસ્મરણથી નિધાન તો હવે કોટે વળગ્યું છે, તે શાનો આગળ જાય ?

જાતિસ્મરણ જ્ઞાનનો શું ઉપયોગ જો લોભના સંસ્કાર કાયમ છે ? તેમ આપણને જાતિસ્મરણ થઈ જાય, પણ અંદરમાંના મોહના સંસ્કાર જાગી જાય તો ? વૈરાગ્ય થાય ખરો ? આવું કોઈ જ્ઞાન ગમે છે બહુ; પણ પ્રશ્ન એ છે કે એની પાછળ સારું જ સૂઝશે ? કહીએ તો ખરા 'શ્રી સીમંધર જગધણી આ ભરતે આવો...સયલ સંગ છોડી કરી ચારિત્ર લેઈશું,' પણ આપણા ચાલુ સંયોગમાં, વિચારો કે, આપણે ખરેખર સંસાર છોડી દઈએ ? ભલે ભગવાન ખુદ પધાર્યા પણ પેલી પત્ની બિચારી આપણા વિના નિરાધાર બની જાય એમ જે લાગે છે, છોકરાં હજી નાના લાગે છે, મોટી ઉઘરાણી બાકી છે...વગેરે વગેરે બધું મટી જાય ? ભગવાનના શાસનમાં ચાર મુનિઓએ કેવળી ભગવાનને પૂછ્યું "પ્રભુ અમારા કેટલા ભવ ?"

કેવળજ્ઞાનીએ તરત કહ્યું, "આ તમારો છેલ્લો ભવ છે."

કહો કેવો સરસ યોગ ! પણ જાણો છો આ સાંભળીને મુનિઓને શું શું થયું ?

"ઓહો ! આ છેલ્લો જ ભવ ? તો પછી આ વ્રત નિયમોમાં કૂચે મરવાની શી જરૂર ? ચાલો સંસારની લહેર ઉડાવીએ." એમ વિચારી ગયા સંસારમાં !



બસ ? મોઘેરું જ્ઞાન તરવા માટે કે ડૂબવા માટે ?

**કોઈ દિવ્યજ્ઞાન, કોઈ દિવ્યદર્શન લાભ ક્યારે કરે ? એની સાથે મોહના સંસ્કાર જોર ન કરતા હોય તો.**

બોકડો રહી રહીને ત્યાં જ આવે છે, કસાઈની જાત ! ક્રોધમાં આવીને એણે બોકડાને ત્યાંનો ત્યાં જ મારી નાખ્યો ! બોકડો જાતિસ્મરણ અને સાત લાખના માલને પામી શું કમાયો ? તમારે એ નથી છતાં કમાણીમાં છો એ જૈન ધર્મથી છે. પેલો મરીને ઉંદરનો અવતાર પામ્યો. ઓઘસંજ્ઞાથી નહિ. માત્ર અનાદિની તૃષ્ણા. એના યોગે નિધાનની આસપાસ ભમવા લાગ્યો. જમીનમાં નીચે નિધાન જોઈ લીધું છે; "સરસ છે ! કિંમતિ છે ! કામનું છે !..." આ સંસ્કાર પૂર્વભવના છે એટલે એના પર મગરૂબીથી રહેવા લાગ્યો.

એવામાં ત્યાં સોમચંદ નામનો જુગારી આવ્યો. તે આવીને સાલના ઝાડ નીચે વિધાનની બાજુમાં બેઠો. ત્યાં ઉંદરડો મગરૂબ થઈને એને જુએ છે. જુગારીને જોઈ એની સામે આવી ઈર્ષ્યાથી પોતાની ડોક ઊંચી કરે છે; ને પૂંછડી ઊંચી કરે છે. જુગારીને આશ્ચર્ય લાગે છે કે "આ આમ કેમ કરે છે ?" પણ પેલો તો વધારે ને વધારે ચીડવવા લાગ્યો. મોટા થેકડા લગાવે છે ! કેમ આમ ? અજ્ઞાનતા અને લક્ષ્મીના લોભમાં ગર્વ આવી ગયો છે ! તો આવું તો માનવ શ્રીમંતોય કરે છે ને ? આ તો ઉંદર ! પણ એની આ ચેષ્ટા જુગારી સહન કરે એમ નથી, એણે ગમે તે રીતે ઉંદરડાને ત્યાં જ ખલાસ કરી નાખ્યો.

**મંગળિયો જુગારીનો પુત્ર :**

મરીને તે જ જુગારિયાને ત્યાં પુત્ર તરીકે જન્મ્યો. માતા કેવી મલી ? જુગારીની પત્ની દુર્ગિલિયા ! તે ય સાવ કાન-નાક વિનાની ! લ્યો, મનુષ્યભવ મળ્યો ! પણ ઉચ્ચ કુલાદિધર્મ સામગ્રી વિના શું કામનો ? તમને તે સહિત મળ્યા પછી જીવનમાં જો ધર્મ જ મુખ્ય નહિ, તો એ કેટલી બધી અક્કર્મિતા ! પુત્ર મોટો થયો. રુદ્રચંડ એનું નામ રાખવામાં આવ્યું. દોષોથી ભરેલો છે. અનેકના સંતાપનો કારણ બને છે. ત્યાં વળી વિષવૃક્ષ જેવું યૌવન પ્રાપ્ત થયું ! શાસ્ત્રકાર કેટલી સચોટ ઉપમા આપે છે. જેમ વિષવૃક્ષ ઉપરથી મીઠાં લાગે તેવા ઝેરી ફળો આપે છે. તો એનું ફળ શું ? મોત જ ને ? એમ યુવાની મીઠાં લાગતા ઈન્દ્રિયરસો અને કામ, ક્રોધ, લોભ, ગર્વ વગેરે આપે છે પણ એનું ફળ ? અનેક જન્મ-મરણાદિના ભયંકર દુઃખો ! જુવાની ઝેરી ઝાડ સમી છે એમાં આ કોઈ દુરાચારો અને ચોરી-લફંગી આદિ અકાર્યો કરે છે. એમાં એક વાર ચોરી કરતાં ખાતરના મોઢે પકડાયો. તેને રાજા સમરભાસુર પાસે લઈ જવામાં આવ્યો. રાજાએ એને જીવતો ને જીવતો

શૂળીએ ચઢાવી દેવાની આજ્ઞા આપી. શૂળીમાં એ કરુણપણે વીંધાઈને રીબાઈ રીબાઈને મર્યો ! મરીને પાછો બીજી નરકમાં કંઈક ન્યૂન ત્રણ સાગરોપમમાં પહોંચ્યો !

જુઓ દુઃખની દશા ! આટલું છતાં, આવું અનંતવાર બની રહ્યું છે છતાં અજ્ઞાન અને મોહાંધ જીવની ખંધા ચોર-બદમાશની જેમ વિષય-કષાયની લત છૂટતી નથી ! સંસાર એવો છે કે એ લતને વધારનારા સંયોગો પાછા આવીને ઊભા રહે છે. આ જીવને એ જ લક્ષ્મી નિધાન આવી ભટકાય છે ! એ લક્ષ્મીના નિધાને શું આપ્યું ? પાપની વાસના. દોષોનો વિકાસ, અને ભયંકર દુષ્કૃત્યોના આચરણ ! લક્ષ્મી સારી ? તમે ઝટ કહેવાના કે,

**પ્ર.- સત્કાર્યમાં ખરચે તો સારી ને ?**

**ઉ.**- લક્ષ્મી પોતે સત્કાર્યમાં ખર્ચવાનું શિખવે ? ના, એ તો અંદરની ધર્મવૃત્તિ અને ઉદારતા શિખવે. ત્યારે એવી ધર્મની વૃત્તિ અને ઉદારતા મળી હોય, અને કદાચ લક્ષ્મી ન મળી હોય તો પોતાના આત્માને મોટો સંસાર-સાગર તરવામાં વાંધો આવે ? ઊલટું કહો કે લક્ષ્મી આવવાથી તો ધર્મવૃત્તિ કેટલાયને સુકાઈ જાય છે.

**નરક પછી શ્રીદેવી, તે ફરી આને ભેટે છે ! :**

બીજી નરકમાંથી નીકળી પૂર્વનો મંગળિયાનો જીવ મારખાઈ હલકો થયો તે હવે લક્ષ્મીનિલય નગરમાં અશોકદત્ત શેઠની શુભંકરા પત્નીની કુક્ષીમાં શ્રીદેવી નામની પુત્રી તરીકે જન્મ્યો. શ્રીદેવી મોટી થતાં તેનાં લગ્ન કોઈ સાગરદત્ત શેઠના પુત્ર સમુદ્રદત્ત વેરે કરવામાં આવ્યા. ત્યાં શ્રીદેવીની કુક્ષીમાં પૂર્વનો સમુદ્રદત્તનો જીવ દેવલોકમાંથી ચ્યવીને પુત્રપણે ઉત્પન્ન થયો; ને જન્મ્યા બાદ તેનું નામ સાગરદત્ત રાખવામાં આવ્યું.

**ધર્મ અને પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞ બનો :**

કહો કેટલો સુંદર યોગ મળી ગયો ! આ ધર્માત્મા પુત્રથી પોતે લોઢું છતાં પારસમણિ સંગે સુવર્ણ સમાન બની જાય ! પણ ખાટલે મોટી ખોડ ! લક્ષ્મીની સાથે હાડોહાડ સગાઈ બાંધી છૂટે નહિ, ત્યાં **પારસમણિ સંગ લૂગડે બાંધ્યા લોઢાને શું કરે ?** એ સગાઈ છૂટવા માટે ધર્મની સાથે, વીતરાગદેવની સાથે, સગાઇ કરવી જોઈએ, જીવનમાં દેવાધિદેવનો અને ધર્મનો ઉપકાર સમજાવો જોઈએ કે **કેવા એમના અનુપમ ઉપકારે આપણે એકેન્દ્રિયાદિ નીચી દશામાંથી આટલે બધે ઊંચે આવ્યા ! આ ઉપકારે ભૂલાય તો કેવી મોટી કૃતઘ્નતા ?** શું મનને એટલું ન થાય કે **દુનિયામાં જરાક રોગ મટાડનાર, દારિદ્ર ફિટાડનાર કે એક જરા સારા લત્તામાં ઘર ભાડે અપાવનાર, એ પણ ખરો ઉપકારી લાગે છે, તો ધર્મે તો આપણને દુર્ગતિના**



**મહારોગ ટાળ્યા, પાપોદયના મહાદારિદ્ર ટાળ્યા, અને સારી માનવગતિમાં સ્થાન અપાવ્યું, તો એમના પ્રત્યે તો કેટલી બધી કૃતજ્ઞતા જોઈએ ?** બાકી એટલું ધ્યાનમાં રાખજો કે કુટુંબ ને કબીલા, કે સંસાર ને લક્ષ્મીની નવાઈ નથી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૩૪,તા.૧૯-૫-૧૯૫૬

**કર્મસત્તા અને ભવિતવ્યતા :**

પ્રથમ ભવમાં લક્ષ્મીની ખાતર મારી નાખનારો ભાઈ અહીં માતા બને છે ! અને મરનારો પોતે હવે મહાગુણીયલ છતાં એનો પુત્ર બને છે ! સંસારની સ્થિતિ નાટક જેવી છે ! નાટકમાંય આવું અજુગતું ન બતાવે; તેવું અજુગતું કર્મસત્તા આ સંસારની રંગભૂમિ પર બતાવે છે. કર્મ અકલ્પ્ય ઘટનાઓ બનાવે છે. એટલા જ માટે **વિવેકી આત્મા એવી કર્મની અઘટિત ઘટનાઓને જોઈને સંસાર ઉપરથી આસ્થા ઉઠાડી લે છે; ને રુચિ વિનાનો બની જાય છે.** બીજી ખૂબી એ છે કે વૈરી જીવ રખડી-રખડીને આવ્યો તે પાછો આના સંબંધમાં આવે છે ! કેમ જાણે ગમે તેવો આ સારો આત્મા હોવા છતાં એના જૂના અશુભ કર્મો. તે કર્મો એને એના સંબંધમાં ખેંચી જાય છે ! આવી યોજના કરવા કંઈ બ્રહ્મા નવરો નથી પડ્યો ! તેમ આવી ગોઠવણ કોઈને પસંદ નથી. પસંદગી ચાલે એમ નથી; કે ધાર્યું બને એવું નથી. એજ સંસારમાં જીવની મહાપરાધીનતા સૂચવે છે. તો આ ઘટનાઓ ચોક્કસ બને તો છે જ. તો પ્રશ્ન થાય કે,

**પ્ર.**- અઘટિત ઘટનાઓ કોણ બનાવે છે ?

**ઉ.**- કર્મ અને ભવિતવ્યતા. જે **કર્મ અને ભવિતવ્યતા માણસનું ધાર્યું કંઈ જ ન ચાલવા દે, એની કોઈ જ પસંદગી કે અનિચ્છા ન જુએ ! અને ઉપરથી ન ધારેલું ને ન પસંદ કપાળે ચોંટાડી દે ! એવી કર્મસત્તા અને ભવિતવ્યતાને ગણકાર્યા વિના ધાર્યું કરવાના કોડ સેવનારો અને પસંદ પડે તે જ કરવાનો ઠેકો રાખનારો, એ સામાન્ય મૂર્ખો કહેવાય કે મૂર્ખ શિરોમણિ કહેવાય ?** જે વાત કર્મસત્તાના હાથની છે, જેની સામે આપણું કંઈ નીપજતું નથી, એમાં "હું આમ કરી નાખું, ને તેમ કરી નાખું..." આ મૂર્ખાઈ શી ? જે ભવિતવ્યતા પોતાનું ધાર્યું કર્યે જાય છે, ત્યાં 'મેં આમ કર્યું હોત તો આમ ન બનત' એવી પોક શા માટે મૂકવી ? એ વખતે તો વિશ્વાસ ધરવો જોઈએ કે "આમાં ભવિતવ્યતા અને કર્મનું ધાર્યું જ થવાનું છે, અગર થયું છે ! મારું કાંઈ ચાલે એવું નથી." એમ વિશ્વાસ ધરીને ઊલટું એવા અવસરે આપણો પુરુષાર્થ, આપણી અદ્ભુત શક્તિઓ અને પુણ્યાઇ

એમાં વેડફી નાખવાને બદલે જ્યાં ધર્મક્ષેત્રમાં સારી રીતે કારગત થાય એમ છે ત્યાં કાં ન ખરચવી ? પણે તો આપણું કાંઈ ઊપજે એમ નથી. એ સુધારવું આપણા હાથની વાત નથી. જ્યારે અહીં તો વીતરાગદેવની ભારી ઉપાસના કરવી, એમનું સ્મરણ કરવું, એમનો જાપ, એમની ભક્તિ કરવી, એ આપણા હાથની વસ્તુ છે. આપણો પુરુષાર્થ અને પુણ્ય કામે લગાડી શકાય એમ છે. જે વાત કાબુમાં નહિ, તેમાં પોતાનું અનંત પુણ્ય ખરચી નાખવું તે તો ગમારતા કે બીજું કંઈ ? એના બદલે **ધર્મના ઉત્તમ અનુષ્ઠાનોની બાબતોમાં મોટો પુરુષાર્થ ચાલે એવો છે, માનવશક્તિઓ સારી કામ લાગે એવી છે, માનવ પ્રયત્ન સારો કામ લાગે એવો છે, તો એ કાં ન કરવા ? જ્યાંથી પાક નીપજે એમ હોય એવી જમીન પર બીજની સામગ્રી ખર્ચે, ને મહેનત કરે તો કામની કહેવાય છે.** એમ આ માનવના જીવનમાં સામગ્રીમાં શરીરની, ઇન્દ્રિયોની, મનની, બુદ્ધિની, વિચારણાની, વાણીની ઉત્તમ શક્તિઓ છે ! આજુબાજુના સારા સંયોગોની પુણ્યાઇ છે. તેમ મહેનતમાં ધર્મક્ષેત્રે પુરુષાર્થ કરી શકાય એમ છે તેથી ત્યાં જો એનો ઉપયોગ કરે તો ધાર્યું થાય. પણ જો કર્મસત્તા સામે કરે તો બધું રદ-બાતલ ! એવી કર્મસત્તા સામે ખર્ચેલ શક્તિનો આ પ્રભાવ કે ગુણચન્દ્ર નીચો નીચો ઊતરે છે, મૂર્ખ ઠરે છે ! અને ધર્મક્ષેત્રે વાપરેલી સામગ્રી અને શક્તિનો પ્રભાવ છે કે વૈરીના સંસર્ગમાં આવવું પડતું છતાં બાલચન્દ્ર હવે ખૂબ જ ઊંચો ચઢી ગયો છે !

સાગરદત્ત યોગ્ય ઉંમરનો થતાં જૈનધર્મ પામ્યો. ત્યાં એ જ નગરના ઈશ્વરસ્કંધ નામના શ્રાવકની પુત્રી નન્દિની સાથે એનાં લગ્ન થયાં. પોતે શ્રાવક છે, એટલે દુનિયાદારીના સંબંધ જોડવામાં પણ ધર્મને હાનિ ન પહોંચે તે જુએ છે. સંસારની માયા-જાળમાં ફસતાં આપણા ધર્મને હાનિ ન પહોંચવી જોઈએ, પણ ટેકો મળવો જોઈએ, એ તકેદારી દિલમાં એક માત્ર ધર્મની ભારોભાર અપેક્ષા ભરી હોય તો બને. નન્દિનીને એક પુત્રનો જન્મ થયો. પુત્રના જન્મોત્સવ નિમિત્તે પરિવાર સહિત સાગરદત્ત લક્ષ્મીનિલય પર્વતે ઉજાણી કરવા ગયો. ત્યાં પુત્રમહોત્સવની ધજા રોપવા જમીન ખોદવા માંડી. ભવિતવ્યતાએ બરાબર એવી જ જગાએ એ ખોદાયું કે જ્યાં પેલા નિધાનનો કાંઠો દેખાઈ ગયો ! પણ તરત જ તેણે એ જગાને દાટી દીધી; ને ધજા બીજે ચઢાવી. અહીં પૂછો,

**પ્ર.**- નિધાન એકદમ કાઢ્યું નહિ ? એક સો કામ પડતાં મૂકી આ કરવું જોઈએ કે બીજું ?

**ઉ.**- પણ યાદ રાખો કે આ કિંમત કરી કરીને જ એની માયા એવી લગાડી દીધી છે કે પછી ત્યાં ધર્મની માયા લાગતી નથી, ને ભવ બગડે છે. **સંસારમાં**



**ભટકતાં-ભટકતાં એક જીવનમાં પણ લક્ષ્મીની કિંમત કાઢી નાખતાં આવડે તો પછીનાં જીવન સુંદર !** એક વખત તો આંખમિંચામણાં કરતાં આવડવું જોઈએ. પછી તો ખૂબી એ થાય કે એની સામે ધર્મની કિંમત ખૂબ આંકતા આવડે. એથી ધર્મસાધના વધવાથી પુણ્ય વધે, ને લક્ષ્મી વધુ મળે. છતાં હવે તો સહેજે મનને એની કિંમત તુચ્છ ! એમ ભવપરંપરા સુધરી જાય.

**નિધાન અંગે માતાની સલાહ લે છે :-**

પુત્ર મહોત્સવની ઉજાણી જમી લીધી. ત્યાં સાગરદત્તને વિચાર આવ્યો કે ''આમાં શું કરવું જોઈએ ? એ માટે લાવ માતાની સલાહ લઉં.'' કોને પૂછવાનો વિચાર કરે છે ? જે માતાને એ નિધાન પર જન્મ-જન્માંતરથી મોહ છે, એ માતાને પૂછવાનો વિચાર કરે છે ! શું કહેશે એ ? પણ આને બિચારાને માતાની ઓળખ નથી. એ તો વિનયભાવ છે, તે જઈને માતાને કહે છે,

''મા ! આ રીતે નિધાન નીકળ્યું છે, તો શું કરવું ઠીક ?''

માતા શ્રીદેવી કહે છે ''ભાઈ, એ જગા પહેલાં તું મને દેખાડ. પછી કહું શું કરવા યોગ્ય છે.'' પેલાએ તો ભોળાભાવે સ્થાન બતાવ્યું !

**પાપનાં કારસ્થાન :-**

શાસ્ત્રકાર લખે છે કે, અજ્ઞાન અને લોભ ! આ લક્ષ્મીના નિધાન પર એ બે તત્ત્વો એવા કામ કરી રહેલા છે; કે એને વશ એ શ્રીદેવીના જીવે પૂર્વે પંચેન્દ્રિય માનવના ઘાત પણ કર્યા છે, ને તેથી પોતાને નરકની પીડાઓ પણ વેઠવી પડી છે; પણ એનો ખ્યાલ નથી હમણાં. હમણાં તો એજ અજ્ઞાન-લોભના વારસા ચાલુ છે. ''લક્ષ્મી બહુ સારી ! ઘણી સરસ...એને મારી કરી રાખું...'' આ વાસના થઈ. માતાએ નિધાન જોયું, એટલે પાછું નવે નામે પાપનું કારસ્થાન રચવા તૈયાર થઈ જાય છે. વિચાર કરે તો ખબર પડે કે આ પાપનાં કારસ્થાન કેવાં છે ! ''મેં એ કારસ્થાન કરવામાં બાકી નથી રાખી, તો હવે શા માટે ? કયું એવું પાપ છે કે જેનું કારસ્થાન મેં નથી કર્યું ? અને હવે જો પાછું કરીશ તો ઊગરવાનું ક્યારે ?'' આ વિચાર કોને આવે ? જ્ઞાનીના પડખાં સેવનારને આવે; તત્ત્વ સમજનારને આવે. આ માતાનો જીવ તો પાપી છે, અજ્ઞાની છે, એટલે ભયંકર વિચારે છે, ''જો આ નિધાન હું કાઢીને લઈ જાઉં, તો એને મારી પાસે કેમ રખાય ? તેમ રાખું તો પણ આ વાત દીકરાથી કેમ અજાણી રહે ? એના મનમાં થાય કે નિધાન શોધ્યું મેં, અને કબજો મા શાની રાખે ?''

**બધા મારા જેવા :-**

જોયું ? દુષ્ટ માણસ જગતને પોતાના જેવું જુએ છે. તો સજ્જનનીય આ

વિશેષતા છે કે એ ય બીજાને પોતાની જેમ સીધા જુએ છે. આપ ભલા તો જગ ભલા એનું નામ.

**પ્ર.**- તો શું ખરેખરા દુષ્ટને સજ્જન માનવા ?

**ઉ.**- શું કામ ખરેખરા દુષ્ટ કહો છો ? એમ કહો કે એ જીવ બિચારા તો સીધા છે. પરંતુ કર્મગુંડો એમની પાસે અકાર્ય કરાવે છે. વળી આપણા માટે તો એ કર્મક્ષયમાં વૈરાગ્યમાં સહાયક હોઈ સજ્જન જ છે.

અહીં શ્રીદેવી પોતે દુષ્ટ હૃદયવાળી દીકરાને તેવો ગણે છે; એને નિધાનનો લોભ જબરો લાગ્યો છે. તેથી વિચારે છે કે "હવે તો ત્યારે દીકરાનો ઘાટ ઘડી દઈશ અવસરે !" **કુવિકલ્પોની દુનિયા ભયંકર છે. જે પાપી લક્ષ્મીના પાપસંસ્કારો આત્મક્ષેત્રે ઊંડા પડી ગયા છે, તેનો પાક થતાં શી વાર લાગે ?** નિધાનનું દર્શન થયું એ વરસાદ પડ્યો કહેવાય; અને વરસાદ પડ્યો એટલે પાપનો છોડવો ઉગ્યો ! "આ છોકરાને મારી નાખીશ, અને પછી અહીંથી નિધાન હું લઈ જઈશ."

**લક્ષ્મીથી પાપનાં સાહસ, ધર્મથી સુકૃતનાં :-**

આ જ સુધી વહાલો કરેલો દીકરો, તેનું ખૂન કરવા સુધીનું સાહસ આ લક્ષ્મી કરાવે છે. દુનિયાની ઘણી ચીજો, એમાંનું એક આ દ્રવ્ય લક્ષ્મી એની પણ આટલી ભયાનકતા, તો જગતની બધી ચીજોની ભયાનકતા કેટલી ? આંખના વિષય, કાનના વિષય...દરેકની કેટલી ? હરણિયાં દોડ્યા-દોડ્યાં સંગીત સાંભળવા આવે છે. મોટા શિકારીઓ-રાજાઓ શિકાર કરવા જંગલમાં જાય, ત્યાં સાથે સંગીતકારોને લઈ જાય, સંગીતકારો ત્યાં સંગીતના સૂર રેલાવે છે, ત્યાં હરણિયાં દૂર દૂરથી ખેંચાઈ આવે. પણ એ હરણિયાને સાંભળવાનું ફળ શું આપે છે ? તીક્ષ્ણ બાણથી વિંધાઈ જવાનું. રુચેલી લક્ષ્મી એ પાપનાં મોટાં સાહસ કરાવે છે. જેમ, રુચેલા પરમાત્મા અને રુચેલો ધર્મ એ સુકૃતના મોટા કાર્ય કરાવી શકે છે. એટલે જ જીવનમાં કયા સાહસ છે ? સુકૃતના છે ? તો એના પર ધર્મરુચિની ખાતરી રાખી શકીએ.

દીકરાને મારી નાખવાનો વિચાર કરી, હોશિયારીપૂર્વક એને મા જવાબ આપે છે.

"દીકરા ! દ્રવ્ય તો ઘણું છે ! આપણે ઉપાડી લઈ જઈએ, તો કદાચિત્ રાજાને ખબર પડી જાય ! તો તો એની સાથે સાથે બાકીનું આખુંય ઘર રાજા લૂંટી જાય, અને ભાઈ, રાજાને કોણ પહોંચે ? માટે અવસર જોઈને આને લઈ જઈશું." જે પ્રસંગ જેમ ગોઠવવો હોય તેમ ગોઠવી શકાય. માટે જ પ્રસંગને દોષ દેતાં પહેલાં આપણું વલણ તપાસો. અહીં દીકરો તો શાણો છે, એટલે કહે છે 'માતા,



તું જેમ કહે તેમ.' વલણ બહુ લક્ષ્મીનું નથી. તેથી એ જ પ્રસંગને અનર્થનો સમજી એની તાંત મૂકી દે છે. માતા-પુત્ર ઘેર આવ્યા. કેટલાક દિવસ વીત્યા...

જીવન તો માતા-પુત્ર બંનેનું પસાર થાય છે, પરંતુ સાગરદત્તનું મન તદ્દન પ્રશાંત છે. જોઈએ તો લક્ષ્મી બંનેથી દૂર પડી છે. છતાં માતાને મનમાં લક્ષ્મી વસી ગઈ છે, તેમાં એણે તો પૂર્વ ભવોમાંય બહુ જ અભ્યાસ લોભ-દોષ, મૂર્ચ્છાદોષનો કર્યો છે. એ દોષના કારણે એને બિચારીના જે દિવસો પસાર થાય છે તે પુત્રને મારવાની ચિંતામાં પસાર થાય છે. "કયી રીતે મારું ? કોઈ જાણી ન શકે..." મારવાની ક્રિયા બનવાની હશે ત્યારે બનશે, પણ કુવિકલ્પોનું તોફાન અત્યારથી શરૂ થઈ ગયું. રાત ને દિવસ પુત્રને મારવાની ચિંતામાં આકુળવ્યાકુળ થતી માતા દિવસો વ્યતીત કરે છે. આ શું છે ? નરકની તૈયારી ! ઘોર અશાતા વેદનીય ઉપાર્જવાનું કાર્ય છે. **પાપસ્થાનકની સેવામાં ગુમાવેલું માનવજીવન, એમાંથી અનેક ભવોનાં સર્જન કેમ થાય છે ?** બીજા પશુજીવન જેવામાંથી કેમ નહિ ? **એનું કારણ માનવપણાની બુદ્ધિમત્તા છે.** આ બુદ્ધિના યોગે ડહાપણ હોય, જગદ્ગુરુ શ્રી જિનેશ્વરદેવનું આલંબન લેવાય તો અનેક ભવોના છેદન થઈ શકે એમ છે. પણ પાપના વિચારો ચાલુ છે; આરંભ-સમારંભ, વટ-આબરૂ...વગેરેની વિચારણાઓ સમયે સમયે ચાલુ, તેથી સાતે કર્મો સમયે સમયે બંધાય છે. પાછાં ચીકણાં પાપના જ બંધ પડે છે. એવા ઘોર કર્મ કે એના વિપાકકાળે ઘોર ત્રાસમાં રિબાવાનું; અને વધારામાં પાપબુદ્ધિ !! શું સાર કાઢ્યો મનુષ્ય જન્મમાંથી ? આ માટે જ ધર્માત્મા જાગતો રહે છે કે "હું આ પાપના પ્રદેશમાં ફસાયો છું. મારા આત્મામાં પાપના પૂંજ વધી રહ્યા છે. માટે સદ્વિચારો વધુ રમતા રાખવા દે. **ધર્મની ચોવીસેય કલાક શા માટે જરૂર છે ? જો ચોવીસે કલાક ધર્મ રહેતો રહે તો કુકલ્પનાઓની પાપ દુનિયા ઊભી ન થાય.** બજારમાં ભલે જાય, પણ તપ-ત્યાગ, શીલ ને ભાવ, જીવનની અસારતા આ બધાની વિચારણા ચાલુ જ રહે. "જો આ સંસાર આવો, લક્ષ્મી આવી...તો પછી મારે એની વેઠ ક્યાં સુધી કરવાની ?" આવું મનમાં રમતું હશે, પછી બજારમાં જશે ખરો, પાછો ઘેર આવશે ખરો પણ મુખ્ય વિચાર એક કે "ક્યારે છૂટું આમાંથી ?"

**પ્ર.**- ચોવીસે ય કલાક કયો ધર્મ થઈ શકે ?

**ઉ.**- ધર્મ એટલે દાન, શીલ, તપ અને ભાવ. ધર્મ એટલે એની ભાવના, એના મનોરથ. ધર્મ એટલે સ્વ દુષ્કૃતની ગર્હા અને મહાપુરુષોના સુકૃતની અનુમોદના. મહાપુરુષોના જીવનની વિચારણા. ધર્મ એટલે જિનેશ્વરદેવના ઉપકારની વિચારણા. ધર્મ એટલે વૈરાગ્ય ભાવનાઓ, જગતની અનિત્યતાની, સંસારે અશરણની...આ

બધો ધર્મ છે.

**પ્ર.**- ચોવીસે ય કલાક હૃદયમાં રમતો રાખવાથી શું ? કંઈ કરી તો શકતા ન હોઈએ.

**ઉ.**- એમ પણ રમતો રાખવાનો લાભ એ છે કે સમયે સમયે પાપનાં પોટલાં બંધાતા અટકી જાય છે ! પાપવાસનાઓ દૃઢ થવાનું અટકી જાય છે ! ભવિષ્યની દુર્ગતિઓ અટકી જાય છે. પાપનો બંધ ઘણો જ ઓછો, ને પુણ્યનો બંધ અપરંપાર. તેથી સદ્‌ગતિ અને ધર્મ સામગ્રી બહુ સસ્તી અને સુલભ થાય છે...આવા બધા લાભો છે. અસ્તુ.

**માતાનો ખૂની ઉપાય :-**

પરંતુ આ નન્દિની માતાને ઉત્તમ એવો પુત્ર મળવા છતાં એને મારવાની જ વિચારણા ચોવીસ કલાક ચાલી રહી છે. ઉપાય શોધી કાઢ્યો. સહેલામાં સહેલો ઉપાય છે. શું છે એ ? પુત્રને પોષધ હોય, ઉપવાસ કર્યો હોય, તેના પારણામાં જ્યારે કકડીને ભૂખ લાગી હોય, એમાં ય ઉપવાસથી પેટ નરમ પડ્યું હોય ત્યારે જે ખાય તે તરત લોહીમાં મળી જાય, બસ, તે વખતે "ઝેર આપી દઈશ ! જેથી ઝેરનું પણ પ્રસરણ જલ્દી થઈ જશે. અને મારું કામ પણ પતી જશે !"

**જુગજૂનાં કર્મ સામે તપ : સાગરદત્તને ઝેર :-**

**ક્યાં લઈ જાય છે લક્ષ્મી ? ધર્મીના ધર્મ કર્યા પછીના પારણામાં ઘોર વિશ્વાસઘાત કરવા સુધી !** પુત્ર તરીકે તો ભૂલી ! પણ "આ સારો શ્રાવક છે," એ પણ ભૂલી ! વિચાર કરીને અટકી નહિ; પણ સાગરદત્ત ઉપવાસનું પારણું કરવા બેઠો, ત્યાં ઝેર આપી દીધું ! સાગરદત્તે તો વિશ્વાસથી માતાએ પીરસેલું બધું ખાઈ લીધું; પણ ખાધા પછી ચક્કર આવવા લાગ્યા. પાસે રહેલી પત્ની નંદિનીએ જોયું કે 'આમને કંઈક થઈ ગયું,' તેથી એણે મોટી બૂમરાણ કરી દીધી. માતા હોશિયાર છે; એણે માપી લીધું કે "આ કોલાહલથી લોકો આવશે, અને કદાચ મારું ધાર્યું ન થાય," માટે પુત્ર મરી ન જાય ત્યાં સુધી કોઈ ન આવે, એથી જોર જોરથી એણે બૂમ પાડવા માંડી; ખાલી હોહો...ને હાહા...કરવા માંડ્યું. એક બાજુ સાસુ છે, ને એક બાજુ વહુ છે ! બંનેની સામસામી ચડાઈ ચાલી; શબ્દની ! ને વચ્ચે આ ધર્મી જીવને ઝેર પ્રસરતું જાય છે ! વિચારો કે જો **પૂર્વભવમાં ઊંચું ચારિત્ર અને ઊંચો દેવલોક પામેલાને પણ આવા ઝેરનો ભોગ થવું પડે, તો આપણા આત્મામાં જ્યાં ૧-૨ ભવનાં કર્મ નથી, અસંખ્ય ભવોનાં કર્મ છે, એમાંથી કોઈનો કાળ પાક્યો ને ઉદયમાં આવી જાય તો અઘટિત કઈ ઘટના બની જાય એનો પત્તો છે ?** એટલા માટે જ સાવધાની એ રાખવાની છે કે **એમજ યથેચ્છ ખાનપાન, ધન**



**કુટુંબની ચિંતા વગેરેમાં અસંખ્ય જન્મનો કર્મસ્ટોક લઈ લઈને ફરશું તો કર્મથી દંડાયે જ જવાનું થશે કે બીજું કંઈ ? માટે ડહાપણનું કાર્ય એ છે કે જિનેશ્વરદેવે ફરમાવેલો તપ જે ભાવમંગળ છે; એ જે ચીકણાં કર્મને તોડે છે, એને તપીને જુગજૂનાં કર્મને સાફ કરી દેવાય.** તો કર્મ છૂપા રહી જઈને અવસરે એ કર્મ ઠગી ન જાય. અહીં સાગરદત્તને કર્મ છૂપું રહી ગયું હશે તે ઝેરને પ્રયોગના ભોગ બનવું પડ્યું. તેય પોષધ ઉપવાસના પારણે ! જો કે પોષધથી એને ખરો રંગ, -**પોષધ એટલે ધર્મને પોષે તે,** -ધર્મનો રંગ છે, તેથી મુંઝવણ નથી; પરંતુ અહીં શ્રાવકપણાના ધર્મ જીવન પર આક્રમણ તો આવ્યું જ, એમ તમને લાગે છે ને ?

**સમરાદિત્યની ઉન્નતિનું રહસ્ય :-**

પણ જુઓ, સમરાદિત્યનો જીવ પણ ઊંચો શી રીતે આવ્યો છે ? 'હાય મારે મરવાનું ક્યાં આવ્યું ? મારે દુશ્મન ક્યાં પાક્યા ?...' એવી એવી મુંઝવણ કરીને નહિ, પણ મનની પ્રસન્નતા રાખીને કે આપણી પાસે જો સારાપણું છે, તો ગમે તે સંયોગમાં આપણે આગળ વધતા છીએ. જીવો તો બિચારા દયાપાત્ર છે. જુઓ

સમરાદિત્ય એ ત્રીજા ભવમાં શિખીકુમાર માતાનો ક્લેશ નિવારવા માટે પોતે ઘર છોડીને ચાલી નીકળ્યા. શું ક્લેશ પોતાને નથી ? માતા શત્રુ બની વિચારે છે કે 'કાં હું નહિ, કાં પુત્ર નહિ.' પરંતુ આમાં પાછું પિતાને વિમાસણમાં ન પડવું પડે માટે પોતે જ રસ્તો કાઢ્યો, ને ઘર છોડી દીધું. પુન્યશાળી એવા કે સારું થયું કે નગરની બહારજ વિજયસિંહ આચાર્ય મહારાજ મળ્યા ! કહો ગૃહત્યાગે સારું થયું કે ખરાબ ? **આપણે બનતા બનાવોથી માત્ર ઉપરથી માપ બાંધી દઈએ છીએ કે આ સારું બન્યું, આ ખરાબ બન્યું. પણ સારું બનેલું પણ જો પાપનો ઉદય હોય તો ખરાબ બને છે અને પાપના ઉદયથી કાંઈ અનિષ્ટ બની જાય છતાં ભાગ્યોદય ચઢિયાતો હોય તો સારું થાય છે.** આમને ઘર છોડવું પડ્યું, એ પાપનો ઉદય; પણ આચાર્ય મહારાજ મલ્યા એ ભાગ્યોદય, જો એકદમ નિયમ બાંધે તો કર્મની હકુમત નીચેની દુનિયામાં ગણત્રીમાં ભૂલો પડી જાય. માટે જ શાણા માણસો મનની ધીરતા રાખે છે. ત્યાં જલદી તોલ ન બાંધવાને લીધે લાભ એ થાય છે કે તેથી આત્મા જે અસમાધિમાં પડત તે નહિ થાય. **આપણા ચિત્તમાં દુર્ધ્યાન અને અસમાધિ કેમ ? જગતના બનતા બનાવોનો તાત્ત્વિક તોલ નહિ માટે. ઊંડાણની અજ્ઞાનતા રાખવાથી, સારા દૃષ્ટિબિંદુએ ન વિચારવાથી મન બગડે છે.**

સવારે માણસ ઉઠ્યો. શરદી થઈ ગઈ લાગે છે, કફ થયો છે, મનને ઝટ થાય છે કે "રાત્રે કંઈ નહોતું. કોણે રાત્રે બારી ઉઘાડી મૂકી ? બધા છે જ આવા !"

'હું બજારમાં કેમ જઈશ ? તે વિના શું થશે ? કમાવાનું ગુમાવ્યું.'

પણ સાંજે દલાલ દ્વારા સાંભળે 'શેઠ ! તમે તેજીના ઘરાક હતા. આજે કેઈ તેજીવાળાઓ ખલાસ થઈ ગયા;' તો પાછું તરત થાય 'સારું થયું શરદી થઈ. તેથી બજારમાં ન જવાયું.' ક્યાં હિસાબ રહ્યો સારું-નરસું થવાનો ?

**લલાટ પાસે છે પછી શી ફિકર ? :-**

જગતમાં બનતી ઘટનાઓ ઉપર કાં તો તાત્ત્વિક તોલ ન બાંધે તો મરે, ને કાં તો મૌન બેસી ન રહે, મનને સ્થિર ન રાખે તોય તેના બાર વાગે. **વિચાર કરવો તો તત્ત્વની રૂએ કરવો, નહિતર શાંત બેસી રહેવું.** શરદી થઈ, અશાતા કર્મનો ઉદય એ જ બતાવે છે, આપણા આત્મામાં છૂપા કર્મ કેટલા હશે ? એ તો નોટિસ છે જમની, 'કોક દિ' આવી રીતે જ અચાનક આવીશ.' શિખીકુમારને ઘર છોડવું પડે છે, એ ખરાબ નથી લાગતું. વિશ્વાસ છે કે **'આપણું લલાટ સાથે છે, અને એના ઉપર જ સુખ-દુઃખ મળવાના છે. પછી બીજી ચિંતા શા સારું કરવી ? ઊલટું લલાટ જો સલામત ન હોય તો ભલેને બહાર બધું ઠીકઠાક રાખ્યું હોય, છતાં એજ બહારના માનેલા રક્ષણ બધા પોકળ નીવડે છે.**

શ્રી ભદ્રબાહુ સ્વામીએ કહ્યું, "રાજાના દીકરાના જન્મમાં શું જઈએ ? સાત દહાડાનું આયુષ્ય છે."

રાજા પૂછે છે, "શું થશે ?"

'છોકરાનું બિલાડીથી મરણ.'

'એમ ?' રાજાએ શેરી, ગલ્લી, મહોલ્લા, બજાર, આખા ગામમાંથી બિલાડીઓ બહાર મોકલાવી દીધી. પાછું કદાચ કોઈ બિલાડી આવી ન જાય માટે બાળકને ભોંયરામાં ! ને બારણા બંધ ! પહેરેગીરો ખડે પગે ! બધું રક્ષણ ઊભું કર્યું છતાં લલાટ નથી છોકરાનું, તેથી રાજાનું કરેલું બધું નકામું. સાતમે દિવસે અચાનક બિલાડીના મોઢાના આકારની ભુંગળ પડી, ને બાળકનું મૃત્યું થયું !

બાળકની સલામતી માટે રાજસામગ્રીથી શક્ય એવા ઉપાય યોજવામાં રાજાએ ગમે તેટલું કર્યું પણ બાળક પાસે દીર્ઘાયુષ્યનું લલાટ નહોતું, તો એની સલામતી ન રહી.

**સિંહ, વાઘ શું કરે :-**

જો લલાટ છે, તો જંગલમાં ભલે સિંહ, વાઘ પાસેથી જાય, એ કાંઈ કરે નહિ. બને છે દાખલા એવા કોઈ અવસરે સાધુ ઊભા રહે નવકાર ગણતા, સિંહ ચાલ્યો જાય. પણ જો સાધુને ય તેવું કર્મ ન હોય તો ઉપદ્રવના ભોગ થવું પડે છે.

પાર્શ્વનાથ પ્રભુનો જીવ સાધુપણામાં, જંગલમાં ભૂખ્યો સિંહ ગાજ્યો, સામે



આવી ઊભો ! સાધુ ચેતી ગયા. 'ફલાંગ મારશે તો કદાચ આરાધનામાં ગફલત ન થાય માટે એજ વખતે નમુત્થુણં, ચાર શરણા, મહાવ્રતોનું પુનઃ ઉચ્ચારણ કરી લીધું. જમીન આસપાસ પુંજી લીધી, કદાચ શરીર પડતાં કોઈ જીવ ચગદાઈ ન જાય.' સિંહના જડબામાં પોતાનું રાજવી સુકોમળ શરીર ચવાઇ જવાનું છતાં ભાવના શું ? 'કોઈ જમીન પર રહેલો કંથવો પણ મારા શરીરથી ન મરવો જોઈએ.' તેમ બચવા માટેની અપેક્ષા નથી જેથી 'દોડું, ઝાડ ઉપર ચઢી જાઉં.' એવું કંઈ થાય. સિંહે ફલાંગ મારી, મારી નાખ્યા. લલાટ સલામત નહિ. પછી ત્યાં આડીઅવળી ગડમથલ શા માટે ? ખરું કર્તવ્ય જ કરી લેવું. લલાટની જોહુકમી તો જુઓ, મહાવીર પ્રભુ કે જેમના પ્રભાવે સવાસો યોજનમાંથી મારી-મરકી દૂર થાય, છતાં એમના જેવાનેય ગોશાળાની તેજોલેશ્યાએ અંદર દાહ કર્યો ! છે કમીના ?

**પાપનાં સાધન દેખાડવામાં સાર નથી :-**

માટે શ્રદ્ધા જોઈએ, હું ગમે ત્યાં જાઉં, પણ લલાટ મારું સાથે છે; એ એનું ધાર્યું કરશે જ. પછી એમાં મારે મુંઝવણ શા સારું કરવી ? એ શ્રદ્ધાથી શિખીકુમારને મુંઝવણ નહોતી. તેમ અહીં સમુદ્રદત્તને મુંઝવણ નથી; જો કે માતાએ તો પેલું નિધાન સર કરવા ઝેર આપ્યું છે. જે નિધાન પોતે જન્મોજન્મ સર કરવા આ એક વખતના પોતાના ભાઈનું કાટલું કાઢ્યે રાખ્યું છે. છતાં નિધાન શું સર થાય ? પોતે નરકાદિ દુર્ગતિને સર થયે ગઈ છે. નિધાન તો એમજ પડ્યું છે. પરિગ્રહની, દુન્યવી ધન-માલની વિષમતાની હદ નથી ! એજ નિધાન અહીં પુત્રે એને દેખાડ્યું એટલી વાર ! **કદીએ દુનિયાને પાપનાં સાધનો દેખાડવામાં સાર નથી નીકળતો.** ન દેખાડ્યું હોત તો આ પ્રસંગ એકદમ ઊભો થાત ? એવા પ્રસંગમાં એ ક્યાં સુધી પહોંચી ? ધર્મવિશ્વાસઘાત સુધી ! 'આને જ્યારે પૌષધે ઉપવાસનું પારણું હોય ત્યારે ઝેર આપી દઉં !' આપ્યું પણ ખરું !

**રક્ષણ કોણ આપે ? :-**

ઝેર ચઢી રહ્યું છે. બિચારી પત્ની નંદિની રાડો પાડી રહી છે. પણ એનું શું વળે ? એ શું વિશેષ કરી શકે ? ધ્યાન રાખો, **દુનિયામાં જીવની સ્થિતિ આવી જ નિરાધાર ને અશરણ છે. પત્ની ને પુત્ર, માતા ને પિતા, બધા કહેવાનાં સગાં; પણ કોઈ અણીના અવસરે રક્ષણ ન આપી શકે. રક્ષણ તો એક માત્ર ધર્મ જ આપે છે.** આજના કાળે પણ એવા દાખલા બને છે કે અકસ્માત્ થતાં નાનું બે વરસનું બચ્ચું બચી જાય છે, ને મોટા મા-બાપનાં કચ્ચરઘાણ નીકળી જાય છે. કેમ વારું ? કહેવું પડે કે બચ્ચાને એના પૂર્વના ધર્મે બચાવ્યું. માટે જ **જીવનમાં ધર્મ એજ સાર છે; એજ પરમાર્થ છે. રોટલો ને ઓટલો તો પૂર્વના લલાટ મુજબ મળવાનો છે. પણ**

**ધર્મ ભૂલ્યા, ને જૂઠ ને અનીતિ, દ્વેષ ને ઈર્ષ્યા, રગડા ને ઝગડાના પાપમાં પડ્યા તો ભાવીમાં રક્ષણ મળવું મુશ્કેલ છે. આજના તમારા જીવન પર નજર નાખો કેટકેટલાં પાપો આબાદીથી મહાલી રહ્યા છે; ને એટલો જ ધર્મને છેહ દેવાય છે કે બીજું કાંઈ ?** નહિ જેવી વાતમાં હુંશાતુંશીનું પાપ ! એટલે ? મૃદુતા-નમ્રતા ધર્મને દેશવટો ! જરા જરા માટે સ્વાર્થાંધતા; એટલે ? સ્વાર્થત્યાગ અને નિઃસ્વાર્થ પરમાર્થવૃત્તિના ધર્મને ધક્કો ! મામુલી તુચ્છ વિષયો. જરાક સમય ટકનારું જરાક શું ગળપણ, જરાક શી ખટમિઠાશ, જરાક શું તીખુંતમતમતું એ રસનાનો તુચ્છ વિષય, એવી શહેરની અનેક પ્રકારની દુર્ગંધ વચ્ચે જરાકશી ગુલાબની સુગંધ એ ઘ્રાણેન્દ્રિયનો તુચ્છ વિષય, એવા બીજી ઈન્દ્રિયોનાય વિષયો તપાસો તો તુચ્છ લાગશે; શું મીઠો કે માનવંતો શબ્દ, કે શું ઉનાળાની મખમલનીય ગાદી, કે શું મળમૂત્રભર્યા શરીર પરનું ગેરું કવર ! આવા તુચ્છ વિષયો પાછળ ગૃદ્ધિ કેવી ! આસક્તિ કેટલી ! એની પાછળ વિરાગ અને ત્યાગના મહાધર્મ ચૂક્યા જ છે ને ?

ત્યારે સમુદ્રદત્ત તો મહાન ધર્માત્મા છે. એને રક્ષણ મળે કે નહિ ? જરૂર મળે. જુઓ મળ્યું. ત્યાં ધમાલ મચી. એમાં કોઈ સિદ્ધપુત્ર આવી લાગ્યો. વિદ્યાસિદ્ધ પુરુષ છે. પાછો શ્રાવક છે. જુએ છે કે 'આ મારો સાધર્મિક છે, ઝેરનો ભોગ બન્યો છે. મારી પહેલી ફરજ છે એની સેવા કરવાની.' કહો સમુદ્રદત્ત એને બોલાવવા ગયો છે ? ના, પણ નસીબ, લલાટ બળવાન, તો તાબડતોબ સિદ્ધપુરુષ મળી આવ્યો. એ ઝેર ઉતારવાનો પ્રયોગ જાણતો હતો. તેણે મંત્ર પ્રયોગ કર્યો, ને ઝેર ઊતરી ગયું. મરવાની તૈયારીને બદલે જીવતો થયો. હવે ?

**સમુદ્રદત્તની ઉત્તમ વિચારણા !! :-**

સમુદ્રદત્ત આ પરથી વિચાર કરે છે, "અહો ! માનવનું જીવન અનેક ઉપદ્રવોથી ભરેલું છે. **अनेकोपद्रवभाजनं मनुजानां जीवनम्** મનુષ્યોનું જીવન એટલે જાણે અનેક પીડાઓ, ક્લેશો, આપત્તિઓનું પાત્ર !" આજે આટલું પુન્ય પહોંચે છે ત્યાં સુધી વાંધો નથી દેખાતો. રસ્તે ચાલતા મોટરવાળો ભાનમાં છે, ને આપણું લલાટ સલામત છે, વાંધો નથી, પણ લલાટ નથી ને આપણે ફૂટપાથ પર ચાલીએ છીએ; ને મોટર અચાનક સડક પરથી ફૂટપાથ પર આપણા ઉપર આવી ચઢી તો ? મુંબઈમાં એક છોકરો ફૂટપાથ પર ચાલતો હતો, ને એક મોટર ફૂટપાથ પર ચડી ગઈ. પોતે નીચે, ને ઉપર મોટર આવી ગઈ પણ લલાટ સાજું, તે બે પૈડાના વચલા ભાગમાં અખંડ રહી ગયો, કંઈ ઈજા થઈ નહિ. પણ એજ છોકરાને બે ચાર વર્ષ પછી લલાટ નબળું પડ્યું તે ત્રણ દિવસની બિમારીમાં ઊપડી ગયો.

**લલાટને માંદું પડતાં કંઈ વાર નહિ :-**



એક યા બીજી રીતે મંદવાડ આવી લાગે. ધન ઘણું છતાં આબરૂ નહિ એ લલાટ માંદું. બહાર આબરૂ છે, પણ ઘરમાં કલેશ છે; યા છોકરો નથી; એ લલાટ માંદું. કોઈને કાંઈ રહેવાનું; આવી પડવાનું. માટે સમુદ્રદત્ત વિચારે છે; "માનવનું જીવન અનેક ઉપદ્રવોથી ભરેલું છે. શો મોહ કરવો ? **જે ઘરવાસના જીવનમાં ઉપદ્રવો ત્રાટકી રહેતો હોય ત્યાં તુચ્છ વિષયસુખ અને તુચ્છ કુટુંબમોહમાં પડી રહેવું, એ સરાસર નશાની દશા છે.** માટે મારે એવા ઘરવાસની જરૂર નથી. **જ્યાં નિરૂપદ્રવ ધર્મના સ્થાન સામે મોજુદ હોય, પછી ત્યાં ઉપદ્રવના સ્થાનમાં હાથે કરીને પડી રહેવાની શી જરૂર ?** ઘરવાસ બહુ સેવ્યાં હવે સર્યું તેથી. હવે તો ફરીથી પણ કદાચ હું ગફલતમાં રહું ને ફરી આવા કોઈ ઉપદ્રવમાં મારા પ્રાણ પરલોક ચાલ્યા જાય તો મેં મળેલા ધર્મની મહાન તક શી સાધી ? માનવ જીવન સિવાય ચારિત્ર ક્યાં સાધવા મળે ?" બે વાત છે, જીવનમાં ઉપદ્રવોનો હલ્લો ચાલુ રહે છે. છતાંય ઘરવાસમાં પડી રહી આ જીવન પૂરું કર્યું, તો મોક્ષના અનન્ય સાધનભૂત ચારિત્ર માનવ સિવાય બીજા જીવનમાં મળતું નથી, એટલે ઘરવાસને ત્યજવો, એજ માનવભવનું રહસ્ય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૩૫,તા.૨૬-૫-૧૯૫૬

આમેય ઘરવાસમાં સાર નથી. તેમ ચારિત્રની આરાધના જે અહીં જ મળે છે તેનાથી આત્માનો ઉદય મહાન સધાય છે. કલ્યાણ અપરંપાર મળે છે. અને મુમુક્ષુને ચારિત્ર વિના તો ક્યારે ય છૂટકો નથી. પછી એ ગુમાવી ઉપદ્રવભર્યા ઘરવાસમાં શા માટે બેસી રહેવું ?

**પ્ર.**- ત્યારે શું ચારિત્ર-જીવનમાં ઉપદ્રવ નહિ આવે ?

**ઉ.- ચારિત્રમાં ઉપદ્રવ આવે ખરા, પણ ઉપદ્રવરૂપ લાગે નહિ. ઊલટા ઉત્સવરૂપ લાગે. કેમકે (૧) આત્માનો એ પરીક્ષાકાળ. પરીક્ષામાં બેસવા મળે તો ઊંચે ચઢવાનો ચાન્સ પ્રાપ્ત થાય. વળી (૨) એમાં કર્મનો મહાન ક્ષય સધાય. (૩) ત્યારે એ પણ છે કે સાધનામાં જીવ ઓતપ્રોત થયો હોય ત્યાં કોઈનો વાચિક-શારીરિક ઉપદ્રવ આવે એ સમાધિને ડગાવી શકે નહિ. કદાચ મરણ થાય તો ય સમાધિમાં ! એનું ઉચ્ચ શુભપરિણામ અકલ્પ્ય, અવર્ણનીય !**

**સમુદ્રદત્ત ચારિત્રથી ગ્રૈવેયકમાં :-**

સમુદ્રદત્તને એક ઘાત ઉપરથી આત્મા સાવધાન થઈ ગયો. તત્ત્વનો ઊંડો ચિંતક બન્યો. તેય હૃદયને હચમચાવી મૂકે એવો. આત્માનો સત્પુરુષાર્થ કોઈ ભવ્ય ખીલી

ઉઠ્યો. મનોમન નક્કી કર્યું કે "હવે ચારિત્ર લઈ લઉં." આવો વિચાર કરી દેવસેનસૂરિજી મહારાજ પાસે ચારિત્ર લીધું. એવું પાળ્યું કે અંતે પૂર્વ કરતાંય ઊંચી સ્થિતિમાં ગયો. ગ્રૈવેયક દેવલોકમાં દેવતા થયો. શું આ ? કહો, જેમ પાપ કરતાં કરતાં માણસની પાપની હોશિયારી વધે છે તેમ પૂણ્ય કરતાં કરતાં માણસની પુણ્યની હોશિયારી વધે છે. આમને તેમ જ બન્યું. ધર્મની હોશિયારી એવી વધી કે જે ચારિત્રથી ગ્રૈવેયકના સુખમાં લઇ જાય છે.

**૧. માતાનું શું ? :-** માતાને શું વિચાર કરવો છે ? 'પેલું નિધાન કેમ લવાય ? હમણાં તો ન લવાય, કાળે કરીને લવાય.' પણ કોઈ લઈ જાય તો ? અગર જગ્યા ભૂલી જવાય તો ? માટે પોતાના જ હાથે ત્યાં મોટી ઓટલી ચણી. કેમ ? 'હવે કોઈ નીચે ખોદે તો નહિ ? ને મારે ? જ્યારે જોઈશે ત્યારે ઓટલો ખોદી લઈ આવીશ.' આવા પ્રકારની ભયંકર મૂર્ચ્છામાં આખું જીવન ગાળ્યું; પણ ખોદી લાવી નહિ. કૃપણો, લોભીઆ આમ જ મરે છે ! દિન-પ્રતિદિન કઠોર વિચારણા; ભોગવવાનું કાંઈ નહિ. આણે દીકરાને મારવાના પરિણામથી નરકાયુ ઘોર બાંધ્યું; ને મરીને ૧૫ સાગરોપમની પાંચમી નરકમાં ગઈ ! પણે ૩૦ સાગરોપમના ગ્રૈવેયકમાં. **શેમાંથી તફાવત ? એકને જડ નિધાનની સગાઈ ! બીજાને જિનોક્ત ધર્મ નિધાનની સગાઈ !** માતાને આમ કાંઈ વૈર નો'તું છોકરા સાથે, છોકરો ઉદ્ધત નહોતો. પણ નિધાન લક્ષ્મીએ કસાઈ જેવી બુદ્ધિ કરાવી ને એથી નરક સર્જાણી અને હવે કાંઇ આટલી નરકથી પૂરું થાય તેમ નથી. ઘણા ભવ દુર્ગતિમાં ભટકવાનું છે. અને સમુદ્રદત્ત દેવાયુના ૩૦ સાગરોપમ પૂરા કરી અહીં વિજયસિંહ તરીકે જન્મે છે. સાગરદત્ત શેઠની પત્ની શ્રીમતીના પુત્રપણે. ત્યાં પેલો જીવ નાળિયેરી તરીકે આવી મળે છે. ત્યારે એણે નરકના પદંર એટલે ૩૦ થી અડધા સાગરોપમ ઘોર કષ્ટમાં માંડ પૂરા કર્યા. પણ પછીના પંદર સાગરોપમ ? અનેક પ્રકારના દુઃખભર્યા તિર્યંચના ભવો કર્યા ! કેટલા ? અગણિત ! સાગરોપમના કાળ સેવીને ? સાગરોપમ એટલે ? દસ કોટાકોટિ પલ્યોપમ ! દસ ક્રોડ પલ્યોપમ એક-બે વાર નહિ, ૧-૨ લાખ વાર નહિ, ૧૦૦ લાખ વાર, એક ક્રોડ વાર. ૧ વાર ૧૦ ક્રોડ પલ્યોપમ, બીજીવાર ૧૦ ક્રોડ પલ્યો૦...એમ એક ક્રોડ વાર વીતે, ત્યારે એક સાગરોપમ થાય !! તિર્યંચ ગતિમાં સાગરોપમના આયુષ્ય નથી. યુગલિક કાળમાં પલ્યોપમના આયુષ્ય છે; પણ જીવને એ મળે ક્યાંથી ? એવી સ્થિતિમાં વિચારો કેટલા જન્મ-મરણ ? કેટલી મારપીટ ? કેટલા કપામણ-છૂંદામણ ? સમુદ્રનો માછલો મોટા માછલાથી જન્મ્યા બરાબર ચવાય કે ન ચવાય, પણ સતત ભય કેટલો ? અને ચવાય ત્યારે દુઃખ કેટલું ? તો માંસાહારીના હાથમાં ફસાયે જીવતા



જીવે ફળની જેમ છાલ ઊતર્યે કેવુંક અપાર દુઃખ ! એમ અનાર્યના હાથમાં ગયેલા બોકડાના હાલ કેવા ? તો નાના નાના કીડા-મંકોડાના અવતારમાં ત્રાસ ક્યાં ઓછો છે ? આજના જમાનામાં ઇંજેક્શન માટેની કેવી હત્યાઓ ? જંતુનાશક કેવા રાક્ષસી ઇલાજો ! એવા ૧૫૦ ક્રોડ ક્રોડ પલ્યોપમ આને વીતાવવા પડ્યા !! એટલું વીતાવ્યા પછી પણ એ જીવ અસંખ્ય વર્ષ પૂર્વે પાળેલી-પોષેલી પરિગ્રહની સંજ્ઞાથી હજી મુક્ત નથી. લોભદોષનો ખૂબ અભ્યાસ કર્યો છે. તે અહીં પણ એજ નિધાનના નજીકના પ્રદેશમાં નાળિયેરનું ઝાડ બને છે. એટલું જ નહિ, પણ ઝાડનું મૂળિયું લંબાતું લંબાતું ઠેઠ નિધાન પાસે આવે છે ! છે ને તૃષ્ણાનો જૂલ્મ ? ઝાડના ભવમાં શું મળે છે તેને ? મન પણ નથી. છતાં હૂંફ છે નિધાનને મૂળિયાથી દાબતાં. નિધાનનો કોઈ ઉપયોગ કોઈ લાભ એને ખરો ?

**પ્ર.-** એ નિધાન તીર્થંકરના દાનમાં વપરાય તો એને લાભ ખરો ?

ઉ.- ના, **મૂર્ચ્છા છે માટે ધર્મનો લાભ નહિ, મૂર્ચ્છાનું પાપ ખરું.** જન્મોજન્મ એજ લીધા કર્યું છે. ત્યાંય ક્યાં ભોગવ્યું છે ! માત્ર તૃષ્ણાની ઘેલછા. આત્માથી પર એવી વસ્તુ પર ઘેલછા માત્રે પણ કેવા કેવા દુષ્કર્મ કરાવ્યા !

**સંવેગ જાગ્યો :-**

તીર્થંકરદેવ કહે છે બંને ભાઈએ ધન દાટેલું; એમાં એક ભાઈએ લોભથી બીજાને મારી નાખ્યો, પછી આ પરંપરાનું પરિણામ આવ્યું. વિજયસિંહને આ સાંભળીને સંવેગ ઉત્પન્ન થઈ ગયો. ઘેરથી નીકળ્યા ત્યારે શું હતું ? પણ રસ્તે જોયેલ નાળિયેરીનો પ્રસંગ અને એના પર તીર્થંકરદેવે આપેલી માહિતી, એ પરથી અને વિશેષ એમાં કરુણ પ્રસંગો સાંભળી માપ કાઢી લીધું **'જેવી લક્ષ્મી, તેમજ બધા સંયોગો; તેવા જ સંસારના બધા પદાર્થો ! જીવને માટે આ બધું કેદખાનું !'** તેથી સંસાર પરથી આસ્થા ઊઠી ગઈ. પ્રસંગોની આખી સંકલના મન પર લાવો, તો તમનેય સંવેગ થશે. તીર્થંકર ભગવાને કહેલ બધો અધિકાર નગરનો રાજા જે ત્યાં હાજર હતો, તેણે પણ સાંભળ્યો. એ પ્રદેશ એની માલિકીનો છે. માટે તેની અનુજ્ઞા માગી, એ નિધાન નિમિત્તે પેલો જીવ હવે રખડે નહિ, માટે નિધાન કઢાવી ગરીબ માણસોને આપી દીધું ને પછી વિજયસિંહે વિજયધર્મ નામના ગણધર મહારાજ પાસે ચારિત્ર લીધું. એજ વિજયસિંહ આચાર્ય શિખીકુમારને તીર્થંકર પ્રભુ પાસેથી જે સાંભળ્યું તે કહે છે. શિખીકુમારે એ સાંભળી જે કર્યું, તે તમે આ સાંભળીને કરવાના ને ? **ધર્મનું શ્રવણ એ રસાયણ છે. તે મળ્યા પછી કંચન જેવો આત્મા કરવાનો ઉદ્યમ ન આવડ્યો, તો તે વિના કોઈ ભલું નથી કરવાનું; કે કોઈ દેવ ડંડો લઈ નહિ આવે કે ધર્મ કરો નહિતર પડશે.** આજ ડંડો છે કે જીવને ધર્મની ખબર

જ નહોતી તેથી પાપમાં સડ્યો. હવે શ્રવણથી ધર્મ જાણ્યો તો પાપ છોડી ધર્મ કરો, કરેલા પાપ, સેવેલી તૃષ્ણા, ને કષાયોના તોફાનથી કેવી ભયાનક દશા ભોગવી, તેનું જ્ઞાની આપણને હુબહુ ચિત્ર આપે છે. તેમાંથી આપણે ધડો લેઈ અયોગ્ય માર્ગ છોડી યોગ્ય પંથે ચઢી જવા જેવું છે. શિખીકુમાર કહે છે, 'ભગવન્ ! જેવો સંસાર આપે બતાવ્યો, તેવો જ એ છે. પાપનાં પ્રેરક સાધનોથી આવી જ આત્માની દશા થાય છે. તે સાંભળી આપે જે આમ ચારિત્ર લીધું તે આપને ધન્ય છે. હું તો અજાણ છું. ધર્મની ખબર નથી તો આપ ફરમાવો ભગવાન ! કે દાનાદિ પ્રકારવાળો ધર્મ કેટલા અને કેવા પ્રકારનો પ્રભુએ કહ્યો છે ?'

શિખીકુમારના પ્રશ્ન ઉપર હવે વિજયસિંહ આચાર્ય મહારાજ ઉત્તર કરે છે ''હે શ્રાવક ! સાંભળ, ધર્મ ચાર પ્રકારે છે, દાન, શીલ, તપ અને ભાવનારૂપ, અને તે, સુરેન્દ્રો અને નરેન્દ્રોએ જેમને નમસ્કાર કર્યો છે, એવા શ્રી **'જિનેન્દ્ર ભગવંતોએ કહ્યો છે.''**

પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ થાય છે; બચ્ચાને મા-બાપ પર જે વિશ્વાસ બેસે છે તેટલો બીજા ઉપર નહિ, તેથી જ માબાપના વચન પર સચોટ વિશ્વાસ વિશેષ કરીને ધરે છે. એમ વિદ્યાર્થીને મન શિક્ષક સારા વિદ્વાન અને મમતાળુ છે, તેથી એમના વચન પર બરાબર આસ્થા ધરે છે, એવું દર્દી સારા વિશ્વસનીય વૈદ કે ડોક્ટરના વચન પર, ને અસીલ સારા વકિલની સલાહ પર વિશ્વાસ કરે છે. ત્યારે અહીં શ્રી જિનેશ્વરદેવો મહાન આપ્ત પુરુષ છે, અત્યંત વિશ્વસનીય છે, તેથી એમના વચન પર આપણને ઘણો વિશ્વાસ બેસે છે. અને જેને મોટા મોટા રાજાઓ અને દેવરાજાઓ ઇન્દ્રો નમતા હોય, પૂજ્ય ગણતા હોય, આદેય અને આદરણીય માનતા હોય એવા તીર્થંકર પરમાત્મા પર આપણને અત્યંત પૂજ્યભાવ થાય, એમને તરણ તારણ માનીએ, એમના પર ગાઢ રાગ અને વિશ્વાસ ધરીએ એમાં શી નવાઈ ? એ તારક નાથ ઉપર એવી દૃઢ રુચિ અને આસ્થા ધર્યા પછી એમના વચન પર ગાઢ વિશ્વાસ બેસે એ સહજ છે, એ પ્રભુના વચન પર આપણું દિલ ઓવારી જાય, આપણો આત્મા ઝૂકી પડે, સમર્પિત થઈ જાય એ સ્વાભાવિક છે. તો એ જિનેન્દ્ર પરમાત્માનું વચન છે કે જગતમાં તારણહાર દાનાદિ ચાર પ્રકારનો ધર્મ છે. એ તારણહાર, માટે એના વિનાનું બીજું બધું ? કહો તારનારું નહિ; જીવના સંસારનો અંત લાવનારું નહિ. મોક્ષ પમાડનારું નહિ. આટલું તો મનમાં રમ્યા કરે છે ને કે જિનોક્ત દાન-શીલ-તપ-ભાવનામય ધર્મ એજ તારનાર છે ? એજ જીવનનો સાર છે ? બાકી આળપંપાળ ભવ વધારનાર છે ? મનને આ લાગ્યા કરે છે કે નહિ ? જો જો એકદમ હા પાડી દેતા નહિ. કેમકે પછી બીજો



પ્રશ્ન આવશે કે તો શું એ ધર્મની વાત આવે ત્યાં હૈયું વિકસ્વર અને મન આનંદિત બને છે ? અને બીજી પરિગ્રહ-વિષય-આહાર-આરામીની વાત ? આવે ત્યાં દિલમાં એક પ્રકારનો ભય અને ઉદાસતા થાય છે ? ઉપરથી કદાચ આનંદ થતો હોય પરંતુ ઊંડાણમાં તો નિસાસો છે કે આમાં મારું શું થશે ! એવું એવું કાંઈ આત્મા અનુભવે છે ? જો ના, તો જીવને જિને કહેલા દાનાદિ ધર્મ પર તારણહારની આસ્થા ક્યાં રહી ? અજ્ઞાની નહોતા એ; મહાજ્ઞાની હતા, અનંત જ્ઞાનને ધરનારા હતા. એમના જ્ઞાનમાં મંત્ર, તંત્ર, ગુપ્ત ખજાના, જાદુ, જડીબુટ્ટી અને સુવર્ણ સિદ્ધિઓ વગેરે ક્યાં જાણબહાર હતા ? છતાં એમણે માત્ર દાનાદિ ચતુર્વિધ ધર્મને તારણહાર બતાવ્યો ! એ પોતે એમાં કેટલું મહત્ત્વ, કેટલી બધી અગત્ય જોતા હશે !! એવા એ ધર્મને આપણે જીવનનું સર્વસ્વ બનાવી દેવો જોઈએ. જીવનમાં એને જ વધુ ને વધુ કમાવાની, ને એની જ ઉપાસના કરવાની રઢ લાગી જવી જોઈએ. ઋષિ મહર્ષિઓએ, મહાબુદ્ધિ નિધાનોએ, ઠેઠ સમ્રાટ રાજા ચક્રવર્તી જેવા સુધીનાએ જીવનને એ ધર્મથી વ્યાપ્ત કરી દીધું છે. તો પછી આપણે શું કામ બાકી રાખીએ. હવે જુઓ દાનાદિ ચાર પ્રકારના ધર્મનો કેવો સુંદર વિસ્તાર બતાવ્યો છે !

## • દાન •

વિજયસિંહ આચાર્ય મહારાજ શિખીકુમારને કહી રહ્યા છે કે **દાન ત્રણ પ્રકારે છે : ૧ જ્ઞાન દાન, ૨, અભયદાન, અને ૩. ધર્મોપકરણ દાન.** દાન એને કહેવાય છે, કોઈને જ્ઞાન આપો, અભય આપો, ધર્મના ઉપકારણ ધર્મની સગવડ-સામગ્રી આપો, આપવાનું તે નિરાંશસભાવે હોં. નહિતર તો સોદો થાય; વેપાર ગણાય, દાન ધર્મ નહિ. ગુરુએ શિષ્યને ભણાવતાં એમ નહિ ઇચ્છવાનું કે આ ભણાવું છું માટે પછી એ શિષ્ય મારી સેવા કરે. એમ ધાર્મિક માસ્તરે પણ એમ નહિ વિચારવાનું કે 'હું પગાર મફત નથી લેતો, છોકરાને ભણાવીને લઉં છું.' એનો અર્થ તો એ થયો કે 'હું આટલું જ્ઞાનદાન કરું અને મને એના ફળરૂપે આટલો પગાર મળે.' આ તો સોદો થયો, વેપાર થયો. એણે તો વિચારવું જોઈએ કે 'શું કરું, લાચાર છું કે જીવન મારું નભતું નથી તેથી આટલા કલાક અહીં કાઢ્યાનો પગાર લેવો પડે છે. પણ હું જે જ્ઞાનદાન કરું છું તે તો કેવળ સામા જીવોનું હિત કરવા માટે; મારા પર એ જ્ઞાન દેનારનો જે અપરંપાર ઉપકાર છે, તેની યત્કિંચિત્ કૃતજ્ઞતારૂપે; કિન્તુ પગાર માટે નહિ. આવું જ બીજા બે દાન-અભયદાન અને ધર્મઉપકરણ દાનમાં સમજવાનું, માનપાનની પણ, એમાં, અપેક્ષા રાખવાની નહિ. હવે જુઓ જ્ઞાનદાન કોને કહેવાય અને તેનાથી શું થાય.

**જ્ઞાનદાનનું સ્વરૂપ અને ફળ :-**

**જે આપવાથી જીવ બન્ધ-મોક્ષનો જ્ઞાતા બને તે જ્ઞાનનું દાન છે; અને જ્ઞાનદાન એ મોક્ષની સુખસંપત્તિનું બીજ છે.** આમાં જ્ઞાનદાનનું સ્વરૂપ બતાવ્યું અને ફળ કહ્યું. તમે ગમે તે ભણાવો તે જ્ઞાનદાન નહિ. પણ જે ભણાવવાથી ભણનારને એમ ખબર પડે કે આત્મા આ રીતે કર્મથી બંધાય અને આ રીતે કર્મમાંથી છૂટકારો પામે, તે ભણાવવું એ જ્ઞાનદાનમાં આવે ! કેમકે મોક્ષની અગાધ, અપરંપાર સુખસંપત્તિ એનાથી નીપજે છે. ત્યારે એ વાત સાચી છે કે મોક્ષ વિના એવા સુખ સંપૂર્ણ તો શું, પરંતુ અપૂર્ણ કે અંશે પણ સંસારમાં ક્યાં મળે છે ? સંસારમાં તો વેઠ કર્યા પછીના સુખ છે, દેવલોક જેવામાં વેઠ વિનાના સુખ દેખાય ખરા; પણ તે વિટંબણાભર્યા તો ખરા જ. કેમકે રાગદ્વેષની, ઈર્ષ્યા-અહંત્વની વગેરે લાગણીઓની પરવશતામાં જીવને દેવતાઈ ભોગવૈભવથીય સ્વસ્થતા ક્યાંથી મળે ? પાછું એ બધું એક વખત ખોવાઈ જવાનું. જીવને ત્યાંથી ઊપડી જ જવું પડે. રહે ત્યાં સુધીમાંય કેટલીય પરાધીનતામાં જીવને મૂકે. એ બધું શું સૂચવે છે ? પરાધીનતા, વિનશ્વરતા, સંયોગ, ટકાફેરી, ઇત્યાદિથી બીલકૂલ અસ્પૃષ્ટ, અકલંકિત એવું સુખ સંસારમાં ક્યાંય નથી. સંસારમાં જે છે તે તો પરાધીન, નાશવંતુ અને અનાત્મિક સાથે ઘણું ઘણું અધુરું, બાકીવાળું. એ આત્માના મોક્ષદશાના સ્વાધીન, અવિનાશી અને આત્મિક અનંતા આનંદની અંશે પણ કેમ કહેવાય ? જેમ કોઈ પૂછે એક આંબલી એ એક આફૂસ આંબાના કેટલા અંશે આવી શકે ? એક કોલસો એ એક કોહિનૂર હીરાના કેટલામાં ભાગે ગણાય ? કહોને, જરા ય સરખામણી થઈ શકે જ નહિ. એવા અનંતા સુખનું સ્થાનભૂત મોક્ષ કેમ મળે એની વાતો બતાવે તેવા જ્ઞાનનું દાન એ જ્ઞાનદાન છે. એવું જ્ઞાનદાન કરનારનો ઉપકાર કેટલો ? માતા છોકરાને દૂધ પાઈને ઉછેરે એટલો ? છ ખંડનું સામ્રાજ્ય આપે એટલો ? ના, માતા પાછી રોગથી બચાવી શકતી નથી; બલ્કે મોહના કારણે પુત્રના જીવને દુર્ગતિમાં બેહાલ ભટકતો થવું પડે એવા શિક્ષણ આપે છે ! આનો કેટલો ઉપકાર ? અને ગુરુ ધર્મરક્ત બનાવી આલોક અને પરલોકના દુઃખ મિટાડી દે છે. અનેક જન્મમરણને રોકી જ દે છે. યાવત્ મોક્ષ સુધીની સદ્ગતિ આપે છે, એ ઉપકારનું માપ કેટલું ? એની સામે ચક્રવર્તીપણાનું દાન શા વિસાતમાં ? કેમકે એ મળવા છતાં રોગ, શોક, વૃદ્ધાવસ્થા, મરણ, નરકાદિ દુર્ગતિ વગેરે અટકતા નથી.

આજે તો જે જડવાદ ફાલેફૂલે છે, સાચા જ્ઞાનના દાનને બદલે જીવને બેફામ બનાવનાર, માત્ર જડદ્રષ્ટા કરનાર, પરલોક ભૂલાવનાર જ્ઞાનનું દાન ભરપૂર ચાલી પડ્યું છે ! સાંભળવા ક્યાં મળે છે પુણ્ય-પાપ, કે સદ્ગતિ-દુર્ગતિ ? નાના જીવની



દયાનો વિચાર સરખો નથી. બલ્કે એની હિંસક યોજનાઓની મીઠી લાગતી વાતોનાં જ્ઞાન કરાવાય છે, એમાં માત્ર આ જિંદગીનો જ વિચાર ઊભો રહે છે, ત્યાં બંધ-મોક્ષનો લેશ માત્ર પણ વિચાર જ ક્યાં ? આને શું જ્ઞાનદાન કર્યું કહેવું ? ખૂબી પાછી એ છે કે આને વિદ્યાદાન, જ્ઞાનદાન કહી આવું જ્ઞાનદાન કરો, આવું જ્ઞાનદાન કરો, એવી પ્રેરણાઓ કરાય છે ! છે ને જમાનો ?

**સમ્યગ્જ્ઞાન દાનથી હિતપ્રવૃત્તિ-અહિતનિવૃત્તિ : આ જીવનની ચિંતા ! :-** શિખીકુમારને આચાર્ય મહારાજ કહે છે કે "જો પુણ્યવાન ! બંધ-મોક્ષના ભાન કરાવે એવા જ્ઞાનનું દાન, એજ મોક્ષની સુખસંપત્તિને નજીક લાવી શકે. કેમકે બંધ-મોક્ષમાં-બંધને જાણવાથી પુણ્યબંધ-પાપબંધ વિસ્તારથી પૂરું જાણવા મળે છે; એના શા શા ઉપાય છે તે પણ જાણવા મળે છે; તેથી પછી પુણ્યાનુબંધી પુણ્યના માર્ગમાં પ્રવૃત્તિ અને પાપના માર્ગમાંથી નિવૃત્તિ (પાછા હટવાનું) સહેજે બને છે. આમ જ્ઞાનદાનથી પુણ્ય-પાપનો વિવેક સમજે તો ઉચિત પ્રવૃત્તિ-નિવૃત્તિ કરે, પણ ન સમજે તો શું કરવાનો ? કહે છે, 'પહેલાં આ જીવનની તો ચિંતા કરવા દો;' પણ ખબર નથી કે 'મૃત્યુ પછીના ભાવી કાળપટની સામે આ જીવનનો કાળપટ કેટલો ? તેમાંય પાછું ભાવી જીવનની ચિંતા કરવામાં જે ધર્મસાધના આવે છે એમાં આ જીવનની ચિંતા ક્યાં સમૂળગી મૂકી દેવામાં આવે છે ? એની ચિંતા થાય છે જ. પણ મુખ્યપણે પુણ્યમાં પ્રવૃત્તિ અને પાપમાંથી નિવૃત્તિ થવાથી ક્રમશઃ મોક્ષસુખ અને ત્યાં સુધી દેવ-મનુષ્યના સુખ સુલભ થાય છે, અને નરક-તિર્યંચ ગતિના દુઃખો રોકાઈ જાય છે. પુણ્ય વધવાથી અને પાપ ઘટી જવાથી પરિસ્થિતિ એવી સુંદર ઊભી થાય છે કે આ જીવનની ચિંતા આપણે ન કરવી પડે એ રીતે જીવનની જરૂરિયાતો આપમેળે આવી મળે છે. ત્યારે જાણો જ છો ને કે આ જીવનની ચિંતા પાછળ આજ દુનિયા મરી રહી છે છતાં શું સાધી શકે છે ? ઊલટું ધાર્યું ઘણું મળતું નથી, અતિ જરૂરી છતાં મળતું નથી; અને પરલોક-ચિંતાની ઉત્તમ તક ગુમાવાય છે ! પુણ્ય વધારવાનું સૂઝતું નથી અને પાપનાં પોટલાં ભેગાં કરાય છે. ભૂલતા નહિ કે દુર્ધ્યાન, અસમાધિ, અને આંતરિક લોભાદિ કષાયો સાથે વળી મિથ્યાત્વ, એ પાપ ભરચક બંધાવે છે. આ બધું કોણ સમજાવે ? સમ્યગ્જ્ઞાન. માણસ તે જ નિર્મલ જ્ઞાનના પ્રભાવે પાપમાર્ગો મૂકી પુણ્યમાર્ગોમાં પ્રવર્તતાં-પ્રવર્તતાં દુન્યવી સુખની પરંપરાદ્વારા સુવિશાળ મોક્ષસુખને મેળવે છે. તેથી જ એ જ્ઞાન આ લોક-પરલોકમાં સુખ આપનાર હોવાથી એનું દાન એક ઉત્તમ દાન છે.

**પ્ર.**- જ્ઞાનદાન એ ઉત્તમ દાન કેમ ?

ઉ.- ઉત્તમ એટલા માટે કે, તમે જ કહો કે જ્ઞાનનું દાન કરનારે શું નથી

આપ્યું ? જીવોને સર્વજ્ઞભાષિત જ્ઞાનનું દાન કરનારે તો આ લોક-પરલોક સંબંધી સર્વ સુખો આપ્યા. કેમકે સર્વ સુખનું મૂળ પુણ્ય પ્રવૃત્તિ છે, પવિત્ર આચરણ છે; અને એ સમ્યગ્-જ્ઞાનમાંથી પ્રગટે છે. જ્ઞાન જ ન હોય તો શું પ્રગટે ? જ્ઞાન આપનારે એ પવિત્ર પ્રવૃત્તિ આપી. એનાથી તો જીવ ઠેઠ વીતરાગ-સર્વજ્ઞતાની ટોચે જઈ પહોંચે છે. દેવેન્દ્રપૂજિત તીર્થંકરપણું મેળવે છે, અને ક્રમે કરીને શાશ્વતું સિદ્ધિપદ પ્રાપ્ત કરે છે. તો કહો જે જ્ઞાનદાન કરનારે તો ઉત્તમ પ્રવૃત્તિદાન સર્વસુખદાન... યાવત્ મોક્ષદાન કર્યું એ જ્ઞાનદાન ઉત્તમ ખરું કે નહિ ? માટે એવો સર્વજ્ઞ-ભાષિત જ્ઞાનદાનમાં તો દેનાર-લેનાર બંનેનું એકાંતે હિત જાણવું. ક્યાંય અહિત થાય જ નહિ.

**જ્ઞાનદાન કલ્પવૃક્ષથીય અધિકું ! :-**

આ સાંભળીને શું થાય છે ? એમજ ને કે અહો ! ખરેખર જ્ઞાનદાન તો મહાન કલ્પવૃક્ષ કરતાં પણ ચઢી જાય, ચિંતામણિ રત્નનેય બાજુએ મૂકી દે. કેમકે એ બધાં તો માત્ર આ લોકનાં જ સુખ દેખાડે, ત્યારે જ્ઞાનદાન તો સ્વર્ગાદિનાં, યાવત્ મોક્ષનાં અનંત સુખ સુધી લઈ જાય છે. વળી કલ્પવૃક્ષ કે ચિંતામણિ રત્નનું દાન તો કરવુંય મુશ્કેલ છે; પણ જ્ઞાનદાન તો કરી શકાય એમ છે, તો કાં ન કરીએ ? મનને આવું થાય છે ને ? થાય તો આજથી જ સંકલ્પ કરો કે "રોજ કુટુંબીને પાંચ મિનિટ પણ જ્ઞાનદાન કરીશ. પાઠશાળામાં માસિક જ્ઞાનદાનનો આટલો ખર્ચ આપીશ. અને જાતે આટલું જ્ઞાન નિયમિત લઈશ; જ્ઞાનનાં આટલાં પુસ્તકો ખરીદીશ."

**સર્વજ્ઞ ભાષિત જ્ઞાનદાન :-**

આ જ્ઞાનદાન કયું ? સર્વજ્ઞભાષિત. સર્વજ્ઞ ભગવંતોએ જે જ્ઞાનદાન કરવાનું કહ્યું છે તે હોં. તમે જાણો કે 'બોર્ડિંગ અને વિદ્યાલય, ને ગુરુકૂળ વગેરે સંસ્થાઓ દ્વારા આધુનિક કેળવણી સુલભ કરી આપું તે જ્ઞાનદાન,' એ નહિ ! એથી કાંઈ જીવ પવિત્ર આત્મહિતના માર્ગે આકર્ષાતા નથી. ઊલટું જડવાદ, ધર્મ પર સામા કુતર્ક, અશ્રદ્ધા, દેવગુરુનું અવમાન, ઈત્યાદિ તરફ ઘસડાયા જાય છે એ આજે સ્પષ્ટ દેખાય છે. આજના સુધારક (?) વિચારો, સાધુ પર પૂજ્યભાવ અને તારકભાવનું દેવાળું અગર અતિ અલ્પતા, મર્યાદાનાં ઉલ્લંઘન, સ્વાર્થનાં રાક્ષસી ખર્ચ, વગેરે બધું કોને આભારી છે ? આજની કેળવણીને. હજી પણ જાગો તો સારું છે. કમમાં કમ એટલું કરો નાનપણથી જ છોકરાની રોજ હાજરી લો. 'નિશાળમાં શું ભણી આવ્યો ? માસ્તરે અને છોકરાએ શી શી વાતો કરી ?' પછી એની સામે એની બાળ ભાષામાં ધર્મજ્ઞાન આપો, તત્ત્વ સમજાવો. દેવગુરુ અને ધર્મનાં અનુષ્ઠાનોનું



સ્વરૂપ અને મહિમા સમજાવો. **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું જ્ઞાન, નવતત્ત્વનું જ્ઞાન, પ્રભુભક્તિ, તપ, આદિ અનુષ્ઠાનોનું જ્ઞાન, છ દ્રવ્યનું જ્ઞાન, માર્ગાનુસારીના આચારથી માંડી ઉચ્ચ સાધુ જીવનના આચારનું જ્ઞાન, સ્યાદ્વાદ-સપ્તનય-સપ્તભંગી-ચાર અનુયોગ વગેરે સિદ્ધાન્તોનું જ્ઞાન...આ બધું આપો એ સર્વજ્ઞભાષિત જ્ઞાનદાન. એ કરનાર લેનાર બંનેને તારે,**

## • અભયદાન •

**અહિંસામાં ૩ મુદ્દા :**

વિજયસિંહ આચાર્ય મહારાજ સમરાદિત્યના જીવ શિખીકુમારને જ્ઞાનદાન બતાવ્યા પછી હવે અભયદાન બતાવે છે. એઓશ્રી ફરમાવે છે કે જીવો નવ પ્રકારે છે, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને પંચેન્દ્રિયજીવ. પૃથ્વી પણ પૃથ્વીકાયિક એટલા માટે, કે નજરે દેખાતી પૃથ્વી એજ જીવ નહિ, પણ પૃથ્વી એ છે કાયા જેની એવા જીવ, અર્થાત્ જેમ આપણા શરીરના પુદ્ગલલોચાને આપણા જીવે ધારણ કર્યું છે, અને એ શરીર પરની સેવા-પ્રહારને વેઠે છે, વેદે છે, એવી રીતે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ શરીરરૂપી પુદ્ગલનો લોચો છે, અને એને કોઈ જીવે ધારણ કર્યું છે. એના પરના પ્રહારોને એ જીવ વેઠે છે, વેદે છે. આ નવપ્રકારના જીવને મન-વચન-કાયાથી ન મારવા, અર્થાત્ એની ત્રિવિધ ત્રિવિધે અહિંસા પાળવી, એ અભયદાન છે. એને ઉત્તમ રીતે સુસાધુજનો આચરે છે, અર્થાત્ ઉત્તમ અહિંસા આચરવાનું જીવન સુસાધુનું છે. અહીં ત્રણ વાત આવી. જીવો ૯ પ્રકારે. એની અહિંસા મન, વચન અને કાયા, ત્રણેયથી સુસાધુજીવનમાં જ એનું ઉત્તમ પાલન થઈ શકે.

**સૂક્ષ્મ જીવવિચાર :**

અરિહંત પરમાત્માનો ઉપકાર નીરખો કે પહેલાં તો કેવો સૂક્ષ્મ જીવવિચાર બતાવ્યો. પૃથ્વીકાયિક જીવો હોય છે, અપ્કાયિક જીવો હોય છે...આ બીજે ક્યાં જોવા મળે છે ? બીજે તો એનો વિચાર સરખો નથી, તેથી એ જીવોની દયા પાળવાનો મુખ્ય અહિંસાધર્મ, એ ભૂલીને બીજી ત્રીજી સૂક્ષ્મતત્ત્વની વાતો કે યોગની વાતો થાય છે. જંગલનો જોગી થાય તો ય લોટ માગી લાવી રોટલો પકાવવાનું પોતાના માથે રાખશે. તીવ્ર તપ કરશે, ત્યાં પણ તાપ સહવા માટે અગ્નિ ધખાવવામાં ધર્મ સમજશે, પાપ નહિ. એ બિચારાઓને ત્યાં કોણ શિખવાડે કે એ અગ્નિ, એ પાણી, એ પૃથ્વી વગેરેમાં કણે કણે અસંખ્ય જીવો શરીરરૂપ ધારીને

રહ્યા છે ? સંસાર આખો છોડ્યો, પણ જીવ-જ્ઞાનના અભાવે પૃથ્વી આદિના સમારંભ છોડી શક્યો નહિ.

**સૂક્ષ્મ અહિંસા :**

ત્યારે જુઓ કે હિંસાના સૂક્ષ્મ પ્રકારો ન જાણવાને લીધે પણ અહિંસા સૂક્ષ્મ રીતે પાળી શકતા નથી. દા.ત. 'હિંસા, મન, વચન અને કાયાથી કરું નહિ, કરાવું નહિ. કરતામાં સંમતિ રાખું નહિ' આનો વિસ્તાર ખબર નથી એટલે કદાચ અગ્નિ એ જીવનું ખુદ શરીર હોવાની ખબર ન હોય, પણ 'અગ્નિથી જીવ મરશે માટે રાંધવાનું રહેવા દો, તૈયાર રસોઈ ભિક્ષામાં માગી લાવીએ,' એમ કરી જાતે આરંભ ન કરે, તોય કોઈ ભક્તે એમના માટે કોઈ ભોજન બનાવ્યું હોય તો એ તો એમ જાણવા છતાં જમી લેશે. અગર લઈ આવી વાપરશે. અહીં ખબર નથી કે આમાં હિંસા સંમતિનો દોષ બેઠો છે. અરે ! આટલું જ શા માટે ? ભક્તે સંન્યાસી માટે બનાવ્યુંય ન હોય, એવું શુદ્ધ ભોજન દેતાં પણ ક્યાંય પાણી કે અગ્નિને પોતે અડી ગયો તોય ત્યાં અહિંસા ઘવાય છે માટે એ લેવું ન કલ્પે, એ આને સૂક્ષ્મ અહિંસાના અજ્ઞાનીને ખબર નથી. દેવા જાય છે, ત્યાં ઘીનો એક છાંટો નીચે પડ્યો, તો પણ તે લેવું કલ્પે નહિ; કેમકે ત્યાં પણ ભાવી હિંસાને અવકાશ છે. આવી આવી સૂક્ષ્મ અહિંસા અરિહંત પ્રભુના શાસન વિના બીજે ક્યાં જોવા મળે ? ક્યાં સાંભળવા મળે ? વાયુ ન હણાય માટે એક ફુંક સરખી ન મારવી. ગૃહસ્થને પણ આવી સૂક્ષ્મ અહિંસાનો ક્યારેક લાભ લેવા **સામાયિક-પૌષધ-દેશાવકાશિક વ્રત** જિનેન્દ્ર ભગવાન વિના કોણે બતાવ્યું છે ? એના મર્મ સમજનાર કુમારપાળ રાજા જેવા એક બાજુ શત્રુ સામે લડવા જતાં છતાં ઘોડા પર બેસવા પહેલાં પલાણ પુંજણીથી પૂંજી લેતા ! લાખો ઘોડાને અણગળ પાણી નહોતા પાવા દેતા ! ગળવાથી બીજા બેઇન્દ્રિયાદિ ત્રસ જીવો તો બચે. જૈનોની અહિંસા નામર્દની નથી કે નામર્દાઈ લાવતી નથી. પરંતુ નિર્દોષ જીવ પર મારી નાખવાની પિશાચી લીલા ખેલવાનું જરૂર અટકાવે છે. નહિતર માણસ માણસ શાનો ? એનામાં અને જંગલી વાઘ-વરુમાં શો ફેર ? અહિંસાના શૂરાતનમાં જ કોઈક પોતાના પૈસા, સુખ અને યાવત્ પ્રાણના પણ ભોગ આપી દીધા છે. આ અહિંસા માત્ર કાયાથી જ પાળવાની છે એવું નથી, વચનથી ને મનથી પણ પાળવાની છે. મનથી હિંસા કરવાનો વિચાર સરખો નહિ કરવાનો ! કોઈ પાસે હિંસા કરાવું એમે ય નહિ વિચારવાનું ! કોઈ હિંસા કરે તો સારું, એ પણ વિચાર નહિ ! એવું વાણીમાં !

**સાધુ નહિ પણ સુસાધુ કેમ ? :-**

આ અહિંસા ઉત્તમ રીતે સુસાધુ જીવનમાં જ પાળી શકાય. ઉત્તમ રીતે



એટલે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિ જીવની પણ મન, વચન, કાયાથી હિંસા ન કરવી, ન કરાવવી, ન અનુમોદવી. માટે જ એ પાળનારા માત્ર સાધુ પુરુષો નહિ, પણ સુસાધુજનો છે. સામાન્ય સાધુજનો માનવતાના અનેક ગુણવાળા હોય છે, બહુ દયાળુ હોય છે, પણ આટલી હદ સુધી સૂક્ષ્મ જીવોની હિંસાના ત્યાગી નથી હોતા. ત્યારે સુસાધુજનો સૂક્ષ્મ હિંસાના પણ ત્યાગી હોય છે. માટે તો એમની સુસાધુતા જીવમાત્રને અભયદાન આપવાને આભારી છે. તે પણ જીવનભરની પ્રતિજ્ઞા કરીને. એવી પ્રતિજ્ઞા ન કરવામાં તો મનમાં ચોરી રહેવા સંભવ છે કે કદાચ સંન્યાસ નહિ પળે તો પાછા ઘેર જઈશું; ગૃહસ્થ જીવનમાં પાછા ફરશું. આ મનમાં ચોરી એ પણ સૂક્ષ્મ હિંસા છે. શી સૂક્ષ્મ હિંસા ? કહો, ભાવી હિંસા કરવાની બુદ્ધિ, કરવાની અપેક્ષા રહી, હિંસામાં સંમતિ રહી તે. ત્યાં તો મનને એમ રહેવું જોઈએ કે 'જીવની હિંસા શુ હું કરું ? હરગીઝ નહિ. મરી જાઉં તે હા, પણ જીવની હિંસાનું જીવન ક્યારેય ન સ્વીકારું.' આવા સુસાધુજનોથી એમના મહાન અહિંસાદિ ધર્મ દ્વારા જગત પર સુખશાન્તિ રહે છે. માટે જ એ પૂજ્ય છે, વંદ્ય છે, સત્કાર્ય છે, સમાગમ યોગ્ય છે. ભલે એ ઓછું ભણેલા હોય, ઓછી આવડતવાળા હોય, પણ પંડિત એવા ગૃહસ્થોથી પણ નમસ્કરણીય છે; માન્ય-પૂજ્ય છે. કારણ એક જ, સુસાધુતા ! જીવનમાં છતાં પૈસા પરિવાર; પણ સૂક્ષ્મ અહિંસામય જીવન જીવવા માટે એ બધું સ્વેચ્છાએ ત્યજી સુસાધુજીવન સ્વીકાર્યું અને પાળે છે, એથી જ એ જગદ્વંદ્ય, જગત્પૂજ્ય છે. કોરી પંડિતાઈ અને આવડત કરતાં આ સુસાધુતા કરોડો-અબજો ગણી ઊંચી છે. કેમકે જ્ઞાનનું ફળ એ છે. આ વસ્તુના અજ્ઞાને આજના કેટલાક જૈન ગણાતા પંડિતો અહંત્વ અને પાંડિત્યના અભિમાનમાં ચઢી સુસાધુજનને માનતા-પૂજતા તો નથી, પણ ઊલટું અવસરે એમની મશ્કરીના બોલ કાઢે છે. જૈનશાસન જાણે કોરી પંડિતાઈ ઉપર ટક્યું છે ! સૂક્ષ્મ અહિંસાના ચારિત્ર ઉપર નહિ !

**ઘરમાં રહીને ધર્મ ન થાય ? :-**

આટલું ધ્યાન રાખજો કે અહિંસાનું પાલન ગૃહસ્થ જીવનમાં શક્ય નથી, માટે સુસાધુજીવન લેવું પડે છે. એટલે જ ગમે તેવા બીજા ધર્મના અંગ-અનુષ્ઠાન ગૃહસ્થ પાળતો છતાં સર્વથા અહિંસક નથી. સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિ સ્થાવર જીવોની અને ઘરસંસાર ચલાવવામાં અજાણ્યે ત્રસ જીવોનીય હિંસા ચાલુ હોય છે. એ જીવોની હિંસા જેના દિલને ગભરાવી મૂકે છે, એને જ સાચું સુસાધુજીવન ગમે છે. એ હિંસા તરફ હજી જેને સૂગ નથી, એ જીવોની ઉપર પોતાના જીવ જેટલી જેને દયા નથી આવતી, એ ગૃહસ્થ જીવનમાં આનંદ કલ્લોલથી કાળ પસાર કરી શકે

છે, એને સાધુજીવન ગમે તે રીતે મેળવવાનો તલસાટ નથી; સાધુજીવન વિના એક ઘડી પણ બેચેન નથી. માટે જ અવસરે એ કહે છે "ધરમ તો ઘેર રહીને પણ ક્યાં નથી થઈ શકતો ? ધર્મ એકલો સાધુજીવનમાં થોડો જ છે ? ગૃહસ્થધર્મ પણ મોક્ષ આપી શકે છે..."

**હિંસા કેમ ન કરવી ? :-**

અહીં આચાર્ય મહારાજ 'જીવોની હિંસા કેમ ન કરવી' એનો ખુલાસો આપે છે. કેમકે આવો પ્રશ્ન સહેજે થાય છે,

**પ્ર.**- 'જીવો જીવસ્ય જીવનમ્' જગતમાં એક જીવ બીજા જીવનું તો જીવન છે, જીવનનો આધાર છે, આવા જગતના સ્વભાવમાં એક જીવ પોતાની જરૂરિયાત માટે બીજાને મારે એમાં શો વાંધો ?

**ઉ.**- આચાર્ય ભગવંત ફરમાવે છે કે વાંધો એ કે જગતમાં જીવ માત્ર જીવવા ઇચ્છે છે, કોઈ મરવા ઇચ્છતું નથી. બહુ દુઃખી જીવો પણ મરવા ઇચ્છતા નથી. ભારે દરદથી પીડાતું જનાવર પણ, એની સામે જો કોઈ તલવાર-બંદુક લઈને આવે તો, ત્યાંથી ભાગી બચવા ઇચ્છે છે, કિંતુ ત્યાં ઊભું રહી મરવા ઇચ્છતું નથી. માટે જીવોને સૌથી વધારે વહાલા પ્રાણ છે, અભય છે, એમ સાબિત થાય છે. અને દુનિયામાં કોઈની વહાલામાં વહાલી વસ્તુનો નાશ કરવો એ તેને કેટલું બધું દુઃખકારક થાય ? એ ક્યાંથી કર્તવ્ય હોય ? એને ધર્મ કોણ કહે ? એ તો સરાસર અધર્મ છે. મોટો રાજા પણ અવસર આવ્યે પોતાનો જીવ બચાવવા, મૃત્યુથી બચવા સમસ્ત રાજ્યનો પણ ત્યાગ કરી દે છે. એ સૂચવે છે કે એને સૌથી વધારે વહાલો પોતાનો જીવ છે, અભય છે. એનું દાન કોઈ કરે તો બદલામાં એ આખું રાજ્ય દેવા તૈયાર હોય છે. તેથી અભયદાન એ ઉત્તમ દાન છે. જાત પર જ વિચારોને કે આપણને આપણા પ્રાણ આટલા બધા પ્યારા છે તો બીજા જીવોને પ્યારા કેમ ન હોય ? આપણા વહાલા પ્રાણ બચાવવા, ને મૃત્યુથી બચવા આપણે લાખ વાનાં કરીએ, તો એવું બીજા જીવો કેમ ન ઇચ્છે ? જો આપણને મારવા આવનારો દુષ્ટ ગણાય, તો આપણે બીજાને મારવા જતાં દુષ્ટ કેમ ન ગણાઈએ ? ખરી રીતે પરલોકમાં વિશાળ સુખ ઇચ્છતા બુદ્ધિમાન પુરુષે તો શક્ય હોય ત્યાં સુધી ગ્રાહકને જે ગમતું હોય તેનું દાન પહેલું કરવું જોઈએ. અભય સૌને ગમે છે, એનું દાન કરો તો પરલોકમાં તમને અભય મળશે. તમે બીજાની ચટણી કરી હશે તો બીજા તમારી ચટણી કેમ નહિ કરે ? **વાવે તેવું લણે, કરે તેવું પામે;** એ જગતપ્રસિદ્ધ સૂત્ર છે. અભયદાનથી જન્માન્તરમાં પણ દીર્ઘ આયુષ્ય, શરીરે નીરોગિતા, સુંદર રૂપલાવણ્ય અને સર્વ જનપ્રશંસનીયતા-સૌભાગ્ય મળે છે. અહીં જો આ મળવામાં ખામી દેખાય



છે, તો તે પૂર્વભવના ભયદાનને અર્થાત્ હિંસાને આભારી છે. અહીં પણ રોગાદિ કાઢવા અગર એશ-આરામી ભોગવવા હિંસા ચાલુ રહી તો ભવાંતરે પાછા રોગ, દૌર્ભાગ્યાદિ લમણે લખાવાના ! નરેન્દ્ર-દેવેન્દ્રોથી જેમના ચરણ-કમળ પૂજાય છે એવા દેવાધિદેવે દુર્જય અષ્ટ કર્મને દળવા આ અભયદાનનો મહાધર્મ ફરમાવ્યો છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૩૬,તા.૨-૬-૧૯૫૬

તીર્થંકરદેવે પોતે પણ પહેલાં સુસાધુજીવન-ચારિત્ર કેમ લીધું ? તેમ પછીથી કેવળજ્ઞાન પામી જવા છતાં એ જીવન કેમ ચાલુ રાખ્યું ? કહો કે **આત્માનું સૌથી ઊંચું જીવન સર્વ જીવોને અભયદાન દેનારું હોય.** ઘરમાં રહીને, ગૃહસ્થવાસમાં રહીને એ ક્યાં શક્ય છે ? ત્યારે એવું સર્વજીવોને અભયદાયી જીવન ન અપનાવો, તો પછી જીવહિંસા રહેવાની. ત્યાં સાથે બીજું ગમે તેટલું ચમત્કારિક શક્તિઓ ભર્યું જીવન હોય, પણ એ ક્યાંથી નિર્દોષ કે નિષ્પાપ જીવન કહી શકાય ? તો કોઈ પણ મહાન આત્માની પહેલી વિશેષતા નિર્દોષતા ને નિષ્પાપતાથી શરૂ થવી જોઈએ. એ માટે પહેલી વાત છે અભયદાનની. વાત પણ સાચી છે. જીવો પર દયા હોય તો એની હિંસા કેમ જ થાય ? અને જગતદયાળુ બન્યા વિના મહાત્મા બનવું મુશ્કેલ, તો પછી પરમાત્મા તો કેમ જ બની શકાય ? એવા સર્વોચ્ચ અભયદાનના જીવને ન પહોંચાય ત્યાં સુધી પણ શક્ય એટલું અભયદાન ખાસ કરતા રહેવું જોઈએ. હવે આચાર્ય મહારાજ ત્રીજું ધર્મોપગ્રહ દાન બતાવે છે.

## ૩. ધર્મોપગ્રહદાન

ધર્મોપગ્રહદાન એનું નામ છે કે જ્યાં ધાર્મિકજન અર્થાત્ સુસાધુ પુરુષોને નવકોટિ વિશુદ્ધ એવી અવિરુદ્ધ વસ્તુ મફત આપવામાં આવે છે. નવકોટિએ એટલે નવપ્રકારે વિશુદ્ધ, અર્થાત્ હનન (હણવું), પચન (રાંધવું), અને ક્રયણ (ખરીદવું) ન કરવું, ન કરાવવું, ન અનુમોદવું. સાધુ નિમિત્તે આમાંથી એક પણ પ્રકાર નહિ આચરવાનો. ગૃહસ્થે પોતાના નિમિત્તે જે બનાવ્યું કે ખરીદ્યું હોય તે સાધુની અપેક્ષાએ શુદ્ધ હોઈ શકે. આમાં હનન એટલે કાપકૂપ, છેદનભેદન વગેરે. દા.ત. કેરી કે કાકડી છોલી, કાપી કે છૂંદી. પચન અટેલે નિર્જીવ પણ ચોખા જેવી વસ્તુ રાંધી તે. ક્રયણ એટલે બજારમાંથી કેળાં-મીઠાઈ વગેરે ખરીદી તે. આ ત્રણેયમાંનું કાંઈ પણ સાધુના ઉદ્દેશથી કરાય નહિ. સાધુ જાતે ન કરે. તેમ ગૃહસ્થ પાસે કરાવે પણ નહિ; અને ગૃહસ્થે કરેલું હોય તેને સારુંય માને નહિ. એમ ૩ x ૩ = ૯ કોટિ

થઈ. જેમ નિર્દોષતાની સાધુએ જાતે કાળજી રાખવાની તેમ ગૃહસ્થે પણ સાધુને દોષ ન લગાડવાની ચોકસાઈ રાખવી જોઈએ, 'હું સાધુને નવ કોટિ વિશુદ્ધનું દાન કરું;' એ તમન્ના જોઈએ, તો એ ધર્મોપગ્રહદાન અર્થાત્ સાધુધર્મને ટેકારૂપ, ઉપકારક દાન કહેવાય. બાકી તો પોતાને માત્ર દાનધર્મનો લાભ લેવાની જ દૃષ્ટિ હોય અને પછી સાધુ નિમિત્તે હનન, પચન, ક્રયણ, કરે, કરાવે, ત્યાં સાધુના ચારિત્રધર્મને પોષણ આપવાની વાત ક્યાં રહી ? ઊલટું ચારિત્રને ખોડ લગાડી. માણસ ભૂલ ક્યાં ખાય છે ? જ્યાં પોતે આગ્રહ રાખે છે કે હું સાધુને અમુક વસ્તુ જ ખરીદીને કે બનાવીને વહોરાવું. એના બદલે જો એવી ભાવના રાખે કે હું ઘરમાં સહજભાવે તૈયાર રહેલી સારામાં સારી વસ્તુનું સાધુને દાન કરું; તો તો કોઈ વાંધો ન આવે. સાધુના ઉદ્દેશથી બનાવવા જવામાં દોષ લગાડી દે છે. એમાં દાનધર્મનો લાભ મળે ખરો પણ ઓછો. વિચાર એ હોવો જોઈએ કે 'આ સાધુઓ જગતમાં જે શ્રેષ્ઠ કોટિના છે, તે ત્રિવિધ ત્રિવિધે હિંસા ત્યજી છે માટે. પોતે સાધુ થયા છે, તે પણ એવું જીવન જીવવા. તો પછી અમે એમને દોષમાં ક્યાં નાખીએ ?' જો કે સાધુ ચેતી જઈને એવું લેશે જ નહિ. તો સાધુને દોષ નહિ લાગે. છતાં ગૃહસ્થે એવું કરવું જ શા માટે ? કોઈ સાધુ અજાણમાં ફસાઈ ગયો તો ? અને ગૃહસ્થની આવું બનાવ્યા પછી દૃષ્ટિ પણ કેવી રહે છે ? ઠગવાની ને ? બોલવામાં જૂઠ પણ સીધું કે આડકતરું આવે ને ? શા માટે આ બધું કરવું ? એમાં હૃદયની શુદ્ધ પવિત્ર પરિણતિ શી વધે ? કિંમત પુણ્યનો લોચો મળવાની છે કે પવિત્ર પરિણતિની ?

**અવિરુદ્ધ :-**

વસ્તુ જેમ ત્રિકોટિપરિશુદ્ધ, તેમ સાધુધર્મને અવિરુદ્ધ જોઈએ. દા.ત. પૈસા, ઘરેણું, રત્ન અચિત્ત અર્થાત્ નિર્જીવ છે, પણ તે સાધુધર્મને વિરુદ્ધ ગણાય. તેમ એવા કામોત્તેજક ખોરાક વગેરે, તેવા રસાયણો, એવી દવાઓ સાધુધર્મ સાથે સંગત ન થવાથી અવિરુદ્ધ ન ગણાય. અવિરુદ્ધ વસ્તુનું દાન ન કરવું જોઈએ.

**દેવાનું શું ? :-**

દેવાની વસ્તુમાં શું શું આવે ? યોગ્ય અશન, પાન (ભોજન અને પાણી) વસ્ત્ર, પાત્ર, ઔષધ, તેમજ વસતિ અર્થાત્ મુકામ, અને આસન આવે. અહીં જોવાનું છે કે સુપાત્રદાન, ધર્મોપગ્રહદાન માત્ર રોટલી-દાળ-ભાતનું નથી, અચિત્ત પાણીનું પણ છે. એની સાથે વસ્ત્ર અને પાત્રનુંય છે. એમજ, દવા-ઓસડનું પણ દાન કરવાનું છે. શ્રાવકની વિધિ છે કે સાધુ મહારાજને પોતાની પાસે રહેલી દાન-યોગ્ય વસ્તુના નામ કહી વિનંતી કરે 'કૃપા કરી આમાંથી જે ખપે તેનો લાભ આપી અમ સરખા રંક જીવનો નિસ્તાર કરો.' ઘરમાં શાસ્ત્રના પુસ્તકો રાખ્યા હોય



તો તેનો પણ લાભ માગી શકે 'પૂજ્યશ્રી, આ આ પુસ્તકો મારી પાસે છે. આપ વાંચવા-ભણવામાં લાભ આપશો.'

**ધર્મોપગ્રહ-દાનનું પાત્ર કોણ ? :-**

આવું ધર્મોપગ્રહદાન કોને કરવું એ આચાર્ય મહારાજ બતાવે છે. **અભયદાન જીવ માત્રને કરાય છે. અનુકંપાદાન દુઃખીને કરાય છે. પરંતુ ધર્મોપગ્રહ-ધર્મોપકારી દાન ધર્મનું પોષકદાન છે; તેથી તે ચોક્કસપણે ધર્મનિષ્ઠ હોય તેવા મહાત્માઓને કરવામાં આવે છે.** ગૃહસ્થો એકાંતે ધર્મનિષ્ઠ નથી હોતા. ધર્મી ગૃહસ્થો અંશે પણ હિંસા-પરિગ્રહાદિ પાપમાં પડેલા હોય છે. ત્યારે **પ્રતિજ્ઞાપૂર્વક સૂક્ષ્મ પણ અહિંસાદી પાપોને ત્યજનારા, ને સંસારના સર્વ સંબંધો ત્યજી, યોગીજીવન, મુનિજીવન જીવનારા એમાંય સ્વાધ્યાય અને ધ્યાનમાં જ અત્યંત રક્ત રહેનારા, એ એકાંતે ધર્મનિષ્ઠ હોય છે.**

**સાધુ નિરૂપકારી :-**

જુઓ એમની એકાંત ધર્મનિષ્ઠતા ક્યાં સુધીની હોય છે ? ત્યાં સુધીની કે એમને દાન કરનારા ઉપર પણ એ દાનના બદલામાં કશો દુન્યવી ઉપકાર નથી કરતા. હા, એમને દાન કરનારાને અઢળક પુણ્યલાભ અવશ્ય થઈ જાય છે. તેથી એ પુણ્યબળે દુન્યવી સુખસામગ્રી પણ અઢળક પામે છે. પરંતુ સાધુ પોતે દુન્યવી કોઈ ઉપકારનું કાર્ય નથી કરતા. અરે ! એક ગામથી બીજે ગામ એ દાતારના સગાને જરાશો સંદેશો પણ પહોંચાડવાનું કાર્ય એ નથી કરતા; ત્યાં બીજી ક્યાં વાત રહી ? આનું એક જ કારણ કે એમ કરવામાં એકાંત ધર્મનિષ્ઠતા ટકતી નથી. **સાધુ એટલે સાધુ; એકાંતે મોક્ષમાર્ગના જ સાધનારા; સંસારની કોઈ વાત સાધનારા નહિ જ.** સંસારની વાતમાં કાં તો ક્યાં ને ક્યાં ષટ્કાય જીવ પૈકી કોઈને કોઈ જીવની હિંસા થાય છે; અથવા મૈથુન પાપનું કે પરિગ્રહ પાપનું પોષણ થાય છે; અગર તો સાંસારિક રાગ-દ્વેષ-મોહ-મમતાદિ પાપોને ટેકો મળે છે. સાધુ સાંસારિક વાતોનો ઉપકાર કરે એટલે આ પાપોનો જ પોષક બને ને ? ત્યાં એકાંત ધર્મનિષ્ઠતા ક્યાં રહી ! માટે જ સાધુને એવા ઉપકારના લેશમાં પણ નહિ પડવાના યોગે નિરૂપકારી કહ્યા. ભલભલા બાવા-સંન્યાસી પણ આ વસ્તુ ભૂલી જાય છે; ને એમને પગે લાગનાર, દાન દેનાર નૂતન પરિણીત યુગલને 'દીર્ઘાયુષી થાઓ; પુત્રવાન ભવ સૌભાગ્યવાન રહો...' વગેરે આશીર્વાદ આપે છે; એ દીર્ઘાયુષ્ય અને સૌભાગ્ય શું ? અખંડ ગૃહસ્થવાસના આરંભ સમારંભ-પરિગ્રહ અને મૈથુનનાં પાપ ખરાં કે નહિ ? એ તો સર્વજ્ઞ વીતરાગ પ્રભુના શાસનના સાધુ ભગવંતો છે કે જે ઉપકારના અને ધર્મના સૂક્ષ્મ સ્વરૂપને સમજેલા હોય છે, તેથી એવું ઉપકારી જીવન નહિ પણ

નિરૂપકારી જીવન જીવતા હોય છે.

**આ નિરૂપકારિતા ઉભયને લાભકારી :-**

સ્થૂલ બુદ્ધિએ આ વાત જરા મગજમાં બેસે એવી નથી. સાધુ લોકોપકાર કરે એમાં શો વાંધો ? એમ મનને થાય છે. પરંતુ ખરી વસ્તુ એ છે કે એવા ઉપકારને ન કરવો એ સામા જીવની દૃષ્ટિએ પણ બરાબર છે. કેમકે **એ દુન્યવી લાભ દેખાતાં તો પોતાના મોંઘેરા દાનધર્મને વેચવા તૈયાર થઈ જાય છે.** દુન્યવી લાભની મિઠાશમાં પરલોકના મહાપુણ્યના લાભ ભૂલી જાય છે, જતાં કરે છે; અથવા દાનની સફળતા દુન્યવી લાભ થવામાં સમજી પુણ્યના લાભ ગુમાવી નાખે છે. તેથી પોતાના દાનના આ જીવનના સીધા બદલા એ ન દેખે, અને નિઃસ્વાર્થતાએ દાન દે, એજ સારું છે. એથી નિષ્કામવૃત્તિ કેળવાય છે. ત્યારે સાધુની દૃષ્ટિએ તો નિરૂપકારિતા જ સારી છે. ધર્મના મર્મને સમજનારા દાતારો સાવધાન હોય છે કે 'અમારે દાનના બદલામાં સાધુ પાસેથી કોઈ સેવા, કોઈ ઉપકાર જોઈતો નથી. એમના જેવાની સેવા કરવાનું અમને મળે એજ અમારો મહાન ભાગ્યોદય, અમારી મહાન આત્મોન્નતિ !' શાસ્ત્રમાં એક ભાગવતનું દૃષ્ટાન્ત આવે છે.

**ભાગવતનું દૃષ્ટાન્ત :-**

એક નગરમાં એક ભાગવતના ભક્તને ત્યાં એક સંન્યાસી ચોમાસું રહેવા આવ્યો. આ ભાગવતભક્ત માત્ર ધર્મલાભનો અર્થી હતો, તેથી એણે કહ્યું,

'ખુશીથી ચોમાસું રહો. અમને ભાગવતનું શ્રવણ ઉપરાંત તમારા ભોજનપાણી વગેરેનો લાભ મળશે. પરંતુ એક શરતે !'

'શી શરત ? અમારાથી શક્ય છે એ ?'

'હા, શક્ય છે. શરત નાની છે. તમારે બદલામાં મારું કશું કામ કરવાનું નહિ. જે દિ' તમે કોઈ પણ મારી સેવા કરી એમ દેખાશે તે દિ' આપણો સંબંધ બંધ. પછી અહીં તમે રહી શકશો નહિ. આટલી શરત.'

છે ને શરત ! કેવી મજેની શરત ! **'હું તમારું બધું કરીશ. તે પણ અપૂર્વ લાભ માનીને ખૂબ આનંદથી કરીશ. પરંતુ તમારે મારું કશું જ કરવાનું નહિ.** એક મારા જરા રોતા છોકરાને એકાદ મીઠા શબ્દથી સહેજમાં છાનો રાખવાની પણ સેવા નહિ કરવાની.' કેટલી બધી નિસ્પૃહતા ! ધર્મોપકારી પાસેથી આ લોકની સેવા મેળવવા પ્રત્યે જાગ્રત હોય તો આ શરત મંડાય ? ના એ ભૂલે તો જ શરત બને. સંન્યાસીએ હા પાડી; રહ્યો. એક વાર બન્યું એવું કે રાતના આ ગૃહસ્થનો ઘોડો ચોરાઈ ગયો. સંન્યાસી સવારે ઊઠીને ફરવા જાય છે. તે ફરતાં ફરતાં જંગલના એક ભાગમાં ઘોડો બાંધેલો જુએ છે. ચોરોને લઈ જતાં સવાર પડી ગઈ,



તેથી ભયના માર્યા એને જંગલમાં બાંધી મૂક્યો. પછી એકાંત નિર્જનતામાં લઈ જશું એમ ધારણા રાખી. અહીં સંન્યાસીએ ઘોડો ઓળખ્યો. પણ સાથે મનને થાય છે કે 'મારે ભાગવતભક્તની કોઈ સેવા નથી કરવાની. પરંતુ બિચારાનો ઘોડો જશે.' વિચારો, કયા ઉપકારને ઇચ્છે છે ? ઘોડો પાછો વાળવાના ! એટલે ? એટલે એ કે ઘોડો મળી જવાથી એ ગૃહસ્થ સારી રીતે ઘોડેસવારી કરે વગેરે સાંસારિક પાપોની એને સગવડ રહે. જૈન સાધુપણું અને સંન્યાસીમાં આ ફરક. સંન્યાસીને તો શરત છે છતાં દુન્યવી વાતમાં પડવાનું મન થાય છે. સાધુ વગર શરતે પણ નિર્લેપ હોય છે. સંન્યાસીએ હોશિયારીથી ત્યાં પોતાનું કપડું મૂકી દીધું. મુકામે આવીને એ ગૃહસ્થને કહે છે, 'મારું કપડું અમુક અમુક જગાએ રહી ગયું લાગે છે.' ઘોડો ગુમાવવાથી જરા ચિંતામાં પડેલા પણ આ ગૃહસ્થે સંન્યાસીની સેવા કરવાનો આ લાભ મળતો દેખી આનંદ વ્યક્ત કર્યો, ને તરત નોકરને તે લેવા મોકલ્યો ! મનને ધર્મની કેવી લાગી હશે બહુ મૂલ્યતા ! કે ત્યાં દુન્યવી નુકસાન પડ્યું રહે ! નોકર કપડું લેવા ગયો. ત્યાં કપડું અને પાસેમાં રહેલો પેલો ઘોડો પણ ઓળખી ગયો. તે લઈ આવ્યો. શેઠને વાત કરી. એ સમજી ગયો કે 'સંન્યાસીએ આ ચતુરાઈ કરી. મારી સેવા કરવા માટે જ કપડું મૂકી આવેલા.' હવે એ સંન્યાસીને પગે લાગીને કહે છે, 'માફ કરજો, આપણી શરતનો ભંગ થયો છે. આપે મારું આ ઘોડો બતાવવાનું કાર્ય કર્યું છે. તેથી હવે આપણો સંબંધ પૂરો થાય છે. લ્યો પધારો.' સંન્યાસીને જવું પડ્યું ! ભગતના મનને કેવું વસી ગયું હશે કે **'જો સુકૃતનો કોઈ નાનામાં નાનો બદલો અહીં ખાતેનો હું ન લઉં તો જ એના અઢળક પુણ્ય મારા પરલોક ખાતે જમા થાય.** અહીં જ જો સોદો થઈ માલ મેળવી લઉં તો સુકૃતરૂપી મુડી શાની ઊભી રહે ?' એટલે એ સંન્યાસી તરફથી કોઈ પણ ઉપકાર ઈચ્છતો નહોતો.

**મુધાદાયી-મુધાજીવી :**

શ્રાવક પણ એવો હોય. સાધુ તરફથી ધર્મોપકાર સિવાય એવો કોઈ જ ઉપકાર ન ઇચ્છે. સાધુય, ત્યારે નિરૂપકારી હોય છે. દશવૈકાલિક શાસ્ત્રમાં એવા દાતારને **'મુધાદાયી'** = બદલો લીધા વિના આપનારા, અને સાધુને **'મુધાજીવી'** = બદલામાં કાંઈ કર્યા કે આપ્યા વિના મળતાં આહાર પિંડ પર દેહ ટકાવનારા, અર્થાત્ પોતે દુન્યવી કોઈ જ ઉપકાર નહિ કરનારા; માટે તો સાધુ દેનારનેય ધર્મ લાભ કહે છે, અને ન દેનારનેય **ધર્મલાભ** કહે છે. એક માત્ર ધર્મનો ઉપકાર કરે છે, ચાહ્ય તમે એમને વાંદો કે ન વાંદો; દો કે ન દો.

**સ્વાધ્યાય-ધ્યાનનું મૂલ્ય ! :-**

શી વસ્તુ ચાલતી હતી ? સાધુ દાનનું પાત્ર છે તે કેવા હોય ? નિરૂપકારી; અને સ્વાધ્યાય ધ્યાનમાં રક્ત. સ્વાધ્યાયધ્યાન એટલે મહાપવિત્ર જીવન કરણી; જેના આધારે દેશનું પણ મહાન કલ્યાણ થાય. આજે વિષમ કાળ છે એટલે આની કિંમત નથી સમજાતી; અને બૂમ મરાય છે કે સાધુઓ સમાજનું શું કરે છે ? અરે, સમાજને નીતિનો, ધર્મનો, ઉપદેશ તો આપે જ છે; ગુના, વ્યસન વગેરે છોડાવે છે, અટકાવે છે, સમાજને એ લાભ તો કરે જ છે. છતાં એ ન ગણીએ તોય સાધુની ત્યાગચર્યા, સાધુની તપસ્યા, સાધુનાં સ્વાધ્યાય-ધ્યાન આ એટલી બધી તાકાતવાળી વસ્તુ છે, કે એના પ્રભાવે સમાજ પર ધરતીકંપ, પૂર, અતિવૃષ્ટિ, દુકાળ, પર-રાષ્ટ્ર આક્રમણ વગેરે અનર્થો નથી ઊતરતા. એટલે આવા સ્વાધ્યાયમગ્ન અને ધ્યાની સાધુ તો દેશને મહા આશીર્વાદભૂત છે. એમને જે દાન થાય તેના ઊંચા મૂલ્ય કેટલા માંડીએ ! કેમકે,

**દાન પર સંયમ-તપના ભાર :**

સાધુ તે દાનની વસ્તુ પર પોતાનો સંયમદેહ ટકાવે છે, એના દ્વારા સંયમ અને તપના ભાર વહન કરે છે. શરીર જ ન ટકે તો જીવોની રક્ષા, વગેરે સંયમ-ધર્મનું પાલન શું કરી શકે ? ત્યારે જો જાતે પકાવવા બેસે તો પહેલાં જ સંયમ નાશ પામે ! માટે દાતાર પોતે શુદ્ધદાન કરે છે, એથી સાધુનો દેહ ટકે છે અને મહા સંયમ અને મહાતપની આરાધના કરી શકે છે. તપમાં પણ એવું જ છે. કાયકષ્ટ, સંલીનતા, વિનય વૈયાવચ્ચ, સ્વાધ્યાય ધ્યાન વગેરે તપ ભૂખી કાયાથી શો કરી શકાય ? એનો અર્થ એ થયો કે એ બધા મહામાર્ગની આરાધના કરાવવામાં દાતાર મહાન નિમિત્તભૂત બને છે. તો પછી એવા દાનનું ફળ કેટલું આંકવું ?

**સ્વ-પર તારક કર્મલઘુતા :-**

પાછું, દાનનું આટલું જ ફળ નથી. દાનના પાત્રભૂત સાધુ આ રીતે આત્મોપકારક મહાન સાધનાઓ કરીને પોતાને તો તારે જ છે; પરંતુ સાથે બીજાઓને પણ મોક્ષમાર્ગે ચઢાવીને સંસારસાગરથી તારે છે. સ્વપરને તારવાનું મુખ્ય કારણ એ છે કે પોતે કર્મલઘુ બન્યા છે. અલબત્ત, સાધક એવા દેહને ટકવામાં નિમિત્તભૂત, દાનની વસ્તુ છે ખરી. પણ એટલુંય મેળવ્યા પછી પણ હવે સશક્ત કાયાવાળા સાધુ કર્મલઘુ ન હોય તો શું કરશે ? **ભારેકર્મી જીવોને ભલેને સાધુ વેશ હોય તોય ખાધા-પીધા પછી પણ સંયમ અને તપ સૂઝતા નથી; સ્વાધ્યાય અને ધ્યાન ખપતા નથી.** ઊલટું ગૃહસ્થો પર બાહ્ય દુન્યવી ઉપકાર કરવાનું ગમે છે. બજારના ભાવતાલ, મુહૂર્ત, વગેરે જેવું કંઈક કરવાનું મન રહે છે. આણંદ-કલ્યાણી સંઘે સાધુ જાણી



સારી દેહપોષક ગોચરી તો વહોરાવી, પણ આ વહોરનારો જો ભારેકર્મી જીવ હશે તો એ મેળવ્યા-વાપર્યા ઉપર નિંદ્રા અને વિકથા કરશે. સ્વાધ્યાય-ધ્યાન તો ખીંટીએ અગર પોથીમાં મૂકાઈ ગયા ! સંયમ અને તપને બદલે અસંયમ અને ભોજનના અનેક ટંક કરશે ! આવા ભારે-કર્મી જીવ સ્વ-પરને શું તારે છે ? એ તો કર્મની સ્થિતિનો બહુ હ્રાસ કર્યો હોય તો સંયમ-સ્વાધ્યાયાદિના મહાન ધર્મ સૂઝે; જેથી સ્વને તારે, ને પરનેય તારે. બાકી સાધુવેશમાં અસંયમના, નિંદ્રા-વિકથાના ભોગ-સગવડના મહાપાપ બાંધનારો જાતને કે જગતને શું તારી શકે ? તરવાની ચીજ મહાન છે. અહીં સાર માનવ તરીકે જન્મ તો પામ્યા. પણ જન્મ્યા પછી ખાધું-પીધું મોજ કરી, એમાં સંસારસમુદ્ર ક્યાંથી તરાય ? જો ન તરાય તો પાછા અનેક જન્મ-મરણ, ને અનેક પ્રકારની ગતિઓમાં પરિભ્રમણ, એ એમજ ઊભા કે બીજું કંઈ ? ઢોર નહિ, પણ માણસ જેવા માણસ, અને તે પણ જૈન જેવા જૈન બન્યા પછી આ ? હૃદયને મજબૂત કરો, એને કહો **'આ ભવ તરવા માટે છે; ડૂબવા માટે નહિ. હવે તરવાના દરેક સ્થાનને, ને દરેક ક્રિયાને બનશે એટલી વધુ ને વધુ સેવીશ.'** સ્વપરના તારકની બલિહારી છે.

**દાનમાં ૪ શુદ્ધિ જોઈએ :-**

આચાર્ય મહારાજ શિખીકુમારને હવે ફરમાવે છે કે "જો મહાનુભાવ ! જિનેન્દ્ર ભગવંતોએ **દાયક-ગ્રાહક-કાળ-ભાવ, આ ચાર કારણો શુદ્ધ હોય તો શુદ્ધ દાનધર્મરૂપી કાર્ય થાય છે.**

**દાયકશુદ્ધિ :-**

ચારમાં પહેલી છે દાયકશુદ્ધિ, એટલે કે દાતાર અને દાનની વસ્તુ શુદ્ધ જોઈએ. અર્થાત્ દેનારો

**૧. જ્ઞાનસંપન્ન. ૨. આઠ મદસ્થાનના સેવનથી રહિત.**

**૩. શ્રદ્ધાથી રોમાંચિત શરીરવાળો,**

**૪. ન્યાયપ્રાપ્ત, પ્રાસુક (નિર્જીવ)ને લોકમાં અવિરુદ્ધ એવા દ્રવ્યને દેનારો,**

**૫. દેવામાં આલોક-પરલોકની આશંસા વિનાનો,**

**૬. એક માત્ર નિર્જરાનો અર્થી, કર્મક્ષયાભિલાષી જોઈએ.**

**જ્ઞાનસંપન્ન :** દાતારના આ છ વિશેષણોની વિશેષતા જુઓ, દાતાર જો જ્ઞાનસંપન્ન હશે તો સંયમધારી મુનિને કેવું ખપે, કેવું ન ખપે, ક્યાં દોષ લાગે કેવી સ્થિતિમાં દોષ ન લાગે. વગેરે સમજી શકશે. અવસર ઓખળશે, સાધુ પાત્ર છે કે નહિ તે પણ પારખી કાઢશે. ત્યાં દાનધર્મ શુદ્ધ થાય. ત્યારે જો એ દાતાર,

**મદરહિત** હશે, તો દાન કરશે તેમાં બડાઈ નહિ કરે કે 'અમુક જણ દે છે

તો હું કેમ ન દઉં ?' ગર્વ નહિ કરે કે 'હું કેવો સારો દાતાર !' તેથી અન્યને પણ એવા ધર્મ પ્રત્યે આકર્ષી શકશે. અભિમાન કરનારો તો બધું ગાઈ-વાળીને સરખું કરી નાખનારો બને છે. એના ગાવા પર બીજાઓ વિચારે છે કે 'ગર્વપોષક આવા દાનમાં શા માલ છે ?' કહો આમાં શુદ્ધદાન ક્યાં થયું ? ત્યારે, ગર્વમાં તો દાનના ખરા પરિણામ નથી થતા. સાચા દાનના ભાવ નથી જાગતા ! વળી,

**શ્રદ્ધાથી રોમાંચિત દેહે** દાન કરવું જોઈએ. કેવી શ્રદ્ધામાં એ બની શકે ? મામુલી નહિ, સામાન્ય નહિ, પણ તીવ્ર શ્રદ્ધા જોઈએ, ઉત્કટ શ્રદ્ધા જોઈએ, આની શી વિશેષતા છે ? એજ કે તેથી દાનનું ફળ અનેકગણું વધી જાય છે. **કોઈ પણ ધર્મક્રિયા તમે ઊછળતા હૃદયથી કરો એનાં ફળ અજબ-ગજબ કોટિના.** અવસર આવ્યે અહીં પણ ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચાડી શકે છે. ત્યારે એની નીચે પરલોક માટે ઊંચા પુણ્યાનુબંધી પુણ્યના લૉટ (સમૂહ)નું પૂછવું જ શું ? એક નાની નવકાર-વાળી પણ ગણો તે હૃદયમાં શ્રદ્ધા-સંવેગની આગ સાથે ગણો. અલ્પકાળમાં આત્માના ઉદ્ધાર સાધવાની આ ચાવી છે કે પ્રબળ શ્રદ્ધા-રોમાંચના વૈદ્યુત ચમકારા સહિત નાના-મોટા ધર્માનુષ્ઠાનોથી, કાયિક-વાચિક-માનસિક ધર્મપ્રવૃત્તિથી જીવનને વ્યાપ્ત કરી દો. શ્રેણિકને એવું ભગવાનનું સ્મરણ હતું એમાં તો તીર્થંકર નામ કર્મ ઊભું થયું ! જેના હિસાબે મહાવૈરાગ્ય, ગાંભીર્યાદિગુણો દેખાશે ! વગર ભણ્યે હવે જ્ઞાનાવરણ એવા તૂટશે કે હવેના ભવમાં અવધિજ્ઞાન ચારિત્રનાં પાલન-યોગ્યજ્ઞાન વગેરે કેટલુંય પ્રગટશે ! આ શાનો પ્રતાપ ? શ્રદ્ધાની જ્વલંત આતશસહિત ધર્મપ્રવૃત્તિનો. દાન પણ તેવું જ કરવું જોઈએ. શ્રદ્ધા એ તો દાનરૂપી બીજને માટે જળ સમાન છે. જળ વિના બીજમાંથી પાક કેવો થાય ?

**ન્યાયોપાર્જિતાદિ :-** દાનનું દ્રવ્ય ન્યાયથી ઉપાર્જેલું જોઈએ. **ન્યાયથી ઉપાર્જેલું** દ્રવ્ય ખરું યોગ્ય દ્રવ્ય છે. તેમાં હૃદય કાળું થયું હોતું નથી. તેથી એમાં દાનના ઊંચા પરિણામ જાગી શકે છે. કાળા થયેલા હૃદયમાં એ મુશ્કેલ છે. જો કે એમાંય દાનના પરિણામ જાગે ખરા; પણ તેટલા ને તેવા ઊંચા નહિ. કલુષિત ચિત્તવાળાનું ઘણું પણ દાન એળે જાય છે. માટે તીર્થયાત્રાદિ ખર્ચમાં, દેવાદિ ભક્તિમાં, દાનમાં વાપરવાનું દ્રવ્ય ન્યાયથી ઉપાર્જેલું હોય તે શ્રેષ્ઠ કોટિનું. વળી આ તો સુપાત્રદાન, મુનિને દાન છે માટે દેવાની વસ્તુ **પ્રાસુક** પણ જોઈએ. પ્રાસુક એટલે અચિત્ત, નિર્જીવ જોઈએ. તે પણ મુનિ માટે અચિત્ત કરેલું નહિ. કેમકે એવું તો સાધુ માટે દોષિત દ્રવ્ય થાય. એમાં દાતારને પણ એવો લાભ ન મળે. એવી રીતે જીવહિંસા કરીને જે ધર્મશ્રદ્ધાથી દાન કરે છે, તે શ્રદ્ધાળુ હોવા છતાંય ચંદન બાળીને કોલસા બનાવી એનો વેપાર કરનારા વેપારી જેવો છે. એવી રીતે દેવાની વસ્તુ **લોકવિરુદ્ધ**



**કે ધર્મવિરુદ્ધ** ન જોઈએ. ભલેને અચિત્ત હોય, પણ તેય આવી વિરુદ્ધ વસ્તુ ન ચાલે. એવા દાનથી તો પોતેય સંસારના ખાડામાં પડે છે, અને દાન ગ્રહનાર પણ સંસાર વધારે છે. દેવું દેવું ને સંસાર ઘટાડવાને બદલે વધારવો, એવું કોણ કરે ? આટલી થઈ દાયકશુદ્ધિની વાત. હવે ગ્રાહકશુદ્ધિ,

(૨) **ગ્રાહકશુદ્ધ :-** દાનનું અનુષ્ઠાન જ્ઞાનસંપન્ન, મદરરહિત, શ્રદ્ધાભીનું કર્યું, અને દેવાની વસ્તુ પણ ન્યાયોપાર્જિત, પ્રાસુક અને અવિરુદ્ધ રાખી, પણ જેને દેવાનું છે તે પોતે જો શુદ્ધ નહિ, પાત્ર નહિ, તો આચાર્ય મહારાજ કહે છે; એવા કુપાત્રને આપેલું દાન શુદ્ધ પણ અશુદ્ધ બને છે. સાપને પાયેલું દૂધ જેમ ઝેર થાય છે, તેવા પરિણામને એ પામે છે. ત્યારે સુપાત્રમાં તો થોડું પણ કરેલું દાન જેમ ગાયને આપેલા ઘાસમાંથી દૂધ પાકે છે, તેમ નિયમા શુભ ફળને આપનારું બને છે. બાકી કુપાત્રને, શીલ-વ્રતાદિ વિનાનાને કરેલું દાન ભલે પુણ્યનું પડિકું આપે પણ પોતાના આત્માને શુદ્ધ કરી શકતું નથી. જેમ લોહી ખરડ્યું વસ્ત્ર સાફ કરવા કોઈ નિર્મળ પાણીને બદલે લોહી વાપરે તો વસ્ત્ર ક્યાંથી ચોખ્ખું થાય ? ઊલટું વધારે બગડે. તેવું કુપાત્રદાનથી છે. અહીં અનુકંપા દાનનો નિષેધ નથી, આ તો પાત્રદાન, ભક્તિપૂર્વકનું દાન, પૂજ્ય-માન્યપાત્રને દાનની વાત છે.

**ધન્ય જીવન ! પાત્ર કેવા હોય ? :**

એવા પાત્ર, શુદ્ધ ગ્રાહક અવશ્ય પાંચ મહાવ્રતને ધરનારા હોય છે ! જીવનભર માટે સૂક્ષ્મ અહિંસા, સૂક્ષ્મ સત્ય...યાવત્ સર્વથા પરિગ્રહ ત્યાગની ભીષ્મ પ્રતિજ્ઞા ધરનારા-પાળનારા હોય છે ! વળી જે ગુરુમહારાજની સેવા-શુશ્રૂષા અને આજ્ઞાંકિતતામાં રક્ત હોય છે ! તેમ, પોતાના સંયમયોગોમાં નિજના આત્માને સારી રીતે જોડી દેનારા હોય છે ! સંયમ-સ્વાધ્યાય-તપવૈયાવચ્ચાદિ યોગોમાં આત્માને તન્મય કરી દીધો, પછી બીજું યાદ પણ ન આવે. તો, એ પાત્ર ક્રોધાદિ કષાયોને નિર્મૂળ ઊખેડી નાખવા માટે સદા ઉત્તમ ક્ષમા, મૃદુતા, સરળતા અને નિસ્પૃહતા-નિર્લોભતાના અખંડ અભ્યાસી હોય છે. સાથે મન-વચન-કાયાની બધી અશુભ પ્રવૃત્તિના ત્યાગી અને પંચાચારની શુભ પ્રવૃત્તિના આરાધક હોય છે. વળી પાંચેય ઈન્દ્રિયો પર અદ્ભુત નિગ્રહ કરવાનો ધંધો લઈ બેઠા હોય છે. યાવત્ પોતાના શરીર અને પ્રાણ ઉપર પણ એવો વિજય મેળવ્યો હોય કે ભયંકર ઉપસર્ગમાં એની પરવા કર્યા વિના પોતાના આત્મધ્યાનમાં મેરુ પર્વતની જેમ અડોલ રહે, સ્થિર અને નિષ્કંપ રહે. આ ગુણોની વિવિધ કક્ષા હોય છે. તેથી કદાચ ઉચ્ચ કક્ષાના આ ગુણો ન હોય, છતાં નીચેની કક્ષાના પણ આ ગુણો ધરનારા અને દોષ રહિત; એ પાત્ર ગણાય છે. એવા પાત્ર તે ગ્રાહકશુદ્ધ કહેવાય. એમને દીધેલું દાન અદ્ભુત ફળને આપે છે.

**નંદિષેણનું ગ્રાહકશુદ્ધ દાન :**

શ્રેણિકપુત્ર નંદિષેણનો પૂર્વભવ જાણો છો ને ? એ અને સેચનક હાથી બંનેય અહીં શ્રેણિકને ત્યાં છે. કેમકે પૂર્વભવે દાન કરીને આવેલા છે. પણ એક મહાન રાજપુત્ર ! અને બીજો હાથી ! આ ફરક પડવાનું શું કારણ ? ફરક કેટલો મોટો ? સેચનકને હલ્લ-વિહલ્લની અજ્ઞાન-દશાની હઠમાં, શી હઠ ? લડાઈમાં કોણિકે કરેલી ધૂળ ઢાંકેલી ગુપ્ત અગ્નિખાઈ પર સેચનકને ચલાવવાની હઠ. એ હઠમાં સેચનકને ત્યાં ચાલતાં બળી મરવું પડ્યું ! અને નંદિષેણ ? ચારિત્ર લેનારો બન્યો. કેટલો મોટો ફરક ? કોણે પાડ્યો આ ફરક ? દાનના પાત્રના ફરકે. સેચનકે પૂર્વભવમાં બ્રાહ્મણોને જમાડ્યા. બ્રાહ્મણો કાંઈ પૂર્વે કહ્યું તેમ સંસારના આરંભ-પરિગ્રહાદિ પાપોથી નિવૃત્ત નહિ, બ્રહ્મચારી નહિ, સંયમ-સુસ્વાધ્યાયમાં રક્ત નહિ, સંસારના સર્વથા ત્યાગી નહિ; એમને દાન એટલે કે ગ્રાહકશુદ્ધ દાન નહિ. ત્યારે બીજી બાજુ એને ત્યાં નોકરી રહેલા નંદિષેણના જીવે નોકરીના બદલામાં જે એ જમણવારનું વધેલું ચોક્ખું ભોજન માગી લીધું તે મુનિઓને દાનમાં દીધ્યે રાખ્યું ! બસ, આટલો ફરક ! એના ગ્રાહકશુદ્ધ દાને એને રાજકુળમાં જન્મ ! દેવાંગના જેવી રાજકન્યાઓ પત્ની તરીકે ! જૈનધર્મ ! અને ભગવાન મહાવીરપ્રભુની દેશનાના શ્રવણ પર મહાવૈરાગ્ય તથા દીક્ષા સુધીનાં દાન પોતે કર્યાં ! અહીં પ્રશ્ન થાય,

**પ્ર.**- આચાર્ય મહારાજ શિખીકુમારને કહે છે કે, જેમ પાણી એકજ જાતનું, ક્રિયા પીવાની એકજ જાતની. છતાં પીનાર ગાય અને સાપ બંનેમાં એ જળપાનનું પરિણામ જુદું આવે છે, ગાયને એ દૂધ થાય છે, ને સાપને ઝેર થાય છે, તેવી રીતે પાત્ર વિશેષે દાનનું ફળ જુદું જુદું આવે છે. તો સમજો છો આવા ઉત્તમ સુપાત્રદાનને સમજવાનો, અને કરવાનો કાળ જે મળ્યો છે તેનું મૂલ્ય સમજો છો ? કદાચ મુનિમહારાજને કોઈ દવા જોઈએ છે, તે તમે બજારમાંથી લાવી આપી, પણ એનું બીલ પંચખાતામાંથી લઈ લેવાનું થાય છે ને ? આ ભાગ્યવૃદ્ધિ થતી રોકીને ?

**(૩) કાળશુદ્ધ દાન :-**

આ થઈ ગ્રાહકશુદ્ધિની વાત, અર્થાત્ દાનના ક્ષેત્રની શુદ્ધિની વાત. હવે જુઓ કાળશુદ્ધિની વસ્તુ. કાળશુદ્ધ દાન તે કહેવાય કે જે દાન યોગ્ય કાળે કર્યું હોય, કાળને અનુરૂપ કર્યું હોય. દા.ત. કોઈ તપસ્વી મહામુનિને પારણું છે, એમના દેહને અમુક અમુક વસ્તુ લાભકારી છે, તો તેમને તે તે નિર્દોષ વસ્તુનું દાન કર્યું તે તપસ્યાના પારણાના કાળને યોગ્ય દાન થયું. આ કાળશુદ્ધ દાન છે. જગતમાં કાળને યોગ્ય ક્રિયાનો લાભ ક્યાં ઓછો છે ? ખેતી કાળે કરી હોય, તો એનું ફળ



બહુ મળે છે. અકાળે કરી, વરસાદ ચાલુ થઈ ગયા પછી કરવા માંડી, શું કામ લાગે ? એમ મહામુનિને દાન વખતે ગેરહાજર રહ્યા, અથવા એમને યોગ્ય વસ્તુ દેવામાં સંકોચાયા, તો દાનનો ખરો કાળ ગુમાવ્યો જ ને ? અનવસરના દાનની શી કિંમત ? બીજ પણ જો અવસર વિના નાખ્યું, દા.ત. ખેતરમાં ઉકરડો પડ્યો છે, તે વખતે નાખ્યું, તો એ બીજનો પાક શું ? કહોવાટ અને બિગાડો, બીજ પણ બગડ્યું. ને ખેતરની હવાય બગડી. એવી રીતે કેટલીકવાર અકાળ દાન એ દેનાર-લેનાર બંનેને નુકશાન કરે. મા બિમાર છોકરાને દૂધપાક પીવરાવે, સાજા થયેલા છોકરાને મગનાં પાણી પાય, શું પરિણામ ? છોકરો ને મા બંને હેરાન થાય. માટે જ 'અવસરનાં વાજા અવસરે વાગે.' 'રાઈના ભાવ રાતે વહી ગયા.' **'કાલે કાલં સમાયરે'** આ બધા કાળના મહત્ત્વસૂચક વચનો છે. વેપારમાં સીઝનના કાળે વેપાર કરી લીધો, તો બાર માસની નિરાંત કરાવે. એમ અહીં પણ ધર્મક્ષેત્રમાં અવસરને યોગ્ય દાન કરી દો તો એનાં મહાફળ ! **નયસારનું** દાન **જીવાનંદનું** દાન મહાન ફળ લાવનારા બન્યા.

**(૪) ભાવશુદ્ધિ :**

હવે આવી ભાવશુદ્ધિની વાત. દાન દેતાં શ્રદ્ધા અને સંવેગથી રોમાંચ ખડા થાય, અને પોતાની જાતને આ દાનના સુકૃતથી કૃતાર્થ માને એ ભાવશુદ્ધ દાન કહેવાય. ત્રણ વાત છે, શ્રદ્ધા, સંવેગ. કૃતાર્થબુદ્ધિ. દાન દેવા પૂર્વેથી હૃદયમાં શ્રદ્ધા ઊછળતી હોય. 'આ દાન એ અપૂર્વ કર્તવ્ય છે, દાનના પાત્ર મુનિઓ એ ખરેખરા ઉત્તમ મહાત્મા છે,' એવી સચોટ ઝળકતી શ્રદ્ધા ખડી હોય, એમાં દાન દેવાનો મોકો મળ્યો ત્યાં એ મહાન નિમિત્તને પામીને ધર્મપ્રેમ, ધર્મરંગની ભરતી ચઢે, વૈરાગ્યની છોળો ઊછળે, 'કેવા મહાન ત્યાગી આ ગુરુદેવો ! સ્વેચ્છાએ ત્યાગ કરીને માનવ-જીવનમાં કેવી સરસ ત્યાગની મહત્તા દર્શાવી ! સંસારને કેવો ઝેર જેવો બતાવ્યો !...' એમ હૈયે સંવેગના પૂર ચઢે ! તેમ, દાન દેતાં દેતાં, અને દીધા પછી પણ પોતાની જાતને કૃતાર્થ માને, "ધન્ય જન્મ, કે આ મને દાન દેવાનું મળ્યું ! પાપલક્ષ્મી મને દુર્ગતિના કૂવામાં ઘસડી જાત. એના બદલે આ દાનમાં એ અમરલક્ષ્મી બની ગઈ ! મને ન્યાલ કરી દીધો !..." વગેરે વગેરે ધન્યતા, કૃતાર્થતા અનુભવે. વાત પણ સાચી છે. જીવે લક્ષ્મીના કેઈ નાટક કરવામાં બાકી નથી રાખી, માત્ર એના વડે આવા મહાગુણસંપન્ન, એકાંતપવિત્ર જીવન જીવનારા સંત પુરુષોની ભક્તિ નથી કરી. અહીં એ કરવાની મળે, પછી શું બાકી રહ્યું ?

**ભાવશુદ્ધિના મૂલ્ય આંક્યા અંકાય એવા નથી.** ગ્રાહકશુદ્ધિ, દાયકશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ એની એ છતાં ભાવશુદ્ધિ ન હોય તો જે ફળ મળે એના કરતાં ભાવશુદ્ધિ

હોય તો ફળ લાખો-કરોડોગુણું ઊંચું મળે; યાવત્ ભાવશુદ્ધિના અત્યંત વિકાસમાં ફળ અનંતગુણું ઉચ્ચ મળી જાય. શાલિભદ્રના જીવે દાન દીધું તેમાં વધારે મહત્ત્વ શાનું હતું ? ભાવશુદ્ધિનું જ ને ? એના હૈયામાં શ્રદ્ધા-સંવેગના સાગર ઊભરાયા ! કૃતાર્થતાની અનેરી લાગણી અનુભવવા માંડી ! તે મર્યો ત્યાં સુધી ! ગરીબ હતો પૈસાથી; પણ ભાવમાં તો એ જાણે મોટો અબજપતિ થઈ ગયો ! એટલા બધા ઊંચા ભાવનો એ માલિક બન્યો ! ભાવ માટે ગરીબી કે વ્યાધિ ક્યાં નડે છે ? એ ભાવશુદ્ધિએ એને ક્યાં લઈ જઈ મૂક્યો ? શાલિભદ્રની મહાશ્રીમંતાઈ સુધી, મહાવીર પ્રભુ પ્રત્યે અથાગ રાગ, અને સેવકપણાના હાર્દિકભાવ સુધી, શ્રેણિક એ માથે રાજા છે, એ વસ્તુ ઉપર વીર વિભુના ચરણે ચારિત્ર-જીવન સુધી, ઘોર તપ અને છેવટે અનશન સુધી,- ટૂંકમાં કહીએ તો અનુત્તર વિમાનના વૈભવ અને મહા વિદેહમાં મુક્તિ સુધી !! જીરણ શેઠે તો દાન દીધુંય નહોતું, છતાં ભાવશુદ્ધિએ બારમાં દેવલોકે ચઢી ગયા ! અને દુંદુભિ ન સાંભળી હોત તો કદાચ કેવળજ્ઞાન સુધી પહોંચી જાત ! માત્ર દાનમાં જ નહિ પણ બીજીય **ધર્મક્રિયામાં ભાવશુદ્ધિ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. ક્રિયા એની એ, પણ ભાવશુદ્ધિ જેટલી વધારો એટલી ફળમાં વૃદ્ધિ.** દાનમાં બીજી ભાવશુદ્ધિ સાચવવાની છે દોષ ટાળવાની. અર્થાત્ આપવાની વસ્તુ નવકોટિશુદ્ધ જોઈએ. પચન, હનન, અને ક્રયણ ન જાતે કરવા, ન બીજા પાસે કરાવવા, કે ન બીજાએ કરેલામાં સંમતિ રાખવી. રસોઈ રંધાય તે પચન કહેવાય. ફળાદિ કપાય, લૂણ આદિથી નિર્જીવ કરાય તે હનન, ક્રયણમાં વેચાતું લેવાય તે. એ દોષો ન લાગવા દેવા તે દેય વસ્તુની ભાવશુદ્ધિ. આમાં ઉદ્ગમના ૧૬ દોષો ટળે. બાકીના એષણાના ૧૦ દોષ પણ ન લાગવા દેવા જોઈએ. દા.ત. દેવાની વસ્તુ નિર્દોષ અને નિર્જીવ છે પણ એને કોઈ જીવ વસ્તુને સંઘટ્ટીને આપે તો તે દોષ કહેવાય. અથવા એને ઢોળતો-ઢોળતો વહોરાવે, કે કાંતતો-પીંજતો વહોરાવે તો તે સદોષ કહેવાય.

ભાવશુદ્ધિમાં એક વાત એ પણ છે કે દાન દેવાની પાછળ કોઈ પૌદ્ગલિક લાભનો, કોઈ માનકીર્તિ આદિ દુન્યવી લાભનો આશય ન જોઈએ; અર્થાત્ નિદાન ન જોઈએ. દાન નિયાણા વિનાનું જોઈએ, અનિદાન જોઈએ. નહિતર દાનરૂપી લાખોનો માલ રાખના મૂલ્યે જાય. શિરામણ સાટે ખેતર વેચવાની મૂર્ખાઇ થાય. અટલ વિશ્વાસ જોઈએ કે "શુદ્ધદાનમાં અચિંત્ય શક્તિ છે. એ ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં પણ ચઢિયાતી ચીજ છે. એથી શું નહિ મળે ? બધું મળશે. પણ મારે બીજું જોઈતું નથી. **કેમકે એ બધું અંતે તો જનારું; અને રહે ત્યાં સુધી મુંઝવનારું. એ વેઠ વહોરીને શું કરું ?** મારે તો આવું દાન દેતાં દેતાં જગતની વસ્તુ



માત્રના મોહ ઊતરી જાય, એ જોઈએ છે. આવા દાનના પ્રભાવે આત્મા મહાત્માનો પ્રેમી બને, મહાત્માનો અનુગામી બની જાતે મહાત્મા અને છેવટે પરમાત્મા સુધી બને એ જોઈએ છે." આવો કોઈ વિશ્વાસ હોય, તો પછી નિદાન શા માટે કરે ? દુનિયાના વૈભવ અને માનપાનને કચરા સમજ્યા પછી એ કચરાની લાલસાથી પવિત્ર દાનધર્મને અભડાવે નહિ. બાકી તો જેણે અભડાવ્યા એના નિકંદન નીકળ્યા. મમ્મણ શેઠ પૂર્વે કરેલા દાનને અભડાવીને આવ્યો હતો, તો અહીંથી સરવાળે સાતમી નરક મળી.

આ બધું જે કહ્યું તે મોક્ષના હેતુના દાન અંગે કહ્યું. દાયકશુદ્ધ ગ્રાહકશુદ્ધ વગેરે મોક્ષહેતુક દાનધર્મની વિધિ જાણવી. બાકી **અનુકંપાદાનને તો જિનેશ્વરદેવોએ ક્યાંય નિષેધ્યું નથી.** અર્થાત્ અનુકંપા દાનમાં આ વિધિ નથી. અનુકંપા કરવામાં સામે પાત્ર નથી જોવાનું. "સામો દુઃખી છે, એને ખાવા રોટલો આપું, કોઈ એને મારવા જાય છે, કે મારે છે, તો એને છોડાવુ-બચાવું" આ અનુકંપાની ભાવના છે. હાથીએ સસલાની અનુકંપા કરી તો હાથી મરીને મેઘકુમાર થયો. મેઘરથ રાજાએ પારેવા પર અનુકંપા કરી અને સમ્યક્ત્વ સહિત ભાવનામાં ઊંચે ચઢ્યા તો તીર્થંકર નામકર્મ નામનું પુણ્ય કમાયા ! આધુનિક ભીખમ પંથી - તેરાપંથીને આની ખબર નથી; એટલે બિચારા અનુકંપાને અધર્મ કહે છે. અનંત-અનંત કાળની કઠોરતાને મુકાવનાર કરુણા ભાવના છે. અનુકંપા ભાવના છે. ધર્મનો એ પાયો છે. એથી હૃદય કોમળ બને છે, કોમળ હૃદયમાં જ ગુણો પ્રગટી શકે છે. કોમળ હૃદયમાં જ કુતર્કને બદલે જ્ઞાનીવચન એ પ્રમાણ,- એમ વસી શકે; મહાજ્ઞાનીને આત્મસમર્પણ કરી શકે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૩૭,તા.૯-૬-૧૯૫૬

# -: શીલધર્મ :-

વિજયસિંહ આચાર્ય મહારાજ સમરાદિત્યના જીવ શિખીકુમારને કહી રહ્યા છે, "જો મહાનુભાવ ! અહીં સુધી દાનસ્વરૂપ ધર્મ તને સંક્ષેપમાં કહ્યો. હવે શીલસ્વરૂપ ધર્મ કહેવાય છે તે સાંભળ. શીલમય ધર્મમાં-

જૈન ધર્મની વિશાલતા અને વ્યવસ્થિતતા જુઓ. દાન-શીલ-તપ અને ભાવધર્મમાં બધી આરાધનાઓ બતાવે છે, અને તે પાછી વ્યવસ્થિત રીતે. સર્વજ્ઞ પ્રભુના શાસન વિના આ કોણ બતાવી શકે ? માટે જ આને જીવનમાં ઉતારવાની વાત મુખ્ય જોઈએ. જગતમાં બીજા-બીજા ધર્મને પામેલા જીવો પણ એને અર્થ-

કામની વાત કરતાં વધારે અગત્ય આપનારા દેખાય છે, ત્યારે આ મહાતેજસ્વી અને અવર્ણનીય ધર્મને પામેલાએ એને જીવનમાં કેટલી બધી અગત્ય આપવી ઘટે ? અર્થ-કામના દરેક દરેક અંગની સામે સાથે તે તે ધર્મના અંગ આચરો છો ને ? તે પણ ધર્મઅંગને વધુ મહત્ત્વ આપીને આચરો છો ને ? કામને મહત્ત્વ આપી કોહિનૂર હીરાને જેમ તેમ ગણવાની ભૂલ કરતા નહિ. દાનાદિ ધર્મ એ કોહિનૂર હીરો છે. મન, વચન અને કાયા, ત્રણેયથી એને જ ઉચ્ચ અગત્ય અપાય. ખેડૂત વાવેતર અને પકવણીના કાળમાં ખાનપાન આરામીને મહત્ત્વ નથી આપતો. એ તો ખેતી, વાવણી, પાકરક્ષા વગેરેને જ ખૂબ અગત્ય આપે છે. **માનવભવ એ ખેતી, વાવેતર અને પકવણીનો કાળ છે. એમાં આત્મક્ષેત્રને જિનવચનના હળથી ખેડી નાખવાનું છે; એમાં જિનોક્ત દાનાદિ ધર્મની પ્રશંસા-ચાહના, વગેરેના વાવેતર કરવાના છે; દાનાદિની સમ્યગ્દર્શનાદિ રૂપમાં પકવણી કરવાની છે.** કોઈ દિવસ શું, કોઈ ક્ષણ જંપીને બેસવાનું નથી ! ખાન-પાન-આરામીને જરાય અગત્ય આપ્યા વિના એને જરૂરી જેટલા જ પતાવવાના છે. એ પતાવવાની ક્રિયા વખતે પણ લક્ષ તો પાછું દાનાદિ ધર્મનું રાખવાનું છે. ત્યારે બાકીના કાળે તો દાનાદિની જહેમતમાં પૂછવાનું જ શું ? **ત્યારે તમે કદીએ વિચાર કર્યો છે કે દાન-શીલ-તપ-ભાવ, એ ચાર ધર્મ અનંતજ્ઞાની તીર્થંકર ભગવાને કહ્યા છે તો એમાં શો ગુપ્ત ભાવ છે ? શું રહસ્ય, ને શી કોઈ ગહન** વિશેષતા સમાઈ છે ? **વિચાર નહિ ને ? અવસરે અવસરે તમારા ધન પર, શરીર પર, સ્નેહીજન પર ઊંડો ઊંડો વિચાર કરો છો. કેમકે એની ગરજ લાગી છે અને એની કિંમત સમજાઈ છે.** આનો વિચાર નહિ, એનો અર્થ તો એજ ને કે આની ગરજ નહિ. આની કદર નહિ ? શા માટે ભૂલો છો, શા માટે ભ્રાન્ત થાઓ છો ? આવા ઉચ્ચ કોટિના માનવભવે મહાકિંમતી બુદ્ધિ શક્તિ પામીને કયું **વિચારકાર્ય** કરવા જેવું છે, એટલું નથી સમજાતું ? પવિત્ર મનોમંદિરને દાનાદિના ગુપ્ત રહસ્ય અને વ્યાપક મહાલાભના સુવિચારથી ઝગમગાટ પ્રકાશિક કરી દેવાને બદલે, દુનિયાના કચરાપટ્ટી વિચારોરૂપી ગાઢ અંધકારથી વ્યાપ્ત કાં કરી દો ? અહીં દાનાદિ ધર્મના રહસ્યનો વિચાર કરતાં પહેલાં દાન-ધર્મનું સ્વરૂપ જોયું તેમ શીલ-તપ-ભાવનું થોડું સ્વરૂપ જોઈ લઈએ.

**(૧) પાંચ મહાવ્રત :-**

શીલમાં પહેલાં પાંચ મહાવ્રત કહ્યાં. મહાવ્રતના ઉપર ક્ષમા આદિ ગુણો સફળ છે. નહિતર તો એક બાજુ ક્ષમા ને નમ્રતા દેખાડે પણ બીજી બાજુ હિંસા, કે જૂઠ, કે વિષયાસક્તિ જોરદાર હોય, તો આત્મા પ્રગતિ શી સાધી શકવાનો ? જીવનમાં સર્વથા યા અંશે પણ હિંસા, જૂઠ વગેરે પાપોનો ત્યાગ પ્રતિજ્ઞાપૂર્વક કર્યો



હોય તો આત્મા આગળ વધી શકે છે. ગુણસ્થાનકનો ક્રમ જુઓ તો એમાં આ સ્પષ્ટ દેખાશે કે સમકિત પામ્યા પછી પણ અહિંસાદિના વ્રતમાં આવો, તો જ ઉપરના પાંચમે છઠ્ઠે...વગેરે ગુણ ઠાણે જઈ શકાય. અનુત્તર વિમાનના દેવો આમ વીતરાગ જેવા છતાં વ્રતના અભાવે ચોથે ગુણઠાણે રહે છે. ત્યારે એ પણ છે કે મહાવ્રતો સ્વીકાર્યા પછી જ કષાયોનો સર્વથા નાશ કરી ક્ષમાદિ ગુણોની પરાકાષ્ઠાએ પહોંચી શકાય. માટે જીવનમાં મહાવ્રતો એ મહાન ઉદયની ચાવી છે.

પાંચ મહાવ્રતો હિંસા-જૂઠ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહ એ પાંચ મહાપાપનો પ્રતિજ્ઞાપૂર્વક સર્વથા ત્યાગ કરવાથી આવે. સંસારના જબરદસ્ત પોષક હિંસાદી પાપો છે. એનાથી જીવો બીજાને દુઃખમાં મૂકે છે, અને પોતાના આત્માનું અધઃપતન કરે છે. **હિંસામાં નિશ્ચિન્તપણે પ્રવર્તનારો જીવ પોતાના પૂર્વના વાઘ-વરુના જીવનનો વારસો લાવનારો ગણાય કે બીજું કાંઈ ?** હિંસા એ જંગલી પશુની ખાસિયત છે, ત્યારે અહિંસા એ સાચી માનવતા છે. હિંસાથી હૃદય કઠોર બને છે. પછી એમાં ગુણોને બદલે દોષોને આવવું-ટકવું સરળ બને છે. એમ, અસત્ય જીવને કાયર બનાવે છે, તામસી કરે છે, કર્મથી મહામલિન કરે છે. જીવનમાં સત્ત્વ કેળવવું હોય તો અસત્યને દૂર ફગાવી દેવું જોઈએ. મનને થવું જોઈએ કે 'પૈસાની કે માનની નુકશાની એ, જૂઠ-અસત્યથી થતી આત્મિક નુકશાની આગળ, વિસાતમાં નથી; માટે કોઈ પણ ભોગે સત્ય જાળવીશ; અસત્ય નહિ બોલું.' કહો, જીવન જીવવામાં સહાયક શું અન્નપાણી ગણાય કે અસત્ય ગણાય ? જેવું અસત્ય તેવી ચોરી, અનીતિ પણ જીવન જીવવા માટેના સહાયક તત્ત્વ નથી; તેમ એ માનવતાને પણ અજવાળનારા નથી. માણસે એટલો વિચાર કરવો જોઈએ કે જૂઠ **અનીતિ જેની ખાતર કરાય છે, એ વસ્તુઓ જ ક્યાં કાયમી છે ? જીવને ક્યાં શાશ્વત સલામતી આપે છે ?** પછી શું એની ખાતર 'જૂઠ બોલવું ? અનીતિ કરવી ? માયાકપટ, ને વિશ્વાસઘાત જેવા ભયાનક દુર્ગુણો જૂઠ અને અનીતિ ઉપર પોષાય છે. ત્યારે મૈથુનના પાપમાં તો જીવ પરમાત્માને બાજુએ રાખી કામપાત્રને વિશેષ પ્રેમનું પાત્ર, અને વધારે તન-મન અને ધનથી સેવ્ય કરે છે. ઉત્તમ માનવ જીવનની વિશેષતા બ્રહ્મચર્ય છે, ચારિત્ર છે, નિષ્પાપ જીવન છે; એને ભૂલાવનાર આ પાપ છે. ત્યારે પરિગ્રહ પાપ વળી એને સહાયક છે. શાસ્ત્ર કહે છે, **સંસારનું મૂળ આરંભ, અને આરંભનું મૂળ પરિગ્રહ છે.** પરિગ્રહથી તૃષ્ણાનો ભયંકર દોષ મજબૂત બને છે; જીવનાં પોતાના મૂલ્યને બદલે જડનાં મૂલ્ય વધુ અંકાય છે. ટૂંકમાં સમજો કે હિંસાદિ પાંચેય પાપો ભયંકર છે. એ સદ્વર્તન નથી; અશીલ છે. માનવને એ દિવ્ય કોટિમાં લઈ જવાને બદલે પશુતામાં પટકે છે. તેથી જ એ પાપોનો ત્યાગ

એ સુંદર શીલધર્મ છે; આત્માની સુવાસ છે; પ્રકાશ છે; પવિત્રતા છે.

**(૨) ક્ષમાદિ શસ્ત્રો :**

મહાવ્રતોની સાથે માનવજીવનનું મહાન કર્તવ્ય ક્રોધાદિ આંતર શત્રુઓનો નાશ કરવાનું છે. એ ક્ષમા આદિ શસ્ત્રો વડે સહેલાઈથી થઈ શકે. ક્રોધ મનમાં ઊઠે છે, ત્યાં જ જો ક્ષમા ધારણ કરી લઈએ, પછી ભલે સહજ રીતે નહિ, પણ પાપના ભયથી, કે જ્ઞાનીના હુકમથી; તોય તે ક્રોધને આગળ વધતો અટકાવે છે. એમ ક્ષમામાં આગળ વધતાં-વધતાં ક્રોધ દૂબળો પડતો જાય છે. અંતે મહાક્ષમાથી ક્રોધના ભૂક્કા થાય છે. એવી રીતે નમ્રતા, મૃદુતા અને લઘુભાવથી અભિમાન-અહંકારાદિ મરે છે. સરળતાથી માયા મરે છે, અને નિઃસ્પૃહતાથી લોભ મરે છે. **ક્ષમાદિ શીલધર્મની તો જીવનમાં બલિહારી છે. ઉચ્ચ પવિત્રતા, નક્કર ઉન્નતિ, અને સાચાં સુખ એ આપે છે.** એના વિના ધન-માલ વગેરે સુખને બદલે દુઃખ દેનારા બને છે. આત્માની ઉન્નતિ ક્ષમાદિમાં દેખાય છે, ક્રોધાદિમાં નહિ. પસ્તાવો ક્રોધાદિ કરવાને અંતે આવે છે. ક્ષમાદિથી તો અંતે નિરાંત મળે છે; મહાસુખના અનુભવ થાય છે. આ બધા ધર્મોને વિસ્તારથી વિચારવાનો સમય નથી, તેથી માત્ર નામનિર્દેશ જેવું કરી આગળ ચાલીએ છીએ. બાકી છે એ જીવનનો સાર.

**(૩) ક્ષણલવ-પ્રતિબોધનતા :**

જીવનમાં આ પણ મોંઘેરી વસ્તુ મેળવવા લાયક છે; કઈ ? 'ક્ષણલવ-પ્રતિબોધનતા' = ક્ષણલવનો પ્રતિબોધ, ક્ષણલવની જાગ્રતિ. અહીં **'ક્ષણલવ'** એ ખાસ શબ્દ છે; સંકેતવાળો શબ્દ છે. એનો ભાવ એ છે કે આ દુર્લભ માનવજીવનનો ધન્ય અવસર જે મળ્યો છે તે વિરાટકાય કાળમાંનો એક નગણ્ય અંશ છે; અત્યંત મામુલી ભાગ છે. **ક્યાં વહી ગયેલો અનંતાનંત ભૂતકાળરૂપી અથવા અનંતાનંત ભવિષ્યકાળરૂપી મહાસાગર !! અને ક્યાં આ ચાલુ માનવભવના આયુષ્ય કાળરૂપી એક બિંદુ !!** ગણિતના હિસાબે ચાલુ ભવનો કાળ વિસાતમાં નથી. **આવો અતિ અતિ અલ્પ પણ વર્તમાન જીવનકાળ ખરેખરી ક્ષણ છે ! ખરેખરો અવસર છે ! કેમકે વર્તમાન ટૂંકા પણ ઉચ્ચ કાળની જિનવચન સેવા એ સાગર સમા ભાવી અનંતાકાળને ઉજ્જવલિત કરવા માટે સમર્થ છે !** તો પછી આ અલ્પાતિઅલ્પ કાળમાં એ સાધના કાં ન કરી લઉં ? એ સાધના કરવામાં જે કાંઈ તન-મન-ધનને કષ્ટ પહોંચે, તે કષ્ટ ભૂતકાળના અનંતા કાળની આપણે જે વેઠેલી અનંતાનંત ઘોર પીડાઓ આગળ શી ચીજ છે ? કોઈ ચીજ નથી ! ત્યારે ભૂતકાળના બધાય વૈભવો કરતાં, વર્તમાનની દેવાધિદેવ, સદ્ગુરુ અને જૈનશાસનની પ્રાપ્તિ, એ કેટલો બધો ઊંચો અને અલૌકિક વૈભવ છે ! એટલે ભાવી અને ભૂતકાળ, બંનેની દૃષ્ટિએ



વર્તમાન કાળ એ અતિ મહત્ત્વનો કાળ છે; એ ખરેખરી ક્ષણ કહેવાય. અર્થાત્ ખરેખરો અવસર કહેવાય. પણ તે પાછો **લવરૂપ** છે, અતિ અતિ અલ્પ છે. માટે મારે જાગ્રત થઈ જવું જોઈએ અને વર્તમાન અતિ ટૂંકા અવસરને યોગ્ય જબરદસ્ત આત્મસાધના ભગીરથ પુરુષાર્થ ફોરવીને કરી લેવી જોઈએ. દેવગુરુધર્મની ભારેમાં ભારે ઉપાસના કમાઈ લેવી જોઈએ. આવી જે જાગ્રતિ એ **ક્ષણલવ-પ્રતિબોધનતા. પંચસૂત્રમાં પણ 'को मम कालो किमेअस्स उचिअं ।** આ મને કેવો ગજબ અવસર મળ્યો છે, અને તો, આ અવસરને યોગ્ય શું છે ?' આવી **ભાવજાગ્રતિ** રાખી મોહનિદ્રાનો ત્યાગ કરવાનું કહ્યું છે. આ જાગ્રતિથી માણસ શક્ય ઉત્તમ સાધના કરવા જાગ્રત રહે છે, અને તેથી સ્વાત્માની મહાન ઉન્નતિ સાધે છે. કહો આ કેવો અને કેટલો બધો સુંદર શીલધર્મ બતાવ્યો !! ત્રણેય મહાન છે; અહિંસાદિ પાંચ મહાવ્રતો, ક્ષમાદિ ગુણો દ્વારા ક્રોધાદિ કષાયોનો નિગ્રહ અને ક્ષણલવ જાગ્રતિ.

**(૪) શ્રદ્ધા-સંવેગની સ્પર્શના :**

ચોથી વસ્તુ છે શ્રદ્ધા-સંવેગની સ્પર્શનાની. આમાં શ્રદ્ધા શબ્દથી સમ્યક્ત્વ લીધું, અને સંવેગ શબ્દથી સંસાર પ્રત્યે ભારોભાર વૈરાગ્ય અને મોક્ષનો ઝળહળતો પ્રેમ લીધો. આના વિના મહાવ્રત પણ નકામા ! તો સામાન્ય વ્રત-પચ્ચક્ખાણ કે દેવભક્તિ-ગુરુભક્તિનું શું પૂછવું ? સમ્યક્ત્વ, વૈરાગ્ય અને મોક્ષરુચિ, ત્રણેય અજબ ગુણ છે. જિનેન્દ્ર પરમાત્મા ઉપર, એમના સર્વ વચન ઉપર, ને એમના કહેલા ધર્મ ઉપર એકાંત શ્રદ્ધા એ સમ્યક્ત્વ. એ મહાન પ્રકાશ દે છે ! અદ્ભુત આત્મબળ આપે છે ! એનાથી જ હવે સંસારકાળ અર્ધ પુદ્ગલ પરાવર્તની અંદર સમાપ્ત થવાનું નક્કી થાય છે. મહાન સકામનિર્જરા કરવાની લાયકાત મળે છે. ત્યારે ભવવૈરાગ્યથી સંસારના ભારેમાં ભારે પ્રલોભનો સામે અડગ રહેવાનું અપૂર્વ આત્મતેજ વિકસે છે. તેમ મોક્ષરુચિથી તો સર્વ વૈષયિક આનંદને તુચ્છકારી એક માત્ર આત્મિક અસાંયોગિક આનંદની જ લાલસા રહે છે; પક્ષપાત રહે છે. એટલે વિષયના ભ્રામક આનંદમાં ભારે થકાવટ, ભારે અરુચિ આવી જવાથી સાંસારિક લોભ-મમતા, બહુ કપાઈ જવાથી મોક્ષ મળવા પહેલાં અહીં પણ અજબ શાંતિ અનુભવમાં આવે છે; મહાન આંતરિક સ્થિર સુખનો અનુભવ થાય છે, શ્રદ્ધા અને સંવેગ આત્માના પ્રદેશ પ્રદેશમાં વ્યાપ્ત થઈ જવા જોઈએ; એ સૂચવવા એની સ્પર્શના કહી.

**(૫) નિસ્પૃહ ચિત્તે સર્વ જીવો પર મૈત્રીભાવ :**

પાંચમી વસ્તુ છે મૈત્રીભાવની. સમકિત તો ઊંચા ધર્મનો પાયો છે. જ્યારે મૈત્રીભાવ એ તો પહેલેથી શરૂ થતા માર્ગાનુસારી જેવા સામાન્ય ધર્મનો પાયો છે.

મૈત્રીભાવના પાયા ઉપર ધર્મની ઈમારત ટકી શકે છે. મૈત્રીભાવ હોય તો જ બીજા ન્યાય-સંપન્નતાદિ ધર્મો મોક્ષમાર્ગને અનુકૂળ બને છે. આ મૈત્રીભાવ એ ભેદભાવ વિના સર્વ જીવો પ્રત્યે રાખવાનો છે. અર્થાત્ 'જગતના જીવમાત્રનું ભલું થાઓ,' એવું વિશ્વ વાત્સલ્ય એમાં કેળવવાનું છે. દુશ્મન પણ આ આપણી વિશ્વમૈત્રીમાંથી બાદ નહિ ! એને કદાચ, અવસર પામીને, શિક્ષા કરવાનું મન થતું હોય, તો પણ એનું ભૂંડુ થાઓ એવી ભાવના ન થાય; એનું સત્યાનાશ નીકળી જાઓ એવી હલકટ વૃત્તિ ન જાગે. હૈયું એટલું કોમળ અને પ્રેમાળ બને ત્યારે મૈત્રીભાવ સિદ્ધ થાય. એમાં હૃદય બહુ ઉદાર બને છે. એ પાછુ નિસ્પૃહ ચિત્તથી કરવાનું છે, અર્થાત્ આ મૈત્રીભાવના બદલામાં મને દુન્યવી લાભ મળો એવી આશંસા ન રખાય. એમ કરવાથી સાચી ઉદારતા, સાચો પ્રેમ ઊભો થાય છે. નિસ્પૃહ ચિત્તથી જગતના લાભો તુચ્છ લાગે છે. પછી જગતના જીવો ઉપર, પહેલાં એ લાભમાં અંતરાય થવાના કારણે, દ્વેષ થતો હતો; તે હવે શા સારુ થાય ? તેમ 'આના ઉપર હું મૈત્રીભાવ રાખું જેથી એ મારા ઉપર પણ મૈત્રીભાવ રાખે અને મને નુકશાન ન કરે, મને અવસરે લાભ કરે,' આવા સોદા કરવાની વાત નહિ. તેથી શુદ્ધ મૈત્રીભાવ થાય, અને એ ટકી રહે. તેમજ એ હૃદયને સંકુચિત ન કરે.

વિજયસિંહ આચાર્ય મહારાજે સમરાદિત્યના જીવને આવા પ્રકારનું શીલધર્મનું સ્વરૂપ કહ્યું. એમાં અવાન્તર શ્રાવકના બાર વ્રત, અન્ય સપ્તવ્યસન ત્યાગાદિ વ્રતો, નિયમો પણ સમજી લેવાના, સાધુની સાધુચર્યા પણ આમાં આવી જાય. માત્ર તપ અને ભાવની વાત અલગ સમજવાની છે. આચાર્ય મહારાજ કહે છે, 'હે શ્રાવક ! અત્યંત કષ્ટથી જીતાય એવા રાગદ્વેષાદિ દોષો ઉપર પણ સંપૂર્ણ વિજય મેળવી એનો સર્વથા નિર્મૂળ નાશ કરનાર બધા જ પરમગુરુ શ્રી જિનેશ્વરદેવોએ આ શીલધર્મ ફરમાવ્યો છે. અર્થાત્ માટે જ તે ખાસ સાધી લેવો જોઈએ. હવે તું તપધર્મનું સ્વરૂપ સાંભળ.

## • તપધર્મ •

**બાહ્ય આભ્યન્તર :**

તપધર્મ બે પ્રકારે કહ્યો છે, ૧. બાહ્ય તપ, અને આભ્યન્તર તપ. બાહ્ય તપમાં જે બાહ્ય કાયાથી કરાય છે તે આવે. આભ્યન્તરમાં અંદર આત્માથી કરવાનું આવે. આમાં એટલું સમજવાનું છે કે પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવચ્ચ એ આભ્યન્તર તપમાં છે, છતાં એમાં જે કાયકષ્ટ, મન-વચન-કાયાની સંલીનતા, સંગોપવું થાય તે બાહ્ય અંશ ગણાય; અને અંતરાત્માની ઉપયોગદશા થાય તે આભ્યન્તર તપમાં



જશે. એવું જ અનશન, પરીસહસહન વગેરે બાહ્યતપમાં હોવા છતાં, એમાં જે આભ્યન્તર રીતે અરિહંતના વચનનો વિનય, તથા ધર્મધ્યાનનો અંશ આવશે તે આભ્યન્તર તપમાં લેખાશે. અથવા બીજી રીતે ઓળખીએ તો બાહ્યતપ તે છે જે જૈનશાસનની બાહ્ય પણ જોવામાં આવે છે; આભ્યન્તરતપ વ્યવસ્થિતરૂપે જૈનશાસનની અંદર જ મળે છે.

બાહ્યતપના છ પ્રકાર છે; (૧) અનશન (૨) ઉનોદરિકા, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયક્લેશ અને (૬) સંલીનતા.

આભ્યન્તર-તપના છ પ્રકારમાં (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવચ્ચ, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) કાયોત્સર્ગ આવે છે.

આનું વર્ણન આગળ કરાઈ ગયું છે, તેથી અહીં એનો વિસ્તાર કરવાનો નથી. આચાર્ય મહારાજ કહે છે કે આ તપ-ધર્મને આચરીને જીવો આલોક-પરલોકના વિશાલ સુખો પામે છે, અને સર્વ દુઃખોનો ક્ષય કરી શકે છે. તપ એ મહામંગળ છે. તેથી પાપ-કર્મ રૂપી વિઘ્નો ટળી જાય છે. પછી દુઃખ નાશ અને સુખ મળે એમાં નવાઈ નથી.

## • ભાવના ધર્મ •

દાન, શીલ અને તપ એ આચરણના ધર્મની સાથે ભાવનાનો ધર્મ જોઈએ, તેથી હવે આચાર્ય મહારાજ કહે છે, "હે સુંદર ! હવે તું ભાવનામય ધર્મ સાંભળ સારી રીતે :-

(૧) સમ્યગ્દર્શનની ભાવનાઓ,
(૨) સમ્યગ્જ્ઞાનની ભાવનાઓ,
(૩) સમ્યક્ચારિત્રની ભાવનાઓ,
(૪) વૈરાગ્યની ભાવનાઓ,
(૫) પરમ જિન-ભક્તિ,
(૬) સંસાર જુગુપ્સનતા.
(૭) કામવિરાગ.
(૮) સુસાધુ સેવા.
(૯) જિનસેવા.
(૧૦) જિનોક્ત પ્રવચન-પ્રભાવના.
(૧૧) મોક્ષસુખપ્રીતિ.
(૧૨) અનાયતન વર્જના.
(૧૩) સદા પ્રશસ્ત આત્મનિંદા.
(૧૪) સ્ખલનાની ગર્હા.

આ આ પ્રકારે ભાવનામય ધર્મ અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ કહ્યો છે, અને તે સંસારરૂપી વનને બાળીને ભસ્મ કરી નાખવા માટે દાવાનળ સમાન છે."

અહીં આચાર્ય મહારાજે ભાવનામય ધર્મ કહ્યો તેમાં દાનાદિ ત્રણેય પ્રકારના ધર્મ ઉપર જાણે શિખર ચઢાવ્યું, અથવા અલંકાર પહેરવ્યાં ! કેટલો સુંદર કોટિનો ભાવનામય ધર્મ ! એના ચૌદ પ્રકાર મિથ્યાત્વ-ચાર કષાયો-નવ નોકષાય, એ ચૌદ

આભ્યન્તર ગ્રંથી છોડી, ચૌદ પૂર્વોના પારગામી બની ચૌદ ગુણઠાણા વટાવી જઈને ચૌદ રાજલોકના મથાળે શાશ્વત વાસ કરવા માટે સચોટ ઉપાય છે. અલબત્ત દાનાદિ ધર્મો પણ જરૂરી છે જ. પરંતુ એ બધાની તાકાત વિકસિત કરવા માટે આ ભાવનામય ધર્મ સમર્થ છે. એ તાકાત, એ શક્તિ વિકસ્વર થયાથી ફળની કક્ષા વધી જાય છે. હવે અહીં સંક્ષેપમાં ચૌદેયનું સ્વરૂપ જોઈ લઈએ. આમાં પહેલી ચાર ભાવના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને વૈરાગ્યને પ્રાપ્ત કરાવનારી તથા પુષ્ટિ કરાવનારી છે.

(૧) **સમ્યગ્દર્શનની ભાવના :-**

સમ્યગ્દર્શનને શીલધર્મમાં બતાવ્યું. અહીં એની **ભાવના** કરવાનું કહે છે. સમ્યગ્દર્શનની ભાવના એટલે એવી વિચારણા કે જે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરાવે, એને સ્થિર કરે, નિર્મળ કરે. 'અહો સમ્યગ્દર્શન એ કેવો અદ્ભુત મોક્ષનો ઉપાય ! માત્ર જ્ઞાન અને ચારિત્રથી ન ચાલે, એના મૂળમાં સમ્યક્ત્વ જોઈએ. ત્યારે જ્ઞાનની અને ચારિત્રની તાકાત ન હોય એવા જીવ માટે પણ કેટલો સુંદર સમ્યગ્દર્શનનો સરળ ઉપાય બતાવ્યો, કે જે સહેલાઈથી સાધી શકાય અને એનાથી ક્રમે કરીને જ્ઞાન-ચારિત્રને સસ્તા કરી શકાય, નિકટ કરી શકાય ! વળી સમ્યગ્દર્શનમાં કેટલી સુંદર ભગવાન જિનેશ્વરદેવની સાથે સગાઈ કરાવી દીધી !' ઇત્યાદિ ઇત્યાદિ ભાવનાઓ દ્વારા આત્માને જિનેન્દ્રદેવની નજીક ને નજીક લઈ જવાનો. પછી પ્રભુના જીવન-પ્રસંગો, પ્રભુએ કહેલ અટલ સિદ્ધાન્તો અને તત્ત્વોની પ્રત્યે આકર્ષણ વધે એવો ભાવોલ્લાસ વધાર્યે જવાનો. આટલું જ નહિ, પણ સાથે પ્રશમ (ઉપશમ), સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્તિકયની પણ ભાવનાઓ ભાવવાની. ટૂંકમાં એવી ભાવનાઓમાં રમ્યા કરવાનું જેથી સમ્યગ્દર્શન પ્રાપ્ત અને દૃઢ થાય. ત્યારે એ પણ ભૂલતા નહિ કે સમ્યગ્દર્શનની કઠિનતા પણ વિચારવા યોગ્ય છે. રાજા શ્રેણિક, કૃષ્ણ, શ્રાવક અર્હન્નક, સુલસા શ્રાવિકા વગેરેએ સમ્યગ્દર્શનની આરાધનામાં એને યોગ્ય જે હૃદય બનાવ્યું, એ આપણે બનાવવા માટે ઘણી ઘણી યોગ્યતા વિકસાવવી પડશે, બહુ બહુ પુરુષાર્થ કેળવવો જોઈશે ! વળી સમ્યગ્દર્શનની ભાવનામાં શ્રી સર્વજ્ઞ ભગવંતોએ અનંતાનંત કાળ માટે એક સરખા સત્ય એવા નવ તત્ત્વ બતાવ્યાનો અને તે આજે અહીં મળ્યાનો આનંદ મ્હાણવાનો તેમજ નિઃશંકતા, નિઃકાંક્ષતા, સ્થિરીકરણ, વાત્સલ્ય વગેરે આઠ પ્રકારના દર્શનાચારની પણ ભાવના ભાવવાની.

(૨) **સમ્યગ્જ્ઞાનની ભાવના :**

સમ્યગ્જ્ઞાનની ભાવનામાં એ આવે કે જેથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ અને સ્થિરતા વધે. દા.ત. મૂળમાં જ્ઞાનદાતા ગુરુના વિનયની ભાવના. એમ, નવ તત્ત્વ પૈકી



દરેક તત્ત્વના અદ્ભુત સ્વરૂપ મળ્યાની હૃદયોલ્લાસી વિચારણા કરવાની. કેવું કેવું ભવ્ય અને સચોટ સ્વરૂપ જીવતત્ત્વમાં બતાવ્યું ! અજીવ તત્ત્વમાં, પુણ્યમાં, પાપમાં, એમ નવેય તત્ત્વમાં કહ્યું ! ક્યારે હું દુન્યવી ધનમાલને વિસારી આ જ્ઞાનધનનો શ્રીમંત થાઉં ! ક્યારે હું જીવનને એ જ્ઞાનમાં તન્મય કરું ! કેવો સુંદર દ્વાદશાંગીનો વિસ્તાર ! કેવો અગાધ ચૌદ પૂર્વનો દરિયો ! કેવું મનોરમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની મહાસત્તાની વિશ્વવ્યાપી વ્યવસ્થાનું પ્રતિપાદન !! ક્યાં અલ્પજ્ઞ મિથ્યામતિઓના કલ્પિત પદાર્થોના જ્ઞાન ! અને ક્યાં આ સર્વજ્ઞકથિત સત્ય પદાર્થોના વિજ્ઞાન ! આવી આવી ભાવનામાં આગળ વધીને અવાન્તર જુદા જુદા પદાર્થોની વિશેષતાના જ્ઞાન માટે ભાવના ભાવવાની. સાથે કાળ, વિનય, બહુમાન...વગેરે આઠ પ્રકારના જ્ઞાનાચારની પણ ભાવના વિકસાવવાની. તેમજ, જૈનદર્શનની વિશેષતા, જેવી કે અનેકાંતવાદ, સૂક્ષ્મ અહિંસા, વિરતિવાદ, ચૌદ ગુણસ્થાનકનો ઉત્ક્રાન્તિક્રમ, વિસ્તૃત કર્મસિદ્ધાન્ત, વગેરેના જ્ઞાનભંડારની પણ સુંદર ભાવના કરવાની.

(૩) **સમ્યક્ ચારિત્રની ભાવના :**

ત્રીજી સમ્યક્ ચારિત્રની ભાવનામાં પહેલું તો એની ભારોભાર અનુમોદના અને ઝંખના આવે. સાથે પાંચ મહાવ્રતની પચીસ ભાવનાઓ છે તે ભાવવાનું આવે. વળી આ સંસારમાં અનંતાનંત કાળથી ભટકતા ભટકતા જીવને બીજું મળવું સહેલું છે, મળ્યું પણ છે, પરંતુ ચારિત્ર મળવું મહાદોહિલું છે. તે પાછું માનવ-ભવમાં જ મળે છે. ખુદ તીર્થંકર ભગવાન, અને મોટા રાજા મહારાજોએ પણ આ ચારિત્ર માર્ગની, અને એના અવાન્તર પ્રકારોની. જેમ કે, 'કેવો અદ્ભુત વિરતિનો સિદ્ધાન્ત ! કેવી સુંદર સૂક્ષ્માતિસૂક્ષ્મ અહિંસા ! એવું સત્ય ! કેવું મહાન બ્રહ્મચર્ય ! કેવી ચાર પ્રકારે અદત્તાદાનની સૂક્ષ્મ વ્યવસ્થા ! કેવો એનો બેતાલીશ દોષરહિત ભિક્ષામાર્ગ ! ચારિત્રનો કેવો અપૂર્વ ઉત્સર્ગ અને અપવાદ માર્ગ ! કેવી અનુપમ-અનન્યલભ્ય પ્રાયશ્ચિત્ત વિધિ !'

(૪) **વૈરાગ્યની ભાવનાઓ :**

વૈરાગ્યની પુષ્ટિ કરનારી ભાવના માટે અનિત્ય-અશરણ-એકત્વ-અન્યત્વ-સંસાર-અશુચિત્વ-આશ્રવ-સંવર-નિર્જરા-લોકસ્વભાવ-બોધિદુર્લભતા-ધર્મસ્વાખ્યાતતા, એ બાર ભાવનાનું મનન આવે. એમાં પાછી અવાંતર અનેક વૈરાગ્યપોષક ભાવનાઓ થાય. સંસારનું સ્વરૂપ જ એવું છે કે અનેકાનેક પ્રકારે, વૈરાગ્યને વર્ધક વિચારણા કરી શકાય. હનુમાનજી મેરૂ ઉપર જિનચૈત્યોને વંદન કરી પાછા નીચે ઊતરતા હતા ત્યાં સૂર્યાસ્ત સમયે ઉપર અને નીચે જુદી પ્રકાશની પરિસ્થિતિ જોઈ વૈરાગ્ય ભાવનામાં ચઢ્યા ! ત્યારે રાજા ગુણસેન કોઈકની સ્મશાનયાત્રા જોઈ વિરાગની વિચારણામાં

આગળ વધ્યા ! રામાયણમાં આવે છે, એક રાજકુમાર ઘણા વર્ષે દેશાટનથી સ્વદેશ પાછો ફરે છે. ત્યાં પાછળથી જન્મેલી પોતાની બહેન પર પહેલાં તો એને ન ઓળખવાથી અજાણ્યે પરણવાનો રાગ કરે છે. પણ પછીથી સત્ય જણાતાં સંસારના આવા ભ્રામક ભાવ પર વૈરાગ્ય પામે છે, અને તરત દીક્ષા લે છે ! આમ વૈરાગ્યની ઉત્પાદક અને વર્ધક ભાવના કરવા માટે અસંખ્ય નિમિત્તો છે. એકેક નિમિત્ત ઉપર પણ અનેકાનેક રીતે વૈરાગ્યની ભાવના કરી શકાય છે.

**ધ્યાન રાખજો ભાવના ભવનાશિની. ભાવનાના બળ ઉપર અભણ માણસ પણ ઠેઠ કેવળજ્ઞાન સુધીની કક્ષાએ પહોંચી જાય છે. ભયંકર ઋષિઘાતક રાજા પણ શુભ ભાવનાના બળ ઉપર વીતરાગ, વીતદ્વેષ અને સર્વજ્ઞ મહાત્મા બની જાય છે. ચોરી-છિનાળી જેવા ઘોર અવગુણોના સેવનારા પણ જો એમાંથી પલટો મારી શુભ ભાવનાના શરણે ચઢી ગયા, તો તે ત્યાં જ અનંત ગુણસંપન્ન કેવળજ્ઞાની મહર્ષિ બની ગયાના દાખલા છે ! એટલી બધી અકલ્પ્ય-અચિંત્ય તાકાત ભાવનામાં છે ! કાળજૂના મનના મેલને શુભ ભાવના ક્ષણવારમાં ધોઈને સાફ કરી નાખે છે ! માટે જ જે આ ચાર ભાવના કહી, સમ્યગ્દર્શનની, જ્ઞાનની, ચારિત્રની અને વૈરાગ્યની, એને વિવિધ રીતે ભાવવાની. દાન-શીલ-તપની ભાવનાઓને ચારિત્રની અગર વૈરાગ્યની ભાવનામાં ભાવી શકાય. તાત્પર્ય એ છે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર, અને દાન-શીલ-તપ આદરવા પહેલાં પણ એની ભાવનાઓને હૃદયમાં ખૂબ ખૂબ રમતી રાખો, તેમ દર્શનાદિની આરાધના વખતે પણ ભાવનાના કલ્લોલોને હૈયામાં ઊછળતા રાખો; અને દર્શન આદિની ક્રિયામાંથી નિવૃત્ત થયા પછી પણ ભાવનાને હૃદયનો કબજો છોડવા ન દો. અનુમોદનાની ભાવના, અધિક સાધનાની ભાવના, કૃતજ્ઞતાની ભાવના, અપૂર્વ સિદ્ધિની ભાવના-ઈત્યાદિ ઈત્યાદિ ભાવનાઓના ઘોડાપુર હૃદયમાં વહેવા માંડે એવું કરો. ભૂલશો નહિ, શાલિભદ્રના જીવે માત્ર થાળીના ખીરના દાન પર શાલિભદ્રપણું નથી મેળવ્યું. પણ એ દાનની આગળ-પાછળની ભાવના અને મરણ પર્યંત દાન અને ગુરુની અનુમોદનાની તથા જાતની કૃતાર્થતાની ભાવનાના બળ ઉપર શાલિભદ્રપણું, રોજની દેવતાઈ નવાણું પેટીના વૈભવ, તથા એને પણ ફગાવી દઈ ચારિત્ર લેવાનું મહાસામર્થ્ય વગેરે મેળવ્યું. ભરત મહારાજે ભાવનાના પ્રભાવે અરીસાભવનમાં કેવળજ્ઞાન મેળવ્યું. ઈલાચી પુત્રે નાટકના દોરડા પર અને કુર્માપુત્રે ઘરમાં રહ્યા ભાવનાના બળે કેવળજ્ઞાન લીધું,**

**આવા ભાવનાધર્મને, અહીં સુંદર અને અણમોલ, મનનું સાધન મળ્યા પછી, કેમ જ ઉવેખાય ? અને સાધ્યા વિનાની એક પણ ક્ષણ કેમ જ જાય ? હવે જુઓ આગળ ભાવનાધર્મમાં શું લીધું.**



**(૫) પરમ જિનભક્તિ :**

ભગવાન તીર્થંકરદેવ ઉપર શ્રેષ્ઠ કોટિની ભક્તિ હૈયામાં સતત વહેતી રહે એ સુંદર કોટિનો ભાવધર્મ છે. એકલી શુભભાવનાઓ ભાવવાથી પતતું નથી. સાથે પ્રશસ્ત ભાવો પણ આત્મામાં પગભર રાખવા જોઈએ. એમાં પહેલાં નંબરમાં શ્રેષ્ઠ જિનભક્તિનો શુભભાવ આત્મામાં ઊછળતો રાખવા જેવો છે. શ્રેષ્ઠ એટલે જગતના કોઈ પણ પદાર્થ પર હોય એના કરતાં ઊંચો ભક્તિભાવ. આ એક પ્રબળ શુભભાવ છે. માત્ર તે નિરાશંસ જોઈએ, પૌદ્ગલિક આશંસાવાળો ન જોઈએ. બાકી એનું સામર્થ્ય ગજબ છે. કેઈ આત્માઓ અલ્પ ભવોમાં કે ત્રીજે, પાંચમે ભવે ઠેઠ મોક્ષ સુધી ચઢી ગયા એના મૂળમાં જોઈએ તો, કારણભૂત જિનેન્દ્રદેવ પ્રત્યેનો ઉચ્ચ ભક્તિભાવ હતો. શ્રાવિકા સુલસા, રેવતી, સત્યકી, શ્રેણિક, વગેરેએ જિનભક્તિ ઉપર તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું ! પણ એ જિનભક્તિ કેવી ? તુચ્છ ફોફાં જેવી નહિ ! તરના માલ જેવી ! **અંબડ પરિવ્રાજકે** ઘણોય ઉપાડો કર્યો, બ્રહ્મા-વિષ્ણુ-મહેશના રૂપ કર્યા, એ જોવા નગર ઊલટ્યું પણ **સુલસાને મન પ્યારા જિનેશ્વરદેવ શ્રી મહાવીર પ્રભુના રૂપ આગળ એ કૂચા સમાન છે,** તો એમાં શું જોવું હતું ? તેથી એ જોવાની કોઈ આતુરતા જ નહિ. તે જોવા એ ધરાસર ન ગઈ. અરે ! અંબડે પચ્ચીસમા તીર્થંકરનું સમવસરણ વિકુર્વ્યું ! તોય 'લાવ, ત્યારે એ તો તીર્થંકર ભગવાન છે, મેલા દેવ નથી, તો જાઉં તો ખરી કે સમવસરણનું સૌંદર્ય અને તીર્થંકરનું રૂપ કેવું મનોહર છે !' એય જિજ્ઞાસા નહિ. કેમ વારું ? પચીસમા તીર્થંકર હોય જ નહિ. પછી એ માનવું જ ખોટું. એથી તો સાચા ચોવીસ જિન પ્રત્યે આકર્ષણ ઓછું કરવા જેવું છે; જોવાની જિજ્ઞાસાની તો વાતેય શી ? સુલસા જોવા ન ગઈ. **દિલમાં આ ભક્તિભાવ જિનેન્દ્ર ભગવાન ઉપર ઊછળતો હતો ! મારા એ નાથથી વધીને જગતમાં જોવા જેવું છે જ શું ?**

**દેરાસરમાં પ્રભુદર્શને** જાઓ છો ત્યાં આ ભાવ મનમાં જાગતો હોય છે ને ? આખા દિવસની વાત નથી, માત્ર દર્શને જાઓ ત્યારની આ વાત છે કે તે વખત પૂરતું તો આ ભાવ જાગતો ને ? જો હા, તો દેરાસરમાંથી બહાર ન નીકળીએ ત્યાં સુધી દૃષ્ટિ **ભગવાન પર જે ચોંટી તે ચોંટી એમ જ ને ?** કોઈ એને તાણી ન શકે. ક્યાંય ડાફોળિયા એને મારવાના નહિ. જિનને જોવામાં જ લીન એ ! પાછું **પ્રભુને આંખ જોતી જાય, ને હૈયું ઊછળતું જાય ! 'અહો કેવા અનુપમ દેવાધિદેવ મને મળ્યા ! કેવું એમનું અદ્ભુત સ્વરૂપ ! કેટલી બધી એમની ગુણ અને ઉપકારથી મહત્તા ! દેવેન્દ્રો અને દાનવેન્દ્રો એમને પૂજે ! મહાબુદ્ધિ નિધાન ગણધર ભગવંતો એમને સેવે ! અનુપમ તીર્થના પ્રવર્તક આ પ્રભુ ! ભવ્ય પુરુષાર્થથી**

**રાગાદિ શત્રુનો નાશ આ દેવે કર્યો ! બીજાએ નહિ !'...** વગેરે વગેરે કોઈ સ્વરૂપ વિચારવામાં લીન બનવાનું. એમના અજબ ગુણો અને ગજબ ઉપકાર યાદ કરવાનો. હૈયામાં જિનભક્તિનો ભાવ ઊછળતો હોય તો આ બધું શક્ય છે, સંભવિત છે. સુલસામાં એ હતો તેથી એને જરાય કૌતુક જોવાનુંય ન થયું. વળી જુઓ કે પછી એ અંબડ પરિવ્રાજક શ્રાવકનો વેશ કરીને એના ઘેર આવે છે. ત્યારે 'અહો ! મારા પ્રભુના ભક્ત શ્રાવક !' એમ કરી એનો વિનય સત્કાર કરે છે. પેલો જ્યાં કહે છે, **'જગતદયાળુ શ્રી મહાવીર ભગવંતે આપને સંદેશો કહાવ્યો છે,'** ત્યાં એ સાંભળતાં તો **ભક્તિનો સાગર હિલોળે ચઢે છે. રોમાંચ ખડા થાય છે, નાડીઓ થનમનાટ થાય છે, એમાં લોહી વધુ વેગથી વહેવા માંડે છે, આંખ આંસુથી ભીની ભીની થઈ જાય છે; 'હેં, મારા નાથનો મુજ ગરીબ પર સંદેશો ? અહાહાહા, કેવું મારું અહો ભાગ્ય ! પ્રભુએ મને યાદ કરી ! નાથના દિલમાં મારું સ્થાન ?...અહાહાહા નાથ ! આ રાંકડી પર કેટલી બધી આપની અનહદ કૃપા !...'** ચાલ્યો ભક્તિનો પ્રવાહ ! અરે માત્ર પ્રવાહ શું, ભક્તિનું પૂર ખળભળ વહેવા માંડ્યું ! નિર્ધનિયાને કરોડો હીરા-માણેકનું નિધાન મળ્યું ! ક્ષયથી ઘસાઈ ઘસાઈને મરવાની અણી પર આવેલાને લાંબુ નિરોગી જીવિત અને લષ્ટપુષ્ટતા મળી ! એમાં જેમ આનંદનો ઉછાળો, તેમ અહીં શાથી ? જિનેન્દ્ર ભગવાન પર અપરંપાર અને અદ્વિતીય ભક્તિભાવ છે માટે. પાછું એમાં પ્રભુની સુખશાતાના સમાચાર હતા, એટલે વળી આનંદના પૂર ઓર ઊછળ્યાં ! **'નાથ મારા સુખશાતામાં ?'** બસ, આ પરથી કલ્પો કે સમસ્ત રાત્રિ અને દિવસ, કોઈ પણ કામ ચાલતું હોય છતાં દિલમાં જિનભક્તિના ગંગા-પ્રવાહ કેવાક ચાલતા હશે ? આમ સુલસાની ભક્તિ, રાજા દશાર્ણભદ્રની ભક્તિ, મહામાત્ય વસ્તુપાલ તેજપાલની જિનભક્તિ, ઈત્યાદિ ભક્તિના પ્રસંગો વિચારી ભિન્ન ભિન્ન રીતે હૈયામાં પ્રભુ ભક્તિના પૂર વહેતા રાખવાના, **જગત ખરેખર તુચ્છ લાગે, જિન ખરેખર સારભૂત લાગે, તોજ આ બને.** એ જિનભક્તિના લાભ અજબ-ગજબ !





**(૬) સંસાર જુગુપ્સનતા :**

ચોથા ભાવના-ધર્મમાં હવે આગળ જુઓ, જેમ **જિન પ્રત્યે અઢળક ભક્તિ જોઈએ તેમ જગત પ્રત્યે એટલે કે સંસાર પ્રત્યે જુગુપ્સાભાવ જોઈએ.** ભાવના-ધર્મની છઠ્ઠી વસ્તુ આચાર્ય મહારાજે શિખીકુમારને આ બતાવી. વાત પણ બરાબર છે. સંસાર પર જુગુપ્સા ન આવ્યા કરે, ત્યાં સુધી જિન પ્રત્યે સાચો ભક્તિનો ઉલ્લાસ ક્યાંથી જાગે ? કેમકે જિન વીતરાગ છે, તેમ વીતરાગ બનવાનું કહે છે. તો પછી સંસાર પ્રત્યે રાગ ઊભો રહ્યે કેમ ચાલે ? જુગુપ્સા થવી જોઈએ. અહીં પ્રશ્ન થશે,

**પ્ર.-** પૂર્વે વૈરાગ્ય ભાવનાનો ધર્મ તો કહી દીધો હતો. એમાં સંસાર પ્રત્યે વૈરાગ્ય-ભાવના આવી ગઈ. તો આમાં વધારે શું આવ્યું ?

ઉ.- વૈરાગ્ય-ભાવના જુદી ચીજ છે, અને જુગુપ્સાભાવ જુદી વસ્તુ છે, **વૈરાગ્યભાવનામાં તો ચિંતન કરવાનું છે,** વૈરાગ્ય વિચારવાનો છે. એ માટે વૈરાગ્યજનક ભિન્ન ભિન્ન પ્રસંગો ચિંતવવાના છે. ત્યારે **જુગુપ્સાભાવમાં ચિંતવવાની વાત નથી, પણ દિલ બનાવવાની વાત છે.** દિલમાં સંસાર પ્રત્યે અરુચિ હોય, તિરસ્કાર હોય, અવજ્ઞા હોય, જાણે વિષ્ઠા પ્રત્યે નાક મચકોડાય, એમ સંસાર પ્રત્યે હૃદય ગ્લાનિ અનુભવે, હૈયાને અસદ્ભાવ હોય !

સંસાર પર જુગુપ્સા શાથી ? કહો, સંસારનું સ્વરૂપ જ એવું ગંદુ છે; મહામલિન છે; કુડું-કદ્રૂપું છે; દોષ અવગુણોથી ભરચક ભર્યું છે ! સંસાર તો વિફરે ત્યારે સજ્જનને ય દુર્જન બનાવી દે છે ! યોગીનેય ભોગી કરી દે છે ! સાધુને શેતાન બનાવી નાખે છે ! અને એને વિફરતા વાર કેટલી ? આવા સંસાર પ્રત્યે જુગુપ્સા કેમ ન થાય ? અરે, માત્ર એક વાર થઈને બસ નહિ, પણ સતત્ જાગ્રત રહેવાની; રહેવાની શું ? આપણે જુગુપ્સા જાગ્રત રાખવાની. જીવનમાં કોઈ મહાન ધક્કો લાગી જાય અનાદિનું હૈયું પલટી જાય, ત્યારે મોટા ચક્રવર્તી રાજાને પણ વૈભવી સંસાર ઉપરેય જુગુપ્સા જાગી જાય છે ! મોટા દેવતાઈ ભોગ-વિલાસોરૂપી સંસાર તરફ પણ ગળચટપણું નહિ, કિંતુ ગ્લાની, જુગુપ્સા ! ગંદવાડ લાગે ! સંસાર માત્ર પ્રત્યે જુગુપ્સા જાગ્યા જ કરે, વર્ત્યા જ કરે, એ એક સુંદર ભાવનાધર્મ. અને જોઈએ તો જેનું જેનું નામ સંસાર છે એનામાં ખરેખર ક્યાં સુંદરતા છે ! પહેલું તો શરીર જ ગંદકીનો ગાડવો. પાછું એમાં સરબતી પાણી નાખો તોય એના પેશાબ થાય; ને ઊંચા મિષ્ટાન્નની વિષ્ઠા થાય. ત્યારે સંસારના સંબંધોય સ્વાર્થભર્યા, માટે મેલા. મા ઈચ્છે દીકરો મારો થઈને રહે, બાપ ઈચ્છે કે મારો થઈને રહે. ત્યારે

દીકરો વળી ઇચ્છે કે માબાપ બંને મારી મરજી મુજબ ચાલનારા હોય. આવા સંસાર પર જુગુપ્સા કેમ ન જાગે ? તો ધનમાલમાં સારું શું છે ? ભાવના સ્વાર્થી, કૃપણ, મેલી, પાપ ભરી. સત્તા ને કીર્તિ પણ અંતે જુગુપ્સનીય બને છે.

**(૭) કામવિરાગી :**

સાતમા ભાવના-ધર્મમાં કામ એટલે કે ઇચ્છાઓ અથવા વિષયવાસના પ્રત્યે વૈરાગ્યની લાગણી આવે. વૈરાગ્યની ભાવનામાં ચિંતન હતું, આમાં વૈરાગ્યની ખરેખર વૃત્તિ છે, હાર્દિક વિરાગમય વલણ છે. સંસારજુગુપ્સામાં 'સંસાર'થી અનેકાનેક ભાવો લેવાના છે. કુટુંબ પરિવાર, ખાનપાન, શાતાઅશાતા, યશ-અપયશ, ધનમાલ વગેરે અનેક અંગો પર જુગુપ્સા. આમાં 'કામ' શબ્દથી ઇચ્છાઓ લેવાની, વિષયવાસના, વેદોદય લેવાનો. વિષયવાસનામાં આમ તો પાંચે ઇન્દ્રિયના રૂપ-રસાદિ પ્રત્યેની વાસના આવે; પણ વિશેષ કરીને જાતીયતાની સંજ્ઞા ગણાય છે. ત્યારે ઇચ્છાઓમાં જગતની અનેકાનેક પ્રકારની કામના તૃષ્ણા આવે. એ બધા પ્રત્યે વૈરાગ્યનું વલણ જોઈએ. જીવ અંદરખાને અકળાયા કરે કે આ વેઠ ક્યાં વળગી ? રૂપરસાદિ વિષયો, અબ્રહ્મ, કે ઇચ્છાઓ, બધું જ ખતરનાક છે, આત્મવિનાશ કરનારું છે, સંસારભ્રામક છે; ખરેખર જોતાં કૂડું અને કદ્રૂપું છે ! આત્માના જ્ઞાનાદિ નિર્મળ ગુણો આગળ કાંઈ જ વિસાતમાં નથી. આત્માની સહજ સ્વાધીન ઉચ્ચ પરિણતિને એ બધું અવરોધનારું છે. એટલા માટે એના પ્રત્યે રાગ-રુચિ નહિ, પણ જ્વલંત વિરાગ, અરુચિ.

**(૮) સુસાધુ સેવા :**

આચાર્ય મહારાજ આઠમા નંબરનો ભાવનાધર્મ સુસાધુ સેવા કહ્યો. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ શાસ્ત્રવાર્તામાં કહે છે **'साधुसेवा सदा भक्त्या...धर्महेतु प्रसाधनम्'** ધર્મના કારણ સિદ્ધ કરવામાં પ્રથમ સાધન સાધુસેવા. કેમ વારું ? સાધુસેવામાં સાધુનું પાવન દર્શન, ઉપદેશનું શ્રવણ અને સુપાત્ર દાનના મહાન ત્રણ લાભ મળે. માટે સાધુ મહર્ષિઓની હંમેશાં ઉપાસના કરવી જોઈએ. એમાં તન-મન-ધનનો શક્ય એટલો વધુ ભોગ આપવો જોઈએ. શાલિભદ્ર એમાં જ ઊંચે આવી ગયા. કુમારપાળ રાજાએ સાધુ હેમચંદ્રસૂરિ મહારાજની સેવાથી ગણધર પદવીનું પુણ્ય ઉપાર્જ્યું ! પેથડશાહ સાધુસેવાના રસિયા એવા કે ગુરુમહારાજના પ્રવેશ ઉત્સવમાં હજારો રૂપિયા ખરચ્યા ! અહીં સાધુ સુસાધુ લેવાના કહ્યા છે.

**(૯) જિનસેવા :**

નવમો ભાવનાધર્મ છે જિનસેવા.

**પ્ર.**- પૂર્વે જિનભક્તિ કહી હતી, છતાં અહીં વળી જિનસેવા અધિક કેમ કહી ?



**ઉ.**- ભક્તિમાં એમના પ્રત્યે હૈયામાં ઝળકતું બહુમાન લેવાનું હતું. સેવામાં એમના પ્રત્યે અતિ નમ્ર સેવકભાવ લેવાનો છે. આમ તો શું સાધુસેવા કે જિનસેવા, બાહ્ય ક્રિયા રૂપે દાન-શીલમાં આવી જાય; પરંતુ અહીં આંતરિક ખરેખરો સેવકભાવ ઊભો રાખવાનો છે. સેવકભાવ જીવતો-જાગતો ઊભો હોય, તો અર્થાત્ જીવનમાં નક્કી જ કર્યું હોય કે આ સંસારમાં શેઠાઈના જીવન ઘણા જોયા, હવે સેવકનું જીવન જીવવું છે. કોઈ જીવનોમાં પાર વિનાના સંસારના વિવિધ અંગોની સેવા ઘણી ઘણી બજાવી, જીવનભર કેઈ કેઈ વાતોના સેવક બની બેઠા, એ બધું છોડી, હવે તો જીવનભર દેવ-ગુરુના સેવક બન્યા રહેવું છે. આ નિર્ધારપૂર્વક સહજ રીતે મનમાં એ સેવકભાવ ઊભો કરી દીધો. સેવકભાવ એટલે સમજાય છે ને ? **જેના સેવક, (૧) તેની ચિંતા પહેલી, જાતની ચિંતા પછી. (૨) તે સેવ્ય સદા ઊંચા લાગે, જાત નીચી લાગે. (૩) નિયમિત તે સેવ્યની સેવાનાં કાર્ય બજાવવાનું જીવનમાં ચાલુ હોય. (૪) જીવનમાં એ સેવ્ય મહાન આદર્શ અને આધારરૂપ, શરણરૂપ લાગે.** આવી આવી કેઈ બાબતો સેવકભાવમાં સાચવવાની ગણાવી શકાય. દેવગુરુના સેવક બનવું છે, તો દેવનાં પૂજન અને ગુરુને દાન-સત્કારની ચિંતા પહેલી ઊભી જ હોય. પછી જ પોતાના ભોજનની ચિંતા. ગમે ત્યારે; અર્થાત્ જાતે ભોજન કર્યા પછી, સેવા કાર્ય કરી લેવું, એ જુદું; અને સેવકભાવ ઊભો રાખી પહેલી ચિંતા કરવી એ વસ્તુ જુદી. એમ દેવગુરુના સેવક બનવું છે. તો એમને સદા ઊંચા માનવા જોઈશે, એમની આગળ પોતાની જાત ગમે તેવી શ્રીમંત, વિદ્વાન-બુદ્ધિમાન કે સત્તાધીશ, છતાં સદા નીચી જ લાગવી જોઈશે. કુમારપાળ એ મહારાજા હતા અઢાર દેશના, પણ ગુરુ હેમચંદ્રસૂરિ મહારાજના તો એ સેવક હતા. એમની સામે પોતાનો સદા નીચાપણાનો ખ્યાલ જાગતો. **'નમો લોએ સવ્વ સાહૂણં'** બોલવું છે, ને સાક્ષાત્ સાધુ મહારાજને કોઈને કોઈ બાબતમાં ન્યૂન સમજી એમની આગળ જાતને ઊંચી માનવી-દેખાડવી છે, એમાં સેવકભાવ ક્યાં રહ્યો ? દેવગુરુના સેવક બનવું છે તો હંમેશાં દેવગુરુની સેવાના કોઈ કાર્યો જીવનમાં ચાલુ જોઈએ. એમાં પછી તન-મન-ધનનો ભોગ આપવામાં સહેજે પણ સંકોચ કે કમીના ન હોય. ત્યારે સાધુના અને જિનના સેવક બનવું છે, તો જિન અને સાધુ એ પોતાના જીવનમાં મહાન આદર્શ અને આધારરૂપ લાગે. એમ થાય કે 'આમનું જીવન ખરેખરું જીવવા લાયક ! ખરેખરું ગુણસંપન્ન ! ખરેખરું પ્રશંસનીય !' તેમ પોતે દુન્યવી ગમે તેવી ઊંચી સ્થિતિમાં હોય, છતાં પોતાનો બેલી એ જિન અને સાધુ છતાં એમના વિના પોતાની જાત અનાથ ભાસે. જીવનના ખરેખરા **આધાર,** ખરેખરા **શરણ,** ખરેખરા **નાથ** એ.

આવો સેવકપણાના ભાવ પૂર્ણ વિકસિત નહિ, તો પણ અંશેય જો વર્તતો હોય તો સાધુસેવા અને જિનસેવાના કોઈ કોઈ કાર્યો જીવનમાં થતાં રહે એમાં નવાઈ નથી. ભાવધર્મનો આમાં મહાન વિકાસ થાય છે. માટે સાધુસેવા અને જિનસેવાના કાર્યોને દાન-શીલને બદલે ભાવધર્મમાં ગણીએ તો વાંધો નથી.

**(૧૦) જિનોક્ત પ્રવચનની=જિનશાસનની પ્રભાવના :**

ભાવધર્મમાં દશમું કાર્ય બતાવ્યું જૈનશાસનની પ્રભાવના. જૈનશાસનનો આપણા પર અનંત ઉપકાર છે. અત્યારે અહીં જિનેન્દ્રપ્રભુ વિદ્યમાન નથી, પરંતુ એમનું શાસન હયાત છે. તો આપણે જે કૂળમાં જન્મ્યા ત્યાં જૈનધર્મના આચાર-વિચાર હોવાથી જિનશાસન પામ્યા. શાસનના આધાર ઉપર જ આપણામાં અંશે પણ દયા, દાન, જિનભક્તિ, વ્રત, પચ્ચક્ખાણ, તત્ત્વજ્ઞાન વગેરેને સ્થાન મળ્યું. એથી આપણો પરલોક સુધરવાનો ! એમાં સારા આગળ વધવાથી તો ભવના ભવ સુધરી જવાના ! કેટલો મહાન ઉપકાર જૈન શાસનનો ! એવા જૈનશાસનની જ્યોત બધે ફેલાતી રહે એવા કાર્ય, તે પ્રભાવના કહેવાય. બીજાઓ જિનધર્મ પામે, વ્રત પામે, પચ્ચક્ખાણ પામે, જિનના ભક્ત બને, સાધુના ભક્ત બને; છેવટે એટલુંય થાય કે 'અહો કેવો સુંદર જૈનધર્મ !' આ માટે જે જે કાર્ય કરાય તે શાસનપ્રભાવના. જિનભક્તિના ઉચ્છવ-મહોચ્છવ, ગુરુના પ્રવેશોત્સવ, સંઘયાત્રાદિ મહાન ધાર્મિક કાર્યક્રમો એ બધું પ્રભાવના કરનારું થાય. જાહેર પ્રવચનો, જૈનધર્મના પુસ્તકો, લખાણોનો પ્રચાર, દયા-દાનના કામો વગેરે શાસનપ્રભાવના છે, પૂજા ભણાવો છો; ત્યાં બહાર દરવાજે જૈનેતરોને પણ ગોળ-સાકરના પડીકા વહેંચો તો તે પણ શાસન-પ્રભાવના કરશે. લોક કહેશે કેવો **સરસ આમનો ધર્મ !**

**(૧૧) મોક્ષસુખપ્રીતિ :**

જુઓ ત્યારે ઉપર કહેલા ધર્મના બધા પ્રકારોનો પાયો છે મોક્ષસુખનો અખંડ રાગ. પ્રેમ મોક્ષસુખનો છે, **સહજ** આનંદનો છે, દુન્યવી કોઈ પણ સંજોગ વિનાના સુખની તાલાવેલી છે, તો એ દાનાદિ બધા ધર્મ સાધવાનો રંગ કોઈ ઓરજ આવવાનો ! નહિતર તો, વિચારો કે એ ધર્મ તો સાધીએ છીએ છતાં એવો અઢળક રંગ નથી ઊછળતો; અને વાત વાતમાં ચિત્ત એમાંથી સ્ખલિત થઈ જાય છે. એનું કારણ શું ? એજ કે દુન્યવી બીજી બીજી સગવડના, બીજા બીજા વિષયોના સુખો હૈયે એવું સ્થાન જમાવી બેઠા છે કે ત્યાં મોક્ષસુખને સ્થાન નથી; પોતે જ બધા સર્વાધીશ; એટલે એ ચિત્તને ધર્મમાંથી વચ્ચે વચ્ચે તાણ્યા કરે છે. બીજી ત્રીજી જિજ્ઞાસાઓ, કે આતુરતાઓ મૂળમાં જગતના વિવિધ સુખના રાગને લઈને છે. જો એ સુખ ઉપર હાડોહાડ અરુચિ હોત, તો એની આતુરતાઓ શાની ઊઠે ? ત્યારે



એ સુખના રાગને નિર્બળ કરનાર છે મોક્ષસુખનો રાગ. એને હૈયે સારો ઝળકતો કરી દેવો જોઈએ. હૈયું એ સુખના વલખાં મારે; એની કલ્પનાની મિઠાશ અનુભવે. એની ભારોભાર પ્રીતિ મનને ને હૃદયને એટલું બધું ફોરું રાખે કે જગતના સુખના અને એના સાધનાના વલખાંના ભાર ઊતરી ગયા હોય.

ત્યારે માનવહૃદયની વિશેષતાય શી, જો એવા મોક્ષસુખની ઝંખના ન ઊભી કરી દીધી ? મોક્ષસુખનો અવિહડ રાગ હૈયે જો ન મ્હાણી દીધો ? પણ એટલું ધ્યાનમાં રાખવાનું છે કે મોક્ષના સુખનો રાગ એટલે ખાનપાન, માનમર્તબો, કામ ભોગ વગેરે ન હોવાનો પ્રેમ. શું ? ન હોવાનો પ્રેમ ! શાથી ? એ બધું વેઠરૂપ છે, દુઃખમિશ્રિત છે, નવા દુઃખને નોતરનારું છે. જીવને સંસારભ્રમણમાં જકડી નાખનારું છે. જગતના સુખ ઝાંઝવાના નીર જેવા. વાસ્તવમાં કાંઇ ન મળે. **એ આત્માના** સુખ નથી. નહિતર તો એ શાના ઊડી જાય ? એ પુદ્ગલના સુખ છે; તે પણ સંયોગ પરિસ્થિતિ વગેરેને આધીન છે. માટે સંયોગ બદલાતા એને ઊડી જતાં વાર નથી લાગતી. આ બધું સમજીને દુનિયાનું દેખીતું સારું વૈભવી સુખ પણ ઝેર જેવું લાગે છે; એ બધાના અભાવમાં રહેનારું મોક્ષસુખ પ્યારું લાગે છે.

ત્રણ ખંડના માલિક મહાસમૃદ્ધિમાન કૃષ્ણ વાસુદેવના લાડીલા ભાઈ ગજસુકુમાલને શ્રી નેમિનાથ પ્રભુના વચનથી કૃષ્ણના ઘરની એ બધી સુખસમૃદ્ધિ ઝેર જેવી ન લાગી હોય, મોક્ષસુખની ભારે લગની ન ઊઠી હોય, તો એકદમ જ ચારિત્ર ગ્રહણ, તરત જ શ્મશાને કાઉસ્સગ્ગ ધ્યાન અને એટલામાં જ સાથે ધીખતા અંગારાથી સળગાવી નખાવાના ઉપદ્રવનું સહર્ષ સહન શી રીતે થાય ?

**(૧૨) અનાયતન વર્જન :**

મોક્ષસુખની ઊછળતી પ્રીતિના ભાવનાધર્મની સાથે અનાયતનનું વર્જનનો ધર્મ આરાધવાનો છે. દાન-શીલ-તપમાં 'આ કરો, આ કરો' એમ કરવાનું ઘણું આવ્યું પણ એની સાથે, જ્યાં જ્યાં એને ભય ઊભો થાય એમ છે, એવા સ્થાનને છોડવાની પણ જરૂર છે. તેની વાત અહીં કરી. એ અનાયતન=આયતન નહિ, ધર્મરક્ષક સ્થાન નહિ. દા.ત. બ્રહ્મચારીને સ્ત્રી સાથે એકાંત એ અનાયતન. સ્ત્રી ગાત્રના નિરીક્ષણ એ અનાયતન. તપસ્વીને જમણવારના સ્થાન તથા જમણની ખૂબ ખૂબ પ્રશંસાના સ્થાન એ અનાયતન. ત્યાગી કે ત્યાગવૃત્તિને ભોગનાં સાહિત્યના વાંચન એ અનાયતન. ધર્માત્માને અધર્મીના સ્નેહ, સંસર્ગ એ અનાયતન. ધર્મ કરતાં જાતની સુકોમળતા અને પૂર્વ વૈભવાદિનો ખ્યાલ એ અનાયતન. એવા જ્યાં ધર્મને ધોકો પહોંચવાનો સંભવ હોય એવા દેશકાળ એ અનાયતન. અનાયતનનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ, એ મહાન ભાવના ધર્મ છે. જુઓ નંદિષેણ મુનિ

વેશ્યાને વેશ્યા જાણ્યા પછી પણ એની સાથે વિવાદ કરવા ઊભા રહ્યા; તો પડ્યા. શીલ અને તપધર્મ એમનો બહુ ઊંચો છતાં આ ભાવનાધર્મની કચાશે એમને પડતાં વાર ન લાગી, અરણિક મુનિનું પણ એવું જ થયું. મેઘકુમારને પૂર્વ સુકોમળતા, વૈભવ યાદ આવ્યો એ અનાયતન સેવ્યું તો ચારિત્રમાં મનચંચળ થયું. માટે ખાસ સમજવાનું છે કે મહાન પરાક્રમી અને ધર્મશૂરા મહાત્માઓને પણ જો અનાયતન પતન કરાવી દે છે, તો એનો ત્યાગ ખાસ આવશ્યક અને અનિવાર્ય બને છે.

**(૧૩) સદા પ્રશસ્ત આત્મનિંદા :**

તેરમો ભાવના ધર્મ આવ્યો હંમેશાં આત્મનિંદા કરવાનો. **જો ગુણ ગાવા કે પ્રશંસા કરવી, તો બીજાની; અને નિંદા કરવી, તો જાતની. ગુણ બીજાના ગાવાથી આપણામાં ગુણ ભરાય છે. આપણા ગુણ ગાવાથી ગુણ ખાલી થાય છે, ત્યારે જાતના દોષની નિંદા કરવાથી દોષની શક્તિ હણાય છે. ધીરે ધીરે દોષ ખાલી થઈ જાય છે.** સજ્જન માણસના મનમાં સદા પોતાની બૂરાઈનો જાગતો ખ્યાલ હોય. તમે તમારી જાતનું જેટલું ઓછપ દેખશો, એટલા તમે આગળ વધવાનું વિચારી શકશો. જાતને બહુ માની લીધા પછી સંતોષ થઈ જાય છે; આગળ વધવાનું અટકે છે, આત્મનિંદામાં દિલમાં નમ્રભાવ રહે છે; મોહ અને કર્મની શૃંખલાઓનો ખ્યાલ રહે છે; ગુરુવિનયાદિ સારા સચવાય છે; સુધરવાના પુરુષાર્થને અવકાશ રહે છે. એટલું ખરું કે આત્મનિંદા પ્રશસ્ત અર્થાત્ સારા રૂપની જોઈએ. નહિતર જેને અંગ્રેજીમાં 'Inferiority Complex' 'ઇન્ફિરીઓરિટી કોમ્પ્લેક્ષ' કહે છે જેનો અર્થ લઘુતાગ્રંથિ થાય છે; એ તો ઊલટી આત્મપ્રગતિમાં બાધક બને છે. કેમકે એમાં પોતાની જાત એવી લઘુ ને હલકી લાગ્યા કરે છે કે પોતે જાણે કર્મથી બહુ કચરાઈ છે; પોતે કશું કરી શકે એમ નથી. એથી પોતાને મહાન ધર્મ-સાહસ, ધર્મ-પરાક્રમ ખેડવાનું દિલ નહિ થાય. એવી લઘુતાગ્રંથિ જોઈ એવા લોકો કદાચ ધર્મનિંદાય કરે, તેથી એવી આત્મનિંદા એ અપ્રશસ્ત છે, અનાદરણીય છે. જરૂર, જાતને લઘુ માનવી; પણ તે એવી નહિ કે જે નવા ધર્મ માટે નિરુત્સાહ કરે, જૂના ધર્મમાં અસ્થિર કરે; ધર્મ વિરોધી કે અધર્મીને ધર્મનિદાનું નિમિત્ત આપે. બાકી પ્રશસ્ત અર્થાત્ **શુભકોટિની આત્મનિંદા તો રસાયણ છે, ભયંકર કર્મના રોગ પણ ક્ષણમાં નાબૂદ કરી નાખે. મૃગાવતીજીએ** આત્મનિંદામાં કેવળજ્ઞાન લીધું ! **ઝાંઝરિયા ઋષિના ઘાતક** રાજાએ પણ એ રીતે આત્મનિંદાથી ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન ઉપાર્જ્યું ! જાતના દોષ-દુષ્કૃત્યની નિંદા અને પશ્ચાત્તાપથી તો એ પાપ સાથે બીજા કેઈ પાપના બંધન શિથિલ પડી જાય છે.

**(૧૪) સ્ખલનાની ગર્હા :**



આ છેલ્લો ભાવનાધર્મ તો અદ્ભુત કહ્યો છે. સ્ખલના એટલે ભૂલભાલ. સ્ખલન એટલે પોતાનું ખોટું કાર્ય. એની ગર્હા એટલે ગુરુની સમક્ષ એની નિંદા, અને પ્રાયશ્ચિત્તકરણ. પૂર્વે કહેલું બધું હોય પણ એવું બને કે આ ન હોય તો મોક્ષ દૂર રહી જાય. અરે, એટલું જ નહિ પણ અવસર આવ્યે ઊલટું નીચે ગબડવાનું થાય ! **લક્ષ્મણા** સાધ્વીએ શીલમાં મહાન ચારિત્ર પાળ્યું; તપ ઘોર કર્યો; પણ એક કુવિચારરૂપી સ્ખલનાની ઠીક ગર્હા ન કરી તો ૮૦૦ કોડાકોડી સાગરોપમ સંસારમાં ભટકી ! **પ્રાયશ્ચિત્તકરણ એ તો શ્રાવકને માટે પણ વાર્ષિક કર્તવ્ય છે.** કમમાં કમ વરસે એક વાર તો અવશ્ય પોતાની સ્ખલનાઓ ગુરુ આગળ બાળભાવે કહી એનું પ્રાયશ્ચિત્ત માગી લેવું જોઈએ; અને તે કરી આપવું જોઈએ. જૈન શાસનમાં આ પ્રાયશ્ચિત્ત માર્ગનું એટલું બધું મૂલ્ય છે કે એ માટે મોટા મોટા શાસ્ત્ર રચાયા છે. તેમ, એને ભણવાનો અધિકાર પણ યોગ્ય ગુરુઓના હાથમાં મૂક્યો છે. **મહાનિશીથમાં** આવે છે કે સ્ખલનાથી ગર્હાના મહાન ધર્મના પ્રભાવે કોઈ સાધ્વીઓ તરત જ કેવળજ્ઞાન પામી ગઈ ! મોહની જુગજૂની આદતો અને વાસનાઓના પ્રભાવે સ્ખલના થવી દુષ્કર નથી, અસંભવિત નથી. એવી સ્થિતિમાં આત્માને પવિત્ર રાખનારા હોય, તો સ્ખલનાની ગર્હા છે. એનાથી ભારે કર્મો પણ નાશ પામી જાય છે. પ્રતિક્રમણ શું છે ? દિવસ-રાતના કેઈ પાપના ભાર નાશ કરનારું !! એકેક દિવસના પાપનો પાર નથી; પણ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તથી ઘણાં પાપ નાશ પામી જાય છે. આમ ભાવનાધર્મની વાત થઈ.

વિચારો, વિજયસિંહ આચાર્ય મહારાજ પાસે સમરાદિત્યના જીવ શિખીકુમારને આ દાન-શીલ-તપ-ભાવના ધર્મનું સ્વરૂપ સાંભળવામાં કેવો અદ્ભુત રસ આવ્યો હશે ! એમાંય છેલ્લે છેલ્લે ભાવના ધર્મની તો બલિહારી જ એવી કે એ સાંભળીને કેવુંક બહુ સુંદર પરિણામ આવ્યું તે આગળ જોવા મળશે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૪૦,તા.૩૦-૬-૧૯૫૬

વિજયસિંહ આચાર્ય મહારાજ પાસે સમરાદિત્યના જીવ શિખીકુમારે એમનું ચરિત્ર સાંભળ્યા પછી દાન-શીલ-તપ-ભાવના, એ ચાર પ્રકારે ધર્મ સાંભળ્યો. હવે એ આગળ વધ્યો; આચાર્ય ભગવંતને સાધુપણાની યોગ્યતા વિષે પૂછે છે. શા માટે ? પોતાના આત્માને તોલી જોવા માટે "મને ચારિત્ર ગમે છે તો તેની લાયકાત મારામાં છે ?" શિખીકુમારના પૂછવાથી વિજયસિંહ આચાર્ય મહારાજ ચારિત્ર માટેના ગુણોનું વર્ણન કરી બતાવે છે.

(૧) **'આર્યદેશમાં જન્મ થયો હોય,'** તે ચારિત્રની યોગ્યતાનો પ્રથમ ગુણ છે. અનાર્યદેશમાં જન્મેલાને યોગ્ય ન ગણ્યો. કેમ ? કેમકે આર્યદેશમાં જન્મેલો આત્મા સામાન્ય રીતે પૂર્વના સારા સંસ્કાર લઈને આવેલો હોય, અને અહીં પણ ધર્મમય વાતાવરણમાં ટેવાયેલો હોય. જ્યારે અનાર્ય દેશમાં ધર્મ જ નહિ ! તેથી ધર્મનું વાતાવરણ પણ નહિ. સંસ્કારો આર્યદેશના છે, તે ચારિત્રસાધનામાં ઉપયોગી થાય છે; માટે આર્યદેશમાં જન્મ એ ચારિત્ર માટેની યોગ્યતા છે.

(૨) **બીજો ગુણ છે, 'વિશિષ્ટિજાતિ અને કુળવાળો.'** માતાપિતા બંનેનું ઉચ્ચ-ખાનદાન કુળ જે ગણાય, તેમાં જન્મેલો હોય. એનાથી એના આત્મા પર કુલીનતાની છાયા હોય છે; માથે સારા કુળનો ભાર હોય છે. ચારિત્રમાં નથી ને કોઈ વાર મોહ જાગ્યો, તો આ કુલીનતાનો ભાર તેને એમાં આગળ વધતો અટકાવશે કે "હું આવા ઊંચા કુળમાં જન્મેલો, ને મારાથી આવું અધર્મ કેમ થાય ?"

(૩) **ત્રીજા ગુણમાં તે આત્મા 'ક્ષીણપ્રાયઃ કર્મમળ' હોય.** જેનો કઠિન કર્મનો કચરો લગભગ નાશ પામી ગયો હોય. આમ તો કર્મ તો હોય, પણ મિથ્યાત્વ અનંતાનુબંધી આદિ કષાય વગેરે કર્મો ક્ષીણપ્રાયઃ થઈ ગયા હોય. સાંસારિક જીવનમાં ઉત્તમ માર્ગાનુસારી, સમકિતી અને ઉચ્ચ શ્રાવકજીવન જીવ્યાથી ક્ષીણપ્રાયઃ કર્મમળતાનો ગુણ સહેજે સિદ્ધ થઈ જાય; અને આ ગુણ પણ જોઈએ; તો જ તે આત્મામાં સાચો વૈરાગ્ય હોઈ શકે. નહિતર એવુંય બને કે 'કુટુંબીઓ ક્લેશ કરે છે, શેઠ જુલ્મ ગુજારે છે, ખાવાપીવાનું મળતું નથી. તો મૂકો આ સંસાર ! બાવા થઈ જઈએ...' વૈરાગ્ય તો થયો પણ દૂધના ઊભરા જેવો. આપણે આવો નકલી વૈરાગ્ય નથી જોઈતો. આપણે તો સાચો નક્કર વૈરાગ્ય જોઈએ છે. તેવો વૈરાગ્ય જેને સાચે સાચ કઠિન કર્મનો ક્ષય થયો હોય તેને હોય.

(૪) **ચોથા ગુણમાં તે 'નિર્મનળ બુદ્ધિવાળો' જોઈએ.**

**બુદ્ધિ નિર્મળ એટલે કેવી ? આવી :** એના હૃદયે આરપાર વસી ગયું હોય કે,

**(૧) મનુષ્યપણું દુર્લભ છે. (૨) જન્મ એ મૃત્યુનું કારણ છે.**

**(૩) સંપત્તિઓ ચંચળ છે. (૪) ઇન્દ્રિયોના વિષયો દુઃખના કારણ છે.**

**(૫) સંયોગ થયો ત્યાં પાછળ અવશ્ય વિયોગ છે.**

**(૬) પ્રતિસમય મરણ ચાલુ છે.**

**(૭) અહીંની પાપચેષ્ટાઓના વિપાક ભવાંતરમાં દારુણ હોય છે.**

આ રીતે જે બુદ્ધિ સંસારના સ્વરૂપને જાણે, મનોમન નક્કી કરે, તેને નિર્મળ બુદ્ધિ કહેવાય.

**(૧) મનુષ્યપણું દુર્લભ શી રીતે ? :** જગતમાં બીજા જીવોની સંખ્યા અપરંપાર



છે, ત્યારે મનુષ્યોની સંખ્યા બહુ જ ઓછી છે. એ ખરેખર સૂચવે છે કે જીવ જલદી મનુષ્ય થઈ શકતો નથી. માટે મનુષ્યપણું દુર્લભ કહેવાય છે. પાછું આમ આપણી આંખ સામે કેઈ માણસો મરી-મરીને ચાલતા થાય છે, ત્યાં આપણા વર્તમાન માનવ જીવનનો વિશ્વાસ નથી દેખાતો. તો ફરીથી મનુષ્યભવ ક્યાં સસ્તો પડ્યો છે ? સમજો કે ઘણી વિશિષ્ટ શક્તિઓવાળું આ જીવન છે; એટલે માનવભવ દુર્લભ સાથે કિંમતી પણ છે. એની વિશિષ્ટ શક્તિઓ મોટા રાજહસ્તીને પણ ન હોય. રાજહાથીની પાસે બળની સગવડ છે, પણ મનુષ્ય જેવી નહિ ! એને વાચા છે, પણ મનુષ્યને સમજાવી શકતો નથી. પગ મોટા છે, પણ આંગળા નથી ! હાથરૂપે હાથ નથી ! એટલે સાંકળે બાંધ્યો હોય, ને આગ લાગે ત્યાં જો કોઈ છોડાવનાર ન હોય તો કાં બળ્યે જ છૂટકો થાય છે, અથવા બળથી સાંકળ તોડી છૂટે તો ભાગ્યશાળી.

**શ્રેણિકનો સેચનક હાથી,** જે હલ્લવિહલ્લને મળ્યો હતો, તે આમ તો (વિભંગ) અવધિજ્ઞાની હતો; પણ કોણિક સાથેની લડાઈમાં તેનો નાશ થઈ ગયો. કેવી રીતે ? જાણો છો ? હલ્લવિહલ્લ સેચનક પર બેસી એના જ્ઞાનબળે ગુપ્ત રીતે દુશ્મનની છાવણીમાં રોજ ને રોજ જતા. એમાં એક વાર વચ્ચે દુશ્મને અગ્નિની ખાઈ કરી છે, ઉપર રેતી પાથરી છે. સેચનક હાથી અવધિજ્ઞાનથી ખાઈમાં ભરેલા અંગારા જોઈ રહ્યો છે, એટલે ખાઈ પાસે આવી આવીને પાછો હટી જાય છે. પણ હલ્લવિહલ્લ સમજી શકતા નથી કે હાથી કેમ પાછો વળે છે ! તે એને વારે વારે એ ઉપરથી દેખીતી રેતી પર ચાલી જવા પ્રેર્યા કરે છે. જુઓ કર્મની કઠણાઈ ! હાથીને જ્ઞાન છતાં પોતે મનુષ્ય નહિ હોવાથી રહસ્ય કહી શકતો નથી ! મનુષ્યપણું કહો કેવું કિંમતી ! હાથી ચાલાક અને બુદ્ધિશાળી છે, એ સમજે છે કે "આ લોકો મને ચલાવ્યા વિના નહિ રહે, તો જો હું આમને લઈને આગળ વધીશ તો બધા મરીશું ! તો એમને મારવાની શી જરૂર ?" સમજ કેટલી બધી સુંદર છે ! પણ અફસોસ કે પશુપણાને લીધે મોંઢેથી કહી શકતો નથી. આવા પ્રસંગોથી ખ્યાલ આવે છે કે મનુષ્યપણું એટલે તમે કઈ ચીજ પામ્યા છો ? મનુષ્ય જીવનને જ્ઞાની ભગવંતો દુર્લભ અને મુલ્યવાન શાથી કહે છે ? તમારા જીવનની કિંમત કેટલી ? એક લાખ કે બે લાખ ? આપણા દિલમાં મનુષ્યપણાની કિંમત કેટલી વસી છે, તે વિચારો. હાથી વિચારે છે કે "હું મરું, તે હા, પણ મારા માલિકોને ન મરવા દઉં." ગુનો કોનો છે ? ઉપર બેઠેલાઓનો. કોઈ આપણને પરાણે નુકશાનમાં ઉતારે તો ખૂન ઊભરાય કે નહિ ? ના, હાથી તો વિચારે છે કે "હું જાણું છું કે આ ખાઈમાં અંગારા છે, ને બિચારા મારા માલિકો એ જાણતા નથી તેથી મને પ્રેરે છે.

પણ હું જાણું છું તો એમને કેમ મરવા દઉં ? ભલે હું એકલો મરું.'' બેસી ગયો નીચે, ને માલિકને નીચે ઉતાર્યા. પછી જેવો ખાઈ પર પગ મૂક્યો કે સીધો જ અંદર. જીવતો ને જીવતો સળગી ગયો. કેમ ? એનામાં મનુષ્યત્વ નહોતું, તેથી જરૂરી વાચા શક્તિ નહોતી. માટે કહો, મનુષ્ય જીવનની દુર્લભતા શાથી ? એમાં શરીરની, અંગોપાંગની, બુદ્ધિની, હૃદયની, ભાવનાઓની એવી ઉચ્ચ અદ્‌ભુત શક્તિઓ મળી છે, કે જે વારે વારે ન મળે. જેનાં કઠિન કર્મોનો નાશ પામી જઈ નિર્મળ બુદ્ધિ પ્રગટી છે તેને થાય છે કે ''આ મનુષ્યપણું કેવું દુર્લભ છે !' અને વળી,

(૨) **જન્મ પાછળ મૃત્યુ નક્કી છે !** ખાય તો પણ મરવાનો, અને તપ કરે તે પણ મરવાનો ! દુનિયાની આળપંપાર કરે તો પણ મૃત્યુ આવવાનું, ને આળપંપાળથી મુક્ત થાય તો પણ મૃત્યુ આવવાનું. તો ડહાપણ શામાં ? જિંદગીભર ખાઈ-ખાઈને દિવસ પુરા કર્યા તો એ ખા-ખા કરેલું પુણ્યના ચોપડામાં જમા થશે ? નહિ, પરભવમાં સુખ આપી શકે એવા પુણ્યના ચોપડે તો તપ જમે થશે. એમ અહીં આચરેલો પાપત્યાગ જમે થશે. એવી રીતે જીવનમાં સેવેલી કષાયશાંતિ, જિનભક્તિ, વ્રત-આરાધના વગેરે જમે થશે. તો એ બધું કાં ન કરી લેવું ? જન્મ્યા પછી મરવાનું તો છે જ. તો પછી જીવન એવું જીવીએ કે એમાં એવી તૈયારી થાય કે એક વખત મૃત્યુથી મૃત્યુ માત્રનું મૃત્યુ થઈ જાય ! એવી વિશિષ્ટ કોટિની ચારિત્રની આરાધના થઈ જાય તો કોઈ ભવ-બે ભવમાં એવા મોક્ષપદને પ્રાપ્ત કરે કે જ્યાં મૃત્યુનું નામનિશાન ન હોય. એનું નામ મૃત્યુનો અંત, મૃત્યુનું મૃત્યુ ! જન્મ માત્ર મૃત્યુનું કારણ છે, એ વાત અંકે સો, મગજમાં લખાઈ ગઈ હોય; તેની બુદ્ધિ નિર્મળ બની કહેવાય. વળી આગળ જુઓ.

(૩) **સંપત્તિ ચંચળ છે :** માની લ્યો કે મૃત્યુ તો આવવાનું જ છે, પણ ત્યાં સુધી મળેલી સંપત્તિઓ ભોગવી તો લઈએ ને ? ના, **અહીંની સંપત્તિઓ ચંચળ છે.** એ ધણીને પલટ્યા કરે છે. હમણાં માટે આ ધણી, પછી વળી બીજો ! કોઈની પાસે શાશ્વતવાસ કરીને રહે જ નહિ ! કાં અચાનક જનારી ! કાં જીવને રવાના કરનારી, પણ જીવની સાથે નહિ જનારી. તો જીવની સાથે રહી શકે તેવું સારું શું ? પુણ્ય, અને સુસંસ્કારો ! **મોક્ષના દરવાજે પહોંચાડે તેવી ધર્મઆરાધના, સુસંસ્કારો, પુણ્યાનુબંધી પુણ્ય, આ બધું કમાવવાનું ચંચળ એવી સંપત્તિ પાછળ શા માટે ગુમાવવું ?** સંપત્તિ તમને રોવરાવીને જાય તે પહેલાં તમે જ હસતાં હસતાં એને કાઢો !

(૪) **વિષયો દારુણ છે :** જીવ સંપત્તિ જે ભોગવવા જાય છે, તેવા ઇન્દ્રિયોના વિષયો પણ દુઃખનું કારણ છે. પરલોકમાં તો પછી, પણ આ જીવનમાંય વિષયો



દુઃખનું કારણ છે. **મનુષ્ય દુઃખી થાય છે તે વિષયોરૂપી જગતની પૂંઠે પડવાથી. મનુષ્ય ત્રાસ-વિટંબણામાં પડે છે, તે વિષયોમાં આસક્ત બનવાથી.** જેને વિષયોની લાલસા નથી, આસક્તિ નથી તે આત્માઓ સાચા બહાદુર થઈને ફરે છે. તેમને સાચી સુખ-શાંતિ વરે છે. કેમકે **જ્યારે જડ વિષયો તરફ ઉપેક્ષાભાવ જાગે છે ત્યારે હવે આત્માના નિર્મળ સ્વરૂપ તરફ આકર્ષણ રહે છે;** એ કોને ? જેને સારું ખાવાની લાલસા નથી, સારું સુંઘવાની કે સ્પર્શવાની તમન્ના નથી...તેવા આત્માઓને. એજ સાચું સુખ અનુભવે છે. એવા આત્માઓ આજે મોજુદ છે ! તેમને પૂછો કે 'તમે જ્યારે સુખ-વૈભવમાં હતા, ત્યારે કેટલું સુખ, ને કેટલી શાંતિ હતી ? અને આજે કેટલાં સુખશાંતિ છે ?' તો તમને તે કહેશે, ''આજની આત્માના આકર્ષણની સુખશાંતિ એવી છે કે એની આગળ પૂર્વની વૈભવી સુખશાંતિ ઝાંઝવાના નીર જેવી લાગે છે ! એ વખતે દારૂનો નશો હતો. તેમાં હું જોતો હતો કે 'મારી પાસે લાખ-બે લાખ રૂપિયા છે...' પણ એની પાછળ પોક મૂકવાની જ હતી !'' **પાંચે વિષયોમાંથી જેટલા અંશે માયા-મમતા ને આસક્તિ કાઢી નાખો, તેટલા અંશે સાચા સુખનો અનુભવ થાય છે. એક પણ પદાર્થનો રાગ ચોંટ્યો કે અહીં પણ જીવને માનસિક ક્લેશ, અસમાધિ, દુર્ધ્યાન, કાળી વિચારણા, સંકલ્પ-વિકલ્પ વગેરેને અવકાશ મળે છે; ને કાળી વિચારણામાં ઉછાળ્યા કરે છે. ત્યાં સુખ ક્યાં રહ્યું ?** આવી રીતે આ જગતના વિષયો આ જીવનમાં દુઃખકારી છે, ને ભવાંતરમાં તો અનંત દુઃખકારી છે. માનવજીવન બરબાદ કરી તે જ માનવજીવન પર દુર્ગતિની પરંપરા ચલાવનારા છે. **ચક્રવર્તી સરખાને ઘોર નરકમાં લઈ જઈ બેહાલ કરનાર વિષયો છે.**

(૫) **સંયોગ પાછળ અવશ્ય વિયોગ છે :** સારું બધું ખરાબ; પણ કુટુંબ તો સારું ને ? ના, કુટુંબ સંયોગાધીન છે અને સંયોગ પછી વિયોગ ઊભો જ છે ! તો **સંયોગમાં જે સુખ નહિ ભાળ્યું હોય, તેટલું દુઃખ વિયોગમાં થશે !** નથી ને મોટી ઉંમરે છોકરો મળ્યો, તો દિવસમાં સુખનો અનુભવ કેટલો ? જાગતો હોય, ત્યાં દુકાન-પેઢી પર ચિત્ત રાખવું પડે, બીજા ત્રીજા કામોમાં પડવું પડે એ ન ગમે, સુખ ગયું. છોકરાને લઈને બેઠો હોય ને ઘરમાંથી કોઈ આડું અવળું બોલી નાખે કે સુખનો અનુભવ જાય ! દીકરો પણ જરાક ઉધમાતિયો, ને સામો બોલતો થયો કે ખલાસ ! તેમાં વળી છોકરો ૧૦-૧૫ વર્ષનો થયો ને મરી ગયો, તો દુઃખનો અનુભવ કેટલો ? ચોવીસે કલાક એ દુઃખ વિસરે નહિ ! મન વારે વારે શૂન્ય થઈ જાય; મૂઢ બની જાય ! જેનો સંયોગ એનો અવશ્ય વિયોગ. **જે સંયોગમાં નાચ્યો, તેને વિયોગમાં રૂદનનો પાર નહિ.** ''અરેરે...આ માંડમાંડ દીકરો મળ્યો, ને વીસ વર્ષનો જુવાનજોધ બની ચાલ્યો ગયો...'' છાતી કૂટે ને આપઘાત કરવાનું મન થઈ

જાય. કોઈ કહે, 'અરે શેઠ, છોકરો ગયો તે ગયો, હવે પાછો આવવાનો છે ? નકામો આ વેપાર બગડે છે...'' તો શું કહે ? ''જહન્નમમાં ગયો વેપાર.'' અર્થાત્ ''એના જવાથી મારે તો બધું સુખ દુઃખરૂપ થઈ ગયું.'' ક્ષણે ક્ષણે યાદ કરે ! ભગવાનના નામ કરતાં કેટલા ગુણું યાદ કરે ? ગમે તેવા મેવા-પકવાન્ન જમવાનો પ્રસંગ આવ્યો હોય, પણ મરેલો દીકરો છાતીએ લખાઈ ગયો હોય, તેથી જંપ નહિ. ઊંઘમાં પણ એ જ રટણા ! ''સંયોગ પાછળ વિયોગ છે.'' એનો મર્મ આ છે કે સંયોગમાં જે સુખ અનુભવશો તેનાથી વિયોગમાં કેઈ ગુણું દુઃખ આવશે; ને વિયોગમાં જે ભારે શોક અને ઘોર રૂદન કર્યા, તેનાથી તો ભવાંતરમાં ડૂચા નીકળશે, ડૂચા. ભવચક્રમાં પીસાવું પડશે. ત્યાં કોઈ બચાવ જીવને મળવાનો નથી.

(૬) **પ્રતિસમય મરણ ચાલુ છે ! :** વળી મરણ પણ માત્ર જીવનને અંતે જ નહિ, પણ પ્રતિસમય આયુષ્યનો ક્ષય ચાલુ છે ! નિયમ નથી કે પંચોતેરમે વર્ષે જ કાળ જીવને ઉઠાવશે ! પંચોતેર વર્ષના કાળના દરેક સમયે આપણે ભોગવવાં પડે એવાં જુદાં જુદાં કર્મદલિકો ગોઠવાઈ ગયાં છે. દરેક સમયે ભોગવાતાં તે તે આયુષ્યદલિકનો નાશ થાય છે. આ આયુષ્યકર્મનો નાશ એ મૃત્યુ જ છે. આને **આવીચિ મરણ** કહે છે. એ દરેક સમયે ચાલુ છે. માણસ માને છે કે હું ગઈ સાલ ૨૯ વર્ષનો હતો, હવે હું ત્રીસ વર્ષનો થયો ! અરે ! વર્ષનો થયો કે ગયો ? તાત્પર્ય એ છે કે અંજલિ જલની જેમ આયુષ્ય વહી જઈ રહ્યું છે. ત્યાં એક સમય પણ પ્રમાદ કેમ પાલવે ?

(૭) **અહીંની બધી પાપરમતનો વિપાક દારુણ છે.** રોજ ઊઠીને ષટ્કાય જીવોનો સંહાર. રોજીંદો સંહાર કે જેમાં અસંખ્ય જીવો મરે છે ! એમાં વળી લીલફૂગ હોય તો અનંતા જીવો મરે ! એમાં સાથે, જાણમાં ન હોય તો, ત્રસ જીવો પણ મરે ! આવો સંહારમય જે સંસાર, ને તે ઉપરાંત ક્રોધાદિ કષાયો, રાગદ્વેષાદિ દુર્ગુણો વગેરેનો અઢાર પાપસ્થાનકમય જે સંસાર. આ મનુષ્ય જીવનમાંની ગૃહસ્થવાસની રમત !...આ બધું જીવ જે માચી માચીને કરી રહ્યો છે, તેમાં પાપોનો જે સંચય કરી રહ્યો છે, તે સંચય એટલો જંગી છે કે તેનો સીધે સીધો ભોગવીને નિકાલ કરવા માટે કોઈ કાળનું માપ આજના ગણિતે નથી !! બાંધતાં તો ૫-૫૦ વર્ષનો કાળ, ને તેનો નિકાલ ક્યારે ? શાસ્ત્ર તો કહે છે કે એક અઢારમું મિથ્યાત્વશલ્ય, તેને બાંધવાની આ મનુષ્ય જીવનમાં ઘણી સંભાવના. તેને એકાદવાર જો ઉત્કૃષ્ટ સ્થિતિનું બાંધી દીધું, ને પછી એ બંધાયેલા કર્મ પર બીજી કોઈ જો પ્રક્રિયા ન લાગે, સ્થિતિ કે દલિયાંનો હ્રાસ ન થાય, તો તેને ભોગવવાનો કેટલો કાળ ? સીત્તેર કોડાકોડી સાગરોપમ ! એને ભેગું કરવાનો કાળ કેટલો ?



પલક માત્ર. કેવો કરુણ અંજામ પામરમતનો ! સમય માત્રમાં બાંધેલા પાપોનો નિકાલ કરવામાં યુગના યુગ વીતે ! માટે આ ષટ્કાયના સંહારની રમત અને અઢાર પાપસ્થાનકની રમત પરિણામે દારુણ વિપાક આપનારી છે. એની હૃદયસ્પર્શી વિચારણા પોતાની બુદ્ધિને નિર્મળ કરનાર બને છે. તો સંયમને યોગ્ય આત્મા કોણ, તેમાં આ બતાવ્યું કે જેની બુદ્ધિ નિર્મળ હોય ! આટ આટલી સમજથી બુદ્ધિ નિર્મળ કરી હોય તે ચારિત્રમાં અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગોમાં દૃઢ રહી શકે.

**(૫) ચારિત્રયોગ્ય પાંચમા ગુણમાં,** જેણે ચોથા નંબરમાં આ નિર્મળ બુદ્ધિ પ્રાપ્ત કરી છે, અને એ પ્રાપ્ત કરી જેણે સંસારને બરાબર એના સ્વરૂપમાં ઓળખ્યો છે, તેનું હૃદય સંસારથી વિરક્ત બનેલું હોય છે. **સંસારથી વિરક્ત બનેલો એટલે શું ? :** દરેક સમકિતી વિરાગી હોય, વૈરાગ્ય એ પહેલો ગુણ છે, પછી તત્ત્વની શ્રદ્ધા છે, ને પછી સમકિત પામે. જૈનધર્મમાં ન આવેલા આત્માઓ પણ વિરાગી હોઈ શકે છે. કેમકે સમકિતની નીચેની ભૂમિકા વૈરાગ્યની છે. તો **વિરાગી હોય એટલે શું ? જેણે આ રીતે બુદ્ધિ નિર્મળ બનાવી હોય; ને તેથી સંસારને યથાસ્થિત નિર્ગુણ, નિરૂપકારી જાણ્યો હોય, અને તેથી સંસાર પ્રત્યે એને રંચ માત્ર પણ આસ્થા ન હોય, સંસારની રુચિ નષ્ટ થઈ ગઈ હોય, આનું નામ વૈરાગ્ય.** પછી એ જરૂર પડ્યે દેવલોકમાં હોય, એવો દેવલોક કે જ્યાં લચપચતા દિવ્ય વૈભવ-વિલાસ હોય, તો પણ એ આત્મા અંતરના ઊંડાણમાં વિરાગી હોય ! દેવલોકના સંસાર પર પણ લેશ માત્ર આસ્થાવાળો ન હોય.

(૬) દીક્ષાને યોગ્ય આત્મા **પ્રતનું કષાય હોય;** અર્થાત્ જેના ક્રોધાદિ કષાયો પાતળા પડી ગયા હોય. એવો ગુસ્સો, એવો રોફ કે એવી માયા કે તૃષ્ણા ન હોય. કષાયોના પરિણામની ભયંકરતા એના ખ્યાલમાં હોય છે. એટલે સાવધાન રહે છે, જેથી એમાં લપટાઈ ન જવાય.

**(૭) હાસ્યનો દુર્ગુણ એનામાં ન હોય.**

વાત વાતમાં હસનારો-ખીલનારો ન હોય. કેમકે તે સમજે છે કે 'મારે માથે અનંત કર્મોનો ભાર છે; એ ભારે શરમજનક છે; પછી હસવાનું શું ?' કર્મને હટાવવા માટે તીવ્ર પુરુષાર્થ કરવાનો છે. મોહ-માયા, મદ-મત્સર, ઈર્ષ્યા-અસૂયા વગેરેનો એટલો હલ્લો છે, કે એની સામે પણ પ્રબળ પુરુષાર્થ કરવાનો છે. સામાન્ય રીતે માણસ કટોકટીની સ્થિતિમાં મૂકાયો હોય ત્યારે હાસ્યના નિમિત્તોમાં પણ હસી શકતો નથી, તેટલું તેનું હૃદય ઉદ્વિગ્ન હોય છે. એવું આ ચારિત્રાર્થીને સંસારની ઉદાસીનતાને લીધે હસવાનું અટકી ગયું હોય છે. જે આત્મા અજ્ઞાન છે, તે વસ્તુની રીતિભાતિ સમજતો નથી, એટલે વાતવાતમાં હસે છે. પણ હું તો તત્ત્વના

વિવેકને જાણું છું. આગળ પાછળનાં કારણ જાણું છું, સામો તોતડો છે ? તો જ્ઞાનાવરણનો બિચારાને ઉદય છે ! કે વીર્યાન્તરાયનો ઉદય, જેથી જીભની શક્તિ ઓછી થઈ ! તો કોઈ પણ કર્મના ઉદયમાં હસવાનું શું ? 'તમે' ને બદલે 'ટમે' બોલે તેમાં હસવાનું શું ? "આવું તત્ત્વવેત્તા માણસ સમજે છે તેથી એને હાસ્ય નહિ. કોઈ પણ પ્રસંગના આગળ પાછળના નિમિત્ત અને પરિણામનો વિચાર કરાય તો હાસ્ય અટકી જાય." દીક્ષાર્થી જો હાસ્ય દોષવાળો હોય તો એ સાધુ થયા પછી ચારિત્રના મહાધર્મને લજવનારો બનશે. ગૃહસ્થો જોશે કે અમારામાં અને આ ખીલખીલ હસનાર સાધુમાં શો ફરક છે ? ઊલટું સારા ચિંતક ગૃહસ્થો પણ હાસ્યના દોષ વિનાના હોય છે.

(૮) આઠમા ગુણમાં **એને કૌતુક નથી હોતું.** જગતનું નવું નવું જોવાની લાલસા, નવી નવી આતુરતા એને નથી હોતી. એને જિજ્ઞાસા હોય છે, પણ તે કેટલી ? શાસ્ત્રો સાંભળવા-સંભળાવવાની, વાંચવા ને લખવાની ! બહારની કોઈ ઇંતેજારી નહિ. કૌતુક શા માટે ન હોય ? પ્રશ્ન તો એ થાય કે "જોવા-જાણવામાં શું બગડી જાય છે ?" હા, એમાંથી કેટલું આચરવું તે આપણા હાથમાં છે ! જાણવામાં શું વાંધો ? "જીવ્યાં કરતાં જોયું ભલું !" પણ કહો કે આ નિયમ જડવાદી દુનિયાનો છે ! અધ્યાત્મવાદીને ત્યાં જુદો કાયદો છે. પેલો કહે છે, "જોયું ભલું," આ કહે છે "ન જોયું ભલું. જગતનું જેટલું ન જોયું, તેટલા બચી ગયા; રક્ષણ થયું...જેમ ન બોલવામાં નવ ગુણ; તેમ ન જોવામાં નવગુણ." અરે, દુનિયામાં ક્યાં અનુભવ નથી ! દુનિયાની બે વાત જાણી કે મન ચઢે છે તોફાને; ને નથી જાણ્યું હોતું તો મન નિરાંતમાં રહે છે. એક કુતુહલ અને ઇંતેજારીમાં તો કંઈક જાણ્યું, પછી તેની પાછળ તેના આત્માનું વટામણ થઈ જાય છે; ને કાળી લેશ્યામાં ચઢે છે. અને તત્ત્વની ગવેષણા વગેરે જાય એ તો જુદું ! આવા કૌતુકી જીવ સારી ચોપડી પણ સીધી ન વાંચી શકે. કેમકે 'કોણ આવ્યું ?' 'કોણ ગયું ?' આ શાનો અવાજ થયો ?' એવી એવી અનેક જિજ્ઞાસાઓમાં એ આમ તેમ ડાફોળિયા માર્યા કરવાનો; મનમાં કોઈ ચંચળ વિચારો કર્યા કરવાનો. પછી ત્યાં સારા વાંચનશ્રવણમાં એકાગ્ર મન ક્યાંથી રાખી શકે ? સાધુ બન્યા પછી તો એને માત્ર દર્શન-જ્ઞાન-ચારિત્રની અખંડ ઉપાસનામાં એકાગ્ર ચિત્તવાળા બની જવાનું છે. પણ આતુરતા શું કરે છે ? મનુષ્ય જીવનમાં કમાઈ શકાય તેવી ઊંચી તત્ત્વજ્ઞાનની સમૃદ્ધિ, વૈરાગ્યની ભાવનાઓ વગેરેને ગુમાવરાવી દે છે. વ્યાખ્યાનમાં વિષય બરાબર ચાલતો હોય, પણ મન બીજે કોણ લઈ જાય છે ? "ત્યારે ઘરે શું થયું હશે ? ફલાણો મને મળશે કે નહિ ? આ કોણે અવાજ કર્યો ?"...આ આતુરતાનો ભયંકર



દુર્ગુણ ચિત્ત ચંચળ કરે છે. પછી મનોભૂમિ સ્થિર નહિ હોવાથી તત્ત્વવાણીનો વરસાદ ટકે નહિ, પણ ઢળી જાય, એમાં શી નવાઈ ?

દીક્ષાર્થી આત્મા કૌતુક રહિત હોય, શાથી ? એ આત્મા સંસારથી ધરાઈ ગયો હોય. તે સમજે છે તે મેં અનંતીવાર સંસારના ખેલ નિહાળ્યા. અનંતવાર જોઈ નાખ્યા. હવે જો એની ભૂખ નહિ મટે, તો કે દિ' ઊંચો આવીશ ? ખૂબ જોઈ લીધું બહારનું, હવે એનાથી સર્યું ! હવે તો મારે શાસ્ત્રનું ખૂબ જોવું છે, તત્ત્વનું ચિંતન ખૂબ કરવું છે. અનુત્તર દેવનું અવધિજ્ઞાન ચૌદ રાજલોકને જોઈ શકે, પણ એને આતુરતા કેટલી ? નામનિશાન નહિ ! ષડ્દ્રવ્યની વિચારણામાં જ બધો કાળ વ્યતીત થાય છે. ક્યાંય જોવાની વાત નહિ. તેવી રીતે ચારિત્રી માટે પણ એ જ ગુણ કહ્યો કે 'તેને કૌતુક નહિ.' મહાગુણ છે આ. એનો અનુભવ કરવા માંડો, અભ્યાસ કરવા માંડો, ને તરત ચિત્ત સ્વાસ્થ્ય વગેરે લાભો પ્રત્યક્ષ દેખાશે. સંસારથી જે ધરાયેલો હોય, સંસારનું જોવા-જાણવાની જેને કંઈ પડી ન હોય, તેવો આત્મા કૌતુકવૃત્તિને રોકી શકે; અને તેવા આત્માને જ ચારિત્ર જીવનમાં પણ સંયમનો-નિવૃત્તિ જીવનનો આસ્વાદ આવી શકે. કેમકે જેટલા પ્રમાણમાં બાહ્ય ઇંતેજારી વધુ, તેટલા પ્રમાણમાં સુખ અલ્પ. શાલીભદ્રનું સુખ ઊંચુ કેમ કહેવાય ? શાલીભદ્રની રીતભાત એવી હતી કે ઘર યોગ્ય વસ્તુ લેવી કરવી તે પણ માતા સંભાળે. પૈસાનું સંરક્ષણ કે વેપાર તો હતો જ નહિ. નવાણું પેટી આજે નવી આવી, પણ ગઈ કાલની વધી તેનું શું કરશું, એય ચિંતા નહિ. કેમ ? એ તો નિર્માલ્યના કૂવામાં ધરાવવાની. સાતમે મજલે રહેવાનું. નીચે ઊતરવાનું નહિ. પુણ્યના યોગે એવી અનુકૂળતાઓ હતી એટલા માત્રથી સુખી હતા એમ નહિ. પરંતુ 'વધેલાનું શું કરવું ? નવું બરાબર આવ્યા કરશે ને ? ચોર-બોર નહિ ચઢી આવે ને ? ફલાણાને આ વધારે મળ્યા કરશે ?' આવી એને કોઈ ઇંતેજારી જ નહિ ! માતા ઇચ્છતી હતી કે આ છોકરાને પરમ સુખ મળે. જેમ ગડમથલ-દોડધામ-ચિંતા ઓછી, તેમ વધુ સુખ.

તમારે કેમ ? નોકર પાસે શાકભાજી મંગાવવી પડે માટે મંગાવો ને ? જાતે જાઓ તો શોભે નહિ ! પણ ઇંતેજારી કેટલી ? નોકર બરાબર લાવ્યો કે પૈસાની વચ્ચે ગાપચી મારી તેની ઇંતેજારી હોય એટલે પડોશી પાસે જઈ શું ભાવ હતો એની તપાસ કરો ને ? પણ સમજી રાખો કે આવા માણસો કેવળ સંસારના વેઠિયા ! કેવળ દુઃખમાં સડતા ! આ આતુરતા શમ્યા વિના ચારિત્રયોગની સાધના ન બની શકે.

(૯) નવમો ગુણ છે **કૃતજ્ઞતા.** દીક્ષાર્થી આત્મા કૃતજ્ઞ હોય. આ ગુણની બહુ

જરૂર છે. આત્મામાં જો કૃતજ્ઞતા ન હોય તો સંયમ તો એકાદ વેળા લઈ લે, પણ પછી જે દેવાધિદેવનો, અને સદ્ગુરુનો પોતાના પર મહાન ઉપકાર છે, એના પ્રત્યે બેવફા બની જાય. જે આત્માઓ કૃતઘ્ન છે તેવા આત્માઓ સ્વાર્થનો ભંગ ન થતો હોય ત્યાં સુધી જ ઉપકારીનું આડું ન બોલે; પણ પછી જ્યાં સ્વાર્થ ભંગાય ત્યાં આડું બોલતાં વાર નહિ. કોઈ એવા અવસરે અથવા જ્યારે પોતે કષ્ટમાં મુકાઈ ગયો હોય, તે અવસરે જો આત્મા કૃતજ્ઞ ન હોય તો તે દેવ-ગુરુને દગો દેવામાં વાર નહિ લગાડે.

**દેવગુરુનો અનંત ઉપકાર :** વિચારવું તો એ જોઈએ છે કે 'આ દેવગુરુનો મારા પર ઉપકાર કેટલો ? અનંત ઉપકાર છે. તો પછી કોઈ આપદ્-વિટંબણા આવી તે આ ઉપકારની સામે કોઈ વિસાતમાં નથી,'' આ વિચાર જરૂર આવે, જો ઉપકારનું ભાન હોય તો. દેવગુરુના ઉપકારના આંકડા માંડી શકાય એમ નથી. જેમણે રૌરવનરકનાં દુઃખ મીટાવ્યાં, દુર્ગતિઓના ત્રાસથી મુક્ત કર્યા, સદ્ગતિના માર્ગ ખુલ્લા કરી આપ્યા, તે દેવગુરુના ઉપકાર કેટલા, ને કેવા ?

**પ્રદેશી પર ઉપકાર :** સૂર્યાભદેવ વિમાનમાં ઉત્પન્ન થવાની સાથે જ નીચે કેમ આવ્યો ? ને આવીને મહાવીરદેવ આગળ બત્રીસ નાટક કેમ વિકુર્વ્યા ? ગાંડો-ઘેલો થઈ નાચવા કેમ માંડ્યો ? ખ્યાલ છે એને કે અરિહંત પ્રભુના શાસને મને કેશી ગણધર ભગવાનનો એવો ભેટો કરાવી આપ્યો, કે નરક તરફ દોટ મૂકેલા મને સદ્ગતિના માર્ગે ચઢાવી દીધો ! ''ધર્મ ધતિંગ છે, શરીરમાં આત્મા નથી એ માનનારો હું નાસ્તિક પ્રદેશી, એ સાબિત કરવા ચોરના ટૂકડે ટૂકડા કરાવનારો,...બુઢ્ઢા ડોસાને કોઠીમાં પૂરનારો,...આત્માની-ધર્મની વાત કરનાર સાધુઓને નગરીમાંથી કાઢી મૂકાવનારો...તેવો હું મહાપાપી, મર્યો હોત તો નરક ભેગો થાત ! અને અસંખ્યાત વર્ષ સુધી પરમાધામીઓના હાથે મારી કપામણ ને છૂંદામણ ચાલત ! એવી પીડાને માટે યોગ્ય બનેલો હું, મને એ દુર્ગતિ બંધ કરાવી આપી, ને આ દેવ બનાવી દીધો ! તો એ અરિહંતદેવનો કેવો પ્રભાવ ! કેવો ઉપકાર ! અનંત ઉપકાર !'' દેવગુરુ અને ધર્મના અનંત ઉપકારની નહિ પણ આગળ નથી ને કદાચ દુન્યવી સ્વાર્થને મૂકવાનો વખત આવ્યો, કે પૌદ્ગલિક પ્રતિકૂળતા વેઠવાની વાત આવી તો પણ શું ? આ પ્રતિકૂળતા લાખગુણી આવે, તો પણ પરમાત્માના અનંત ઉપકારની સામે એ સહન કરી લેવામાં આત્મા કંઈ જ વધુ કરતો નથી. નિહ્નવો જે થઈ ગયા ને થશે, તેમણે શાસનનો દ્રોહ શાથી કર્યો ? કૃતજ્ઞતા ગુમાવી, કૃતઘ્ન બન્યા માટે. કૃતજ્ઞતા-ગુણના અભાવે શાસનની સામે જ મોરચો માંડ્યો. સંયમજીવન જેવા જવાબદારીભર્યા જીવનમાં કૃતઘ્નતા ન ચાલે.





**(૧૦) દસમા ગુણમાં-દીક્ષાર્થી આત્મા વિનીત હોય.** આમાં તો પૂછવાનું જ નથી ! વિનયગુણની અપેક્ષા તો માલ વિનાની દુનિયામાં પણ રહે છે. તો અહીંયાં એની કેટલી જરૂર ? છોકરો સવારથી સાંજ સુધી ધક્કા ખાતો હોય પણ વિનીત ન હોય; નોકર આખી રાત મહેનત કરતો હોય, પણ ઉદ્ધત હોય, સામા બોલ કાઢતો હોય, તો એની કિંમત કેટલી ? એમ થાય કે ''આના કરતાં છોકરો કે નોકર ન હોય તો સારું.''

ચારિત્રજીવનમાં તો મુખ્યતયા જ્ઞાન મેળવવાનું છે, એ માટે વિનય ખાસ જોઈએ. વિનીત નહિ હોય તો ગુરુની અદબ નહિ જાળવે; ગુરુ આગળ નમ્ર નહિ રહી શકે. દુનિયામાં તો સ્વાર્થ હોય એટલે નમીને રહે, પણ અહીં ? મનને એમ થાય કે 'જેમ ગુરુજી મહારાજ છે; તેવો હું પણ મહારાજ છું !' પણ સાધુજીવનમાં આ ન ચાલી શકે. સાધુજીવનમાં વિનયનું બંધન છે. દુનિયામાં મોટા હોદ્દા અને હજારોના પગાર હોવા છતાં જો વિનયને પરાધીનતા હોય છે, તો સાધુપણે તો પરાધીનતા અને વિનય જોઈએ જ. ''કોણ કહે છે ? ગુરુમહારાજ ! કોની આજ્ઞા છે ? દેવની !'' બસ, ત્યાં હાથ જ જોડવાના. ચોવીસ કલાક ગુરુનિશ્રામાં જ રહેવાનું છે, ત્યાં વારંવાર વિનયનો આચાર પાળવાનો. મનમાં જો એમ છે કે 'અહો ! કેવા ઉપકારી ગુરુ !' તો સહેજે વિનય થવાનો. નહિતર તો વારંવાર અવગણના, આશાતના કરતો થાય; લેવાના બદલે દેવાના થઈ જાય ! વિનયગુણના અભાવમાં ઉદ્ધતાઈનો વર્તાવ થાય. મર્યાદા બહારનો વર્તાવ થાય. પછી ચારિત્રનો વેશ હોવા છતાં, કર્મનો ક્ષય કરવાને બદલે કર્મનાં મહાબંધન સ્વીકારે. વિનયભંગનો મોટો ગુનો છે. માટે વિનય ખાસ જરૂરી છે. જેમ જેમ વિનયમાં વધતો જશે તેમ તેમ ઉત્તરોત્તર આત્મા ગુણવૃદ્ધિ કરશે, તેમજ આત્મહિતના પદાર્થો ગુરુ પાસેથી મેળવતો જશે; ને જગતને આપતો જશે.

(૧૧) અગિયારમો ગુણ **'રાજા, પ્રધાન ને નગરજનોને માન્ય હોય.'** અહીં પ્રશ્ન થાય કે આ ગુણની શી જરૂર પડી ? કોઈને રાજા ન માનતો હોય, રાજા આગળ એની ગણના ન હોય, તો પણ ચારિત્રમાં શું વાંધો આવવાનો ? ઉત્તર એ છે કે ના, જે આત્મા રાજા, અમાત્ય ને નગરજનોને માન્ય હશે તેનામાં સારી કંઈક વિશેષતા હશે. વિશેષતા સારી હશે એવો આત્મા ચારિત્ર લેશે તો તેને દીપાવશે. પરંતુ જો તેના તરફ રાજા-મંત્રી કે નગરજનો વિરોધી હશે તો ચારિત્ર લીધા પછી કદાચ ધર્મનિંદામાં નિમિત્ત બનશે. વળી એ જે ખામીથી રાજાદિને અપ્રિય હશે, તે

ખામીના લીધે ચારિત્ર લીધા પછી ચારિત્રને તે સુંદર રીતે પાળી નહિ શકે. અહીં એવું બને કે ચારિત્ર લેનારા બધાને રાજા વગેરે થોડાક જ જાણતા હોય છે ? છતાં એટલું તો ચોક્કસ કે એનું પૂર્વ જીવન એવું ઔચિત્યભર્યું જોઈએ કે ગામ-નગરના અગ્રગણ્ય માણસ એના વિરોધી ન બન્યા હોય.

(૧૨) બારમો ગુણ છે, **'નિર્દોષતા, અદોષસેવિતા.'** દીક્ષાર્થી ભવ્યજીવ દોષને સેવનારો ન હોય; પણ પ્રશ્ન એ થાય કે ગુરુ મહારાજને શી ખબર પડે કે આ આત્મામાં દોષો નથી ? ઉત્તર એ છે કે ગુરુમહારાજ સાવધાન હોય છે. આજુબાજુથી ખબર મેળવે કે મુમુક્ષુનું જીવન, વર્તાવ, ભાષા વગેરે કેમ છે. વળી કેટલુંક એની વાતચીત, એનું નિવેદન વગેરે પરથી જાણે. વળી પ્રશ્ન શુદ્ધિ પરથી અર્થાત્ એને અમુક જાતના પ્રશ્ન પૂછી એના ઉત્તર અને મુખભાવ પરથી જાણે. જે માનવતાને લજવનારા દોષો કહેવાય, ઔચિત્યનો ભંગ કરનાર દોષ કહેવાય, વ્રતને જોખમમાં મૂકનાર દોષ ગણાય, તેવા દોષો દીક્ષાર્થી આત્મામાં ન જોઈએ. અહીં પૂછો ને કે,

**પ્ર.**- ત્યારે અર્જુનમાળી, દઢપ્રહારી જેવા તો મોટા દોષવાળા હતા, તેમને ચારિત્ર કેમ આપ્યું ?

**ઉ.**- તેમને ચારિત્ર આપનાર કોણ હતા ? મહાન જ્ઞાની પુરુષો ! એમણે જોયેલું કે એ દોષી હતા ત્યારે હતા, પણ હમણાં તો મહા યોગ્ય અને સમર્થ બની ગયા છે. હમણાં તો અંતરથી સાચા યોગી થઈ ગયા છે. દોષ સેવવા બદલ એમને જે આઘાત લાગ્યો છે, અને તે દોષજન્ય પાપને ધોવા વીર્યોલ્લાસ પ્રગટ્યો છે, તે એવો છે કે એથી એ આરાધનામાં જબરજસ્ત જોમ વાપરશે. પણ સામાન્ય સાધુથી એકદમ આવી દીક્ષાઓ ન અપાય. એણે તો જોવું પડે કે આનામાં દોષો છે કે નહિ ? દીક્ષાર્થીના જીવનમાં દોષ-રહિતના જે જોઈએ છે તે પૂર્વ જીવનમાં પવિત્રતાની અપેક્ષા રાખે છે. નહિતર જો દોષ ભરેલું જીવન લઈને આવે, તો ચારિત્ર જીવનમાં સંભવ છે; કે પાછા એ દોષોને વિકસવા માટે અવકાશ મળી જાય ! ખાઉધરાપણાનો દોષ સાધુપણામાં જુલમ કરી નાખે. માયા પ્રપંચનો દોષ સાધુજીવનમાં ધાંધલ મચાવી મૂકે. વૈભવ-વિલાસનો દોષ હોય તો, સાધુપણામાં કોટ-પાટલૂન તો ન પહેરે, પણ ઊજળો બફ અને ઈસ્કિટાટ તો જરૂર રહે ! મહાન શોખીન બની જાય. ઇન્દ્રિયોની ઉચ્છૃંખલતાનો દોષ હોય તો તો ચારિત્રજીવનમાં દાટ જ વાળે ! માટે આત્મામાં અદોષકારિતા જોઈએ. પોતાને ખ્યાલ જોઈએ કે જગતના જીવો કરતાં મારી કક્ષા ઘણી ઊંચી છે. જગતમાં પણ જુઓ રાજહંસની કક્ષા ઊંચી તો એની રીતભાત પણ ઊંચી હોય છે. વડા પ્રધાનની કક્ષા ઊંચી તો રીતરસમ પણ ઊંચી હોય છે ! તેમ હું જૈનપણાની માનવતા પામ્યો તો મારી કક્ષા ઘણી ઊંચી; તો પવિત્રતા પણ ઘણી



ઊંચી જોઈએ.

(૧૩) તેરમો ગુણ છે **કલ્યાણઅંગ;** અર્થાત્ જેનાં અંગોપાંગ અક્ષત હોય; તૂટેલા-ફૂટેલા નહિ. કાન કપાયેલો, પગે લંગડો કે હાથે ઠૂંઠો ન ચાલે. ચારિત્ર લીધા પછી કોઈ અકસ્માત બની જાય તે વાત જુદી; પણ ચારિત્ર લીધા પહેલાં એવાને ચારિત્ર ન અપાય. કેમકે સાધુ એટલે એક જાહેર વ્યક્તિ ગણાય. ગામેગામ ને દેશોદેશ ફરનાર. લોકની દૃષ્ટિમાં સાધુ નવો ગણાય. એ જો ખોડખાંપણવાળો હોય તો લોક નિંદા કરે કે 'આ ધર્મ આવા લૂલિયા લંગડાનો જ લાગે છે ! ઠીક પાંજરાપોળ ભેગી થઈ છે !'' લોકોને ક્યાં ધર્મ જોવો છે ?'' **'बालः पश्यति लिङ्गं !'** અજ્ઞાન લોક તો બહારથી કેમ છે ? તે જ જોશે. એ નહિ જુએ આચાર કે નહિ જુએ તત્ત્વ.

શરીર અતિ સ્થૂલ હોય એને પણ દીક્ષા ન અપાય. ઇન્દ્રિય જડ, કરણ જડ એને પણ ન અપાય.

(૧૪) ચૌદમો ગુણ છે **શ્રદ્ધા.** ચારિત્રનો અભિલાષી આત્મા શ્રદ્ધા સંપન્ન જોઈએ. પરમાત્માના વચન પર અનન્ય વિશ્વાસ ધરનાર હોવો જોઈએ. આ ગુણ અત્યંત જરૂરી છે. ગમે તેવો વૈરાગી હોય પણ શ્રદ્ધા ન હોય તો સંભવ છે ઉટાંગ કહેવા માંડશે ને આચરવા માંડશે. શ્રદ્ધાની ખામીના લીધે આવો અનિચ્છનીય વર્તાવ થઈ જાય છે. જમાલીએ ભગવાનના એક બોલની પણ અશ્રદ્ધા કરી તો ભલે રહ્યો સંસારત્યાગી તરીકે, મહેલમાં જઈને ન બેઠો; પણ એમ રહીને વિરોધ કર્યો. પ્રભુ કહે છે **'કડેમાણે કડે** કરાતું કાર્ય કર્યું કહેવાય છે;' પણ આ કહે છે **'કડે કડે'** પૂરું કરાયા પછી જ કરાયું કહેવાય. સમસ્ત દ્વાદશાંગી પર શ્રદ્ધા ખરી, પણ એમાં આ એક ખોટું; એમ કહે તો આને શ્રદ્ધાળુ કહેવાય ? ના, એક વચન પર પણ અશ્રદ્ધા તો આખી દ્વાદશાંગીનો અશ્રદ્ધાળુ કહેવાય. સો દિવસની સતી એક દિવસ પણ સતીત્વનો ભંગ કરે તો સતી કહેવાય ? જેમ શીલ જરાક ખંડિત થયું કે આખું ખંડિત થયું કહેવાય, તેમ આ સમકિતને શ્રદ્ધા પણ એવા ગુણ છે. જમાલીના જીવનમાં ત્યાગ-તપશ્ચર્યા કદાચ હોય પણ શ્રદ્ધા વિના બધું નકામું.

આજની સંસ્થાઓ ચાલે છે, તે પણ આ શ્રદ્ધા ગુણ પર. સંસ્થાએ જે કાયદા-કાનૂન ઘડ્યા, તેના પર સહી કરવી પડે. પછી ભલે દિલમાં અમુક કાયદા અંગે કંઈ બેસતું ન હોય, છતાં પણ સહી કરવી પડે. વફાદારી વિના દુનિયાના પણ વ્યવહાર ચાલતા નથી ! પ્રધાનમંડળને સોગંદવિધિ કરવી પડે છે ! ''હું જે આ, હોદ્દો સ્વીકારું છું, તેની અંગેના તંત્રે ઘડેલા કાયદા-કાનૂન મુજબ બરાબર વફાદાર રહીશ એને જરાય વાંધો આવવા દઈશ નહિ.'' જ્યારે દુનિયામાં પણ આ

જાતની શ્રદ્ધા-બાંહેધરી જરૂરી છે, ત્યારે આ લોકોત્તર માર્ગમાં તો એ કેટલી બધી જરૂરી હોય ?

જેવી તત્ત્વની શ્રદ્ધા, તેવી અનુષ્ઠાન-આચરણાની શ્રદ્ધા જોઈએ. અર્થાત્ ધર્મ બે પ્રકારનો, શ્રુતધર્મ, ને ચારિત્રધર્મ. શ્રુતધર્મની જેમ ચારિત્રધર્મ ઉપર પણ અનહદ શ્રદ્ધા જોઈએ. ધર્મના અનુષ્ઠાનો અને આચરણા ઉપર જ્વલંત રાગ અને અથાગ મમત્વ હોવું ઘટે. જો આવી શ્રદ્ધાસંપન્નતા ન હોય તો સંભવ છે ચારિત્ર લીધા પછી જાતે ક્રિયામાર્ગમાં શિથિલ બને; બીજાને ક્રિયામાર્ગમાં શિથિલ કરે, ઉપેક્ષાવાળા બનાવે. માટે શ્રદ્ધાસંપન્નતા જોઈએ જ.

**(૧૬) સમુપસંપન્નતા :** સોળમો ગુણ છે, **સમુપસંપન્ન :** સારી રીતે ઉપસંપદાને પામેલો; ઉપસંપદાને ગ્રહણ કરનારો; સ્વીકારનારો. શાસ્ત્રમાં જુદી જુદી ઉપસંપદાઓ કહેવામાં આવેલી છે તપની વિનયની...વગેરે. વિનયની ઉપસંપદા લેવી એટલે વિનયનું શિક્ષણ લેવું. પણ તે સમર્પિત થઈને. આ ગુણ સાધુ બન્યા પછી અત્યંત જરૂરી છે. સાધુ બનવા માટે જરૂરી સામાન્ય ઉપસંપદાને સ્વીકારનારો એટલે ગુરુના શિક્ષણને સ્વીકારનારો. ગુરુને શિષ્ય કહે છે "હું આપને શરણે છું. મને હવે જે યોગ્ય લાગે તે મુજબનું શિક્ષણ આપો. મારા આત્માની યોગ્ય સંભાળ કરો." આમ હૃદયથી સમર્પિત થનારો આત્મા ઉપસંપન્ન બની શકે છે. સ્વેચ્છાએ ગુરુને સમર્પણ કર્યું, પોતાનું અહંત્વ મૂક્યું, આવડત મૂકી, પોતાની કિંમત ભૂલી ગયો, હવે તો ગુરુને આગળ કર્યા. કિંમત ગુરુની કરી. આવડત-અક્કલ બધું ગુરુમાં જ માન્યું. એટલે કહે છે કે "આપનો આત્મા એજ મારો આત્મા. આપનું જ્ઞાન એ જ મારું જ્ઞાન. આપનો વિચાર એ જ મારો વિચાર, આપની ધારણા તે જ મારી ધારણા..." દુનિયામાં સ્વાર્થની રૂએ આવું કરનારા માણસો પડ્યા છે. જ્યાં દેખાય છે કે 'અહીંયાં સ્વાર્થ સરે છે...' તો શું કરે ? "શેઠ સાહેબ ! મારે તો બધું આપ જ છો ! આપ કહેશો તેમ હું કરીશ ! આપની જે વિચારણા, ધારણા...તેજ મારી વિચારણા...ધારણા..." પણ આ કરવા માટે એ શેઠનો દીન, ઓશિયાળો બને છે; એને ભવ-સંસાર ઊભો રહે છે; જ્યારે આત્માનું નિસ્વાર્થભાવે ગુરુને સમર્પણ કરવામાં ભવ કપાય છે; અનંતકાળનું ઓશિયાળાપણું ટળે છે, અને સાચી સ્વાધીનતા-સ્વાતંત્ર્ય મળે છે.

ગુરુ ત્યાગી છે, ગુરુ સંયમી છે, એટલે ગુરુને અર્પણ કર્યા પછી ગુરુની જે અનન્ય આસ્થા અને સેવા-ભક્તિ કરાય તેનાથી પાપ ખપે અને આત્મા ઉજ્જવલ થાય, તેમાં નવાઈ નથી. પાપી અને મોહાંધ એવા દુનિયાના મનુષ્યોની સેવા પાપ ને મોહ વધારે; ધર્મી અને નિર્મોહી એવા ગુરુઓની સેવા ધર્મ વધારે; ને પાપનો



નાશ કરે. માટે તો મોટા સમ્રાટ રાજાઓ પણ ત્યાગી ગુરુના ચરણે પડતા હતા; એમ સમજીને કે 'આમની જે સેવા થાય તે પાપના ક્ષય અને આત્માના હિત માટે થશે; જ્યારે દુનિયાની ઉઠાવેલી મોહમય વેઠ પાપની અને દુઃખની વૃદ્ધિ માટે થશે.'

સમકિતીને કુટુંબની સેવાના કોડ નથી હોતા. કેમકે સમજે છે એ કે "આમ તો આ પાપનું પોષણ કરવાનું છે. તેથી આ બધાને કુટુંબી નહિ, પણ સાધર્મિ બનાવી દઉં. દીકરા-દીકરીને દીકરા-દીકરી તરીકે ન પોષું, પણ સાધર્મિ તરીકે પોષું કે જેથી આગળ વધીને તેઓ સારા શ્રાવક અને સાધુ બને; જૈન ધર્મના મહાન ઉપાસક બને." તેમ પતિ પત્નીની સાથે ને પત્ની પતિની સાથે સાધર્મિ તરીકે વ્યવહાર રાખે તો પાપ સંબંધમાંથી ઘણો બચાવ મેળવી શકે.

બાકી તો ક્યાં મોહના સગાંની સેવા ! ને ક્યાં ગુરુની સેવા ! ગુરુની સેવા પાપને ઘટાડનારી બને છે. જૈન શાસનના ગુરુઓ ત્યાગી અને સંયમી હોય છે. તેથી તેઓ જાતે પવિત્ર જીવન જીવવા ઉપરાંત જગતને ત્યાગ અને સંયમ શિખવે છે; શાસ્ત્રોના જ્ઞાનનું દાન કરે છે. મોક્ષમાર્ગના મહાન આરાધક ગુરુ છે, તો પોતાના શરણે આવેલાઓને મોક્ષમાર્ગની જ આરાધના કરાવે છે. આ સ્થિતિમાં એવાઓને ઉપસંપન્ન થવામાં-સમર્પિત થવામાં આત્માની દીનતા વધે કે આત્મતેજ વધે ? કર્મની પરાધીનતા વધે કે કર્મમાંથી છૂટકારો મળે ?

ગુરુ પાસેથી શ્રદ્ધા, ત્યાગ, સંયમ, શાસ્ત્ર અને મોક્ષમાર્ગ મેળવ્યો, તેથી તો તે આત્મા ઇન્દ્રિયોનો વિજેતા બને છે ! મનને અંકુશમાં લેનારો બને છે ! દુનિયાને ફૂટી કોડીને તુલ્ય ગણે છે ! માત્ર આત્માના શુદ્ધ સ્વરૂપની મમતાવાળો બને છે; કે જે સ્વરૂપમાં દુનિયાની તથાજ રહેતી નથી ! આવો આત્મા સાચો સ્વાધીન આત્મા છે, સાચો સાત્ત્વિક આત્મા છે. એ જુએ છે કે "આ દુનિયાની જેમ વધુ સગવડ મળે, તેમ આત્મા વધુ મલિન, પરતંત્ર, ને ઓશિયાળો બને છે. તેમ જગતના સ્વાર્થમાં ને મોહમાં ફસેલા જીવોને જે સમર્પિત બને છે, તેમાંથી પણ દીનતા, પરાધીનતા ને પાપની વૃદ્ધિ થાય છે. દુનિયાના સમર્પણમાં આત્માની અવનતિ છે, ગુરુના સમર્પણમાં આત્માની આબાદી-ઉન્નતિ છે" આવું સમજનારો જે આત્મા છે, તેને સહેજે પોતાના આત્માનું અર્પણ કરવામાં વાંધો નથી આવતો. તે પોતાની સ્થિતિ સમજે છે કે "હું અલ્પજ્ઞ છું, હશે મારામાં હોશિયારી, પણ તે દુનિયાના ઘરની, આત્મકલ્યાણની વાતમાં હું ભોટ છું, ગમાર છું. ક્યાં ક્યાં આત્માને હાનિ પહોંચે છે, ને ક્યાં ક્યાં આત્માનો બચાવ થાય છે, તેની મને ગમ નથી. તે ખબર ગુરુ મહારાજને છે." માટે ગુરુને આત્માનું અર્પણ કરે છે. તે અર્પણ કર્યા પછી હવે, સંસારમાં જેમ અંકુશ વિનાના-નિયંત્રણ વિનાના ફરતાં-ભટકતાં હતા,

તેમ નહિ. તે કરવામાં તો દુનિયામાંય સારું કંઈ નથી કર્યું. એક બંધન તોડીને દસ સાંકળથી બંધાયો તો. 'હું બંધાયેલો નથી." એમ માને, છતાં પરમાર્થ કરવાનો અવસર આવે, ધર્મ સાધવાનો અવસર આવે ત્યારે કહે કે મારે 'આને પૂછવું પડશે, આ ના કહે છે માટે નહિ થાય...' એનો શો અર્થ ? ક્યાં રહી સ્વતંત્રતા ? સ્વતંત્રતા સાચી એનું નામ કે સુકૃતો આચરવામાં કોઈના નડતર નડતા ન હોય. 'સ્વતંત્ર છું' એમ કરીને દૃષ્કૃતો વધારે તો તે 'સ્વતંત્ર નહિ, પણ સ્વચ્છંદી કહેવાય.

રાત્રે ભરવાડે ઘેટાઓને વાડામાં પૂરી રાખ્યાં. ત્યાં એક ઘેટાને ચળવળાટ થયો કે "અમને કેમ અંદરમાં પૂર્યા ? પેલો કૂતરો બહાર કેવો લહેર કરે છે !" આમ વિચારી રાત્રે છીંડા વાટે બહાર નીકળી ગયું. સ્વતંત્રતા મલી કે નહિ ? જંગલની વાટે ચાલવા માંડ્યું. "આહા ! કેવી મઝા આવે છે ! ચાંદની ખીલી રહી છે ! હરિયાળી વનરાજી છે !..." આમ ખુશી થાય છે, ત્યાં તો ભૂખ્યું વરું આવ્યું, ને બોચીમાંથી બકરાને પકડ્યું...

આ સ્વતંત્રતા કેવી ? માને છે કે "હું સ્વતંત્ર છું," તો સ્વતંત્રતાનો ઉપયોગ સુખમાંથી દુઃખમાં પડવાનો હોય ? તો એ સ્વતંત્રતા નહિ, પણ સ્વચ્છંદતા કહેવાય.

ગુરુ પાસે ઉપસંપન્ન બનનારો આત્મા આ વિચારે છે કે "હું સંસારમાં સ્વચ્છંદપણે ચાલતો હતો, મારું મન આમ કહે છે...મને આમ લાગે છે. મને આમ દેખાય છે, હુંય સમજદાર છું, સ્વતંત્ર છું...આ ધોરણો હું ઘરમાં હતો ત્યારે ચલાવતો. એનો ઉપયોગ પાપની કાળી રમત રમવામાં કરતો. હવે એ મારું જ્ઞાન-ઇચ્છા...ધોરણો ઊભાં રાખું તો એ જ કાળી રમત પાછી અહીંયાં થાય. હવે એ ન જોઈએ. મારી ઇચ્છા એટલે સ્વચ્છંદતા, મારું જ્ઞાન એટલે અજ્ઞાન, મારી ઇચ્છા મનોરથ એટલે પાપઇચ્છા, પાપમનોરથ. હવે તો મેં સંયમજીવન લીધું તો ગુરુનું જ્ઞાન તે મારું જ્ઞાન. ગુરુની ઇચ્છા તે મારી ઇચ્છા !" ગુરુની ઇચ્છાને કેમ આગળ કરે છે ? કેમકે પોતાની ઇચ્છાથી તો દુષ્કૃત કર્યા છે, પણ હવે સુકૃત કરવાં હોય તો ગુરુની ઇચ્છાને આગળ કરવાની. આવી રીતે ગુરુના શરણે આવેલો આત્મા સમુપસંપન્ન કહેવાય. એવા આત્માને કોઈ ભય, કોઈ ચિંતા નથી. હવે સંસારમાં રખડવાનું નથી. ગુરુની ઉપસંપદામાં આગળ વધી જાય તો ગુરુ કદાચ છદ્મસ્થ રહી જાય ને પોતે કેવળી બની બેસે. ચંદનબાળા એટલે છત્રીસ હજાર સાધ્વીઓના વડેરા. તો તેમનામાં કેટલા ગુણ, યોગ્યતા હશે, કેટલો આત્મા ઊંચો હશે એમના શિષ્યા મૃગાવતીજી પહેલાં કેવળી બન્યા. શાના પર ? ઉપસંપદા પર. ગુરુણીની



એવી ઉપસંપદા લીધી છે, આત્માનું એવું નિર્માણ કર્યું છે કે ગુરુણીની અક્કલ, બુદ્ધિ તે જ મારી અક્કલ અને બુદ્ધિ. ગુરુણીએ કહ્યું કે "સમોવસરણમાંથી મોડી આવી તે તારા જેવી કુલીનને યોગ્ય નથી." બસ, જે ગુરુણીને કહ્યું તે જ માનવાનું. કારણ જોવા જાય તો કારણ મજબુત હતું. "મોડી આવી તો કંઈ ભટકવા નહોતી ગઈ. ભગવાન પાસે ગઈ હતી. તે પણ સૂર્યચન્દ્ર પોતાના મૂળ વિમાન સાથે આવેલા, કે જ્યાં ભલભલા પણ ભૂલા પડી જાય..." આ કારણ મજબૂત છે, પણ એમ મનાવા જાય તો ખલાસ ! 'ગુરુણીને ખોટું લાગ્યું તો મારે ખોટું જ લગાડવાનું.' એવી ઉપસંપદામાં પરિણામ કેવું આવ્યું ? ઊંચે ચઢ્યાં. ચંદનબાળા તો સૂતા રહ્યાં છે ! "ગુરુણીને જે લાગે તે મને લાગે. ગુરુનો જે વિચાર તે મારો વિચાર, ગુરુને ક્લેશ તો મને ક્લેશ, ગુરુને લાગ્યું કે મેં કેમ આવું કર્યું ? જો ગુરુણીને આવો ખેદ તો મને પણ ખેદ. હું કેવી ભાન ભૂલી !" આવો ખેદ કરતાં કરતાં મૃગાવતીજી સાધ્વી કેવળજ્ઞાન પામ્યા આ ઉપસંપદા. આ જ્યાં સુધી કરવામાં ન આવે ત્યાં સુધી આ ભયંકર અંધકારભર્યા ભવમાંથી નીકળવાનો માર્ગ મળે નહિ. ગુરુને સમર્પણ છોડીને પોતાની અક્કલ-બુદ્ધિ મુજબ આરાધના કરવા નીકળે છે, તે અથડાઈ મરે છે. અંધકારમાં જ રહે છે. અહીં પૂછોને,

**પ્ર.**- પણ કોઈની બુદ્ધિ તેજસ્વી હોય તો ગુરુ કરતાં પોતે શાસ્ત્ર સારા લગાડી શકતો હોય, પછી ગુરુને સ્વાત્મ-અર્પણ ન કરે તો શું બગડી જવાનું ?

ઉ.- પણ સમજો કે ગુરુને અર્પણ થવામાં એક મહાન લાભ એ છે કે આજ સુધી આત્માને ધર્મ સાધવામાં અનુકૂળ સંયોગો ઘણીવાર મળ્યા; પણ છતાં હજુ વર્તમાનમાં જીવ રઝળતો છે. કેમ ? એની પાછળ જો કે ઘણાં કારણ કહી શકાય કે જીવ મિથ્યાત્વમાં સડતો હતો, અભિમાની હતો, વિષયાંધ હતો, લોભી, લક્ષ્મીનો લાલચુ-મમતાળુ-સ્નેહાળુ-તૃષ્ણાળુ હતો. પણ એ બધા દોષને ટપી જાય તેવો એક દોષ છે કે જે દોષ ટળે નહિ ત્યાં સુધી આત્માનું કલ્યાણ ન થાય. ભલે લોભ મૂકી દીધો હોય, વિષયો તરફ વૈરાગ્ય કેળવ્યો હોય, પણ **એક દોષ એવો છે કે જે આત્માને ઊંચો આવવા જ ન દે. તે દોષ છે આપમતિનો.** આ એવો ખંધો દોષ છે કે એને કાઢવો ઘણો મુશ્કેલ છે. કોઈને ઉપદેશ આપવો હોય તો આ પહેલું કહેવાનું કે 'આપમતિ મૂકીને ગુરુમતિ બનો.' એ કહેશે, "આ તો અઘરું છે. તેમ કહો તો ૫-૫૦ સામાયિક કરશું ૫-૫૦ હજાર ખર્ચી નાખશું પણ આપમતિ નહિ મૂકાય." ગુરુમતિ-શાસ્ત્રમતિ એટલે "શાસ્ત્રને ગુરુને આમ લાગે છે, મારે એ કરવાનું." આપમતિમાં પોતાના મનને ઠીક લાગે તે કરવાનું. આપમતિ ટાળવી ને શાસ્ત્રમતિ જાગવી એ દોહીલું કાર્ય છે. આપમતિ મૂકાઈ જવી ને ગુરુમતિ પકડાઈ

જવી તે ઘણી મુશ્કેલ વાત છે. આપણા જીવે આજ સુધીમાં સંયમ ઘણાં પાળ્યાં, તપ-પરિસહો સહ્યાં, બધું કર્યું પણ આપમતિ ન છોડી. માટે જ આ કંગાલ અવસ્થા છે. નહિતર તો ઘણા ઊંચે ચઢી ગયા હોત. ગુરુમતિને અનુસારે જીવન જીવવામાં આવે તો બીજે જ ભવથી મહાન ઉદય. પછીનો મનુષ્યભવ એવો ઉત્તમ મળે કે જ્યાં જીવ જન્મથી વૈરાગી હોય. માનવતાનો ઉચ્ચ અભ્યુદય થયો હોય. ઘણા ગુણ ઝળહળતા હોય. ગુણો સ્વાભાવિક દેખાતા હોય. ગુણ સ્વાભાવિક એટલે પછી ધર્મકાર્ય કરતાં મનને જે મનાવવું પડે છે તે મનાવવું ન પડે કે "પાપ લાગશે...સંસારમાં રખડવું પડશે. માટે દુષ્કાર્ય ન કરું." એ કંઈ નહિ સ્વભાવથી અનીતિ, જૂઠ, કૃપણતા...તરફ સુગ હોય. સ્વાર્થાન્ધતા તરફ સુગ હોય. આ બધા મૌલિક ગુણો છે તે આત્મામાં હોય તો કહેવાય કે આત્મા ઉન્નત સ્થિતિવાળો છે. આપણે કહી શકીએ કે 'મને વિચારણામાં પણ જૂઠ ગમતું નથી. કંઈકવાર વિચારણામાં પણ જૂઠ ચાલે છે ! પણ વિચારણામાંય જૂઠ ન આવે ત્યારે ઉચ્ચ સ્થિતિ ગણાય. તે આજે નથી. કેમ નથી ? એક દોષ આપમતિનો ટાળ્યો નથી.

ગુરુએ ઓઘો આપ્યો, ભણાવી તૈયાર કર્યા પછી શું ? ગુરુનો ખૂણો જુદો, આપણો ખૂણો જુદો ! પછી કેમ ? 'ગુરુની આજ્ઞામાં છીએ' તે માત્ર કહેવાનું. ક્યાંક આજ્ઞા કરે તે માનવાની, ક્યાંક આપણા મનગમતામાં ગુરુની અનિચ્છાએ પણ આજ્ઞા લઈ લેવાની, ને જ્યાં આજ્ઞા ન કરે ત્યાં જેટલું કરતા હોઈએ તેટલું કર્યે જવાનું ! આપમતિનો દોષ કેવી રીતે નડે છે તે પોતાને ગમ પડવા દેતો નથી. બાકી તો જીવ જુએ તો દેખાય કે વાસ્તવિક આપમતિનું જ નાટક ફેલાઈ રહ્યું છે. ક્યાંક ક્યાંક ગુરુની આજ્ઞા માનવાનું જોયું, પણ ત્યાંય ગુરુની ખરી ઈચ્છા શી છે, તે ન જોયું; અગર તો ઈચ્છા જાણવા છતાં તેની પરવા ન કરી. આમાં સમુપસંપન્નતા ક્યાં સચવાય ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૪૩,તા.૨૧-૭-૧૯૫૬

સમરાદિત્ય કેવળી મહર્ષિ ત્રીજા ભવમાં મંત્રીપુત્ર શિખીકુમાર છે. વિજયસિંહ આચાર્ય મહારાજને એ કહે છે, "પ્રભુ ! સોળ ગુણે કરી સાધુપણાની યોગ્યતા બહુ સુંદર રીતે આપે સમજાવી ! ખરેખર લાગે છે કે આવો આત્મા હોય તે જ સાધુપણાને યોગ્ય ગણાય. એમાં આપ કહો છો કે 'આત્મા સમુપસંપન્ન જોઈએ' તો હું આપને સમુપસંપન્ન છું."

ઘરમાં ધન-સંપત્તિનો તોટો ન હતો. દુનિયાની દૃષ્ટિએ મંત્રીપુત્ર તરીકેનું



માન હતું. આવી સ્થિતિમાં પણ 'માતાનું હૃદય મારા તરફ નાખુશ છે; મારાથી એને ક્લેશ છે; તો આ ઘરમાં રહેવું જરૂરી નથી;' એમ વિચારી ઘર મૂકી નીકળી પડ્યો. આચાર્ય મહારાજ પાસે આવ્યો. તો એમની અમૃતવાણી સાંભળી, થયું કે **'આ ઘર ને માતાપિતા સાથે રહેવાનું તો શું; પણ સમસ્ત સંસારમાં રહેવાનું નકામું છે.'** આચાર્ય મહારાજની દેશના સાંભળી એનો વૈરાગ્ય ખૂબ વધી ગયો; એટલે પોતાનો નિર્ધાર આચાર્ય ભગવંતને જણાવી દે છે, "પ્રભુ ! આપ જ મારે શરણ છો. આપને હું સમુપસંપન્ન છું. આ મારો નિર્ધાર છે" આચાર્ય મહારાજ વિચારે છે કે "આ જીવ ઝીણામાં ઝીણા પ્રશ્નમાં પણ વિચક્ષણ છે ! એનો ચહેરો પણ અત્યંત પ્રસન્ન છે. એનું રૂપ એની મુદ્રા, એનો શરીરનો દેખાવ પ્રશાંત-ઉપશાંત છે ! ઉપશમથી ભરેલો છે ! એના શરીર પર મોહના વિકારો નથી દેખાતા; કષાયની લાગણીઓ નથી દેખાતી."

**અશાંતિનું મૂળ : વિષય વિકાર-કષાય લાગણી :-**

જગતમાં આત્મા અશાંત શાથી ? કાં વિષયના વિકારોથી, કાં કષાયની લાગણીઓથી. સારું રૂપ જોયું, હૈયું ઠર્યું, એ વિષય જન્ય વિકાર, દસ લાખ મળે તો સારું એમ થયું, એ લોભકષાયની લાગણી. પાંચેય ઈન્દ્રિયોના વિષયો અને ક્રોધાદિ કષાયોના વિકાર અને લાગણીઓ ચાલુ જ છે. ત્યાં શાંતિ ન રહે. શિખીકુમાર માટે થાય છે, "આ આત્મા પ્રશાંત છે. એના બોલ જે નીકળે છે તે ઘણાં જ નિપુણ અને વિવેકવાળા, બુદ્ધિવાળા નીકળે છે ! માટે આ કોઈ મોટા સારા કુળમાં જન્મ્યો હોય એમ લાગે છે, લક્ષણો પરથી, ચિહ્નો પરથી **કલ્પી લે છે કે જેની વાણીમાં વિવેકભર્યું અમૃત છે; જેની આકૃતિમાં પ્રશાંતતા છે; વિષયના વિકાર કે કષાયની લાગણીઓ નથી; તો જરૂર એ ઊંચા કુળમાં જન્મેલો છે.** વળી પાછો સાધુપણાની યોગ્યતા પૂછે છે; તો એના ચિત્તમાં વૈરાગ્ય આવી ગયો લાગે છે."

**ચિત્તમાં રાગ ભર્યો હોય તો શું માગે ? સામા માણસ આગળ આપણે માગણી કેવીક મૂકીએ છીએ, તે આપણા ચિત્તનો ફોટો છે.**

**ચક્રવર્તી પાસે શું મગાય ? :-**

કેસરીઆ દાદાની પૂજા તો કરી, પણ માગે કે, "દાદા ! તમે પ્રસન્ન થયા હો તો મારા ભંડાર ભરી દેજો !" આ રાગની આગ ભરી છે ચિત્તમાં, તેનું સૂચન છે. ચક્રવર્તીની આગળ ગયેલો માણસ શું માગે ? "ભઈશાબ...શેર ખીચડી મને અપાવી દેજો..." એમ ? એમ માગે તો કહી ન દે કે **"અરે નાદાન ! એ આપનાર ચક્રવર્તી સિવાય બીજો કોઈ ન મલ્યો ?..." ચક્રવર્તી પાસે શું મંગાય ?** પેઢીઓના દાળદળ ફીટી જાય તેવું જ ને ? શિખીકુમારના ચિત્તમાં વૈરાગ્ય છે. માટે

આ માગ છે કે "સાધુપણાને યોગ્ય કોણ ?" ને હવે કહે છે કે "હું આપને ઉપસંપન્ન છું." ખરેખરો વૈરાગી આત્મા બની ગયો છે. નહિતર તો કહે છે કે "સાહેબ ! ઘણું સરસ વર્ણન કર્યું, બાપજી..." પછી સાહેબ કહે, "પણ મહાભાગ તમારા જીવનમાં ?..." **"એ તો સાહેબ, હેં હેં હેં...એવા અમારા ભાગ્ય ક્યાંથી ? હેં હેં હેં..." લ્યો બસ ?** સંસારમાં દુર્લભ, મહાદુર્લભ એવા ધર્મશ્રવણના અંતે આ ? આ કુમાર જુદોજ આત્મા છે ! તેથી આચાર્ય મહારાજ વિચાર કરે છે કે "આ આત્માનો કાળ પાકી ગયો હોય, એમ લાગે છે, માટે આનો સંગ્રહ કરી લેવો જોઈએ." એટલે ? સંસારમાંથી ઉપાડવો જોઈએ. આચાર્ય મહારાજ નગરમાં પધાર્યા છે, શું આ મંત્રીપુત્રને ઉપાડવા માટે ? ના, મંત્રી અને ગામના લોકો શું વિચાર કરે ? પણ આચાર્ય મહારાજ જે વિચાર કરે છે, તે પોતાના જીવનમાં અનુભવ્યું છે કે-

**"ઓહો ! મારા ભાઈના જીવે લક્ષ્મીના પાપે કેવાં ભયંકર જીવન કર્યા ? જો એક લક્ષ્મીમાં ફસાયેલા જીવની આ દુર્દશા, તો મોહાંધ કુટુંબ, એક એક ઇન્દ્રિયોના સેંકડો વિષયો, ક્રોધાદિ કરપીણ કષાયો આ બધાની ફસામણીમાં જીવની શું દશા થાય ?"** આવું આચાર્ય મહારાજને હાડોહાડ લાગેલું છે.

જ્યારે શિખી આવીને પૂછે છે કે "આપને વૈરાગ્ય કેમ થયો ?" એના ઉત્તરમાં આચાર્ય મહારાજ પોતાના ભવોનું જીવન કહે છે એ સાંભળીને કુમાર પૂછે છે, "પ્રભુ, ધર્મ શું ?" એના ઉત્તરમાં સાંભળે છે, "સંસારથી મૂકાવું, ને સંયમ ગ્રહણ કરવું." તો પ્રશ્ન કરે છે, "સંયમ કોણ ગ્રહણ કરી શકે ? એની યોગ્યતા શું ?" એના ઉત્તરમાં આચાર્ય મહારાજે સોળ ગુણો બતાવ્યા. છેલ્લો ગુણ ઉપસંપન્નતાનો બતાવ્યો. ત્યાં કુમાર કહે છે, "હું આપને ઉપસંપન્ન છું."

આ આત્માએ કેવું ઊંચું સમર્પણ કર્યું ! એ માટે એને ભણવા જવું નથી પડ્યું. એને બોલાવવો પડ્યો નહિ, જાતે આવ્યો છે. આવીને ખાલી ઊભો નથી રહ્યો, પણ પૂછે છે કે "આપને વૈરાગ્ય કેમ થયો ?" તે સાંભળીને કહે છે "બરાબર છે ! વૈરાગ્ય થાય તેવું જ છે !" વૈરાગ્યના વ્યાજબીપણા પર આ સિક્કો માર્યો. "વૈરાગ્યનું નિમિત્ત બરોબર જ કહ્યું. તો વૈરાગી થઈને હવે ધર્મ શું કરવાનો તે કહો."

**જ્ઞાનીને શું પૂછાય ? :**

વિચારવા જેવું છે કે આ શું પૂછે છે ! આવા જ્ઞાની ગુરુમહારાજ મળી ગયા હોય પછી શું શું પૂછવાનું મન ન થાય ? અહીં તો "ધન ક્યાં દાટ્યું છે ?... મને મંત્રીપદું કે રાજ્ય મળશે કે કેમ ?... મારી સામે કોઈ દુશ્મન ઊભો નહિ થાય



ને ? આરોગ્ય સારું રહેશે ? મારું આયુષ્ય કેટલું ?..." આવું કાંઈ જ પૂછવાનું મનમાંય નથી આવતું. કેમકે આવા જ્ઞાની ગુરુ એટલે મહાદાતા; મહાપ્રકાશક; મહાન સંસાર સાગરોદ્ધારક; અનંતકાળે ન મળેલું દેનારા ! એટલે આવા ગુરુ મળે તો તુચ્છ વસ્તુના ઉકેલ પૂછવાને બદલે મહાન ગંભીર અને મહાહિતકારી દુર્લભ વસ્તુ અંગે પૂછાય. વાંધા એ છે કે 'આપણો આત્મા સંસારમાં ફસ્યો; શા માટે કર્મનો ભાર અને માર જ શા માટે ?' એના મૂળ પૂછવાનું નથી આવડતું. ને મામુલી વાંધો-વચકા પૂછાય છે ! "હેં મહારાજ, મારા એકી કલમે રૂપિયા ૫૦ હજાર કેમ ગયા ?" પણ અહીં તો જ્ઞાની કહી દે કે સંસાર છે માટે જ. **દુનિયાના બધા વાંધાનું કારણ ? સંસાર ! માટે સંસાર એજ મોટો વાંધો છે.** એ કાઢવા માટે પૂછી લેવા દે કે 'ધર્મ એટલે શું ?' એ કહેવામાં આવ્યો, તો પાછો સાંભળીને ચાલવા ન માંડ્યો. ઊલટું વધુ આકર્ષાયો. મનને એમ થાય છે.

**જો આવો ધર્મ હોય તો તે એવો સાંગોપાંગ ધર્મ સંસારમાં બેસીને ન કરી શકાય.** શું ઘરમાં બેઠે પાંચ મહાવ્રત પળાય ? આવું વિચારી એની મેળે કહે છે કે એ માટે તો જીવન ઘરવાસના ત્યાગનું જોઈએ. પાછો હોશિયાર એટલે પૂછે છે કે,

'હે પ્રભુ ! એની કોઈ લાયકાત હશે કે નહીં ?'

ગુરુ લાયકાત કહે છે. લાયકાત એટલે કઠિનાઈ. બીક નથી રાખતા કે એ સાંભળી પાછો ઘર ભેગો થાય નહિ ! કઠિનાઈ બતાવે છે. તો અહીં પ્રશ્ન થાય કે એને શું ગુરુને તાણવો પડે છે ? ના, એ પોતે જ પૂછે છે, 'શું છેવટે ઉપસંપન્ન જોઈએ ને ? તો હું આપને મારો આત્મા સોંપી દઉં છું' આટલે સુધી આવનાર આત્માના ચિત્તમાં વૈરાગ્ય કેટલો બધો દૃઢ ? જિનવચનથી દિવ્ય અજવાળાં થયાં. એમાં દેખાયું, **મોહના ચાળા, ને ક્રોધાદિ લાગણીઓ વગેરે ક્રૂર કસાઈઓ છે. છરા લઈને ઊભા છે. જીવને જાણે કહે છે 'તું અમારા સકંજામાં આવ તને ભોંકી દઈએ.'** કષાયની લાગણીઓ, વિષયના વિકારો, ને મોહના ચાળા કરનારો આત્મા બન્યો કે છરા ભોંકાઈ જાય છે. એની વેદના દીર્ઘ કાળે પણ મટતી નથી. દુર્ગતિના ઘોર ત્રાસ, પરમાધામીના સાંભળી પણ ન શકાય એવા ત્રાસ દીર્ઘકાળ સુધી મીટે નહીં ! એટલે શિખીકુમારને હવે સંસારવાસ ખપતો નથી.

**ચેતવણી :** અહીં કેટલાકને એમ થાય છે કે,

**પ્ર.-** આવો બધો ઉપદેશ તો જેને ચારિત્ર લેવાની તૈયારી હોય, લેવું હોય, એને માટે યોગ્ય છે. પણ એ બીજાને શું કામનો ?

**ઉ.-** પ્રશ્ન યોગ્ય છે. પણ તો પછી એટલું સમજી રાખો કે આવો ઉપદેશ જીવનમાં **વૈરાગ્ય** અને **આત્મદૃષ્ટિ** જગાવવા માટે છે. જેનામાં આ બે ગુણ હશે,

તે ગૃહસ્થજીવન પણ ગુણમય જીવી શકશે. અત્યારે જો જીવન ગુણમય ન હોય, પવિત્ર ન હોય તો શું કામનું ? માટે ઊંચા વૈરાગીના જીવન ચરિત્ર યા વૈરાગ્યના ઉપદેશ, એ ગૃહસ્થ જીવનમાં માનવતા ઉપરાંત અનેકાનેક ગુણો અને તેવું વ્યાપક જીવન બનાવવા માટે છે. આજે એમ કેટલાય ગૃહસ્થોનાં જીવન ઉન્નત બન્યા છે. માટે વૈરાગ્યના ઉપદેશથી કંટાળતા નહિ. હવે જુઓ.

## • સંસારવાસ ત્યાજ્ય શાથી ? •

સંસાર **નિર્ગુણ છે;** માટે સાધુપણા સિવાય બીજું આચરવા લાયક નથી. જે બીજું છે તે તો કઠીન છે. દા.ત. ત્યાં શત્રુઓ પણ મળે. એમાં જીવન ભર મિત્ર-શત્રુ પર સમભાવ રાખવો મુશ્કેલ પડે. સંસારવાસ નિર્ગુણ છે તે તો ઠામ ઠામ દેખાય છે. ગુણ હોય તો તેની પ્રગતિમાં આત્મા ઓજસ, સુખ, જ્ઞાન વગેરેમાં વધતો જાય ! અહીંયાં તો પોતાના આત્માની સ્થિતિ જોતાં દેખાય છે કે જેમ જેમ મથે છે, જેમ જેમ જીવનકાળ પસાર કરે છે; તેમ તેમ ઉદયકાળ તો દૂર; પણ અસ્ત કાળ નિકટ દેખાય છે **દીનતા, ઝાંખપ, દુઃખ, અજ્ઞાન વધતાં કે તદવસ્થ દેખાય છે. તો જેની પાછળ આત્માની ઉન્નતિ, ગુણોનો વિકાસ, સ્વાધીનતા અને સુખ વધતું નથી, તે સંસારવાસને ગુણકારી કેમ કહેવાય ?** પુણ્ય હતું તેથી શું ? લાખ મેળવી લીધા ! પછી ભોગવવાનું પુણ્ય નહોતું તો લાખ એમજ રહ્યા અને જાતે પરાધીન બન્યા. કદાચ ભોગવવાનું પુણ્ય હતું તો ય મોટર ને પાંચ બંગલા રાખી સંસારવાસ ખેડ્યો, એજ ને ? શું એ આત્માને સદ્‌ગતિ દેનારી ઉન્નતિ, સુખશાન્તિ, સ્વાધીનતા ખરી ? સંસારવાસમાં **કર્મસત્તા** ઈન્દ્ર જેવાને પણ ઠોકરે લગાવી દે છે.

જાણે કહે છે, 'ઊતર નીચે, હવે પટો પૂરો થઈ ગયો !' કોને ? ઈન્દ્ર જેવાને ! 'જા, માનવી સ્ત્રીના ગર્ભમાં ગોંધા.' આવા સંસારવાસને ગુણકારી કેમ કહેવાય ! પછી સારું કે ખોટું જે મળે તેમાં જીભડી લપ-લપાવે તો તે તો બોઘડ છે ! અક્કલથી તો આ દેખાય છે કે ઈન્દ્ર જેવાને પણ બેહાલ કરનાર, ચક્રવર્તીને નરકમાં મોકલનાર, મહાપંડિતને મૂર્ખ બનાવનાર, આ સંસારવાસ છે ! એટલા જ માટે સંસારવાસ નિર્ગુણ છે.

**માણસ ત્રણ જાતનાં હોય :**

**(૧) ઉપકારી. (૨) ઉપકાર ન કરનારા. (૩) અપકાર કરનારા**

કેટલાક કોઈનું સારું કરવામાં રાજી. ''બીજાનું ભલું કરવામાં મફતિયું કોણ ઘસાય,' આ વિચાર મૂર્ખતાવાળો છે. **બીજાનું ભલું કરવામાં ઘસાવાનું છે જ નહીં;**



પણ આપણી કાયા ને સંપત્તિના આપણે એવા કેવા ગુલામ છીએ એનું માપ નીકળે છે. દુનિયામાં વેપાર જે નફો ન આપે, તે પરોપકાર આપે છે. શાલિભદ્રની નવાણું પેટીનો વૈભવ કયો વેપાર આપી શકે એમ હતો ? એ તો પૂર્વની થાળી ખીરનું દાન, અતીવ અનુમોદન વગેરે પરોપકાર ને પરમાર્થનો વેપાર લાવી આપે છે. એમાં ઘસાવાનું માને તે મૂર્ખ કે બીજું કાંઈ ? દુનિયાને ઊંધા ચશ્મા ! એટલું છે કે દુનિયાનું ભલું કરનારા હોય છે તેમને એક જ વાત છે, **''આપણું કોઈ કરે કે ન કરે, આપણે એનું ભલું કરવું. સારું કરેલું કશું જ રદબાતલ નથી જતું. સારું કરેલું પરભવની મૂડીમાં જમે થાય છે. જગતે જાણ્યું કે ન જાણ્યું, એનો બદલો** મલ્યો કે ન મલ્યો, પણ એ વાત નક્કી છે કે એ પુણ્યના ચોપડે જમે થાય છે.'' કેટલાકને ઉપકાર સૂઝતો જ નથી; વિચારવા ફૂરસદ જ નથી; એક જ વાત છે, પોતાનું પેટ ભરો ! ફૂરસદ તો મલે છે, પણ કહે છે, 'ઘર બાળીને તીર્થ કોણ કરે ?' પણ સમજવાની જરૂર છે કે **તીર્થ** એટલે જગતને તારનાર; ને **ઘર** એટલે જગતને દુર્ગતિની કેદમાં પુરનાર. એક તારનાર છે; એક કેદમાં પુરનાર છે. 'એ કેદ કરનારું સ્થાન બાળી તારનારું સ્થાન ઊભું કરવામાં ખોટું શું ? બાકી બીજા પ્રકારના જીવોને ઉપકાર કરવો ગમતો નથી તેથી આવી કહેતી આગળ ધરે છે.

ત્રીજા પ્રકારના તો સાવ ઊંધા ! બીજાનું ભલું કરવું નહીં, પોતાનુંયે ભલું ન કરવું, ઉપરથી બીજાનું બગાડવાની વાત ! એવા ઈર્ષ્યાળુ હોય છે. 'હું ન ખાઉં ને તારું જરૂર ખોદી નાખું. મને પાંચ મલ્યા તે તો ઠીક પણ આ બીજાને પાંચ કેમ મલ્યા ? કર કાંક કર, વાળ એનું ઊંધું આવા આવા કુવિચારમાં રમ્યા કરે છે.

**જ્ઞાનીઓ સંસારવાસને ત્રીજી કોટિનો બતાવે છે એટલે ? અપકારી !** જડ જગતને જીવનું સારું કંઈ કરવાનું નહિ; નિકંદન નીકળે તેટલું કાઢવાનું ! એમ પૂછતા નહિ કે ખાવાનું સુખ તો આપે છે ને ? ઘર-કુટુંબ વગેરેનું તો સુખ સંસારવાસ આપે છે ? કહેવું છે એવું ? એમાં કંઈ માલ નથી. કહેતા નહિ. એ ખાવા-ભોગવવા વગેરે ખાતર આગળ-પાછળ પીસાવાનું કેટલું ? તરતમતાદિ દાખવવામાં જગતનું શું જીવ પ્રત્યે સન્માન છે ? જગતનું એ અપમાન છે !

**કર્મ થકી જીવનું અપમાન :**

કોઈ માણસ જમવાનું આમંત્રણ આપે ને આપણે ખુશી થઈને જઈએ. જમણ જમાડે સરસ. બધું ખરું, પણ ઘરમાં પેસતાં જ તિરસ્કાર કરે 'કેમ ઝૂડવા આવ્યા ? એમ જમવાનું મલતું હશે ?' અથવા કોઈ બોલે નહીં. બોલે તો બેસાડે છેલ્લે પાયખાના પાસે, તો ખુશીથી ખાઈને આવો ? કે ભૂખ્યા આવો પાછા ? મનને દુઃખ થાય ને ? તો સંસારના સુખમાં કેમ નથી થતું ? જરાક ખાવાનું દેખાડી

છોકરા અપમાન કરે છે માબાપનું ! એવું એવું જગતમાં કેટલુંય અપમાન ચાલે છે. તો શું ખાવાપીવાને ઉપાડવાનું ? પછી ? 'હૈયું ધીરું કરીને જે મળ્યું તે બરાબર છે !' એમ માની ચલાવે; પણ સંસારની નિર્ગુણતા ન સમજે તો ગમારિતા ખરી ને ? પુણ્યે કદાચ દેવલોક આપી સન્માન કર્યા પણ પછી અહીં જે આપે છે તે પેલાની અપેક્ષાએ વિટંબણા નથી શું ? કોઈ શ્રીમંતને ઘેર આમંત્ર્યો હોય, ચાંદીને પાટલે બેસાડીને જમાડે આગ્રહ કરીને. પછી કેટલોક અવસર વીતી ગયો. હવે પેલાએ આને ફરીથી નોતર્યો. પણ હવે કેમ ? ચાંદીના પાટલા પર તો શ્રીમંતોને બેસાડ્યા ને આને બેસાડ્યો ક્યાં ? સંડાસની આગળ સિમેન્ટની ગુણપાટ પર ! કાંસાની ભાંગલી થાળી આપી. એમાં કોદરી પીરસી. કહો આ અપમાન ખરું ? આમાં પેલાને જમવું ગમે ? ના, તે આ કર્મસત્તાએ દેવલોકમાં મજેના ભોગ પીરસ્યાં; ગીતગાન આપ્યા; વાજા વગડાવ્યા, દિવ્ય વૈભવ-વિલાસ અને રત્નના વિમાન આપ્યા હતા. હવે અહીંયાં શું, ક્યાં બેસો છો ? દેવલોકની અપેક્ષાએ ગુણપાટ પર પણ નહીં, નીચે ? અને કદાચ પાટલા પર બેસતાં હશો તો તે પચીસ વરસનો વારસાગત આવતો પાટલો ? કે નવો હીરા-માણેક જડેલો ? જવા દો. એ દિશામાં વિચાર શૂન્યતા છે એટલે કર્મનું અહીં ધરાસર અપમાન લાગતું નથી; અને કચરાપટ્ટી સંસારને વધાવી લો છો. આવી સ્થિતિ અનંતાકાળથી ચાલી રહી છે. એથી સુજ્ઞ જીવ સમજે છે કે **આ સંસારવાસ કારમો ! માટે જ આ સાધુપણું એજ આદરવા યોગ્ય છે.**

આચાર્ય મહારાજ શિખીકુમારને કહે છે, 'તું એની ભાવના રાખે છે તે યોગ્ય છે ! સાધુપણું જ રાખવા લાયક છે. સંસારવાસ નહિ. તને આ ભાવના થઈ, એ સરસ થયું; પણ સમજજે કે એ ઘણું દુષ્કર ! હવે દુષ્કરતા બતાવે છે !'

**ત્રણ રસ્તા :**

પહેલી વાત કહી તેનાથી સંસારવાસ ભયાનક લાગે છે ! સંસારવાસની કુટિલતા સંસાર જાળવી બેસી રહેવા માટે ? પૈસા હાથમાં લેતાં ! સારું રૂપ જોતાં ? મૂર્છાઈ નહિ ? હૈયે શું અલિપ્તતા દેખાય છે ? ના, એ તો કંઈ દેખાતું નથી. એટલે સંસારવાસ ભયાનક સમજવા છતાં હજી એ ત્યજવાની પાછળની વાત કઠિન લાગે છે. તે લેવાય એમ નથી, તે બંનેની વચ્ચેનો રસ્તો લેવાનો. દા.ત. કોઈ નગર જવાના બે રસ્તામાંથી 'કોઈ કહે કે એક રસ્તો એવો છે કે તે ટૂંકો છતાં એના પર કાંકરા બહુ આવે છે. બીજો રસ્તો એથી લાંબો અને ઓછા કાંકરાવાળો છે. ત્રીજો તો વાઘ-વરૂનો, વનનો માર્ગ છે.' તેમ અહીં કાંકરાવાળો માર્ગ તે સાધુપણાનો. તે ટૂંકો છે. વચલો માર્ગ તે દેશ વિરતિનો છે; અને ત્રીજો



વાઘ વરુનો માર્ગ સંસારવાસનો છે. એ ત્રીજો માર્ગ ન ગમતો હોય તો વચલો માર્ગ તો લેવાય કે નહિ ? એ જો લેવાય તો ગૃહસ્થપણું પણ ગુણોથી એવું સુશોભિત બનાવાય, દેવગુરુની ભક્તિના પ્રકારોથી એવું રળિયામણું બનાવાય કે તેમાં આગળ વધતાં સર્વ વિરતિ માર્ગ ઝટ હાથમાં આવી જાય ! ત્યાં આત્માને ગુણોથી ઝગમગ પ્રકાશિત કરાય. દેવગુરુની ભક્તિના અનેક પ્રકારોથી જીવન રળિયામણું બનાવાય ! પછી હાલતાં ને ચાલતાં જડ પદાર્થની માયા પાછળની વાતો નહીં ચાલે. જીવ એનાથી વિરામ પામી ગયો. મદ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા કંઈ નહીં. એ તો ઢેડ-ભંગીના કામ ! હું તો ઊંચા સ્થાનમાં જન્મ્યો છું. બહું ધન-ખાન-પાન વગેરેની ચિંતા એ તો અનાર્ય અધર્મીનાં કામ ! હું તો આર્ય છું, ધર્મી છું... આવી આવી માનસિક યોજના કરી પાપની ઘણી ઘણી પ્રવૃત્તિ બંધ કરી દે એટલે જીવનનો અમૂલ્ય કાળ જે વેડફાઈ જાય છે વાત ને વિકથામાં ! બીનજરૂરી દુનિયાદારીની પ્રવૃત્તિઓ વધારવામાં ! શોખ ને મોજમાં ! એ બધા સંસારવાસના ખેલ છે. જેને સંસારવાસ ગમે છે તેના તો એ ખેલ છે. જેને સંસારવાસ ગમતો નથી, તે તો દાન-શીલ તપના કાર્યો, સામાયિક ને નવકારવાળી, જ્ઞાન ને ધ્યાન એવું એવું કરવાવાળો હોય છે. એના મનમાં એવા પવિત્ર સુકૃતો રમતા હોય છે. એને જરા ફુરસદ મળી કે નવકારવાળી હાથમાં હોય ! ધર્મનું પુસ્તક પાનું હાથમાં ! પૈસાની જોગવાઈ થઈ કે સાત ક્ષેત્રના, દયાના દાનના કામ થવા માંડે. સંસારવાસની પ્રીતિવાળાને તો આમદાની થઈ કે વટમાં મદમસ્ત હોય. આવડે છે જીવનનું કામ હિસાબસર બનાવતાં ? ના, રેઢિયાળ ! જગતમાં જુઓ, જ્યાં ઉચ્ચ સંસ્થા બની ઉચ્ચ કંપની બની, ઊંચી પેઢી થઈ, કે એની કાર્યપદ્ધતિ ચોક્કસ અને ઉચ્ચ કોટિની બનવાની ! તો માનવ જીવન જેવા ઉચ્ચ જીવનમાં સમગ્ર પ્રવૃત્તિઓનો કાર્યક્રમ કેમ ઉચ્ચ કોટિનો ન હોય ? કેમ સંસારવાસના રસિક ખેલ મિટાવી ઊંચી દાનાદિ ધર્મની, તત્ત્વચિંતન-તત્ત્વચર્ચાની, પરમાત્મભક્તિ-ધ્યાનની પ્રવૃત્તિઓ ન ઝગમગે ?

**સાધુજીવનની દુષ્કરતાઓ :**

સમરાદિત્ય કેવળી ભગવંતનો જીવ ત્રીજા ભવે શિખીકુમાર થયેલ છે. તેમને વિજયસિંહ આચાર્ય મહારાજે એમના બોલ પરથી ભવવિરાગી પરખી લીધા; એને એટલે યોગ્ય અવસર જાણી સ્વીકારી લેવાનું નક્કી કરે છે; પણ એને ચારિત્રની કઠિનાઈ બરાબર સમજાવી દેવા કહે છે.

''જો મહાનુભાવ ! તને સાધુ બનવા યોગ્ય જે ગુણો કહ્યાં એમાં બીજા ગુણોથી રહિત હોય એવાઓ ઉપસંપન્ન થવા, પોતાની જાત સોંપી દેવા તૈયાર છે, એટલા માત્રથી અહીં સ્વીકારવામાં આવતા નથી. તારું મન બરાબર છે, કે આવા સ્વભાવે નિર્ગુણ એવા આ સંસારમાં શ્રમણપણું સાધુપણું જ લેવું. પરંતુ એ સમજજે કે એ દુષ્કર છે; દુઃખે પાળી શકાય એવું છે.'' આચાર્ય મહારાજે બીજા ગુણોનીય આવશ્યક્તા ય બતાવી; ઉપરાંતમાં બીજી પણ કેટલીય દુષ્કરતા કહેવા ઈચ્છે છે. સાધુપુરુષ છે. બીજાને ઠગે શાના ? માલ જેવો છે તેવો બતાવે છે, તેવો જ ઓળખાવે છે. પણ શિખીકુમાર ડગે એમ નથી. એ સમજે છે કે મહાલાભની પ્રક્રિયામાં કઠિનાઈ તો હોય જ. એમાં ડગવાનું શું ? એમાં તો આત્માનું ઓજસ વધે છે. આચાર્ય મહારાજ કહે છે, ''જો સમસ્ત ચારિત્ર જીવનના કાળ માટે શત્રુ-મિત્ર પ્રત્યે સમાનતા રાખવાની હોય છે. જે આપણે દુનિયાના નાના પ્રસંગોમાં કોઈના તરફ પ્રતિકૂલતા ને અવરોધ ઊભા કરતા હતા, પણ તે હવે ચારિત્રમાં મોટામોટા પ્રસંગોમાં પણ સામા પર અરુચિ અવરોધનું નામનિશાન ઊભું કરવાનું નહિ. કોઈના પ્રત્યે આપણે પ્રતિકૂલ વર્તવાનું નહિ. અરુચિ દોષ, દુર્ગુણ પ્રત્યે હોય. પણ જીવ તરફ કંઈ નહીં આ પહેલી મોટી વાત કરી, **દિલ સાધુ થાય તો, ચારિત્ર પળે.** ધ્યાન રાખજો, જાહેર વ્યક્તિ થશો, ઘણાના સંસર્ગમાં આવશો, અનેક ઘેર ગોચરી જવું પડશે; અનેક પ્રકારના માણસો મલશે, સન્માન કરનારા કે અપમાન કરનારા મળશે, પણ એના પ્રત્યે હૈયામાં પ્રેમ-દુર્ભાવ નહિ થાય. ધર્મલાભ ! કહીને ચાલતા થવું પડશે. ન કોઈ શત્રુ પર અણગમો કરવાનો; કે ન પૂર્વના સ્નેહી સજ્જનને પણ પોતાના માનવાના ! 'આ મારા સગા છે, તો એ ઊંચા આવો, સંસારમાં સુખ માટે આમ કરો.' એ નહિ ! 'મારે તો આખું જગત મિત્ર. એ માટે આખા જગતનું આત્મહિત થાઓ.' તે સિવાય મિત્રમંડળ કે સ્નેહી સંબંધીને પોતાના માનવાનાં નહીં. એનું જે થતું હોય તે એ જાણે. એવી રીતે રહીને હિંસાની વિરતિ બરાબર પાળવાની. અહિંસા એટલે હિંસાથી સર્વથા આઘા રહેવાનું. આમ વિશ્વના



સમસ્ત જીવ પ્રત્યે સમભાવ રાખીને, વિચારવાનું 'નાના કે મોટા, ત્રસ કે સ્થાવર, કોઈ પણ જીવની હિંસા હું ન કરું. જીવનની સગવડ સચવાય કે ન સચવાય, અગવડ વેઠીને પણ જીવદયા જ પાળવાની; હિંસા નહિ કરવાની.''

મેતારજ મુનિને સોનીએ પૂછ્યું કે ''જવલા લાવો. હમણાં જ અહીં એરણ પર જવલા હતા તે ક્યાં ગયા !'' મુનિ જાણતા હતા કે પક્ષી ચણી ગયા છે. વાત કહેવાય નહિ ! અરે, આ તો સાધુ અવસ્થાની વાત છે. પણ શ્રાવકપણામાં સુદર્શન શેઠને રાજાએ પૂછ્યું કે ''આ રાણી અભયા કહે છે કે તમે અયોગ્ય વર્તાવ કર્યો છે. તમારે શં કહેવું છે ?'' સુદર્શન શેઠ અખંડ બ્રહ્મચારી છે; શુદ્ધ છે. પણ વિચારે છે, 'રાણીનું નામ ન લેવાય ! કેમકે રાજા રાણીને સજા કરે !'

**'કોઈના દુઃખમાં આપણે નિમિત્ત ન થઈએ !'** એ ક્યાં સુધી સાચવવાનું ? ખોટા ફજેત થઈ શૂળીએ ચઢવાનો અવસર આવ્યો ત્યાં સુધી સુદર્શન શેઠે સાચવ્યું. બીજા જીવને દુઃખ પડે એવો અક્ષર કાઢવો નથી ! કહે તો વાત માન્ય થાય એવી હતી; **પણ સમશત્રુ મિત્રભાવ !**

**જેમ બ્રહ્મચર્ય પાળ્યું તેમ અહિંસા પણ પાળવાની.**

નગરની વચ્ચે થઈને ચાલ્યા શૂળીએ ! કોઈ બોલનારા હશે કે 'જોયો મોટો ધર્મ કરનારો ? પેઠો રાણીવાસમાં !' ગમે તેમ, પણ પોતે ચલિત થવાની વાત નહિ. મોક્ષમાર્ગનું પાલન ક્યાં મળવાનું હતું ? શ્રાવકપણે આ, તો સાધુપણામાં તો હોય જ ને ? સૂક્ષ્મ પણ હિંસા નહિ. મનથીય નહિ. અનુમોદના પણ નહિ.

(૨) કોઈ વાર જૂઠું વચન પણ ન બોલાઈ જાય તેને માટે પણ તકેદારી ! એ માટે, સતત જાગ્રતિ-સાવધાની રાખવાની. અપ્રમાદી રહેવાનું; સત્યવચની બનવાનું; સૂક્ષ્મ પણ અસત્ય ત્યજવાનું.

(૩) દાંત ખોતરવાની સળી પણ ધણીએ આપ્યા વગર ઉપાડવાની નહીં, આ મર્યાદાએ અદત્તાદાન ત્યાગનું વ્રત.

(૪) અબ્રહ્મનો નિરોધ; એટલે મન-વચન-કાયાથી મૈથુન ન સેવું, ન સેવરાવું, સેવનારને ન અનુમોદુ; એમ ત્રિવિધે ત્રિવિધે બ્રહ્મચર્ય પાળવાનું.

(૫) પરિગ્રહ કંઈ જ રખાય નહિ માત્ર વસ્ત્ર-પાત્ર ને સંયમના ઉપકરણ પાસે રખાય. એમાં પણ માનસિક ઘણી જ નિર્મમતા રાખવાની.

(૬) ચારે પ્રકારના આહારનો રાત્રે ખાવાનો ત્યાગ. દિવસના ભોજનમાં પણ, ઉદ્ગમ, ઉત્પાદન, ને એષણાના દોષોથી રહિત આહાર લાવવાનો, અને લાવીને સંયોજનાદિ પાંચ દોષ રહિત વાપરવાનું. બહારથી તો નિર્દોષ લઈ આવ્યા, પણ 'લાડુ ઠીક આવ્યા છે, તો લાવો ટેસથી વાપરીએ !' એમ રાગ, પ્રશંસા જો

થઈ તો અંગાર દોષે દોષિત થઈ જાય. શું આ ? આખી નદી તરી જનારાને કાંઠે આવીને બૂડવા જેવું થાય. શાસ્ત્રો સાધુને કહે છે, "મહાનુભાવો ! ધ્યાનમાં રાખજો આહાર વાપરવા બેસતાં પહેલાં. આ નિર્દોષ ગોચરી લઈ આવ્યા તે તો ઘણો સાગર તરી ગયા. પણ હવે જ આ પરીક્ષાકાળે ખાબોચિયા પાણીમાં લપસી ન પડતા. સંકટનો કાળ છે એ સમજી રાખજો. કેમકે ઈન્દ્રિયોનો સીધો સંપર્ક થવાનો, ત્યાં લડવું કઠીન છે."

**જ્ઞાતા અધ્યયન**માં પ્રસંગ આવે છે, એક શેઠના ઘરમાંથી ચોરો ધનમાલ અને શેઠની છોકરીને ચોરી જાય છે. શેઠ તરત પોતાના ચાર છોકરાઓ અને કોટવાળો સાથે ચોરની પૂંઠે દોડે છે, શેઠે સિપાઈઓને કહ્યું છે કે "તમે મારી છોકરી પાછી લાવી આપો અને એમાં વચમાં જે ચોરાયેલો માલ પાછો લાવો તે તમારો. પણ સિપાઈઓ એથી માલની લાલચમાં પડી માલ લઈ ધીમા પડવા લાગ્યા. ત્યારે શેઠે ગભરાઈને પોતાના ચાર છોકરા સાથે જંગલમાં પુત્રી ઉપાડી જતાં ચોરની પૂઠે જોરથી દોડવા માંડ્યું. બહુ આગળ જતાં એ ચોરને લાગ્યું કે "હવે પકડાઈ જવાશે; અને આ વાણિયાએ કસીને મારી પૂંઠ પકડી છે; પણ એના હાથમાં છોકરી તો નજ જવા દઉં. બતાવી આપું એમને." એમ વિચારી એણે છોકરીનું ડોકું કાપી લઈ ધડ પડતું મૂકી દોડવા માંડ્યું. અહીં શેઠ અને છોકરા ધડ પાસે આવ્યા અને જોતાં જ વજ્રઘાત પામી અટકી ગયા ! મનને થયું "અરેરે ! કેવો જુલ્મ ! કદાચ અમે બહુ ન દોડ્યા હોત તો આ છોકરી ચોરને ત્યાં કમમાં કમ જીવતી તો રહી શકી હોત ?..."

જુઓ કે ભવિતવ્યતા શું કામ કરે છે ? શેઠે સારા માટે કર્યું છતાં પરિણામ ઓર ભયંકર આવ્યું ! શેઠ અને ચોરની વચમાં બિચારી છોકરીએ પ્રાણ ગુમાવ્યા. પૂર્વે કરેલાં કર્મ ભોગવ્યા વિના ચાલતું નથી; અને એ કર્મનું ફળ નીપજવામાં વિચિત્ર સંયોગો નિમિત્ત બની જાય છે ! વહેલી પ્રભાતથી ઠેઠ બપોર સુધી ખૂબ દોડ્યા હોવાથી શેઠ અને છોકરા થાકી ગયા છે. એમાં પાછું છોકરી મરવાથી હિંમત ભાગી ગઈ છે. હવે ભૂખ્યા ચાલવાની હામ નથી. ત્યારે, ન ચાલે તો ત્યાં ભયાનક અટવીમાં અને તપતા મધ્યાહ્નમાં રહેવાય એમ નથી; પણ તો પછી ત્યાં ખાવું-પીવું શું ? નથી ત્યાં ફળફળાદિ, કે નથી ત્યાં પાણી પણ ! એટલે શેઠ બીજો ઈલાજ ન દેખતાં અવસર વર્તીને છોકરાઓને કહે છે,

"જુઓ, અહીં બધાનેય ભૂખે મરવાનો અવસર આવ્યો છે. માટે એમ કરો, હું તો હવે ઘરડો થયો છું; તે હવે મારે આમેય કાંઈ વધારે જીવવાનું નથી. અને દુનિયાય મેં ઘણી જોઈ લીધી છે. તમારે બહુ જીવવું છે, ને સંસારસુખ જોવાનાં છે.



માટે તમારે તો બચવું જોઈએ. પણ ભૂખ્યા શી રીતે બચશો ? માટે લ્યો હું જીભ કચડીને મરું છું. પછી તમે મારા લોહી-માંસનો ઉપયોગ કરી ભૂખ તરસ મિટાવી ઘર ભેગા થજો."

છોકરા ડાહ્યા છે, ઝટ પોકારી ઊઠે છે, 'હોય ? બાપુજી હોય ? આ શું બોલ્યા ? તમે અમારા પરમઉપકારી, અને શું અમે તમને ખાઈ જઈએ ? અમે મરીએ તે હા, પણ આવું રાક્ષસી કૃત્ય નહિ કરીએ.'

મોટો છોકરો કહે છે, 'એમ કરો, હું મરું છું, તમે મારા શરીરનો ઉપયોગ કરી ઘરે પહોંચો...'એમ બાકીના ત્રણ છોકરા પણ દરેક પોતાનો ભોગ આપવા તૈયાર થાય.

છેવટે ડોસાએ રસ્તો સુઝાડ્યો, 'જુઓ આ છોકરીનું ધડ છે. આમેય તે મરી છે, અને આપણે મરવા જેવા કટોકટીના અવસર ઉપર ઊભા છીએ. તો આ ધડનો ઉપયોગ કરી લઈએ.' છોકરાઓને પણ બેન પરના અથાગ પ્રેમને લઈને આ વસ્તુ રુચતી તો નહોતી, પરંતુ ન છૂટકે માની અને એના લોહી-માંસને વાપરવા બેઠા, શું એમ કરવામાં હોંશ હતી ? માંસાહારી દેશ હશે છતાં શું આ માંસ ખાવામાં સ્વાદ આવતો હતો ? ત્યારે ખાતાં ખાતાં વાર લગાડી હશે ? ના, ના રે ના, આમાંનું કશું જ નહિ. ઊલટું મનને એમ થતું કે આવો ઘોર અવસર ક્યાંથી આવ્યો કે "આ પાપી શરીરને આમ પોષવું પડે છે ! હવે જેમ તેમ પતાવી, જલદી આપણું ઘરે પહોંચવાનું કાર્ય કરી લઈએ..."

બસ, આ રીતે સાધુએ શરીરને નિર્દોષ આહારથી પોષવાનો છે. એમાં આહાર નિર્દોષ લાવ્યા પછી રાગાદિ દોષો ન થાય એ જોવાનું છે. એ સમુદ્ર તરીને કાંઠે ન ડૂબવાનું છે. વળી ગોચરી લાવે તે પણ પરિમિત ! તેય ગોચરી રાખી ના મૂકે. હજી આગળ જુઓ.

**બીજું ચારિત્ર જીવનમાં આ કરવાનું :-**

(૭) પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિની અખંડ ઉપાસના કરવાની તે ચારિત્રની માતા ગણાય.

**પ્ર.**- સમિતિ ગુપ્તિ એ પ્રવચન માતા કેમ ?

**ઉ.**- જ્યાં સુધી કેવળજ્ઞાન નથી આવ્યું ત્યાંસુધીનું છદ્મસ્થ ચારિત્ર એ બાળ જેવું છે ! ભલે મોટા મહર્ષિ દુનિયામાં ગણાતા હોય ! મોટા તપ કરતા હોય, પણ એમનું ચારિત્ર બાળચારિત્ર જેવું ! બાળને માતા જોઈએ. માતાની નિશ્રામાં બાળક હોય તો તે મોટું થાય, ને જીવવા પામે. માતાથી આઘું રહે તો ફેંદાઈ-પિંખાઈ જાય ! મોટું ન થાય; મરી જાય ! તો મહર્ષિ પણ જો સમિતિ-ગુપ્તિરૂપી માતાની

પરવા મૂકી દે, તો એમનું પણ ચારિત્ર ઘવાઈ જવામાં વાર ન લાગે. માટે આ પણ સતત જાગ્રતિની કડક ઉપાસના સાધુજીવનમાં કરવાની છે.

(૮) એવી જ પાંચ મહાવ્રતની ભાવનાઓ; તેનું સતત રટણ જોઈએ, પાલન જોઈએ. એવી રીતે,

(૯) **બાહ્યતપ, ને આભ્યંતરતપ;** તે પણ નિરંતર કરવો જોઈશે ! આટલેથી પતતું નથી ! પણ પછી ય,

(૧૦) અનેક પ્રતિજ્ઞાઓ-નિયમો-બાધાઓ લેવી પડશે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અનેક અભિગ્રહ કરવા પડશે.

(૧૧) સ્નાન જિંદગીભર નહીં કરાય.

(૧૨) ભૂમિશયન ને કેશ લોચના કષ્ટ સહન કરવા જોઈશે.

(૧૩) શરીરની શોભા શુશ્રૂષા નહિ કરાય. સાધુ-જીવનના એક મહાન અંગભૂત નિઃસ્પૃહત્વને ટકાવવા માટે પોતાના શરીરની પણ બરદાસ્ત કરવાની સ્પૃહા સરખી નહિ જોઈએ; તેમ ચારિત્રના બીજા મહાન અંગભૂત બ્રહ્મચર્યના શુદ્ધ પાલન અર્થે શરીરની શોભા કરવાનું નહિ જોઈએ.

**विभूसा, इत्थीसंसग्गो, पणीअं रसभोयणं ।**

વિભૂષા, સ્ત્રી સંસર્ગ અને ઘી-દૂધ વગેરે રસથી નીતરતું ભોજન આ ત્રણ આત્મગવેષીને, બ્રહ્મચારીને તાલપુટ ઝેર જેવા છે. શરીરની સેવા બરદાસ્તથી પછી બીજી તૃષ્ણાઓ જાગે છે. અને શોભા વિભૂષાથી સ્ત્રીઓનાં આકર્ષણ કરવાનું મન રહે છે, તે કામ પ્રેરક બને છે. તૃષ્ણા અને કામવાસનાને સ્થાન મળે, પછી ચારિત્રના કેટલા બધા બેહાલ થાય !!

(૧૪) તો ચારિત્રમાં અહંભાવ પણ ન ચાલી શકે. તે માટે સદા ગુરુઆજ્ઞાને પરાધીન રહેવું પડે. ભૂતકાળની તપજ્ઞાનાદિ બીજી ધર્મસાધનાઓ નકામી ગઈ એનું એક મહાન કારણ સ્વચ્છંદવૃત્તિ હતી. તે હવે જો હંમેશને માટે ગુરુઆજ્ઞાની પરતંત્રતા સ્વીકારાય તો જ સ્વચ્છંદવૃત્તિ નાશ પામે; અને પછી સાચી મોક્ષમાર્ગની ઉપાસના થાય. આજ કઠીન છે, કેમકે જીવ મહાન કષ્ટો વેઠવા તૈયાર હોય છે; પણ પોતાનો અહંભાવ, પોતાની રુચિ, ને પોતાનો મત મૂકવા તૈયાર નથી થતો.

(૧૫) સાધુ જીવનને દીપાવવા અને એમાં વધુ ને વધુ સાત્ત્વિક બનવા માટે ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી, ડાંસ, આક્રોશ, વગેરે બાવીસ પરીસહોને જીતવા જોઈએ. આનંદપૂર્વક, ચિત્તની નિર્મળ સમાધિપૂર્વક એને સહી જ લેવા જોઈએ. એ સતત સહ્યા કરવાનો અભ્યાસ જોઈએ.



(૧૬) એથી આગળ, અવસરે દેવતાઈ પણ ઉપદ્રવ આવે તો તેના પર વિજય મેળવવો જોઈએ; એટલે કે એનાથી પોતાની ધીરતા-વીરતાને જરાય ખંડિત ન થવા દેવી જોઈએ. અને પોતે એને સમાધિ સમતા અને શુભધ્યાનમાં સ્થિર રહી સહી લેવા ઘટે.

(૧૭) આવા સાધુજીવને નભાવવા શરીરને ટકાવનાર આહાર તો જોઈશે; પરંતુ ત્યાં પણ માધુકરી ભિક્ષાચર્યાથી મળ્યા-ન મળ્યા કે કમ મળ્યા પર નભાવવું જોઈએ.

(૧૮) આચાર્ય મહારાજ કહે છે, 'તને બહુ શું કહીએ ?' સાધુ-જીવનમાં અત્યંત દુર્વહ અને મહાપુરુષોએ વહન કરેલા અઢાર હજાર શીલાંગના ભારને થાક્યા-કંટાળ્યા વિના અખંડ ધારાએ ઉપાડ્યે જવું જોઈએ. એટલે, એમ સમજ કે,

**ચારિત્રધર્મને ઉપમાઓ :-**

જીવનભર આ ચારિત્રધર્મ પાળવો એટલે માત્ર બાહુ વડે મહાસમુદ્ર તરવા જેવું ભીષ્મ કાર્ય છે; નિઃસ્વાદ રેતીના કોળિયા ખાવા જેવું છે; અણીદાર તલવારની ધાર પર ચાલવા જેવું છે; સારી રીતે આહુતિથી ઊંચી જતી અગ્નિની જ્વાળાઓને હાથેથી નીચે પાડવા જેવું આ કાર્ય છે; સૂક્ષ્મ પવનથી કોથળાને ભરવા જેવું છે; ભારી ગંગાપૂરના સામે પ્રવાહ તરવા જેવું છે; મોટા મેરુ પર્વતને તોલવા જેવું એ દુષ્કર કાર્ય છે; એકલે હાથે હયદળ-ગજદળ-રથદળ-પાયદળ એ ચતુરંગી સેનાને જીતવા જેવું છે; સામસામી ભમતા અર્ધચક્રના ઉપરની રાધા (પૂતળી)ને વીંધવા જેવું છે. પૂર્વે કદીય નહિ વરેલી ત્રિભુવન જય પતાકાને વરવા જેવું છે. શ્રમણપણું, સાધુપણું આ ઉપમાએ દુષ્કર છે.

ગુરુ મહારાજની વાણી સાંભળીને શિખીકુમાર કહે છે, "ભગવંત, આપે જે કહ્યું તે બરાબર છે. કિંતુ **સંસારના ભયાનક સ્વરૂપને જાણ્યા પછી એવા સંસારના વિયોગ માટે તૈયાર થયેલા જીવને સંસારનો ઉચ્છેદ કરનારું સાધુપણું કાંઈ જ દુષ્કર નથી.**"

આચાર્ય ભગવંત કહે છે, "બરાબર એમજ છે. છતાં તે જ સંસારનું ખરાબ સ્વરૂપ નજરે દેખાવા છતાં પૂર્વના અનેક ભવોથી ચાલી આવતી વાસનાઓ જીવને મુંઝવી દે છે; મોહમૂઢ કરી દે છે. મોહમૂઢ થયેલો તે જીવ પછી તો સંસારના ખરાબ સ્વરૂપને ય વિચારતો નથી, અને અકાર્ય કરવાથી બગડતા પોતાના ભવિષ્યનીય પરવા કરતો નથી ! તેમ નથી તે ઉપદેશને માનતો, કે નથી તે ગુરુને આવકારતો ! પોતાના ઉત્તમ કુળ સામું પણ જોતો નથી, અને ધર્મમર્યાદા પણ પાળતો નથી ! વળી નથી તો તે અપયશથી બીતો, કે નથી તો તે નિંદાથી બચતો

! મોહમૂઢતાને લીધે આ બધા તરફ આંધળિયા ને આંખમિચામણાં કરીને બધી રીતે એવું એવું આચરે છે કે જેથી તે આ લોક અને પરલોકમાં એક માત્ર ક્લેશનું ભાજન બને છે. માટે જ મહાનુભાવ ! એવા મૂઢ કરનારા મોહને પહેલાં હણવા જેવો છે.''

શિખીકુમાર બોલ્યો, ''ભગવન્ ! **મોહને પણ હણવાનો ઉપાય આ ચારિત્રપાલન છે. ત્યારે કાર્ય શરૂ કર્યા વિના તો માણસ ફળસિદ્ધિ ક્યાંથી કરી શકે ? કાર્ય પ્રારંભ કર્યો હોય તો હજીય ફળ નીપજવાની સંભાવના છે. અથવા એમ કહેવાય કે સાચા ઉપાયને પ્રાપ્ત કર્યા પછી કાર્ય નિઃશંક સધાય છે. મોહને હણી નાખવાનું કાર્ય સિદ્ધ કરવાનો ઉપાય આજ છે કે આપશ્રીની પાસે ચારિત્ર લેવું જ છે. બીકણ જીવો પણ જહાજના સુકાનીની હોશિયારીથી મોટા સમુદ્રને તરી જાય છે.**

''અને, બીજી પણ વાત એ છે કે અલ્પ-પુણિયાને કુશળ બુદ્ધિ થતી નથી. કુશળ બુદ્ધિ કહો, સદ્બુદ્ધિ કહો, એ પુણ્યવાનને જ જાગે છે. સદ્બુદ્ધિ જાગ્યા પછી પણ પુણ્યની ખામી હોય તો આવા સકલગુણસંપત્તિસંપન્ન ગુરુમહારાજનો લાભ થતો નથી. એનું ય મહાપુણ્ય હોય તો એવા ગુણસંપત્તિઓવાળા ગુરુદેવ મળે છે. મારે એવાં મહાભાગ્ય જાગ્રત થયા છે. તો ભગવંત મારા પર કૃપા કરો.''

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૫,અંક-૩,તા.૧૫-૧૦-૧૯૫૬

સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે સચોટ શબ્દોમાં આ પ્રસંગ વર્ણવ્યો છે. એમાં એ શું બતાવી ગયા ? એ જ કે, વિજયસિંહ આચાર્ય મહારાજ પાસે શિખીકુમાર સચોટ પ્રતિબોધ પામ્યો છે. એટલે ઘણી કઠિનતા જાણવા સામે છેવટે એણે માગી લીધું કે 'ભગવાન ! ચારિત્રની મહાકઠિનતામાં પાર પડવા માટે આત્માને બળવાન બનાવી જે મોહનો નાશ કરવાની જરૂર છે, તે પણ વસ્તુ સાધુપણામાં શક્ય છે. મોહના ઘરમાં તો મોહનો બહુ ધીમે ધીમે નાશ કરવાનું થાય. સાધુપણાના સંયોગમાં સારી રીતે થઈ શકે. પ્રયત્ન કર્યો હશે તો ફલ આવવાનો સંભવ રહેશે. પ્રયત્ન વિના ફળની આશા કેમ રખાય ? અહીં તો આજ પ્રયત્ન છે કે આપની પાસે સાધુપણું અંગીકાર કરવું. એમાં કદાચ અમે એવા બહાદુર ન હોઈએ, તો પણ શૂરા ખલાસી જેમ કાયરને પણ વહાણમાં બેસાડી પાર ઉતારે છે, તેમ અમે પણ આપ શૂરાની સરદારી નીચે ભવનો પાર કરીશું. ખરી વાત તો એ છે કે અલ્પ ભાગ્યવાળાને ધર્મબુદ્ધિ જ થતી નથી. ખાસ ધર્મબુદ્ધિ થાય



છે તો માનવું કે પુણ્ય વધી રહ્યું છે. ઘણો ઉપદેશ સાંભળવાનો હતો. **અંતરમાં બોધ ન જાગતો હોય તો સમજવું કે પુણ્ય બહુ અલ્પ છે. પણ પાપનો ઉદય વર્તી રહ્યો છે. વળી બોધ જાગવા છતાં ચારિત્ર લેવાના ઉલ્લાસ ન જાગતા હોય તો ય પુણ્યની ખામી ગણાય. એવી સ્થિતિ પોતાના આત્માની દેખાય ત્યાં પોતાનું પુણ્ય વધારવા પ્રયત્ન કરવો જોઈએ.** પુણ્ય શી રીતે વધે ?

**પુણ્ય કેમ વધે ?:-**

એ વધારવાનો ઉપાય, દેવગુરુની ખૂબ ખૂબ સેવા સિવાય બીજો નથી. આજે પૂછો 'શું કરો છો ?' કહેશે કે ''ધર્મ નથી સૂઝતો એટલે પાપકર્મ કરીએ છીએ.'' તો શું એનાથી પાપ વધવાના કે પુણ્ય ? પાપ ! તો અહીં તો નહિ પણ ભવિષ્યમાંય ધર્મ મળશે ? એ વખતે ધર્મ સૂઝશે ? આજ સુધીમાં જે કોઈ આત્માને ધર્મ સૂઝ્યો છે, તે સહજભાવે નથી સૂઝ્યો. ઠીક છે; શાસ્ત્રમાં નિસર્ગનો સમ્યક્ત્વ પ્રકાર કહ્યો છે કે જેમાં આત્માના કર્મની સ્થિતિ બાહ્ય નિમિત્ત વિના પણ ઓછી થઈ જાય છે. તો પણ આંતરિક પુરુષાર્થ એને એવો જાગતો હોય છે કે મિથ્યાત્વ મોહનો ક્ષયોપશમ કરી શકે છે. મોટે ભાગે જગતના જીવોને બહારનું નિમિત્ત મળતાં પુરુષાર્થ જાગે છે, તો સમકિત મલી જાય તેવું હોય તો કોણ લીલા લહેર કરતો કરતો એ સમ્યક્ત્વ ન લઈ લે ? ત્યારે જો કહે કે 'પાપ વધી ગયું છે, તેથી ધર્મ સુઝતો નથી !' તો પાપ ઘટાડવા માટે ધર્મ અહીં જ કરવો જોઈએ. પાપ ઘટાડવા દેવ-ગુરુની ભરપૂર સેવા કરવી જોઈએ ! આને માટે પુણ્યોદય હશે કે મને આ શુભ બુદ્ધિ જાગી ! આ અભિમાન કહેવાય ? ના, આ તો એના હૃદયનો ઈકરાર છે. સદ્બુદ્ધિ જાગવા બદલનો આનંદ છે, કે અનંતા ભવ ભ્રમણમાં બધુ મળે; ઠેઠ વીતરાગ પરમાત્માનું સમોવસરણ કે વિચરતા વીતરાગ પ્રભુ મળી જાય, પણ સદ્બુદ્ધિ જગાવવી મુશ્કેલ. શું ભગવાન આપણને પૂર્વે નહી મલ્યા હોય ? મલ્યા હશે, પણ ફોક ! કેમકે સદ્બુદ્ધિ જ નહોતી. ભગવાનની વાણી સાંભળતા હતા, પણ એ તો **ભગવાનની વાણી જ એવી કે એનો શ્રોત્રેન્દ્રિયને ટેસ લાગી જાય. પણ ત્યાં સદ્બુદ્ધિ થવી મુશ્કેલ હતી.** 'આજે એ સદ્બુદ્ધિ પ્રાપ્ત થયા પછી પણ જો પુણ્યમાં કમીના હોય તો,' શિખીકુમાર ગુરુ મહારાજને કહે છે કે **'એમાં આપ જેવા સકળ ગુણે સંપન્ન ગુરુ મહારાજનો સંયોગ થવો મુશ્કેલ છે.'** આજે પશ્ચિમ દેશોમાં તત્ત્વ જાણવાની ભૂખ લાગી છે. તે ભૂખને તૃપ્ત કરવા કેઈ મુમુક્ષુઓ ઘર બહાર નીકળી પડે છે પણ સદ્ગુરુનો યોગ પ્રાપ્ત નથી થતો ! ક્યાંથી થાય ? કુમાર કહે છે ''એવા ગુણસંપન્ન ગુરુનો સંયોગ થવો, એ વિશિષ્ટ પુણ્ય પર અવલંબે છે. **''માટે આપ મારા પર અનુગ્રહ કરો.''**

ગુરુ કહે છે, "વત્સ ! તારા પર અમારો અનુગ્રહ જ છે." હવે બીજું બોલાય એમ નથી. જે પરીક્ષા કરવી હતી તેમાં તો કુમાર પાસ થયો. સંયમ જીવનની જે કઠિનતા બતાવવી હતી તે બતાવી; પણ અહીં તો શિખીકુમાર કઠિનતા માટે પૂર્ણ તૈયાર જ છે. છતાં પણ આચાર્ય ભગવંત કહે છે :

**"અમારી આ શાસ્ત્ર મર્યાદા છે, કે જેને મહાવ્રત આપવા હોય તેને થોડા આગમાર્થ અર્થાત્ શાસ્ત્રોના પદાર્થો સમજાવવા જોઈએ. ચારિત્રની મૂળ ભૂમિકાને યોગ્ય શાસ્ત્રોનો માર્ગ કહેવો જોઈએ. વળી, આવશ્યક પણ શિખવાડવા જોઈએ.** ત્યારબાદ દીક્ષા આપી શકાય." આવી પદ્ધતિ જોઈએ જ. દુનિયામાં પણ એવી કેટલીક હાઈસ્કુલો, કોલેજો ને બીજી સંસ્થાઓ છે કે એમાં પ્રવેશ કરનારની પરીક્ષા લેવામાં આવે છે; અને એ પાસ કરવા માટે એના ઉમેદવારને જુદી મહેનત કરવી પડે છે ! પછી જ એ પ્રવેશ માટે યોગ્ય બને છે ! જો દુનિયાની મામુલી સંસ્થાઓમાં પણ આ ધોરણ હોય તો પછી આ તો મહાન સંસ્થા છે. આ સંયમ જીવનની સંસ્થામાં પ્રવેશેલો આત્મા જગતને માટે આદર્શરૂપ અને ગુણોનો પ્રેરક બને છે. હવે એ આત્મા જો શાસ્ત્રજ્ઞાનથી સુસજ્જ ન હોય અને ચારિત્ર માર્ગમાં સુસ્થિત ન હોય, તો એ જગતને શું માર્ગદર્શન આપવાનો ?

"આ સંસ્થામાં પ્રવેશ કરનાર આત્મામાં આવશ્યકનું જ્ઞાન, વૈરાગ્યની પરિણતિ, અને પહેલા કહી ગયા તે સાધુ-દીક્ષાની યોગ્યતાના ગુણો જોઈએ." આચાર્ય મહારાજે શિખીકુમારને થોડાક દિવસનું રોકાણ આ માટે કહ્યું.

એના ઉત્તરમાં શિખીકુમાર કહે છે, "ભગવન્ ! મારો એવો આગ્રહ નથી કે આજને આજ મને ચારિત્ર આપી દ્યો. આટલું આપ કહો છો તે મારા પર મહાન અનુગ્રહ છે. આપ કહો છો તેમ આપની પાસે રહી શાસ્ત્ર મર્યાદાનો અભ્યાસ કરીશ."

**શિખીકુમારના પિતાનું આગમન :-**

આચાર્ય મહારાજ અને કુમાર વચ્ચે વાત ચાલી રહી છે ત્યાં શિખીકુમારના ઘરે, એના પિતા બ્રહ્મદત્તને ખબર પડી ગઈ કે શિખીકુમાર **ક્યાંય ચાલી ગયેલ છે. તેથી તરત જ તપાસ કરાવે છે.** દિકરા તરફ જેટલા પ્રમાણમાં માતાને અણગમો છે એના કરતાં પિતાને પુત્ર પર કેઈ ગુણો પ્રેમ છે. મંત્રી જાણે છે કે પુત્ર ઘણો જ યોગ્ય છે. મંત્રીને પુત્રની જે યોગ્યતા દેખાય છે તે યોગ્ય જ છે કેમકે પૂર્વના બે ભવોમાં શિખીકુમારનો જીવ ગુણની જબરજસ્ત આરાધના કરીને આવેલો છે. ત્યાં ચારિત્ર જીવન લઈ શકેલ નહિ. પણ ઔચિત્ય, ક્ષમા, સમતા, વિશ્વમૈત્રી, વગેરે ગુણો તથા જિનેન્દ્ર દેવ અને એમના શાસન પ્રત્યે અનહદ બહુમાન અને આરાધકભાવ



કેળવેલ એવા કે પછી તો કેમ ? તો કે 'જાઓ સહજભાવે ઉત્તમતા ! મંત્રીને ગમે તે રીતે સમાચાર મલી ગયા કે શિખીકુમાર નગરની બહાર ઉદ્યાનમાં છે. એટલે તરત જ પોતે હાથણી પર બેસી અનેક પરિવાર સાથે ત્યાં આવે છે.

હવે એ ત્યાં ઉદ્યાનમાં શું જુએ છે ! મુનિની આગળ કુમાર વિનયથી બેઠેલો છે; અને વાતમાં આકર્ષાયેલો છે. આ જોઈને મંત્રીને મનમાં શું થયું હશે ? શું એમ કે "જરૂર જરૂર, છોકરો ઘેરથી નીકળીને મહારાજ પાસે બેઠો છે. નક્કી મહારાજે ક્યાંક ભૂરકી-બૂરકી...?" મનમાં આવા વિચાર કર્યા પછી દીકરાને ઠપકારવાનું અને મહારાજના ઉધડા લેવાનું કામ સૂઝે ? કે, ખૂશી થઈને મહારાજને પ્રણામ કરવાનું સૂઝે ? મંત્રી હાથણી પરથી ઉતરીને મુનિની સામે પગે ચાલીને આવે છે.- આવીને તે આચાર્ય મહારાજને પ્રણામ કરે છે. આચાર્ય મહારાજ પણ ગંભીર સ્વરે 'ધર્મ-લાભ' ની આશીષ આપે છે. મંત્રી છે બુદ્ધિમાન; સમજે છે. 'નથીને પુત્રની ઈચ્છા થઈ હોય તોય તે અણસમજુ નથી. તેમજ સંસારત્યાગનો માત્ર પણ મોજમજાહનો પ્રલોભનવાળો માર્ગ નથી. પૈસા-ટકા, સ્ત્રી વગેરે કોઈ લાલચ નથી. તેવી સ્થિતિમાં ગુરુએ ભોળવી લીધો એમ મનાય નહિ. મંત્રી અનુચિત બોલતો નથી. ગુરુ મહારાજને પ્રણામ કરી બેસી જાય છે !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૫,અંક-૪,તા.૧૫-૧૧-૧૯૫૬

**પિતાને પ્રાર્થના :-**

શ્રી સમરાદિત્ય કેવળી મહર્ષિ ત્રીજા ભવે મંત્રીપુત્ર શિખીકુમાર આચાર્ય મહારાજ સાથે ધર્મકથામાં છે, ત્યાં મંત્રી બ્રહ્મદત્ત આવી જવાથી, શિખીકુમાર પિતામંત્રીને કહે છે : "હે પિતાજી ! સ્નેહીજનની પ્રાર્થનાનો ભંગ નહિ કરનારા આપ મારી ય એક પ્રાર્થનાને પૂરો !"

શું માગશે એ મંત્રીના ધ્યાનમાં નથી આવતું; માટે ભોળે ભાવે કહે છે : "કહે, શું કહેવું છે ? એક પ્રાર્થના શા માટે ? મારું જીવતર જ તારે આધીન છે. તારા પર તો મારો એવો પ્રેમ છે કે મારું સર્વસ્વ તારા જ માટે છે. કહે, શું કહેવું છે ?"

એ વખતે આ કુમાર કેવા ડહાપણના બોલ કાઢે છે તે જુઓ ! કહે છે કેવી રીતે ? સહજ સ્વભાવથી. "પિતાજી, આ સંસારના સ્વભાવના આપ સારી રીતે પરિચિત છો. હું આપને નવું શું કહું ? આપ જાણો છો, અનુભવી છો."

વાત ખરી છે. મંત્રીને પોતાની પત્નીનો અનુભવ છે. પત્ની પણ સંસાર

છે, જગતના જીવ માત્રને અનેક પ્રકારના સંસાર છે. કોઈને કયા ઢંગનો ! ને કોઈને કયા ઢંગનો ! સંસારના કડવા અનુભવ કોને નથી ?

**તત્ત્વદર્શન :-**

કુમાર પિતાને કહે છે, **'મનુષ્યપણું, ખરે જ ! દુર્લભ છે !** જલદી એ મલતું નથી. એક વાર હાથમાંથી સરી ગયા પછી જરૂર પડ્યે ભવના ભવ નીકળી જાય ને મનુષ્યભવ ન મળે. બીજું સ્નેહીસગામાં મોહી જીવ દીર્ઘ જીવી ધર્મ ભૂલે છે. પરંતુ **સ્નેહીજનોના સમાગમ તો અનિત્ય છે.** મનુષ્યભવ જ્યારે આવી દુર્લભતાવાળો છે, ને સ્નેહીના સમાગમ પણ ચંચળ છે, ત્યારે ત્યાં છેવટે **ઋદ્ધિ સમૃદ્ધિ** તો બરાબર છે ને ? તો કે ના, એ પણ **ચંચળ છે. યૌવન પણ પુષ્પની માફક ક્ષણભંગુર છે.** નવું આવે ત્યારે ખીલેલું દેખાય, અલ્પકાળ વિત્યો ન વિત્યો ત્યાં કરમાઈ ગયેલું થાય; અને એથી વધુ કાળ વિત્યો કે ઉકરડામાં નાખી દેવા જેવું બની જાય છે. એટલું જ નહિ પણ, યુવાવસ્થામાં જે ક્રૂર કામદેવ તોફાન મચાવે છે તે તો પરલોકનો ભયંકર શત્રુ છે; પરલોકમાં જીવને ખૂબ પીડે છે, કનડે છે. ત્યારે **ઈન્દ્રિયોના બીજા વિષયોના વિપાક પણ અતિ ભયંકર છે;** અને જેનો યથેચ્છ પ્રચાર જગતમાં ક્યાંય રોકાઈ શકાયો નથી, તેવા **મૃત્યુનો ભય સદા માથે ઝઝુમતો રહે છે.''**

કેટલી વાતો એણે કરી દીધી ? સંસારની જે વાતો જીવને ગમતી લાગે છે, તેનું ભયંકર સ્વરૂપ રજુ કરી દીધું ! પિતાને તે પછી વિનંતિ કરે છે, **''જો પરિસ્થિતિ બધીય આવી છે, તો પછી આપ મારા પર મહેરબાની કરો, તો હું આપની આજ્ઞા પામી આ જીવ લોકમાં જે વીતરાગ-પ્રણીત સાધુધર્મ છે, તેને સ્વીકારી મારા મનુષ્યપણાને સફળ કરી દઉં.''** એને મનમાં સચોટ વસી ગયું છે કે જો આ જીવનનું પરિણામ આવું છે કે, યૌવન કરમાઈ જવાનું ! કામદેવ અને વિષયોના પરિણામ ભયંકર નિવડવાના ! મૃત્યુની તલવાર જીવને ઉડાડી દેશે ! ફરી માનવભવ મળવો દોહિલો ! તો આવા જીવનમાં મને મારું મનુષ્યપણું સફળ કરી લેવા દો અને ખરી સફળતા વીતરાગના સાધુપણા સિવાય શક્ય નથી. ધર્મના બીજા પ્રકારો સારા ખરા, પણ સમર્થ નહિ ! સમર્થ એક જ યતિધર્મ ! કેમકે જીવની સામે જે આ બધા લક્ષ્મી, પ્રિયજનો વગેરેના હલ્લા છે. એનાથી આપણા આત્માને બચાવી લેવાનું, એ બધાથી ફારેગ થઈ સાધુ થવાય, તો શક્ય છે. એટલે એણે ચારિત્રની જ્યાં વાત કરી મંત્રીને, ત્યાં મંત્રીની ધીરજ ખૂટી.

**મંત્રીનો મોહ :-**

પણ મંત્રી પાસે અનુચિત બોલવાની વાત નહિ. એની આંખમાં આંસુ



આવી જાય છે. પુત્ર પર અથાગ પ્રેમ છે. એ પ્રેમના યોગે, 'આ પુત્ર તો મારાથી વિયોગની રજા માગે છે, તે મારાથી સહન કેમ થાય ?' એમ એના દિલમાં સહેજ આવી ગયું, ને એ લાગણી આંખ વાટે આંસુ રૂપે બહાર પડી ! કંઠ રૂંધાઈ ગયો, ને ગદ્ગદ કંઠે કહે છે, ''કુમાર, તારી ઉંમર તો જો ! હજુ તો શરૂઆત છે, ભાઈ ! આ તારો કાંઈ યતિધર્મ માટે યોગ્ય કાળ નથી. તો આ શી વાત કરે છે ?'' જે વાતમાં રસ ન હોય, જેની કિંમત ન હોય, તે માટે આમ જ બોલાય, કે 'હજી એની શી ઉતાવળ છે ? શું વહી ગયું છે ?... હજી વાર છે. જેને મન કિંમત છે તેને લાગે કે 'હું પોતે જ મોડો પડ્યો ! પણ આને શા માટે અટકાવું ?'

**શિખીકુમાર કહે છે,** ''પિતાજી, **જેમ મૃત્યુને આવવા કોઈ અવસર નથી તેમ ધર્મ માટે કોઈ અકાળ નથી.** મૃત્યુ ગમે તે સમયે આવી શકે છે, તો મૃત્યુનો સામનો કરનારો યતિધર્મ, તેના માટે કેમ ગમે તે અવસર ન ચાલે ? આજે હજી મારે મૃત્યુ નથી આવ્યું; બાકી કોણ કહી શકે કે આવતી કાલના **ભવિષ્યમાં કંઈ નહિ થાય ?** કોઈ ભરોસો નથી કે મૃત્યુ ક્યારે આવે. માટે જ કહ્યું કે,

**'अकालो नास्ति धर्मस्य ।**- ધર્મને કોઈ અકાળ નથી.' આવી જ્યાં વાત કહી કે મંત્રી વિચારમગ્ન થઈ જાય છે ! વિવેકી છે; સમજદાર છે. **અવિશ્વસનીય જીવિતમાં ચારિત્ર ધર્મ માટે કોઈ અકાળ જ નથી.** એ વાત ધ્યાનમાં ન ઉતરે એવી નથી. તેમ પોતાના ઘરમાં જ જે જોયું છે તેમાંથી સમજાય એવું છે કે સંસારનો સ્વભાવ જ એવો છે કે એમાં યતિધર્મ જ યોગ્ય છે. અહીં જો કે મંત્રી મૌન થઈ ગયો, પણ એની સાથેનો એક પિંગક નામે પરિચારક આવેલો, તે નાસ્તિક હતો. નાસ્તિકને ચાર્વાક કહેવાય છે. જેની વાક્ જેના બોલ ચાર=બહુ મીઠા લાગે ! પણ એ ધીમું હળાહળ હોં ! એ શું કહે ? આ;

**નાસ્તિકની શિખામણ :-**

''જુઓ, ભૂલા પડતા નહિ ! ભોળા બનતા નહીં ! આત્મા જેવી વસ્તુ જ નથી ! ધર્મ તો ધતીંગ છે ! પુણ્ય-પાપ કોણે જોયાં છે ! એટલા માટે જે અહીંયાં મળ્યું છે તેને ખાઓ, પીઓ, ને લહેર કરો ! નહિતર તો સુખે ખાઈ-પી નહીં શકો. મલ્યું છે તો મસ્તીથી ખાઓ ! કુટુંબકબીલા સાથે મજાહ કરો !'' પણ આ નાસ્તિકની વાણી છે. ત્યારે પ્રશ્ન થાય છે કે આજના આસ્તિક ગણાતા પણ આવું બોલે છે ખરા ? 'હજી તો નાના છો ! હમણાં શાના એકાસણાં-બેસણાં ?... ખાઓ-પીઓ !' આમાં નાસ્તિકતાની ગંધ નથી લાગતી ? વિચાર આવે ખરો કે ધર્મ વિના કદાચ એ નાનડીઆ એમ જ દુર્ગતિના શરણે પડી જાય, ત્યારે એ

બિચારાના કોઈ રખેવાળ ન મળે ? નાથ ન મળે ? કરુણ કોટિની રાડ ને બૂમમાં ભયંકર કાળ યાતનામાં પસાર !! આના તરફ આંખમિંચામણા થાય એટલે 'ધર્મની શી ઉતાવળ છે,' એમ થાય. પૂરો નાસ્તિક એમ કહે છે કે- 'ધર્મની શી જરૂર છે ?' એવો નાસ્તિક અહીંયાં ઝળકી પડ્યો ! 'અરે, કુમાર ! તું ક્યાંથી ઠગાઈ ગયો ? આ શું બધું તું કહે છે ? જીવ ! આત્મા ! અરે ભલા ! સમજ કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, એ પાંચ ભૂત સિવાયની છઠ્ઠી કોઈ ચીજ નથી. શરીર પાંચ ભૂતનું પૂતળું છે. બધું શરીર કરે છે. કોઈ જુદા આત્મા જેવી વસ્તુ જ નથી. તો પછી પ્રશ્ન થશે કે પૃથ્વીનું શરીર બન્યું. તેમ પૃથ્વીનો ઘડો પણ બન્યો છે; તો કેમ તે શરીરની માફક બોલતો-ચાલતો નથી ? એનો ઉત્તર એ છે કે ઘડો તો એકલી પૃથ્વી છે; પાંચ ભૂત નથી. જ્યારે શરીરમાં તો પાંચ ભૂત એવા ભેગા થયા કે એમાં એથી ચેતના આવે છે. એ પાંચ ભૂતોમાંથી એક આછું પાછું થાય કે ચેતના નાશ પામી જાય. તેને લોક કહે છે મૃત્યુ થયું. કૂંજાની ઉપર કોઈ કાગડો આવીને બેસે, ને એને કોઈ કાંકરો મારવા જાય, તો એ ઉડી જાય; તેવી આત્મા નામની કોઈ વસ્તુ નથી દેખાતી કે જે શરીરમાં આવીને બેઠી, ને જતી રહી. પરલોક-બરલોક કંઈ નથી ! માટે મનુષ્યપણું દુર્લભ છે, વગેરેમાં નાહકનો ફસાઈ જા નહીં ! માટે મનુષ્યપણું દુર્લભ છે. વગેરેમાં નાહકનો ફસાઈ જા નહીં ! આ જગતના મજેના વિષયો ને મજેના નાટકનાં ગીત ગાયા ને ગમી જાય તેવાં - તેને છોડવા ક્યાં તૈયાર થયો ? ને બહુ તું કહેતો હોય તો લે, એ દેખાડ કે આત્મા ક્યાં છે ? એ આવતો જતો કોણે દેખ્યો ? આત્મા જ નથી તો ઉપરની વાત જ ક્યાં કે અત્યારે ધર્મ નહિ કરી લઈએ તો આગળ શું ? વળી મનુષ્યપણું દુર્લભ છે, વગેરે તું કહે છે તે ગાંડા જેવી વાત છે. કારણ કે તું સમજી બેઠો છે કે પરલોકગામી આત્મા છે તેથી સારી બુદ્ધિ કરીએ, તો મનુષ્યપણું મળે, પણ એવું કંઈ જ નહીં ! એ તો પંચભૂતની બનાવટ છે. પાંચ ભૂત ભેગા થઈ માતાની કુક્ષીમાં શરીરરૂપે તૈયાર થઈ જાય છે.

"વળી પ્રિયજનોનો સમાગમ તું કહે છે **'અનિત્ય છે,'** તો તું સાધુ થઈ જાય ત્યારે શું તારે માટે એ સમાગમ નિત્ય બની જવાનો છે ? અનિત્યતા એ તો સંસારનો સ્વભાવ છે. કોઈ વહેલું મરે, કોઈ મોડું ! એ તો ચાલ્યા કરે !

"વળી તું કહે છે, 'લક્ષ્મી ચંચળ છે !' પણ તો શું ચારિત્ર લક્ષ્મીને સ્થિર કરે છે ? લક્ષ્મીની ચંચળતા ટાળનાર ચારિત્ર નથી, પણ ઉપાયો છે. ઉપાયો દ્વારા લક્ષ્મીનું રક્ષણ કરવું જોઈએ. બાપદાદાની મૂડી હોય, ને બરાબર આવડત ન હોય સટ્ટા બટ્ટા લગાવે તો ગુમાવી ય બેસે !



"વળી કહે છે, 'યૌવન પુષ્પ જેવું છે !' તો શું એ ચારિત્ર લેવાથી કરમાશે નહીં ? કરમાશે જ. એના પણ છતાંય ઉપાય છે ! રસાયણ વગેરે ખાય, તો એનાથી યૌવન ટકી રહે ! માટે સાચે રસ્તે જા ને, ઊંધો ક્યાં જાય છે ? આ જન્મ સાચો છે ! પરલોક જેવું કંઈ છે જ નહિં !

"માટે જ જે તું કહે છે, 'કામદેવ પરલોકમાં ભયંકર દુઃખ દે છે.' પરંતુ મૂળમાં પરલોક જ ક્યાં છે ? જો પરલોક હોત તો કોઈક તો આવતને એના સ્નેહીને મળવા ? આવી જ જો કલ્પના કરીશ તો પછી એવી ય કલ્પના કરને કે હું જ નથી ! અને જે એમ માને પછી ચાલે આંખ મીંચીને તો ? માથું ભટકાશે માથું. જેમ સ્વપ્ન ખોટું, તેમ જગત ખોટું, એમ વેદાન્ત કહે છે ! સ્વપ્નમાં તો રાજભોગ વગેરે બધું જોયું હોય એમાં ક્યાંક ભીંત સાથે માથું ભટકાય છે, પણ જાગીને જોઈએ ત્યારે શું લોહી નીકળ્યું હોય છે ? ના. તેમ આ જગત સ્વપ્ન જેવું છે ! એમ વેદાન્તમાં કહ્યું ! ત્યારે હવે કોઈ પેલા રાત્રિ સ્વપ્નની જેમ ભીંત સામે ચાલવા માંડે તો ? લોહી ન નીકળે ? કહેશે એ તો નીકળે. તો પછી કલ્પનામાં ફસી જઈશ તો ચિત્તભ્રમ થઈ જશે !

"કહેવા નીકળ્યો કે પાંચે ઇન્દ્રિયોના વિષયો વગેરેનું પરિણામ ભયંકર છે ! તો સાધુપણામાં ખાવા-પીવા-પહેરવા જોઈશે કે નહીં ? તો એમ કંઈ જોવાય કે આહાર કરવાના ય ભયંકર પરિણામ આવ્યા છે માટે આહાર કરવાનું છોડી દેવું ? ભારે ખાધું ને અજીરણ થયું, માટે ખાવું જ નહિ ? અરે ભાઈ, હરણિયાં બધું ઉગાડેલું ચરી જાય; માટે ખેતર જ નથી ખેડવું ને વાવણી નથી કરવી આમ કરાય ? એ તો તેમાં દેખાતી ભયંકરતા નિવારવાના ઉપાય જાણનાર પુરુષને કોઈ ભયંકર પરિણામ નથી જોવા પડતા.

"કહે છે તું કે 'મૃત્યુની તો ભાઈ દુનિયા પર સદા ધોંસ છે ! આ કેવી અજ્ઞાનતાની વાત છે. તો સાધુ થઈશ તો શું મૃત્યુની ધોંસ મટી જશે ? શું મૃત્યુ નહિ આવે ? મૃત્યુ આવવાનું છે માટે શું આજે જ જઈને મસાણમાં નિવાસ કરવો ? આજ ને આજ મરી જવાય છે, મૃત્યુ આવવાનું છે માટે ? ખૂબ દલીલો લડાવી એને, છેવટે કહી દે છે કે માની લે કે તારો પરલોક હોય પણ તને ખબર નથી કે અહીંયાં જેવો અભ્યાસ હોય તેવું જ આગળ મળે, નહિ કે ઊલટું. અહીંયાં રોફ અને ગુસ્સાનો અભ્યાસ હોય તો આગળ એ મળવાનું કહે છે. તેમ અહીંયાં દુઃખનો અભ્યાસ કરીશ તો ભવિષ્યમાં દુઃખ જ મળશે. સુખનો અભ્યાસ કરીશ તો સુખ મળશે. માટે આ તારી ધૂન મૂકી દે, આપણે તો સંસારમાં સુખ ભોગવી લેવું જોઈએ."

નાસ્તિકે આમ કહ્યું ત્યારે શિખીકુમાર કહે છે, તારું આ બધું અસંગત છે. સાંભળ, અથવા હું છું નાનો માણસ. તે મોટા ગુરુદેવ સમક્ષ મારે બોલવું ઉચિત નથી. પણ તારું બોલવું કેટલું ફજુલ છે; કેટલું બધું યુક્તિ વગરનું છે, એના પર ગુરુ મહારાજ જ બોલશે."

કેવી સુંદર શિસ્ત અને ગંભીરતા ! સહજ ગુણ હોય છે આવા આત્માઓમાં. ત્યારે જો એવી ઉત્તમતા ન હોય, ને સાધુ બની બેસે, પછી ગુરુએ એટલી ઊંચી સ્થિતિએ ચઢેલા એને ય શીખવાડવું પડે કે અમારી પાસે આમ ન બોલાય તારાથી, કેવી કરુણતા ! અસ્તુ. ગુરુમહારાજ કહે છે હે મહાનુભાવ, સાંભળ :-

## -: નાસ્તિકના પ્રશ્નના ઉત્તર :-

**તને આ કોણે ઠગ્યો ?**

એનો જવાબ એ છે કે જન્મજન્માંતરથી સારી રીતે શુભ ભાવનાનો અભ્યાસ કરી કરીને પોતાની મતિને ભાવિત કરી; અને એટલા જ માટે જેનાં કર્મનાં આવરણ અલ્પ રહ્યાં, ઘણાં ખસી ગયાં; એને અહીંયાં વીતરાગ ભગવાને ભાખેલા વચનોથી કર્મોનો ક્ષયોપશમ પ્રગટ થઈ ગયો. તેથી એને તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થયું. એટલે આવરણના યોગે આજ સુધી જોઈ શકતો નહોતો. પણ હવે તત્ત્વના પ્રકાશથી સંસારના સ્વરૂપને યથાસ્થિત જોયું. એટલું ભયાનક સ્વરૂપ જોયું કે એથી એને સમસ્ત સંસાર પર સહેજે વૈરાગ્ય થયો. કોઈએ એને ઠગ્યો નથી. જે એની આ સ્થિતિ થઈ છે, તે તત્ત્વજ્ઞાનથી ભવસ્વરૂપનું જ્ઞાન થયું છે માટે. સંસાર પર તિરસ્કાર સમજણથી આવ્યો છે. એ સમજમાં દર્શન હતું સંસારની ભયાનકતાનું, નિર્ગુણતાનું, આત્મઘાતકતાનું ! શી રીતે થયું આવું દર્શન ? તત્ત્વજ્ઞાનથી. તે કેમ થયું ? કર્મનાં પડળ તૂટી ગયા માટે ! તે કેવી રીતે તૂટ્યા ? વીતરાગ પરમાત્માની વાણીનું આલંબન મળ્યું માટે. તો એ વાણી તો ઘણાને મલે છે તો કેમ બધાને નથી તૂટતા ? **કારણ એ છે કે પૂર્વે ઘણા કર્મ ઓછા થઈને આવેલા ન હોય, તેમ અહીં આવરણને ઓછાં કરવા સમર્થ એવી શુભ ભાવનાનો અભ્યાસ કરેલો ન હોય તો ક્યાંથી સંસારની ભયંકરતાનું દર્શન થાય ?** આ કુમારને તો શુભ ભાવનાદિના જન્મોજન્મના અભ્યાસથી આ બધી સાંકળ ગોઠવાયેલી છે એમાં છેતરાવાની વાત જ ક્યાં છે ?

વળી જે તું કહે છે કે **"પાંચ ભૂતને છોડીને કોઈ જુદો જીવ નામનો પદાર્થ નથી. કિંતુ એ ભૂતો પોતે જ એવા પ્રકારના પરિણામને પામી જીવ તરીકે બની જાય છે."** આનો ઉત્તર આ છે.





**ઠગાયો કોણ કહેવાય :-**

પહેલી વાત એ હતી કે **'તું કોનાથી ભોળવાઈ ગયો ?'** ઠગાઈ કેમ ? એથી કે જીવ જેવી જુદી વસ્તુ જ નથી, ને પરલોકના ખોટા લોભમાં અહીંના સુખ છોડવા તૈયાર થયો ! પણ સૂરિજી મહારાજ કહે છે હું જીવ પુરવાર કરી આપીશ. પરંતુ તું એટલું જો, કે એ જીવ વસ્તુ આ સંસારમાં અનંતીવાર જન્મ લે છે. **તેમાં એના અહોભાગ્ય જાગે છે ત્યારે અનેક જીવનોમાં સદ્ભાવનાના અભ્યાસ કરે છે ! તેથી કર્મનાં આવરણ તૂટી જાય છે, ને સમ્યગ્ દર્શનનો પ્રકાશ લાધે છે. એ યથાસ્થિત ભવસ્વરૂપનાં દર્શન આપે છે, એટલે સંસાર સુખોની ભ્રામક અને ઠગારી સ્થિતિ એની નજર આગળ તરવરે છે.** તેમાં એને ઠગાવાની વાત જ ક્યાં આવે ? **સંસારના પ્રસંગ પ્રસંગમાં જોયા કર્યું, તો બધે જ સુખમાં ચિંતા અને બીજા દુઃખની જ્વાળાઓના મિશ્રણ જોયાં, પછી એ છોડે એ શું ઠગાયો કહેવાય ? કે એવા સુખને પણ પકડી રાખે અને** સાચા મોક્ષસુખના ઉપાય દૂર રાખી પછી ભવમાં ભટકે, એ ઠગાયો કહેવાય ? આ શિખીકુમાર તો મગજ પહેલેથી ફેરવીને આવ્યો છે ! અનેક જન્મોથી એ રીતે વૈરાગ્ય ભાવનાનો પ્રવાહ પોતાના આત્મામાં વહેતો રાખ્યો છે. સંસારની ઘટનાઓનું વર્ષો સુધી મંથન કરીને વૈરાગ્યનો ઝરો વહેતો રાખ્યો છે, તે અહીંયાં પુનઃ શરૂ થઈ જાય, એમાં કોઈએ એને શું ભોળવ્યો-ચઢાવ્યો કહેવાય ? વાત સાચી છે. સંસારમાં સનાતન એવા આત્માની અનેક ભવોમાં પ્રવૃત્તિ રાગાદિના માર્ગે થાય છે, ત્યારે એમાં કોઈક પુણ્યવાન મોક્ષાભિલાષી જીવની વૈરાગ્યના માર્ગે વૃત્તિ અને પ્રવૃત્તિ વળે છે. આનો જેને ખ્યાલ હોય તે ન કહે કે આ તો નાનું બચ્ચું છે, એને શું ગમ પડી ગઈ ? અથવા તો ગઈકાલે તો ઘોડે ચઢીને પરણવા ગયો હતો ને આજે વૈરાગ્યની વાત કરે છે ? જેને ભાન નથી તે એવું બોલે છે.

**જીવમાં વૈરાગ્ય ક્યારે જાગે છે ? :-**

**સનાતન એવો જીવ ભાગ્યોદય જાગે ત્યારે, ભવિતવ્યતા પાકે ત્યારે, કર્મના લેપ ઉખડે ત્યારે અને એ આત્માનો પુરુષાર્થ ખીલી ઉઠે, ને સત્પુરુષોનું નિમિત્ત મલી જાય ત્યારે તે ભવ્ય આત્મામાં વૈરાગ્યનો ધોધ ઉછળે છે.**

પાંચ કારણ છે. સ્વભાવ, કાળ, ધર્મ, ભવિતવ્યતા અને પુરુષાર્થ. સ્વભાવમાં દા.ત. જીવનો ભવ્યત્વ વગેરે. કાળમાં, ઘણો કાળ સંસારમાં કાઢ્યા પછી હવે મોક્ષ સન્મુખનો ચરમાવર્ત કાળ છે; તેથી કાળ કારણમાં આવ્યો. નિમિત્તમાં કર્મ પણ

આવી ગયું. પુણ્ય કર્મના ઉદયથી મનુષ્યભવ, સત્સંગાદિ મળ્યા. ભવિતવ્યતા એ તો અવ્યવહાર સ્થિતિમાંથી બહાર કાઢ્યા જ હતા. એમ કારણો પામીને પૂર્વ જન્મોમાં વૈરાગ્યનો અભ્યાસ કરી આવેલાને અહીંયા માત્ર નિમિત્ત જ જોઈએ. વૈરાગ્યના દીવડા લઈને આવ્યો છે, તેના પર ઢાંકણ હતું, તે ઉઘડી જાય કે બસ ! વૈરાગ્યનો પ્રકાશ પથરાઈ જાય છે. ઢાંકણું ઉઘાડવા માટે તત્ત્વશાસ્ત્રનું વાંચન, યા તત્ત્વોપદેશનું શ્રવણ જોઈએ; કે સંસારની કોઈ દુઃખદ યા વિચિત્ર ઘટનાનું દર્શન જોઈએ. આ ત્રણ નિમિત્તોમાંથી એક પણ એ ઢાંકણ ખોલી નાખે છે. મહાનાસ્તિક એવા પ્રદેશીને એમનાં પરનું ઢાંકણ ખસી ગયું તો તે વૈરાગ્ય ઝીલતો થઈ ગયો. આત્મામાં નાસ્તિકતાથી એટલું બધું કઠોરપણું આવી ગયું હતું કે નાસ્તિકપણામાં ઘોર પાપ કર્યા હતા. નગરમાં મોટી ચોકી મૂકી હતી કે કોઈ ધર્મગુરુ પ્રવેશે નહીં ! ધર્મની કોઈ વાત ન કરે ! આત્મા જેવી વસ્તુ નથી એ સાબિત કરવા બુઢ્ઢાને બિચારાને લોખંડની કોઠીમાં પેક કર્યો હતો અને ચોરના ટૂકડે ટૂકડા કરાવ્યા હતા. પોતે નિશ્ચિન્તતાથી વિષયાંધ સૂર્યકાન્તા રાણી સાથે રંગરાગમાં મસ્ત હતો. રંગરાગની મસ્તી એ એક પ્રકારની શરીર અને મન સંબંધી સુંવાળાશને પેદા કરે છે. એ સુંવાળાશના યોગે, છતી વૈરાગ્યની દશામાંય આ ગુરુ મહારાજની વાણી જો કે હૃદય કુમળુ બની સંસારત્યાગ ઝંખી રહ્યું હોવા છતાં ય એમ નથી થતું કે બીજી જ મિનિટે ચારિત્ર લઈ લઉં ! શરીર અને મનની સુંવાળાશ-સુકોમળતા આત્મામાં કાયરતા ને નિઃસત્વતા ઊભી કરે છે, રંક કે રાજા, ભણેલો કે મૂર્ખ, જે આત્મા સુખશીલતાને પોષે છે, શરીરની સુંવાળાશ કેળવે છે, કોમળતામાં રચ્યોપચ્યો રહે છે, એવો એ આત્મા આત્મદૃષ્ટિએ કાયર અને નિઃસત્ત્વ બને છે. કાયર એટલે સહવાની વાત આવે ત્યાં બીકણ, વસ્તુ સાચી માને પણ ડરપોક. કંઈ તપ-ત્યાગની વાત અથવા આત્માના દોષ ટાળવાની વાત આવે ત્યારે થાય કે એ કેમ બને ! શું વાત કામની નથી ? ગમે તો છે કે એ કેમ બને ! કે ધર્મ સારો; તપ-ત્યાગ સારા; તો કેમ બનતું નથી ? જો કોઈ બાંધી મારીને કરાવે તો કરીએ ! મરી ન જઈએ ! તાકાત તો છે પણ કેમ પુરુષાર્થ નથી ? એક પ્રકારની કાયરતા ઊભી થઈ છે; પોતાના જ આત્માને ખતરનાક એવી નિઃસત્ત્વતા ઊભી થઈ છે. કાયરતાથી ભય લાગે છે કે 'મારું બગડી જશે ! તો મારું શું થઈ જશે !' નિઃસત્ત્વતાથી જીવ ગળીયો બને છે, 'બાપ રે ! શે થાય ?'

પ્રદેશીની તેવી સ્થિતિ છે. નાસ્તિક દશામાં એવો ઇન્દ્રિયોનો ભયંકર ગુલામ, એવો ભોગવિલાસમાં ચકચૂર રહેનારો, કે એણે તેને નિઃસત્ત્વ બનાવી દીધો. આ કાયરતા ને નિઃસત્ત્વતાનું પરિણામ ભવાંતરમાં ભયંકર છે. અહીંયાં તો કોઈ રોકી



પકડીને ઊભું રાખનાર નથી. પુણ્યાઈ પહોંચે છે એટલે જે જોઈએ છે તે મળી આવ્યું, ને ભોગવી લીધું, પણ ભવિષ્યમાં પરિણામ ભૂંડું છે. કેમકે હવે **કાયરતા ને નિઃસત્ત્વતા** આત્માની અંદર ઘુસી ગયા. જ્યાં હશે ત્યાં જરાય એનામાં નિર્ભયતા નહીં હોય. કે સત્ત્વ નહીં હોય. પણ જે કાયરતા ને નિઃસત્ત્વતા ભરી હતી, તે વિકસશે. એથી જ્યારે ભયંકર દુઃખ સહન કરવું પડશે ત્યારે હાયવોય થવાની ! એ બન્નેને કાઢવા માટે સુંવાળાશ ને સુકોમળતા કાઢી નાખવાની. કેવી રીતે ? મનને સમજાવવાનું કે હવે સુંવાળાશ અને સુકોમળતાના દિવસો ગયા ! બધી જાતની આરાધનામાં આત્માની શૂરવીરતાને જગાવવી. પછી એવા કોઈ મહાન ગુરુનો પુણ્યયોગ મળે ત્યારે આત્મા ઊભો થઈ જાય. ઠેઠ ચારિત્ર માટે તૈયાર થઈ જાય. એકદમ ? હા, ભરોસો નથી શરીરનો માટે. સંયોગોનો કે જીવનનો વિશ્વાસ નથી માટે. તો એક મિનિટ પણ ઊભો જ શા માટે રહે ? પ્રદેશી પાસે એ જોમ નહોતું એટલે રોતાં રહેવું પડ્યું. કમનશીબ ! ચારિત્રની તાકાત નથી. ઘડી પહેલાં સાધુ સામે રોફ કરનારો, હાંકી કાઢવા તૈયાર ! પણ મંત્રી સાથે આવેલો કહે છે, ''આ તો ગામે ગામ ફરનારા ! બધે કહેશે કે આને વાદ કરતાં ન આવડ્યો, તે દંડાબાજી કરે છે. આપણને મૂર્ખ બનાવી દેશે. માટે આવો, એમને નિરુત્તર કરી દો.'' મંત્રી શું સમજે છે ? એજ કે એક વાર દયાળુ અને પ્રભાવક ગુરુની પાસે જવા દે ને; પછી આચાર્ય મહારાજને ચોટી મંતરતા આવડે છે. આચાર્ય મહારાજ સામે ઘોડા પર બેઠો બેઠો વાદ કરે છે, ''શું આત્મા આત્મા કરો છો ? લોકોને ઊંધા માર્ગે ચઢાવો છો, ધરમ ધરમ કરીને, આત્મા છે ક્યાં ? મરેલા કોઈનો કાગળ આવ્યો ?... નાહક લોકને કષ્ટમાં પાડો છો !'' આ ઘડી પહેલાનો, પછી બીજી જ ઘડીએ ચારિત્ર લઈ ન શકવાથી રોનાર ! પણ ત્યાં ને ત્યાં શ્રાવકના વ્રતો, દેશવિરતિ સ્વીકારી લેનાર ! મહાન સાધક જેવો થઈને પાછો રાજમહેલે આવનાર ! કેમ બન્યું ? સુંવાળાશ અને સુકોમળતા ભૂલવી જોઈએ. ગુરુએ હાથ પકડ્યો. દુનિયાનું કાંઈ ખેદજનક દર્શન, એકાંતમાં મંથન, કોઈ સંતનું વચન-શ્રવણ, બસ, ચાનક લાગવી જોઈએ એથી. માટે ધ્યાન રાખવું જોઈએ કે ગમે તેને ગમે ત્યારે વૈરાગ્ય થયો- બનાવટી વૈરાગ્ય નહીં ! સાચો વૈરાગ્ય જોઈએ. સાચો એટલે કે જેને સમજ છે કે 'સાધુપણામાં સહન કરવાનું સારું. પાપ કરવાનું બંધ થશે. બીજી બાજુ કર્મ ખપાવવા સહન કરવાનું મળશે,' આ વૈરાગ્ય થયો ! એ અકસ્માત નથી, પૂર્વ જીવનમાં કરી મૂકેલાં વૈરાગ્યનાં અભ્યાસનું પરિણામ છે. આવા દાખલા કેટલાય આવે છે.

**સનતકુમાર** બનીઠનીને બેઠા હતા સિંહાસન પર. પેલા બ્રાહ્મણો જોવા આવ્યા.

ફરી ત્યાં ટાઈટ થઈને ખોંખારો કરે છે. પણ પેલા મોં બગાડે છે. કેમ ? હવે કંઈ નથી ! શરીરમાં રોગો જ ભર્યા છે ! એમ ? તરત જ કપડાં ઉતારી, સાધુ બની ચાલી નીકળ્યા ! આ અકસ્માત ? ના. સંસારની એક ઘટનાનું દર્શન થયું કે 'મને ઠગારા રૂપ પર ગુમાન હતું, એમ ઠગારા સંસાર પર વિશ્વાસ છે. તો એ ગુમાન અને આસ્થા કરનારો હું કેવો મૂર્ખ ? છૂપાં કર્મ જાણે કહે છે, 'તારાં રૂપને તારા વૈભવને ચપટીમાં તોડી નાખીએ !' બસ, આ નિમિત્ત મળી ગયું. પડદો ખૂલી ગયો. પૂર્વના સંસ્કાર જાગ્રત થઈ ગયા.

રોજ દેવના જોરે છ પુરુષ ને એક સ્ત્રી સાતની હત્યા કરનાર અર્જુનમાલી ! મહાન જુલ્મી સ્થિતિને વર્તાવનારો અર્જુનમાલી ! શ્રાવક સુદર્શનને મારવા દોડ્યો પણ દેહમાંથી દેવ નીકળી ગયો ને આકાશમાંથી નીચે પટકાઈને પોતે જ પડ્યો. ત્યાં સુદર્શનને પૂછે છે, 'કોણ તમે ?' સુદર્શન સમજ આપે છે. 'હું શ્રાવક છું. પ્રભુ મહાવીર ભગવાનને વંદન કરવા જાઉં છું. મહાન પરાક્રમી પરમાત્મા મળ્યા છે આપણને; ને તું આ શું કરી રહ્યો છે ?'' બસ ! ક્ષણ પહેલાંનો હત્યારો અર્જુનમાલી, ક્ષણ પછી પરમાત્મા પાસે ચારિત્ર લઈને બેસી ગયો ! આ અકસ્માત ? અર્જુનમાલીને કેમ આ ભાવના થઈ ? જન્મ જન્મના વેરાગ્યનો અભ્યાસ જાણે રાહ જોતો હતો, નિમિત્ત મલી ગયું ! આ શીખીકુમાર ભવ્ય જીવ છે. પૂર્વની સાધના લઈને આવ્યો છે, તે વીતરાગની વાણી એના કર્ણપટ પર પડતાં એ જાગ્રત થાય છે.

આચાર્ય મહારાજ નાસ્તિકને કહે છે, 'પરલોકમાં જનાર આત્મા જેવી ચીજ નથી. તો આ શરીર કેમ ચાલે છે ? નિશ્ચેતન પાંચ ભૂતનું આ શરીર છે. એમાં ચેતના કેમ ઊભી થઈ ગઈ ? થઈ તો પછી મડદામાં કેમ નહિ ? મૂળ વાત તો એ છે કે આ શરીરને પાંચ ભૂતનો સમૂહ કહે છે ને ? આકાશ, વાયુ, પૃથ્વી વગેરે એકલામાં ચેતનાનો થોડો પણ ગુણ છે ? કાષ્ઠનું પાટિયું, પાણીનું પવાલું, માટીનો ઘડો, છે ક્યાંય એમાં ચેતના ? જેના પ્રત્યેકમાં અંશેય કંઈ ન દેખાતું હોય, તેનો સમુદાય ભેગો થાય તો પણ એમાં કંઈ ન પ્રગટે. ગંગાની રેતીમાં તેલનો કણિયો પણ નથી તો આખી ગંગાની બધી રેતી ભેગી કરીને પીલવામાં આવે તો તેલ નિકળે ? ના. ત્યારે તલ માત્ર શેર પણ ભેગા કરો, તો પણ પીલવાથી તેલ નીકળશે. કેમકે એ દરેક તલમાં તેલ છે. માટે ચેતના ભૂતોની નથી, પણ બહારથી આવેલી છે. ચૂલાની રાખમાં ભિનાશ, ચિકાશ, શીતળતા કંઈ કહેવાય ? ના, એમાં તો કોરાપણું, લુખ્ખાપણું અને અનુષ્ણશીત સ્પર્શ કહેવાય. એવી રાખનો મોટો ઢગલો કરી દો તો થોડી ય ચિકાશ ભિનાશ આપે ? ના. પણ તમારા હાથમાં કોઈએ થોડીક રાખ આપી, ને તે તમને ભીની લાગતી હોય તો તમે શું



કહેશો ? એ જ કે 'કોઈએ એમાં પાણી નાખ્યું હશે,' ચિકાશ લાગે તો કહેજો કોઈએ આમાં તેલ ઢોળ્યું હશે. એમ આ શરીરમાં પાંચ ભૂતોમાંથી એકમાં પણ ચેતના નથી. તો બીજી કોઈ વ્યક્તિ અંદર પેસી ગઈ છે, તેની ચેતના છે. જ્યારે જીવ મરી જાય છે એટલે શું થાય છે ? તું કહે છે મરીને બીજે ગયો, એવું કંઈ નથી. પણ એ તારું કહેવું ખોટું ઠરે છે. કેમ ? જે ચેતના છે એ તો શરીરથી તદ્દન જુદી જ બાબત થઈ ગઈ, એ જુદી હતી. તે ગઈ ક્યાં ? એની પોતાની નહોતી ! બીજાની હતી. તે બીજે ચાલ્યો ગયો એટલે તેની સાથે ગઈ, અને શરીર પછી જડ બની ગયું.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૫,અંક-૧૩,તા.૧૫-૩-૧૯૫૭

ગામમાં કોઈ દરિદ્ર હોય. પાસે એક બળદની ગાડી પણ ન હોય. એની જગાએ હવે મોટરમાં ફરતો દેખાય છે. બરાબર મહિનો ફર્યો, ને પછી પાછો ટાંટિયા ઘસતો દેખાયો તો શું લાગે ? એજ કે મોટર પોતાની નહોતી. બહારથી મોટરવાળો કોઈ મહેમાન આવ્યો હતો, તેની મોટરમાં ભાઈ લહેર કરતા હતા, તેમ શરીરની અંદર કોઈ ચેતનાવાળો મહેમાન આવ્યો હતો તેના જોર પર શરીર બરાબર મસ્તી કરતું હતું, ચેતનવંતુ દેખાતું હતું, હાલતું-ચાલતું હતું ! પણ તે અંદરનો ગયો કે ખલાસ ! હવે ઉઠવાના ય હોંશ નથી.

બાગમાં બી હોય, ખેતરમાં બી હોય ત્યાં સુધી એ ફુલેફાલે; પણ બી બળી ગયા પછી ખેતર ગધેડાને ચરવા જેવું થાય. અથવા કહો કે માળી હોય ત્યાં સુધી બગીચો શોભાભર્યો. માળી ગયો એટલે બગીચો જંગલ થાય ! બગીચાના ભપકા અને લીલાછમપણું માળીના આધારે. એમ આ શરીરના ભપકા અને તાનામાના અંદરના આત્માના આધાર પર. આ શરીરમાંથી માળી-આત્મા ચાલ્યો ગયો કે શરીર મડદું બને ! ગીધને ચૂંથવા યોગ્ય થાય ! આમ આચાર્યદેવે જુદો આત્મા સમજાવ્યો.

નાસ્તિક પૂછે છે, ''તો જીવ કેમ દેખાતો નથી ?''

આચાર્ય મહારાજ કહે છે, ''આંખેથી શાનો દેખાય ! આત્માને જ્યાં રંગરૂપ જ નથી; તે શું દેખાય ? અરે જેને રૂપરંગ છે એવું ઘી પણ દૂધમાં નથી દેખાતું. છતાં મનાય છે કે દૂધમાં ઘી છે. કેમકે ઘીની ચિકાશ, સત્ત્વ વગેરે એમાં વર્તાય છે. તેમ અહીં શરીરમાં જ્ઞાન, ઈચ્છા વગેરે વર્તાય છે, તે જડના ગુણ ન હોય. એ આત્માના ગુણ છે. માત્ર આંખે જોવાનો આગ્રહ રાખે, તો અમે તને પૂછીએ

છીએ કે 'બોલ પવન દેખાય છે ? તારી બુદ્ધિ અમને દેખાડી આપશે ? અરે તું દેખી શકે છે ?' ના, છતાં ચામડીને ઠંડક લાગે છે તેથી પવન છે એમ માને છે. બરાબર બોલતાં-વિચારતાં આવડે છે, એ પરથી માને છે 'હું મૂર્ખ નથી મારામાં બુદ્ધિ છે.' એમ શરીરમાં દેખાતા ભિન્ન ભિન્ન સંવેદનો પરથી આત્મા નક્કી થાય છે.'' હવે નાસ્તિક પ્રશ્ન પૂછે છે.

**પ્ર.**- પાંચ ભૂત ભલે સર્વથા જડ છે, પણ તેમાં આપ કહો છો કે એ જડમાં ગમનાદિ કરાવનારી ચેતના કેમ ઉત્પન્ન થાય. સમાન કારણમાંથી સમાન કાર્ય થાય ને ? પણ ના, એવું નથી, કાર્ય સમાનમાંથી જ થાય એવું કંઈ નથી. અસમાનમાંથી પણ ઘણી વસ્તુ જોવામાં આવે છે. શ્રૃંગમાંથી બાણ બને છે. અદૃશ્ય પરમાણુમાંથી ઘડો થાય છે. તેમ ભૂત ભલે જુદા હોય પણ તેમાં ચેતના પ્રગટ થઈ શકે. તો આપ કહેશો કે ઘડામાં ચેતના કેમ નથી ? એનું કારણ એ છે કે એનો એવો પરિણામ નથી. માટે ટૂંકમાં, આત્મા જેવું કંઈ નથી !

આચાર્યદેવ જવાબ કરે છે, ''શું કહ્યું તેં ? જુદી જાતના કારણમાંથી જુદું કાર્ય થાય ? ના, ખરી વસ્તુ એ છે કે શિંગડામાંથી બાણ બને છે, એમાં એકદમ જુદાઈ નથી. કેમકે શિંગડામાં જે કઠણાઈ છે, ચિકાશ છે તેવી બાણમાં છે. શિંગડાના જે પુદ્‌ગલ, તે જ બાણમાં જ રહેવાના. પણ અહીં તો પાંચ ભૂત તદ્દન વિલક્ષણ છે. એનામાં જરા ય ચેતના નથી. એ ભેગા મળીને ગમે તેવો શરીર પરિણામ થાય, તો ય ચેતના ન પ્રગટે. નહિતર મડદાએ શો ગુનો કર્યો કે એમાં ચેતના ન દેખાય ?''

નાસ્તિક પિંગક કહે છે, ''શરીર પરમાણુમાંથી બને છે, તો પરમાણુ ક્યાં દેખાય છે ? છતાં એમાંથી બનેલું શરીર તો દેખાય છે. એમ શરીરમાંથી ચેતના જન્મી શકે.''

આચાર્ય મહારાજ કહે છે, ''તું ખોટું માને છે, પરમાણુ તે સર્વથા અદૃશ્ય નથી. જથ્થો થાય તો તે દેખાય છે. પાંચ શેર દૂધ હોય, ને માંહી ૦ા તોલો સાકર હોય તો મિઠાશ આવે ? ના, તો શું એ સાકરનો મિઠાશ આપવાનો ગુણ નહીં ? ગુણ તો ખરો જ, પણ પોતે પોતાના જેવા બીજા જથ્થાઓ ભેગા મળે તો મિઠાશ આપે જ છે. તેથી પરમાણુ આમ ન દેખાય પણ જથ્થામાં દેખાય, માટે જુદાઈ નથી. જ્યારે અહીં તો જ્ઞાનાદિ ગુણની પાંચ ભૂત કરતાં તદ્દન વિલક્ષણતા છે. તું કહે છે, ઘડાનો તેવો પરિણામ નથી, તેથી તેમાં ચેતના નથી દેખાતી, પણ શરીરનો એવો પરિણામ થયો છે માટે ચેતના દેખાય છે. તો અમારો પ્રશ્ન એ છે કે ઘડા કરતાં શરીરનો પરિણામ જુદો ક્યાંથી આવ્યો ? ઘડાને તો કુંભારે ઘડ્યો,



પણ શરીરને કોણે ઘડ્યું ? અમે તો કહીએ છીએ કે જીવ પોતે જ શરીરને ઘડે છે ! પરલોકમાંથી એવા કર્મો લઈને આવે છે કે તે કર્મની સહાયે જીવનું તેવું શરીર બંધાય છે.''

**નાસ્તિકની નવી દલીલ :-**

હવે નાસ્તિક સામી નવી દલીલ કરે છે. એ કહે છે, ''આપ કહો છો આત્મા છે ! તો જુઓ મારા દાદા જીવોની હિંસા કરતા હતા, તો એ તમારા સિદ્ધાંત મુજબ તો નરકમાં જ ગયા હોય. હવે તો એમણે ત્યાં સાક્ષાત્ ફળ જોયું. તો પછી 'મારો પોતરો ભૂલો ન પડે માટે લાવ ચેતવી આવું' એમ કરીને કહેવા કેમ ન આવ્યા ? એનો અર્થ જ એ છે કે કોઈ ગયું જ નથી. દાદા મર્યા એટલે એ અહીં જ પૂરા થઈ ગયા.''

**આચાર્ય મહારાજ જવાબ આપે છે :-**

જો કોઈ માણસ રાજમહેલમાં પેસી ગયો અને રાણી પર અત્યાચાર કરવા તૈયાર થયો, ત્યાં બૂમરાણ થઈ ગઈ. રાજાએ પકડ્યો ને ભયંકર કેદખાનામાં નાખી દીધો. ત્યાં કહી દીધું, 'લગાવો એને સો-સો ફટકા ! ને મીઠાની રાબડી પાઓ.' પેલો કહે, 'સાહેબ, હું તો આ ગુનામાં છું; પણ મારે ઘેર બધાને કહી આવું કે આવો કોઈ ગુનો ન કરે !' તો રાજા શું જવા દે ? રાજા તો કહી દે, 'બેસ, બેસ, તું તો ગરદને મરાવા લાયક છે...' રાજાની આંખ સામે એનો મોટો ગુનો તરવરે છે. તેમ કર્મસત્તાની સામે જીવનો મોટો ગુનો તરવરે છે ! તો કેમ અહીંયાં આવવા દે ?

નાસ્તિક પ્રશ્નઠીક, દાદા તો નાસ્તિક હતા પણ મારા બાપ ખૂબ ધર્મિષ્ઠ હતા, તે સ્વર્ગમાં ગયા હોય તો કેમ અહીં આવી મને ન ચેતાવે ?

આચાર્યદેવનો ઉત્તર - જો, જેમ કોઈ દરિદ્ર માણસ હોય, પાછું એનું કુળ-જાતિ ઊંચી નહીં, માંડ મજૂરી કરીને જીવન સુકા રોટલાનું ચલાવતો હોય, ત્યાં ગયો પરદેશ, ત્યાંનો રાજા મરી ગયો હતો. તેથી નવો રાજા પસંદ કરવા હાથણી બહાર કાઢી હતી. હવે ધારો કે એ હાથણીએ એના પર અભિષેક કરી દીધો. તે રાજા બની ગયો. ત્યાં કેટલીય રાણીઓ અને કેટલાય રાજાઓ એના પગમાં પડે છે. તો શું એ બધું છોડી સગા વહાલાને મળવા આવે ? એ તો હવે એ બધી લીલામાં પડી ગયો. એવી રીતે દેવતા થયેલાને અહીં આવવામાં ઘણા નડતર છે. ત્યાં ગીત, ગાન, નૃત્ય એવા છે કે એને સાંભળ્યા જોયા વિના મન રહે નહિ અને એવા એક કાર્યક્રમમાં વર્ષોના વર્ષો નીકળી જાય. એટલામાં તો અહીં પેઢીઓ ખત્મ ! દેવતાઈ સુખમાં કાળ ક્યાં જાય છે તેની ખબર જ નથી પડતી ! વળી મનુષ્યલોકની દુર્ગંધ

નીચેથી ચારસો પાંચસો જોજન ઊંચે ઉડે છે. ત્યારે દેવતાઓ દિવ્ય સુગંધમાં મહાલે છે. ત્યાં દેવતાને જવા આવવાનું મન શા માટે થાય ? માટે જ દેવો આવતા નથી.

હજી પણ પિંગક આગળ પ્રશ્નો પૂછે છે અને આચાર્ય મહારાજ ઉત્તર કહે છે.

**પ્ર.**- 'જીવ છે, જાય છે પરલોકમાં. તો એક માણસે મોટી ચોરી કરી. રાજપુરુષો મુદ્દામાલ સાથે એને પકડી ગયા. રાજાને ગુસ્સો ચઢી ગયો. એણે એને લોઢાની કુંભીમાં પૂર્યો સીલપેક કરી દીધો. તપેલાં સીસાથી કાણા પૂરી દીધા. ચોર અંદર મરી ગયો. મરી ગયો તો તમારા હિસાબે જીવ બહાર નીકળે તો ચિરાડ પાડીને નીકળે ને ? પણ ચિરાડ તો દેખાતી નથી.'

**ઉ.**- જો, આ પણ તારું સમજ વિનાનું છે. જગતમાં એવી પણ વસ્તુઓ છે કે જે વસ્તુઓ નીકળી જાય છે, પણ ચિરાડ પડતી નથી. બંધ મકાનમાંથી શબ્દ બહાર નીકળે છે, પણ ચિરાડ નથી પડતી. અરૂપી છે, એને નીકળવામાં શાની ચિરાડ પડે ? કાચના વાસણમાં ભરેલું પાણી બહાર નથી આવતું, પણ અંદરનો પ્રકાશ બહાર આવે છે, એમ જીવ બહાર આવી શકે છે.

**પ્ર.**- ત્યારે વળી ઠીક, જીવ ભલે બહાર નીકળી ગયો પણ વજનમાં ફેર પડવો જોઈએ ને ?

**ઉ.**- દુનિયામાં વાયુ હોય તેને કોથળામાં ભરીને તોળો તો તેનું વજન, ને વાયુ વિના થેલાનું વજન બન્ને સમાન હોય છે. ફેર નથી પડતો. જો અરણીના લાકડામાંથી અગ્નિ નીકળે છે તો અરણીના લાકડાને વહેરીને ટૂકડે ટૂકડા કર, પણ એમાં અગ્નિ દેખાય ? ના, ઘી દૂધમાંથી જ પ્રગટ થાય છે, પણ **દૂધના તપેલામાં ખૂણે ખૂણામાં ફેંદી વળ, તો શું ઘી દેખાય ? આ તો પુદ્ગલો છે તો ય તેમાં નથી દેખાતું. તો પછી જડ દેહમાં અરુપી એવો જે આત્મા તે એમ શે દેખાય ?** તારામાં બુદ્ધિ છે ? હા, છે. તો કોઈને તું તે દેખાડી શકે કે આ મારી બુદ્ધિ ? અગર તારા મગજનું ઓપરેશન કરે તો અંદરથી બુદ્ધિનો લોચો દેખાય ? ના, એ અરૂપી છે; ન દેખાય. તો આત્મા શે દેખાય ?

**પ્ર.**- હવે તો કંઈ ઉત્તર આપવાનું રહ્યું નહીં. પણ કોઈ પણ રીતે જાણવું તો જોઈએ ને કે આ રીતે આત્મા છે ? હવા દેખાતી નથી, પણ શરીરને અડકે છે તો કહેવાય છે કે હવા આવી. તો આત્મા શી રીતે જણાય ?

**ઉ.**- તને થાય છે કે હું ભૂખ્યો છું, હું દુઃખી છું, હું અભણ છું, વગેરે... આ બધું કોને થાય છે ? શરીરને ? શરીર તો જેમ પડ્યું છે તેમનું તેમ છે ! પહેલો કાગળ આવ્યો કે રૂપિયા પાંચ લાખનો નફો થયો, તો ખૂશી ! બીજો તાર આવ્યો કે છોકરાને ન્યુમોનીઆ થઈ ગયો છે, ને આશા નથી, તો શું થાય ? 'હાય, હાય !' આ બે વિરોધી અનુભવ કરનાર કોણ ? શરીર નહિ, શરીરને શું ફેર પડ્યો છે ? કંઈ જ નહિ. એ તો આત્મા અનુભવ કરનાર છે. હું સુખી, હું દુઃખી, કોણ ? શરીર ? ના, તાર ટપાલમાં શરીરને શું ઘા પડ્યા ? આત્મા જ સુખી-દુઃખી જણાય છે. બાકી તો તારી વાત બધી વાહીયાત છે. ખેડુત હોય છે. અનાજની તાણ પડી, બીજની તાણ પડી, ખેતીમાં ઘઉં વાવવા છે, પણ ઘઉં નથી. ત્યાં શાહુકાર મલી ગયો ને ઘઉંની ગુણી પકડાવી દીધી. લઈ આવ્યો.

ઘરના માણસ પૂછે છે, 'શું કરવું છે આનું ?'

'વાવેતર'

ઘરવાળા કહે છે, ''અરે, શું વાવેતર ? કોને ખબર છે વાવી દઈએ પછી વરસાદ પડે કે ન પડે ? માટે ખાઈ લ્યો. હાથમાં તે બાથમાં. આવા સારા ઘઉં બીજે ક્યાં મળે ?''

તો શું તે ખાઈ જાય ને ? કે વાવેતર કરી આવે ? વાવેતર ! પણ આ ઘરનાં કહે છે તેનું શું ? એ તો મૂરખ છે ! તેમ આ માનવ જન્મ દુર્લભ છે. તત્કાળ એમાં સુખ ભોગવી લે, એટલે પછી પોક મૂકે !

પિંગક કહે છે, ''પ્રિયજનો અનિત્ય છે, તો સાધુ થયેલાને પણ અન્ય મુનિજન ક્યાં અનિત્ય નથી ?'' એટલે શું ? એજ કે એવી અનિત્યતા તો દીક્ષા લીધા પછી પણ નથી મટતી; તો પછી દીક્ષાથી શું વિશેષ ? માટે પ્રિયજનને, સ્નેહીજનને વળગીને ગૃહસ્થ જીવન જીવવામાં મઝા છે.

આચાર્ય મહારાજ ઉત્તર કરે છે. કે આ તારી ગેરસમજ છે. સ્નેહીજનના અનિત્ય સંયોગમાં સુખની ભ્રાન્તિ છે. ખરું જોતાં આત્માને સ્નેહી જ ક્યાં છે ? અને ગણે તો આખું જગત એનું સ્નેહી છે.

વળી તું કહે છે કે રિદ્ધિ ભલે ચંચળ હોય, પણ એને રક્ષવાના ઉપાય લેવા. પરંતુ આ તારી ભ્રમણા છે. રિદ્ધિ ચંચળ છે તે શું એ સાચવી સચવાય ? જો એમ સચવાઈ હોત તો કોઈ નિર્ધન ન થાત ! મોટ મોટા રાજાઓ સિંહાસનેથી ઉતરી ગયા ! મોટા યુધિષ્ઠિર જેવા, ને નળ જેવા ય જંગલમાં પહોંચી ગયા ! માટે જ, એની ચંચળતામાં રોવાનો અવસર આવે તે પહેલાં જ સ્વેચ્છાએ એનો ત્યાગ કરી ચારિત્રના માર્ગે જાય એ કેવી સુંદર બુદ્ધિ ધરનારો ગણાય.

બીજું હે પિંગક તું જો કે યુવાવસ્થા જવાની છે, માટે કાંઈ દીક્ષા ન લેવાય એ તો વાસણા રસાયણ ખાવાના, જેથી યુવાની ટકી રહે. આ તારો અભિપ્રાય ભ્રમણા છે. કેમકે એ વિચાર, કે આરોગ્યનો શો ભરોસો ? ને ક્યાં સુધી રસાયણ ખાયે જઈએ ? એ તો રસાયણ ખાનાર પણ યુવાની ક્યાં નથી ગુમાવતા ? એવા

રસાયણ વગેરેની ધાંધલમાં યુવાનીનો સમય બરબાદ કરવાને બદલે, તપ, ત્યાગ અને બ્રહ્મચર્યમાં એ યુવાનીને વાળી દીધી હોય તો એવું રસાયણ પ્રાપ્ત થાય કે ભવિષ્યમાં મૃત્યુ જોવું જ ન પડે ! પેલા રસાયણોમાં તો ૫-૫૦ વર્ષે રોવાનું જ છે ! યુવાનીમાં જો ધર્મરસાયણથી અજર અમર પદ પ્રાપ્ત કરાતું હોય, ત્યાં પેલા રસાયણમાંથી શું કરવાનું !

પિંગક કંઈ બોલી શકતો નથી. હાજી, હાજી કહ્યે જ જાય છે !

આચાર્ય મહારાજ કહે છે વાસના પરલોકની શત્રુ છે. પરલોકમાં આત્માના હિતને નુકશાન કરે છે. ભલે તું કહેતો હોય કે પરલોક જ નથી, પણ એ તારી ગેરસમજ છે, પરલોક અવશ્ય છે ! આજેય દુનિયામાં એવા જાતિસ્મરણ જ્ઞાનવાળા છે, કે જેને પોતાનો પૂર્વ જન્મ હૂબહૂ દેખાય છે અને તે ઘણી વિગતો સાથે પુરવાર થાય છે. પરલોક ન હોય, પૂર્વે આપણા આત્મા જેવી કોઈ ચીજ જો ન હોય તો કેમ દેખાય પૂર્વનું ? એક જ માબાપના બે છોકરાઓમાં સ્વભાવભેદ હોય છે ! બંનેની આહારાદિ રુચિ જુદી ! કાર્યપદ્ધતિ જુદી ! હૈયાની લાગણીઓ જુદી ! ગુણ-દોષ જુદા ! એક સદાચારી હોય, એક મહાદુરાચારી ! આ ભેદ પડે છે તે જ કહે છે કે પરલોક છે, ત્યાંથી વારસા જુદા જુદા લઈને આવેલા છે, માટે એમનામાં જુદું જુદું દેખાય છે.

વળી તું કહે છે, 'વિષયનો વિપાક દારૂણ છે, તો દારૂણની શી ચિંતા ? ખાવાથી અજીરણ થાય છે તો શું જીવનભર ખાવાનું બંધ કરાય છે ? ના, એ તો ખાવામાં ફેરફાર કરી દો, પત્યું. અજીરણ થાય એવું ખાવાનું નહીં.' પણ તું હજી સમજ્યો જ નથી. પહેલું તો એ જો કે તું ખાવાપીવાદિમાં સત્તર સાવધાની રાખ, એના ઉપર અઢારમી જોહુકમી કર્મની અને પરલોકની છે. જિંદગીભર અઢાર પાપસ્થાનકનો વેપલો કર્યો ને રંગરાગ ખેલ્યા. એનું તું પરિણામ તો કંઈ જ રોકી શકે એમ નથી ! શું શું જીવનો સ્વભાવ છે કે તે દુઃખી હોય ? ના, કેટલાક સુખી પણ હોય છે, જેમને ગરીબાઈ કે ટંટો કલેશ નથી ! ત્યારે કેઈ જીવોને કેઈ પ્રકારના દુઃખ હોય છે ! આપણે પણ દુઃખવશ હોઈએ, ત્યાં શું માનવું ? માટે વિચારવું જ પડે કે ધર્મ નથી કર્યો તેના વિપાક ભોગવી રહ્યો છું ! જો આ કર્મસત્તા ન હોય તો આપણું ધાર્યું શા માટે ન બને ? કેટલીયવાર અણધાર્યું કેમ બને છે ?

વળી તું કહે છે, 'માથે મૃત્યુ ઝઝુમે છે, તો શું આજે જ સ્મશાનમાં જઈને સૂઈ રહેવું ?' પણ જો, કે આ પણ ભોળાને ફસાવવા જેવી વાત છે ! તને ખબર નથી કે જે આત્માઓ જિનવચનની સંપૂર્ણ આરાધના કરે છે તેને એક વખત ભલે મૃત્યુ આવે છે, પણ પછી મૃત્યુની જડ ઉખડી જાય છે. તું કહે છે કે 'મૃત્યુને



આવવું હોય ત્યારે આવે. આપણે જે કરતા હોય તે કરતા રહીએ,' તો તેથી તો આપણે જન્મ-મરણની રહેંટમાં ભમવાનું જ રહ્યું ! બાકી મોક્ષમાં ગયા પછી તો કોઈ પીડા, કલેશ, પરાધીનતા, કંઈ જ નથી. અરે, તું જો કે શ્રી વીતરાગના વચનથી સકલ સંગનો ત્યાગ કરીને, લક્ષ્મીનો-કુટુંબનો- દુનિયાના વ્યાપારનો સંબંધ ત્યાગીને, જેણે માત્ર ચારિત્રની શરૂઆત કરી છે તેને જે સુખ છે, તે અહીં મોટા ચક્રવર્તીને પણ નથી ! પૂછો. સાધુને શું સુખ ? એમની પાસે મોટર, લાડીગાડી કંઈ નહીં, તેમાં શું સુખ ? પણ સમજો કે એ બધાં તો વાસ્તવિક દુઃખનાં સાધન છે. પક્વાન્નને સુખનું સાધન માનીને પછી ખૂબ ખાધ્યે જ જાય તો ? એવું અજીરણ થાય કે પોક મૂકાવી દે ! માટે દુનિયાની પ્રવૃત્તિમાં સાચું સુખ છે જ નહીં, એમાં તો માત્ર ખરજવાની ખણજના દુઃખની જેમ વિષયની તૃષ્ણાનું દુઃખ ઊભું થયું, તેને તત્કાલ દબાવવાની ચેષ્ટા છે. પણ એમ તે કેટલી દબાય ? ઊલટી થોડી વાર પછી વધુ પ્રમાણમાં ઊઠે. ત્યારે, સાધુપણામાં દેખીતું કષ્ટ દેખાય, પણ રોગનિવારણ અર્થે ઔષધની પ્રક્રિયા હોય છે, તેને સેવવામાં જેમ મઝા આવે છે, તેમ સાધુપણાની કષ્ટની પ્રક્રિયા સેવવામાં પણ તેને મજાહ આવે છે. મનને નક્કી છે કે એનાથી મહાન આરોગ્ય મળવાનું છે.

**પિંગકનો પલટો :-**

હવે પિંગકના મનમાં વાત તો બરાબર બેસી ગઈ. એ પૂછે છે કે એ બતાવો કે સાચા સુખી થવા આત્માએ શું કરવું જોઈએ ? આત્મા છે અને જગતના સુખમાં તો કંઈ માલ નથી, એમ આપના ઉપદેશથી હવે ચોક્કસ સમજાય છે. આચાર્યદેવ ફરમાવે છે કે જો, મુખ્ય ઉપાયમાં અહિંસા છે, સત્ય છે, ચોરીનો ત્યાગ, બ્રહ્મચર્ય, અપરિગ્રહ છે. ઇન્દ્રિયો પર વિજય છે, ને રાગ-દ્વેષાદિ દોષોનો નિગ્રહ છે. એનાથી અવશ્ય સુખ છે. પણ એથી વિપરીત કરો, તે દુઃખનું કારણ છે. પિંગક પીગળી ગયો ! આચાર્ય મહારાજાના પગમાં નમી પડ્યો ! મંત્રી બ્રહ્મદત્ત અને પિંગક આચાર્ય મહારાજ પાસે શ્રાવક બની ગયા.

હવે બ્રહ્મદત્ત આંખે આંસુ સાથે કહે છે, 'ભગવંત ! શિખી મારો પુત્ર છે...'

એટલે શું કહેવાનું ? 'જો જો એ નાદાન છે, ઉતાવળીયો છે, મોટે ઉપાડે દીક્ષાની વાત કરે છે ! હજી સવાર સુધી તો...' એમ ? આ કહેવાનું ને ? જિનવચનથી આપણને કંઈ પણ બોધ થયો હોય, ને એનો આપણે ઉપકાર માનતા હોઈએ, તો પછી આવા ઉદ્‌ગાર કે વિચાર કાઢતાં પહેલાં બ્રહ્મદત્તનું કથન વિચારવા જેવું છે. એ હવે તત્ત્વને કળી ગયો છે. આ સમજાતાં પહેલાં એ વર્તમાન એક જ ભવ જોતો હતો ! હવે એને તો ભૂતકાળના અનેકાનેક ભવ નજર સામે તરવરે

છે ! ભાવી અગણિત કાળ જુએ છે. એવો કે આ જીવનમાં જો રાગદ્વેષનું સેવન કર્યું તો ભવિષ્યના દીર્ઘકાળ માટે ભયંકર દુર્ગતિના ભવો છે; ચાહ્ય પોતાનો આત્મા હો કે પુત્રનો. માટે એ શું કહે છે તે જુઓ.

એ કહે છે, "આ મારો પુત્ર જે કાર્ય કરવા તૈયાર થયો છે, તે મહાપુરુષને યોગ્ય કાર્ય કરે છે. એ મારી અનુમતિ માગે છે. તો આપની પાસેથી આટલું સાંભળ્યા પછી હવે તો મારી પૂરી અનુમતિ છે અને વિલંબ કરવાનું મને છાજતું નથી. પણ હું એ પૂછું છું કે એ ચારિત્ર માટે યોગ્ય છે કે નહીં, આપ કહો."

આ જિનવચન સાથે સગાઈ કેવી કરી ! આત્મામાં તત્ત્વ તત્કાલ કેવુંક ઉતારી દીધું ! કોણ છે, આ ખબર છે ? પટેલ ? તમે બુદ્ધિમાન અને એ પટેલ ? કેમકે શાસ્ત્ર ગમે તે કહે, તમને બચાવ કરતાં આવડે છે માટે બુદ્ધિમાન ! અને એણે શું કહ્યું ? અનંતજ્ઞાનીના વચનને સરળ મનથી 'હા, બરાબર !' કર્યું, એટલે પટેલ ? ના, મહાન મંત્રી છે. એણે જોયું કે જિનવચન આગળ આપણે તો મહામૂર્ખ છીએ. ત્યાં આપણી ચર્મચક્ષુ નહીં લડાવવાની. આપણો આત્મા કેટલો બધો પછાત છે કે માથા પાછળ પણ આપણે જોઈ શકતા નથી. ત્યારે સર્વજ્ઞ પ્રભુએ તો આપણને લોકાલોકના પ્રકાશ આપ્યા છે !

બજારમાં જનારો માણસ છ મહીના સુધી ધક્કા ખાય ને પૈસો એક પણ ન મળે, તો પોક મૂકે છે ! જેની તેની પાસે રોદણું રડે છે. અહીં 'મને જિનશાસનની ઉમદા વસ્તુઓ મળી છે, ને મારાથી કંઈ થતું નથી, આનું રોજ રોદણું છે ? બીજાને કહો છો ખરા ?-આજ સાર છે, કરી લેજો. બીજું બધું અસાર છે !' આ મંત્રી પ્રભુવચનના કિલ્લામાં આવી ગયો છે. આ આત્માઓ અલ્પકાળમાં પોતાના આત્માને ઊંચે લઈ જાય છે. તે કેમ ? 'જિનવચન કહે છે, બસ, બરાબર; તેના માટે જેટલી ખરચાય તેટલી તાકાત ખરચો ! મારે તાકાત દેશ વિરતિની જ છે, તો એટલું કરું. છોકરો ચારિત્ર લેવા તૈયાર છે; તો એને રોકવા શા માટે ? જે તાકાત છે, તેનો જિનાજ્ઞાના રસ્તે ઉપયોગ ! જિનવચનની જે અક્કલ, એજ મારી અક્કલ. આ હોય તો સમકિત આવે છે. માટે હું પુત્રને મહાન ભાગ્યશાળી માનું છું અને એ જે માર્ગે જાય છે તે મહાન પુરુષોનો માર્ગ છે. એની આગળ અમે તો નિઃસત્ત્વ છીએ !' એટલે ગુરુને પૂછે છે, 'એને હરખ છે પણ એનામાં યોગ્યતા છે કે નહીં ? મહાન પુરુષોને યોગ્ય માર્ગ લેનાર, જો યોગ્ય ન હોય તો તે માર્ગને લજવનારો બને છે.'





**નાસ્તિક પર જિનવાણીની અસર :-**

નાસ્તિકવાદની દલીલોનો આચાર્ય મહારાજે રદીયા આપ્યા, પછી જગતની સ્થિતિ કેવી છે, તેમાં માનવ જન્મમાં અનાદિની જેમ ફરીથી ભૂલ કરવાથી કેવો પાછો ઘોર સંસારસાગરમાં બૂડી જાય છે, વળી તે સમજીને લઘુકર્મી અને સાધુચરિત પુરુષો ચારિત્રની પ્રક્રિયાને કેવી સહર્ષ સ્વીકારે છે; તેમજ અહિંસા-સંયમ-તપના અને જ્ઞાનાચારાદિ મહાપવિત્ર પંચાચારના રૂડા પાલન કરી મોક્ષનાં અનુપમ સુખમાં આત્માને કેવો ઝીલતો કરી દે છે, તેનું મનોરોચક અને હૃદયવેધી વર્ણન કર્યું. એ સાંભળીને નાસ્તિક પિંગક પીગળી જાય ત્યાં આસ્તિકનું શું પૂછવું ? બ્રહ્મદત્તના તો આંતરચક્ષુ ખૂલી ગયાં ! એટલો બધો હૃદયસ્પર્શી બોધ થયો કે એની આંખમાં હર્ષનાં ઝળઝળીયાં આવી ગયાં ! સમકિતનો નિર્મળ પરિણામ વધતો ચાલ્યો !

બે હાથ જોડી એણે કહ્યું : 'ભગવન્ ! જેવું આપ ફરમાવો છો તેવું જ છે. આપનાં તત્ત્વો આપે કહ્યાં તેવાં જ છે. બુદ્ધિથી જોતાં પણ મને લાગે છે કે એ બરાબર છે, તદ્દન યથાર્થ છે.' એમ કહીને એના દિલમાં જિનેશ્વરદેવના ધર્મ પ્રત્યે જે આકર્ષણ વધી ગયું, તેના પરિણામે સમ્યક્ત્વ સ્વીકાર્યું. પૂર્વનો જે સમ્મોહ=મોહની ભ્રમણા હતી, એ નીકળી ગઈ. તેથી દિલમાં એ વિચાર થયો કે, 'અહો ! મારા પુત્રનો કેટલો બધો સુંદર વ્યવસાય ! કેવો અદ્‌ભુત શોભનીય વ્યવસાય ! જે સ્થિતિએ પુત્ર પહોંચ્યો છે, તે સ્થિતિ ઘણી જ અનુમોદનીય છે.' આવો વિચાર કોણ લાવે ? હૈયામાં જિનધર્મની જાગેલી ભાવિતતા ! પરિણમેલું સમ્યકત્વ !

**શ્રદ્ધાનું પરિણામ શું ? :-**

જગતમાં ઉત્તમમાં ઉત્તમ કોટિનો જિનધર્મ, ને તેની શ્રદ્ધા-લાગણી આપણને છે, ને એની અસર આપણાં આચરણ અને વિચારણા પર ન થાય તો શ્રદ્ધા-લાગણી મનાય જ કેમ ? મેલા-ઘેલા ધર્મની લાગણી હોત ને વિચારણા મેલી હોત તો જુદી વાત ! પણ **આ તો કહે છે, 'હું સત્યવાદી હરિશ્ચંદ્રનો પૂજારી છું.' પણ જૂઠું બોલવામાં પાછો હટતો નથી.** એટલું જ નહિ જૂઠમાં ભય પણ નથી તો એને પૂજારી મનાય હરિશ્ચંદ્રનો ? જો જૂઠું બોલવામાં કોઈ નુકશાન દેખાતું જ નથી; જો કાળ એવો છે માટે જૂઠું બોલવામાં વાંધો નથી માનવો, તો હરિશ્ચંદ્ર પર શ્રદ્ધા એ ધતીંગ ને ? તેમ આપણે કહીએ કે 'હું જિનેશ્વરદેવના વૈરાગ્યપ્રધાન ધર્મને અને તપ-ત્યાગને બહુ માનું છું; એના પર મને બહુ પ્રીતિ છે,' ને બીજી બાજુ પાછું સંસાર ચલાવવામાં જરાયે ભય કે કંપારો નથી થતો તો એ પ્રીતિ, એ માન્યતા,

ધતિંગ કે બીજું કાંઈ ? કહે છે, 'સંસાર છોડવામાં ઉતાવળ કરવી ન જોઈએ ! નથી ને નીકળવું હોય તો કોઈ વાંધો-વિરોધ સંસારમાં ન રહેવો જોઈએ !' કહો મેળ મળે એમ છે ? વાંધાનો તાગ મળે એમ છે ? 'ભગવાનની વીતરાગતા અને ભગવાનની વાણી, મને એના પર પ્રેમ છે ! મને એ બધું મળ્યું તેથી હું મારી જાતને ભાગ્યશાળી માનું છું;'- એક બાજુ આમ કહે છે ને બીજી બાજુ દીકરા-દીકરીને સંસારમાં જોઈને ખૂશી થાય છે ! 'ચાલો, છોકરા મંડાઈ ગયા ! છોકરીય બાળ બચ્ચાવાળી બની ગઈ ! ચાલો, પૈસા-ટકા ઠીક થઈ ગયા.' તે પછી શું એનું સારું ન ઇચ્છવું ? એ વાત નથી. વાત એ છે કે તમને એના આત્મહિતની ચિંતા છે ? સંસારલીલામાં એ મગ્ન થઈ જાય અને પોતાના આત્માની ચિંતા ભૂલે તો એ બદલ તમને ખેદ ખરો ? જો ના, તો પેલું બધું જાતને ભાગ્યશાળી માનવા વગેરેનો શો અર્થ રહ્યો ? જિનવચનની દિલ પર અસર શી રહી ? અંતરમાં જો વીતરાગના ધર્મ પર લાગણી થાય તો આ ન રહે. મેલા ધર્મમાં હોય તો બને. કેમકે એનો ઉપદેશ જ એ જાતનો. પણ અહીં તો માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની જ વાત છે ! તેના પ્રેમ ઉપર મલિન વિચાર કે લાગણી નભી જ ન શકે ! આજ સુધીનાં પાપનાં ધોરણો અને મલિન લાગણીઓ દૂર કરવા જ જોઈએ. પાપનું ધોરણ ઊભું રહે, પાપના પક્ષપાત ચાલ્યા કરે, પછી સાચી શ્રદ્ધા ક્યાંથી થાય ?

**પુણ્ય-પાપ :-** ગુરુમહારાજની એક જ વાણીથી બ્રહ્મદત્તને શ્રદ્ધા થઈ અને પૂર્વનો સમ્મોહ નીકળી ગયો. એટલે કહે છે કે દીકરો જે કરે છે, તે અત્યંત પ્રશંસનીય છે ! પિંગક જેવો નાસ્તિક પણ દિલનો સરળ; એટલે એના મનનો મેલ પણ નિકળી ગયો !

એણે પૂછ્યું : "જગતમાં પુણ્ય-પાપ એ બેની રીતભાતો જુદી ચાલે છે, તો એ કેવી રીતે જણાય ? આનામાં પુણ્ય ભરેલું છે કે પાપ ભરેલું છે ?"

આચાર્ય મહારાજ કહે છે, "ઓહો ! એ તો પ્રત્યક્ષ છે ! દુનિયામાં દેખાય છે. એક માણસ રત્ન જડેલાં મકાનમાં રહે છે ! ત્યારે બીજાને જૂનાં ખંડિયેર કે જેમાં સર્પ પણ રહેતા હોય, તેમાં રહેવાનું મળે છે ! એક બાજુ કોઈ ઊંચા સંગેમરમરનાં મોટા મહેલમાં રહે છે અને સુંદર સ્ત્રીઓ સાથે આનંદમાં કાળ વિતાવે છે. બીજાની સ્થિતિ એવી છે કે એની પાસે મહેલ નહીં પણ ઝુંપડીના ય વાંધા છે. એમાં શું કારણ ? કહો પુણ્ય-પાપના ભોગવટા. એકને મોટા ગદેલા મળે છે, બીજાને દંતવિણા વગાડવી પડે છે ! ટાઢે સોસાવું પડે છે ! એકને જન્મતા સોનાના ચમચે દૂધ પવાય છે, સોનાના હિંડોળે પોઢવા મળે છે અને એકને ઝાડે



ઝોળીમાં હિંચાવું પડે છે ! આ પુણ્ય-પાપનો જ હિસાબ છે. કોઈ પુણ્યશાળી બીજાનાં પેટ ભરે છે, ત્યારે કેટલાક પોતાનું જ પેટ ભરી શકતા નથી ! ઘેર ઘેર ભીખ માગવી પડે છે ! પુણ્ય હોય તો મહાન ચક્રવર્તી જેવા સુખ મળે છે, તેમ એને પણ છોડી જીવ મોક્ષમાર્ગી બને છે ! પુણ્યાનુબંધી પુણ્યથી આરાધના વધે ને મોક્ષ મળે અને પાપાનુબંધી પુણ્ય વધે તો તે જીવને પરિણામે પાપભર્યો કરીને તિર્યંચ નરકગતિય દેખાડે છે ! આ બધો શાનો હિસાબ છે ? પુણ્ય ને પાપનો !

પિંગક પૂછે છે : "એનો હિસાબ શાના પર છે ? પુણ્યનાં કયાં કારણ છે ? કઈ ક્રિયાઓ પાપ લાવે ? કઈ ક્રિયાઓ પુણ્ય લાવે ?" શા માટે પૂછે છે આ ? કેમકે હવે તો લાલચ લાગી કે પુણ્ય હશે તો અહીંયાં ય સુખ અને પછી અંતે મોક્ષ !

**આચાર્ય મહારાજે જણાવ્યું કે સાંભળો :-** હિંસા, જૂઠ વગેરે જેને પાપસ્થાનક કહેવાય, તેથી પાપ આવે. એમાંથી પાછા એ પાપસ્થાનકોથી પાછા હટવું, એના ત્યાગની પ્રતિજ્ઞા લેવી એથી પાપ અટકે. પાપસ્થાનકોનો ખૂબ નિગ્રહ કરવો, જીવનમાં તેને ઓછા કરી દેવા અને ધર્મસ્થાનક સેવવા, તો પુણ્ય વધે છે. એમ કહીને આચાર્ય મહારાજે હિંસાનો ત્યાગ ને જૂઠનો ત્યાગ કેવો હોય તેનું વર્ણન કરી બતાવ્યું. પિંગકના મનમાં બરાબર બેસી ગયું. મંત્રીને ને પિંગકને બન્નેને ઉલ્લાસ આવી ગયો. પાપ ન કરવાની પ્રતિજ્ઞાઓ લેવાનો ઉલ્લાસ જાગ્યો. કેમ ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૫,અંક-૧૬,તા.૧-૫-૧૯૫૭

## અષાઢાભૂતિનો પ્રસંગ

આષાઢાભૂતિ મુનિ ચારિત્ર છોડી નાટકિયાને ઘેર કેમ રહી ગયા ? સાવધાની ચૂક્યા હતા ! સાવધાની ચૂક્યા એટલે એક નબળી કડી ઊભી થઈ, "આ ભગત બહુ આગ્રહ કરે છે, કે મહારાજ, અહીં કોઈ તોટો નથી ! રોજ પધારજો-વહોરવા !" નાટકિયાએ જોઈ લીધું કે આ નાટક કરવામાં ઉત્સાદ છે. આજે એક વાર નહીં, પણ અનેક વાર ગોચરી આવ્યા. નીચે માણસોએ લાડુ વહોરાવ્યા ને વિચાર આવ્યો કે 'આ લાડુ આચાર્ય મહારાજના પાત્રામાં જશે ! તો આપણા માટે લાવોને બીજો વહોરી લાવીયે.' જ્યારે આર્ય સંસ્કૃતિ ખીલેલી હતી ત્યારે લોકોને અતિથિસત્કાર પર પ્રેમ હતો ! આજે પરદેશી પદ્ધતિ ખીલી છે, એટલે પોતાનાં પેટ ભરવાનું વધી ગયું છે ! મુનિએ બહાર નીકળીને જાવું છે બીજીવાર વહોરવા,

માટે રૂપ ફેરવી નાખ્યું ! શરમ ન લાગે. અવાજ ફેરવી નાખ્યો ! કપડાં પણ ફેરવી નાખ્યાં ! બીજો લાડુ વહોરી નીકળ્યા પછી પાછો વિચાર આવ્યો : 'હજીય શું ? આ લાડવો તો ઉપાધ્યાયજી મહારાજના પાત્રામાં જશે.' જોયું ? આ નબળી કડી છે, એટલે પેલો નાટકિયો લાભ લેશે ! ઉપડ્યા ત્રીજી વાર લાડવા માટે ! વેષ-મોં વળી ફેરવી નાખ્યું ! કામળી ઉઘાડી હશે તો વાળીને ખભે નાખી ! ઉપરથી નાટકીયો જુએ છે, કે આ જાય છે ને ફેરફાર કરીને આવે છે ! પણ નીચેવાળાને ખબર નથી એટલે એમને તો 'અતિથિ આપણે ત્યાં ક્યાંથી !' એ હિસાબે દેવાનું જ હતું. **કેવી ઉદાર આર્ય સંસ્કૃતિ ! ખાઈને ખૂશી થવાનું ન હતું, પણ ખવડાવીને ખૂશી થવાનું હતું !** વળી વિચાર આવ્યો : "બીજા લેનાર પણ છે, માટે ફરી આંટો મારવા દે."

પેલો વિચાર કરે છે : 'આ વેષ ભજવવામાં કાબેલ છે. એ જો આવી જાય આપણી પાસે, તો મોટ મોટા રાજાઓ પણ વશ થઈ જાય ! એ જે આ નાનકડું નાટક ભજવે છે તે પરથી લાગે છે કે એના નાટકથી એ તો મોટા રાજાના ય મસ્તક ડોલાવી દે ! માટે એ અહીં રહી જાય એમ કરવું જોઈએ; પણ એમ કંઈ કહું તો માની ન જાય ! વળી આ તો સાધુ ? **સાધુ એટલે કોણ ? પાપની સામે અડીખાં ! પાપ એનાં પડછાયે ન ચઢે !** એ કામ મારી છોકરીઓનું છે.

**ઢાંકવાનુ ઉઘાડું ન મૂકાય :-** છોકરીઓ છે રૂપરૂપની અંબાર ! કામદેવની સેનાપતિ સમી ! ખીલેલી યુવાવસ્થામાં આવેલી હતી. યુવાનીના મદથી ઉન્મત્ત હતી ! ને નાટકિયાની છોકરીઓ એટલે ? ચેન-ચાળા-વેષનો ઠઠારામાં કંઈ પૂછવાનું હોય ? આજે વગર નાટકિયાની છોકરીઓમાં પૂછવાનું નથી ને ? એમને હૈયામાં જાણે એટલી બધી ઉત્કંઠા ઊભરાઈ જાય છે 'દુનિયાને મારું બધું દેખાડી દઉં !' **ના, મૂર્ખી ! ના. તારી પાસે છે તે બધું દેખાડવાનું નથી, ઢાંકવાનું છે. ઢાંકવાનું ઉઘાડું ન મૂકાય !** હવે આ તો નાટકિયાની છોકરીઓ ! પેલાએ જોઈ લીધું કે આ ઠીક છે ! એમાં વળી લાલચ આગળ પોચલાપણા રૂપી નબળી કડી છે મહારાજની ! ઉતર્યો નીચે, મહારાજ અંદર પેઠા કે બોલ્યો :

"ઓહો, પધારો મહારાજ, ધન્ય ભાગ્ય !"

કહે તો નથી કે ચાર વાર અંદર આવ્યા છે.

'અહો, આપની કેવી શાંત મુદ્રા ! આપની ભક્તિ કરીયે તો ન્યાલ થઈ જઈએ !'

ઘરના માણસોને ઠબકારે છે, 'અરે, મૂર્ખાઓ ! ક્યાં ગયા ? આ કલ્પવૃક્ષ આંગણે પધારે, ને બધાં સૂઈ ગયા !' વહોરાવ્યા લાડવા. કહે છે : 'મહારાજ,



રોજ પધારજો ! અમે તો સંસારના ખાડામાં પડ્યા છીએ. રોજ પધારશો તો અમારો ઉદ્ધાર થશે !'

કોને કોનો ઉદ્ધાર કરવો છે ? સાધુને નાટકિયાનો ? કે નાટકિયાને સાધુનો ? માનો બંનેને કરવો હોય તો તેમાં બેમાં જીત કોની ? હાર કોની ? જેની નબળી કડી હોય તેની હાર ! નબળાઈ હોય તેના બાર વાગ્યા ! આ વિશ્વકર્માએ બરાબર જમાવ્યું : "બાપજી કાલે પધારજો. કૉલ આપતા જાઓ !" "ના, ભાઈ, સાધુથી કૉલ ન અપાય, વર્તમાન જોગ !" બેફિકરાઈથી રહેવાનું પણ હૈયામાં કેમ ? 'લાડવાનું સ્થળ સારું છે !' મુનિ ગયા.

નાટકિયો હોશિયાર છે ! છોકરીઓને કહે છે : 'ઓળખ્યા ?'

છોકરીઓ કહે છે, 'હા, સાધુ મહારાજ છે.'

'શું ઓળખ્યા ? પહેલાં સાધુ વહોરવા આવ્યા હતા, એના એજ ચાર વાર આવ્યા હતા !"

'એમ !'

"હા ! એજ મુનિ હતા. એણે જ બધા રંગ કર્યા. માટે સમજો કે આપણું કારખાનું ચલાવવા માટે એ ખરેખરો એન્જીનીયર છે ! પણ એ કામ તમારા હાથમાં છે. રોજનું આમંત્રણ આપ્યું છે. હવે સોંપ્યું તમને. તમારે એના હૈયામાં પેસી જવાનું છે. પછી એ ગુરુ સાથે કંઈક ખટપટ કરશે, ને કહેશે, 'લ્યો તમારો ઓઘો !" અંદરમાં હશે લટકાળી ! નાટકિયો કેવો તાલંબાજ છે ? ત્યારે તમને પણ તાલંબાજી આવડે ને ? તો એથી સંસારના નાટકિયા કે બીજું કાંઈ ? પેલાએ બધા અંકોડા ગોઠવી દીધા. સાધુ રોજ આવે, ને આ છોકરીઓ રોજ થોડા થોડા ચેનચાળા દેખાડે !

**ભક્તિ મર્યાદામાં :-** જો જો હોં, અપેક્ષાએ એ કામ મુનિ આગળ કરવાનું સહેલું ! ગૃહસ્થ આગળ કરે તો તો ખરાબ દેખાય. પણ બાપજી આગળ ? સાધુને મહામુશ્કેલી છે ! તમે સાધુ થયા નથી ને ? તો કેમ સારું કર્યું ને ? નહીંતર, મુશ્કેલીમાં ઉતરવું પડત ! કેમ ? હા, આવી દુનિયા આગળ નવવાડ બરાબર પાળવી અને મોહને મચક ન આપવી એ કઠિન કામ છે. ખાંડાની ધાર પર ચાલવાનું છે ! સ્ત્રીનો એક અંગુઠો પણ ન જોવાય ! ને સમાજ વ્યવસ્થા કેવી ? ગમે તેવી સારામાં સારી કુલીન સ્ત્રી સાધુ સાથે હસીને બોલે તો વાંધો નહીં ? "ના, સાહેબ, લેવું જ પડશે..." ત્યાં હસીને બોલે તો કોઈ પૂછનાર છે ? ધ્યાન રાખજો, અંદરમાં ભાવથી ભક્તિ હોવી જોઈએ, મેવા પક્વાન્ન આગ્રહથી વહોરાવે, પણ **ભક્તિ મર્યાદા ઓળંગીને ન હોય !** હસવાના ટાયલાં ન કરાય. તેમ મુનિએ

દૃષ્ટિ સામી ન કરાય. **અલંકાર સજેલી સ્ત્રી પશુને ચારો નીરે, ત્યાં ભૂખ્યા પશુની દૃષ્ટિ માત્ર ખોરાક તરફ હોય. એમ મુનિની દૃષ્ટિ નિર્દોષ ગોચરી તરફ હોય.** નાટકિયો સમજે છે કે છોકરીઓ સાધુ આગળ ગમે તેવા ચેન-ચાળા કરશે તો એ પલળશે. આવવા દેને એક વાર-બે વાર ! **રૂપની છબી હૈયામાં પેસે એટલી જ વાર છે ! બીજું કંઈ કહેવું નહીં પડે.** તણાયા આવશે, ગુરુ સાથે ઝઘડો કરીને નાટકિયાએ એ સ્થિતિ ઊભી કરી ને છોકરીઓની છબી હૈયામાં વસી ગઈ ! વર્ષોનું સંયમ પળવારમાં વહી ગયું ! **આત્મામાં રૂપદર્શને કામવાસનાનું કાણું પાડ્યું, પછી કેઈ વર્ષોના સંયમનું ભરી મૂકેલું પાણી નીચે ઢળી જતાં શી વાર ?** છોકરીઓ કટાક્ષો મારી કહે છે, 'તમે અમને મળો તો જાણે ઇન્દ્રાણીને ઇન્દ્ર મળ્યા ! પણ તમે મોટા માણસ, તેથી અમારા ભાવ શાના પૂછો !' અરે ! ભલેને એ બોલે, પણ **વર્ષો સુધી ચારિત્રના ઘેબર ખાનાર ! તારે એ ગંદવાડમાં મોં શાના ઘાલવાના ?** અસલ તો ત્યાં જવાય જ નહિ.

એક વાર એ ગોચરીથી પાછા વળતા મોડા પડ્યા. જાણો છો ને કેમ ? ગુરુએ ઠપકો આપ્યો એટલે આષાઢાભૂતિ તડુક્યા ! ઓઘો જ પાછો સોંપવા માંડ્યો ! 'લ્યો નથી રહેવું મારે સાધુપણામાં.' ગુરુએ પછી **જન્મ હારી ન જવા બહુ સમજાવ્યા.** તો કહી દીધું, "નાટકિયાની છોકરીઓ હૈયે વસી ગઈ છે ! હું તો જઈશ !" જવાનો સો ટકાનો નિર્ધાર બતાવ્યો. ત્યારે ભવિષ્યમાં પણ એનો ઉદ્ધાર થાય, તે માટે ગુરુએ કહ્યું :

"જો જે, એ જાત નાટકિયાની કોઈ લાજમર્યાદા કે કોઈ સુશીલતા, વિવેક ન હોય. એ તો જરૂર પડ્યે દારૂ ય પીએ ને માંસ પણ ખાય બોલ, તારે એમ કરવું છે ?"

"ના, દારૂ નહીં પીઉં, માંસ નહીં ખાઉં. પ્રતિજ્ઞા કરું છું."

એટલું કહીને આવ્યા. અહીંયાં તો તૈયાર જ છે ! કુંકુમે વધાવ્યા ! ઘરમાં પેસતાં જ કહી દીધું : 'જુઓ, આવ્યો છું રહેવા, ખેલ કરીશ, પણ એક વાત છે કે કદી તમારે પણ દારૂ ને માંસને અડવાનું નહીં ! એટલો કૉલ કરો !' પતન થયું છે. લોભ લાગ્યો છે. ઉન્માદ જાગ્યો છે કામનો, પણ છતાં આટલું ગુરુનું વચન છે, ને એટલી વાત જરૂર વ્યાજબી છે. પણ શરત કરવા જાય ને પેલી ના પાડી દે તો ? હા, પાછા જવાની તૈયારી છે. ગભરામણ નહીં. એટલું ન હોય તો મર્દાનગી શાની ? પેલીઓએ કબુલ કર્યું, "જેમ કહેશો તેમ અમે તમારી દાસી ને તમે અમારા દેવ ! રહ્યા ! નાટક ભજવતા થયા, ને છોકરીઓની સાથે ગલીચ રમતમાં લયલીન થયા ! આટલું ભયંકર પતન શા માટે ? જો કે પાછળથી એકવાર



નાટકણીઓએ ખાનગી દારૂ-માંસ વાપર્યા તે પકડાઈ ગયું એટલે પછી તો આ ચારિત્રે પાછા વળે છે; પરંતુ તે પૂર્વેનું મહાપવિત્ર સાધુજીવનમાંથી ગલીચ કામભોગમાં ભયંકર પતન શા માટે ? વિશ્વકર્મા નાટકિયાએ એમની નબળી કડી જોઈ અને પ્રલોભનમાં તાણ્યા; તેમ, આ જાલિની માતા પણ એવો જ વિચાર ગોઠવે છે. પણ ખબર નથી કે બધા આષાઢાભૂતિ નહીં ! આ શિખીકુમાર મુનિ તો જુદા હતા ! લાખો વર્ષનું ચારિત્ર એક પણ દૂષણ વિનાનું જેણે પાળ્યું છે ! નાટકણી તો શું, પણ સુશીલ નારીઓ પ્રત્યેની પણ બ્રહ્મચર્યની નવવાડ ચૂક્યા નથી. જો કે અહીં માતાનું પ્રલોભન મોહમાં ફસાવવાનું નથી, પરંતુ દગો રમવાનું છે; છતાં મુનિ એવી બિનસાવધાની અને પોચલા મનની નબળી કડીવાળા નથી કે જેથી એ દગામાં પોતે પોતાની સમતા-સમાધિ અને ઉપશમભાવ ચૂકે ! પેલા મોહમાં પડ્યા તેમ આ કષાયમાં પડે એવા નથી.

મંત્રીપુત્ર શિખીકુમાર માતાને કષાય થતો જાણી નાની વયમાં ઘરથી બહાર નીકળી ગયો. એને ભાગ્યના યોગે આચાર્ય ભગવાનનો ભેટો થયો. ઉપદેશ સાંભળ્યો, વિરાગી બન્યો અને ચારિત્ર લીધું. મુનિ તો વિહાર કરી ગયા, પણ માતા જે શત્રુ અગ્નિશર્માનો જીવ છે તેના મનમાં વસવસો રહી ગયો. એ વસવસાએ ક્રમે કરીને એને પુત્રનો ઘાત કરવાની યોજના સુધી પહોંચાડી. હવે કોઈ પણ હિસાબે આ પુત્ર-સાધુનો ઘાત કરી નાખું ! તે કેમ બને ? કેમકે એ તો દેશે દેશ ફરનારા ! મારાથી ક્યાં પહોંચાય ? તો અહીં એને લાવવામાં આવે તો ધાર્યું થાય ! લાવવા શી રીતે ? એટલે પોતે વિચારે છે કે એક તો કુશળ સમાચારનો બહુ જ મીઠા શબ્દવાળો સંદેશો મોકલું; ને એમના કુશળ પૂછાવું ? તે વાત કરનારો એવો મોકલું કે જે એવા મધુર અને આકર્ષક શબ્દોમાં વાત કરે કે તેથી અહીં ખેંચાઈ આવે ! સાથે કંઈક ભેટ પણ મોકલું, ને ત્યાં ધરે એટલે એમને પણ એમ લાગે કે એમનો ભાવ બહુ છે, માટે ચાલો. એ આવે પછી તો ફેંસલો કરતા વાર નહીં ! આ તો હું ગફલતમાં રહી ગઈ કે આટલો વખત એ જીવતો રહી ગયો !

**પૂર્વ ભવથી સ્થિર કરી લાવેલી હૃદય-મલીનતા કેવી ભયંકરતા સર્જે છે !!** ભૂતકાળમાં જે ઘાતનું ઘોર પાપ ન બન્યું તેનો પશ્ચાત્તાપ કરાવે છે ! અને હજુ ભવિષ્યમાં બની શકે એમ ન હોય એટલે પશ્ચાત્તાપ કરાવ્યા જ કરે છે ! દા.ત. એક માણસને કન્યા ન મળતી હોય, પણ અંદરમાં વાસના ભરી છે, એટલે હૈયું લોચા વાળ્યા જ કરે છે ! એ વિચાર નહીં આવે કે "ઉંમર થઈ ગઈ. હવે નશીબ નથી, તો એના માટે લહાળાં કરવા શા માટે ? ચાલો પાપ ગયું. હવે એ ધુંસરા કરતાં તો ધર્મની લગામ લઈ લઉં !" મલીન વાસનાવાળાને આ નહીં થાય; પણ

પસ્તાવો થશે ! શોક કરશે 'ફલાણા ઠેકાણે ચોકઠું ગોઠવાતું હતું, પણ ફલાણાએ પથરો નાખ્યો - કન્યા કેવી સરસ હતી !' અક્કરમીને નથી મળી, નથી મળવાની, છતાં પાપવિચારનો પ્રવાહ ! તેમ આ જાલિની પસ્તાવો કરે છે. લાખો વર્ષ વીતી ગયા છે, પણ હજી ભૂલી નથી ! માણસે સાક્ષાત્ પાપ કર્યું હોય તો તો કદાચ એક બે વર્ષમાં એની લેશ્યા ભૂલી જાય. અને બીજી પ્રવૃત્તિમાં પડી જાય. પણ આ જીવ પુત્રઘાત ન થયાનો લાખો વરસથી પશ્ચાત્તાપ કર્યા જ કરે છે ! એનું ભયંકર પરિણામ ? આપણે કર્મ જોઈ શકતા નથી, નહિતર એવી કોઈ દિવ્ય શક્તિથી જોઈ શકતા હોઈએ તો એવું ચિત્ર દેખાય કે ઘોર નિકાચિત કર્મો, રૌરવ નરકમાં પીસી નાખે એવાં પાપકર્મોની સેનાની સેના આત્મામાં ઘુસી રહી છે ! જો જોઈએ તો આ મોટી નુકશાની છે; અને નુકશાની એ છે કે આત્મામાં ભવિષ્યમાં વિચારણા કાળી જ આવવાની સંસ્કાર દઢ થઈ ગયા ! પાંચ પાંચ વાર ઇન્કમટેક્ષમાં જુબાની આપી આવ્યો ! ખોટું ઘણું કહેવું હતું, પણ સાચું બોલી આવ્યો છે ! હવે જજમેન્ટ આવે છે, ત્યારે શું થાય એને ? "હાય ! આ આ જૂઠ બોલવાનું રહી ગયું..." એવો ખેદ ને ? સામાના પુણ્યોદયમાં અને પોતાના પાપોદયમાં કંઈ જ ફેરફાર થાય એમ નથી ! પણ હૈયું મલીન ! બિલાડીની લેશ્યા ! પાપ ન થયા બદલ પશ્ચાત્તાપ ! આપણે હજી પશુજીવનમાં રમીયે છીએ કે વાસ્તવિક માનવજીવનમાં આવ્યા છીએ ? હૈયું શિયાળનું છે ? કે મહાસંતનું ?

**આપણો સદ્‌વિકાસ તપાસવા આ ચાવી છે :- ભૂતકાળમાં આપણાથી જે પાપ ન થઈ શક્યાં, તે બદલ હૈયામાં રાજીપો છે ને ? હવે નવા પાપો કરવામાં હોંશ નથી ને ?** માનવના હૃદયમાં તો એ આવવું જોઈએ કે પાપનો પડછાયો ન લઉં, પાપની દિશા ન લઉં ! "ભલે પૈસા કમાવવા ગયા, પૈસા અને લહેર ગુમાવી; પરંતુ **'સારું થયું, મારાથી એ પાપ ન થયું !** આ **જિંદગીમાં એ પશુરૂવાબ, પશુગુસ્સો-રોફ** વગેરે **ન શોભે !" જો આટલું ન હોય તો એને માનવનું હૃદય અને વીતરાગના શાસનને સમજેલું હૃદય શી રીતે કહેવાય ?**

**આપણું મન કેવું બનાવવું, તેનો આધાર આપણી વિકસેલી સુબુદ્ધતા પર છે.**

'હાય હાય ! દિવાળીમાં માંદો પડી ગયો ! દિવાળીનાં મિષ્ટાન્નથી રહી ગયો !' એવી અનાદિની અવળી ચાલ છોડી, આમ થાય કે- "સારું થયું કે બિમારીએ જીભડીને સરખી રાખી, નહીંતર રાગનાં કેવાં કાળાં કર્મ બાંધત !..." એમ 'હાય ! કેસમાં ક્યાં સાચું બોલ્યો ! પૈસા ગુમાવ્યા' ચિંતવવાને બદલે થાય કે **'પૈસા તો જવાના હોત તો ગમે તે રસ્તે જાત; પરંતુ અવસરે જૂઠ ન બોલી એનો કુસંસ્કાર કચર્યો અને સત્ય બોલીને એનું મમત્વ વધાર્યું, એ ઠીક થયું. આ જીવનમાંથી એજ**



**સાથે આવવાનું છે; અને એનું પોષણ પ્રસંગ પામીને જ થાય છે.'** આ માત્ર જૈન પણાના હિસાબની વાત નથી. **આર્યપણું મળ્યું હોય અને સુબુદ્ધતા વિકસી હોય, તેનામાં પણ આ હોય, કે ચાલે ત્યાં સુધી એ પાપમાં જાય નહીં. પાપના રસ્તે જવામાં પુરુષાર્થી હોય, ને પાપ ન થવા બદલ ખૂશી હોય !** વિકસેલી સુબુદ્ધતાને માપવાની જરૂર છે. **વિકસેલી સુબુદ્ધતા એટલે પુસ્તકના જ્ઞાનનો ગંજ નહિ, પરંતુ આત્મામાંથી મોહમૂઢ, વિષયઘેલી અને કષાયમય અજ્ઞાનદશા પુરુષાર્થપૂર્વક ટાળીને, સંવેગ-વિરાગથી મઘમઘતી, સતત તત્ત્વચિંતનથી લચબચતી અને પરમાત્મભક્તિથી ગદ્‌ગદભીની જ્ઞાનદશા ઊભી કરાય તે.** કરી છે ને ? કરવાનો પ્રયત્ન ચાલુ છે ને ? કે પછી અજ્ઞાન દશામાં-વિકસ્વર અબુઝતામાં અથડાવાનું ચાલુ છે ? તે અહીં ઉત્તમ ભવે પણ ચાલુ રહેશે તો આગળ શું થશે ? ભાવી ભયંકર દુર્દશાનો કોઈ વિચાર ? આ ઉત્તમ ભવની કોઈ કદર ? શું ન થાય મનને કે 'અબુઝતા હવે અહીં ચાલુ રાખું ?' ના, એને તો કચડ્યે જ છૂટકો. ગમે તે સંયોગમાં પણ માનસિક સુબુદ્ધતા કેળવવાની આડે કોઈ આવી શકતું નથી; તો એને કેળવવા મથીશ. એ માટે ભૂતકાળમાં થયેલા પાપનાં રુદન કરીશ અને ન થઈ શકેલાં પાપ બદલ આશ્વાસન લઈશ. ભાવી પાપોમાં હોંશ નહિ રાખું.

વિચારો તો ખબર પડે કે આત્મા ક્ષણે ક્ષણે અને પ્રસંગે પ્રસંગમાં રાગાદિ દૂષણોથી કેવોક ખરડાઈ રહ્યો છે ! વસ્તુના સ્વભાવ દીઠ અને રૂપરંગ વગેરે ખાસિયત દીઠ જુદા જુદા રાગદ્વેષ. 'દૂધ ગમે છે ?' 'હા,' 'તો લ્યો' 'ના, ગરમ જોઈએ !' 'ગરમ લ્યો !' 'શું લ્યો !' 'ખાંડ તો છે જ નહીં !' 'લે ભાઈ, ખાંડ નાખી.' 'પણ આવું. શેના લઈએ ? પાણી જેવું ? મલાઈ કાઢી લીધી ?' 'ઠીક, ભાઈ, મલાઈવાળું લ્યો !' 'લીધા ? જુઓને આ ગ્લાસ કેવો આપ્યો ?' 'સારું ભાઈ, આ ગ્લાસ સરસ લો !' 'એમ પીવાય ઊભા ઊભા ? ચટાઈ બટાઈ ?' 'લ્યો ભાઈ, આ પાથરી. પીઓ બેસીને !' 'શું પીએ ? ધૂળ ? ભિખારી છીએ ? નથી મલતું અમને ? કંઈ પહેલેથી કોઈ દિ' આમંત્રણ દેતાં આવડે છે ?'- આવા બધાં પાપથી જીવન ખદબદે છે. તેનો સામનો કરવાનો છે ! આ જીવન કાળના વાવાઝોડામાં ઊડી ગયા પછી કંઈ નહીં ચાલે ! વીતરાગનું શાસન છે, ત્યાં સુધી કોણ આંગળી ચીંધનાર છે ? માત્ર એ શાસનના આદેશો જીવનમાં જીવતા થાઓ. અહીં જ શક્યતા છે અને સામનો અસંખ્ય પાપ સામે કરવાનો છે. એ માટે સુબુદ્ધતા કેળવવી જ જોઈએ. તો જ 'અરેરે, હું લાખોવાળો ન થયો ! મારે કપાળ કુટું રહી ગયું !' એમ થવાને બદલે એવું થાય કે 'જેની પાસે લાખ છે તેનું કપાળ કુટું ! જેની પાસે લાખ નથી એનું તો કપાળ સાજું સારું ! લાખવાળો તો લાખમાં રંગાઈ

ગયો ! દેવ, ગુરુને ધર્મની સેવા કરવા નાલાયક કે નિર્બળ થઈ ગયો ! અરે ! વધીને અનાદર આશાતના કરનારો બની ગયો ! ત્યારે લાખ વિનાનો તો હાથ જોડીને ગુરુની આગળ નમ્રતાથી બેસી શકશે. પેલો ? 'આચાર્ય મહારાજ એટલે મારા ખીસામાં ! એમને હું રોકડું સંભળાવી શકું. એમની પાસે મારું ધાર્યું કરાવી શકું...' આવી આવી ઉન્મત્તતામાં રમતો ! લક્ષ્મીની મૂર્છા કેટલી ? રાત ને દિવસ એની જ ચિંતા. 'મારી પાસે લાખ. બસ, હવે બરોબર જાગતા રહેવાનું ! ઘણા માગણીયા નીકળી પડ્યા છે ! ટીપટપોરા એટલા ! મહારાજો ય કામ ભળાવ્યા જ કરે !...' કેવું ક્ષુદ્ર હૃદય ! આપણું વિચારો કે આજે કરોડ હાથમાં આવી જાય તો પણ અત્યારે દેવ, ગુરુના જેવા નમ્ર સેવક છીએ તેવા જ રહીયે ? વાર છે ! દિલનો ધર્મ સસ્તો નથી ! એમ કહેનાર એ કુમારપાળ જુદા ! કે 'સાહેબ, રાજા ખરો, પણ અઢાર દેશનો ! બાકી આપનો તો શરણાગત છું. સેવક છું. આપ મને રાજા તરીકે સમજશો જ નહીં ! આ કુમારપાળ સંઘમાં અમારી સાથે પગે ચાલીને કેમ ચાલી શકશે એવું મનમાં લાવશો જ નહિ ! આપ તો તરેલા જેવા છો છતાં કષ્ટ સહો છો. મારે આ દુર્લભ માનવભવમાં અસંખ્ય પાપોનો સામનો કરવાનો છે, ત્યાં આટલું ય ન સહું ?...' આ નમ્રતા, આ શરણાગતતા, આ દીનતા તવંગરને ય મોંઘી ! તો સમ્રાટ રાજાનું શું પૂછવું ? માટે લક્ષ્મી ન મળ્યાનો પશ્ચાત્તાપ ન કરતા.

**જાલિનીનો પેંતરો :-**

જાલિની પાપ ન થયાના પશ્ચાત્તાપમાં છે. હવે પાપ કરવાનો કીમિયો સુઝ્યો. એક માણસ સોમદેવ નામનો તૈયાર કર્યો. સંદેશો આપ્યો કે કહેજે, "માતાજી આંસુ પાડે છે ! એમને સુખ નથી ! તમારા વિના ઘડી પણ એને વસમી છે ! તમારા દર્શન ક્યારે થશે ? આ કહેજે ને કંબલ ભેટ આપજે !" ઉપડ્યો પેલો. પૂછતો-પૂછતો જાય છે. એમ કરતાં મુનિ વિચરતા હતા તે પ્રદેશમાં પહોંચ્યો. ત્યાં શિખીકુમાર મુનિનો ભેટો થયો. જોયું કે શું કરી રહ્યા છે શિખીકુમાર મુનિ ! 'અનેક સાધુઓને શાસ્ત્રનો પાઠ આપી રહ્યા છે ! સૂત્રનું પુનઃપુનઃ અધ્યયન કરાવી રહ્યા છે ! પ્રશાંત મુદ્રા છે !' એવી સ્થિતિમાં જોયા ! મોઢા પર ખૂબ હર્ષ રાખીને ગયો પાસે. એ પણ અજાણ્યા જેવો જ છે. માતાએ એને ભીતરની વાત કરી નથી. ઉપરથી બધું કહ્યું છે ! એટલે એ તો સરળભાવે જોઈને ખૂશી થઈ ગયો. વંદના કરી. મહર્ષિ શિખીકુમારે ઓળખ્યો.

પૂછે છે : "અહીં ક્યાંથી ?"

આ કહે છે : 'દેવ ! કોશંબી નગરીમાંથી. આપની માતાએ આપના સમાચાર



માટે મને મોકલ્યો છે. માતાજીની સ્થિતિ આપે સંભાળવાની છે ! એ તો દિનરાત આપનો સંતાપ કરી દેહને બાળી રહી છે !'

શિખીકુમાર તો જગતદયાળુ સાધુ બન્યા છે, ને એમાં માતાને દુઃખ થાય તો કેમ ન પૂછે : "માતાને સંતાપ શા માટે ?"

આ કહે છે : "આપ ચારિત્ર લઈને નીકળી પડ્યા તેનો સંતાપ !"

કેમ નીકળી પડ્યા છે, તેની આને બિચારાને ખબર નથી. શિખીકુમારને તો ખબર છે ! કહી ન દે કે 'મૂળ કારણ તો માતા જ છે ! એને મારાથી કલેશ થતો હતો કે મેં મૂકી દીધું બધું !' મનને ન થાય કે એને તો લીલા લહેર હશે ? પણ ના, એવું દિલના કોઈ ખૂણામાં ય નથી. જુઓ એ શું વિચારે છે : "અરે, માતાનું હૃદય ખૂબ સ્નેહ ભર્યું, માટે જ વારંવાર આવા શોકને સંતાપ કરનારું હોય છે ! માતા છે, એને કેઈ બીજો પરમાર્થ જોવાનો નથી ! એને તો મારો દીકરો, ને અમારી પાસે નથી, આ શોક જ એને હોય છે. દીકરા, મારે તારું બીજું કંઈ કામ નથી, માત્ર તું મારી આંખ સામે રહે.' તને જોયા કરું રાત-દિવસ ! એવું એનું સ્નેહ ઘેલું દિલ ! ગમે તેવું હોય, પણ એના ઉપકારનો બદલો વળે એમ નથી ! માટે એના માટે બીજો વિચાર ન કરાય !" માટે કહે છે-

"જો સોમદેવ, મેં ચારિત્ર લીધું છે, તે માટે માતાને શોક થાય છે, પણ મેં માતાથી કંટાળીને ચારિત્ર લીધું જ નથી ! મેં તો સંસારની અસારતાના કારણે ચારિત્ર લીધું છે. જો માતા આ હિસાબે શોક કરતી હોય તો તે કરવા જેવો નથી !" **હૃદયમાં જો પવિત્રતા છે તો પાપને પણ ધર્મની તકમાં ફેરવી નાખે છે ! જો હૃદય મલીન છે તો ધર્મ કરવાની તકને ય પાપ આચરવામાં ફેરવી નાખે છે !** કોઈનો બંગલો સંપત્તિ જોઈને એમ થાય કે નહીં કે 'આ કેવું સરસ...આપણે નહીં ?' આ પાપની તકને ધર્મમાં આમ ફેરવાય કે "એ બિચારાની પાસે આશ્રવ મોટો પાપ વહી આવવાની મોટી નીક ! મોટર એટલે મૂર્ચ્છા મોટી ! મારી પાસે એવું બધું નહીં, તો હું એ આરંભ-સમારંભની કેટલીય વેઠમાંથી બચી ગયો !" આવડત જોઈએ. તો સ્થાને સ્થાને પવિત્ર અધ્યાત્મપોષક અને ચિત્તોત્સાહક વિચાર કરી શકાય. શિખીકુમાર માટે માતાની વાત પાપની વાત છે, પણ એને ધર્મની વાતમાં ફેરવી નાખે છે, ને કહે છે : "માતાજીને કહી દેજે કે મને તો તમારો કંટાળો હતો જ નહીં ! મને તો પાપમય જીવનનો કંટાળો હતો ! કર્મપિશાચનાં વારંવારનાં પનારે પડી ભવચક્રમાં ભટક્યા કરવાનો અને એનાં નાચ્યે નાચવાનો કંટાળો હતો ! માટે ચારિત્ર લીધું છે." હૃદય પવિત્ર છે. એક પણ પાપવિચારણાને જગા આપતા નથી !

આમ જ્યાં કહે છે, કે સોમદેવ હોશિયાર છે, તે કહે છે : "જુઓ, મહારાજ, માતાજીએ તો કહેવડાવ્યું છે, ને એ ગમે તેમ તો ય સ્ત્રીજાતિ ! અને સ્ત્રીજાતિ એટલે એનું હૈયું બહુ નાનું ! વિશાળ નહીં ! અવિવેકનું જ ભાજન ! અવિચારી જ કાર્ય કરવાની આવડત ! મનમાન્યું લાગે તે કરી નાંખે ! ચંચળ સ્વભાવ ! કોઈ-સ્થિરતા ન મળે ! ઘડીમાં મિત્રતા ને ઘડીમાં શત્રુતા ! ઘડીમાં વહાલ ને ઘડીમાં દ્વેષ ! ઈર્ષ્યાનું તો જાણે ઘર ! ઉત્પત્તિસ્થાન ! દુરાગ્રહમાં રક્ત ! અને આ બધા પર ડગલે ને પગલે પાછો પશ્ચાત્તાપ કરે ! હલકું કાર્ય તુર્ત કરી નાખવા ય શૂરવીર અને પાછો તરત પસ્તાવો કરવા ય તૈયાર ! આ અમારી સ્ત્રીજાતિ છે ! તમે તો પુરુષ છો; ગંભીર હૃદયી છો, વિનય વિવેકનું કામ કરવાની આવડત ! સ્થિર સ્વભાવ ! કૃતજ્ઞ ! જ્યાં પ્રેમ કરે ત્યાં ટકાવી રાખે તેવા દૃઢ ! આજુબાજુની ચારે પાસનો વિચાર કરનારા ! તમે એ સ્થાને છો ! એણે તો કહેવરાવ્યું છે કે "તમે મારા સ્ત્રીસ્વભાવને ઓળખ્યા વિના કેમ એકદમ નીકળી ગયા ઘરમાંથી ? વિચાર તો કરવો તો ? અમારે તો પાપ પણ કરવા જોઈએ ને રોવાયે જોઈએ ! બીજી પણ મહત્ત્વની વાત એ છે કે આપ મહાન પરલોકના ઉત્તમ માર્ગે નીકળેલા છો. હું સંસારના કીચડમાં છું ! જરૂર, કોઈ અવસરે મારા પર નજર રાખજો, નહીંતર મારો કોઈ રીતે ઉદ્ધાર નથી ! એ મારાથી એમ ન કહેવાય કે - તમે મારા ઘરે આવીને રહો ! પણ, એટલું જરૂર ઇચ્છું છું કે તમે એક વખત અત્રે પધારીને દર્શન આપો અને બીજું તો હું શું કરી શકું આપનું ? આ ગરીબની કંબલ સ્વીકારી ઉપકૃત કરશો !"

કેવી દંભભર્યા વચનની ગોઠવણી કરીને વાત કરે છે. સાધુ કહે છે : "અરે, આ માતા નાહકનો કલેશ કરે છે. શાને સંતાપ ? મને એના બદલ કોઈ અરુચિ છે જ નહીં, એમ મેં પહેલાં જ કહ્યું છે, પણ ખેર ! 'તમારે માતા પર નજર નાંખવી પડશે,' આમ જે એ કહે છે, તો એ વાત તો ગુરુ મહારાજના હાથની છે !" કેવીક ઉત્તમતા ! લાખો વર્ષ વીતી ગયા છે, પણ માથે ગુરુ છે કે સ્વતંત્રપણે કોઈ વિચાર કે વાત નહીં ! **ખરી ગુરુનિશ્રા કોને કહેવાય ? માત્ર ગુરુની સાથે રહેવાનું એટલું જ નહિ પરંતુ શિર પર ગુરુની ઈચ્છાનો, ગુરુના અભિપ્રાયનો, અને ગુરુની પાકી વિનય-ભક્તિનો ભાર માથે રાખવાનો. પોતે કંઈ પરાધીન અને સમર્પિત અવસ્થામાં છે, તેનો વિચાર પળભર પણ ભૂલવાનો નહીં ! પોતે કઈ પાયરીમાં છે તે પળભર પણ ન ભૂલાય, તે જાગ્રત આત્મા છે !**





સોમદેવ ઊભો થયો. ગુરુમહારાજ પાસે જઈ વંદન કરી જેવું ભાષણ અહીં કર્યું હતું તેવું ત્યાં કહે છે. બધી વિગતને હૈયાનો ભાવ દેખાડીને એવી રીતે વસ્તુ રજુ કરી કે એમાં આચાર્ય શિખીકુમારમુનિ તરીકે સમરાદિત્યનો ત્રીજો ભવ છે. મુનિ બન્યા છે, અહીં પવિત્ર છે; પણ પૂર્વકૃત પાપ ઊભા છે, તો સામા આત્માને પાપ આચરવાની કેવી સગવડ મલી જાય છે, એ જુઓ ! ધ્યાન રાખજો,

**માતા પાપબુદ્ધિ જે કરે છે તે આમના કર્મના ઉદયે નહિ; એ તો માતાની પોતાની જ ભૂલ છે.** પરંતુ માતા દ્વારા એ પાપબુદ્ધિથી કરાતા જે દુષ્કૃત્ય, તેના ભોગ જે આમને બનવું પડે તેમાં આમના પોતાના પૂર્વના કોઈ રહી ગયેલા તેવા અશુભ કર્મનો ઉદય કારણ છે. ખેર ! માતા કેટલે પહોંચી ! **કષાયમાં અટવાઈ ગયેલો જીવરૂપી નાનો જંતુ, મનમાની શાંતિ માટે, પુણ્ય ઉદયે મળેલી સાધન સગવડથી 'હું ધાર્યું કરી લઉં'- એ રવાડે ચઢી જાય તો ઘોર પાપ આચરે છે !** શિખીકુમારે માતાનું કંઈ પણ બગાડ્યું નથી ! એવા પર પણ જાળ પથરાય અને એવાને ફસાવાનું થાય, ત્યાં કહો જગતમાં કર્મની જોહુકમી નીચે માણસનું ધાર્યું થવાની વાત ક્યાં રહી ? ઊલટું એમાં તો ધાર્યું કરવા માટે જો કાંઈ આડી અવળી ધાંધલ કરી તો તેની કાળાશ હૃદયમાં જામે ! અને તેનાં પાપ માથે ચઢે ! શિખીકુમાર મહાત્મા એવું કશું કરતા નથી. ત્યારે પેલીએ એક પાસો ફેંક્યો ને પોબાર ! પછી જામી ગઈ ! કહેવરાવે છે કે 'આપ તો મહામાર્ગે જવા નીકળ્યા છો ને હું ખાડામાં પડી છું તો કોઈવાર દર્શન દેજો !' બસ, આટલામાં ધર્મની યોગ્યતાવાળી ઠરી ! એ પછી મુનિ-મંડળ કોશંબીની નજીકમાં વિચરતું હશે તે સમયમાં પિતા બ્રહ્મદત્તનું મૃત્યુ થઈ ગયું. ગુરુ મહારાજના સાંભળવામાં આવ્યું, એટલે મનમાં થયું કે આ સ્નેહીઓને દર્શન આપવા મુનિને મોકલવા જોઈએ. આજ્ઞા કરી, "જાઓ તમે. શોકમાં પડ્યા હશે સ્નેહીઓ, તો કંઈક ધર્મલાભ પામશે !" શિખીકુમાર મહર્ષિ ત્યાંથી વિહાર કરી કોશંબી પધારે છે. આવીને મેઘવન નામના ઉદ્યાનમાં આવાસ કર્યો. મહામુનિ બની ગયા છે, ને સંયમની સાધના જોરદાર કરી છે. તેથી લોક પર પણ જબરજસ્ત છાયા પડી છે ! લોકમાં વાત પ્રસરી ગઈ કે મહાત્મા શિખીકુમાર મહામુનિ પધાર્યા છે ! લોકો સામા ગયા ને સ્વાગત કર્યું ! રાજા અને નગરજનો આવી બેઠા છે, ત્યાં શિખીકુમારે ભવ્ય ધર્મદેશના આપી. એની ઘણી છાપ પડી ! એક તો જ્વલંત વૈરાગ્યદશામાં વિહરતા મહાસંયમી છે ! સંયમને આત્માના પ્રદેશે પ્રદેશે ઓતપ્રોત કરી દીધું છે ! આખી વિચારસરણી અને સમજને શાસ્ત્ર ચિંતનમાં

પલટાવી દીધી છે ! સાથે દેશના સંવેગભીની અને હૃદયવેધી છે. એનો એ પ્રભાવ કે જબ્બર છાયા પડી ગઈ. કેઈ લોકો ધર્મ માર્ગે ચઢી ગયા ! જગત પર સાચી છાયા પાડી શકે તો આવા જ આત્માઓ કે જેમણે પોતાના આત્મામાં ઉતાર્યું છે, ને જે એવું દાન કરી રહ્યાં છે ! અંદરથી આત્મા કોરો ધાકોર હોય, પણ બોલવાની કળા હોય તો ક્ષણવાર શ્રોતા વર્ગમાં ઓહો થઈ જાય ! પછી કેમ ? કપડાં ખંખેરીને ઊઠે ! આ તો જે વાત આવે છે તેમાં કોઈ સ્વાર્થ કે આશંસા નથી; ને પોતાના સંયમ ને ત્યાગી હૃદયની કરુણાભીની પ્રેરણા છે. આવી સ્થિતિનો જ પ્રતાપ હતો કે આ દેશમાં ચોર-લૂંટારા બહુ જ અલ્પ પ્રમાણમાં હતા. એનું કોઈ એ કારણ નથી કે આજની માફક ભરપૂર કાયદા અને પોલીસવાળા રાજ્યનાં શાસન એ કાળે હતા, અથવા ચોરને ચોરવા માટે આર્ય દેશમાં સમૃદ્ધિ હતી જ નહીં એવું કાંઈ નહોતું; પણ એ તો સાધુ-સંત, કે જે પૃથ્વીનો અલંકાર કહેવાય, તેનો ખૂબ પ્રચાર હતો ! ઉપદેશ હતો ! એની છાયા હતી ! આજ તો સાધુ મહાત્માના તપ-ત્યાગ-અને સંયમમાંથી લેવાની વાત નહિ પણ ઉપરથી માનવાનું, 'સાધુ મહારાજ ખરા, પણ જમાનાના જાણ નહીં ! સમયને ઓળખે નહીં ! દુનિયા એરોપ્લેન વગેરે આગળ વધે, ને સાધુઓને કીડી વેગે ચાલવા જોઈએ...'

આમ કહી શું કર્યું ? સાધુની, ને સાધુના મહાન ત્યાગની છાયા ઉખેડી નાખી ! તેનું પરિણામ શું ? એજ કે જે આજે સમાજના ઊંચા હોદ્દા પર બેસે છે, તેમનાં જીવન પણ પવિત્ર અને આધ્યાત્મિક નથી; ને ઉંદર જેમ ફૂંકી ફૂંકીને ફોલી ખાય તેમ આ સમાજને સુંવાળા વાણીવિલાસથી ફોલી ફોલીને ચૂસી રહ્યા છે ! બીજી બાજુ નવી પ્રજા વડિલોનું માનતી નથી. તેમજ કોઈને મનને સ્વસ્થતા નથી. દરેકની ફરિયાદ છે કે 'શું કરીએ ? કોઈ સ્થાન જ નથી ન્યાયને ! કાયદા અને સરકારી તંત્ર જ આડકતરી રીતે અનીતિ શિખવે છે.' નીતિ, ન્યાય ઉડ્યા, તેમ ઉદારતા ને પરમાર્થ ગયા ! કેમ ? કહે છે પહોંચતું નથી. સાચું છે આ ? વ્યવહાર બધો સાચવવામાં પહોંચે છે. અવસરે અવસરે કુટુંબ આખાને માટે મનોરંજન, મિજબાની, નવી ફેશનના પહેરવેશ, વાત વાતમાં ડોક્ટર- આ બધામાં પહોંચે છે. નથી પહોંચતું ઉદાર થવામાં, ધર્મ કરવામાં ! બેકારી અને ભૂખમરાની વાત આવે ત્યાં 'લાખોના ફંડ ભેગાં કરો ને તેનું આમ કરો,'- એમ વાતો મોટી, પણ કરવાનું કેટલું ? કેમ આટલું બધું અનિચ્છનીય ચાલી પડ્યું છે ? કહો, સાધુની છાયા ન રહેવા દીધી. આજે જેની દયા ખવાય છે, તેની પણ સ્થિતિ કેવી ? અલ્પ જરૂરિયાત, અલ્પ ખર્ચ, ત્યાગવૃત્તિ,- એ કાંઈ નહિ; ને માગવાની વૃત્તિ વધી ! કેમ ? એના માથે પણ સાધુની છાયા ન રહી, આજે હોટલો-સીનેમા ઊભરાઈ ઉઠ્યા છે, તે શું



તવંગરો પર જ નભે છે ? પેટ નથી માગતું તેટલું મનનો મોટો પટારો માગે છે ! કેમ વારૂ ? સમાજને સીધે રસ્તે રાખનાર એક જ સંત-સત્તા હતી, એને ઉખેડી નાખી ! 'સાધુ ક્યાંથી હાલી પડ્યા ! શાસ્ત્રો આજે શું કરવાના ?' આવી આવી આજની ઘેલછા ! આજે એનાં માઠાં ફળ કેવાં ?

**સંતછાયાના આશીર્વાદ :-** ત્યારે, સાધુની છાયા હતી તે કાળે જુઓ કે એમાં કેળવાયેલ રામચંદ્રજી જેવા કે જે કાલે રાજા થવાના છે, એમને પિતા કહી દે :

'જુઓ ભાઈ ! તમારી માતાને આપેલા વચનના હિસાબે મેં રાજ્ય ભરતને આપ્યું છે,' ત્યાં રામ શો ઉત્તર કરે છે ! એજ કે,

'બહુ સરસ ! આમ ભરત, રાજ્ય હું આપત, તો ન લેત, પણ આપ આપો છો એટલે સુંદર થયું. મને ગમ્યું. પરંતુ પિતાજી ! હજી ય મને લાગે છે કે હું અહીં હાજર હોઈશ તો એ રાજ્ય નહિ સ્વીકારે. મારા પ્રત્યે પણ એને એટલો પ્રેમ, ને એટલું માન છે. તો હું વનવાસ માગી લઉં છું.'

આ કહ્યું એટલું જ નહીં, પણ પ્રતિજ્ઞાની જેમ એને પાળવા તૈયાર થયા. પછી તો રામને જ ગાદીએ બેસાડવા ભરત અને ખુદ કૈકેયી ઘણુંય મથ્યા, પણ રામચંદ્રજી તો વનવાસ માટે ચાલ્યા જ. રસ્તામાં જઈને પણ કૈકેયીએ ખૂબ વિનવ્યા, કહ્યું : 'સ્ત્રીપણાના દોષે આ મેં સાહસ કરી નાખ્યું. તમે તો પુરુષ ગણાઓ, પુરુષો તો ઉદાર હોય; માટે મારી ભૂલ તરફ નજર ન નાખતાં પાછા ફરો ! ભરત રાજ્ય લેતો નથી ! આખી અયોધ્યા રડી રહી છે. અમારો ફિટકાર થઈ રહ્યો છે. પાછા આવી રાજ્ય સંભાળી લો.' છતાં સંતની છાયાની અસર નીચે રામે ભરતને સમજાવી, પોતાની પ્રતિજ્ઞા પાળી ! આ સમર્થ રામ ! પિતાનો કૉલ પાળ્યો. આજે એક નાનું ટીણિયું હોય તોય ફટ જવાબ આપી દે ! 'નહીં બને !' વ્યક્તિ સ્વાતંત્ર્ય ! સંત-પુરુષની છાયા કાઢી નાખી જેથી આમન્યા, મર્યાદા, ન્યાય, નીતિ, પરમાર્થ વગેરેનો લોપ થઈ રહ્યો છે ! પરિણામ શું ? ખોળિયું માનવનું, ને હૃદય પશુનું !

શિખીકુમાર મહાત્માની નગરવાસીઓ ઉપર અજબ છાયા પડી, કેઈ જનો ધર્મ તરફ ઢળ્યા ! કેઈ લોકે માનવના ખોળિયે માનવ હૃદય ઘડ્યા ! શુદ્ધ ધર્મ રસિક દિવ્ય આત્મા સર્જ્યા !

ત્યારે, આજે હજી પણ જો કે મોડું થયું છે. પણ બધું વહી ગયું નથી. પ્રજા પર સંત સાધુની છાયા ઊભી કરો. તમે કહેશો : 'એ તો સાધુ પાડે છાયા,' વાત ખરી છે પણ એમને છાયા પાડવા માટે તમારો જૂનાઓનો સહકાર જોઈએ છે. તે સહકાર એજ કે તમે સાધુ માટે ઊંચી વાણી, ને ઊંચું બહુમાન પ્રગટાવતા આવો. સાધુએ કરેલા મહાન સંસાર ત્યાગ, કચરેલી અર્થકામની ભયંકર વાસનાઓ

એની કદર કરો, એના ગુણાનુવાદ કરો, એની આગળ નિજની પામરતા હૃદયમાં વિચારો અને નવી પ્રજા આગળ એ બધું પ્રકાશો. તમે તો જુઓ છો કે શું છે આ સાધુમાં ? આટલું ય જ્ઞાન એમનામાં નથી. પણ જરા થોભો. સાધુતા એટલે પંડિતાઈ, એ ભૂલી જાઓ. સંતપણું એટલે ચમત્કાર. એ વીસરી જાઓ. મહાત્માગિરિ એટલે વાણીની મહાન કળા, એ વાત મગજમાંથી કાઢી નાખો. **સંત સાધુપણું એટલે સર્વ પાપરહિત જીવન; સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોને પણ અભયદાન દેનારૂં જીવન; કંચન-કામિની-કુટુંબનો મહાન ત્યાગ, ઉઘાડે પગે, ઉઘાડે માથે ગામે ગામ નિર્દોષ ભિક્ષાચર્યા પર ફરી જ્ઞાનાચાર વગેરે પવિત્ર પંચાચારમાં અને સંયમના કષ્ટ સહર્ષ સહવામાં પસાર થતું જીવન.** - આ સાધુતા છે. આ વસ્તુ ખૂબ યાદ રાખી સંતના ચરણપૂજક બનો એથી જ આત્માનો ઉદ્ધાર માનો, એમના દર્શને દિવસ સફળ માનો, તો સંતની છાયા ઝીલી ગણાશે અને બીજામાં ફેલાવી શકશો.

બીજે દિવસે આ મહામુનિ પોતાની સાસાંરિક માતા જાલિની પાસે ગયા. પોતાનું હૃદય એટલું બધું ઉમદા વિચારનું છે કે સામાની દુર્જનતાની ગંધ પણ મનમાં લાવતા નથી. હૃદય જો એટલું ઉમદા ન હોય તો વિચારવાનું મન થાય કે 'આ શા હિસાબે મારા પર સદ્‌ભાવ દાખવે ? આ તો મને દુશ્મન દેખનારી...' પણ અહીં કોઈ એ વિચાર નથી. દિલ ઉમદા બન્યા પછી એવા વિચાર આવે નહિ. અહીં માતાની પરિસ્થિતિ કેવી થઈ છે તે જુઓ. પતિ બ્રહ્મદત્ત મૃત્યુ પામી ગયો છે, એટલે વૈભવ-વિલાસ સુકાઈ ગયો છે. તો બ્રહ્મદત્તનું મૃત્યુ એટલે જાણે કે પાપનો ઉદય ન હોય, તેમ દિનપ્રતિદિન જાલિનીની સ્થિતિ દીનહીન બની ગઈ છે. એ સ્થિતિમાં મુનિ પોતાની માતાને ઓળખી શક્યા નહીં. આવી સ્થિતિ બનવાનું શું કારણ ?

**બહુ લોલુપતાથી શેકામણ :-** ત્યારે સમજવાની વાત છે કે જે આત્મા સંસાર-સુખનો બહુ લોલુપ હોય તે તો સંસારનો હૃદયથી ગુલામ બની ગયો ! 'માનવજીવન એટલે એક માત્ર મોજ કરવાનું સ્થાન,'- એવું જેના દિલમાં વસેલું હોય એને મોજ અને સુખનાં સાધનનો વિયોગ થાય એટલે હૃદયની સ્વસ્થતા ટકી શકે નહીં, હૈયામાં ધીરજ ન રહી શકે, એ સહજ છે. ત્યારે સ્વસ્થતા ગઈ, ધૈર્ય ગયું એટલે પરિણામ ? વિહ્વલતાનો પાર નહિ, આકુળતા-વ્યાકુળતાની અવધિ નહિ, ચિંતાના તાપની શેકામણ પ્રતિપળ ચાલુ. **ચિત્તની અસમાધિ અને સંસાર સુખની, પૌદ્‌ગલિક સુખ-સાહ્યબીની વધારે પડતી લાલસા જીવને સૂકો બનાવે છે. એકાદિ સાધારણ ચીજ બગડે તો ય જો તે મનમાં ઉકળાટ પેદા કરે છે, તો સમજવું કે આપણે પૌદ્‌ગલિક સુખના લાલચુ છીએ, દુન્યવી સુખનાં લંપટ છીએ.**



**રાજુલનું સત્ત્વ :-** પરણવા આવેલા નેમનાથ ભગવાને રથ પાછો ફેરવ્યો તો રાજિમતીને દુઃખ થયું ! સખીઓ કહે : 'બીજો મળશે !' જો હૃદય લોલુપ હોય તો આ સાંભળવાની તૈયારી હોય ને મર્યાદા બહારનું સાંભળીય લે. પૈસા ગયા ને કોઈ કહે : 'શું ચિંતા કરો છો ! આ ધંધો બતાવું;' પછી ભલે હલકો ધંધો હોય તો ય સંકોચ નહીં કે મારાથી નહીં થાય ! રોકડો હિસાબ મંડાય, 'પૈસા ગયા, દુઃખી થયા, કોઈ પણ ધંધો કરીયે.' સંસારસુખની વધારે પડતી લંપટતા જીવને અસ્વસ્થ બનાવી પછી ઘોર અકાર્યો કરવા પ્રેરે છે. કાચા હૈયાની એ દશા હોય; પણ રાજુલ એવી ન હતી, સાત્ત્વિક હતી. જ્યારે જોયું કે 'એ તો ચાલ્યા; પાછા નહીં ફરવાના,' એટલે સંસાર સુખ ગયું, એ નક્કી જોયું.

સખીઓ કહે છે, 'એ નહીં ને બીજો !'

આ કહે છે કાનમાં આંગળી નાખીને : 'ખબરદાર ! શું બોલી ? લાજતી નથી ? કયા મોંઢે ? કોની દીકરીઓ છો ?...' એને ભાન કરાવે છે કે કઈ કુખમાં જન્મેલી ? ઊંચા જન્મનો કેટલો બધો ખ્યાલ ! કોઈ કુકૃત્ય કરવા જેવું ન હોય તો સારી શિખામણને બદલે ઊંધી શિખામણ ન અપાય. પોતાનો સ્વાર્થ ઘવાય છે, છતાં અકાર્યની સલાહ આપનારને પોતે શિખામણ આપે છે, એ પોતાના જીવનનો સાત્ત્વિક રાહ નિશ્ચિત કરી લીધા ઉપર છે. 'નેમિનાથ સિવાય બીજાને આ હૃદયમાં સ્થાન નથી. જો આમ હાથ પકડીને લઈ ન ગયા, તો સ્વામી પાસે ચારિત્ર લેતાં શિર ઉપર હાથ લઈશ,' એ ક્યારે બને ? સંસારના વિષય-સુખો પરની વધારે પડતી લાલસા ન હોય ત્યારે ! હૈયું સ્વસ્થ હોય તો જ અધમ કાર્યોનો વિચાર નહીં. જો સ્વસ્થ રહેવું હોય, હૈયાને ઉકળવા ન દેવું હોય તો ક્યારે ય પણ સંસારના સુખ-સગવડની વધારે પડતી લાલસા કરીએ નહીં, જુઓ દુનિયામાં કેટકેટલા ઝઘડા ! કેમ ? બધાને એ સુખની જોરદાર લાલસા. કુટુંબના એક એક મેમ્બરને સહેજ પ્રતિકૂલ દેખાતા અસ્વસ્થતા ! અધમ વિચાર !

અસ્વસ્થ બનેલા હૃદયમાં અધમ વિચારણા આવતાં વાર નથી લાગતી; હલકા ધંધા કરતાં કોઈ સંકોચ નહિ. શેની દુકાન ? ફ્લેક્સના બૂટની ! એક કાળે જેને મોચી કહી શકાય એ ધંધો ! મહાઆરંભ-સમારંભની ક્રિયા રાત-દિવસ ! કેમ ? શેર-સીક્યુરીટી-ડીબેન્ચરના વિચારો ચાલુ ! એટલે મહાઆરંભની અનુમોદના ચાલુ ! ભલે પછી ટાટાવાળાના લાખો શેરમાંથી માત્ર એક શેર મારી પાસે હોય ! લાખમાં હિસ્સે પણ ભાગ છે ને ? એ કેવું વ્યાજ આપે છે ? કારખાનું કેવું જોરદાર ચાલે છે ? વગેરે લાલચુ ભાવના ! સદા ઉકળાટ ને અજંપામાં રહેતા હૃદયમાં સારી ઉદાર વિચારણા ક્યાંથી આવે ? એક જ કુટુંબમાં કે જ્યાં અતિ

નિકટના સગાવહાલા છે ત્યાં તુચ્છ બાબતોથી મનોભેદના કલેશ શાથી ? દિકરાને બાપ સાથે બને નહીં ! ભાઈ-ભાઈઓમાં ખટપટ ! નણંદ ભોજાઈની, મા-દીકરીની સાસુ-વહુની ખટપટો ચાલુ ! કોઈને શાંતિનો અનુભવ નહીં ! કોઈ કંઈ સંભળાવે ને સામો ન બોલે કે મનને ખોટું ન લગાડે તે આજનો માનવ નહીં ! **એટલો વિચાર નથી કે 'મારા નસીબમાં જે છે તે છે. એમાં બોલવા-બગાડવાનું શું ?'** અરે ! સામાને આપણે અક્કલ વિનાના કે ખરાબ સ્વભાવના સમજતા હોઈએ; પણ જો એમનામાં સુધારો કરવો હોય તો સામા માટે પહેલાં આપણું દિલ ખૂબ પ્રેમાળ અને ઉદાર બનાવવું જોઈએ. આ તો બહારનો કોઈ પૂછે કે 'કેમ મજાહમાં છો ને ?' તો એની પાસે ઘરની ફરિયાદ કરે છે ! ઘરની જંજાળની રોકકળ કરે છે ! એ સગાં પ્રત્યે દ્વેષ અને ક્ષુદ્રતા તથા સંસારની લાલસા સિવાય શું છે ? આજે પ્રાયઃ જ્યાં ત્યાં એવી લાલસા એટલે ઉદારતા ક્યાં જોવા મળે ?

**જાલિની રડે છે ! :-** જાલિની દીનહીન બની ગઈ છે ! અલબત્ત પતિ મરી ગયા પછી મોજમજાહ અને અમનચમન કરે તે ખોટું, ત્યારે પતિ અને વિષયો પ્રત્યેની લાલસા હવે ક્યાં પૂરી થાય, માટે હાયવોય ને દીનતા તે પણ ખોટું. હવે તો એ વિચારવું જોઈએ કે - 'જો આ મરીને ચાલતા થયા અને મારામાં ફસાયા ધર્મ કેટલો લઈ ગયા ? એમને મેં ધર્મ-અમૃતના કટોરા કેટલા પાયા ? આમાં હવે એમનું શું થશે ? **ત્યારે શું મારે હવે એ બધા પાપના પ્રાયશ્ચિત્તરૂપે પણ પ્રભુભક્તિ, તપ અને ત્યાગવૃત્તિ-પ્રવૃત્તિમાં જ મગ્ન રહેવું ન જોઈએ ?** એ ન હોય તો, **મરતાં સુધી ભોગપ્રિય સ્થિતિમાં માનવતાનો વિકાસ નથી થતો. શું માનવ સંસાર એટલે વિષયોના ગમનાગમન પાછળ આનંદના ધામ અને રોવાની શાળા ?'** માતાને જોઈ મુનિ ઓળખી શક્યા નહીં કે દાસી છે કે માતા ? માતાએ પુત્રને ઓળખ્યો, ને ઊભી થઈ. માયાનો સ્વભાવ લઈને આવી છે. પાછો સ્ત્રીનો અવતાર છે. એટલે ખેલ એવા ભજવવા છે ! આમાં કોઈ કૉલેજની ડીગ્રી જોઈએ નહીં. જીવ સંસારની કૉલેજમાં માયાનો ખેલ સારી રીતે જાણે છે. જાલિની એકદમ રોવા જેવી થઈ ગઈ ! મહારાજ પૂછે છે : 'શું છે ?' એટલે ? શું સંસારવાસનું દુઃખ લાગી ગયું ? દુર્ગતિનું દુઃખ ? ધર્મ ન કર્યો, વૈરાગ્ય ન જોયો, સંસારમાં રચ્યાપચ્યા રહ્યા, એનો શોક ? ના રે ના, છતાં અહીં તો મહારાજ માતાને જો એમ હોય કે પુત્ર સાધુ કેમ થયો, તો કહે છે : 'આ સંસાર જ એવો છે કે જે એના સ્વરૂપે, એમાં રહેલા જન્મ-જરા-મૃત્યુ, રોગ-શોક-દુઃખાદિ કારણે આદરવા જેવો નથી; વળી સંસાર છે, તો સંયોગ વિયોગ છે, પરિભ્રમણ છે, દુઃખદુર્દશા છે જ. ત્યાં અધીરાઈ શી ? કાજળની કોટડીમાં પેસીએ, ને કાળાં કપડાં થાય, એમાં આશ્ચર્ય થાય ?



નિસરણીનું પગથીયું ચૂક્યો તો પડ્યો, હાથ છોલાય, ને પગ પણ છોલાય, તેમ આ સંસારમાં ગમે તેટલું આમ જ ધારેલું, આમ જ મનમાં માનેલું, પણ સંસાર એટલે જ લપસણું તેથી ધાર્યા કરતાં વિપરીત બને છે. છતાં જો જીવનમાં ધર્મ હોય તો ઓથ મોટી છે, મોટો આશરો છે. પતિ તો ચાલી ગયા; છોકરો એના માર્ગે ગયો, હું એકલી પડી, એવો શોક ન કરતા. સંસારવાસ વિપરીતતાથી ભરેલો છે. આવેલાને નક્કી જવાનું છે. જન્મ્યા તેણે અવશ્ય મરવાનું છે. મૃત્યુનો શોક કરતા નહીં. **જગતમાં મોટા ફિલસુફો પણ તે જન્મ અંતે મૃત્યુને અટકાવી શકતા નથી ! મોટા તવંગરો ય અઢળક લક્ષ્મી ખર્ચવા તૈયાર હોય છતાં મૃત્યુને રોકાવવા સમર્થ નથી ! સ્વજનનો મોટો કાફલો તૈયાર કર્યો, કે મોટી ચક્રવર્તીની સેના ઊભી કરી મૃત્યુને પડકાર કરે, તો ય મૃત્યુ તેને ગણવા તૈયાર નથી !** મૃત્યુ આખા જગતમાં ફરે છે. જગત અટવીમાં મૃત્યુરૂપી મદોન્મત્તસિંહ એ સંસાર અટવીના એકના એક રાજાની જેમ યથેચ્છ વિચરે છે. રોજના અનંત જીવોનો એ શિકાર કરે છે. જીવરૂપી મૃગલાને પૂરો મારી નાખતાં પહેલાં, સંપૂર્ણ હલ્લો કરતાં પહેલાં, જરા-વ્યાધિનાં જાળામાં ફસાવે છે. હવે બીજાના મરણ જોતાં, એ વિચારી જુઓ કે મૃત્યુ આપણે માટે કેવું તલસી રહ્યું છે ! એના દાઢ ને નખની પીડા અત્યારથી ચાલુ છે. તો ખરી રીતે મૃત્યુના સંપૂર્ણ આક્રમણ થતાં પહેલાં લોકે સાવચેત બની જવું જોઈએ. **આવું ઉદ્દામ મૃત્યુ અસ્ખલિતપણે જગતમાં વિચરી રહ્યું છે, માટે જ ધીર પુરુષો પરલોકના કાર્ય માટે લાગી ગયા છે.** તમે પણ જિનાજ્ઞાનું પાલન કરો.' શિખીકુમાર મહર્ષિ માતાને સમજ આપી રહ્યા છે. તેમના એકેક બોલમાં ઘણો ઘણો બોધ સમાયેલો છે. મુખ્ય સૂર એ છે કે **સર્વાંશે દુઃખકર સંસારવાસ છે.** એમ, **મૃત્યુ જન્મેલા માત્ર ઉપર વર્ચસ્વ ધરાવે છે. માટે જ મૃત્યુને લાવનાર જન્મની સામે જંગ ખેલે તે સર્વથા અજર-અમર બને.** તેનું નામ જીવન-સંગ્રામ ! એમાં જન્મ પમાડનારા મોહ-રાગાદિ પાપો સામે જીવન ભર ઝઝુમવાનું. જન્મ ટળ્યે મોક્ષ મળે. ત્યાં મૃત્યુનું જ હવે મૃત્યુ થયું. માટે મૃત્યુનું જેમાં મૃત્યુ થાય એ કાર્યમાં લાગો. પાપજીવન એટલે તો જન્મ અને મૃત્યુને અમર પટો છે. ધર્મજીવન એટલે જન્મ-મૃત્યુ જવાના નોબત ડંકા.

એક બીજાના હૈયાં ગમી ગયા છે એવા બે જીવરૂપી મૃગલા વચ્ચેથી જમરૂપી સિંહ એકને ઉપાડી જાય છે. બીજાની એને દયા નથી. અરે દસનો ભાર ઉપાડનારા એક થાંભલા જેવાને ય ઉપાડતાં મૃત્યુ જરા ય ખચકાતું નથી. અનાર્ય મૃત્યુ પ્રમાદી જીવના ભાવિની પણ દરકાર કરતો નથી. એટલા જ માટે આ મરણની ધોંસ મિટાવવા સારુ, સિવાય સર્વજ્ઞ કથિત ધર્મ, છે કોઈ બીજું શરણ ? ના, એ સિવાય બીજાનું શરણ લઈએ, તો એક સિંહનું કામ કરે, ને બીજો તેના સેક્રેટરીનું કામ કરે.

અધર્મ તો શું પણ કહેવાતા ધર્મ પણ મરણોની પરંપરા સર્જનારા પાપનાં પોટલા બંધાવે છે. ઈદની કુરબાની એ શું છે ?

**વળી, આજે તો જે ભૌતિકવાદનો પિશાચ ભભુક્યો છે, સદાચારની પવિત્ર મર્યાદાઓના વિનાશ, મહાહિંસાત્મક ઉદ્યોગોના વિકાસ, લોકોની ભોગ પિપાસાવર્ધક સાધન સગવડોના હલ્લા, આધ્યાત્મિક સંસ્કૃતિની નાશક જીવનસરણી અને પાશ્ચાત્ય વ્યવહાર પ્રચાર... આ બધું જે ચાલી પડ્યું છે, એમાંથી અંતે શું ? નવસર્જનના નામે બધું જ કરાવે. હૈયામાંથી હિંસાની અરેરાટી કઢાવી નખાવે, ઈંડા, માછલી વગેરેમાં વીટામીન-પ્રોટેઈન તત્ત્વ સારું છે એમ શિખવે. ખરો ધર્મ માનવતાનો એટલે માત્ર મનુષ્ય સાથે સલાહ સંપ, નીતિદયા અને પ્રેમભાવવાળા બનો, બસ પત્યું; પછી કોઈ ઉચ્ચ યોગ, દર્શન-જ્ઞાન-ચારિત્ર, ત્યાગ-તપ વગેરે ધર્મ જ નહિ, આવું આર્યધર્મો વિરુદ્ધ ઝેર ફેલાવે... આજ આજના નવનિર્માણ ને ? એનું પરિણામ ? અનંત મૃત્યુની મંજીલ !**

માત્ર માનવતા, દિવ્યતા નહિ પણ મહાદિવ્યતાદર્શી જૈનધર્મ સાચું કલ્યાણકારી જીવન બતાવે છે. શિખીકુમાર મહર્ષિએ માતાને એ સમજાવ્યું કે મૃત્યુ આજ સુધી પેધી ખંધુ બની ગયું છે, તેને કાઢવાનો ઈલાજ અજ્ઞાનતાના તિમિર અને સંસારના ખેલ મૂકી દઈ, માયા-મોહના વિષ ઉતારી નાખી, સમ્યગ્જ્ઞાનમય ધર્મઅમૃતનું સેવન કરવું જોઈએ, એમાં જ માનવભવની સફળતા છે. ઉપદેશ તો એવો આપ્યો કે ગમે તેવા પાપી હૃદયને હલાવી દે ! એક મૃત્યુ પર જ માનવ હૃદયથી વિચારે તો ય ધર્મમાં લાગી જાય. એમ તો ધર્મ માટે પ્રેરણા કરનાર ઘણા તત્ત્વો છે. તેમાં મૃત્યુની તલવાર લાગી છે. આપણા પર પણ એના આખરે એક ઝટકાની જ વાર છે. કુટુંબ જાણે સમજતું રહેશે કે શેઠ સૂઈ ગયા છે. પણ ચાર કલાક પછી જોતાં ખબર પડી કે શેઠ તો ગયા !

**માતાનો દંભ :-** શિખીકુમાર મુનિએ દિવ્ય ઉપદેશ આપ્યો; પરંતુ માતા તીવ્ર મોહના અનુબંધનું વાવેતર કરીને આવી છે; એટલે એને આ કાંઈ સમજવું નથી. એને તો મુનિને વિશ્વાસમાં લઈ, એમનું નિકંદન કાઢવું છે; તેથી દંભથી કહે છે, 'તો પછી મને ઉચિત વ્રતો આપો. મારાથી લાંબુ તો નહીં થાય; પણ અવસ્થાને ઉચિત વ્રતો હું લઈ શકું. તે મને આપો.' માતા દંભી છે, પણ પુત્ર મુનિ સરળ છે; કહે છે : 'સાચું છે, જો આવું જ છે તો ધર્મનું જ શરણું લો. મૃત્યુની ધાડ પહેલાં જ એ શક્ય છે.' માતા : 'તો તો ચારિત્ર જ આપો.' એમ નથી કહેતી ને અવસ્થાને આગળ કરે છે. જેથી સામાને એની નિખાલસતા લાગે. મુનિ એને સમ્યક્ત્વ ને વ્રતો આપે છે. મુનિને શી ખબર છે કે આમાં મને જ મારી



નાખવાની બુદ્ધિ છે ? ત્યારે તમને એમ થતું હશે કે બહુ ખરાબ સ્ત્રી ! પણ એમ કહી બેસી રહેતા નહીં. કેમકે આપણો વિચાર કરીએ તો ભૂતકાળમાં આપણે પણ કંઈક ખેલો ખેલ્યા છે. આ તો રખડતા રખડતા પરમાત્મા નજીક આવ્યા તેથી સુઝ આવી કે કોઈને ધર્મના સોદે મારી નંખાય નહિ; પણ ધર્મના બદલામાં તુચ્છ સ્વાર્થ ન સધાય; એવી સ્વાર્થ પ્રત્યે સૂગ થાય છે ખરી ? એ કરો. હૃદય એવું મક્કમ બનાવો કે હવે વિષયોના તુચ્છ ઉદ્દેશ ઓસરી જાય. ધર્મની આરાધના એ મહાન સત્ત્વ ને વિવેક માગે છે. કહી દો. ધર્મ સાથે સોદો નહિ.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૫,અંક-૧૮,તા.૧૫-૭-૧૯૫૭

જાલિની બહારથી ખૂબ સ્નેહ દેખાડે છે, અને મનમાં મારી નાખવાનો ઈલાજ શોધે છે ! પછી મુનિ જ્યારે જવાની તૈયારી કરે છે, ત્યારે જુઓ જાલિની કેવો ઢોંગ મચાવે છે.

કહે છે, 'આજ તો ભોજન અહીં જ લેવું પડશે.' કેમ જાણે ખબર જ નથી ને પ્રેમ બતાવે છે. 'તમે ઘણો ઉપકાર કર્યો, પણ આટલું તો મારું માનવું પડશે.'

મુનિ સમજાવે છે, 'ગૃહસ્થને ત્યાં ભાણું ન મંડાય, અમારો આચાર નહીં, અમારે તો નિર્દોષ ગોચરી.'

'તો મને લાભ નહીં મળે ? પણ મારાથી તમારા માર્ગથી ઉપરવટ કેમ થવાય ? રોજ પગલાં કરી બે અક્ષર મને કહેતાં જજો. દુઃખિયારીનો ઉદ્ધાર થશે.'

પ્રત્યક્ષમાં માયાથી શું લાભ ? સામો સમજે કે માતા બહુ સારી સદ્ભાવવાળી છે. આટલો જ ને ? પરિણામમાં માયા એટલે સંસારની માતા, જીવને સંસાર ઊભો રાખી આપનારી. શાસ્ત્રકારો કહે છે માયા સંસારની માતા છે, ઘણાં જન્મ રૂપી પુત્રોને એ પેદા કરે છે. મહા દુર્ગુણ છે. બીજાને ખબર જ ન પડે. ક્રોધ, ગર્વ, લોભની ખબર પડે; માયાની નહિ. ખબર પડે તો માયા શેની ? કોઈ પૂછે કેમ કેટલા રૂપીયા લઈને નીકળ્યા છો ? તો સફાઈથી કહેશે, 'રૂપિયા ? આજ રૂપિયા ભાઈ ! ક્યાં સસ્તા પડ્યા છે ?' સામાને ઝટ ગળે ઉતરી જાય. જણાય નહીં તે માયા. માયાની જિંદગી સુધી કોઈને ખબર પડે નહીં. તે માટે કાબેલિયત માયાની, એટલે પછી આ સંસાર મોટો કેટલો ? લાખો કરોડો ભવ !! **થોડી માયાએ રુકમી રાજાને એક લાખ ભવનું ઉત્પાદન કરી આપ્યું ! આ માયા સામે જો જંગ ખેલતા આવડ્યો,** 'બધું જતું કરીશ, પણ માયા નહિ કરું, હૈયું તદ્દન નિખાલસ કોમળ અને સરળ રાખીશ; એવા જ વાણી વર્તાવ, આવડ્યું તો **ભવોભવની બાજી જીત્યા !**

મુનિ તો પછી ત્યાંથી ગયા. અહીં માતાને કેટલાય વખતથી મનમાં મુનિને મારી નાખવાના વિચાર ચાલે છે. ઉપાય શોધે છે, પરંતુ એમ કરતાં તો મુનિને એક માસ પૂર્ણ થવા આવ્યો. જાલિનીને ચટપટી થઈ કે 'આ તો પાછા હવે જતા રહેશે; ને મારું કામ થયું નહિ.' એમાં આવી ચતુર્દશી. મુનિ આવતી કાલે વિહાર કરવાના છે. 'બસ ! હવે ગમે તેમ કરીને અહીંથી જતા પહેલાં પૂરા કરી દઉં !' એવી કાળી લેશ્યામાં જાલિનીએ એક ઉપાય ઘડી કાઢ્યો. જુઓ, પ્રતિસમય કેવા કારમા વિકલ્પોમાં રમી રહી છે ! એને ક્યાં ખબર છે કે પોતે જ પોતાને સમયે સમયે એક એક ભાલું ભોંકી રહી છે ! એવી ઘોર કાળી લેશ્યા કે ઉંદરને મારનાર બિલાડી, કે હરણને મારનાર સિંહ-વાઘ, એ કદાચ જેટલી કાળી લેશ્યામાં ન હોય, તેનાથી પણ વિશેષ કાળી લેશ્યામાં આ માતા જેવા સંબંધવાળી જાલિની ચઢી રહી છે ! પૂછોને કે વધારે કાળી લેશ્યાનું ધોરણ શું ? એ કે સિંહ, વાઘ કે બિલાડીને એ સ્વભાવ થઈ પડ્યો છે કે પોતાના શિકાર પર હલ્લો કરી એને મારી નાખવો, પણ એની પાછળ એ જીવપૂરતી લાંબી વિચારણા નથી. હરણીયું આવ્યું તો માર ઝપાટ ! જ્યારે જાલિનીની કેવી દશા છે ! મારવાની લાંબી વિચારણા ! ભારે ચિંતા અને કાળજી ! 'મારું ! મારું ! કેમ મારું ?' તેમાં ઉપાય હાથ લાગ્યો ને અજમાયશ પણ કરી ! ઉપાયનો અમલ કરવા ચાલી. વિચારો એનું માનસિક પરિણામ કેટલું રૌદ્ર ને ઉગ્ર હશે ! પુત્ર તરીકેનો પ્રેમ પણ ન આવ્યો; અને જીવ તરીકેની દયા ય ન આવી ! તો શું મુનિ તરીકેની ભક્તિ આવી ? નામ-નિશાન નહીં. એક જ વાત છે બસ ! મારી જ નાખું ! શા માટે ? 'બીજું કંઈ નહીં; એ ગમતો નથી મને. એ જીવતો રહે એ મારાથી જોવાય નહીં !'

**અજ્ઞાન દશા આવું જ કરે છે.** સાચા કારણો જોવાનાં નહીં; પોતાની પ્રવૃત્તિ વ્યાજબી છે કે નહીં તે જોવાનું નહીં; અમારા મનને બેઠું તે સાચું. અમારે બીજું સાંભળવાનું નહીં ! **ઊંચા માનવ ભવમાં અજ્ઞાનદશા એ બહુ કૂડા ખેલ છે ! ભૂંડા ખેલ છે !** પરલોકનો કોઈ વિચાર જ નહીં ! વિરાટ ભવિષ્યકાળમાં મારું શું થશે ? કોઈ શું કહેશે ? કંઈ નહિ, લોક અને પરલોક શૂન્ય મગજ ! જીવ જો આનો ખ્યાલ રાખે તો ઘણો બચી જાય, પણ એ ખ્યાલનો અભાવ આવું ઘોર કૃત્ય કરાવી રહ્યું છે. માટે **જ્ઞાનીઓએ જ્ઞાનદશાની મોટી કિંમત આંકી !** જ્ઞાન મેળવો. **જ્ઞાન હશે તો ખ્યાલમાં આવશે કે નાનામાં નાનો વિચાર પણ જો અશુભ છે તો કેટલો ભયંકર છે ! શુભ છે તો કેટલો કલ્યાણકારી છે !** જ્ઞાન હોય તો ખબર પડે કે આ મારી અવળી કે અશુભ વિચારણા ચાલી. બજારમાં ભાવ સારો આવ્યો, પણ ત્યાં સોદો કર્યો ય નથી, ને કરવાનો પણ નથી. છતાં વિચાર કેવો ?



'અહાહા, જો પૂરા પૈસા હોય તો બજાર હાથ કરી લઉં...ફલાણાને ખબર પાડી દઉં'... આવું આવું વિચારણામાં થાય કે ચાલ્યું ! **પાપસ્થાનકની મશીનરીથી અનેક પાપો આત્મામાં આવી આવીને ઠલવાય !** શુભ કે અશુભની ભાવના કોણ શિખવે છે ? સજ્ઞાન-અજ્ઞાનદશા ! **જ્ઞાનદશાના-જીવ પર એટલો બધો આશીર્વાદ છે કે કાર્ય તો કેટલુંક કરવાનું એનું એજ; પણ જ્ઞાનદશાથી જીવ અનેક પાપમાંથી બચી જાય ! અને ઉપરથી પુણ્ય ઉપાર્જે ! અજ્ઞાન-દશા હોય તો એના એજ કાર્યમાં અધિક પાપ બાંધે !** બજારમાંથી પૈસા એના એજ લેવાના, જ્ઞાનદશાવાળો પણ લેશે, અને અજ્ઞાની પણ એજ લેશે. ભાગ્ય અજ્ઞાનવાળાને ઓછું ને પેલાને વધારે નહીં આપે, એક જ સરખો હિસાબ ! જ્ઞાની કે અજ્ઞાની, બંને પૈસા લેવાના, ખીસામાં મૂકવાના, ને તિજોરી ભેગા ય કરવાના. બન્ને સરખું જ કરે છે, પણ,

**અજ્ઞાનીને શું છે ?** હાથમાં આવે છે ને ગલગલીયાં થાય છે. "સારી દલાલી કરી ! કેમ ન થાય ? ચારે ઠેકાણે હરીયે-ફરીએ ને મહેનત કરીએ, તો બધું થાય ! બસ, આવતા મહીને આનાથી દોઢી મહેનત કરવાની. ધરમ-બરમ તો નવરાના ધંધા ! આપણે તો ઘર કુટુંબના ઘણા કામ બાકી કરવાના; છે, તો કરી નાખશું !"... એક જ પાપજાતિની વિચારણા. 'તિજોરીની સંભાળ રાખવાની, નહિતર ઘરના માણસો વિચિત્ર છે ! કબાટમાંથી પૈસા કાઢી લે તો ? એમને ક્યાં ખબર છે કે પૈસા કેમ આવે છે ?'... એમ કેઈ કેઈ વિકલ્પોમાં અને કુપ્રવૃત્તિઓમાં ચઢવાનો. જ્ઞાનદશાવાળો રૂપિયા કમાવવા વેઠિયાની જેમ કામ કરે છે. એને પણ પૈસા મળ્યે કદાચ ચમકારો તો થાય છે, પણ એ સાથે એમ પણ થાય છે કે 'શું આ મારું માનવ જીવન ! બસ આવી રીતે વેડફી જ નાખવાનું ? ૫૦૦ રૂપિયા મળ્યા તેમાં આત્માનું શું પુણ્ય વધી ગયું ? આજે જેટલું વધારે મલ્યું તેટલો પૂર્વના પુણ્ય પર વધુ કાપ પડ્યો ! બાર મહિના સુધી કોઈએ મહિને ૧૦૦-૧૦૦ રૂા. આપવાના હપ્તા નક્કી કર્યા હતા; પણ આપણે જરૂર પડી, ને ત્રીજે મહિને તકાદો કર્યો કે 'ભાઈ, રૂપીયા સાતસો આપી દ્યો !' પેલો આપી ય દે, ને ઘેર લઈ આવ્યા. તો શું કર્યું ? લેણા ઉપર કાપ પડી ગયો ! હવે ત્રણ હપ્તામાં કામ પતી જવાનું. પછી ? હજી વર્ષના છ મહિના બાકી રહ્યા તેનું શું ? તેના માટે ભીખ માગો ! એમ બજારમાં વધારે લાભ, તો પુણ્ય પર કાપ વધારે. માટે સમકિતીને એ વિચાર આવે કે 'આમાં ખૂશ થવા જેવું નથી. આમાં તો પુણ્ય પર કાપ પડી ગયો.' તિજોરીમાં પૂરતાં વિચાર આવે કે 'આમ પૂરેલું કેટલાનું ધન રહ્યું ? માટે કાઢ, ધર્મમાં ખરચ એને વ્રતધન. જ્ઞાનદશા છે એટલે ઝેરી સાપ જેવી લક્ષ્મીને હાથમાં લે છે ખરો, પણ બરાબર સાવધાનીથી રાગ-આકર્ષણ-પક્ષપાતરૂપી એનું ઝેર નિચોવીને

લે છે. લક્ષ્મી લાવતાં પાપ ઓછાં સેવે છે અને લાવીને સુકૃતમાં સારું ખર્ચે છે; ઊંચી ભાવનાઓ ભાવે છે. જ્ઞાનદશા અને અજ્ઞાનદશામાં મોટો ફરક છે, જ્ઞાનદશાવાળાની ચર્યા-ચિંતા ઊંચી ! અજ્ઞાનદશાવાળાની વિચારણા અને કાર્યવાહી અધમ !

જાલિની તો અજ્ઞાન છે. નિર્ણય મુજબ પૂનમની વહેલી પ્રભાતે પહોંચી ગઈ ઉદ્યાનમાં ! હવે આ મહામુનિનો તરતમાં ઘાત કરવો છે એટલે ઉગ્ર કાળી લેશ્યામાં ચઢતી જાય છે ! શિખીમુનિએ જોયું. કહે છે, ''ઓહો ! મા અત્યારમાં ? પણ એકલા કેમ ? આ કંઈક અનુચિત હાથમાં લઈને પ્રભાત કાળે એકલા કેમ આવ્યા ? પ્રભાત કાળે તો સાધુઓ સ્વાધ્યાયમાં હોય ત્યાં દખલ થઈ ! વળી પાછા એકલા ! ને હાથમાં શું લઈને આવ્યા છો ? આ ત્રણેય વાત અજુગતી છે !'' મહામુનિ શિખીકુમાર એટલે લાખો વર્ષોના ઉત્કૃષ્ટ ચારિત્રના પાલનહાર છે. વ્યક્તિને ઓળખવામાં તે કાચા હશે કે પક્કા ? પક્કા ! પણ સામે કોણ છે ? માતા છે. તેમાં કંઈ અવિશ્વાસ રાખવાનો હોય કે આ માતા નથી ને અમારા આચાર પર આક્રમણ કરશે તો ? એમ બને જ નહીં, તો પછી આટલી ભડક શાની ? શિખીમુનિ ભડકી ઉઠ્યા ! પણ કહો કે ચારિત્રમાર્ગ જ એવો છે, કે એમાં ચોક્કસ પ્રકારની મર્યાદાઓનું પાલન કરવાનું જ હોય છે. જો એ મર્યાદાઓનું પાલન નથી હોતું તો વાંધો ભવિષ્યમાં આવે છે; પહેલેથી વાંધો નથી દેખાતો ! ચારિત્રને વાંધો લાવે એવી કોઈ પણ અનુચિત વાત, એવી કોઈ પણ વસ્તુ, કોઈ પણ વર્તાવ કે વિચાર, એની પણ મનાઈ. એ માર્ગે જવામાં ચારિત્રનું ઉલ્લંઘન થાય. ગુરુ કદાચ પોતે પોતાને સ્થૂલિભદ્ર જેવા સમજતા હોય, તો પણ બધા સાધુ સ્થૂલિભદ્ર હોય ? ના, માટે બાહ્ય મર્યાદાઓ પાળવી જ જોઈએ. શિખીકુમાર મુનિવર માતાને પણ અકાળે આવવા બદલ સાવધાન કરે છે. સાધુજીવન એટલે બ્રહ્મચર્યની સિદ્ધિ નથી, બ્રહ્મચર્યની સાધનાનો અભ્યાસ છે. તે અભ્યાસદશામાં અખતરા કરવાના ન હોય, પરીક્ષા ન હોય. પરીક્ષા તો પૂર્ણ થયા પછી હોય. એટલા માટે જ્ઞાનીઓએ એવી મર્યાદા બાંધી કે સાધુના વ્રત પાલનમાં સહેજ પણ વાંધો ન આવે. મોટા મહાત્માઓને પણ પોતાની જાત સિવાય બીજા સાધુઓનો પણ વિચાર રાખવો ઘટે. માટે મહર્ષિ શિખીકુમાર કહે છે, 'અત્યારમાં ? સ્ત્રી અને એકલી ? મુનિના જ્ઞાન-ધ્યાનનો સમય, તેવા અવસરે દખલ ? વળી આ હાથમાં શું લઈ આવ્યા ?' આવી ગભરામણ રહે ? પોતાના આચાર, મર્યાદાઓને કટ્ટરપણે પાળવાની હરહંમેશાં જાગૃતિ હોય તેને. તે ગડમથલ હોય તો જ પતનમાંથી બચી જાય, નહીંતર પડી જાય ! જે ભક્તો માટે વિચારે કે 'બિચારીને બહુ ભાવ થયો હશે !' તેને ખબર



નથી કે, 'પણ તારો ભાવ નીકળી જશે !... કોઈ સંસ્થા, કોઈ સારું જીવન, સારી વ્યવસ્થા, તેને યોગ્ય કડક મર્યાદાઓ વગર ચાલી શકે જ નહીં. નાના ખેતરને પણ વાડ જોઈએ. જુવારીનું ખેતર હોય તો પણ વાડ. ચાર ચીભડાં વાવ્યાં હોય તો પણ વાડ, ક્યાં વાડની મર્યાદા નથી જોઈતી ? હા કહો, એકવીસમી સદીના જીવનમાં નથી જોઈતી ! અહીં એવું નથી કે વેષ આવો જ પહેરાય, ભાષા આવી જ બોલાય, ખોરાક આવો જ ખવાય, વ્યવહાર આવો જ ચલાવાય, સંબંધોનું પાન આવું આવું જ થવું જોઈએ. પિતા એટલે પિતા ! ધણી એટલે ધણી ! ધણીયાણી એટલે ધણીયાણી ! ધણી એ ધણીયાણી નહીં, ને ધણીયાણી એ ધણી નહીં. ધણી અને પિતા હુકમના અવાજે બોલી શકે ! પણ ધણીયાણી અને પુત્રને તો આજ્ઞાધીનના સાદે જ બોલવાનું. આ ન હોય તો ઘર ભાંડભવાયા જેવું થાય. જેને જેવો પાઠ ભજવવાનો હોય તેવો જ ભજવાય. હમણાં તો પત્ની પતિનો વિનય કરતી હોય, પણ જરાક વાંકુ પડતાં વાણી બદલે, રોફ કરે, એ ન ચાલે. એનું નામ તો જંગલી જીવન કહેવાય ! શહેરી ઢોરની પણ મર્યાદા હોય છે. એ મર્યાદાનું પાલન ન કરે તો ડફણાં પડે ! ઘરનું ઢોર હોય, પણ મર્યાદાનો ભંગ કરે ને છોકરાને જરા શિંગડું દેખાડે તો ચલાવી લો ? ના, ત્યાં એમ થાય કે 'આજે જરાક, ને કાલે વધુ શિંગડું મારે તો ? માટે લે ડફણું હાથમાં, મર્યાદાભંગ ભૂલાવી દેવા દે.' એ તો પશુ માટે, પણ માણસ માટે ?

શિખીમુનિને મર્યાદાની ઘણી જ તમન્ના છે. અમર્યાદિત દેખતાં બોલી ઊઠ્યા, ''કેમ આમ ?''

જાલિની પણ જબરી છે ! કહે છે, ''દીકરા, શું કહું ? આ મારા પુણ્યને માટે ભોજન લઈને આવી છું. તમે હવે જવાના છો મને ફરી ફરી પુણ્યનો લાભ ક્યાં થવાનો ? આપના માટે નથી લાવી !''

મુનિ કહે છે, 'અરે, પણ આ તો સાધુને માટે આચાર વિરુદ્ધ ગણાય. સાધુ માટે સામેથી લવાય નહીં, ને સાધુને માટે બનાવેલું લેવાય પણ નહીં. આ તો તમે બનાવીને લાવ્યા હશો. માટે બે દોષ થયા; આધાકર્મિ ને અભ્યાહૃત !' એમ કહીને સાધુની વિધિ બતાવી. ગૃહસ્થે બનાવી હોય રસોઈ, ને ઠેઠ વહોરાવે ત્યાં સુધી સાધુનો વિકલ્પ પણ ન કરે તો કામ લાગે. એટલે ? સુપાત્રદાનનો લાભ જરૂર ઈચ્છે, પણ 'આટલું સાધુને વહોરાવવા ભેગું કરો,' એ ય ન કલ્પાય. ભાવના ઊંચામાં ઊંચી ભાવવાની કે ''બધાનો લાભ મને ક્યારે મળે. આ બધું અમારું ક્યારે પાત્રે પડે !'' પણ એ કલ્પના નહિ કરવાની, કે 'આવશે મહારાજ, રાખી મૂકો. સાધુને ગૃહસ્થ થકી સોળ દોષ લાગે છે, તો ગૃહસ્થે જાણીને ટાળવા જોઈએ. સાધુ

માટે સ્વતંત્ર બનાવે એ આધાકર્મી. સાધુ માટે ભેગું રાંધે એ મિશ્ર. સાધુ પાછળથી આવ્યા, તો દે દાળમાં પાણી ને મસાલો, એ અધ્યવપૂરક. નિર્દોષ આહારનો જે મહાન લાભ છે તે દોષિત થયું કે લાભ ખોખરો થઈ ગયો ! ઠીક છે, સાધુ બિમાર છે, અથવા ગામમાં સાધુને કોઈ વહોરાવનાર નથી, ને શ્રાવક સાધુ માટે બનાવે તો પૂરો લાભ ! બાકી તેવા કોઈ કારણ વિના માત્ર લાભ લેવાની દૃષ્ટિએ બનાવ્યું તો સાધુને માટે એ દોષિત થયું; સાધુથી ન લેવાય. માટે જ ભક્તોથી સાધુને ચેતતા રહેવું પડે. વહોરતાં પહેલાં સાધુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ઉપયોગ મૂકે. સંભવ છે એમાં, કે અતિ કુશળ ભક્તથી એ છેતરાય પણ ખરા. જુઓ એક દૃષ્ટાન્ત.

**મુનિ અને ભક્ત શ્રાવિકા :-**

એક મહાત્માને માસખમણનું પારણું હતું, ને બાજુના ગામવાળી બાઈને પારણાનો લાભ લેવા ઇચ્છા થઈ; લાગ્યું, 'સંભવ છે કે આપણે ઘેર આવે ! અભિગ્રહધારી છે માટે એ મુકામના ગામમાં નહીં જાય.' સવારના પહોરમાં ખીરનું તપેલું ચઢાવી દીધું. છોકરાઓને ખવડાવી ખીર, ને કહી દીધું, 'આવી ધાંધલ કરજો.' પાછી ખીર ઘરમાં જ્યાં ને ત્યાં થોડી થોડી ઢોળી. હવે જુએ છે કે મુનિ આવે છે, પણ પક્કી વિચારે છે : 'આપણે બોલાવવા નથી જવું, નહીંતર શંકા પડે !' આવ્યા મહારાજ, કહે છે,

'ધર્મલાભ !'

'પધારો' એટલું જ બાઈ કહે છે, બાકી નક્કી કર્યું છે કે બહુ આદર સત્કાર નહીં બતાવવાનો. શું હૃદયમાં આદર નથી ? છે, ભારોભાર છે; પણ બહાર નથી બતાવવાનો. આમ બની શકે ? હા, તો એજ પ્રમાણે સમજી લ્યો કે વડિલના પ્રત્યે હૈયામાં અનાદર ઉઠ્યો હોય તો પણ બહારથી આદર સત્કાર બતાવવાનું ઔચિત્ય જાળવી શકાય. દંભ માટે નહિ હોં ! આંતરિક અનાદર ટાળવા માટે. અહીં જુઓ શિખવી રાખેલા છોકરા કહે છે, 'અરે, મા ! આ કેટલા દહાડા ખીર ખવડાવીશ ? રોજ ખીર ખીર ! આ કંટાળી ગયા !' મહાત્મા શાસ્ત્રના જાણકાર છે; વિચારે છે, પધારો કહ્યું છે, પણ છોકરા કંટાળો બતાવી રહ્યા છે; એટલે રોજ થતી લાગે છે. છોકરાં ખીર આપેલી તે થોડી પીએ છે ને ઢોળે છે; એટલે ખીરના પર્વ જેવું લાગે છે.'

વળી બાઈ કહે છે, 'મહારાજ, શાનો ખપ છે ? આ ખીર છે. અમારે તો ઉકરડે ફેંકી દેવાની છે. તમારે ખપે તો લઈ જાઓ.'

સાધુ દ્રવ્ય ક્ષેત્રાદિનો વિચાર કરે છે. **દ્રવ્ય** એટલે વસ્તુ. વસ્તુ એવી છે કે



જરા વહેમ પડે. ખીર એટલે ભક્તિનું દ્રવ્ય ગણાય. રોટલા રોટલીમાં બહુ વહેમાવા જેવું નહીં; જો કે જ્યાં એકલા રોટલાનો જ રિવાજ હોય ત્યાં રોટલી પણ દેખાય તો તે પણ શંકાનું કારણ ! બાકી શીરો, લાડુ વગેરે તો શંકાનું કારણ ખરું. અહીં એ જુએ છે કે ખીરનું પ્રમાણ કેટલું કર્યું છે; તો દેખાય છે કે ઘણું બધું કર્યું છે ! સાધુનો લાભ લેવો હોય તો તો પ્રમાણમાં કરે. માટે દ્રવ્ય શુદ્ધિ લાગે છે. હવે **ક્ષેત્ર** કેવું છે ? આ ચોકમાં ખીર ઢળી છે. એ પણ શંકા ટાળે છે. **કાળ** કેવો છે ? મધ્યાહ્ન વીતવા આવ્યો છે ! થઈ ગયું, અત્યાર સુધી કાંઈ આપણી રાહ ન જુએ. ત્યારે **ભાવ ?** ઠેઠ બારણા આગળ પણ બોલાવવા આવ્યા નથી. આવ્યા તો બહુ ઉમળકા દેખાડતા નથી. આપતી વખતે કહે છે ખપતું હોય તો લ્યો. એટલે કાંઈ તેવી ભક્તિનો ભાવ પણ દેખાતો નથી ! માટે નક્કી કર્યું કે - ગોચરી દોષ વિનાની છે.'

જે ધર્મઠગારા હોય, તેની આગળ અભયકુમાર જેવા પણ ઠગાઈ જાય ! વેશ્યા એમને ઠગી ગઈ ! અહીં તો ભક્તિભાવની ઠગાઈ છે. સામે સાધુ બરાબર ઉપયોગવાળા છે ! માસખમણનું પારણું છે, છતાં તેમાં લાલચ નથી ! **નિર્દોષ સુકો રોટલો મળે તેને સોનાનો ટૂકડો માનનારા છે; અને દોષિત ખીર મળે, તેને ઝેરનો પ્યાલો સમજે છે ! કોને માટે આ ? જેને પરલોકની જ પડી છે,** જેને આ લોકનાં સુખ સગવડની કંઈ પરવા નથી એના માટે ! એક જ કર્મક્ષયની જેને તમન્ના છે, વીતરાગની આરાધના માટે કાયાને પણ કસી નાખવાની જેની પૂરી તૈયારી છે, તેને માટે **આ ધર્મની વસ્તુ એટલે સોનાનો ટૂકડો ! અને પાપની વસ્તુ એટલે ઝેરના કટોરા !** અઢાર પાપસ્થાનકના જેટલા અવાંતર ભેદ થાય, તે દરેક પર ખેદ, અને ધર્મની પ્રત્યેક બાબત પર ઉજમાળતા છે ને ? ના, જેટલી આ લોકની પડી છે તેટલી પરલોકની નથી પડી ! કર્મબંધ કરાવે એવામાં જેટલી હોંશ છે એટલી કર્મક્ષયની નથી પડી, એટલી કર્મક્ષયની હોંશ નથી ! કાયાને જેટલી પંપાળવી છે, એટલી કચડવી નથી ! કેમ આમ ? ધર્મ સાથે ઓરમાયાપણું છે માટે. ધર્મ સાથે સાચી પોતાની સગાઈ થશે ત્યારે પલટો આવશે.

મુનિએ ખીર વ્હોરી લીધી ! બાઈ તો અંદર ખૂબ જ ખુશી થઈ ! મહારાજ વહોરીને ગયા ! માસખમણનું પારણું છે, મુકામના ગામ તરફ આવે છે. હજી ગામે પહોંચી શક્યા નથી, ત્યાં વાટમાં શરીર ખૂબ અશક્ત થયું. મનને લાગ્યું કે હવે ચાલવું મુશ્કેલ છે. હવે પારણું કરી લેવું પડશે ! ગુરુમહારાજે રજા આપી દીધેલી કે શક્તિ પહોંચે તેમ કરજો. અધવચ્ચે ઝાડ નીચે જગા પૂંજી-પ્રમાર્જીને બેઠા. ઈરિયાવહી વગેરે વિધિ કરી સ્વાધ્યાય કર્યો, આનું નામ સાધુતા. જિનાજ્ઞાનુસાર સૂત્ર સ્વાધ્યાય અર્થાત્ જ્ઞાનભોજન પહેલું ! ચાલીને આવ્યા પછી માનસિક સ્વસ્થતા પહેલી ! પછી અન્નભોજન !

**ભાવનામાં કેવળજ્ઞાન :-**

હવે મુનિ આહાર કરતાં પહેલાં ભાવના ભાવે છે, ''ઓહો, આજ મારો કેવો અધન્ય દિવસ કે મહાત્મા ત્યાં, ને હું અહીં એકલો આહાર કરવા બેસું છું ! આહારનો લાભ તો, સંયમધારી અને મહાવ્રતોનો મેરુ જેવો ભાર વહનાર સાધુ મહાત્માની ભક્તિ કરવામાં છે. એ ભક્તિ મળી હોત તો મારે ગોચરી લાવેલી લેખે લાગત ! આજે આવા કોઈ લાભ વિના આ જાતપોષક રાક્ષસી ભોજન કરવાનું આવ્યું !''...વિચારો કે સાધુ મહાત્માની શું કિંમત છે એમને ! ભલે ચારિત્ર અવસ્થામાં નાનો હોય, જ્ઞાનમાં ઓછો હોય, પણ સાધુ છે એટલે ઈન્દ્રને પણ પૂજ્ય છે ! સાધુ છે એટલે નિષ્પાપ જીવનવાળો છે ! સાધુ છે એટલે સંસારના પ્રલોભન વિનાનો છે ! સાધુ છે એટલે જિનનો સેવક છે ! માટે એ પહેલાં પૂજ્ય છે, પછી પોતાનું ભોજન એમ એ માને છે. એવા સાધુની ભક્તિ અલ્પકાળમાં જીવને તારનારી બને છે. પાત્રું હોઠે અડે તે પહેલાં ભાવના એટલી બધી વધી ગઈ, જીવ-દેહનું ભેદજ્ઞાન અને આત્મરમણતા એવા વિકસી ઉઠ્યા કે ઉચ્ચ ઉચ્ચતર ભાવનામાં ક્ષપકશ્રેણીએ ચઢતાં એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું ! લોકાલોક પ્રગટ થઈ ગયા ! સમસ્ત વિશ્વના સમસ્ત જડ અને જીવોના ત્રણે ય કાળના ખેલ નજર સામે આવી ગયા ! તો પૂછોને કે ખીરનો ખેલ નજર સામે આવ્યો કે નહિ ? હા, આવ્યો, પણ આશ્ચર્ય ન થાય. આશ્ચર્ય થાય તો મરો થાય. કેમકે 'હેં બાઈ ધુતારી મળી !' એવું થાય તે મોહ ! આ તો મહાત્મા હતા જ, પાછા વીતરાગ થયા, એટલે જોયું કે 'આ બાઈએ ભક્તિની ઉમેદમાં આ ભાગ ભજવ્યો !' પોતે દોષ સર્વથા ટાળવાની પૂરી કાળજી રાખી હતી તો આ સ્થિતિએ પહોંચ્યા. દિલમાં પાપ રાખી નિર્દોષ ગોચરી હોવાનું મન મનાવી લીધું હોત તો



હૈયામાં તે સંકલેશ હોવાને લીધે બીજી ભાવના ગમે તેવી ભાવે, પણ વીતરાગદશા અને કેવળજ્ઞાન ન મળે. એવી જ રીતે તપાસ પૂરી કરી નિર્દોષ જાણી લીધું, પણ પછી જો દોષિત લાગ્યું તો એને પરઠવી જ દેવું જોઈએ; જંગલમાં એકાંત નિર્જીવ જગાએ ત્યજી દેવું જોઈએ. ત્યાં એવો વિચાર ન કરાય કે 'પણ એમ પરઠવે તો કેટલા જીવ મરે ? એના કરતાં અંદર પરઠવે તો શું ?' ના, પરઠવ્યા પછી એની મૂર્છા ઉતારી નાખી કે એના પાપના ભાર ઉતરી ગયા ! ને દોષિત જાણવા છતાં અંદર પરઠવી કે અંદર પહેલો દોષ તરફ ધિટ્ઠો બનેલો આત્મા બગડ્યો ! વળી બગડેલો આત્મા તે ભવિષ્યમાં કેટલાયને બગાડશે. હૃદય ધિટ્ઠું પડી ગયું એટલે ખલાસ ! કુણાશ જતી રહ્યા પછી તો પરભવે ઘાતકી અને હિંસક બની જવાનો ! એમ શુભ કુણા પરિણામની ધારા ન બગડે માટે પરઠવી જ દેવાનું. એમાં દોષ તરફ જાગ્રતિ રહી.

**માતાનું આગળ કપટ :-**

શિખીકુમારના નિષેધમાં તો માતાએ જોયું કે કંઈ ઉપયોગ લાગે એમ નથી, માટે છેલ્લું શસ્ત્ર અજમાવ્યું. સ્ત્રીનું છેલ્લું શસ્ત્ર કયું ? રુદન. રોવા જેવી થઈ ગઈ. 'અરે દીકરા, આ હું જો પાછું લઈ જઈશ તો મને જરા પણ શાંતિ થવાની નથી ! જો આટલો લાભ ન મળે તો હું તો મહા હીનભાગિણી ! લાખ રૂપીઆના સાધુ મળ્યા, પણ હું તો અભાગિણીની અભાગિણી ! માટે કંઈ પણ બોલ્યા વિના મારું આટલું લેવું પડશે !' જેટલી માતા કપટી છે એટલા જ સરળ સ્વભાવી શિખીકુમાર છે ! એ વિચારે છે : ''અહો ! શું માતાની ભક્તિ છે ! શું ધર્મશ્રદ્ધા છે ! એનો પુત્ર સાધુ. એના માટે એ મગરૂબી માને છે અને સાધુભક્તિ મળે તેને તે ધન્ય દિવસ અને સફળ જીવન માને છે ! માટે એના માનસિક પરિણામ બગડવા ન જોઈએ. આ ન સ્વીકારીએ તો જિંદગીભર દુર્ધ્યાનમાં સળગી મરે ! ને શ્રદ્ધા ગુમાવી દુર્ધ્યાનમાં પડે, તો દુર્ગતિમાં રોળાઈ જાય, માટે અપવાદ માર્ગ જોવો પડશે !'' એમ વિચારી કહે છે,

'તો પછી, મા, તમારી જેવી ઈચ્છા, પણ જુઓ ફરીથી સાધુ માટે આવો આગ્રહ નહીં કરવાનો !'

માતા ખૂશી દેખાડી કહે છે, 'અહોહો ! આજ તો મારે કલ્યાણના પુષ્કરાવર્ત મેઘ વરસ્યા ! ફરી કદી આવો આગ્રહ નહીં કરું !'

મુનિ કહે છે, 'ઠીક ત્યારે, એમ કરો કે આ સાધુને પાત્રામાં વહોરાવી દો.'

તે વખતે આ વિચારે છે, 'અહો આ તો મુશ્કેલી થઈ ! એમ આપી દઉં ને એ બીજા સાધુઓને આપે તો ? મારું મુખ્ય કામ રહી જાય ! એમને ત્યાં હું

ક્યાં જોવા જવાની ? મારે તો મારા હાથે કોળીયો ખવરાવવો છે ! એટલે પાછી વચકી !

**ભાવમળનો હ્રાસ ક્યાં ? :-**

શિખીકુમાર મુનિએ પુણ્યનો લાભ લેવાની માતાની ઈચ્છા જોઈને સાધુને ન કલ્પે એવા પણ દોષિત આહારને વહોરી લેવાની તૈયારી બતાવી. આમાં વિશિષ્ટ લાભની દૃષ્ટિ હતી. સજ્જન આત્માઓ દુઃખી આત્માના દુઃખને જોઈ શકતા નથી; એની તરફ આંખ મીંચામણા કરી શકતા નથી. ઘણા જન્મોની સાધના પછી હૃદયમાં તેવા પ્રકારની કોમળતા, તેવી કોઈ વિશિષ્ટ ભાવદયા જન્મી શકે છે. માટે યોગદૃષ્ટિ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે આત્મા જ્યારે અનંતા પુદ્ગલ પરાવર્ત પસાર કરી હવે ચરમાવર્તમાં આવે છે, **મોક્ષે જવામાં એક પરાવર્તથી હવે વધુ કાળ નથી તે છેલ્લો પુદ્ગલ પરાવર્ત, તેનું નામ ચરમાવર્ત,** ત્યારે એ અનાદિ કાળથી આત્મા પર લાગેલો જે સહજ મળ, તેની અલ્પતાવાળો બને છે, ત્યાં સુધી તો એ ભાવમળનું ઘર હોય છે. **ભાવમળના યોગે એનામાં પરિણામની કઠોરતા, ઉત્કટ કોટિના રાગ-દ્વેષ, સંસારની અનહદ રસિકતા, કેવળ સ્વાર્થની જ લાલસા, એક માત્ર જડ પદાર્થની લગની અને આત્માનું સરાસર અજ્ઞાન, આવા દોષો ઝગમગતા રહે છે.** સ્થિરપણે થનમનતા બધા દોષો ભાવમળની બહુલતામાં હોય છે, પણ ચરમાવર્તમાં આવતાં તે મળ હ્રાસ પામે છે અને તો જ તેનામાં ધર્મની યોગ્યતા આવે છે. સંસાર બહુ ગમે છે, દુનિયાના પદાર્થોની જ લગની ઘણી છે, આત્માનો કોઈ વિચાર સરખો નથી, એવો માણસ સંયોગવશાત્ મંદિર-ઉપાશ્રયે આવી પણ જાય, ધર્મકાર્યમાં પાંચ પૈસા ખર્ચી પણ નાખે, છતાં એનામાં ધર્મને પેસવાની જગા નથી. જેમ, કપડું અત્યંત મેલથી ભરેલું હોય ત્યાં સુધી એના પર રંગ ચઢવાનો કોઈ અવકાશ નહીં; એ તો મેલ ઓછો થઈ ગયા પછી રંગ ચઢે. કપડું તૈલી થઈ ગયું હોય, કલર મંગાવો જર્મનીના, અને એમાં કપડું બોળો, એક વાર નહીં સો વાર, પણ રંગ ચઢે ? ના, **તેમ ધર્મના રંગ ચઢવામાં ભાવમળ બાધક છે.**

**ભાવદયા ક્યારે ? :-** ચરમાવર્તમાં આવે ત્યાં ભાવમળ હ્રાસ પામે અને આત્મા પર રંગ ચઢે. ત્યાં જે ત્રણ ગુણનો લાભ થાય છે, તેમાંનો એક ગુણ છે, **'દુઃખી જીવો પર અત્યંત દયા.'** શિખીકુમાર મહામુનિ માતાના મોહમાં નથી તણાયા, માતાના પ્રેમમાં નથી લપટાણા, પણ માતાના આત્મા પ્રત્યે ભાવદયાવાળા બન્યા છે. માતા ધુતારી છે, મહાક્રૂર કર્મ કરવા તૈયાર છે. એના પર પણ એમના દિલમાંથી ભાવદયાનો ઝરો વહી રહ્યો છે એના પર આ વિચારણા છે કે દયાનો મહાન ગુણ અનંતા અનંત જન્મો સંસારમાં વિતાવ્યા પછી આવે છે. તે ભવ્યને.



અભવ્યને તો એનાથી ય અનંતગુણા જન્મો વિતાવ્યા પછી પણ ન આવે ! કેમ વારૂ ? એને કોઈ ચરમાવર્તનો કાળ જ મળતો નથી ! અરે ! ગમે તેટલા ચારિત્ર લઈ નાખે, છતાં પણ છેલ્લું ચરમાવર્ત ન મળે ! ત્યારે તમારા જેવા ભવ્ય જીવને સહેજે મળી જાય, એ કેવું મહાભાગ્ય ! તે મળવા છતાં જો દુઃખી જીવ પર દયા નથી જાગતી, દયા આચરી શકાતી નથી, તો કેટલી અફસોસની વાત ગણાય ! માનવ જીવનના મૂલ્ય આમાં છે. ધ્યાન રાખજો પુદ્ગલ પરાવર્તમાં દાખલ થઈ જવા માત્રથી દયા આવી જાય એવું નથી. ભારે કર્મી હોય તો કંઈ ન બને, અશુભ નિમિત્તોમાં પડ્યો-પાથર્યો રહે, પુદ્ગલનો જ ઘેલો બન્યો રહે ત્યાં સુધી એ પથરા જેવો હોય ! આમ ચરમાવર્તમાં જીવ ધર્મનો પુરુષાર્થ કરે છે, તેથી ગુણ આવી ગયા એમ ન કહેવાય, જીવ ચરમાવર્તમાં આવી ગયો, એમ ન કહેવાય, કેમકે એમ પુરુષાર્થ તો અચરમાવર્તમાં પણ ક્યાં નથી કરતો ?

**પ્ર.**- તો ચરમાવર્તમાં આવ્યો તે શી રીતે ખબર પડે ?

**ઉ.**- કોઈ એવા કાળે જીવનની એકાદ પળે પણ સંસાર પર તિરસ્કાર છૂટે કે 'આવી રીતે મારે ભમ્યા જ કરવાનું ? આનું આજ કર્યા જ કરવાનું ? અહો, ક્યારે મોક્ષ થાય ને આ જંજાળ છૂટે !' આવી દૃષ્ટિ જેને જાગે તે ચરમાવર્તમાં ! અવસરે એવું ય બને કે ચરમાવર્તને છેડે પણ આ દૃષ્ટિ જાગે ! પણ એટલું ધ્યાનમાં રાખજો કે મોક્ષની મુસાફરી મેળવનારા તે પોતાના પુરુષાર્થથી ! કોઈ ભાગ્ય, કોઈ એવું કર્મ નથી કે જે એ પકડાવી દે ! હા, એટલું છે કે,

**ભાવમળ જવાથી ત્રણ ગુણ :-** ભાવમળ ઓછો થઈ જાય ત્યારે જ (૧) **દુઃખી પર અત્યંત દયાના પરિણામ** જાગે. ભાવમળ ઓછો થાય ત્યારે (૨) **ગુણવાન પ્રત્યે અરુચિ નહિ ઉઠે.** ભાવમળ ઓછો થાય ત્યારે જ (૩) **ઔચિત્ય નામનો અદ્ભુત ગુણ આવે.** બિચારા અભવીને આ બધા માટે નાલાયકાત ! ને ભવીને માટે લાયકાત ! હેં તમને આવી છે કોઈ દિવસ વિચારણા કે આપણી પાસે ભવ્યત્વ એક એવો પાસપોર્ટ છે કે જે પાસપોર્ટ જ આપણને ભવસાગરની વચ્ચેથી ચારિત્રધર્મની સ્ટીમરમાં બેસાડી મોક્ષનગરે લઈ જાય ?

**બિચારા અભવી પાસે ટિકિટ જ નથી :-**

અભવી પાસે ટિકિટ જ નથી ! આટલો મોટો ભેદ છે ! **અનંતાનંતકાળ વિત્યે જ જાય અને અભવી સંસારમાં ભમતો જ જાય !** એમ તો અભવી ય ચારિત્ર લે પણ મોટો વાંધો એ કે સમકિત ન મળે. ચારિત્રમાં સમક્તિનો પરિણામ હોય કે સ્ટીમર થઈ ! એ ભવ્યત્વની ટિકિટ હોય તો જ બને. એને આ ટિકિટ કઈ હોશિયારીથી મળે ? કોઈ હોશિયારી કે મહેનત નહીં ! એવું હોત તો તીર્થંકર

ભગવાન શા માટે અભવીને બાકી રાખત ? **ભવ્યત્વની ટિકિટ તો, અનાદિકાળથી છે તો છે, અને નથી તો નથી !** કદીય નવી ઊભી કરી શકાતી નથી ! ત્યારે હવે જે તમને ટિકિટ મફત મળી ગઈ છે તેનું મૂલ્ય વિચારો ! એની કેટલી કદર છે તે વિચારો !

**ભવ્યત્વની ટિકિટની કદર :-** ઘોર તપસ્યાથી નહીં કે મહાપુણ્યના ઉદયથી ન મળે એવી ભવ્યત્વની ટિકિટ તમને મલી તેની કિંમત છે તમને ? એ ટિકિટ પર જ અહીં સ્ટીમર મળી શકે છે. તો વિચાર આવે છે ખરો કે 'એ લઈને હું શું કરી રહ્યો છું ? ટિકિટ લઈને મોક્ષનગર તરફ જવાની પેરવી કે સંસારમાં જ રુલવાની પેરવી ? 'જન્મ-જન્મનાં કુસંસ્કારો, આહારાદિ સંજ્ઞાઓ, જુગજુગની પાપવાસનાઓ એને જમીનદોસ્ત કરી, આત્માના ઉત્તમ વૈરાગ્ય અને સંવેગાદિ ગુણો ત્યાગ-તપના ગુણો, જ્ઞાન-ધ્યાનના ગુણો, આ બધું પ્રગટ કરી શકું તેવી ટિકિટ છે !' આવે છે આ વિચાર ? એ પ્રગટ કરો તો કાઢ્યા એટલા કાળ હવે કાઢવાના નહિ. **એ ટિકિટ પર થઈ શકતો સત્પુરુષાર્થ કરાય તો એકજ જન્મમાં પૂર્વનાં અસંખ્ય ભવનાં કેઈ પાપ રદ બાતલ થવા તૈયાર છે.** ભવ્યત્વની ટિકિટ પર જ દુઃખી પર અત્યંત દયા, ગુણવાન પર અત્યંત પ્રેમ અને ઔચિત્યનું પાલન, તીર્થંકરદેવની આજ્ઞાનું પાલન, એમના ફરમાવેલા દર્શન અને જ્ઞાન તથા તપ અને સર્વ વિરતિ ચારિત્રનો પુરુષાર્થ કરી શકાય.

**માનવભવમાં લોટરી ! :-**

કોઈનું પાંચ લાખનું દેવું હોય. કરાર થયો હોય કે પાંચ વર્ષે પાછા આપવાના, પણ પેલાને ત્રણ વર્ષ પછી જ જરૂર પડી. પણ એ અવસર એવો છે કે એને દશ હજાર પણ કોઈ આપે એમ નથી. આની પાસે આવીને કહે કે,

'ભાઈ, માત્ર દશ હજાર તું આપને.'

આ કહે છે, 'ના, હમણાં નહિ. કરાર મુજબ બે વર્ષ પછી !'

'અરે, પણ હું બજારમાંથી ઉખડી જાઉં છું ! બજારમાંથી ઈજ્જત જાય છે !'

'પણ કરાર થયો છે ને ?'

'એ તો હું જાણું છું ! પણ હમણાં તને વળતર આપું.'

પેલો ના ના જ કહે છે. આ માણસ વળતરમાં વધતાં વધતાં કહે છે, 'અરે ! દશ હજાર રોકડા આપ તો પાંચેય લાખ માંડી વાળું ! સહી કરી આપું !'

હવે કહો જો, એ દશ હજાર આપતાં વાર લગાડે ? કદાચ પોતાને પણ ભારી તકલીફ હોય તો પણ કહે ને કે ભલે ઉપાડ ? તેમ ખાસ આ ભવ્યત્વની ટિકિટથી શક્ય એવા દુઃખીની દયાથી માંડીને જે ઊંચા પુરુષાર્થ કહ્યા, તેનાથી થોડા



કષ્ટમાં થોકબંધ કર્મોના ક્ષય મળે છે. અબજો કે પરાર્ધથી ન મપાય તેવા અનંતા કર્મનાં દેવા અલ્પ ભોગ આપીને ચૂકવી શકાય છે ! લાખનું દેવું પાંચમાં પતે એના જેવું આ. ડાહ્યો હોય તે ચૂકવવાનું ચૂકે ? તો તમે ડાહ્યા નથી ? તમે એ ટિકિટની કિંમત કેટલી કરો છો તેટલો જ પ્રશ્ન છે. **ટિકિટ ગજવામાં ઘાલીને ધંધો શું ચાલી રહ્યો છે, તે વિચારવાનું છે.**

**શિખીકુમાર મહામુનિ ફસાય છે :-** શિખીકુમાર મહામુનિ ઘણી દયાવાળા છે. 'જો આ આહાર સાધુને કલ્પે નહિ, પણ તમારા ભાવ ન બગડે માટે આ વખતે લઈ લઈએ છીએ, પણ પછી આવું ન કરશો,' એમ માતાને કહે છે.

માતાએ ખૂશી બતાવી, 'ધન્ય ભાગ્ય મારા !'

મહામુનિ સાધુને કહે છે, 'એ વહોરાવે તે લઈ લો !'

મા પડી વિચારમાં, 'આ વહોરાવું,.... પણ સાધુ મહારાજ ઘણા છે. બધાને એ આપી દે, તો મારું ધાર્યું ન થાય ! મારે તો તીર અહીં લગાવી દેવું છે !' એટલે જુઓ ઠગારી કેવું બોલે છે ! 'અહો ! તમે તો માતૃપ્રેમ ઘણો બતાવ્યો ! તમારો માર્ગ ના પાડે છે, દોષ લાગે છે, છતાં લઈ લેવાની તમે તૈયારી બતાવી ! આટલા દયાળુ, આટલા માતૃવત્સલ છો, તો જરા માટે શા સારુ ઓછું રાખો છો ! એક જરા મારા હાથે જ ભોજન કરો ! બસ એટલું જ હું માગું છું.'

ગોઠવણ કેવી કરી મૂકી ? એને ક્યાં ભવ્યત્વની પડી છે કે 'એ દીકરો જેમ માનવ છે, તેમ હું પણ માનવ છું. એ ભવ્યત્વ પકવવા કેટલી દયા કરી રહ્યો છે ! ને હું કેટલી ક્રૂરતા કરી રહી છું !' આ વિચાર ન હોય એને ભવ્યત્વ કેટલી ઉમદા ચીજ છે, તેની શી પડી હોય ? એ નથી એને તો રંગ-રાગ જ સૂઝે ! ને એ સગવડ ન હોય તો હાયવોય ! છતે ભવ્યત્વે આ દુર્ગતિની નાગચૂડમાં ફસાઈ જશે. **માખીને પાંખ છે તેથી બધે ઉડી શકે, પણ અજ્ઞાન માખી લાલચુ બનીને ગિરોળી તાકી રહી હોય તે જ ભીંત પર બેસવા જાય તો ?** ગિરોળીના મુખમાં જ ને ? કરોળીયાના જાળા તરફ ઉડવા જાય ત્યારે શું થાય ? હાથે કરીને કરોળીયાના જાળામાં રીબાઈ-રીબાઈને મરવા જ ગઈ ને ? છતી પાંખે, જેનાથી બાગ-બગીચામાં મહાલી શકે તેનાથી જ મોતને ? **તેમ, આ છતી ભવ્યત્વવાળી માનવતાની પાંખે, ઉચ્ચ ધર્મના પુરુષાર્થ કરી શકે એમ છતાં, એજ માનવભવથી સંસાર પાછો અહીંથી લાંબો લચક અને તેય ઘોર નરકાદિ દુર્ગતિની પરંપરામય કરવાની તૈયારી કરે તે મૂર્ખાઈ કેટલી ?**

માતાને આનો વિચાર નથી. એણે તો કહી દીધું કે મુનિ દયાળુ છે, પણ એને ક્રૂરતામાંથી પાછું વળવું નથી ! ખૂબી કેવી છે ! માનવભવ સમાન છતાં,

એક દયામાંથી પાછા ન વળે ! બીજો જીવ ક્રૂરતામાંથી પાછો ન વળે ! દુનિયામાં આવું ઘણું બધું ઊંધું છે.

**પ્ર.**- સ્ત્રીજાતિને સહજ માયા કેમ કહેવાય છે ?

**ઉ.**- સ્ત્રી વેદ માયામાં બંધાય છે. જેમ બાંધેલ સ્ત્રી વેદ ઉદયમાં આવે છે, તેમ અપવાદના દૃષ્ટાન્ત બાદ રાખીને, સામાન્ય રીતે પેલી માયાના કુસંસ્કાર પણ ઉદયમાં આવે છે. ખેર ! એ ગમે તેવી, પણ દયાના વિમાનમાં ઉડી રહેલા મુનિ તો માતાના જાતે ખવરાવવાના આગ્રહને પણ કબૂલ થઈ ગયા ! કહે છે, 'મા ! પારણાનો સમય આવવા દો !' સાંભળીને માતાને ઘોર શાતા વળી બાજુએ બેઠી છે. ત્યાં તો સ્વાધ્યાય પછી ગોચરીનો આવી પહોંચ્યો સમય !

**કોનો વાંક ? વાંક બે જાતના :-**

અગ્નિશર્માનો જીવ આ જાલિની મા, એ શું કરી રહી છે ? જાણે અત્યાર સુધીમાં મલીન વિચારણાઓથી નરકને યોગ્ય પાપકર્મ કમાવવામાં કંઈ બાકી રહી છે, તે કમાઈ પૂરી કરવી છે ! !... જીવન તો મનુષ્યનું મલ્યું, પણ તે મેળવીને શું કર્યું ? માતા જેવા એવા પવિત્ર દયાળુ દુન્યવી સંબંધમાં આવેલો જે પુત્ર, એનો ઘાત કરવાની પેરવી ! આ કર્યું એણે ! કોનો વાંક છે ? આવું ઘોર કૃત્ય કરવા તૈયાર થઈ એમાં વાંક કોનો ? **એક વાંક પોતાનો, ને બીજો વાંક સંસારનો ! સંસાર ચીજ એવી છે કે કઈ અણધારી પળે આપણી પાસે કયા દુષ્કૃત્ય કરાવે તેની ખબર ન પડે !** જેમાં ધાર્યું ન હોય તેવા પાપ દેખાય છે ! ઘરની સંપત્તિ છોડી છોડી જ્યારે દેશસેવા માટે ઝંડા લઈ લઈને નીકળી પડ્યા હતા ! જેલના રોટલા ખાઈને ચલાવી લેતા હતા ! તે હવે જ્યારે હોદ્દાની ખુરશીમાં બેઠા ત્યારે ? બન્યા ને માગીને લાંચ લેનારા ? આ અકલ્પ્ય, કલ્પના બહારનું કેમ બને છે ? કહો, લક્ષ્મીનો સંસાર છે માટે; એ ક્યારે ઘોર અકાર્ય કરાવે તેનો ભરોસો નહિ ! સદાકાળ માટે સંસાર એવો જ છે. પ્રબળ નિર્ધારવાળા, પ્રબળ જોમવાળા, મોહની સામે ઘોર સંગ્રામ ખેલનારા એવા પણ નંદિષેણ મુનિને ચપટીમાં વેશ્યાએ પાડી દીધા ! વેશ્યા, પોતાની રૂપભરી કાયાદિના સંયોગો, લક્ષ્મી, એ બધું સંસાર છે ! આ સંસાર જીવને કયે વખતે વખતે કપરી પરિસ્થિતિમાં મૂકે તેનો ભરોસો રખાય ખરો ? માટે જ ડાહ્યા માણસો એવા સંસારથી અલગ થઈને જાગતા રહે છે. એક વાંક છે સંસારનો, ને બીજો વાંક છે પોતાનો.

**પોતાનો વાંક :-**

સંસાર ગમે તેવો છતાં પોતે સાવધાન હોય તો બચી શકે છે ! **આત્મા જાતે વાંક વિનાનો બની જાય તો સંસારનું ઉપજે એવું નથી !** સિંહ-ગુફાવાસી મુનિ કેવા



હતા ? ચાર મહીનાના ઉપવાસ કરી જંગલમાં પર્વતની ગુફામાં જ્યાં સિંહ રહે છે ત્યાં કાઉસગ્ગ-ધ્યાને ઊભા રહેનારા ! સિંહે પણ ચાર મહીનાના ઉપવાસ કર્યા હશે કે એ ખાવા બહાર નિકળતો હશે ? તે પણ એમને એમ ગુપચુપ નીકળે કે ત્રાડ પાડીને ? ત્યાં ચાર મહીના કાઉસગ્ગ-ધ્યાને ઊભા રહેનારા તે કોશા વેશ્યાને ઘેર ગયા કે ગળીયા ઘેંસ બની ગયા ! સિંહની સામે અષ્ટાપદ જેવી છાતી રાખનારા ! 'સિંહ એટલે કોણ છે તું મારી આગળ !' એવા ઉપસર્ગ માટે મજબૂત મનવાળા સિંહગુફાવાસી કોશા આગળ ઓગળી ગયા ! જેમ મીણને અગ્નિ ! 'તું ય યુવતી, ને હું ય યુવાન ! બધો સંયોગ સારો મળ્યો !' કેમ આમ ? પોતે પીગળવાના વાંકમાં આવ્યા ! પણ ત્યાં જ જુઓ સ્થૂલભદ્રમુનિ સાવધાન હતા તો ચાર મહિના રહેવા છતાં કંઈ કોશા કરી શકી નહિ. અલબત્ત, એવા સાંસારિક સંયોગ ખતરનાક છે જ. માટે જ પહેલું તો એજ જરૂરી કે **એવા સંયોગમાં જાતને મૂકવાના વાંકમાં નહિ આવવું જોઈએ.** સિંહ-ગુફાવાસીએ કોશાને ત્યાં જવાનો વાંક પહેલો ઊભો કર્યો; અને પછી સંસારનો વાંક બીજો ઊભો થયો. **બે વાત છે;** એવા સંસારની દોસ્તી કરી, એવા સંસારમાં નિવાસ રાખ્યો, કે જે સંસાર અણધારી પળે મહાન દુર્બુદ્ધિ જગાડે તો એ પહેલો વાંક, અને બીજું, કદાચ અનિચ્છાએ આપણે એમાં મૂકાયા, તો ત્યાં આપણો આત્મા જાગ્રત ન હોય, પરલોકની દરકારવાળો ન હોય, પાપથી ડરનારો ન હોય, મોક્ષની જ એક તમન્ના અને ઉતાવળવાળો, માટે જ કર્મક્ષયનો શુદ્ધ અભિલાષી ન હોય, તો તે પણ મોટો વાંક છે ! આ વિચારીને એ જોવાનું કે,

**૧. કેટલા સંસારનો સંબંધ રાખવો ?** ને,

**૨. ત્યાં આપણે કેવા રહેવું ?**

**માતા ઝેર પીરસે છે :-** માતા ભૂલેલી છે એટલે, નથી એને સંસારનો વિચાર કે નથી જાતનો વિચાર ! એ તો એટલા જ વિચારમાં અડ્ડો નાંખીને બેઠી છે કે 'લાગ આવે, ને પીરસી દઉં, કે ઝટ એ ખાઈને મુનિ મરે !' આવ્યો અવસર પારણાનો. હવે પારણું કરવા બેસવું છે. શિખીકુમાર મુનિ અને શિષ્યો પાત્રા લઈ લઈને બેસી ગયા. માતા પણ ઘણો કંસાર લઈને આવી હતી. એક ચોક્ખો ને બીજો ઝેરવાળો, પણ તે બધો એક જ ભાજનમાં. સાધુઓને ચોક્ખો આપ્યો ને શિખીકુમારનાં પાત્રામાં તાલપુટ ઝેરવાળો કંસાર મૂક્યો !

કર્મની ખૂબી કેવી છે ! પોતાનું પુણ્ય જોર કરતું હોય તો આમાંય પેલી ભૂલાવામાં પડી જાય, પણ પેલીએ ઝેર-ભેળવેલા કંસારનો લોચો એક બાજુ રાખેલો તે બરાબર ખ્યાલમાં રાખ્યો છે. માટે કહો કે આમાં બચાવે તો, કોણ બચાવે ?

પોતાનાં પુણ્ય જ ને ? ઝેર ભર્યા કંસારમાં સુગંધી થોડીજ છે કે જેથી એમાં ઝેર છે એની ખબર પડે ? ત્યારે માતાના હિસાબે અણવિશ્વાસ પણ ક્યાંથી આવે કે જેથી પહેલાં એને બીજાને ચખાડવાનું મન થાય ?

**મુનિ ઝેરવાળો કંસાર વાપરે છે :-**

શિખીકુમારને ઝેરવાળો કંસાર પીરસ્યો ! બધાની સાથે મુનિએ પણ કંસાર વાપર્યો. જો એવું વિશાળ જ્ઞાન નથી કે જોઈ શકે કે આ ચીજ ખાવા યોગ્ય છે કે નહીં ? ઝેરી છે કે નહીં ? તો એનો અર્થ એ છે કે એવી સ્થિતિમાં જગતનો વ્યવહાર વિશ્વાસે ચાલે છે. **એક બીજાના વિશ્વાસ પર જ સલામતી નભી શકે છે.** એમાં કોઈ ઉઠીને વિશ્વાસઘાત કરે તો બીજો એનો ભોગ થઈ જાય તેમાં નવાઈ નથી, પણ એટલું છે કે **પોતાનાં પાપકર્મનો ઉદય હોય તો જ એ વિશ્વાસઘાતના ભોગ થવું પડે.** પુણ્ય સાબૂત હોય તો સામો વિશ્વાસઘાત કરવા આવે પણ સફળ ન થાય. મુનિને તેવા પાપકર્મનો ઉદય છે, તેટલે જ માતાના વિશ્વાસઘાતનો ભોગ બની ઝેરી કંસારને વાપરી જાય છે.

**સ્થાન-મોભાના હિસાબે ગંભીરતા :-**

આહાર વાપરવાનું કાર્ય પતી ગયું, પણ ઉપવાસના પારણે આહાર વાપર્યો છે. નબળો કોઠો છે, એટલે ઝેરની અસર તત્કાળ થાય છે ! અસર થવાના કારણે પોતાને ચક્કર ચક્કર જેવું લાગે છે ! શરીરમાં ઝણઝણાટી થાય છે ! ભાસ થાય છે કે શરીરમાં મને કંઈક થયું. બીજા મુનિઓ તરફ જોયું, કે 'બીજાને કંઈ થાય છે કે નહિ ? કંસાર બધાએ એકજ ખાધો છે, ને માતાના હાથનો છે. બધા તો હસતા ને ખીલતા છે !' એથી પોતાની અંદરની મુંઝવણ-વેદના-વિકૃતિ, એને છુપાવી રાખી ! જીવને કર્મ કેવા સ્થાને મૂકે છે ? જવાબદાર સ્થાને છે, અનેક મુનિઓના ઉપરી છે, કે કોઈ બાબત બની તો એનો ઘોં-ઘાટ બીજા મુનિ જલદી કરી નાખે, પણ મોટાથી થાય જલદી ? કર્મને વેર વાળવું હોય તો કેવી સ્થિતિમાં લાવીને મૂકે છે ! "નાનો હોય તો બોલી ઉઠે મને કંઈ કંઈ થઈ જાય છે" તો કીમિયાગર કદાચ આવી બચાવી ય લેવાનો સંભવ ગણાય, પણ આ તો વડિલ મુનિ ! બોલતા નથી, છુપાવી રાખે છે. મન વાળી લે છે કે 'શરીર છે, કંઈક વિકૃતિ થઈ હશે.' પણ ઝેરને તો તેટલી જ વાર હતી, કે સાંગોપાંગ સારા શરીરમાં વ્યાપી જાઉં !

**ઝેર કોને કહેવાય ? :-** જેમ મજબૂત માણસ કામધંધાની લાલસાવાળો, ઘરમાંથી છૂટ્યો તેટલી જ વાર, પછી વાતચીત કરવા ઊભો રહે ? ના, ઉપડે અહીંથી ત્યાં ને ત્યાંથી બીજે ! મુંબઈના ફેરીયા જુઓ, ગાડી ફેરવનારા જુઓ, અરે



મુંબઈના શેર બજારમાં સોદાના ટાઈમે જુઓ, તો દેખાશે દોડાદોડ ! પાછા ત્યાંથી છૂટ્યા કે ઝટ બીજા બજારમાં ! મોટા સટોડીયાને પણ નવરાશ નહીં ! તેમ આ ઝેર શરીરમાં ગયું તેટલી વાર ! પછી માંહી ચારે કોર દોડાદોડ ! સામો ઈલાજ આવે તો કદાચ તે ય ઉતરે; પણ ઈલાજ વિના અંદર રહ્યું કે ખલાસ ! નસના છેડા સુધી ઝીણામાં ઝીણા લોહીના બિંદુમાં તાલપુટ ઝેરનો પ્રચાર થતાં વાર નહીં !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૫,અંક-૨૩-૨૪,તા.૨૦-૮-૧૯૫૭

એવાં જ બધા આત્મિક વિષનાં ઝેર છે ! **તાલપુટ ઝેર જે કામ નથી કરતું તે કામ ઝેરી મોહની લાગણીઓ કરે છે !** એનામાં ઊઠતી આસક્તિ ને આવેશો તથા વિષય-કષાયની લાગણીઓ, **એને તમે જો રોકવા તૈયાર નથી, તો એ પોતાની જોરદાર મશીનરી ચલાવવા તૈયાર જ છે !** કોઈના ઉપર ક્રોધ આવ્યો ને વિવેક ન રહ્યો તો ? 'છોડું નહીં એને !... આમ કરું, તેમ કરું !...' એવું થયું તો ? તો શું ? આત્માના પ્રદેશે પ્રદેશે ઝેર વ્યાપ્યું સ્તો ! તેવું જ માન, માયા ને લોભનું ઝેર ! તેવું જ કામનું ને સ્નેહનું ઝેર ! બે વર્ષના બચુડાથી માંડી બહોતેર વર્ષનો બુઢ્ઢો થાય ત્યાં સુધી શું શું વ્યાપે છે ને શું શું કરે છે, તેની જાણે ફિલ્મ ગોઠવાઈ જાય છે ! **રગે-રગમાં સ્નેહનાં ને કામનાં, રાગનાં ને દ્વેષનાં, આનંદ ને ઉદ્વેગનાં ઝેર વ્યાપી જાય છે. અહીં ધર્મની કિંમત છે, ગુરુઓ તથા શાસ્ત્રોની કિંમત છે, પ્રભુમૂર્તિની કિંમત છે. એ ઈલાજ છે. ઝેર પુરૂં વ્યાપી જીવને મહામોહાંધ મૂર્છિત કરી દે તે પહેલાં એ ઈલાજનો આશ્રય જો લેવાયો, તો હજીય ઝેર નાબૂદ કરી શકાય. નહિતર તો ઝેર સાબૂત છે.** અહીંય બેફામ કરે, ને પરલોકમાંય ડૂચા કાઢી નાખે ! તાલપુટ ઝેર હજી સારું કે ઝેર શરીરના ખૂણે ખૂણામાં વ્યાપી ગયેલું, એ તો એક જ વખત શરીરથી છૂટકારો કરાવે ! પણ આ મોહનાં ઝેર આત્મામાં ખૂણે ખૂણે જો વ્યાપી જાય, તો ભવોભવમાં ખતમ ! મલિન વૃત્તિઓના ને વાસનાનાં રચાયેલા ઝેરથી કોણ બચાવે ? એ કહે છે, 'જયાં તું જાય, ત્યાં હું આવું છું !'

એમાં વળી આ જગતની વર્તમાન સ્થિતિ જોઈએ તો આવા ઝેરને વ્યાપવા માટે સાધન-સામગ્રી પૂરજોરમાં મળે છે. રસ્તે ચાલતાં કોઈ વાર ડોક ઊંચે ગઈ તો સિનેમાનાં બિભત્સ ચિત્રો તૈયાર ! કાન ઊંચા કરો એટલી જ વાર, ગાયિકાનું ગાણું રેડીયામાં ચાલુ જ હોય ! આવું બધું પહેલાં ખરું કે ? રસ્તે ચાલ્યા જતાં, સિનેમાનાં ચિત્રો ને વેશ્યાનાં ગાયનો સાંભળવા મળે ? ને લોકો, અરે ! નિશાળના છોકરા

સુદ્ધાં નટીઓની વાતચીત કરતા હોય ખરા ? આજે તો પાટીવાળો પણ ઊભો રહીને સાંભળી શકે ! છોકરાં પણ સુરૈયા-નરગીઝની વાતો કરે ! સિનેમાનાં ગાયનો ગાયાં કરે ! છાપાઓમાં સિનેમાનાં સ્પેશિયલ પાનાં ! એમાં બિભત્સ ચિત્રો ને વર્ણનો ! એવી નોવેલ-નવલિકાઓ...કેટલું ! આજના આ નિમિત્તોથી કાચી ઉંમરનાં છોકરાઓનાં ય હૃદય કાળાં થઈ ગયા. સ્વતંત્રતા ને સ્વચ્છંદતા એનાં જીવનમાં ખૂબ આવી ગઈ ! શિક્ષણ પણ કેવું ? જેમાંથી આજ્ઞાધીનતા, આધ્યાત્મિકતા, વિનય જેવું શિખવાડનારા પાઠ ગયા. **જગતમાંની ઉન્માદપોષક અને ધર્મશોષક અનેક સામગ્રીઓ મોહનાં ઝેર ઊભા કરે છે; ને એ જો આત્માના ખૂણે ખૂણામાં વ્યાપી જાય ત્યાં સુધી ઈલાજ નથી કરવો, તો આત્માને પછી કોઈ છોડાવનાર નથી.** ખરાબ નિમિત્તોની સામે સારાં નિમિત્તોની ખૂબ જરૂર છે.

**નિમિત્તોની ચમત્કારિક અસર :-** એમ માનશો નહિ કે નિમિત્ત અસર નથી કરતાં. જમણ સારું હોય પણ થાળી-વાટકો ખરાબ હોય તોય મન બગડે છે. સારી પણ શિખામણ ઉગ્ર શબ્દોમાં કોઈ આપે તો સાંભળીયે ખરા ? રાતે જરા બારી ઉઘાડી રાખીને સૂઈ ગયા અને શરદી લાગી પણ કોઈ કહે કે "ગધેડા જેવા છો કે શું ? આ બારી ઉઘાડી મૂકીને કેમ સુતા હતા ? ભાનબાન છે કે નહીં ?" આ સાંભળી શકાય ? મિત્ર હોય તો ય કહી દે, 'તું મારે જોઈએ નહિ !' શું છે આ ? બહારના શબ્દોરૂપી નિમિત્તની આત્મા પર અસર છે. કોઈ એમને એમ વાતો કરે કે "નિમિત્તથી આત્માં કંઈ થતું નથી ! માત્ર આત્માનાં શુદ્ધ સ્વરૂપનું નિરીક્ષણ કરવું," પછી વેશ્યાવાડામાં ફરીયે તો વાંધો નહિ ને ? કંઈ અસર ન થાય, એમ ? આ બની શકે જ નહીં. કુન્દકુન્દાચાર્યે તો લખ્યું છે કે 'જ્યાં સુધી આત્મા નિર્વિકલ્પ દશાએ નથી પહોંચ્યો ત્યાં સુધી ૨૮ પ્રકારનો મૂળ આચાર પાળવો ! અવશ્ય પાળવો !' આ બધું શું છે ? નિમિત્ત સવિકલ્પદશા પર અસર કરે છે. મોટા સાધુપદે બેઠેલાને પણ નિમિત્તની અસર થઈ જાય છે ! તમે જઈને કહો કે- "સાહેબ, ત્રાસી ગયો છું સંસારમાં. માર્ગ બતાવો ! હવે તમારો જ આધાર છે." બીજો આવીને કહે છે, "ઢોંગી ! આ શું માંડ્યું છે ?- આ ઉપવાસ કરો ને સામાયિક કરો...!" તો સાધુને શું લાગે ? 'આ ધર્મી અને આ પાપી !' કહો શબ્દની આ અસર સાધુને પણ થઈ ને ? કારણ કે તે હજી વીતરાગ નથી. ભગવાને શાસન સોંપ્યું, પણ એની ધૂરા કોને આપી ? સુધર્માગણધરને ! ગૌતમને કેમ નહીં ? કેમકે ગૌતમ પોતાના નિર્વાણ પછી નક્કી વીતરાગ બની કેવળજ્ઞાન પામવાના. નિર્વિકલ્પ, નિરાલંબન, વીતરાગ દશાવાળા બન્યા, તેમને બાહ્યની કોઈ અસર નહિ ! જગતમાં આત્માને થતી પુદ્ગલની અસર, તે અસર ન લાગે તો



નિરાલંબન, ને લાગે તો સાલંબન દશા. આત્મામાં મોહના ઝેરને પાનાર કોણ છે ? સંયોગ ! માટે સુધર્માસ્વામીને ગચ્છ સોંપ્યો ! એ જોશે કે 'આ સાધુ અસત્ ક્રિયાના સંયોગમાં છે તો તેને એ સારણા-વારણા આપશે, ને યોગ્ય છે તેને વિશેષ માર્ગદર્શન આપીને આગળ ચઢાવશે."

**મહામુનિ બચ્યા ? :-** જુઓ ત્યારે અહીં પણ શિખીકુમાર મહામુનિ પોતાના આયુષ્યે જીવવાના છે, છતાં બાહ્ય ઝેરની કાતિલ અસર થઈ ગઈ ! **કહો જો, નિમિત્ત ન માનનારા ઝેરથી બચવાની કાળજી ન કરે ને ?** મહર્ષિને માતા તરફથી ઝેરની શંકાય શી ? એ વિચારમાં રહ્યા કે 'જોઈએ છીએ, હમણાં કોઈને કહેવું નહિ !' પણ અહીં તો ઝેરથી થોડીક જ વારમાં વાચા બંધ થઈ ગઈ ! અક્ષર પણ બોલી શકતા નથી ! જીભ ખેંચાઈ ગઈ ! તરત જ સમજી ગયા કે 'હવે હું ટકીશ નહિ,' પણ એ વિચાર કરતાં જ ધરણી પર ધસી પડ્યા ! એટલે બીજા સાધુઓ આકુળ-વ્યાકુળ થઈ ગયા. વિચાર કરવા લાગ્યા, 'અહો ! શું આ અકાર્ય માતાએ કર્યું હશે ?' કેમકે બીજું કોઈ કારણ નહોતું આ પ્રમાણે મૂર્ચ્છા થઈ જવાનું ! મરણાંત કષ્ટની દશાએ પહોંચવાનું બીજું નિમિત્ત નહોતું. સાધુઓ સમજી ગયા કે માતાએ કંઈક કર્યું ! હવે શું થાય ! મુનિઓ વિચારણા ગમે તેવી કરે, પણ શિખીકુમાર મહર્ષિ સાવધાન છે ! આત્માની વિચારણાથી જાગ્રત છે ! 'જેમ આ શરીર ઢળી પડ્યું, તેમ મન પર અને આયુષ્ય પર પણ અસર થઈ જશે તેમાં હું કંઈ સાધના નહિ કરી શકું ! માટે અંતિમ સાધના કરી લેવા દે !' એમ કરીને તરત જ વિધિપૂર્વક અનશન ધારી લીધું.

જૈનશાસનની આ એક જબરદસ્ત બક્ષિસ છે, કે જીવનભર કંઈ ન કરનાર આત્મા અંતે પણ જો સમજી લે કે હવે નક્કી મરવાનું છે, માટે અંતિમ આરાધના કરી લેવા દે, તોય તે ધર્મનો એકડો માંડી શકે છે ! પાર્શ્વકુમારનાં દર્શન પર, નવકારમંત્રના સ્મરણ પર એ અણસણના શરણ પર જિંદગીનો પાપી સાપ મરીને તરત ધરણેન્દ્ર થયો ! એકજ અંતિમ આરાધનાનો પ્રભાવ ! એવા ઢગલાબંધ દાખલા છે. ઠેઠ સુધી કંઈ નહોતું કર્યું. છેવટે શુદ્ધિ આવી, તો ગોશાળા જેવો મરીને બારમા દેવલોકે ! કેમ ? મરતી વખતે એવો ઘોર પશ્ચાત્તાપ કર્યો ! કર્મ કહે છે કે 'ખોળિયાની પલટ વખતે તને જો સાવધાની છે. તો એકવાર તો તને તારું બધું જૂનું ભૂલીને સારું આપવું પડશે ! હમણાં ચાલ દેવલોકમાં ચઢાવી દઉં.' ખોળિયાની પલટ સમજો છો ને ? મરતી વખતે જો શુભ ભાવનામાં ટકી રહ્યા તો સદ્ગતિ નક્કી. સાપને ધરણેન્દ્રપણું ! જીવનના અંતકાળની પણ આરાધના આટલું ફળ અપાવે તો જીવનભરની આરાધનાનો લાભ કેવો ? ગોશાળાના જીવનમાં

પહેલાં કંઈ નહોતું; તો બારમા સ્વર્ગથી પતન થયા પછી બેહાલ થઈ જવાના એના ! અને આનંદ કામદેવાદિ શ્રાવકો, પૂર્વ જીવનમાં ખૂબ આરાધના કરી હતી તો, પહેલા દેવલોકમાંથી નીકળીને મહાવિદેહમાં જ મોક્ષે ! માટે આખુંય જીવન ધર્મમય બનાવી દેવું જોઈએ. એથી અંતે પણ સારું સૂઝે.

**અંતિમ આરાધના :-**

**૧. અનશન** :- અંતે સારું સુઝવાની બહુ કિંમત છે, એથી બહુ લાભ છે. એ માટે પ્રથમ નંબરમાં અનશન કરવું. અનશન એટલે અશન-પાન-ખાદિમ-સ્વાદિમ, એ ચાર કે પાણી વિના ત્રણનો ત્યાગ. આજે નિરાગાર અનશન નથી, પણ સાગાર અનશન થઈ શકે. 'અમુક સમયનું અનશન કે અમુક જગાએ બેસું ત્યાં સુધીનું અનશન થઈ શકે !' 'અહીંયાં ઉપાશ્રયમાં બેસું ત્યાં સુધીનું અનશન !' આનું નામ સાગાર અનશન છે. એમ સાગાર વ્રત બીજા ય થઈ શકે. બિમાર સમજે છે કે માંદો છું, તો આ પથારીમાં છું ત્યાં સુધી દુનિયાના વેપારનો ત્યાગ કરી શકે ને ?

(૨) **દુષ્કૃત્યોની ગર્હા** :- વ્રતમાં જે કાંઈ અતિચાર દોષ થઈ ગયા હોય તેની બળતે હ્રદયે નિંદા કરવી. લાખો કે કરોડો રૂપિયા ખોઈ નાંખ્યાનું જે દુઃખ ન હોય તે દુઃખ થોડો પણ કષાય સેવ્યાનું હોય ! ચારિત્ર લઈ ન શક્યો તેનું દુઃખ હોય ! બળતા હ્રદયે નિંદા એટલે શું ? 'દુષ્કૃતનાં આચરણમાં જે ભયંકર નુકશાની છે તેવી બીજી કોઈ નુકશાની નથી ! **દુનિયામાં ગમે તેવી નુકસાની પણ માત્ર અહીં નડે છે, ત્યારે દુષ્કૃત્યોની નુકસાની અહીંય મન બગાડી નડે છે, ને ભવાંતરમાં તો એથી ઘોર પાપના ઉદય દ્વારા ઘોર ત્રાસ, દુઃખ અને રીબામણ દે છે ! ઉપરથી નવાં દુષ્કૃત્યોની જ લત !** આ આવે છે માટે દુષ્કૃત્યોની આત્મસાક્ષીએ તીવ્ર નિન્દા, સ્વાત્માની ભાવી દુષ્કૃતનાં બીજ તોડનારી ભારે દુગંછા કરવી જોઈએ.

(૩) **સર્વ જીવોને ક્ષમાપના** :- જગતના સમસ્ત જીવોની ક્ષમા માગી લેવી. આ ચીજો ખૂબ ધ્યાનમાં રાખી લેવા જેવી છે. કેમકે અવર નવર દુનિયામાં નવું નવું સંભળાયા જ કરે છે ! મોટર અથડાઈ ગઈ ! વરસાદની હેલી થઈ ! પૂર આવ્યું ! ટ્રેન અકસ્માત્ ! નથી ને આપણે એવા વિકટ સંયોગમાં મુકાઈ ગયા તો અનશન, ક્ષમાપના, ગર્હા વગેરે આરાધનાના પ્રકારોથી જીવન પલટા સંબંધમાં નિશ્ચિત રહી શકીએ ! એ જ અકસ્માતમાં ફસાયેલા બીજા રોકકળમાં દુર્ગતિ લાવે, ને આપણે આરાધનામાં મસ્ત રહીને સુગતિ પામી શકીએ ! મૃત્યુ તો એક સરખું, પણ એક અંતરની વૃત્તિનો ફેર એટલે એક જીવ નરકમાં કે તિર્યંચગતિમાં ત્યારે બીજો દેવલોકમાં ! ક્ષમા-ક્ષમાપનાથી જીવ પોતાના વૈરાનુબંધો તોડી વિશ્વમૈત્રીમાં આરૂઢ થાય છે.



(૪) **સુકૃતની અનુમોદના** :- સર્વે જીવોને ક્ષમાપના પછી અરિહંતના સુકૃતોથી માંડી નીચામાં નીચે ઠેઠ માર્ગાનુસારીના પરોપકાર આદિ ગુણ સાચવવા વગેરે જે સુકૃત, તેની અનુમોદના કરી લેવી ! આ પણ એક જબરું આરાધનાનું અંગ છે. **સુકૃતની અનુમોદના કરવા દ્વારા અંતરાત્મામાં એના ઊંડા સંસ્કાર નાખી જીવ આગળ માટે સુકૃતની રુચિનો સ્વભાવ ઘડે છે.**

(૫) **શરણ અંગીકાર :- શરણ એટલે જગતની બધી આળપંપાળ પરથી પોતાનું દિલ ઉઠાવી લેવું, આસ્થા ઉઠાડી લેવી.** જગતમાં કોઈની ઓથ કામ લાગે એમ નથી. જો કોઈનું ય શરણ કામ લાગે એમ હોય તો તે માત્ર અરિહંતાદિ ચારનું જ ! વ્યક્તિરૂપે અરિહંતાદિ કાંઈ હાથ પકડી ને ઉપાડવા ન આવે ! એ એમનાં સ્થાને હોય ! છતાં નગરના એક મકાનમાં એક ખૂણામાં પણ મરવા પડેલાએ આ શરણાં અંગીકાર કર્યા કે એ જબરદસ્ત ઓથ પામ્યો ! એવી ઓથ કે પુણ્યકર્મ જાણે કહે છે, 'હવે બધું પરલોકનાં સ્થાન શરીર અને સંયોગોનું અમે સંભાળી લઈશું !' તમારા હૈયામાં વજ્ર જેવી મજબુત અરિહંત પર આસ્થા રાખો, એનું શરણ રાખો, એમનાથી જ બધું સારું થાય છે, તેમ એની સામે જગતની હરેક વાતને મુદ્દલ તણખલા જેવી જ ગણો, આ તમારે કરવાનું છે; તમારે બીજી કોઈ હાયવોય કે ચિંતા નથી કરવાની; પુણ્ય ચિંતા કરી લે છે. અરિહંત-સિદ્ધ-સાધુ અને સર્વજ્ઞ કથિત ધર્મનું શરણું હ્રદયમાં સાબૂત હોય તો ન્યાલ થઈ ગયા !

**પ્રદેશી રાજાને સૂર્યકાન્તા રાણીએ** ઝેર આપ્યું, તે તરત જ શરીરમાં વ્યાપી ગયું ! એણે પણ ઉપવાસને પારણે ઝેર આપ્યું હતું. આ મહામુનિની જેમ પ્રદેશીએ પણ અનશન સ્વીકારી લીધું ! ને કેશી ગણધરનો ઉપકાર માને છે ! કેવા મહાન આ ગણધર ભગવંત કે હું નરકગતિ તરફ ભયાનક તીવ્ર દોટ માંડી રહ્યો હતો ! જીવનમાં ધરખમ પાપની કાર્યવાહી હતી ! પણ કેવા મહાન આચાર્ય ભગવંત ! કે એમને પણ તુછકારતા એવા મને એ દયાળુએ મારી નાલાયકી અવગણીને મારું કાંડું મજબૂત પકડ્યું ને પછી મોંઢાની ને શરીરની દિશા એવી ફેરવી કે મને ઊંચે ચઢાવી દીધો ! મરીને એ સૂર્યાભ દેવતા થાય છે. અનેક દેવ દેવીઓનો એ અધિપતિ દેવ છે ! ચારે તરફ વિશાળ પરિવાર 'જય જય નંદા' ને 'જય જય ભદ્દા' કરે છે. એ વખતે એ વિચારે છે કે 'હું આવ્યો ક્યાંથી ? અરે ! હું તો મહા નાસ્તિક રાજા હતો ! તે પણ જાત માટે જ નહિ, પરંતુ આખા નગરમાં સાધુસંતને ફરકવા નહોતો દેતો ! પણ આચાર્ય મહારાજે મારું કાંડું પકડ્યું ને કહ્યું કે આ ક્યાં દોડી રહ્યો છે ! આત્મા નથી, ધર્મ નકામો છે, આ બધા શા માટે કૂડા ખેલ કરી રહ્યો છે ! એ ખેલનાં અંત કદાચ અસંખ્ય ભવે ય નહિ થાય ! **અનીતિ ને**

**અન્યાય, જૂઠ ને ડફાણ, પ્રપંચ ને પાપ, આ બધું દુનિયામાં ખેલીને વૈભવ સંપત્તિ ભેગી કરેલી, એને તો બીજા બધા મજેથી ખાશે ! પણ કમાનાર શેઠના હાલ-બેહાલ થઈ જશે !** આચાર્ય ભગવાને મારું કાંઉં પકડ્યું ! આત્માની ઓળખ કરાવી દીધી ! **અનંતકાળથી મોહ અને અજ્ઞાનના અંધારામાં અથડાતાં જે કારમી દુર્ગતિનાં દુઃખ સહ્યાં છે, એ પીડાઓ વર્ણવી જાય એવી નથી !** આચાર્ય ભગવાને સમજાવીને ઊભો રાખ્યો ! રૂડો રૂપાળો ધર્મ આપ્યો ! મને અહીંયાં મૂકી દીધો સૂર્યાભદેવ તરીકે ! આ મારા હાથ નીચેના દેવોએ તો કદાચ જિંદગીમાં કેઈ સામાન્ય ધર્મની સાધના કરી હશે ! પણ મેં માત્ર અંતકાળે જ ! પરંતુ તે સચોટ રીતે ! તો હું આટલો ઊંચે ! ધર્મગુરુ અને જિનશાસનનો કેવો ઉપકાર !' આ વિચારથી દેવકૃત્ય પતાવીને આવ્યો મહાવીર ભગવાન પાસે ભક્તિ કરવા ! **જે અનંત દુઃખમય દુર્ગતિમાંથી બચીને જીવન ઉચ્ચ કોટિનું પામ્યા, તે પામીને જીવન જડની સેવામાં જ ખર્ચવાનું ? કે વીતરાગની સેવામાં ખર્ચવાનું ?** વિચાર કરો તો સમજાય ! તીર્થંકર ભગવાન સાક્ષાત્ વારેવારે મળે નહિ જેટલા આચાર્ય ભગવંતો મળે ! ગણધર હતા કેશીમુનિ ! ગણધર એટલે આચાર્ય ભગવંત. તે કામ શું કરે છે ? સંસારમાં પૂર્વના અનંતકાળમાં જીવની આત્મા તરફ દૃષ્ટિ જ નહિ, પુણ્ય-પાપનો તો હિસાબ જ નહોતો સમજાયો, સંસાર-મોક્ષનાં ભેદની ખબર જ નહોતી, સાંસારિક ધર્મ રહિત જીવન એટલે અપવિત્ર જીવન એની ગમ નહોતી, એ બધું હવે સુઝાડનાર કોણ ? ગુરુ ! તમારા ગામમાં આચાર્ય મહારાજ પધાર્યા તો એ પૂર્વે કેવી તમારી ભાવસ્થિતિ હતી ને આજે કેવી સ્થિતિ છે ? અંતરાત્મામાં કંઈ કંઈ વસી ગયું કે આ જૈનશાસન એટલે શું ! કેવા દેવાધિદેવ ! કેવા ઉત્તમ શાસ્ત્રો ! અને કેવો જિનાજ્ઞાનો મંગળ માર્ગ ! આ મળવાથી તો આત્માની સિકલ ફરી ગઈ ! દુઃખની દિશા ફરી ગઈ ! દીર્ઘાતિદીર્ઘ ભાવી કાળની પરંપરા સુધરી ગઈ !

**કુમારપાલ મહારાજ** હવે સંસારમાં કેટલું રહેવાના ! એક વર્તમાન ભવ અને પછી મનુષ્યભવ ! શી રીતે થઈ ગયું એ ? કુમારપાલ મહારાજા પૂર્વેના જીવનમાં રાજકુમારપણામાંથી લૂંટારા બની ગયા ! ને પછી લૂંટારા બનીને પોતાની અવળચંડાઈમાં આગળ વધતાં વધતાં ક્યાં સુધી વધી ગયા ! જંગલમાં મુનિ પર આક્રમણ કરવા તૈયાર થઈ ગયા !

કહે છે, "ઉતારી નાખો કપડાં !"

પણ, ભાગ્યશાળી એવા કે મુનિ મલી ગયા નિડર ! કહે છે, 'શું લવારો કરે છે કે મારી નાખું ? અરે, મરેલા શું મારવાના હતા ? **મુડદા શું મનુષ્યને મારી શકે ?'**



ત્યાં લૂંટારો ચોંક્યો ! 'ત્યારે મહારાજ હું મરેલો !' 'હા, તારા આંતરદુશ્મનો તારી ગળચી ટુંપી રહ્યા છે. હવે ? હવે તે તને ઉપાડીને દુર્ગતિની ધરામાં ફેંકી દેશે !'

એવું સમજાવ્યું કે પેલાએ તલવાર ફેંકી દીધી ! અને મુનિની સાથે નીકળી પડ્યો ! મુનિની સાથે ને સાથે જ છે, ત્યાં ઉદાયન મંત્રીનો જીવ શ્રાવક એને આશ્રય આપે છે. તે પર્વ તિથિએ કહે છે,

'લે આ પૈસા ને ફૂલ ચઢાવ ભગવાનને !'

'ના, મારી પાસે પાંચ કોડી છે, તેને ખરચી ફૂલ ચઢાવીશ.'

આચાર્ય ભગવાનના સત્સંગમાં આવીને આત્માનું પરિવર્તન એવું કર્યું કે મરીને મહારાજા કુમારપાલ થાય છે ! દેવીની સહાય દ્વારા ગુરુ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ સીમંધર ભગવાન પાસે એનો પૂર્વ ભવ પૂછાવે છે, અહીં પૂર્વ ભવના એંધાણ મળે છે. ઓહો ! આ કુમારપાલ ! આ ગુરુમહારાજ ! શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ મહાવિદ્વાન છે; જાણે સાક્ષાત્ સરસ્વતી ! કુમારપાળે એમનાં શાસ્ત્ર લખાવવા સાતસો લેખક બેસાડી દીધા છે ! કુમારપાળ મહારાજ એક દિવસ વંદન કરવા આવ્યા, ને પૂછે છે, "આ લહિયા કેમ અમથા બેસી રહ્યા છે ?"

ગુરુ કહે છે, 'લખવાનાં તાડપત્ર ખૂટી ગયા છે !'

'હેં ? શું મહાદેશના રાજા પાસે તાડપત્ર ખૂટી ગયાં ?' જુઓ, ગુરુના અનંત ઉપકારને સમજનારો આ ભક્ત આ સાંભળી શકતો નથી !

**"જ્યાં સુધી તાડપત્ર ન આવે, ત્યાં સુધી મારે ચારે ય આહારના ત્યાગ !"**

"અરે, પણ બગીચાઓમાં તપાસ કરાવી છે, પણ તાડપત્ર છે જ નહીં ! ક્યાંથી લાવીશ ?"

**"અરે, પ્રભુ ! જો આત્મા પર અનંત ઉપકાર કરનારી પુણ્ય પ્રવૃત્તિ અટકી જાય, તો પછી આ પાપી પિંડને પોષવાની શી જરૂર છે ?"**

માણસો તપાસ કરવા લાગી ગયા, પણ ક્યાંથી લાવે ? પણ પ્રતિજ્ઞાનો જરા પણ પશ્ચાત્તાપ નથી ! એવામાં શાસનદેવીએ તાડપત્રથી બગીચો ભરી દીધો !

**બળદેવ મુનિ ને હરણિયું :-** અવસરે જંગલી હરણિયું પણ કેવુંક ગુરુશરણ લે છે ! જંગલમાં રહેતા બલરામ મુનિ, એમના પારણાની ચિંતા હરણિઓ કરે છે. એકવાર રથકાર પાસે પારણા માટે તાણી ગયો ! પેલો વહોરાવે છે, ને મુનિ વહોરી રહ્યા છે. તે જોઈને આ બંનેની અનુમોદના કરી રહ્યો છે ! ઉપરથી ડાળું પડતાં ત્રણે મરીને સાથે પાંચમા દેવલોકમાં !

ગુરુશરણ શું આપે ? દેવાધિદેવ અને ધર્મનું શરણું શું કરી શકે ? કહો અચિંત્ય અને અકલ્પ્ય, અગણિત અને અનેરાં સુખ આપે ! પણ તે માટે સાંસારિક લતો સામે બળવો જગાવવો જોઈએ. સામાન્ય નહિ, મોટો ! ૧૮૫૭નો બળવો મોટો કહેવાય ! આપણે મોટો બળવો કષાયો, અને મિથ્યાભાવની સામે જગાવી દઈએ તો બને ! જગતના વૈભવ, સગાં-વહાલાં વગેરેને બદલે અરિહંતાદિ ચારનું શરણું લો. આપણા પર એમનો કેવો મોટો ઉપકાર છે, તેનો વિચાર કરો. અનંતા કાળથી ચાલી આવતી આપણા જીવની અનાથ નિરાધાર સ્થિતિ એ ચારથી જ મટે છે ! ચારથી જ સનાથ બનાય છે ! ચારથી જ સાધુ, અરિહંત અને સિદ્ધ બની શકાય છે.

અરિહંતાદિ ચારનું શરણ સ્વીકાર્યું એટલે શું કર્યું ? ચારનો આશરો લીધો. આ જગતમાં એ સિવાય કોઈનો આશરો કામ નથી લાગતો એ તો જાણો જ છો ને ? ગમે તેવી સારામાં સારી પત્ની કે સારામાં સારો પુત્ર પણ પરલોક માટે આશરો બની શકે ? ભલે ને એ ધર્મના પ્રેરક પણ હોય, છતાં જો એના ધ્યાનમાં રહી ગયા તો બાર વાગ્યા ! ધ્યાન તો પાછું દેવ-ગુરુ-ધર્મમાં જ રાખવું જોઈએ. ચાર શરણમાં શું છે ? એજ, અરિહંત, સિદ્ધ એ દેવ, સાધુ ગુરુ, અને સર્વજ્ઞ કથિત ધર્મ તે ધર્મ. યુગબાહુને પત્ની મદનરેખા સરસ મળી અંતકાળે કષાયવૃદ્ધિને બદલે નિર્યામણા કરાવનારી; યુગબાહુ એથી અરિહંતાદિના ધ્યાનમાં ચઢ્યા તો નરકને બદલે સ્વર્ગમાં પહોંચ્યા. માટે એ ચારનો આશરો લેવાનો; એટલે કે આ ભવચક્રમાં કર્મપીડિત અને મોહમૂઢ પોતાના આત્માને એ ચારનો જ આધાર લેતો કરવાનો, આધાર માગતો કરવાનો.

અહીં જુઓ કે શિખીકુમાર મુનિએ અનશન સ્વીકારી લીધા પછી ઘોર વેદનામાં પણ કેવી સુંદર અને ભવ્ય વિચારણા કરે છે !

**મહામુનિ શિખીકુમારની ભવ્ય વિચારણા :- "ધિક્કાર છે આ સંસારના સ્વભાવને કે જે આ માતા બિચારીને પ્રમાદથી અપયશના કીચડમાં પાડે છે ! મારા મનમાં તો કોડ હતા કે ધર્મ પ્રવૃત્તિના યોગે અર્થાત્ ધર્મની સાધના કરાવીને માતાને અલ્પકાળમાં સંસારના કલેશથી મુક્ત કરાવીશ, પણ પુણ્ય વિનાના મારે એ કોડ પૂરા ન થયા. ઈચ્છિત અખંડ સિદ્ધ ન થયું, તેટલામાં તો માતા સંસારના સ્વભાવે અપયશના કાદવમાં પડી !"**

જુઓ, અહીં મહર્ષિનું ઉમદા દિલ ! ઉજ્જવલ વિચારણા ! માતાએ ખોટું કર્યું એમ નહિ ! માતાને કોઈએ કલંકિત કરી ! પોતાના મનના કોડ પૂરા કેમ ન થયા, તેનું પણ કારણ જાતમાં વિચારી લે છે. માતાની નાલાયકતા નથી જોતા,



પણ પોતાના પુણ્યનો અભાવ જુએ છે ! હું એવા પુણ્ય વિનાનો કે આ મારા માતાને તારવાના કોડ પૂરા ન થયા ! એટલી બધી ઉમદા વિચારણા છે કે **સામા જીવની ગમે તેવી ધિટ્ઠાઈ હોય, નિર્દયતા હોય, વિશ્વાસઘાત કરવાની સ્થિતિ હોય, પણ એના પર આપણું હૃદય ન બગડે તેવી આ વિચારણા છે.**

**દોષ ક્યાં ખતવવો ? :-** બધો દોષ માત્ર સંસારને ચોપડે ખતવવો જોઈએ. સામી વ્યક્તિ પર ખતવતાં આપણું મન બગડે છે ! છોકરો નાલાયક ! એટલે છોકરા પર મન બગડ્યું ! છોકરાની જગાએ **પત્ની હોય કે પુત્રી, કાકો હોય કે દાદો, ગુરુ હોય કે શિષ્ય, પણ એના નામે ખામી ખતવી કે મન બગડ્યું !** અરે, **દુનિયાની કોઈ પણ ભયંકર વ્યક્તિ માટે પણ આપણું મન બગડે એટલે આપણે પહેલાં ગુનેગાર !** પણ સંસારના સ્વભાવ પર ખતવીયે તો ત્યાં મન અસ્વસ્થ બન્યું દેખાશે, પણ જ્ઞાનીઓ તેને મનનો બગાડો નથી કહેતા, પણ સુધારો કહે છે ! હલકી વિચારણામાં તિરસ્કાર માતા પર થાત ! એના બદલે એવો તિરસ્કાર સંસારના સ્વભાવ પર કે 'કેવો આ સંસારનો સ્વભાવ ! બિચારી માતા પાસે આવું કરાવ્યું !' આ મનનો સુધારો છે ! **કેમકે સંસાર-સ્વભાવ એટલે મોહમયતારૂપી સંસારની ખાસિયત.** એ કોઈ વ્યક્તિ નથી, પણ ખુદ દોષ છે ! અને દોષ પર તિરસ્કાર આવે તો આપણા દોષ ચાલવા માંડે ! કોઈ જૂઠું બોલી રહ્યો છે, અકાર્ય કરી રહ્યો છે, ત્યાં થાય કે 'આ જૂઠ, આ અકાર્ય, બિચારા જીવને કેવા કનડે છે !' આ જૂઠ પર તિરસ્કાર થયો. એટલે પછી આપણે સ્વપ્નમાં ય જૂઠું ન બોલીએ તેવું બળ મળશે. કહો મન સુધર્યું ને ? પણ વ્યક્તિ પર દ્વેષ થાય કે કેવો દુર્જન !... તો જીવનમાંથી દોષ જશે નહિ. મુનિ સંસારના સ્વભાવનો દોષ કાઢે છે. પરિણામે પોતાના અંતરમાંથી સંસારના સ્વભાવનું તોફાન ઉઠી જાય છે ! સંસારના સ્વભાવની ભયંકરતા ન વિચારી શકનારા પામર સંસારી જીવને બિચારાને સંસાર-સ્વભાવનું આકર્ષણ બન્યું રહે છે. પરિણામે બીજામાં દોષ જોઈ જોઈ કષાયનાં કલેશથી સંતાપ પામ્યા કરે છે. એને બદલે જેટલો સંસારના સ્વભાવને આ રીતે ઓળખ્યો કે 'તે સ્વભાવ માતા અને શ્રાવિકા જેવીને પણ આવા અકાર્યમાં ઉતારે છે !' એટલે માતા પ્રત્યે કોઈ કષાય-કલેશ નથી.

**બીજાના વાંક જોવામાં કેવી રીતે બચાય ? :-**

છોકરો નિશાળે ભણતો હોય ને માસ્તર ઊંધુ શિખવતો હોય, તેથી એ છોકરાને સીધું ન આવડતું હોય, તો છોકરા પર ગુસ્સે થાઓ કે માસ્તર પર ? ત્યાં માસ્તર ખરાબ લાગે છે, છોકરો બિચારો લાગે છે. તેમ અહીં સંસારસ્વભાવ ખરાબ લાગે છે, અને માતા બિચારી લાગે છે. તમારા જીવનને ઉજળું બનાવવું

હોય તો આ ચાવી છે ! જે કંઈ ખરાબ દેખાય તેને સંસાર-સ્વભાવના ચોપડા પર ખતવવાનું ! **સંસારનો સ્વભાવ જ ખરાબ છે તો પછી એ શું સારું શિખવે ? જગતમાં જે કંઈ થાય છે તે ધર્મના સ્વભાવે.** જીવને સંસારનો સ્વભાવ તો શિખવવાનો કે 'તારો સ્વાર્થ સાધી લે ! ક્રોધ કરી લે ! જૂઠ હાંકી લે !' જૂઠ હાંકવું છે ? પાપો કરવા છે ? ના, તો પછી સંસારની શિખવણીએ ચઢવું રહેવા દો. બીજા ચઢે ત્યાં વિચારો કે ધિક્કાર છે સંસારને જે જીવ બિચારાને અકાર્યમાં પાડે છે. આ વિચારથી એ જીવ પર દયા આવશે; એનો વાંક નહિ દેખાય.

સંસારના સ્વભાવ પર મુનિ ફિટકાર લગાવે છે, ને બીજી બાજુ માતાની દયા ખાય છે કે, 'બિચારી અપયશમાં પડી.' અનાર્યથી પણ જે કામ ન કરી શકાય તેવા કાર્યની શંકા અનાર્ય લોક માતા માટે હવે કરશે !' શી શંકા ? માતાએ સાધુ પુત્રને મારી નાખ્યા, એ શંકા. આના પરથી એમ લાગે છે કે 'હજી પોતાને એમ નથી લાગ્યું કે ઝેર માતાએ આપ્યું છે ! આ તો ઉપવાસના પારણે વસ્તુ પચી નહિ અને વિકૃતિ થઈ, એ ગમે તે કારણ હો.' માટે માતા પર શંકા નથી થતી ! માટે વિચારે છે;

**'લોક અનાર્ય છે, વિવેકી નથી, વસ્તુની ઉંડાણમાં ન ઉતરે. એટલે જઈને માતા પર શંકા કરશે કે માતાએ માર્યો ! એક તો પૂર્વ વૃત્તાંત લોકોને એ ખબર છે, કે 'આ માતાના ત્રાસથી કુમારે ચારિત્ર લીધું.' એમાં ત્યાં ય માતાએ પાછો એમને એવો આહાર વપરાવ્યો; અને આ બન્યું !' માટે લોકો એના પર દોષનો ટોપલો ઓઢાડશે !''** મુનિ શું સમજીને વિચારે છે ? એ કે લોકને સ્વાર્થ છે ? ના, પણ લોક મોહાંધ છે ! **મોહાંધ હોવાથી લોકને ગમે ત્યાં ગમે તે કલ્પના કરતાં આંચકો નથી આવતો.** ડાહ્યા માણસો ગમે ત્યાં ગમે તે કલ્પના કરનારા ન હોય; એ તો વસ્તુનો તોલ જોનાર હોય છે ! માતા હતી કષાયમાં, પણ હવે શું ? એક વખતનો ખરાબ માણસ શું હંમેશનો ખરાબ ? તો તો પ્રભુએ અર્જુનમાલીને દીક્ષા ન આપી હોત ! એટલે લોક તો મોહાંધ છે. એને તો જૂનો જે પ્રસંગ, એની સાથે વર્તમાન હકીકતની કડી જોડવી છે. 'એજ માતા હોઈ એણે જ મારી નાખ્યા !'

મુનિ વિચારે છે, **''આ મેં કેવો જન્મ મેળવ્યો ! ધિક્કાર છે આ જન્મને કે જે માતાના દિલને કલેશ કરાવનાર બન્યો !''** માતાએ પોતાને આ અંતિમ સ્થિતિમાં મૂક્યા એ દુઃખ નથી, પણ પોતે માતાને કલેશ કરાવનાર બન્યા તેનું દુઃખ છે ! તમને લાગશે કે 'આ વિચાર કેમ આવી શકે ! આટલી ભયંકર દુશ્મન પ્રત્યે આ વિચાર ?' પણ કહો, વાત બની ન બની થાય ? ત્યારે એના પર વિચારણા ડહાપણની કરવી કે મૂર્ખતાની ? એ વાત છે. માનોને કે સામાએ દ્રોહ કર્યો



હતો ! પણ હવે મોત નક્કી છે તે વખતે જો ''માતા લુચ્ચી ! વૈરી ! હું એનું બધું ઘર મૂકીને ગયો, તો પણ વાઘણ જેવી પાછળ આવી !'... આવું આવું કાંઈ વિચાર્યું હોત તો શું થઈ શકત ? આત્માની **વિશેષતા** તમને શામાં લાગે છે ! **સત્ત્વ** શેમાં ? **વિવેકની દૃષ્ટિ** શામાં ? **સ્વસ્થતા** શામાં ? મુનિએ જે વિચારણા કરી તેમાં સત્ત્વ છે. **સત્ત્વગુણને પુષ્ટ કરવા માટે બહારના રસાયણને વસાણા કામ નથી લાગતા, કે સોના ને હીરા પણ કામ નથી લાગતા. સત્ત્વ કેળવવા માટે લાખો કરોડોની લક્ષ્મી કામ નથી લાગતી ! તેનાથી તો તામસપણું વધે છે; સાત્ત્વિક ભાવ નહિ.** સત્ત્વ તો એમાં વધે છે કે જેમાં જે પ્રસંગે જગત અસ્તવ્યસ્ત ચિત્તવાળું બની નીચ વિચારણા કરે છે તેજ પ્રસંગમાં સમાધિ રાખવી, આકુળવ્યાકુળ ન થવું, ને વિચારણા ક્ષમાની કરવી, ઉદારતાની કરવી; જાતે સહન કરી લેવાની કરવી... સામા જીવ પર ભારોભાર દયા અને મૈત્રીભાવ દાખવવામાં સત્ત્વ ખીલે છે. એમ ન કહેતા કે સત્ત્વ હોય તો એ આવે ને ? ના, ક્ષમા, દયા, મૈત્રી, સહિષ્ણુતા વગેરેનો અભ્યાસ કરવાનો; એમાં સત્ત્વ ખીલતું આવશે. અભ્યાસ શું, એ સમજો છો ને ? વારંવાર એ કર્યા કરવાનું.

**શરીરને તગડું કરવાનું અનેક રીતે મન થાય છે; પણ આત્માને ?** કહો જો આત્માને તગડો કરવાનું કયું રસાયણ ? કઈ કસરત કે આસન છે તે વિચાર્યું ? **શરીરને તગડું કરવામાં તો મોટો ખર્ચ છે, પણ આત્માનું સત્ત્વ વધારનારી જે કસરત તેમાં કોઈ ખર્ચ નહિ !** કોઈના મનમાં કંઈક આવી ગયું કે ઝટ એણે આપણું અપમાન કરી દીધું ! એટલે ! શું 'હું તમને ઓળખું છું !' એમ આગળ વધવાનું ? ના, અહીં તો સત્ત્વની કસરતનો મોકો મળ્યો. એજ વખતે મન પર કાબુ રાખી, પોતાના પાપકર્મનો ઉદય વિચારવો; અને વીતરાગના મહાપંથે ચાલવા માટે ભૂમિકા રૂપે મને જૈનપણું મળ્યું છે તેનો ખ્યાલ રાખીને જો ત્યાં પેલાને હાથ જોડી કહેવામાં આવે કે ''મારે ઘણાં પાપ કર્મોનો ઉદય છે, માટે તું જેવો કહે છે, તેવો જ હું છું !'' તો ? તો શું ? આમાં તો સત્ત્વ ખીલ્યું ! ''મન તો ઘણું કૂદાકૂદ કરતું હતું કે એને ટોણો મારી, એના બાપને પણ ટોણો લગાવી દઉં !'' ના, **મારે પાપનો ઉદય છે; ને સામો જીવ દયા પાત્ર છે,** એટલે જો એ સાચો છે તો એમાં ધમધમ શા માટે ? **સત્યની સામે ઉકળવાનું હોય ?** અને જો એ ખોટો છે, તો **પોતાના દોષથી તો મરી રહ્યો છે, ઉપરથી મારે એવું નિમિત્ત આપવું નથી કે બીજા દોષો એની વધુ કતલ કરે !'** આ વિચાર વિના સત્ત્વ હરગીઝ નહિ ખીલી શકે ! એ સત્ત્વને ખીલવવા માટેનો વ્યાયામ સંસારમાં ડગલે ને પગલે મળે છે જો જોઈતો હોય તો. એમ જરાય ન માનતા કે 'એવા દબાયેલા ને દબાયેલા રહેવામાં તો

માયકાંગલાગીરી વધે;' - કેમકે જુઓ સોનું જેમ વધુ અગ્નિમાં તેમ, પોતાના શુદ્ધ સ્વભાવમાં ઓર ખીલે છે; બસ આત્મા ય એમ પોતાના ક્ષમા, દયા, સહનવૃત્તિ વગેરે પવિત્ર સ્વભાવમાં ખીલે, તેમ તેમ સોનાની જેમ આત્મતેજ ખીલે છે, સત્ત્વ ખીલે છે. કપરા સંયોગમાં મન મારી દયા, સહિષ્ણુતા જાળવવી સહેલું કામ નથી. મન મજબૂત કરવું પડે છે, અને એથી સત્ત્વ ખીલે છે.

ખોટા સંયોગ તો ડગલે ને પગલે મળે છે, માટે જ સાવધાન ડગલે ને પગલે રહેવાનું. બજારમાં જઈને જ્યાં દેખાય છે કે 'આટલું જૂઠું બોલું તો આટલા રૂપિયાનો લાભ થાય, પણ બોલું નહિ તો ઓછું મળે છે તો પણ ઓછે ચલાવી શકાય. આવા પાપથી આત્માને કાળો નહિ કરું ! ઓછું ખાધેલાનું દુઃખ જે નહિ પીડે, તે આવું ખાધેલું પીડશે !' આ આત્માનો વ્યાયામ થયો. એવી શરમ-લાલચ જવા માંડી કે બસ અસત્ત્વ ખલાસ ! જીવ મહારથી બનવા માંડશે ! એ સત્ત્વ કોણ ખીલવી શકે ? રૂપિયાના આધારે જીવનના લેખા માંડનારો નહિ, દુનિયાના માન-પાન, ઈજ્જત, આબરૂ પર જીવનની ઉન્નતિ-આબાદીના માપ કાઢનારો નહિ. એ તો એજ વિચારનારો સત્ત્વ કેળવી શકે કે 'અસત્ય-અનીતિ ન કરું તો કષ્ટ કેટલું ? અને કરું તો પરિણામે દુઃખ કેટલું ? સંસારની વિકથામાં એક-બે કલાક ન ગુમાવું તો દુઃખ કેટલું ? ને વિકથામાં પડું તો એમાં જે આત્મામાં ઘોર કાળાશ લાગે તેનું ભવાંતરમાં કટુ ફળ કેટલું ! હું નિંદા વિકથા સાંભળવા હરગીઝ તૈયાર નથી !' સત્ત્વની તાલીમ ક્યાં મળે ? ઠામઠામ મળે ! ઘરમાં જરાક કોઈ ચડભડી ઉઠે ત્યાં મળે ! ને કોઈ અનુકૂળતા દેખાડનાર મળે ત્યાં પણ મળે ! કુટુંબી બહુ અનુકૂળ હોય ત્યાં પણ સત્ત્વ કેળવવાનો અવસર છે, જો લપટાઈ ન જઈએ તો. લપટાયા, ગદ્‌ગદ થયા, ઓશિયાળા થયા તો સત્ત્વહીનતા વધશે. સુખ-માત્રમાં આ ધ્યાન રાખવાનું છે કે જડની સગવડમાં જડના ઓશિયાળા નહિ બનવાનું; ઊલટું વધારે ગંભીર, વધારે તૃપ્ત મને વધારે સાવધાન બનવાનું. તો સત્ત્વની કસરત થઈ ગણાય તો સત્ત્વ ખીલે.

શિખીકુમાર મુનિ મહાસાત્ત્વિક છે. એનું મૂળ કારણ એમણે ધર્મરૂપી કલ્પવૃક્ષની કિંમત આંકી છે, એટલે બીજા પરના દ્વેષ વગેરે રૂપી અધર્મ બાવળીયાને વળગવાને બદલે ધર્મકલ્પવૃક્ષને વળગે છે. સારું થયું કે આવા પ્રસંગે સંસારનો સ્વભાવ ઓળખાવી દીધો ! તમારે દેખાય છે કે નહિ કંઈ આવું ? ના, આંખે કમળો છે એટલે એ બરાબર દેખાતું નથી. બીજું જ દેખાય છે ! 'સંસારનો સ્વભાવ શું ખોટો છે ? એ તો આ સામો જ ખરાબ છે, અને મારી સામે આમ વર્તે છે.' પણ જુઓ કે સીતાજીએ શું વિચાર્યું ? 'સંસારના સ્વભાવે આ કર્યું છે,



તો એવા સંસારનો મારે હવે ખપ નથી ! **રૂડી રૂપાળી જૈનધર્મરૂપી કલ્પવૃક્ષની શીતળ છાંયડી મૂકીને સંસારના જેઠ મહિનાના ધીખતા ઘોર તપારાંમાં તપવા કોણ જાય ? ધર્મના વિમાનમાં ઉડવાનું મળ્યા પછી સંસારનો પગઘસરડો કોણ કરે ? ધર્મમાં મહાન આશ્વાસન અને શાંતિ મળે છે, તો પછી સંસારનો નકરો અવિશ્વાસ અને અશાંતિ કોણ સ્વીકારે ?'** જેટલી સારી ઉપમાઓ અને સારા પરિણામ, એ બધા ધર્મમાં ઘટે છે, ને જેટલી ખરાબ ઉપમાઓ અને ખરાબ પરિણામ, એ સંસારમાં ઘટે છે. માટે જ સીતાએ નક્કી કર્યું કે એ ન જોઈએ. જાઓ ! આ સત્ત્વ ! સામે પ્રલોભન છે કે બધા પૂર્વના દુઃખનો બદલો વાળી દેવાનો આ અવસર છે ! મહાવૈભવી જગદંબા દેવી જેવી મહારાણી તરીકે મસ્ત રહેવાનો અવસર છે ! પણ એ બદલો એને ખપતો નથી, કેમકે છેવટે તો એ પણ સંસાર, અને સંસાર એનો અસલી સ્વભાવ બતાવ્યા વિના રહે નહિ.

**નિર્દોષને પણ માર :-** શિખીકુમાર એ વિચારે છે કે કર્મસંસાર જ એવો છે કે દોષ ન કર્યો હોય તો ય અપયશનો માર આપે; ને દોષ સેવ્યા હોય છતાંય બહાર યશ પથરાતો હોય. એના ભરોસે રહેવા કરતાં સત્ત્વ ખીલવવું. સોનાને ધીખતી ભઠ્ઠીમાં નાખ્યા વિના ચમક ન આવે ! એ સોનું અગ્નિની લાહ્યો ખમે અને લાહ્યોથી તપીને પાતળું બને ત્યારે ઝમક ઉઠે, તેમ અહીં સંસારની અનેક આપત્તિઓ-કસોટીઓ આવે તેને સહર્ષ સ્વીકારાય, જરાય એમાં વિહ્વળ બન્યા વિના, મળેલા ધર્મનું મહાપુણ્ય અંકાય અને એ રીતે સોનાની જેમ પોતાના આત્મા, જે અનાદિનો પત્થર જેવો, તેને પીગળાવીને પાણી જેવો કરાય, ત્યારે આ ઝળકાટ નીકળે, કે સંસારના ઉપલકિયા ખેલમાં જરાય ન ફસાતાં એની લેશ માત્ર અસર ન લેતાં, સંસારના મૂળગત દુષ્ટ સ્વભાવને બરાબર ઓળખી રખાય. લોકસંજ્ઞામાં જરાય તણાવાનું નહિ, લોકની પ્રશંસા કે નિંદાના આધારે નહિ જીવવાનું. સીતાજીની નિંદા લોક કરતું હતું છતાં સીતાજી શું અસતી બનેલા હતા ? કેઈ દુરાચારીઓ આજેય પંકાય છે, પ્રશંસા પામે છે, તો શું એ નિર્દોષ થઈ ગયા ? ઉ.યશોવિજયજી મહારાજ કહે છે કે, **'લોકસંજ્ઞામાં નહિ તણાવું, જેને લોકોત્તર શાસન મળ્યું છે. એમાં ભરત અને પ્રસન્નચંદ્રના દૃષ્ટાન્ત મોજુદ છે.'** ભરત ચક્રવર્તી છે, લોક જુએ છે કે મહાઆરંભ અને મહા પરિગ્રહમાં પડેલા છે. છતાં અરિસા ભવનમાં કેવળજ્ઞાન પામી ગયા. પ્રસન્નચંદ્રને લોક મહાન યોગી કહી રહ્યા છે, છતાં વીર પ્રભુ કહે છે કે એ સાતમી નરકનાં પાપ ઉપાર્જી રહ્યા છે. લોકના સારા કે ખોટા સર્ટીફિકેટનો ક્યાં હિસાબ રહ્યો ? માટે જ એમાં ન તણાતાં તત્ત્વ જોવું.

મુનિ વિચારે છે કે 'દોષ ન સેવ્યો હોય તો ય સંસારનો સ્વભાવ એવો કે

અપયશય પમાડે, અને દોષ સેવ્યો હોય છતાં કીર્તિય દેખાડે. આનું કારણ એ છે કે કર્મની ગતિ વિચિત્ર છે. આ માતા અપયશમાં પડશે પરંતુ એમાંય એના પોતાના પૂર્વના કર્મ જ કારણ છે. અપયશ ભોગવ્યા વિના એ કર્મ દૂર હટે નહિ, તેથી અપયશ એ તો માતાને પૂર્વ કર્મ હટાવવાનું એક પ્રાયશ્ચિત થશે.'

આમાં પણ જુઓ કે મહર્ષિએ કેટલીય ઉત્તમ વિચારણાઓ કરી ! કેટલાં તત્ત્વો વિચારી લીધાં !

**'આ પાપી સંસાર જ એવો છે.'**

**પોકળ સત્ત્વ :-** તમને કદાચ ખબર નહિ હોય, આજે તો એવો શૂરવીરતાનો જમાનો આવી લાગ્યો છે કે અજ્ઞાન લોકો કહે છે, "શું 'સંસાર ખરાબ, સંસાર ખરાબ' કહો છો ? શું વાત-વાતમાં પાપ પાપ કહ્યા કરો છો, લોકોને આમ જ નિઃસત્ત્વ અને કાયર બનાવી દીધા !" જોયું ? આ ભ્રમણા હેઠળ એ લોકો જાતને સાત્ત્વિક અને શૂરવીર માની રહ્યા છે ! **કેવળ ઈન્દ્રિયોના ઉદ્‌ભટ વિષયો એ લોભાદિ કષાયોની પ્રગતિમાં સત્ત્વ અને બહાદુરી માની રહ્યા છે ! કેટલું કારમું અજ્ઞાન !** આજની વ્યાખ્યામાં સિનેમા, રેડીયોનાં ઉન્માદક ગાયનો, ભોગીઓના બજાર વચ્ચે નૃત્યો, ઉદ્‌ભટ ભોજન અને પહેરવેશ, સુધરેલા દુરાચાર, વગેરે કે જે નરી વિષયાસક્તિ છે, એ બધી વીર અને સાત્ત્વિક પ્રવૃત્તિઓ ! આજની વ્યાખ્યામાં જડની મહત્ત્વાકાંક્ષાઓ એ લોભ અને તૃષ્ણા નહિ ! સામાને કાયદેસર હલકો પાડવો એ અભિમાન દુર્ગુણ નહિ ! તુચ્છ અને વિનાશક વસ્તુ ખાતર દમામ અને ધમધમાટ એ ક્રોધ નહિ ! યથેચ્છ ભૌતિક જીવન કે જ્યાં સત્સંગ, પરમાત્મ-ભક્તિ, દાન, વ્રતપચ્ચક્ખાણ, આત્મચિંતા સરાસર ઉવેખાઈ રહી છે, એવું ભૌતિક જીવન એ રાગદ્વેષ-પીડિત જીવન નહિ ! એ તો સાત્ત્વિક અને વીરતાભર્યું જીવન ! શું તમને નથી લાગતું કે આવા જીવનમાં માનવતાથી દિવ્યતામાં જવાની વાત તો ક્યાં પણ માનવતાને ટકાવવાને બદલે પશુજીવન તરફ પગરણ મંડાઈ રહ્યા છે ? એવા મંડાણના લીધે આજે આખા જગતમાં અને આર્યદેશમાં પણ કલેશ, વિખવાદ, ને હુંશાતુશી, ક્ષુદ્રતા, અહંકાર અને પ્રપંચ, હિંસા, જૂઠ અને અનીતિ આજે કેટકેટલા ફાલ્યાફૂલ્યા છે ? આનું જ નામ સાત્ત્વિકતા અને શૂરવીરતા ને ? જ્યારે, 'સંસાર દુઃખદ છે, અસાર છે, ભયાનક છે,' એવું જોરશોરથી માનતા આર્યદેશમાં ભૌતિક જીવનની મુખ્યતા નહોતી અને તેથી જ આત્મચિંતા પૂર્વક અહિંસા-સત્ય-નીતિ-દાન-શીલ-તપ, વ્રત નિયમ અને પ્રભુભક્તિ વિકસ્વર હતા. માટે જ કલેશ, ઈર્ષ્યા અને અહંકાર ઓછા હતા. શું એ બધું નિઃસત્ત્વતા અને કાયરતા, એમ ? જરા ઊભા રહો, જગત સાથે દોડો મા, અને સાચાં સત્ત્વ-શૂરવીરતા શા



એ સમજો, એના નિદાન સમજો; એના લાભ સમજો; અને જીવનમાં સાચાં સત્ત્વ અપનાવો.

**કોનો જન્મ ધિક્કારપાત્ર :-**

મહર્ષિ વિચારે છે કે 'સંસાર પાપભર્યો છે; માટે એમાં માતાને કલેશકારી એવો જન્મ મને મળ્યો ! એ જન્મને ધિક્કાર છે !' કેટલો બધો ઊંચો સાત્ત્વિક શુભ વિચાર ! આપણને તો એ દેખાય છે કે ઊલટું એમને વિટંબણા દેનારો તો માતાનો જન્મ હતો છતાં પોતે પોતાના જન્મને ધિક્કારે છે ! પશુતા જ નહિ, માનવતાના પણ સીમાડા લંઘી દિવ્ય જીવનમાં વિહરવાનું કરાય ત્યારે આ બની શકે. સ્વાત્માને ક્ષુદ્ર અને અધમ ભાવનાઓમાં તણાઈ જતો અટકાવી ભવ્ય સદ્‌ભાવનાઓમાં જ વિહરતો રાખવાનું સત્ત્વ ખીલે, શુરાતન ખીલે તો જ આ બની શકે. એમાં ભયંકર અપરાધી પ્રત્યે પણ ભાવદયાના નિર્મળ ગંગાપ્રવાહ વહી રહ્યા હોય છે, જેની તેજસ્વી તવારિખ પછીના નિઃસત્ત્વ જીવોને ભવ્ય દયા-ક્ષમા-નિસ્પૃહતા આદિ કેળવવાના મહાસત્ત્વ શીખવે છે.

મહર્ષિ શું કરી રહ્યા છે ? અંતિમ આરાધના ! એમાં અનશનની જેમ આ ય આવે ને ? પોતે માતાને કલેશકારી, અને માતા બિચારી અનાર્ય લોકના અપયશની ભાગી ! કેમ એમ ? પાપી સંસાર જ એવો છે કે જ્યાં સારાને અપયશ મળે છે, અને દોષિતને યશ મળે છે ! પરંતુ મહર્ષિ વિચારે છે કે માતાને અપયશ મળવામાં કારણભૂત એના પૂર્વ કર્મની વિચિત્ર ગતિ છે, એવા કર્મનો અંત લાવનાર આવાં કટુફળ છે, માટે ચાલો એ એનું પ્રાયશ્ચિત થયું, ને કર્મ નાશ પામ્યું.

મુનિ વિચારે છે કે 'પૂર્વે મન-વચન કે કાયાથી દુષ્કૃત્ય કર્યા હોય એનું અશુભ જ ફળ આવે' વાત સાચી છે. બાવળીયાના વાવેતરમાં પછી કેરીઓ ક્યાંથી મળે ?

**આમાં ત્રણ શિખામણો મળે છે :-**

(૧) અશુભ વિચાર-વાણી-વર્તાવ કરીએ છીએ, પણ ધ્યાન રાખવાનું કે એનું ફળ ખરાબ જ આવશે.

(૨) વર્તમાનમાં જે અશુભ હાલત ભોગવીએ છીએ એ સૂચવે છે કે ભૂતકાળમાં આપણે ખોટું કર્યું છે, સારું નથી કર્યું. તેથી અહીં પણ એના ખોટા સંસ્કારથી ખોટું કરીએ છીએ, પરંતુ ખરું જોતાં જેમ અજીરણથી ખોટી ભૂખ લાગે છે છતાં એને જો દબાવીએ છીએ અને કશું ખાતા નથી તો અજીર્ણ મટી જાય છે, તેમ ખોટી વૃત્તિ પ્રવૃત્તિને દબાવીએ તો કુસંસ્કારો ધીમે ધીમે મટી જાય છે.

(૩) ત્રીજી વાત એ છે કે અહીં જે બીજાના નિમિત્તે પણ આપણને સોસવું

પડે છે એમાંય વસ્તુ ત્યા આપણાં જ પૂર્વના દુષ્કૃત્ય જવાબદાર છે, તેથી બીજાને દોષ ન દેતાં ક્ષમા આપવી જોઈએ. એનું ભલું ઇચ્છવું જોઈએ, એની દયા ખાવી જોઈએ.

એટલે મહર્ષિ માતાની દયા ખાય છે. આ બધી આરાધના છે હોં. એથી ભવાંતરે લેશ પણ દુર્ભાવ આદિ મેલ સાથે આવતા અટકી જાય છે. હવે એ મહાત્મા આગળ વધી વિચારે છે કે 'સંસારવાસને લીધે અપયશ પામતી માતાનો પણ હવે મારે શોક શો બહુ કરવો ? એને બદલે ખુશી થવા જેવું છે કે છેવટે ય એ બિચારીને મોક્ષસુખના ફળ આપનારા જિનધર્મરૂપી કલ્પવૃક્ષની પ્રાપ્તિ કરાવી !' સારું થયું કે અંતે પણ ધર્મ પામી ગઈ, એમ મહાત્મા વિચારે છે ! એમની નજરમાં એના વર્તમાન દુષ્ટ કાર્ય નથી ચઢતાં, ધર્મ પ્રાપ્તિ ચઢે છે ! હૈયાની વિશાળતા અને દુષ્ટમાં પણ સારું તત્ત્વ જોવાની વૃત્તિ વિકસાવવી હોય તો કેટલી હદ સુધી વિકસાવી શકાય એનો આ નમુનો છે. જિનધર્મની પ્રાપ્તિને કલ્પવૃક્ષ મળ્યો ગણે છે ! રોમે રોમમાં જિનધર્મ પ્રત્યે અટલ આસ્થા જમાવી દીધી છે ! એવી, કે **માત્ર પોતાના જીવનમાં જ નહિ પણ જગતમાં ય જ્યાં જિનધર્મની પ્રાપ્તિ દેખાય ત્યાં દિલ ઠરે; ત્યાં જ સામાની ઉન્નતિ દેખાય.** એ સિવાય તો વૈભવોના ઢેર હોય-સમ્રાટપણાની હકુમતે ય હોય, દિગંતવ્યાપી યશકીર્તિય હોય, પરંતુ એ વધુ ફૂજુલ અને મહાદુઃખદાયી દેખાય. ભલે ને એ પોતાના પુત્રાદિમાં ય હોય પણ જો ત્યાં જિનધર્મની પ્રાપ્તિ નથી તો દયાપાત્ર લાગે.

**સાચા અધિકારને પરખો; એને બજાવો :-**

શિખીકુમાર મહર્ષિને હવે ઝેર ખૂબ જ વ્યાપી ગયું છે. જિનધર્મ પ્રત્યેની અટલ શ્રદ્ધાને લીધે એ આગળ વિચારે છે કે 'ત્યારે હવે તો હું પણ **સુમરામો પરમ...પંચનમોક્કારં... હું પણ બાકીની ચિંતા શા માટે કરું ? પરમપદ મોક્ષ પામવામાં જિનેન્દ્ર ભગવાને ઉપદેશેલા શ્રેષ્ઠપંચ નમસ્કાર મંત્રને યાદ કરું.'** પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવા રૂપ નવકારમાં લીન થઈ જાઉં ! કેમ આ વિચારે છે ? એમ સમજીને, કે

**જીવન મારા હાથમાં નથી, મરણ મારા કહ્યામાં નથી. દેહના પર મારો કોઈ અધિકાર નથી. એક માત્ર મારું પુણ્ય હોય તો નવકારનું સ્મરણ, વગેરે ધર્મચિંતન પર મારો અધિકાર છે.** જે અધિકાર મને ન્યાલ કરી દે એમ છે ! તો **અધિકારની વાત છોડી બિનઅધિકારની વાતમાં શા માટે પડું ?**

સમજાય છે ? **દુનિયાની બધી ધાંધલ બિનઅધિકારની ચેષ્ટા છે,** ત્યાં જ્યાં ધાર્યું ઉપજતું નથી, જે તમારા કહ્યામાં કંઈ જ નથી; એના માટે ચોવીસ કલાકની



દોડધામ છે ! જ્યાં અધિકાર છે તમારો મહાન પુરુષોના ગુણગાન પર, ઉત્તમ દાનાદિ ધર્મ સાહસો પર, એ પણ પાછા લખલૂટ લાભ અપાવનાર, એ કરવાનું હજી દિલ થતું નથી ! મહાત્મા સમજે છે કે 'માતાનો અપયશ ટાળવાનું મારા હાથમાં નથી, પણ નમસ્કાર મંત્રનું સ્મરણ મારા હાથમાં છે.' શરીરમાં ઘોર પીડા છે, ત્યાં આ મુનિપુંગવ એનો લેશ પણ વિચાર ન કરતાં નવકાર મંત્ર તરફ વળે છે. કેવી સરસ અધિકારની બજવણી !

પાછી ખૂબી તો એ છે કે પોતે મહાશાસ્ત્ર ભણેલા છે, ઊંડા અભ્યાસી છે તત્ત્વજ્ઞાનના, છતાં અંતકાળે નવકાર મંત્રના સ્મરણમાં જ લીન થવાનું વિચારે છે. બીજું તત્ત્વજ્ઞાન ખરું, પણ **પંચપરમેષ્ઠી નમસ્કાર એ મહાતત્ત્વજ્ઞાન છે.**

**પ્ર.-** તો તો બીજું જાણવા-ભણવાની શા માટે મહેનત કરવી ? એકલો નમસ્કાર મંત્ર જ નહિ ભણવો ?

ઉ.- ના, બીજું તત્ત્વજ્ઞાન નમસ્કાર મંત્રના રહસ્યને, ઉંડા પરમાર્થને, એની મહાવિશેષતાઓને સમજાવે છે માટે એ અવશ્ય મેળવવું. પછી જે નમસ્કાર સ્મરણ થાય એ કોઈ અજબ કોટિનું !

**નમસ્કારનું ધ્યાન એ મહાતત્ત્વજ્ઞાન છે. એના અક્ષરમાત્રનું ચિંતન પણ અસંખ્ય કાળના પાપનો નાશ કરે છે ! મહાન સદ્ગતિ અપાવે છે ! તત્ત્વોના મૂળભૂત પંચપરમેષ્ઠિની એ રટના કરાવે છે ! મહાપવિત્રના સ્મરણ દ્વારાએ મહા દોષભર્યા જીવને પણ પવિત્ર કરે છે ! એવા વિશ્વ શ્રેષ્ઠ પંચપરમેષ્ઠીને નમસ્કાર એ આત્મામાં મહા નમ્રતા સર્જે છે ! એવી મહા કોમળતા ઊભી કરે છે કે જ્યાં પછી પાપ ચોંટી શકતા નથી, અને આત્માના આંતરિક દબાઈ ગયેલા ગુણને પ્રગટ થવાનો અવકાશ મળે છે !**

**મહર્ષિ સ્વર્ગે :-** માટે જ વારંવાર નમસ્કાર મંત્ર સમરો. દિવસે કે રાત્રે અમુક સમય એકાંતમાં નમસ્કારના ધ્યાનમાં ઠીક ઠીક પ્રમાણમાં લીન બનો. મહામુનિ શુભ અધ્યવસાયમાં ઝીલતા પંચનમસ્કારની ભાવનામાં લીન થઈ ગયા ! ભાવના એટલે ? એ, કે જેનાથી આત્મા ભાવિત થાય - દૂધમાં નાખેલી સાકરથી દૂધ એવું ભાવિત થઈ જાય છે કે સાકરના મીઠા સ્વરૂપને પોતાનું સ્વરૂપ બનાવી દે છે. દૂધનો કણે-કણ સાકરમય મીઠો મીઠો થઈ જાય છે. બસ એવી રીતે આત્માનો પ્રદેશે-પ્રદેશ પંચનમસ્કારમય થઈ જવો જોઈએ. જાણે પ્રદેશે પ્રદેશે નમસ્કારનો ગુંજારવ ચાલતો હોય; પ્રદેશે પ્રદેશ પંચ પરમેષ્ઠીનું શરણું સ્વીકારવા સાથે એમને સમર્પિત થતા હોય; પ્રદેશે પ્રદેશ એમને ચરણે તન્મય થઈ રહ્યા હોય. ભમરીના ગાઢ ગુંજારવમાં ઇયળને ભ્રમરના એક ધ્યાન, એકતાનતાની જેમ આત્માને સર્વાંશે

પંચનમસ્કારનું જ એક ધ્યાન લાગે, એકતાનતા લાગે. આ બધું લાવવા માટે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો રૂપી પંચપરમેષ્ઠી અને એમને નમસ્કારની અસાધારણ વિશેષતાઓ, સર્વોત્તમતા, ને એકાંત અનન્ય હિતકારકતાની સચોટ વિશ્વાસભરી જોરદાર ભાવના ભાવવી જોઈએ. શિખીકુમાર મહામુનિ પંચનમસ્કારની ભાવનામાં લીન બની તરત જ આયુષ્ય પૂર્ણ થયે કાળ કરીને **પાંચમા બ્રહ્મદેવ લોકમાં** નવ સાગરોપમ આયુષ્યવાળા ઊંચી કોટિના દેવ તરીકે જન્મ પામ્યા. જાલિનીએ મહર્ષિનો ઘાત કરવાનું ઘોર પાપ કર્યું તો, પણ પાછી ઉપરથી એની અનુમોદનામાં ચઢી ઉગ્ર અશુભ કર્મ ઉપાજર્યા ! અંતે જીવન પર કરી **બીજી નરકના** ભયંકર દુઃખોમાં ત્રણ સાગરોપમના અસંખ્ય વર્ષો માટે જઈ ફસી. જીવન વિનશ્વર બંને ય માટે, પણ ધર્માત્મા જીવન જીતી ગયા અને આ પાપાત્મા જીવન હારી ગઈ !

(—: <u>ત્રીજો ભવ સમાપ્ત</u> :—)

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૧,તા.૧૨-૯-૧૯૫૮

# સમરાદિત્ય ભવ-૪

પરમોપકારી પુણ્યશ્લોક આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ આદર્શ પુરુષ અને ઝગમગતી પૂર્વભવોની સાધના કરનાર કેવળી ભગવાન શ્રી સમરાદિત્ય મહર્ષિના નવ ભવોનું સુંદર ચરિત્ર લખતાં ત્રણ ભવોની વિગત કહી આવ્યા. એમાં આપણે એમણે દુશ્મનની સામે બતાવેલી ઘણી ઊંચી ઉદારતા, ક્ષમા, સમતા અને પ્રેમ ઉપરાંત જીવનમાં જીવેલી વિવિધ યોગ્યતાઓ સાથે જિનશાસને ફરમાવેલ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના કરેલી જોઈએ.

**પહેલા ભવમાં** એ વીરપુરુષ ગુણસેન મહાત્મા બની અગ્નિશર્માએ દેવ થઈને વરસાવેલી અગ્નિ-ધીખતી રેતીથી બળવા-શેકાઈ મરવાની સ્થિતિમાંય એ વિચારે છે કે **'આ જીવને કાયા અને ઘોર નરક સુધીના દુઃખ મળવામાં નવાઈ રહી નથી. અનંતી વાર એ મળ્યાં ! માત્ર સકલ લોકમાં સારભૂત જિનવચનામૃત મળવું અતિદુર્લભ છે, તે મને અહીં મળ્યું છે, તો હે જીવ ! ચિત્તને એનાથીજ ભાવિત બન્યું રાખજે.** જિનવચન સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ શીખવે છે, તો હું પણ



વિશ્વના સમસ્ત જીવોને ખમાવું છું, અને વિશેષ કરીને તે અગ્નિશર્માને ખમાવું છું કે જેને મારા નિમિતે પારણામાં અંતરાય પડ્યો,' આ રીતે ઉચ્ચ ભાવનામાં એ સમાધિમૃત્યુ ભેટ્યા.

**બીજા ભવમાં** એ સિંહ નામે રાજા બન્યા અને એજ અગ્નિશર્માનો જીવ એમનો આણંદ નામનો પુત્ર થઈને દગો કરી એમને તલવારથી ઘાયલ કરી જેલમાં નાખે છે, એમનું અનશન તોડાવવા એમના પર તલવારના ઘા ઝીંકે છે ! પણ એ એમ વિચારે છે કે **'વીતરાગ પ્રભુનું શાસન પામેલાને મન પ્રતિજ્ઞા એ તો પ્રાણ છે, માટે મારે મૃત્યુના ભયથી પ્રતિજ્ઞા છોડવાની નથી, કેમકે જન્મ પછી મૃત્યુ તો અવશ્ય આવે જ છે.** મોટા દેવ દેવેન્દ્રને પણ એ છોડતું નથી તો એવા **સ્વચ્છંદવિહારી મૃત્યુની પરવા કર્યા વિના મારે તો સ્વાત્માની રક્ષા કરવાની છે, અને ક્ષમાદિ-ધનને સાચવવાનું છે. જીવને અહીં સુખ-દુઃખ આવે એમાં બીજા તો નિમિત્ત માત્ર છે ત્યારે ખરેખરું કારણ તો પોતાના પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મ છે,** એટલે આનંદનો કોઈ દોષ નથી. એ મારું કાંઈ જ બગાડતો નથી; કેમકે **પરલોકનું ભાતું મેં સાથે કરી લીધું છે તેથી સદ્ગતિ** જ મળવાની છે; એવી ભાવના ભાવતાં ભાવતાં વીરતા અને સમાધિથી મૃત્યુને ભેટ્યા !

**ત્રીજા ભવમાં** પોતે મંત્રીપુત્ર શિખીકુમાર થઈ મુનિ બન્યા, અને અગ્નિશર્માનો જીવ જે એમની માતા બનેલો છે, એણે કપટથી ઝેરનો લાડુ ખવરાવ્યો તો ય ત્યાં મરતાં મરતાં એજ વિચારે છે કે **'આને બિચારીને મારા પરના પૂર્વના ચિત્તક્લેશને કારણે લોક અપવાદ આપશે કે પુત્રમુનિને આણે મારી નાખ્યા ! અહો ! મેં પુત્ર થઈને આને અપયશ મળવાનું કેવું નિમિત્ત આપ્યું ! ખેર ! પણ મેં એને ધર્મ પમાડ્યો છે એટલે એને પરલોક માટે આધાર મળ્યો છે, અને મારે તો અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ એ મહાન શરણભૂત મળ્યા છે ! એમનું જ શરણ સ્મરણ હો...'** એમ પરમેષ્ઠીના ધ્યાનમાં ખૂબ સ્વસ્થતાથી મૃત્યુને ભેટી કામ સાધ્યું, જીવન જીતી ગયા !

જોવાનું એ છે કે **જીવનમાં દુઃખ અને મૃત્યુ એ તો આ સંસારની ખાસિયત હોવાથી આવે જ છે, એમાં ચિત્તને જરાય વિકૃત ન બનવા દેતાં એક સરખી પરદયા, ક્ષમા અને જિનવચન પામ્યાનો મહાન આનંદ** એમણે માન્યા કર્યો ! માત્ર અનશન વગેરે આરાધનામાં જ ચિત્તને પરોવી રાખ્યું ! પહેલાં ભવમાં જ આચાર્ય મહારાજ પાસેથી ધર્મ મેળવીને શુભ અધ્યવસાયનો મજબૂત પાયો એવો નાખ્યો છે કે એમાં મોળાશ આવવાની તો વાત નહિ, પણ ઠેઠ મરણાન્ત કાળ આવવા સુધી એમાં આગળ આગળ વધતાં જવાનું. **એવું કલ્યાણ સાધ્યું !**

**કલ્યાણ એટલે શું ? :-**

ત્યારે સમજી રાખો કલ્યાણ આ છે. બોલો છો ખરા કે આત્માના કલ્યાણ માટે ધર્મ છે, પરંતુ કલ્યાણ એટલે શું, એ સમજો છો ? સુખ જ ને ? ભૂલો છો કલ્યાણ તો સુખનું સાધન છે. કલ્ય એટલે કે સુખને આણનારું છે માટે કલ્યાણ. એ શું ? એ આત્માના શુભ અધ્યવસાય, ઊંચા ગુણસ્થાનકની પરિણતિ. આ બધું કલ્યાણ કહેવાય. ખપે છે આ ? કે પૈસા, પ્રતિષ્ઠા, પરિવાર, દેવવિમાન, દેવાંગનાઓ ખપે છે ? એ સુખના સાધન નથી હોં. **સાચા સુખના અનુભવ તો સાચાં કલ્યાણ કરાવી શકે છે, ગુણસેન બળી રહ્યા હતા છતાં અંતરથી મસ્ત હતા. રાજ્યભોગ કરતાં કંઈગુણું સુખ અનુભવી રહ્યા હતા તે કલ્યાણ પર !**

**ધર્મનું ફળ સમૃદ્ધિ સન્માન માની લેવામાં આપત્તિ :-** પણ આ તમને સમજમાં નહિ ઊતરે, કેમકે કલ્યાણ શું એ સમજતા નથી. તેથી જ ધર્મ કરતાં કરતાં પણ એ માપો છો કે વધુ સમૃદ્ધિ-સન્માન મળે તો ઉન્નતિ થઈ અને ધર્મ ફળ્યો. અમારું આ ધોરણ નથી એમ કહેતા નહિ; કેમકે નહિતર મનની દશા દીન-દુખિયારી અને ચિંતાતુર રહે ખરી ? **જેટલાં પ્રમાણમાં દુન્યવી સમૃદ્ધિ-સન્માનનાં મૂલ્યાંકન થાય છે, એટલા પ્રમાણમાં એની અપેક્ષા વધારે થાય છે** એનાં મૂલ્યાંકન અને અપેક્ષાના પરિણામે 'એ કેમ મળે ? શું શું કરું ? આની મહેરબાની મેળવું ? હાય, જો એ ન મળે તો સમાજમાં આપણી કિંમત શું ?' એવી કોઈ ચિંતા, દીનતા વગેરે ઊભી થાય એ સહજ છે. ધર્મથી એ સમૃદ્ધિ-સન્માન મળે છે એમ માનવા છતાં મનમાં ધર્મ ગૌણ અને દુન્યવી સિદ્ધિ મુખ્ય સ્થાન જમાવી બેસે છે. પાછી મુશીબત એ, કે જો પૂર્વનાં પાપ જોરદાર હોય તો અહીં ધર્મ કરવા છતાં સમૃદ્ધિ-સન્માન કાં મળતા નથી, અગર હોય એમાં ઓછાશ થઈ જાય છે ! તેથી એ વર્તમાન ધર્મ પર શ્રદ્ધા દોદરી કરે છે; અને બહાર કેઈ દુર્ગુણ દુષ્કૃત આચરે છે ! ત્યારે જો પૂર્વનાં પુણ્ય ઉદયમાં છે અને સમૃદ્ધિ-સન્માન મળી ગયાં, તો ય માનશે કે અહીંના ધર્મથી આ બધું મળ્યું ! પછી ધર્મનાં ફળ તરીકે આ બધું માનવા જતાં ધર્મમાંથી ફળ તરીકે શુભ ભાવ વધારવાનું તો લક્ષ હોય જ શાનું ? ઊલટું સમૃદ્ધિ-સન્માનને મનમાન્યું ફળ માનવાથી ઉન્માદ, અહંકાર, અનીતિ, બીજાઓનો તિરસ્કાર, વિષય-લંપટતા વગેરે દુર્ગુણો સારા ફાલેફૂલે છે ! દેખાય છે ને કેટલાક ધર્મી ગણાતા શ્રીમંતોના દુર્ગુણોભર્યા સાંસારિક જીવન ? ને ધર્મી ગણાતા મધ્યમ વર્ગમાં પણ ઈર્ષ્યા, હુંસાતુંસી જૂઠ, અનીતિ, રગડાઝગડા દેખાય છે ને ?



## • ધર્મસેવનનું ફળ શુભ આત્મદશા •

ત્યારે એ જુઓ કે ધર્મસાધનાનું માપ અને આત્મોન્નતિનું માપ જો વધુ ને વધુ કલ્યાણ પ્રાપ્ત કરવા પર માનો તો આખી દશા ફરી જાય ! અધીરા ન થતા કે આ ફળ માનીએ તો પછી પેલું ન મળે અને અમે દુઃખી અને કંગાળ બની જઈએ; કેમકે ધર્મ પેલું તો આપે જ છે, પણ ધર્મના ફળ તરીકે કલ્યાણ તરફ જ દૃષ્ટિ રાખવાથી કદાચ પૂર્વનાં પાપના ઉદયે સમૃદ્ધિ-સન્માનની ઓછાશ હોય તો પણ મુંઝવણ-અસમાધિ નહિ થાય, દીનતા નહિ આવે. તેમ પુણ્યના ઉદયે સમૃદ્ધિ આદિ મળ્યા હશે તોય ઉન્માદ, અહંકાર વગેરે નહિ જન્મે ! કલ્યાણની દૃષ્ટિ એટલે આત્માની શુભ દશા રાખવા-વધારવાનું લક્ષ. શુભ આત્મદશામાં શું શું આવે ? શુભ વિચારો, મૈત્રી-કરુણા-પ્રમોદ, શુભ ભાવનાઓ, શુભ લાગણીઓ, ક્ષમા-સમતા, સહનવૃત્તિ-સહાનુભૂતિ, પરગુણગ્રહણ-પરદોષઉપેક્ષા, દેવગુરુબહુમાન જિનોક્ત તત્ત્વશ્રદ્ધા, ત્યાગવૃત્તિ, વ્રતનિયમ,....વગેરે ઘણું ઘણું આવે ! બધી ધર્મસાધનાઓ કરતાં કરતાં આ બધું કલ્યાણ મેળવવા-વધારવાનું જ એક માત્ર લક્ષ રાખવાનું છે. આત્માના કલ્યાણ માટે ધર્મ કરો તો ઊંચા આવશો અહીં પણ સાચાં સુખના અનુભવ કરી શકશો, અને ભવાંતરે પણ કલ્યાણની પરંપરા મળ્યા કરશે. સમરાદિત્યના જીવે એ મેળવ્યું છે.

**વર્ષો સુધી ધર્મ કરવા છતાં ઠેરના ઠેર :-**

અનંત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસને આ જગતમાં સારભૂત તરીકે શ્રી અરિહંત સિદ્ધ આદિ નવપદ બતાવ્યા, સંવર નિર્જરા ફરમાવ્યા, દાનાદિ અને અહિંસાદિ ધર્મ બતાવ્યો; કેમ ? કહો, એ બધા એકાંતે અહિતના સંહારક તથા દુઃખના નિવારક છે, ને સાચાં કલ્યાણકારી સુખના સંપાદક છે. માટે મનુષ્યભવ પામીને ભવ્ય જીવોએ તેની આરાધના અવશ્ય કરવી જોઈએ. એમાં ભૂલશો નહિ,- કલ્યાણ એટલે આત્માની શુભ દશા-શુભ અધ્યવસાય વગેરે. અંતર આત્માના શુભ પરિણામની પહેલી જરૂર છે. અનાદિની જીવની લેશ્યા તો જેવી વિષય સુખની પાછળ દોડે છે તેવી ધર્મ પાછળ નહિ ! જુઓને દુકાન શા માટે ? પૈસા માટે, પૈસાની આવકને બદલે જાવક થાય તો દુકાન બંધ કરો છો, તેમ એક બે આયંબીલ કર્યા શરીરને જીભને કંઈ ઠીક દેખાયું નહિ તો એ બંધજ કરો છો ને ? કેમ ? વલણ એ રાખ્યું છે કે શરીર ને જીભને ઠીક પડે એટલું કરવાનું ! ધર્મ શુભ પરિણામ વધારવા માટે કરવાનું ક્યાં રાખ્યું છે ? જીવ ધર્મ જોખી જોખીને કરે છે, વર્તમાન સુખ સગવડો સાચવીને ધર્મ કરે છે, માટે વર્ષોના વર્ષ ગયા પછી પણ પરીક્ષા

કરાય તો 'મિયાં ઠેરના ઠેર' જેવી વાત જોવા મળે અને વધારે વિચારીએ તો એક ડગલું પાછા હટ્યા દેખાય ! નવે નવા જે સંભ્રમવાળો ધર્મ-રંગ ઊછળતો હતો તે જૂના થયા પછી ખરો ? કામ, ક્રોધ, લોભ, મમતા, ઈર્ષ્યા અસુયા, અનીતિ, અસત્ય વગેરે ઘટ્યા ખરા ? ઊંચા ઊંચા પ્રકારનો ધર્મનો વિકાસ કેમ જોવામાં નથી આવતો ? કારણ છે, ધર્મ શુભ પરિણામ વધારવા નથી કર્યો ! સુખ સગવડ સાચવીને ધર્મ કરવો છે, સંવત્સરી આવી ઉપવાસ કરવો પડ્યો. બપોરે અંધારાં આવતા લાગ્યા તો ઉપવાસ કરવા પાછળ ભાવોલ્લાસ કેટલો ? એ ઉપવાસથી મહાન લાભ મળે છે તે વિચારવાનું કેટલું ?

તપ લઈને તપસ્યામાં શરીર ઢીલું પડ્યા છતાં મનાય કે અહો મહાન પર્વની આરાધનાનો લાભ મળ્યો ! ખાવાનું પાપ ટળ્યું ! આવો અનુપમ ધર્મ સાધવાનો મળ્યો ! શુભ પરિણામરૂપી કલ્યાણનો ખપ હોય તો આ બને. **ઉપવાસ કે કોઈ પણ ધર્મ, એના કષ્ટની પાછળ ઉદ્વેગનાં રુદન નહિ પણ હર્ષનાં ગીત જોઈએ.** અમે સાધુ પણ ભેગા છીએ હોં. અમો પણ ગામવાળા અમને લઈ જવા વિહાર છ માઈલ કહે અને આઠ દશ માઈલ નીકળે, ત્યાં એ માઈલ પૂરા કરતાં જો શોસાઈ જઈએ અને ત્યાં પહોંચ્યા પછી ભૂખ-તરસ-તાપથી વ્યાકુલ થઈ ગામવાળાને ઠપકો આપવાનો રાખીએ કે 'આમ ઓછું બતાવ્યું ? આજે કેટલું લાંબું ચાલવું પડ્યું ? સાધુને હેરાન કરવાના ?' તો એ પરીસહ સહવામાં લાખ રૂપિયાનો ધર્મ કમાવાનું દૂર રહે, કલ્યાણને બદલે ખોખાની વિચારણા રહે, તો એમજ બને ને ? શુભ પરિણામનો ખપ હોય તો આ બને ? તુચ્છ જેવા કષ્ટની વિચારણા કરે અને આત્માની વિચારણા કરે નહિ એ કેવું અજ્ઞાન ? વિહાર કરતાં પહેલાના મહાપુરુષો કેવો ઉગ્ર વિહાર કરતાં હતાં તેમનું આલંબન મનમાં જાગતું રાખે તો શુભ પરિણામ વધુ કમાવવાના અવસરે ઊલટું ગુમાવવાનું થાય નહિ.

કલ્યાણ જોઈએ છે ? તો આ શુભ અધ્યવસાયને પહેલું કલ્યાણ સમજી રાખો. સાધર્મિક વાત્સલ્ય કર્યું. ધર્મબંધુઓને જમાડ્યા; પછીથી લોકોએ વખાણ બહુ સારા કર્યા કે 'અહો આમણે બસો માણસ જમાડીને એક હજાર રૂપિયા ખરચ્યા,' એવું જમનારના મુખમાંથી સાંભળે ત્યાં શો વિચાર કરવાનો ? મને અપૂર્વ સાધર્મિક ભક્તિનો લાભ મળ્યો ! અરિહંત ભગવાને ફરમાવેલા એક અનુપમ અનુષ્ઠાનનો લાભ મળ્યો !' પણ લોકોને ઘણું ગમી ગયું, 'અમે આવું ભક્તિનું જમણ જિંદગીમાં જોયું નથી' એમ કહે છે, એમાં પાછો મેળાવડો થાય ! પછી આ બધામાં જો માને કે 'ચાલો પૈસા ખર્ચ્યા સફળ થયા ! લોકમાં નામના સારી મળી,' તો એ ક્યાં અટક્યો ? કલ્યાણમાં કે અકલ્યાણમાં ?



**ધર્મ શા માટે કરવાનો ?** કહેશો સુખ માટે. ને સુખ આવી જાય પણ કષ્ટ આવે તો ? યાદ કરશો 'બહુ કષ્ટ આવ્યું' તેમ સુખ ઓછું મળ્યું તો 'પૂર્વપુરુષોએ અલ્પકાળ સાધના કરી અને ઘણું મેળવ્યું ! ત્યારે, અત્યારે અમે ઘણા વર્ષો ધર્મ કર્યો છતાં ફલ નામનું જ મળે છે' એમ થશે ! આ બધું શાના પર માપો છો ? ધર્મનાં ફળરૂપે આત્માના પરિણામ નિર્મળ નિર્મળ થતા આવે એના પર નહિ, પણ શ્રીપાલની જેમ ઋદ્ધિ સિદ્ધિ મળતી આવે એના પરજ ને ? આવું નાવડું તે ક્યાં સુધી ચલાવશો ? માટે શુભ પરિણામ થાય તો નક્કર લાભ મળ્યો, કલ્યાણ થયું, એ સમજવું જોઈએ.

**શાલિભદ્રના જીવે** દાન આપ્યું ત્યાં શુભ ભાવની કિંમત હતી. **શ્રેણિક, સુલસા** વગેરેને અર્હદ્ભક્તિ ભાવની કિંમત હતી.

નેમિનાથ ભગવાનને વંદન કરવા માટે કૃષ્ણે **સાંબ અને પાલકને** કહી દીધું કે 'પ્રભુને કાલે સવારે તમારા બેમાંથી જે પહેલો જઈને વંદન કરે તેને હું ઘોડો આપીશ.' એટલે પાલકે અંધારામાં આવી વંદન કર્યું. ત્યારે સાંબ સૂર્યોદય થયા પછી જીવ-જતના જાળવીને ભગવાન પાસે આવ્યો અને વંદણા કરી, તેણે પણ વહેલા ઊઠીને મકાનમાં જ રહી ભગવાન જે દિશામાં બિરાજમાન હતા તે બાજુ મુખ કરી ભાવોલ્લાસપૂર્વક ખમાસમણું દઈ વંદન કર્યું હતું.

કૃષ્ણે ભગવાનને પૂછ્યું કે 'બેમાં પહેલું વંદન કોણે કર્યું ?'

તો ભગવાન કહે છે, 'શાંબે ભાવથી પહેલું કર્યું.'

કૃષ્ણે ઘોડો શાંબને આપ્યો. **ભાવવંદન દ્રવ્યવંદન કરતાં અનંતગણું ઊંચું છે.** દ્રવ્યવંદન કરોડો કરે તો પણ મોક્ષમાં જવાનું નક્કી થાય નહિ; અને ભાવવંદન થોડા પણ કર્યા હોય તો તે વધુમાં વધુ અર્ધ પુદ્ગલ-પરાવર્તન કાળની અંદર અવશ્ય મોક્ષે જનારો થાય છે. આ બધું શુભ અધ્યવસાયના બળ પર મપાય છે. જ્ઞાન અને તપસ્યા ઓછા હોય, ચારિત્ર ઉગ્ર નહિ મધ્યમ હોય, પણ શુભ ભાવ વધારે હોય તો મોક્ષ તરફ દોડવાનું કર્યું ગણાય.

**માટે આ પારાશીશી રાખો કે** ધર્મ કરતા જઈએ છીએ તો એના ફળરૂપે **શુભ પરિણતિ કેટલી વધતી ચાલી ?**

વિરાગ દશા કેટલી જોર પકડતી ચાલી ?

નિસ્પૃહતા-ક્ષમાદિ ભાવો કેટલા વિકસતા ચાલ્યા ?

આ બધું જોતા રહેવું જોઈએ. જો એમ દેખાય કે વૃદ્ધિ થતી આવે છે તો હૃદયને આનંદ રહે કે કલ્યાણ વૃદ્ધિગત બની રહ્યું છે. અધિકાધિક કલ્યાણ હાંસલ થઈ રહ્યું છે. એથી આત્માને ધર્મ સફળ થતો આવ્યાનો મહાન સંતોષ થાય.

કલ્યાણના ઘરના શુભ અધ્યવસાય અગ્નિશર્માએ ખોઈ નાખ્યા એટલે ભવોભવ ચાલે એવાં કષાયનાં ભાતાં લઈને ગયો ! ગુણસેને ધર્મની આરાધના કરી કલ્યાણ માટે, તો એથી અંતરમાં શુભ પરિણામ વધાર્યા, અનિત્ય આદિ શુભ ભાવના, કષાયોનો કાપ, ઈન્દ્રિયોનો નિગ્રહ, સમ્યગ્વૈરાગ્યની આતશ, તત્ત્વ પર ઊછળતી પ્રીતિ, અરિહંત ઉપર અનહદ શ્રદ્ધા જે ધર્મશાસન મલ્યું, સુકૃત કરવાનું મળ્યું, એ બધાની અનુમોદના...વગેરે ખૂબ ખીલવ્યું ! કવિ કહે છે, **'ભવોભવ અનુમોદના જે હુઓ આપ હજુર રે'** અર્થાત્ 'હે ભગવન્ ! આપનું શાસન જોવા મળ્યું એ તો મારે ભવોભવ અનુમોદના માટે થયું !' સાત પેઢી ખાવા માટે ૩૫ લાખ જોઈતા હોય તેના બદલે ૩૫ કરોડ મળી જાય તો તે કેવો ખુશી થાય ? અહીં તેવી રીતે પણ આ વીતરાગ દેવનું શાસન મળ્યું એની અપરંપાર ખુશી થાય, ભવોભવ એની અનુમોદના રહેશે કે 'અહો ! કોક ભવમાં અરિહંત અને એમનું શાસન મળ્યું તો ભવે ભવે કેવી ઊંચી ઊંચી સ્થિતિ ચાલી આવે છે !'

બળદેવમુનિ રથકાર અને હરણિયો ત્રણેય પાંચમા સ્વર્ગમાં ગયા ! શી રીતે ? મહામુનિની જોડે. રથકાર ? હા, તેણે પણ મુનિને શુભ ભાવથી દાન આપી એ સંયમમાં સહાયક થયો. સંયમ જાતે આચર્યું નહિ, પણ આચરાવ્યું ! ત્યારે હરણિયો ફક્ત શુભભાવ ભાવીને કે 'હું કમનસીબ ! નથી તપ કરતો, નથી તપસ્વીની ભક્તિ કરતો, રે ! એકેય લાભ હું લઈ શકતો નથી. આ બંનેને ધન્ય છે' આ શુભભાવથી હારોહાર ચઢ્યો ! એકનો સંયમ-તપોમય શુભ ભાવ. બીજાનો દાનનો શુભ ભાવ, ત્રીજાનો અનુમોદનાનો શુભ ભાવ. ત્રણે જણા માથા પર ઝાડનું ડાળું તૂટતાં એના મારથી મરીને પાંચમા દેવલોકમાં ! તેવું અગ્નિશર્માને ન આવડ્યું તો નરકની વાટ લીધી ! અને ગુણસેન એ શુભ ભાવની આરાધનાથી મોક્ષને નિકટ બનાવે છે. પછીના ભવોમાં પણ એક અકલ્યાણની સડકે અને બીજા કલ્યાણની સડકે પૂરપાટ દોડ્યા જાય છે.

આપણા જીવે અકલ્યાણનાં પાયા તો તો જુગ જૂના કાળથી નાખ્યા છે. પણ કલ્યાણનો પાયો નાખવાનો આ ઉત્તમ ભવ મળ્યો છે એ ખૂબ ધ્યાનમાં રાખવાનું છે. જો કલ્યાણના પાયા નાખવાની ઉપેક્ષા થશે તો સમજી રાખજો કે અકલ્યાણના પાયા એવા મજબૂત બની જશે કે જેના પર ભાવી જન્મોમાં અકલ્યાણની ઈમારતો રચાશે. એનું કારણ એ છે કે જો કલ્યાણ ન સધાયું તો કાંઈ નહિ, એવી ઉપેક્ષા, બેપરવાઈ થઈ, તો અકલ્યાણ રસપૂર્વક સેવાશે, યોજનાપૂર્વક આચરાશે. બુદ્ધિશક્તિનો



આ ભવ છે ને ? તો બુદ્ધિના જોર પર અકલ્યાણભૂત પાપોનો રસ, યોજનાઓ, અને એ સેવવાની હોશિયારીમાં કાંઈ બાકી રહે ? દા.ત. કલ્યાણભૂત કરુણાભાવ, સત્યનિષ્ઠા, ક્ષમા, નિસ્પૃહતા, વગેરેનો ખપ નથી, તો બુદ્ધિબળ ઉપર અકલ્યાણના ઘરની કઠોરતા, અસત્યવૃત્તિ, ગર્વ, તૃષ્ણાદિ સેવવામાં શું બાકી રહે ? પછી એની દીર્ઘ પરંપરા !! માટે હવે એ મૂકો, ને કલ્યાણને સેવો.

કલ્યાણનાં **સ્વરૂપ** અને **મહિમા**ને બરાબર સમજજો.

કલ્યાણનું **સ્વરૂપ** આ કે આત્મામાં નવ નવી શુભ લેશ્યા અને શુભ પરિણતિ જાગતી-વધતી ચાલે. દાન, શીલ, તપ અને પ્રભુભક્તિ આદિ બધાં ધર્માનુષ્ઠાનો સાધીને આ શુભ લેશ્યા, શુભ પરિણતિ ઊભી કરવાની છે. એમાં એવી એવી સુંદર વૈરાગ્ય દશા ખીલતી આવે, વિકસ્વર ક્ષમા, સમતા, ને ઔદાર્ય પ્રગટતાં આવે, એવી ઉચ્ચ ઉચ્ચ મૈત્રી-કરુણા વિકસતા ચાલે, કે એ, - શું ધર્મપ્રવૃત્તિ વખતે કે શું સાંસારિક પ્રવૃત્તિ વખતે-બધે જ ઝળહળતી રહે. આનું નામ કલ્યાણ. પૂર્વના શ્રાવકો અને સાધુઓમાં આ એવા સરસ રૂપમાં જોવા મળે છે કે જે આપણા માટે મહાન પ્રેરણારૂપ છે.

કલ્યાણનો **મહિમા** એ કે માણસ આનો જ ઉદ્દેશ અને લક્ષ રાખે. તો આ એક ભવને અંતે તો એ પોતાના આત્માને કેટલોય ફોરો અને પવિત્ર થયેલો અનુભવી શકે ! જીવન તો એને એક બક્ષિસ રૂપ લાગી જાય ! મગજના કેટલાય ખેંચાણ (Tensions) અને ચિંતાઓ (Worries) નાબુદ થઈ જાય ! ધર્મ નિરાશંસ ભાવે સેવતો થઈ જાય ! લાખોનું સુકૃત કરીને કે પ્રભુની દીર્ઘ ઉપાસના કરીને પણ એક જ ઝંખે, પરમાત્મા પાસે એક જ વસ્તુ માગે કે 'હે નાથ ! આ બધાના ફળ રૂપે મને સાચું કલ્યાણ મળજો. કલ્યાણ તરીકે વૈરાગ્ય, નિર્લોભદશા, પવિત્ર હૃદય, ઉપશમ, તત્ત્વ-શ્રદ્ધા. અને વિરતિભાવ મળજો. એમ વ્રત, નિયમ કે તપસ્યાદિ કરીને પણ એજ ઝંખે, મનને એજ થાય કે

**હે પ્રભુ ! હું ધર્મ કરું એના ફળ તરીકે મોટી સમૃદ્ધિ કે ભોગવિલાસ મળે યા કીર્તિ વધે તેથી શું ? એમાં મારા આત્માનાં સનાતન હિત શા સધાયા ? અંતે તો આ વિરાટ વિશ્વમાં હું રઝળતો જ ને ? અહીં પણ વાસનાના વિકારોની ખાણવાળો જ ને ? માટે ના. મારે હવે એ બલા જોઈએ નહિ. બસ, મને તો કલ્યાણરૂપ શુભ ભાવ, શુભ લેશ્યા જ ખપે.**

'હે પ્રભુ ! મને ધર્મ કરતાં કરતાં આહાર અને રસની પ્રત્યે ગ્લાની પ્રગટો. લલના અને લક્ષ્મી પ્રત્યે સૂગ ઉપજો. મારામાં પ્રભુ શ્રી મહાવીરદેવ જેવું સહન કરવાનું બળ મળો. પૌદ્ગલિક પદાર્થો કે ખાનપાનની ઈચ્છાઓ મારે શાંત થઈ જાઓ.'

બસ આ લગની હોય પછી તો ધર્મ-સાધના કરતાં કરતાં જાતે જ એ લક્ષ રાખશે કે 'આમાં સાચું કલ્યાણ કેટલું સધાતું જાય છે, કેટલી શુભ પરિણતિ વધતી ચાલી છે,' એ થયાનો મહાન આનંદ અનુભવશે કે 'ચાલો પરિશ્રમ લેખે લાગ્યો'. આવું થાય તો એ શુભ પરિણતિરૂપ કલ્યાણને લાવનારી ધર્મ સાધના પણ કલ્યાણરૂપ કહેવાય.

**કલ્યાણથી શું શું ?**

કલ્યાણ પ્રાપ્ત થતું ચાલે તેમ તેમ વિકારો શમતા આવે છે !

આત્માનું ઓજસ વધતું જાય છે, સત્ય-ક્ષમાદિ ગુણોનું સત્ત્વ ઝળકવા માંડે છે.

ચમરબંધીની બાદશાહી મનને આંજી શકતી નથી, આપત્તિ ધૈર્યને આંબી શકતી નથી.

ત્યારે, પુણ્યાનુબંધી પુણ્યના પ્રાગ્ભાર વધતા જાય છે, એના પરિણામે ઇંદ્ર અને અહમિંદ્ર સુધીના અસંકિલષ્ટ ભોગ ચરણે લોટે છે ! છતાં,

એ સ્વસ્થ, સ્વતંત્ર, અને સ્વાત્મનિષ્ઠ બની માતબર રહે છે !

વાસ્તવિક કલ્યાણના કેટલા પ્રભાવ વર્ણવી શકાય ? શબ્દો ખૂટે છે ! એટલા ગજબના સુખદ સંવેદન અને લોકોપકારિતાની ફોરમ એમાંથી ફેલાય છે !

ભગવાન સમરાદિત્ય કેવળી મહર્ષિના જીવે પ્રથમ ગુણસેનના ભવથી આ અનંત મહિમાવંત કલ્યાણ સાધવાના પાયા નાખ્યા છે, અને એ ઉત્તરોત્તર ભવમાં એમાં વિકાસ થતાં થતાં અદ્ભૂત આદર્શ જીવન જીવ્યે જાય છે. જુગજૂના અશુભ કર્મના ઉદયે આપત્તિ આવે તો પણ કલ્યાણના નિર્મળ પ્રકાશના પુંજ એમના આત્મમંદિરમાં પથરાઈ રહ્યા હોય છે. અગ્નિશર્મા બિચારો એથી તદ્દન વિપરીત અશુભ લેશ્યા-પરિણતિરૂપ અકલ્યાણમાં કરુણ રીતે પીડાઈ રહ્યો છે. ત્યારે ચાલો હવે ચોથા ભવનો રોમાંચક અધિકાર આપણે જોઈએ. જો જો હોં, એકલી કથા નથી જોવાની; સાથે સાથે એનું પૃથક્કરણ (Analysis) કરી ગર્ભિત રહસ્યો જોવાનાં છે, દિવ્ય પ્રેરણાઓ મેળવવાની છે. પરમ ઉપકારી સમર્થ શાસ્ત્રકાર સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જીવનમાં સ્વાનુભવ કરીને સમરાદિત્ય કેવલી ભગવાનના સંવેગ વૈરાગ્યના રંગથી ભરેલ ચરિત્રને જે આલેખે છે, એમાં ત્રણ ભવનો અધિકાર બતાવ્યા પછી **હવે ચોથા ભવનો અધિકાર બતાવે છે.**

આ ચરિત્રમાં ભવોની ગણત્રી માત્ર મનુષ્ય ભવોની છે; વચલા દેવ ભવોને ગણત્રીમાં લીધા નથી; એ હિસાબે આ ચોથો ભવ છે. એ અધિકાર બતાવતાં ચોથા ભવમાં સમરાદિત્ય કેવળી મહર્ષિ **ધન નામે શ્રેષ્ઠિ-પુત્ર બને છે,** અને દુશ્મન બનેલ અગ્નિશર્માનો જીવ **ધનશ્રી નામે એમની ભાર્યા** બને છે. એ કેવા સંયોગમાં



બને છે, એનું શું પરિણામ આવે છે, તે બધો પ્રસંગ અહીં કહેવાનો છે. એમાં પ્રાસંગિક શ્રી યશોધરમુનિનું સંવેગ-વૈરાગ્યથી તરબોળ ચરિત્ર પણ આવશે.

**સુશર્મ શહેરની સ્વર્ગ-શોભા :-**

આ જંબુદ્વીપમાં આ ભરતક્ષેત્રમાં એક **સુશર્મ** નામે મોટું શહેર છે. નામ તેવા ગુણ છે. શર્મ એટલે સુખ, સુશર્મ એટલે સારું સુખ જેમાં છે તે. જાણે સૌધર્મ દેવલોકનો એક નમુનો ન હોય ! દેવલોકમાં અનેક સમૃદ્ધ વિમાનોની જેમ આ શહેરમાં સમૃદ્ધ હવેલીઓ અને મહેલો છે ! દેવલોકમાં ક્રીડા માટેના ઉદ્યાનો હોય એમ અહીં સુંદર ઉદ્યાનો છે ! અહીં દેવલોકની જેમ સદા ઉત્સવ અને મંગળ વર્તે છે ! આજે દેવલોકની જેમ સદા ઉત્સવ અને મંગળ વર્તે છે ! આજે સંગીતનો કાર્યક્રમ છે, તો કાલે ઉજાણી છે ! તો પરમદિ' મહાત્માના સ્વાગત ઉત્સવ છે ! આવા એ શહેરમાં દેવલોકની જેમ સતત કેઈ દેખાવો પ્રવર્તી રહ્યા છે ! કળાકારોની કળાઓ લોકના આનંદમાં વૃદ્ધિ કરે છે ! પણ દેવલોકમાં તો સુરગંગા છે. અહીં છે ? હા, નગરની આસપાસ મોટી નદી વહી રહી છે તે સુરસરિતાનું ભાન કરાવે તેવી ભવ્ય, નિર્મળ અને રમણીય છે ! પણ એકલી નદીની શોભાથી જ આ દેવલોકનો નમુનો નથી, જીવોની શોભા પણ એવી છે ! નગરની સ્ત્રીઓ દેવાંગનાઓ સમુદાયની જેમ શોભી રહી છે. રૂપવતી અને લાવણ્ય ભરેલી ! કિંમતી ને સુકોમળ વેશને ધારણ કરનારી ! અંગ પર ઝવેરાતના આભૂષણોના વૈભવવાળી જાણે કામદેવની ધજાઓ ન હોય ? પણ દેવલોક કરતાં આનામાં એક વિશેષતા છે. શી વિશેષતા છે ? દેવલોકમાં જે ચીજ નથી, તે ચીજ અહીં મળે છે. શું છે એ ?

**લોકો પરોપકારની લાલસાવાળા છે !**

અર્થાત્ આ નગરીનો પુરુષ વર્ગ-બીજા બધાં કામને બદલે તત્પરતા તલ્લીનતા એક માત્ર પરાર્થ-પરોપકારની જ સાધનામાં રાખે છે. શું ? પરાર્થમાં માત્ર પ્રવૃત્ત નહિ, પણ તલાલીન બની જાય છે. જેમ કોઈ ખાવાનો લંપટી, કોઈ રસનો લંપટી, કોઈ પૈસાનો લંપટ, કોઈ વિષયલંપટ ! એ એનીજ ધૂનમાં રહે છે. **જે જેનો લંપટ, એ એની ધૂનમાં ને શોધમાં હોય છે, ને એ મળે ત્યારે આનંદમાં ચારે પગે કૂદે છે !** એવી સ્થિતિ આ સુશર્મનગરવાસી પુરુષોની ધૂન પરાર્થને સંપાદન કરવામાં હતી ! ચોવીસે કલાક એમને પરાર્થ ને પરોપકારની જ ધૂન ! એની જ શોધ ! ને એ મળે ત્યારે ચારે પગે એ સાધવામાં મશગૂલ ! પરાર્થ સમજો છો ને ? સ્વાર્થનો વિરોધી છે પરાર્થ. **સ્વાર્થ-વૃત્તિ** એટલે માત્ર પોતાનું કાર્ય સાધી લેવાની મનોવૃત્તિ, **પરાર્થવૃત્તિ** એટલે બીજાનું કામ કરી આપવાની વૃત્તિ. પાછી એની સામાન્ય ઈચ્છા નહિ પણ લિપ્સા, લાલસા. એટલે એ પરાર્થનું એક વ્યસન સમજો,

**'મારું બીજાને કામ લાગો. હું બીજાને ઉપયોગી થાઉં' એવી બીજાની સેવા, બીજાનું ભલું કરવાની તાલાવેલી.** ધ્યાનમાં ઊતરે છે ને ? તમે ય એ તાલાવેલી લગાડો પછી જુઓ જીવનની મઝા !

**વૈશ્રમણ શેઠ અને શ્રીદેવી પત્ની :-**

ત્યાં **સુધન્વા નામનો રાજા** છે. શત્રુરાજા રૂપી હાથઓની સામે એ કેશરી સિંહ છે. એ નગરમાં એક **વૈશ્રમણ નામનો મોટો શેઠ** રહે છે, રાજાને બહુ માન્ય છે, ને આખા નગરમાં પહેલાં નંબરનો શેઠિયો છે ! એની તોલે બીજો કોઈ નહિ ! નામ ''વૈશ્રમણ'' યથાર્થ નામ છે, જાણે ધનપતિ કુબેર જોઈ લ્યો. એની પાસે ધનના ઢગલા પડ્યા છે. પણ **તે વેઠિયો શેઠિયો નથી કે લક્ષ્મીને માત્ર સંભાળી રાખવાની વેઠ કરે !** એ તો દીન, દુઃખી, અનાથ માણસોને પ્રિય છે, વત્સલ છે ! શી રીતે પ્રિય થવાય ? **પરોપકારમાં લક્ષ્મીને ઉછાળવા માંડે તો પ્રિય અને વત્સલ થવાય છે.** જેમ કુમુદ માટે ચંદ્રમા, તેમ અર્થિજનો માટે આનંદકારી છે. સંબંધી જનોને ખૂબ ખુશ રાખે છે ! લોકો કહે છે એણે કુબેરને પણ ઝાંખો પાડી દીધો છે. એ ધર્મ, અર્થ ને કામની સાધનાને યથાવત્ સાધે છે. એવા એને ત્યાં પોતાના સમાન કુળવાળી, રૂપવાળી, સમાન શીલવાળી, ને સમાન વૈભવવાળી **શ્રીદેવી નામની પત્ની છે.**

**સમરાદિત્યનો જીવ** દેવભવમાંથી આયુષ્ય પૂર્ણ થયે ચ્યવીને ત્યાં જ જન્મ લે છે. અહીં જન્મતાં પહેલાં પતિ-પત્ની બંનેને અન્યોન્ય ખૂબ સ્નેહ છે, ને એ પરોપકારની મઝા સાથે સંસાર-સુખ ભોગવી રહ્યા છે. કેટલોક કાળ વીતી ગયો, પણ પુત્ર નથી. એકવાર સંતાનની ઇચ્છા જાગી, એ ચિંતા પીડી રહી છે. પીડા એટલે દુઃખ. આટલે પૈસે દુઃખ ? હા, પુત્રની ઇચ્છા ન હોત તો દુઃખ ન હતું. **ઇચ્છાથી દુઃખ જાગે છે માટે જેટલી ઇચ્છા ઓછી, એટલું દુઃખ ઓછું.**

**યક્ષપૂજા :-** ત્યાં નગરની બહાર ધનદેવના યક્ષનું મંદિર છે. તે જાગતો યક્ષ કહેવાતો. વૈશ્રમણને લાલચ લાગી, કે યક્ષની સાધના કરીએ ! સપરિવાર ભવ્ય સામગ્રી સાથે યક્ષની મહાપૂજા કરવા ગયો. કર્યા પછી યક્ષ આગળ પ્રાર્થના કરે છે, 'હે ભગવાન ! જો તમારા પ્રભાવે અમારે ત્યાં પુત્રનો જન્મ થશે તો સર્વ નગર જેમાં ભાગ લે તેવો તમારો હું મોટો ઉત્સવ કરીશ. (એટલે શું ? પૈસાની નદી વહેવડાવીશ.) પુત્રનું નામ પણ આપને અનુસરતું રાખીશ. કહો યક્ષ પુત્ર આપે ? તો તો કોઈ બાકી રહે ? બધાય પુત્ર લઈ આવે ને ? **પુણ્ય વિના બધા ફાંફાં છે.** હા, પુણ્ય પાકવાનું હોય ને આવો યોગ બની જાય તો પુત્ર મળે. અહીં એવું બને છે. વૈશ્રમણ ઘરે ગયો. એને પુણ્ય જાગ્યું છે-એટલે 'કાગનું બેસવું ને



ડાળનું પડવું,' એવું થયું. જાણે યક્ષે પુત્ર આપ્યો ! ત્યાં બ્રહ્મદેવલોકમાંથી ચ્યવીને સમરાદિત્યનો જીવ શ્રીદેવીની કુક્ષીમાં અવતાર પામે છે.

**શ્રીદેવીને સુંદર સ્વપ્ન :-** રાત્રિ પૂરી થવા આવી છે. પ્રભાતના સમયે શ્રીદેવી સુંદર સ્વપ્ન દેખે છે, એક ઊંચો સફેદ હાથી મુખમાં પેસીને પોતાના ઉદરમાં જઈ વિશ્રાંતિ કરે છે. હાથી પણ ઉદાસ નથી, ખુશનુમા છે, ક્રીડામાં રક્ત છે; એના ગંડસ્થળમાંથી મદ ઝરી રહ્યો છે. એને ચાર દાંત છે, તાળવું કંઈક રક્ત છે, સૂંઢ હાલી રહી છે. લોઢાની સાંકળે તેને ઘંટ બાંધેલો છે, એટલું જ નહિ, એનાં મોંઢા આગળ લાલ ચામર વિંજાઈ રહ્યા છે, કુંભનો ભાગ ઊંચો છે, અને એની આંખ તેજસ્વી સ્ફુરી રહી છે ! સર્વાંગ સુંદર એવા મસ્ત હાથીને મોં વાટે થઈ ઉદરમાં પેસતો જુએ છે. સ્વપ્ન જોઈને એ જાગી. એને હર્ષનો પાર નથી. કરોડોની સંપત્તિમાં કદાચ જે આનંદ નહિ અનુભવ્યો હોય એવો આનંદ !!

**ઈષ્ટ સંયોગના આનંદ તકલાદી :-**

વિચારજો, બાઈ પરણીને આવી હશે, બાપને ઘેર નહિ જોઈ તેવી અઢળક સંપત્તિવાળા ઘરમાં શેઠાણી બની હશે ત્યારે આનંદના મહાસાગરની છોળો ઊછળી હશે ને ? પરંતુ આજે જાણે એ કશું નહિ, ને જ્યાં આવા મહાન સ્વપ્ન પર પતિ કહે છે કે તમને ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તી થશે, ત્યારે એને અભૂતપૂર્વ આનંદ ઊછળે છે ! કેમ આમ ? કહો કે **ઈષ્ટ સંયોગને પરાધીન સુખના એજ અંજામ હોય. ઈષ્ટ સંયોગોમાં જાણે હરિફાઈ છે, એક કરતાં બીજો વધુ મનગમતો બન્યો, પછી પેલાના વ્હાલ ઓછા ! અને સંયોગ નાશ પામ્યો તો તો બાર વાગ્યા ! દુઃખનો પાર નહિ !** માટે જ જ્ઞાનીઓ કહે છે,

**દુઃખોની હારમાળા જીવે સંયોગના પાપે જ પ્રાપ્ત કરી છે, કરી રહ્યો છે ને કરશે.** ગર્ભના ઉત્તમ જીવના પ્રતાપે શ્રીદેવીને સુંદર વિચારો ને દોહલા થાય છે. અને એ દોહદ પતિશેઠ તરફથી પૂરવામાં આવે છે. યોગ્ય કાળે પુત્રનો જન્મ થાય છે. વૈશ્રમણશેઠ-પત્ની-પરીવાર બધાને અથાગ આનંદોલ્લાસ છે. શેઠ પુત્રનો જન્મોત્સવ ઊજવે છે. શેઠે કબૂલાત મુજબ યક્ષ પાસે જઈ મોટો ઉત્સવ કર્યો. લોકોને એમાં સામેલ કર્યા, એ બધું કરીને છોકરાને યક્ષના પગે પાડે છે, ને કહે છે, 'હે યક્ષરાજ ! આ પુત્ર આપના પ્રતાપે જન્મ્યો છે, તો તેનું નામ અમે **'ધન'** એવું રાખીએ છીએ, ઘણા જ મનોરથ પછી મેળવેલો આ પુત્ર છે. એટલે એને ઉછેરવા માટે કોઈપણ ધનવ્યયનો સંકોચ રાખતા નથી. એમના ઘણાં લહાવા ને કોડ સાથે અઢળક પૈસાના વ્યયથી ધનકુમારનો જે ઉછેર થઈ રહ્યો છે, તેમાં જો એ ધનકુમારને પૂર્વની દઢ સંસ્કારનો વારસો ન હોય તો છકી જવાનો મોટો સંભવ !

**સંસ્કરણનું મહત્ત્વ :-** લાડકોડના ઉછેર બાળકના હિતને કેવા જોખમાવે છે અને કેવા કેવા દુર્ગુણ-દુષ્કૃત્યોને પોષે છે એ આજે ક્યાં અજાણ્યું છે ? કોક ભાગ્યશાળી જીવ પૂર્વના દૃઢ સુસંસ્કારને બળે એમાંથી બચી જાય એ જુદી વાત, બાકી તો **લોકનો મોટો ભાગ હજી સુસંસ્કારના જીવન વગર રહ્યો હોય છે.** એમાં જો એને સારા સંસ્કારી ને અનુદ્‌ભટ ઉછેર મળે તો સુસંસ્કારમાં આગળ વધી શકે, ને ઊલટું મળે તો પૂર્વના અદૃઢ સુસંસ્કારો ભુંસાઈ જતાં વાર નહિ ! ત્યારે વિચારો કે કેટલાય ઊંચા-નીચા પતન પછી સુંદર માનવ ધર્મીકુળમાં આવેલા ગભરુ જીવને જો વિલાસી અને ઉદ્‌ભટ ઉછેર મળ્યો તો એ બિચારાની કેવી કરુણ દશા !! પૂર્વની કમાઈ રદ, અને દોષ-દુર્ગુણોનો મારો જ ને ? આ આજે ઘણું દેખાય છે ને પૂર્વે પણ એવું બનતું; પણ આ ધન સુયોગ્ય જીવ છે એટલે છકી જતો નથી. વખત જતાં એ કુમારભાવને પ્રાપ્ત થયો.

**ભવિતવ્યતાની શ્રદ્ધા શું કામ કરે ? :-**

તેટલામાં દુશ્મન અગ્નિશર્માનો જીવ ત્રીજા ભવમાંથી માતા જાલિની તરીકે મરીને નરકમાં ગયો હતો તે નરકમાંથી નીકળી છ સાગરોપમના કાળ સુધી સંસારમાં ઘણું રખડ્યો, હવે અહીંયાં ભવિતવ્યતા ધનકુમાર સાથે એના ભેટો કરી આપે છે ! **ભવિતવ્યતાની કેવી અકળ વિચિત્ર ગતિ ? એના સામ્રાજ્યને સમજવા-સદ્દહવામાં આવે તો કેટલાય અભિમાન અને ખેદ ઓસરી જાય. સારો સંયોગ મળે તો હર્ષ અને ગર્વ થાય છે ને ?** ત્યાં જો વિચારાય કે 'આ તો ભાવીભાવના ખેલ છે, ભવિતવ્યતાનાં સર્જન છે, એણે આવો યોગ કરાવી દીધો ! એ જો વિષમ હોત તો વળી આથી તદ્દન ઊંધું જ સર્જાયું હોત ! એટલે સીધું સર્જ્યું એમાં શા બહુ હર્ષ ધરવા કે શા બહુ અભિમાન કરી છકી જવું ? **ભવિતવ્યતા** એટલે આપણો પુરુષાર્થ કે આપણી શાબાશી નહિ. માટે મફતિયા અભિમાન કરવાની કોઈ જરૂર નથી' - આવું આવું વિચારી ભવિતવ્યતા એક જગતમાં પ્રબળ તત્ત્વ છે માટે એની શ્રદ્ધા કરાય, તો અભિમાન કે હર્ષોન્માદને કોઈ અવકાશ ન રહે. એમ ભવિતવ્યતાના યોગે ઊંધું સર્જાય, ત્યાં ખેદ પણ કરવાનો ન રહે. પ્રબળ આગળ ખેદ શા કરવા ?





**માનવ ભવ હકથી મળ્યો છે ?**

ધનકુમારને અગ્નિશર્માનો જીવ અહીં મનુષ્યપણે ભેટે છે ! આશ્ચર્ય થાય કે એવાને દુર્લભ મનુષ્યપણું ? હા, નરકાદિ કેઈ દુર્ગતિઓમાં ભયંકર કષ્ટ અસંખ્ય કાળના કાળ સહ્યા છે, તેથી અકામનિર્જરા એટલે કે અજ્ઞાન કષ્ટ અનિચ્છાએ સહન કરવાપૂર્વક કર્મલઘુતા કરી છે. તેથી મનુષ્ય ભવ મળે છે ! પણ આ તો એક લોટરી લાગ્યા જેવું છે હોં, પુણ્યકાર્ય કરીને, સ્વેચ્છાએ દાનરુચિ, સ્વભાવે કષાયની અલ્પતા અને મધ્યમ ગુણો ધારણ કરીને મનુષ્ય ભવ મળે એ હકથી-શાહુકારીથી મનુષ્યભવ મેળવ્યો ગણાય. ત્યારે, આપણે આ માનવભવ શી રીતે મેળવ્યો છે ? લોટરીથી કે હક-શાહુકારીથી, એ તપાસો. તમે કહેશો એની શી ખબર પડે ? ખબર આ રીતે પડે કે **જો માનવભવ હકથી મેળવ્યો હશે તો તેમાં તો પૂર્વના સંસ્કારો લઈને આવેલા એટલે એના અહીં ઉદ્‌બોધન થવાના. મનમાં ચાલુ સદ્‌વિચારો, સારી ભાવનાઓ, વિરાગદશા, પવિત્રતા, ક્ષમા-ગાંભીયાદિગુણો, વગેરે વિકસતા રહેવાના.** એવું જો આપણા વર્તમાન જીવનમાં દેખાય તો સમજી શકીએ કે પૂર્વે સારી આરાધના કરીને આ માનવભવ મેળવ્યો છે. જો એવું ન દેખાય અને ઊલટું ખરાબ વિચારો, ક્રોધ લોભાદિ કષાયો ઈર્ષ્યા-મત્સર-ઝેરવેર વગેરે દેખાતું હોય તો સમજાય કે મનુષ્યપણું મળ્યું તો છે પરંતુ લોટરી જ લાગી લાગે છે. તો પછી શું લોટરીના માલને એળે જવા દેવો ? ના, હવે સાવધાન બની જવું, અને નવે નામે ગુણકમાઈ અને ધર્મકમાઈનો વેપાર શરૂ કરી દેવો. અલબત પૂર્વનો અભ્યાસ હોત તો જે સરળતાથી આ થાત એટલી સરળતા આમાં ન રહે. એટલે મન મક્કમ કરીને જરા કઠિનાઈ વધાવી લઈ આ કાર્ય કરવું પડશે. પણ વિશ્વાસ રાખજો કે એથી આવતા ભવમાં એની સરળતા થઈ જશે. અગ્નિશર્માનો જીવ લોટરીથી મનુષ્યભવ મેળવે છે. એ પૂર્વભવમાં કોઈક તેવી અકામનિર્જરા કરી અહીં ધનશ્રી થાય છે.

સમરાદિત્યનો જીવ ધનકુમાર રહે છે એ જ નગરમાં **પૂર્ણભદ્ર** નામે એક ધનિક **સાર્થવાહ** રહે છે; ને એની **ગોમતી** નામની **ભાર્યા** છે. અગ્નિશર્માનો જીવ નરકાદિમાં ભટકીને હવે આ દંપતીની પુત્રી તરીકે જન્મ પામે છે. નામ એનું **ધનશ્રી.** કર્મનો ઘણો માર ખાધો છે, એટલે જાણે કર્મને દયા આવી છે; તેથી એ સુખી ઘરમાં જન્મ પામેલી છે, ને પાછી રૂપની સંપત્તિ મળી છે. ક્રમે કરીને યુવાવસ્થા પામી છે. વળી સહીયરો ઘણી મલી છે. એક વખત અષ્ટમીના ચંદ્રનો મધુ-ઉત્સવ હતો, મદનલીલા ઘર નામના ઉદ્યાનમાંથી પાછી ફરતી એ જાણે કામદેવની

સ્ત્રી રતિ ન હોય એવા રૂપને ધરતી શોભી રહી છે. સખીઓથી પરિવરેલી ઘર તરફ જઈ રહી છે. એમાં ધન પણ મિત્ર સાથે ફરવા નીકળ્યો છે. એના જોવામાં એ ધનશ્રી આવી ! ખૂબી કેવી છે ! પૂર્વભવમાં ધને આ જીવ પ્રત્યે મૈત્રીગુણનો અભ્યાસ ખૂબ કર્યો છે ! કયા જીવ પ્રત્યે ? પેલો અગ્નિની બાળતો હતો તે વખતે આ 'સર્વ જીવોને તો ખમાવું છું,' એમ મૈત્રી વિકસાવે છે ! પછીના બે ભવમાં પણ મૈત્રીનો અભ્યાસ કર્યો છે. તે અભ્યાસની રૂએ ધનશ્રી પર જે દૃષ્ટિ પડી તે રુચિવાળી પડી ! ત્યારે ધનશ્રીની નજર પડી ? હા પડી, પણ એ દ્વેષનો અભ્યાસ લઈને આવી છે, એટલે એના સામે માત્સર્યથી જોઈ રહે છે ! જો જો આ દ્વેષ-દૃષ્ટિ આગળ વધવાની છે. અહીંના જીવનમાં કોઈ એવો પ્રસંગ બન્યો નથી, છતાં ધનકુમાર જેવા ઉત્તમ જીવ ઉપર ધનશ્રીને સહજ દ્વેષ થઈ આવે છે ! શું કારણ ? એ જ કે કોઈ ભવમાં રોપેલાં કુસંસ્કારની વિચિત્ર સ્થિતિ છે.

**પૂર્વભવોના સંસ્કારો જીવને એવો કબજે કરે છે કે એ જીવ પછી સહેજે સહેજે તેવા તેવા ભવોમાં ઘસડાય છે.** ભૂલેચૂકે જો તમે અહીંયાં મરતાં સુધીમાં કોઈની પ્રત્યે દુશ્મનાવટ કરેલી ન વોસિરાવી, અને એ લઈને મર્યા તો ભવિષ્યના ભવમાં એ જીવ કદાચ ગુણીયલ બન્યો હશે તો પણ તમને એના પ્રત્યે અરુચિ થવાની. એ ભલે યાવત્ તીર્થંકરનો જીવ હોય કે ગણધર જીવ હોય પણ એમની પ્રત્યે અહીંથી અરુચિ લઈ જનારને તો ત્યાંય અરુચિ જ થવાની ! ખેડૂતને પ્રભુ મહાવીરદેવ પ્રત્યે ભારે અભાવ થયો ને ? કેમ ? એણે પૂર્વે સિંહના ભવમાં રોષ ઊભો કર્યો હતો માટે. ધન ઊંચી કક્ષાનો જીવ છે; આજ સુધીમાં ધનશ્રીનું એણે કંઈ બગાડ્યું નથી, છતાં અગ્નિશર્માના ભવમાં વૈરનાં બીજ વાવી આવેલી ધનશ્રી અહીં દુભામણ કરે છે !

**સૂગ-અરુચિના કરુણ અંજામ :-**

**બીજાના પ્રત્યે દિલમાં ડંખ ઊભા કરતાં પહેલાં કે હૈયે સૂગ વસાવતા પહેલાં આ બહુ વિચારવા જેવું છે.** અરે ! આગળની શી વાત ? અહીં પણ શી શાંતિ રહે છે ? ઊલટું દિલ જો સાફ, પવિત્ર, અને ઉદાર મૈત્રીભાવવાળું, તો ફોરું રહે છે. તેથી બીજાની ખોટી ચિંતા-વિચારણામાં આપણો સમય બગડતો નથી, આપણાં કાર્ય એ વિચારણા વચ્ચે ઘૂસવાથી બગડે. તે પણ હવે સ્થિતિ નથી રહેતી. ઉદાર ફોરા મનમાં હવે સારી ઉમદા વિચારણાઓ સ્ફુરે છે ! આ બધું જોતાં બીજાની પ્રત્યે અરુચિ-દુભામણ તો ઊભી રાખવી જ નહિ. અરુચિ કરતાં પહેલાં વિચારવું ઘટે કે 'મને ન ગમતું એ કરે છે માટે મને અરુચિ થાય છે ને ? પરંતુ મને ગમે એજ એને ગમવું જોઈએ, એવું શા માટે ? જેમ મારું મન સ્વતંત્ર છે, તેમ એનું પણ



છે' આવું કોઈ વલણ લેવામાં આવે તો જે અરુચિના સંસ્કારો જામે છે, તેના બદલે કમમાં કમ તેની ઉપેક્ષા કરાય, 'હશે ! એને ગમ્યું તે એ કરે, મારે મારું જોવું. એ એના મનનો માલિક છે, તો મારે રોષ-રોફ કરવાની શી જરૂર ? શો હક ?' આ શું કર્યું ? એના તરફ અરુચિ કરવાને બદલે એની તરફની દિશા જ છોડી દીધી. પછી આગળ વધવાનું ગજું હોય તો એની પ્રત્યે મૈત્રીભાવ વિકસાવાય.

આ એક એવો પ્રયોગ છે કે જે જીવનમાં સિદ્ધ કરવા જેવો છે. **આપણને વીતેલું આપણે આપણા કર્મને ભળાવી દઈ બીજા એમાં નિમિત્તભૂત હોય તોય તેમને એમાં ન સંડોવીએ અર્થાત્ એમને દોષ ન દઈએ, એમના પર સૂગ, અરુચિ, અભાવ ન કરીએ.**

ધનશ્રીએ અગ્નિશર્માના ભવથી સૂગ ધરી છે એટલે અહીં ધનકુમારને જોતાં જ સૂગ ધરે છે ! એ સૂગ આગળ વધતાં જો જો કે ધનનો એના તરફ ઘણો ઉત્તમ વ્યવહાર છતાં એને મારી નાખવાના યત્ન સુધી લઈ જશે ! બીજા પ્રત્યેની સૂગ એ કેવી પિશાચિણી !

**ધન-ધનશ્રીનાં લગ્ન :-** ધનકુમારની ધનશ્રી તરફ સ્નેહાળ દૃષ્ટિ એની સાથેના પુરોહિત પુત્રના જોવામાં આવી, અને તે વાત પરંપરાએ ધનના પિતા પાસે પહોંચી એણે ખુશી થઈ પૂર્ણભદ્ર પાસે ધનશ્રીની માગણી મૂકી. એ શું કામ રાજી ન થાય ! સગાઈ મંજૂર થઈ. અને સારા મુહૂર્તે ધન-અને ધનશ્રીના ધામધૂમથી લગ્ન થાય છે. બંને વેવાઈ શ્રીમંત છે, એટલે આખા નગરમાં એનો આશ્ચર્યકારી પ્રભાવ પડે છે. ધનશ્રી પરણીને સાસરે આવી. ઘરમાં પતિ ધન પ્રત્યે તો એને અભાવ છે, એટલે ત્યાં એક નંદ નામનો નોકર છે, એની સાથે એ લટપટમાં પડી, એમાંય પૂર્વનો સંબંધ ભાગ ભજવે છે ! નંદ એ અગ્નિશર્માની સાથે તપોવનમાં રહેનારો અને કુલપતિ આર્જવ કૌડિન્યનો પરિચારક સંગમક નામે તાપસ હતો. અગ્નિશર્માનો એ પરમ મિત્ર હતો. એ સંસ્કારે અહીં ધનશ્રી નંદને ચાહે છે.

**વિટંબણારૂપ વિષય સુખ :-**

ગ્રંથકાર મહર્ષિ લખે છે કે આથી ધનશ્રી સાથે વિટંબણા સમા વિષય સુખો ભોગવતાં ધનને કેટલોક કાળ વહી ગયો. તત્ત્વ દૃષ્ટિથી જુઓ તો સમજાય કે વિષયનાં સુખ વિટંબણાં જેવાં છે. તમને કોઈ સ્નેહી કહે ઘેર આવજો ને ટાણું છે, તો સાથે જમીશું. આખો દિવસ આપણી સાથે જ રહેવાનું રાખજો.' તમે ખુશી થઈને ગયા, પેલાએ તમને ત્રણવાર જમાડ્યા પણ ટેસથી, પરંતુ મોટા જમણવારના કામકાજમાં તમને સાથે ઘસડ્યા, આખો દિ' તમે ત્યાં હેરાન થયા, તો એ જમવાનું વિડંબણારૂપ છે. જાતે અનુભવો છો ને કે એક ઘર ચલાવવામાં કેટલું તેલ નીકળે

છે ? એક પત્ની પાછળ કેટકેટલી ભારે વેઠ કરવી પડે છે ?

(૨) **બીજી વિટંબણા :-** અરે ! આ તો આગળ પાછળની વિટંબણાની વાત થઈ, પરંતુ **ખુદ વિષય સુખની ક્રિયા પણ વિટંબણા નથી તો શું છે ?**

**ગટરની ભીની માટી** પર છોકરાં ઘર બનાવવાની રમત કરતા હોય તો એ છોકરાં ભલે આનંદ માને પણ તમારી દૃષ્ટિમાં વિટંબણા લાગે કે નહિ ? બસ, ત્યારે અહીંયાં જુઓ શું છે ?

**ખસ-ખરજવાની ખંજવાળ** ઊઠી માટે ખણવું પડે છે અને આનંદનો અનુભવ થાય છે, તો શું એ ક્રિયા સારી ગણાય ! ભલે ક્ષણિક આનંદ દેખાડે, છતાં **ખણજ એ જ એક ઉપદ્રવ છે, માટે એને ખણી આનંદ થવો એ વિલાસ નહિ, વિટંબણા જ છે.**

**દારુડિયાને** ગટરમાં પડવાનું આનંદદાયી છતાં વિટંબણા જ ગણાય.

(૩) **ત્રીજી જાતની વિટંબણા :-** ત્યારે વળી વિષયોની જે મઝા જીવ માણે છે એની બીજી રીતે વિટંબણા જુઓ ! વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજ 'પ્રશમરતિ' નામના શાસ્ત્રમાં કહે છે કે **જીવ જે વિષયો રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ વગેરેમાં સુખ, અપાર સુખ માને છે તેમાંજ બીજા જીવો એ વખતે દુઃખ માનતા હોય છે.** દા.ત.

બે ભાઈ વચ્ચે એક બંગલો છે, એકને એ આનંદનો વિષય લાગે છે, ત્યારે બીજાને એમ થયા કરે છે કે 'આ જો વેચી નાખી પૈસા ઊભા કર્યા હોય તો પૈસા વેપારમાં રોકવાથી મોટો નફો થાય એમ છે, પરંતુ મારો ભાઈ માનતો નથી. કેવી વિટંબણા !' એમ એને એજ બંગલા માટે દુઃખ થાય છે !

પકવાન્નનું ભોજન એકને મનમાન્યું લાગવાથી સુખરૂપ લાગે છે, ત્યારે બીજાને આ નહિ ને બીજું પકવાન્ન ગમતું હોય તો આ દુઃખરૂપ લાગે છે !

ગામડાની રુચિવાળાને જે પહેરવેશ સુખરૂપ લાગે છે, એનાથી જ શહેરની ફેશનની રુચિવાળાને દુઃખ થાય છે.

જે તાજાં ફળની ચીરીઓ પર પોપટને આનંદ થાય છે. એના ઉપર કાગડાને અપ્રીતિ થાય છે ને એને વળી કોહેલા માંસની ચીરી ગમે છે !

જે દાગીનો એકને ગમે છે એ બીજાને નથી ગમતો. જે ફૂલની સુવાસ આનંદ આપે છે, એજ બીજી સુગંધની રુચિવાળાને દુઃખકારી બને છે.

(૪) **ચોથી જાતની વિટંબણા :-** આ તો બીજાની દૃષ્ટિએ વાત થઈ, પણ આટલી જ વિટંબણા નથી, પોતાની દૃષ્ટિએ પણ વિટંબણા છે. **એક જ વિષય જે હમણાં અમુક સંયોગ-સમયવશ સુખરૂપ જ લાગતો હતો તે હવે સંયોગ-સમય**



**ફરવાથી પોતાને જ દુઃખ રૂપ લાગે છે.**

મિઠાઈથી પેટ ભર્યા પછી હવે એનો આનંદ ઊડી જઈને સૂગ ચઢે છે, ને ભાતની રુચિ થાય છે.

દશની વચમાં જે લાખ રૂપિયાની શ્રીમંતાઈનું સુખ લાગતું હતું, બીજા ૧૦-૧૦ લાખના આસામી ત્યાં આવી વસ્યા પછી હવે તે જ લાખમાં દુઃખ લાગે છે ! અને ૧૫ લાખ કરવામાં આનંદ લાગે છે !

શિયાળામાં જે ગરમ કપડાં સુખરૂપ લાગતાં હતાં તે ઉનાળામાં કલેશકારી લાગે છે !

પસંદ કરીને લાવેલી સ્ત્રીમાં જે સુખ દેખાતું હતું તે પછીથી લોપ થઈને દુઃખનો અનુભવ થવાના આજે દાખલા ક્યાં ઓછા છે ?

બંગલા-ફર્નિચર વગેરેના ઘાટની નવી ફેશન નીકળી જોઈને પહેલાં સુખકારી લાગતો ઘાટ હવે દુઃખનો અનુભવ કરાવે છે ને ?

**(૫) પાંચમી રીતે વિટંબણા :-**

આ બધું વિટંબણા નહિ તો બીજું શું કહેવાય ? જ્યાં સુખનો ઢંગધડો જ નહિ, બધાને સુખ જ આપે એવો નિયમ નહિ, પોતાને પણ એક સરખો સતત આનંદ આપ્યા જ કરે એ ય ધોરણ નહિ, એવા ઇન્દ્રિયોના વિષયોનાં સુખ નિર્મળ દૃષ્ટિએ જુઓ તો વિટંબણારૂપ જ કહેશો. ત્યારે મેલી દૃષ્ટિએ જુઓ, ક્ષણિક આવેશને વશ થઈ દેખો અને સુખરૂપ માનો, એ કાંઈ નિર્મળ આનંદનો પૂરાવો નથી, **એ તો તૃષ્ણાની ચળનો આવેશ, માનસિક કલ્પના, અને વિષયોની આસક્તિનું નાટક છે ! માનસિક કલ્પના, અને વિષયોની આસક્તિનું નાટક છે ! જીવ નટડો એના હુકમ મુજબ નાચ નાચ્યા કરે છે !** એમાં ઘડીમાં હરખવાનું તો ઘડીમાં રોવાનું ઘડીમાં બડાઈનું તો ઘડીમાં દીનતાનું હાસ્યાસ્પદ વર્તન કર્યા કરે છે ! આ આવેશ કલ્પના અને આસક્તિના આધાર પર જીવતા વિષય સુખો એ વિટંબણા જ કહેવાય.

**(૬) છઠ્ઠી રીતે મોટી વિટંબણા :-**

વિષય સુખોની એક મોટી વિટંબણા તો એ છે કે જીવ એ દુન્યવી સુખોની ખાતર કેઈ પાપો જૂઠ-ડફાણ, અનીતિ-અન્યાય, રગડાઝગડા કરે છે, અને એમાં સફળતા મળતાં એ પાપો ઉપર સુખનાં સાધન તરીકેનો સિક્કો મારે છે !

**મૂઢ જીવની માન્યતા :-**

એ તો ચોક્કસ માને છે કે, 'આટલું જૂઠ બોલ્યા તો વેપાર થયો, ને ઘરાક પાસેથી સારો નફો આંચકી શક્યા. જૂઠી જુબાની કોરટમાં ભરી, તો છૂટ્યા કે ફાવ્યા ! સામાને આપણી પાસેથી પૈસા ઘણું ય કઢાવવા હતા, પણ બંદા ક્યાં

કાચા છે ? બરાબર સીફતપૂર્વક ખોટું બોલ્યા તો પૈસા જતાં બચ્યાં ! ત્યારે, એમ કાંઈ સીધો સીધો વેપાર કે વહેવાર થાય ? સાચાની-સીધાની દુનિયા નથી. એ તો ખોટું બોલીએ, ખોટું કરીએ, તો જીવાય. સુખ એમને એમ થોડું મળે છે ? ઈન્કમટેક્ષવાળાને સીધા ચોપડા દેખાડીએ તો તો લૂંટાઈ જ જવું પડે. એ તો બનાવટી હિસાબ બતાવીએ તો પૈસા જતા બચે ! ભેળસેળવાળો માલ વેચીએ તો પૈસાનો તડાકો લાગે ! દાણચોરીના માલમાં જ રકમબંધ નફો થાય...' જો જો આ બધી જીવની ઘેલછા. **પૈસા તો પુણ્ય હોય તો મળે છે, પુણ્ય હોય તો ટકે છે; પુણ્ય પરવારી ગયું હોય તો લેવાના દેવા થાય ! જૂઠ-અનીતિથી બચાવેલા ય બીજે રસ્તે ભાગી જાય !** વેપારમાં જ ખોટ આવે, પત્ની કે છોકરાને ટાઈફોડ વગેરે બિમારી ફૂટી નીકળે, કોઈ આસામી ઘાલી જાય, આગ લાગે, ઈત્યાદિ ગમે તે રસ્તે પૈસા જાય. **પુણ્યના ખેલ ન હોત ને, તો તો આ દુનિયામાં જૂઠ-અનીતિ કરનારા ક્યાં ઓછા છે, એ બધા જ તાલેવંત ને સુખી બની ગયા હોત !** અને સાચા-પ્રામાણિક ભાગ્યવાનો ભૂખે મરતા હોત ! પણ **દોર પુણ્ય-પાપના હાથમાં છે,** એથી એમ નથી બનતું. છતાં પાગલ જીવ એમ માને છે કે પૈસાનું સુખ જૂઠ-અનીતિથી મળે. મિથ્યામતિનો આ અંધાપો છે. તો આ વિષય-સુખની મહાવિટંબણા નહિ તો શું છે ? **મિથ્યાત્વના એ અંધાપાની અસર છે કે ધર્મને સુખનું સાધન માનવાને બદલે જૂઠ, અનીતિ વગેરે અધર્મને સુખના ઉપાય તરીકે માની રહ્યો છે !**

**(૭) સાતમી વિટંબણા-ધર્મનો ઉપકાર ન સૂઝવા દે :-**

ક્રોધ તો ધમધમાટ કર્યો ને પુણ્ય પાધરૂં હતું એટલે એમાં ફાવ્યો; તેમ અભિમાન કર્યા, પ્રપંચ ખેલ્યા ને પુણ્યયોગે ફાવ્યો, તો મૂઢ જીવ માને છે કે સુખ આમ ક્રોધ-અભિમાનાદિ કરીએ તો મળે ! ફાવટ આમ થાય ! ઘરડા નાગને ય ફણાનો ફુંફાડો રાખવો પડે. આટલું ભાઈ સાથે કોરટમાં રગડ્યા-ઝગડ્યા તો ઘર મળ્યું ! પૈસા મળ્યા ! સંઘની સભામાં લડ્યા તો ધાર્યું થયું ! ફલાણાને આરોપ ચઢાવ્યો તો એ બંદો હેઠો પડ્યો !' આ બધી કેવી પિશાચી વિચારણા અને માન્યતાઓ ! તો છે આમાં ક્યાંય ધર્મ કે પુણ્યને યાદ કરવાનું ? **વિષય-સુખોની વિટંબણાભરી ઉન્માદ-દશા છે** કે **એ ધર્મનો ઉપકાર યાદ ન આવવા દે !** એ તો કલહ, મદ, માયા, આક્ષેપ વગેરેને જ સુખનાં સાધન બનાવે. **'સુખ અનુકૂળતા, એ ધર્મ અને પુણ્યથી જ મળે છે, માટે જશ એને આપો,' ના, એ તો ગુસ્સો-અભિમાન વગેરે પાપોને જશ આપે છે !** કેવી આ વિટંબણા !!





**મિથ્યાત્વના અંધાપાના દારુણ પરિણામ :-**

ત્યારે, એ જુઓ કે મિથ્યાત્વનો જે આ કારમો અંધાપો છે, એ જન્મસિદ્ધ આંખના અંધાપા કરતાં તો કંઈગુણો ભયંકર છે, કેમકે,

**(૧) અહીંયા પછી એવા અંધાપાથી બીજાને ય આંધળા કરવા એ ઘૂમે છે.** બીજાને શીખવે છે કે 'પૈસા જોઈએ છે ? એમ નહિ મળે, આવું પોલિસીપૂર્વકનું માયામૃષા સેવો, ખોટા ચોપડા, ખોટા દસ્તાવેજ કરો, આમ માલમાં ભેળસેળ કરો, તો પૈસા કમાશો, આવો રોફ રાખો; અવસરે ગુસ્સો દાખવો, કોરટમાં સામાને ઘસડો, તો સુખ મળશે.' વગેરે વગેરે પાપ સલાહો આપી બીજાને ય એમાં જોડે છે, ને પોતાના જેવા અગર એથી ય વધારે અંધ બનાવે છે ! કેવો કારમો અંધાપો ! એટલું જ નથી, પણ

**(૨) પછી સત્ય-નીતિ-ક્ષમા-નમ્રતા વગેરેનો ઉપદેશ કરનારને એ વેવલા ગણે છે,** જમાનાના અજાણ ગણે છે ! એનો અર્થ એ જ ને કે એ ઉપદેશ વાહિયાત ? ત્યારે, એ ઉપદેશના મૂળ કહેનારા શ્રી તીર્થંકર પરમાત્મા કેવા ? પણ મિથ્યાત્વનો કારમો અંધાપો ત્યાં શાનો સહેજ પણ અરેકારો રખાવે ? વિવેક ક્યાંથી રહેવા દે ?

આ બધાનું પરિણામ શું ? મરીને આ ભયંકર ભવાટવીમાં ગૂમ જ થઈ જવાનું ને ? નરક-તિર્યંચાદિ ગતિઓમાં અનંત કાળ ભટકવાનું કે બીજું કાંઈ ? **માનવભવમાંથી સારી રીતે પાળી-પોષીને લઈ ગયેલ કુસંસ્કારોના પછી તો હલકા ભવોમાં એવા પુનરાવર્તન ચાલે છે કે એથી એક બાજુ દુઃખ-ત્રાસનો ય પાર નહિ, બીજી બાજુ પાપસેવનનો ય પાર નહિ ! બેવડો માર !**

આ બધું શેની પાછળ ઊભું થયું ? વિષય-સુખની લંપટતા પાછળ જ ને ? તો એ વિષયસુખ વિટંબણારૂપ ખરા કે નહિ ?

આજે બૂમો મારવી છે કે અનીતિ વધી ગઈ, ઝગડા વધી ગયા, દેશપ્રેમ, દેશબાંધવનો પ્રેમ, ભ્રાતૃભાવ ઘટી ગયા,....પરંતુ એની પાછળનું સચોટ કારણ જે વિટંબણા રૂપ વિષયસુખો છે, એની નવનવી ઉદ્ભટ સાધન-સગવડો અને કેળવણી-પ્રોત્સાહન વધાર્યે જવા છે !! ફરિયાદ ઘટશે ?

**ધનકુમાર દાનીને જુએ છે :-**

આચાર્ય ભગવાન કહે છે કે ધનકુમારને ધનશ્રી સાથેના વિટંબણારૂપ વિષયસુખોમાં કાળ પસાર થઈ રહ્યો છે. જો કે ધન તો સીધો સ્નેહાળ જીવ છે

છતાં વિષયસુખનું સ્વરૂપ તો વિટંબણારૂપ જ ને ? માટે જ જો જો એ ભાવી આપત્તિમાં ઘસડાશે ! હમણાં તો કાળ એમજ પસાર થઈ રહ્યો છે, એવામાં શરદઋતુ આવી. કુદરતની અનેક લીલાઓ થઈ રહી છે. ધનને એક વિશેષતા જોવામાં આવી. નગરમાં એ જુએ છે, તો એ નગરનો **હરિ** નામનો એક સમૃદ્ધ સાર્થવાહ-પુત્ર છે, પરદેશથી ઘણું ધન કમાઇને આવેલો છે, ને એ પોતાની લક્ષ્મીનો ઉપયોગ ખૂબ દાન દેવામાં કરી રહ્યો છે, એ કેટલી મહેનત કરીને કમાવી લાવેલી ધનની કોથળીઓ દાનમાં ખાલી કરતો જાય છે ! આ દુનિયામાં હજીય આપકમાઈના કોડ કરનાર અને આપ કમાઈ કરનારા તો નીકળશે પણ એમાં એવા કેટલા કે જે માનતા હોય કે આપ કમાઈ પર તાગડધિન્ના નહિ કરવાના પણ પરમાર્થ, પરોપકાર કરવાના ? એવા ય કેટલા કે આ માન્યા પછી પરમાર્થમાં ધનના વરસાદ વરસાવતા હોય ? ધનને થયું કે 'આ બહુ ભાગ્યશાળી ! તો મારે આમજ જીવન ગાળવાનું ? ના, હું પણ પરદેશ જાઉં. સારા પૈસા કમાવી લાવું ને આમ મહાદાન દઉં !'

**કોડ કયા છે ?** અફીણ તો મારનારું છે. પણ જો એનો કોઈ જીવન-ઉપયોગ હોય તો, દમ વગેરે વ્યાધિ મિટાવનારી દવા બનાવવાનો ! તેમ આ લક્ષ્મી અને જગતની સાધન-સામગ્રી ઝેર જેવી છે. છતાં એનો કોઈ ઉપયોગ હોય તો પરમાર્થ-પરોપકાર વગેરે સુકૃત સાધવાનો છે, જેથી સંસારના હઠીલા રોગ નીકળી જાય.

ધર્મની ભૂમિકાએ ચઢ્યા પછી આ બે પ્રશ્ન થાય છે કે-

**પ્ર.**- (૧) દાન દેવા માટે પૈસા કમાવાય ? અર્થાત્ ધર્મ કરવા માટે પાપનું કાર્ય કરાય ? તેમ,

(૨) સાંસારિક વસ્તુ માટે ધર્મ કરાય ?

**ઉ.**- આનો ખુલાસો વસ્તુસ્થિતિના મર્મને ઓળખીને સમજવો જોઈશે. પહેલી વાત તો એ છે કે અષ્ટકજીમાં કહ્યું છે **'प्रक्षालनाद् हि पंकस्य दूरादस्पर्शनं वरम्'** પગ કાદવમાં ખરડીને ધોવા કરતાં દૂર રહી કાદવને અડવું જ નહિ એ શ્રેષ્ઠ છે. પ્રસ્તુતમાં, દાન દેવા માટે પૈસા કમાઈને, પછી દાનથી એ પૈસા કમાવાના વેપારનું પાપ ધોવું, એના કરતાં પહેલાં જ એ જ પાપ ન કરવું એ શ્રેષ્ઠ છે. પરંતુ જેને હજી લક્ષ્મી-પરિગ્રહના ત્યાગનો ઉલ્લાસ નથી જાગ્યો, અને બીજી બાજુ આપદ ધર્મ સેવવાની જેને ભારે તમન્ના છે, તે એટલા માટે કે-

**'જીવનમાં ધર્મ એ જ ખરો પુરુષાર્થ છે, ધર્મ એ જ સાર છે, ધર્મથી માનવજીવન સફળ છે, ધર્મ પર જ સાચું મનુષ્યપણું છે, ધર્મ વિનાનું જીવન પશુજીવન છે, ધર્મથી જ આ સંસારમાં ઊંચે આવશે અને ઠેઠ મોક્ષ સુધી પહોંચાશે.'...**

આવું બધું જેના મનને સચોટ ભાસ્યું છે, એવા આત્માની તો એ **ધર્મશ્રદ્ધાની**



**લાગણી અને દાનાદિ ધર્મની પ્રશંસા કરવી જોઈએ, આત્માની એટલી ખીલેલી ઉત્તમતાની અનુમોદના જ કરવી જોઈએ.** પણ નહિ કે એની ટીકાટિપ્પણ કે 'ભલે એણે દાનની મોટી રુચિ રાખીને કમાઈને દાન દીધું, પરંતુ ધર્મ માટે પહેલાં પાપ કેમ કર્યું ? ધર્મ માટે પાપ કરાતું હશે ? એવી રીતે કરીને પછી લ્યો, ધર્મ કરવા બેઠા...' આવી આવી ટીકા ટિપ્પણમાં નહિ ઊતરવું જોઈએ; નહિતર એની દાનરુચિ, ધર્મભાવના, ધર્મશ્રદ્ધા, અને દાનપ્રવૃત્તિ વગેરેની અનુમોદનાનો મહાન લાભ કમાવવાનું રહી જશે, ને નિંદા-જુગુપ્સાના પાપમાં પડવાનું થશે.

અલબત આનો અર્થ એ નથી કે કોઈ દાન દેવા માટે ચોરી-લૂંટફાટ જેવા નીચ ધંધા કરી પૈસા લાવે અને પછી દાન દે તો એવા દાનની અનુમોદના કરવી. આવા દાનની અનુમોદના કરાય જ નહિ. આમેય ધર્મિઆર્યત્વનો નાશ કરે એવા ધંધા કરાય જ નહિ, તો ધર્મ કરવાના હેતુએ પણ ન કરાય એ સ્પષ્ટ છે. અરે ! શાંતિથી ધર્મ-સાધના કરવા માટે જ્યાં માત્ર પેટ ભરવા જેટલું જ કમાવવાનો ગૃહસ્થને અધિકાર છે, ત્યાં ધર્મ કરવાના ઉદ્દેશથી પણ નીચ-હલકટ ધંધા કરવાની વાત શી ?

બાકી ધર્મ-સાધના શાંતિથી કરવાના ઉદ્દેશથી પેટ પૂરતું ઉચિત રીતે ઉપાર્જે એ ધર્મ માટે આરંભાદિ પાપ કરવાનું થયું છતાં એને થોડો જ નિષેધ કરી શકાય ? ખુદ શાસ્ત્રે કહ્યું છે કે શ્રાવક આજીવિકાની ચિંતા અર્થે જાય. શા માટે ? ભીખ માગવી એ લાંછન છે, અને આજીવિકા વિના એની ધર્મ સાધના સીદાય છે, ધર્મ સમાધિ ટકતી નથી, માટે એ વિધાન છે.

**કેવળ પરોપકાર ખાતર કમાઈ કરવા જનારની સમજ :-**

સારાંશ, નીચ ધંધા, અનુચિત ધંધા તો નહિ જ કરવા જોઈએ. પણ જો કોઈ ઉચિત વેપાર કરે છે, અને તે માત્ર મોટો પરોપકાર કરવા માટે, ને તે પણ એ સમજથી કે 'બીજાના પૈસાથી દાન કરીએ એમાં આપણે શો ભોગ આપ્યો ? એમ પારકે પૈસે ફળ મળે ? કે ક્યાંથી પુરુષાર્થ કર્યો કહેવાય ? એ તો સ્વોપાર્જિત ધનથી દાન કરીએ, ભક્તિ કરીએ, તો ખરેખરો પુરુષાર્થ થાય, અને રીતસર ફળ મળે.' આવી સમજથી એ યોગ્ય વેપાર કરવાનું કરે છે, એની ટીકા-ટિપ્પણમાં ઊતરવા કરતાં એની ધર્મ ધગશની અનુમોદના કરવામાં ડહાપણ છે.

**અંગત માટે શું ? :-**

અલબત, આપણી જાત માટેનો પ્રશ્ન આવે કે 'આપણે દાન કરવા માટે ધન કમાવવાનું કરવું કે નહિ ?' આ પ્રશ્ન આવે ત્યાં એ વિચાર ખાસ કરવાનો છે કે.

**(૧) ધન કમાઈ લાવવામાં શું દાનની જ રૂચિ જાગી છે ?**

(૨) **એ રીતે કમાઈ લાવ્યા પછી શું ધનની મૂર્ચ્છા જાગવાનો સંભવ અને દાનમાં સંકોચ કરવાની મનોવૃત્તિ થવાનો સંભવ નથી ?'**

(૩) **વળી, ઉચિત પણ વેપાર કરતી વખતે શું તીવ્ર રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂયા અસત્ય-કઠોરતા વગેરે થાય એવો સંભવ નથી ?**

આ ત્રણેય બાબત પર ખાસ ધ્યાન દેવાનું છે, નહિતર દાનાદિ ધર્મ કરવાના ઉદ્દેશથી પૈસા કમાવવા જતાં ઈદં તૃતીયં થશે, ધનની મૂર્ચ્છા ને વેપારમાં તીવ્ર રાગ-દ્વેષાદિનાં પોષણ એવાં થશે કે જે અહીં પણ,

૧. આત્માને સંતોષાદિ ગુણોથી વંચિત રાખશે !

૨. હૃદય વધુ ક્લુષિત.

૩. ચિત્ત વ્યગ્ર, અને

૪. કાયાને વર્તમાનમાં શક્ય ધર્મસાધનાઓથી વંચિત રખાવશે !!

પરલોક માટે પણ ચીકણાં પાપના ભાર વધારી આપશે ! તેથી આપણા માટે આ ઉચિત નથી, તેમ બીજાને એની સલાહ દેવી ય ઠીક નથી.

**મળેલામાંથી પરમાર્થ સાધી લેવો એ જુદી વસ્તુ છે, અને પરમાર્થ કરવા માટે મેળવવા જવું એ જુદી વસ્તુ છે. એટલે તો,**

**દાન કરતાં ત્યાગનું મૂલ્ય ઊંચું છે.**

**પરિગ્રહી ગૃહસ્થના દાન-ધર્મ કરતાં અપરિગ્રહી સાધુનો ત્યાગ-ધર્મ બહુ પ્રભાવવંતો અને મહાલાભકારી છે.**

**પરિગ્રહીમાં પણ મહાપરિગ્રહી દાની કરતાં અલ્પપરિગ્રહી સંતોષી (આશાત્યાગી) ઊંચો છે;** જેમ પૂણિયો શ્રાવક.

'આ, **ધર્મ માટે પાપ કરાય ?**' એ એક પ્રશ્નની વાત થઈ, હવે બીજો પ્રશ્ન, -પાપ માટે ધર્મ કરાય ? અર્થાત્ **સાંસારિક ઉદ્દેશથી ધર્મ કરાય ? એની વિચારણા જુઓ.**

અહીં **સાંસારિક ઉદ્દેશ બે રીતે** જોવા જોઈશે.

૧. એક તો જે જીવ પુદ્ગલાનંદી છે, અથવા પાછળથી બની ગયો છે એણે એ ઉદ્દેશ ઊભો કર્યો છે; અને

૨. બીજો ધર્માત્મા છે, ધર્મનો શ્રદ્ધાળુ છે, એને સાંસારિક પ્રયોજન ઊભું થયું છે, જે ધર્મશ્રદ્ધાના બળે ધર્મસેવા પર સિદ્ધ કરવું છે.

**પુદ્ગલાનંદીની દશા :-**

બેનો ભેદ સમજાય છે ને ? પહેલા પુદ્ગલાનંદી જીવને તો માત્ર પૌદ્ગલિક સુખોની જ એક લગની છે, અથવા ઊભી થઈ છે. એને આત્મકલ્યાણની કોઈ પડી



નથી. એવાને એમ લાગ્યું કે ધર્મ કરવાથી આ દુનિયાનાં સુખ મળે છે, 'તપ કરો પૈસા મળશે, પ્રભાવના મળશે, નવપદજીની ઓળી કરો ઘરભર્યું બનશે, ઘોડિયા પારણું લો ઘેર ઘોડિયું બંધાશે,' અને પછી તેમ કર્યું, એણે તો જે ધર્મક્રિયા કરી એ વિષક્રિયા છે; કેમકે એને પૂછો 'ભલા ભાઈ ! આ કરીને તારે પાપક્ષય; પુણ્ય, સદ્ગતિ કાંઈ નથી જોઈતું ?' તો એ પુદ્ગલાનંદી કહેશે 'એ કાંઈ અમે સમજતા નથી. અમારે તો રોકડો અહીંનો લાભ જોઈએ.'

એવી વિષક્રિયારૂપ ધર્મ કરી કરીને એ મોહની વૃદ્ધિ કરી રહ્યો છે ! એમ ધર્મક્રિયા કર્યાનું ફળ મળ્યેથી રાજી થાય માટે એને ધર્મની શ્રદ્ધા થઈ રહી છે એમ સમજતા નહિ, કેમકે એને તો ગળે એકલા દુન્યવી સ્વાર્થની લગની છે. ધર્મને તો એક કામ પૂરતું સાધન બનાવ્યું છે. એકાંત સ્વાર્થી માણસ કોઈ શેઠને સેવે અને લાભ મળે તેથી રાજી થાય એમાં કાંઈ શેઠ પર એ શ્રદ્ધાળુ નથી બનતો. એ તો એણે સમજી રાખ્યું હોય છે કે 'શેઠ આજે દે છે પણ કાલે કદાચ ન ય દે, તેથી આપણે તો જે મળ્યું છે એની જ બરાબર સંભાળ કરવાની. શેઠની સેવા તો આટલા માટે જ.' આવો માણસ સ્વાર્થ ઉપરાંત કે સ્વાર્થ ઘવાયે શેઠની શી સેવા કરવાનો ? શેઠની વફાદારી,- 'શેઠ જ દાતાર છે તો સુખી છીએ'- એવી આસ્થા વગેરે શાની કરે ?

**અનંતી ધર્મક્રિયા કેમ નકામી ગઈ ?**

જુઓ અનંતી દ્રવ્ય ક્રિયાઓ અર્થાત્ પોતાના સંસારમાં છેલ્લા પુદ્ગલ-પરાવર્ત કાળ પૂર્વેના અનંતા કાળમાં જીવે અનંતીવાર ધર્મક્રિયાઓ કરી છતાં એ એળે કેમ ગઈ ? કહેવું જ પડશે કે ધર્મક્રિયાઓ, -વ્રત, તપ, જપ વગેરે,- આત્મતારક ધર્મબુદ્ધિથી નહિ કરી, માત્ર દુન્યવી સુખો માટે જ એ આચરી ! પરિણામે એ ધર્મક્રિયાએ પુણ્યનો લોચો તો પકડાવી દીધો, ને એનાં ફળરૂપે વિષયસુખો તો મળ્યાં, પણ પૂર્વે સેવેલી મોહમય વાસના આ મળવા પર ઊલટી માતબર થઈ ! એણે સુખમાં ગાઢ આસક્ત બનાવ્યા, લંપટ બનાવ્યા ! ફરી એની પાછળ કેઈ કષાયો કરાવ્યા ! અને છેવટે જીવને દુર્ગતિમાં રખડતો કરી દીધો ! ફરી પાછી કોઈ મુશીબતે મળેલ માનવભવમાં એણે વળી ધર્મ સાથે સોદો કર્યો, 'ધર્મ ! હું આટલી તારી ક્રિયા કરીશ, તું મને આટલું આપી દેજે.' એ કરીને મળ્યું...બસ ! આ પ્રમાણે ધર્મક્રિયાં કરવા છતાં સંસાર-પરિભ્રમણ ચાલુ જ રહ્યું ! ધર્મ તો સંસારથી તારે; છતાં કેમ ન તરાયું ? કહો, માત્ર પાપ માટે જ ધર્મ કર્યે ગયો તેથી. વિષતુલ્ય વિષયોનાં સુખની લાલસા એ પાપ છે ને ?

આ સુખની લાલસા ક્યારેક ક્યારેક જોર કરી ગઈ ત્યારે તો વળી દુન્યવી

લાભનું **નિયાણું એટલે દુન્યવી લાભની અભિનિવેશવાળી આશંસા કરી.** 'મારા તપનું, મારા સંયમનું કાંઈ પણ ફળ હોય તો મને આવી સુખ-સામગ્રી, આવું બળ કે આવા ભોગ જ મળજો'- એ **નિયાણાએ એવા ગાઢ પાપના અનુબંધ નાખ્યા કે તપ-સંયમના પ્રભાવે માગેલા લાભ મળતાં, જીવ બેફામપણે અહંકારાદિ કષાય-લંપટ અને વિષયલંપટ બન્યો !!** એમાંથી ભયંકર દુર્ગતિના ભવની પરંપરા ચાલુ થઈ !!

આ બધું જોતાં એ ધ્યાનમાં રાખવાનું કે આવાં નિયાણાં તો હરગીઝ ન કરીએ. ધર્મ કરો તે એ કરેલા ધર્મને પાપ માટે નહિ બનાવવાનો. તેમ નવો ધર્મ કરીએ એ પાપ માટે નહિ કરવાનો. **વિનયરત્ને** ઉદાયી રાજાનું ખૂન કરવા માટે જ ચારિત્ર અને વિનય ધર્મ કર્યો એને કેવો કહેશો ? ત્યાજ્ય જ ને ? માટે સામાન્ય નિયમ આ, કે પાપ માટે ધર્મ નહિ કરવો. પણ અહીં પ્રશ્ન ઊઠે છે,

**લાલચ આપી ધર્મ કરાવાય ?**

**પ્ર.**- વ્યાખ્યાનમાં, પૂજામાં કે કોઈ સામૂહિક તપ વગેરેમાં સારી પ્રભાવના રાખીએ છીએ તો લોકો પ્રભાવનાની લાલચે વધારે સંખ્યામાં આવે છે. તો શું જે એવા લાલચવાળા લોકો આવતા હોય તેને એ લાલચના પાપ માટે ધર્મ કરાવવો ? પ્રભાવના રાખવાથી એ બને છે.

**ઉ.**- આના પર જરા મુક્ત મને અને દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવા જેવો છે. એના માટે પહેલાં બાળકનો વિચાર કરો. કેટલાંક બાળક સહેજે સહેજે દેરાસર-ઉપાશ્રયે કે ધાર્મિક પાઠશાળાએ નથી જતાં. કે ઘરે પણ ધાર્મિક સૂત્ર વગેરે નથી ગોખતા, પરંતુ જો મા-બાપ બીક આપે છે કે લાલચ દેખાડે છે તો તેમ કરે છે. તો શું એમ કરવું વ્યાજબી નથી ? હા, અલબત બાળકને યોગ્ય ધર્મ-સમજુતી કરવાથી એ ધર્મ કરતો થાય એ સારું છે; પરંતુ એને પોતાને શિક્ષા ન થાય એ ડરથી કે પુણ્ય અથવા બીજી ઐહિક વસ્તુની લાલચથી પણ જો દેવ-દર્શનાદિ ધર્મક્રિયા કરતો રહે છે. તો સમજણો થતાં એને ભય, લાલચ છૂટી જઈને શુદ્ધ ધર્મક્રિયા ચાલુ રહેવાનો મોટો સંભવ છે. અને તેવા દાખલા પણ છે. ત્યારે **એ રીતે પણ એને ધર્મમાં ન જોડતાં તો એનામાં બાળપણથી ધર્મના સંસ્કાર જ નથી પડતા.** એટલે મોટા થયે એ બિચારા ધર્મથી અજાણ અને અલિપ્ત રહે છે.

**બાળકમાં લાલચથી પણ ગુણોનું સંસ્કરણ જરૂરી છે :-**

અરે ! ધર્મક્રિયાની વાત તો શું પણ વિનય, ઉદારતા ગૃહસ્થાઈના સારા ગુણો અને આચારોમાં પણ શું છે ? એમ પ્રારંભમાં તો ભય દેખાડીને યા લાલચ બતાવીને એનામાં ગુણો કેળવવા પડે છે. પ્રારંભથી જો એ માતપિતાદિનો વિનય



વગેરે કરતો થયો તો મોટો થતાં ગુણીયલ રહેવાનો; ને એ ન કર્યું તો દુર્ગુણી પાકે છે, દુરાચારી નીવડે છે. તો શું ગુણો-સદાચારો વગેરે લાલચથી પણ ન શિખવવા કે ન કરાવવા ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૬,તા.૧૭-૧૦-૧૯૫૯

**મોટાઓ પણ ધર્મના સંસર્ગમાં આવે તો સુધરે :-** બસ, આ રીતે મોટાઓનો વિચાર કરવાનો છે. મોટાઓ પણ જો લાલચથી ધર્મક્રિયામાં જોડાતા હોય તો તે પણ તત્ત્વ દૃષ્ટિએ બાળ છે. એ રીતે પણ જો એ ધર્મક્રિયામાં જોડાતા દેખાય છે, ધર્મના સંસર્ગમાં આવતા રહે છે, તો કોઈ દિ' એમના અંતરના ચક્ષુ ખૂલવાનો સંભવ રહેશે. ધર્મક્રિયાથી વિમુખા અને ધર્મસ્થાનથી દૂર જ રહેવામાં એ ક્યાંથી આ કાળે શક્ય બનવાનું હતું ? આમેય એટલું બધું ધર્મનું મમત્વ તો છે નહિ ને લાલચથી પૂજાઓ-વ્યાખ્યાન વગેરેમાં એમને નહિ તો બીજી શી રીતે ક્યારેય એમને ધર્મનું આકર્ષણ કે મમત્વ જાગવાનું હતું ? ત્યારે એ વિચારો કે વ્યાખ્યાનમાં આવ્યો તો એના કાને શું પડશે ? ધર્મના જ બે અક્ષર ને ? એમ કહો કે ધર્મનો ઉપદેશ સાંભળતા સાંભળતા જો એકાદ અક્ષર પણ એના હૈયે ચોટી ગયો તોય તે એને તારક બનશે ! એનામાં ધર્મનું બીજ નાખશે ! અને એ તો ઉપદેશકની હોશિયારી હોય છે ને, કે સંસાર, વિષયોની લાલસા, દુર્ગતિનાં દારૂણ સ્વરૂપ... વગેરે એવાં વર્ણવે છે કે પેલાને પોતાની તૃષ્ણા પ્રત્યે વિરાગ જન્મે છે ! એમ સાધુ ધર્મનાં ને રૂડાં આત્મ-કલ્યાણનાં એવાં ભવ્ય સ્વરૂપ વર્ણવે છે કે એ સાંભળતાં પેલાને એની રુચિ જાગે છે. આ તો વ્યાખ્યાનની વાત થઈ. પણ તે સિવાય બીજી પણ પૂજાઓ, ઉપધાન, તપો વગેરે ધર્મ પ્રવૃત્તિમાં પણ લાલચથી ય રાખવામાં રહેનારને વિજળીના ઝબૂકા જેવોય પરમાત્મ ભક્તિપ્રેમ, તપપ્રેમ, ધર્મપ્રેમ વગેરે જાગવાનો સંભવ છે.

એટલું વિચારજો **કે શાસનનો અવિચ્છિન્ન પ્રવાહ ચાલ્યો આવે છે એ શાના આધારે ? ધર્મક્રિયાઓના અવિચ્છિન્ન પ્રવાહ ઉપર જ ને ?** તો શું બધાય જીવો પ્રારંભથી શુદ્ધ ધર્મની આરાધના કરતા થયા હશે ? નવા-નવા જીવો પણ જે જોડાતા જાય છે એ શાથી ? ઘણા તો શુદ્ધાશુદ્ધ ધર્મક્રિયા સાધનારાઓના મોટા સમૂહને જોઈને જોડાય છે, તો હુંય લખાવું' એમ કરીને જોડાય છે. એના બદલે જો કેવળ શુદ્ધ ક્રિયા કરનારાઓની અલ્પ સંખ્યા એ જુએ તો જોડાવા ઉત્સાહિત નથી થતા, ત્યારે પૂછો ને.

**પ્ર.**- '**ધૂમધામે ધમાધમ ચલી** એમ કેમ કહ્યું' ?

ઉ.- અહીં એના પૂર્વનું વાક્ય તપાસશો, તો રહસ્ય સમજાશે. ત્યાં **વિષયરસમાં ગૃહી રાચિયા, નાચિયા કુગુરુમદ પૂર રે,'**- એમ કહ્યું છે. અલબત્ત, ત્યાં ગૃહી એટલે કે ગૃહસ્થો વિષયરસમાં રાચ્યા છે, એમ કહ્યું, પરંતુ સાથે સાધુ પૂરા મદમાં અથવા અર્થ-કામ યા જાતવાહવાહના પૂરા ઉન્માદમાં નાચી કુગુરુ બન્યા રહે છે, એમ સાથે કહ્યું છે. પરંતુ સાધુ જો સુગુરુ બન્યા રહે, મદ કે ઉન્માદમાં ન ચઢે, અને જિનાજ્ઞાનુસારી સંવેગ-વૈરાગ્યથી ઝળહળતો ઉપદેશ આપે તો એ વિષયાસક્ત પણ જીવોને વિરાગ દશાવાળા બનાવે. એ બન્યાના કેઈ દાખલા છે. ત્યારે એ પૂછો

**પ્ર.**- તો પછી **અવિધિએ ગાડું ગબડાવે જતાં શાસનના ઉચ્છેદની સંભાવના યોગવિશી શાસ્ત્રમાં કેમ કહી ?** શાસન એટલે જિનાજ્ઞા અને જિનાજ્ઞા મુજબ પળાતાં આચાર-અનુષ્ઠાનો.

ઉ.- અવિધિએ ગબડાવવામાં શાસનનો ઉચ્છેદ આવીને ઊભો રહે એમ કહ્યું છે એનો ભાવ સમજો. ભાવ એ કહ્યો છે કે **વિધિની ઉપેક્ષા કરે તો એમ બને.** હૃદયમાં વિધિની જરૂર માનીને સંયોગવશ કે અશક્તિવશ અવિધિથી પણ ધર્મક્રિયા કરતો હોય ત્યાં અવિધિએ ગબડાવ્યું ન કહેવાય. નહિતર તો આજે જિનપૂજા મધ્યાહ્ન કાળે કરનારા કેટલા ? આજના બજારના કાળ ફરી ગયા, ત્યાં પૂજાના કાળની વિધિનો ખપ છતાં વિધિ કેટલા સાચવી શકવાના ? તો શું એ બધાને પૂજા બંધ કરાવી દેવી ? પૂર્વના કાળે પણ એવા નોકરિયાત કે ધંધાવાળાને મધ્યાહ્ન કાળ સાચવવો મુશ્કેલ હશે એવાને પૂજા બંધ ? ખરી વાત આ છે કે,

**વિધિની ઉપેક્ષા અવગણના, બેપરવાઈ કરે તો એની ક્રિયાની કિંમત નથી.** બાકી તો,

**વિધિના બહુમાનવાળો સંયોગવશ કે પ્રમાદવશ અવિધિથી કરતો હોય એ એની અભ્યાસદશા છે. વિધિનું બહુમાન અવશ્ય જોઈએ.** અભ્યાસ કરતાં કરતાં શુદ્ધ માર્ગપાલન પર પહોંચી શકે છે. ઉપધાન ન કરેલાને પણ નવકાર અપાય છે, તે અભ્યાસ પડાવવા માટે જ. અલબત એને વિધિની અગત્ય અને લાભનો ખ્યાલ આપવો જોઈએ. આ રીતે અભ્યાસ પડાવાય છે તો ઠેઠ બાળપણથી નવકાર-દેવદર્શન-ચૈત્યવંદન-વ્યાખ્યાન-શ્રવણ, સામાયિક પ્રતિક્રમણ અને તપ વગેરેની મમતા ઊભી થાય છે. એવું મોટાઓને પણ **ધર્મ-ક્રિયામાં જોડાવાનો અભ્યાસ પડતાં થોડી પણ દેવ-ગુરુ-ધર્મની મમતા ઊભી થાય છે;** અને શુદ્ધ ધર્મપાલનમાં એમાંથી આવનારા બને છે.

આ તો થઈ સામૂહિક દૃષ્ટિએ લાલચથી પણ થતા ધર્મની વાત.



**ધર્મશ્રદ્ધાળુનો ઐહિક પ્રયોજને ધર્મ :-**

હવે વ્યક્તિગત ધર્મશ્રદ્ધાળુ કે જેને દુન્યવી કોઈ પ્રયોજન ઊભું થયું છે, તો એ માટે ધર્મ કરે કે નહિ ? એનો વિચાર જુઓ, દા.ત. માણસને તાવ આવ્યો છે, એ ઊતરી જાય એ માટે નવકાર કે બીજો કોઈ ધર્મ કરે કે નહિ ? કોરટમાં જજમેન્ટ લેવા જવું છે, નવકાર આદિ મંગળ કરીને જાય કે નહિ ? જો 'હા' કહેશો તો પ્રશ્ન થશે કે શું દુન્યવી ઉદ્દેશથી ધર્મ થાય ? આરંભ-પરિગ્રહાદિ પાપ માટે ધર્મ થાય ? ત્યારે (૨) જો 'ના' કહેશો કે ધર્મ મંગળ ન કરે, તો ધર્મ કરવાનું તો એના ચોક્કસ અલ્પ કાળ માટે જ રખાશે અને બાકીનો દિવસ-રાતનો મોટો ભાગ ધર્મથી સ્પર્શાવી શકાશે નહિ ! અથવા સંસારની કોઈપણ ક્રિયાને ધર્મ મંગળથી અલિપ્ત જ રાખવી પડશે. તમે કહેશો મોક્ષના ઉદ્દેશથી ત્યાં નવકાર ગણે, ઉવસગ્ગહરં ગણે, પૂજા ભણાવે, તપ કરે, વગેરે કરી શકે ને ? પરંતુ એની સામે તો એ કહેશે કે 'એતો સવારે ઊઠીને હું કરી લઈશ; અથવા એ કરું એમાં સંસાર-ક્રિયાના પ્રારંભને ધર્મથી સ્પર્શાવાનું ક્યાં આવ્યું ?' માટે સમજો કે ધર્મશ્રદ્ધાળુ આત્માને એ ખ્યાલ છે કે 'ધર્મ એ પ્રધાન પુરુષાર્થ છે; કેમકે અર્થ-કામ-મોક્ષ ધર્મથી જ સિદ્ધ થઈ શકે છે. દુન્યવી મહેનતથી પૈસા આવતા દેખાય ત્યાં પણ મુખ્ય કારણ તો પૂર્વે સાધેલા, ધર્મ જ છે. પૂર્વે ધર્મ સાધેલો, તેનાથી જન્મેલા પુણ્યના યોગે પૈસા પ્રાપ્ત થયા ! પૂર્વના ધર્મની હૂંફ હતી તો રોગ ટળીને આરોગ્ય મળ્યું ! માટે મારે તો ધર્મ એ જ મુખ્ય કર્તવ્ય છે. **અહીં મારે જે કાંઈ સારું થાય એ ધર્મના જ રૂડાં પ્રતાપે. નવકાર-સ્મરણ વગેરે મારા ધર્મમાં એ તાકાત છે કે બધું સારું કરી આપે. સારું થશે તો એનાથી જ થશે.** માટે એનું શરણું લઉં. રોગ આવ્યો, ભલે દવા લઉં, પણ નવકાર આદિ ધર્મની સહાય હશે તો જ રોગ જશે, માટે એ તો ખાસ કરું," આવી જે ધર્મ પ્રત્યે અથાગ શ્રદ્ધા છે, ઊછળતી પ્રીતિ છે, એ શું દુનિયાના પ્રસંગોમાં પણ ધર્મ ન કરે ? શું એનું ત્યાં નવકાર સ્મરણ કે પૂજા-તપ વગેરે વિષક્રિયા એટલે કે ત્યાજ્ય ક્રિયા છે ? 'લાવ, કેસમાં ફસાઈ પડ્યો છું, આંબેલ કરીને જવા દે જેથી આપત્તિ ટળી જાય, ચિત્તને સમાધિ રહે. ધર્મ વિના કોઈ આધાર નથી...' એમ કરીને જનારને દિલમાં એ શ્રદ્ધા છે કે આંબેલ કરીને મોક્ષ તો મળે જ છે, પરંતુ અંતરાયાદિ કર્મ પણ ઘટે છે, પુણ્ય પણ વધે છે. 'સાચી ચીજ તપ છે, નવકાર છે, ધર્મ છે,'- એ શ્રદ્ધા ટકાવવા એ તપ વગેરે ખૂબ કરું, નવકાર વારંવાર યાદ કરું...' આ ધગશ છે. માટે તો **ધર્મસંગ્રહમાં** કહ્યું કે અર્થચિંતા માટે અર્થાત્ પૈસા રળવા માટે શ્રાવક જાય ત્યારે નમસ્કારાદિ મંગળ કરીને જાય; કેમકે એ માને છે કે **ધર્મ એ પ્રધાન પુરુષાર્થ છે,** અર્થ કામ અને મોક્ષ પુરુષાર્થ ખરા, પણ એની પ્રાપ્તિમાં મુખ્ય કારણ

ધર્મ છે. પૈસા મળશે, સુખ મળશે, યાવત્ મોક્ષ મળશે, તે પણ ધર્મથી જ મળશે.'

**જૈનશાસનનો અનેકાંતવાદ ન વીસરો :-**

માટે એકદમ વિષક્રિયાનો સિક્કો અને ત્યાજ્ય તરીકેનો સિક્કો જ્યાં ત્યાં ન લગાડી દેતા. **અનેકાંતવાદનું આ શાસન છે; દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સાથે આશયને પ્રધાન કરવાનું શાસન છે.** પ્રાયશ્ચિત્ત પણ આપતા પાપ કરનારનો આશય જોવાય છે. શુભ આશયની રક્ષા માટે અપવાદ માર્ગનું ક્યારેક સેવન પણ થાય છે. હૈયાના આશય ઉપર પુણ્ય-પાપના બંધ પડે છે. વ્યવહારમાંય છરીથી તો ડોક્ટર પણ અંગ કાપે છે (ઓપરેશનમાં), અને કસાઈ પણ અંગ કાપે છે, પરંતુ ડોક્ટર દયાળુ ગણાય છે ! કસાઈ ક્રૂર ઘાતકી મનાય છે ! શાના પર આ ભેદ ? કહો કે બંનેના આશય જુદા છે માટે. બસ, એ જ રીતે અહીં ધર્મક્રિયામાં જોવાનું છે, ઊંડો આશય શું છે ? ઉપરથી તો કદાચ એમ દેખતા જશો કે 'તાવ આવ્યો ત્યારે મારા વાલાએ બહુ નવકાર ગણ્યા ! બેસતે મહિને મોટી સ્નાત્રપૂજા કરી,' વગેરે, પરંતુ અંદર ધર્મની શ્રદ્ધા કેવી છે એ તપાસો. એ મોક્ષરુચિ જીવ છે કે નહિ એ જુઓ. વર્તમાન ઉદ્દેશ સર્યા પછી પણ એને ધર્મનો ખપ છે કે નહિ તે તપાસો. જુઓ કે સ્નાત્રથી મહિનો સારો જાય, પૈસા મળે, આરોગ્ય રહે...,' વગેરેની પાછળ પણ મુખ્યપણે એ બેઠું છે ને કે **'ધર્મસાધના સારી ચાલ્યા કરે, દુર્ધ્યાન-અસમાધિના પાપ ન વળગે, સદ્ભાવનાઓ બની રહે,....'** ઇત્યાદિ.

**ધર્મપ્રવૃત્તિના અભાવે શ્રદ્ધા ઘટતી જાય છે :-**

સારાંશ, આજના વિષમકાળ સામે જોશો તો દેખાશે કે જે અશુદ્ધ પણ ધર્મ પ્રવૃત્તિના અભ્યાસમાં નથી, એવી નવી પ્રજા ધર્મ પ્રત્યેની અશ્રદ્ધાના અને જડવાદના માર્ગે ઘસડાઈ રહી છે ! ત્યારે જેને કુલાચાર વગેરેથી ધર્મપ્રવૃત્તિનો અભ્યાસ ચાલુ છે, એ જીવનમાં ધર્મશ્રદ્ધા ટકાવી શક્યા છે; એજ આગળ પર સદ્ગુરુયોગ વગેરે પામી ધર્મ સાધવામાં આશયની શુદ્ધિ કરી શકે છે.

**આ ચર્ચામાંથી સ્વજીવનમાં શું લેશો ?**

આ બધી વિચારણાનો સાર 'માત્ર તત્ત્વ શું,' એટલું જ સમજવાનો નથી પણ સાથે સાથે ઊંચા શુભ આશય શિખવા-કેળવવાનો છે. **'જે ધર્મમાં ઠેઠ મોક્ષ અપાવવાની તાકાત છે, સર્વ અંતરાય તોડવાની શક્તિ છે, એ થોડું પુણ્ય પણ કેમ નહિ આપે ? થોડા અંતરાય કેમ નહિ તોડી શકે ? તો ધર્મ કરીને મારે દુન્યવી સિદ્ધિની ઈચ્છામાં અટકી પડવાની કે અટવાઈ જવાની શી જરૂર છે ? ધર્મ તો તારણહાર છે. ધર્મથી જ બધું સારું થશે; જિનભક્તિ, નવકાર, તપ આદિના આલંબનથી દુન્યવી કાર્યની સિદ્ધિ ઈચ્છું, તે પણ મુખ્યપણે ચિત્તની સમાધિ ટકે**



**એટલા માટે, ધર્મમાં આગળ વધવા માટે. ક્યારે એવો ધન્ય દિવસ આવે કે ઉચ્ચ ધર્મ સાધીને ઊંચા મોક્ષ ફળને પામું.'...** વગેરે શુભ આશય કેળવવાનો છે. શાસ્ત્રે રોહિણી તપ, સૌભાગ્ય તપ વગેરે કહ્યા છે તે સ્ત્રીઓએ વિષયસુખની લાલસાએ નથી કરવાના. પરંતુ સૌભાગ્ય-સધવાપણું ટક્યું રહેતા, સમાધિ ટકે એટલા માટે. 'જય વીયરાય' સૂત્રમાં ઈષ્ટફળસિદ્ધિની માગણી પણ સમાધિના હેતુથી છે.' 'હું બીજાની બહુ ચાપલુશી કરું, દીનતા કરું એના કરતાં મારા પરમાત્માને અરજી ન કરું ? મારા નવકારાદિ ધર્મની પાસે આશા ન રાખું ?' આ ભાવના, આ શ્રદ્ધાબળ, ધર્મશ્રદ્ધાળુને હોય અને વાતે વાતે પ્રભુભક્તિ કરે, નવકાર ગણે, એ શું ખોટું કરે છે ? પ્રભુને જ પ્રાર્થના કરે એમાં ખોટું શું છે ?

ત્યારે, **શું માગણી અર્થાત્ પ્રાર્થના કરવાથી મળી જાય ?** હા, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે અરિહંત ભગવાનને પ્રાર્થના કરવાથી સિદ્ધિ થાય છે. આપણો અટલ વિશ્વાસ જોઈએ, તો **'જિનભક્તે જે નહિ થયું રે, તે બીજાથી નહિ થાય રે'**-એવી સમ્યક્ત્વની શુદ્ધિ રાખવા પર ઐહિક ઉચિત કાર્યો પૂર્વે નમસ્કારાદિ મંગળ, તપ મંગળ, દાનમંગળ વગેરે કરે એમાં શું ખોટું છે ? પછી એમાં કદાચ કાર્ય સિદ્ધ ન થયું તોયે મનને થશે કે 'મારે પ્રબળ પાપનો ઉદય લાગે છે. મારી ધર્મશ્રદ્ધા કે પ્રભુભક્તિમાં ખામી લાગે છે. લાવ, વળી અધિક ધર્મ મંગળ સેવું, પ્રભુને વધારે સમર્પિત થઈ વધારે ભક્તિ કરું.'

**શ્રદ્ધા-ઉપાસનાને લૌકિક સિદ્ધિ આધારે ન માપો :-**

આમાં એક મુખ્ય કાળજી રાખવાની છે કે દેવગુરુધર્મની શ્રદ્ધા અને ઉપાસનાને ઐહિક સિદ્ધિઓના આધારે નથી માપવાની, કે 'આટલું મળે તો એ સાધના સફળ થઈ, વધારે મળે તો વધારે સફળ થઈ.' એમ માપવા જતાં તો જો કદાચ નહિ મળે કે ઓછું મળશે તો શ્રદ્ધા ઓછી થવાનો ભય છે. **ધર્મના પ્રભાવને રૂપિયા આના-પાઈથી ન મપાય.**

**ધર્મનો પ્રભાવ ક્યાં માનવો ? :-** ધર્મનો પ્રભાવ તો ઊંચો છે, ઠેઠ મોક્ષદાન સુધીનો છે. એની પૂર્વે ઉચ્ચ નિર્મળ સત્ત્વ, ઊંચુ આત્મબળ, ઊંચી વિશુદ્ધ પરિણતિ, ઊંચા ગુણસ્થાનક, ઇંદ્રિય-કષાયના નિગ્રહ વગેરેનાં દાન કરવાનો મહાન પ્રભાવ ધર્મનો છે. એના પર જ લક્ષ જોઈએ.' દેવ-ગુરુ-ધર્મની સેવાથી મળતું હોય તો આ નિર્મળ સત્ત્વ, વગેરે મળો. આ વધુ મળે એમ મારી સાધના વધુ સફળ 'એમ હું વિશેષ ન્યાલ થયો !' એ ધ્યેય જોઈએ. દુન્યવી પ્રયોજન પણ સિદ્ધ કરવાની ઈચ્છા થાય તોય તે આ ઊંચા નિર્મળ સત્ત્વ-વિશુદ્ધિ વગેરે મેળવવા માટે. આ બધાની આગળ ઐહિક વસ્તુઓ કશી વિસાતમાં નથી.

બે પ્રશ્નની વિચારણા થઈ. 'ધર્મ માટે પાપ થાય ? પાપ માટે ધર્મ થાય ?' આજ પ્રશ્ન હતા ને ? એ શાના ઉપર ઉપસ્થિત થયા હતા ? સમરાદિત્યનો જીવ ચોથા ભવમાં ધનકુમાર નગરમાં આપકમાઈ કરી આવેલા એક શ્રેષ્ઠી પુત્રને વિપુલ દાન કરતો જોઈ પોતે વિચારે છે કે 'હું પણ આવું દાન કરવા પરદેશ જઈ પૈસા કમાવી લાવું, ને પછી છૂટે હાથે ઉછાળી કેઈ દીન-અનાથના દુઃખ ફેડું !' આમાં દાન કરવા માટે પૈસા કમાવવાનો વિચાર કર્યો એના પર પ્રશ્ન ઊભો થયો કે દાન ધર્મ માટે વેપારના આરંભ-સમારંભ અને ધન-પરિગ્રહના પાપ કરાય ? આ પ્રશ્નના અનુસંધાનમાં એ પ્રશ્ન વિચાર્યો કે તો પછી પાપ માટે ધર્મ થાય ? હવે જુઓ આગળ ધનકુમારનું શું બને છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૭,તા.૨૪-૧૦-૧૯૫૯

**ધનકુમાર ઉદાસ બને છે :-**

ધનકુમારે આપકમાઈ અને દાનનો વિચાર તો કર્યો, પરંતુ પોતાના પિતા પાસે એટલી બધી અઢળક લક્ષ્મી છે કે એ નગરમાં કુબેર ધનપતિ જેવો ગણાય છે; એ પુત્રને આ માટે પરદેશ જવામાં સંમત કેમ થાય ? કારણ કે પોતે ય પાછો ઉદાર છે એટલે પુત્રને યથેચ્છ દાન દેવામાં સંમતિ આપે એમ છે. આ સ્થિતિમાં ધનનું મન ઉદાસ થઈ ગયું; વિચાર થયો, **'તે આત્માને ધન્ય છે કે જે પોતાના ભુજબળે ઊપાર્જેલું ધન આવા માર્ગે ખરચે છે.** તો હું સ્વીય ધનથી ક્યારે આવો પરમાર્થ કરીશ ?' **શું ધન્યવાદ એટલે ? બુંદી-કોટાની ભાવના નહિ, પણ હૃદયવેધી અસર !** ક્યારે આ પુરુષાર્થ કરું, તેવી તમન્ના ! તલસાટ ! તાલાવેલી ! ધન્યવાદ આપે છે, ને સાથે ઉદાસ બની જાય છે, 'મને ધિક્કાર છે કે હું કંઈ નથી કરતો !'

**જે આર્ય કહેવાય, તેના આનંદ ને દુભામણા કઈ વાતમાં હોય ?** હર્ષ અને કલ્પાંત આ કઈ વાતમાં ? આને થાય છે કે 'હું આવો જ માનવ થયેલ કાંઈ નથી કરતો, તો આવું ઊંચું જીવન મેં કેમ લીધું ? ખાલી ભારે કરવાનું ?'

**ધર્મી કઈ વાતના હર્ષ-ઉદ્વેગ કરે ? :-** આ પરથી આપણું માપ નીકળે છે. વિચારજો આપણા હર્ષ ને ઉદ્વેગ શેના માટેના છે ? 'ફલાણાએ મોટર-બંગલો વસાવ્યા ને આપણે નહિ ? ફલાણો હજારો કમાયો, ને હું કાંઈ નહિ ? આ મોટો ડિરેક્ટર થયો, ને હું નહિ ?'- આવા આવા ખેદ એ નીચી કોટિના છે, ને 'ફલાણેએ સંઘ કાઢ્યો ને મેં નહિ ? ફલાણે આટલો તપ કર્યો, ને મેં નહિ ?' - આ ઊંચી કોટીનો ખેદ છે; હજી આપણે વીતરાગ નથી બન્યા એટલે હર્ષ-ઉદ્વેગ તો



થતા રહેવાના. પરંતુ એ નક્કી કરી લેવું જોઈએ કે 'જીવનમાં હર્ષ અને ઉદ્વેગ કઈ વસ્તુના કરવા ?' વીતરાગ દશામાં તો પ્રશસ્ત એટલે કે સારાય હર્ષ-ઉદ્વેગ નથી થતા, પરંતુ એ સ્થિતિ લાવવા માટે એ નિશ્ચિત છે કે, પહેલાં તો **અપ્રશસ્ત હર્ષ-ખેદ અટકાવવા જોઈશે. મન પર એવો કાબૂ મેળવવો જોઈશે કે અસાર વસ્તુના હર્ષ-ઉદ્વેગ ન થાય; અને એ અટકાવવા માટે સારભૂત વસ્તુના લાભ-અલાભ અંગે હર્ષ-ઉદ્વેગ જરૂર થાય.** દાખલા તરીકે જુઓ કે પરમાત્મા મળ્યાનો ભારે હર્ષ જો મનાશે, તો પૈસા મળ્યાનો એવો હરખ નહિ રહે.

**પ્ર.-** પરમાત્માની સાથે પૈસા મળ્યાનો પણ હર્ષ થાય તો શો વાંધો ? ઊલટું એથી પરમાત્મા ઉપર વધારે શ્રદ્ધા થાય ને ?

ઉ.- અહીં ભૂલો છો, પૈસા મળ્યાનો પણ હર્ષ માનવા જશો એટલે જ્યારે નથી ને **ક્યારેક એ પૈસા જો ગયા ને, તો એનો ખેદ થયા વિના નહિ રહે; એ ખેદ પાછો હૃદયમાં એવું જોરદાર સ્થાન જમાવશે કે ત્યાં પરમાત્મા મળ્યાનો આનંદ લૂલો પડી જજે !**

**પ્રભુ-પ્રાપ્તિનો અને ધર્મ પામ્યાનો હરખ તો એટલો જોરદાર જોઈએ કે દુન્યવી બાબતોની ઓછાશનો ખેદ ત્યાં ઊભો ન રહી શકે !** ત્યારે આ ખેદ તો જ અટકે કે જો એના હરખ પણ ન ધર્યા હોય. માટે આ કહેવાય છે કે **વીતરાગના સેવક બન્યા છો તો એ નક્કી કરો** કે જીવનમાં કઈ કઈ વસ્તુ મળ્યા-નમળ્યાના હર્ષ-ખેદ કરવાના, અને કઈ વસ્તુના અંગે નહિ કરવાના ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૮,તા.૩૧-૧૦-૧૯૫૯

ધનકુમારને આ ખેદ થાય છે કે અહો ! શું મારે આવે છૂટે હાથે પરમાર્થ-પરોપકાર નહિ ?' જુઓ એને બાપુકી અઢળક સંપત્તિ મળ્યાનો આનંદ નથી. તો આપ કમાઈથી પરમાર્થ કરવાનો મળે એનો હરખ થાય છે, ઓરતો થાય છે. આપ કમાઈ તો એક એના પેટામાં માત્ર સાધન તરીકે આવી જાય છે. બાકી આનંદ અને ખેદ તો પરોપકાર કરવાનો મળે ન મળે એનો છે. બસ આના પરથી જ ફલિત થાય છે કે,

**હર્ષ ધરવાનો તે આત્મ-હિતની પ્રાપ્તિ થાય એનો, અને આત્માને અહિતકારી પાપ ટળે એનો.**

**એમ, ખેદ થાય તે આત્મ-હિતની પ્રાપ્તિ ન થાય એનો તથા અહિતની ફસામણ આવે એનો.**

આ બંને જો મજબૂત કર્તવ્ય બનાવાશે તો પછી દુન્યવી વાત વસ્તુના લાભાલાભમાં હર્ષ-ખેદ નહિ થાય; ને કદાચ હર્ષ-ઉદ્વેગ થવા જશે તો ય તેને ફેરવીને આત્મિક હિતાહિતની દૃષ્ટિમાં ફેરવી નખાશે. દાખલા તરીકે : પૈસા ગયા અને ખેદ થવા જાય છે. તો તરત એને ફેરવી નાખવા એમ થશે કે 'અરે ! હું કેવો મૂર્ખ કે છતે પૈસે પરોપકાર-પરમાર્થ સાધ્યો નહિ, ને હવે પૈસા તો ગયા, એટલે સુકૃત વિના લટક્યો !' આમ **અજ્ઞાન દશા અને ધર્મ-ઉપેક્ષાનો ખેદ થશે.** એ જો સાચો જન્મ્યો હશે તો હવે એવી અજ્ઞાનતા અને ધર્મ-ઉપેક્ષા મિટાવવા પ્રયત્ન થશે; હવે જેટલો શક્ય હશે એટલો પરમાર્થ-પરોપકાર કરી લેવાની ધગશ રાખી એ કરી લઈ કર્યાનો આનંદ મનાશે.

બસ, આ કરો કે આપણે ધર્મી છીએ, અધર્મી નથી તો ધર્મના રાગી અને અધર્મની અરુચિવાળા હોવાના દાવા તરીકે આપણા હર્ષ-શોક થવા જશે તો ય તેને આધ્યાત્મિક દૃષ્ટિમાં ફેરવી દેવાશે ! પૈસા ગયાથી દુઃખ થશે તો તે એવું કે 'આ પૈસા નથી ગયા, આ તો દાન ગયું ! દાન ગુમાવ્યું ! દાનનું સાધન ગયું !' શરીર માંદું પડતાં થશે 'આ શરીર નથી માંદુ પડ્યું પણ મારો સેવા-તપસ્યાદિ ધર્મ માંદો પડ્યો !' બસ, બાહ્ય દૃષ્ટિના, ને દુન્યવી વાતોના હર્ષ-શોક ઓછા થઈ જવાથી મન ફોરું બની જાય છે. આત્મા પાપથી ભારે નથી થતો.

આપણે જોયું કે ધનકુમારને પોતાના હાથે ઉપાર્જેલા ધનથી પરોપકાર સાધવાનો યોગ ન મળ્યો જાણી ઉદ્વેગ થયો. મોં પર ગમગીની આવી ગઈ. આ ગમગીની જોઈને સાથેનો નોકર નંદ કહે છે.

'સાર્થવાહ પુત્ર ! તમારા મુખ પર કેમ કાંઈ ઉદ્વેગ જેવું દેખાય છે ?'

'ભાઈ ! આ જો ને કેવુંક મહાદાન દે છે ! આપણાં એ ભાગ્ય ક્યાંથી ? ઉદ્વેગ ન થાય ?'

'અરે ! એમાં શું ? તે તમે ય આનાથી વધારે આપો ને. પિતાજી પાસે ક્યાં ઓછું છે ? અને એ ય બધું પોતે થોડું જ ઊભું કર્યું છે ? કેટલું તો પૂર્વ પુણ્યનું ચાલ્યું આવે છે. તો તમે હકદાર છો. માંડો દેવા.'

ધન હસીને કહે છે, 'ભલા માણસ ! તું ભૂલે છે. પૂર્વોપાર્જિત દઈ દેવામાં શી વડાઈ ? એ તો જો કે

**लोए सलाहणिज्जो सो उ नरो दीणपणइवग्गस्स ।**
**जो देइ नियभुयज्जियमपत्थिओ दव्वसंघायं ॥**

લોકમાં તે પુરુષ પ્રશંસાપાત્ર બને છે કે



**૧. પોતાની ભુજાબળે ઉપાર્જેલું દે છે.**
**૨. તે ય દ્રવ્ય મોટા પ્રમાણમાં આપે છે,**
**૩. તે પણ દીન-અનાથ અને સ્નેહી જનોને દે છે, અને**
**૪. સામાના માગ્યા વિના આપે છે.**

ત્યારે મારી પાસે સ્વભુજાથી કમાયેલું ધન નથી એટલે આવું દાન ક્યાંથી કરી શકું ? આ ખેદ કેમ ન થાય ?

ધને રજુ કરેલી પ્રશંસનીય દાનની ચાર કલમો વિચારવા જેવી છે.

**દેવ, ગુરુ ખરા પણ ધનને આંચ ન આવવી જોઈએ !! :- આ ગણત્રી ખરી ?**

**દાનમાં એ માનવજીવનનું સૌંદર્ય જોઈ રહ્યો છે ! તે ય ભોગ આપીને કરેલા દાનમાં.** લક્ષ્મીની મૂર્ચ્છા પર કેટલો ય કાપ પડ્યો હોય, ધન કરતાં ધર્મ વહાલો લાગ્યો હોય તો આ બને છે. નહિતર ઈષ્ટ આરાધ્ય દેવ તરીકે તો સર્વશ્રેષ્ઠ પરમાત્મા તીર્થંકરનાથ મળ્યા હોય, અને ગુરુ તરીકે નિર્ગ્રન્થ સાધુ ભગવંત મળ્યા હોય, પરંતુ પેલી મૂર્ચ્છા જાણે કહી રહી હોય, છે, 'ભજ ભજ દેવ-ગુરુને ભજ, વાંધો નથી. ગીત મોટું લલકારજે, કલાક વધારે ભજજે, પરંતુ નાણાં કોથળી પર ખાસ સાવધાની રાખજે કે એમાંથી બહુ ખરચાઈ ન જાય. દેવ-ગુરુ ખરા પણ ધનને આંચ ન આવવી જોઈએ. એમ આંખ મીંચીને દેવા જઈશ તો દુઃખી થઈ જઈશ; અને દેવગુરુ તો ભાવના ભૂખ્યા છે. પૈસાના નહિ...' આવી આવી ગણત્રીઓ મૂર્ચ્છા રખાવે છે. ખરો ભોગ-આપવાનું એટલે કે જે જડ વસ્તુમાં આપણો આત્મા વિશેષ રાગથી બંધાયેલો રહે છે. એમાં ઘસારો વેઠવાનું, અટકાવનારી મૂર્ચ્છા છે. ત્યારે દુન્યવી કોઈ પણ વસ્તુ પ્રત્યે જો આ જાતનું જોરદાર આકર્ષણ હોય, બંધન હોય, તો એ આધ્યાત્મિક લાભ કરનારી વસ્તુમાં શુભ ભાવને યથેચ્છપણે ક્યાંથી વિહરવા દે ?

**ખરું દાન કરુણા ભાવનાથી થાય :-**

ધનકુમારને દીન-અનાથ વગેરેને ખૂબ દાન દેવાની લગની છે. એ એના આત્મામાં વિકસ્વર કરુણા ભાવના અને દયાર્દ્રતાની સૂચક છે. એ એવું મુખ્ય સ્થળ હૃદયમાં જમાવે છે કે એની આગળ લક્ષ્મીની મૂર્ચ્છા ટકી શકતી નથી. માણસે જીવીને જશ લઈ જવાનો હોય તો આ છે કે દુઃખની ભારોભાર દયા અને ધનની ઉદારતાને સારી કેળવી જવાય.

**સુકૃત અને જીવન-કર્તવ્ય બેમાં ભેદ :-** વળી, ધન નંદને કહે છે : લોકમાં પ્રશંસનીય તે, કે જે સામાને વગર માગ્યે દેતો હોય. સામો માગે છે માટે દે, એ **સુકૃતની** ભાવનાથી દે છે, પરંતુ વગર માગ્યે દેવા નીકળે છે એ **સ્વજીવન-કર્તવ્ય**

**બજાવવાની** દૃષ્ટિથી તેમ કરે છે. શો ફેર બેમાં ? એજ કે,

**સુકૃત કરવાનું થાય તે ઇચ્છા પર રહે છે.** 'મન થાય ત્યારે એ કરીએ ક્યાંક ન કરીએ તો એટલું પુણ્ય ઓછું મળે, પણ કાંઈ ગુનેગાર ન ગણાઈએ;'- આ સમજ રહે છે. ત્યારે

અવશ્ય બજાવવાના **કર્તવ્યમાં** મન પર એ ભાર રહે છે કે **'આ બજાવવું જ જોઈએ. ન બજાવું તો ગુનેગાર છું.'** એ ગણત્રી રહે છે. આની મોટી કિંમત છે.

'ધર્મ કરીએ તો લાભ મળે, ન કરીએ તો ન મળે,' - એ ધોરણમાં ધર્મનું આકર્ષણ એટલું જોરદાર નથી; ત્યારે 'ધર્મ ન કરીએ તો ગુનેગાર છીએ' - આ વૃત્તિમાં ધર્મ તરફ વધારે આકર્ષણ છે. વગર માગ્યે દાન કરવા નીકળવું એ આ કર્તવ્યનો ભાર માથે લેવાથી, અને ન બજાવું તો ગુનેગાર છું, એ માન્યતા હૈયે સચોટ વસાવવાથી બને છે.

**પિતાને જણાવવા :-**

નોકર નંદને ધનકુમાર પોતાનો ઉદ્વેગ દેખાડી અટકી નથી જતો. કેમકે એને તો કાર્ય કરવાની પૂરી તમન્ના છે. એને એ કહે છે,

'જો નંદ ! તું પિતાજીને વિનંતી કરીને મારા તરફથી કહે કે હું પૂર્વ પુરુષોએ આચરેલા વેપારને કરીશ, અને તે માટે દિગ્યાત્રાએ જઈશ. જે પુરુષ કાળને ઉચિત નથી કરતો એ પોતાનું જીવતર નિષ્ફળ ગુમાવે છે. માટે અત્યારે ધર્મ-અર્થ-કામ એ ત્રણ પુરુષાર્થના મૂળસમા ધનને કમાવવાનો અવસર છે. તો મારા ઈચ્છિતને પૂરી કરવાની મહેરબાની કરો.'

**કાળને ઉચિત ન કરે તો જીવન નિષ્ફળ :-**

ઊગતી યુવાનીમાં ધનકુમારનો વિવેક જોવા જેવો છે. 'કાળને ઉચિત ન કરે તેનું જીવન નિષ્ફળ !' આ ભવમાં હજુ જૈન ધર્મને પામ્યો નથી, પણ આર્યના ઉછેર મળ્યા છે, એટલે આ વિવેક ઝળહળે છે કે યુવાનીના કાળને યોગ્ય આપકમાઈ કરીને મહાદાન દેવું. તમે તો જૈનધર્મ પામ્યા છો, વરસો-વરસ જિનવાણીના તત્ત્વોનો વરસાદ ઝીલી રહ્યા છો, તો વિવેક ઝળહળાવવામાં ખામી રાખતા નહિ. પેલા વિવેક કરતાં આ ઊંચો વિવેક મનમાં તરવરતો રાખો. મનમાં નક્કી જ નહિ હોય, તો અમલ તો કેટલોય દૂર રહેશે ?

**માનવભવના કાળને યોગ્ય શું શું ? :-**

માનસિક ધોરણ નક્કી કરી રાખ્યું છે ને કે,

'આ કાળને યોગ્ય ઇન્દ્રિયનિગ્રહ છે, દયા-ક્ષમા-નમ્રતાદિ ગુણોનો અભ્યાસ છે, મૂર્ચ્છાને મારવાનું છે...' આ હૃદયમાં લખાઈ ગયું છે ને ?



વર્તમાન કાળને યોગ્ય વીતરાગની સાચી માયા ને ભક્તિના પૂર ઊછાળવાનું છે, ભવરાગના ભંગ અને ધર્મના રંગ ખીલવવાનું છે,' એ તરવરાટ મનને છે ને ?

માનવકાળને યોગ્ય છે રસત્યાગ, મોજશોખત્યાગ, સુખશીલતાત્યાગ, તપ અને જ્ઞાન ધ્યાન... આ ગણત્રી છે ને ?

આવા હિસાબ નક્કી કર્યા વિના, આવા હાર્દિક તન-મનાટ જણાવ્યા વિના, જે ધર્મસ્ફૂર્તિ જાગવાનો અહીં અમૂલ્ય અવસર છે, તે નહીં જાગી શકે. જીવન તો પાણીના રેલાની માફક વહી જશે. અને હેં ? હેં ? કરતાં અંતકાળ આવીને ઊભો રહેશે. છતાં ત્યારે પણ પાપસ્ફૂર્તિને કચરનારી ધર્મસ્ફૂર્તિ નહિ દેખવા મળે. માટે આ નક્કી કરો અને હૈયે સ્ફૂરાયમાન રાખો કે 'મારે કાળને ઉચિત આ આ છે, અને તે અવશ્ય કરીને જીવનને અજવાળી જઉં.'

**નોકર અને પિતાની વાત :-**

નોકર નંદ ઊપડ્યો પિતા વૈશ્રમણ શેઠ પાસે, અને ધનકુમારની ઇચ્છા એમની આગળ વિનંતિ રૂપે રજુ કરી.

પિતા કહે છે, 'નંદ ! પુત્રને કહે કે વત્સ ! તારે ધર્મ-અર્થ-કામ એ ત્રિવર્ગના સાધનભૂત ધન જોઈએ છે ને ? તારી પાસે તો આખા નગરના શેઠિયાઓ કરતાં ય સારું અધિક ધન છે. તો એનાથી જ ઇચ્છા મુજબ કર.'

શું ? ધન પિતાનું નહિ પણ પુત્રનું કહે છે. એટલે ? 'મારી રજા છે, વાપર ! વાપરવું હોય એટલું'- એમ નહિ, પણ 'તારી પાસે છે ને વાપર.' વાપરવાનું શેમાં ? મહાદાનમાં. બસ, ઇચ્છા મુજબ મહાદાન દે. વિનયી પુત્રોને આફરીન પિતા મળે એ સ્વાભાવિક છે. ધનકુમારનો આટલે સુધી વિનય છે કે પોતે પરદેશ આપ કમાઈ કરવા જવાનું પિતાને સીધો નથી કહેતો. નોકર દ્વારા કહેવડાવે છે. સીધું કહેવામાં પોતાની ધિટ્ટાઈ લાગે છે.

નંદ શેઠને કહે છે તાત ! એ તો છે જ. મેં પણ એમને એ કહ્યું હતું 'કે તમારી પાસે ક્યાં ઓછું છે તે નવું કમાવવા જવાની જરૂર હોય ? પરંતુ પિતાજી ! એમનું મન હવે તો જાતે કમાઈ લાવેલાથી પરોપકાર કર્યા વિના ઠરે એમ નથી.'

શેઠ કહે છે, 'તો એના મનને શાંતિ થાય એમ ભલે કરે. મારી ખુશી છે.'

આ કટાક્ષ કે અરુચિ નથી હોં; પુત્રને વિનયી અને લાયક સમજે છે. એટલે વૈશ્રમણ ખેંચપકડ નથી કરતો, ખુશીથી રજા આપે છે. ઉંમર અને સમજમાં આવેલા પુત્ર પર પિતાએ અને શિષ્ય પર ગુરુએ હવે એની ઉંમર અને સમજની કદર કરવાની હોય છે. કિંમત આંકવાની જરૂર છે. જ્યારે એ બાળ હતો, અજ્ઞાન

અબૂઝ હતો અને એના પ્રત્યે તે વખતે જેવો વ્યવહાર રાખતા તેવો ને તેવો જ હવે ચાલુ ન રખાય. નહિતર આજે પરિણામ જોવા મળે છે.

આ બધી વાતચીત થઈ તે ધનકુમારને નોકરે કહી અને સાથે પરદેશ કમાવા જવાની પિતાએ સંમતિ આપ્યાની વધામણી આપતાં કહ્યું, 'કુમાર ! જાઓ ફતેહ કરો. પિતાજી તમારી ધનોપાર્જન અર્થેની યાત્રામાં સંમત થયા છે !'

કુમાર કહે 'તારા મોંમાં ગોળ ! બહુ આનંદની વાત થઈ. પુરુષાર્થની ભાવના જાગી હતી એ તો આનંદ રૂપ હતું જ, એમાં વળી વડિલે સંમતિ આપી એટલે વિશેષ આનંદ થયો.'

આ બાજુ ધનના પિતાએ પુત્રના પરદેશ વેપાર અર્થે જવાની તૈયારીઓ કરાવવા માંડી. જે માલની અહીં ખાસ પેદાશ હોય અને પરદેશમાં એના નાણાં સારા ઊપજે એમ હોય એવો અનેક પ્રકારનો માલ સંગ્રહીત કરાવ્યો.

**નગરમાં ઘોષણા :-**

પણ આ તો સૌ કરે, બીજું વિશેષ કાર્ય એ કર્યું કે નગરમાં ઘોષણા કરાવી; સ્વાર્થની નહિ હોં, પરમાર્થની. જાહેર કરાવ્યું -

'સાર્થવાહપુત્ર ધનકુમાર અહીં આ શહેરથી તામલિપ્તિ નામના નગરે જાય છે. તો તેની સાથે જેને તે નગરે જવું હોય તે ખુશીથી તૈયાર થઈ જાય. વળી જેને જે કાંઈ ભાતું કે સામગ્રી નહિ હોય તેને ધનકુમાર તે પૂરી પાડશે.'

**ભોગ આપવો એ સામાના સહકારના આનંદ મળ્યાનું મૂલ્ય :-**

દિલની ઉદારતાનો સવાલ છે. બીજાને ભેગા ભેળવ્યા વિના એકલપંડે સ્વાર્થ સાધવો ગમે નહિ. અને ખરી રીતે જોઈએ તો જીવને એકલો અટૂલો રહેવું તો ગમતું નથી. માટે તો મોટી દેશનિકાલની સજામાં આંદામાનના ટાપુમાં ગુનેગારને એક ઓરડીમાં એકલો અટૂલો વર્ષો સુધી રાખવામાં આવતો. ત્યારે આ વિચારણીય છે કે જો એકલા નહિ પણ સમાજમાં રહેવું ગમે છે તો બીજાઓને આપણા આનંદમંગળમાં કાં ન ભેળવવા ? એમાં ભોગ આપવો પડે તો માનવું કે સામાના સહકારના આનંદ લીધાનું મૂલ્ય ચૂકવ્યું. આપણી ચીજનો સદુપયોગ એ, કે પરાયાનાં હિત સધાય; પરને કામ લાગે. મને મળેલું એ કોની બક્ષિસ છે ? એ જો વિચારાય તો આ સહેલું છે.

**ધનશ્રીના હરખ-શોક :-**

ધનના પિતાની જાહેરાતથી કેટલાય લોકોએ ધનની સાથે જવા તૈયારી કરી. આ બાજું ધનશ્રીને ખબર પડી કે ધન પરદેશ જાય છે, એટલે એના મનને તો હરખ થયો કે 'હાશ ! ઠીક લાંબા કાળ માટે આ જશે; ને મારે અહીં નંદ છે તેથી



મઝા રહેશે.' પરાણે પ્રીત તે કેવી હોય ? કેટલે સુધી ખેંચે ? અપ્રિય લાગતા પતિના જવા પર ખુશ તો થઈ, પરંતુ પ્રવાસનો દિવસ જ્યાં નજીક આવ્યો ત્યાં એણે સાંભળ્યું કે આ તો નંદ પણ સાથે જ જવાનો છે, એટલે પાછું મન ઊંચુ-નીચું થયું ! હવે મન અહીં રહેવા કબૂલ નથી થતું, અને આદમી વેપાર અર્થે પરદેશ જાય ત્યાં કોઈ સ્ત્રીને સાથે લઈને ન જાય. એટલે હવે શું થાય ? એની ચિંતા થઈ.

**ચિંતા-આશારહિત જીવન :-** સંસારમાં ચિંતા ક્યાં લેવા જવી છે ? આનંદ ઉદ્વેગના શા ઠેકાણાં છે ? ઘડીમાં આનંદ તો ઘડીમાં ઉદ્વેગ ! માટે જ તે આત્માઓને ધન્ય છે જેમણે આવી થોકબંધ ચિંતાઓ અને ચંચળ હર્ષ-ખેદભર્યા સંસારી જીવનને તિલાંજલિ આપી દઈ ત્યાગમય જીવન અપનાવ્યું છે ! એટલું જ નહિ પણ દુન્યવી પ્રલોભનોને તુચ્છ કાંકરા તુલ્ય ગણી એને ત્યજવા સાથે એની ભાવી આશા પણ ત્યજી દીધી છે, એમને ધન્ય છે !

ધનશ્રી ખાલી ચિંતા કે ખેદ કરીને બેસી રહે એવી નહોતી. જાણે ધનનો વાંકો ગ્રહ ! હવે તો સાથે જવું જ અને એ માટે પેંતરો રચવો એવું મન સાથે એણે નક્કી કર્યું. પરંતુ આ કાર્ય માટે કાંઈ સાસુ-સસરાને કહેવાય નહિ, એટલે એણે તો સીધી ચાવી લગાડવાનો રસ્તો લીધો. પાકી માયાવી છે.

**શુભ-અશુભ વૃત્તિના બીજારોપણમાં અન્ય અનેક વૃત્તિઓનાં સંમિશ્રણ :-**

અગ્નિશર્માના ભવમાં જે વેરનું બીજારોપણ કર્યું છે, એમાં કેટલાંય બીજાં પાપવૃત્તિનાં બીજો આરોપિત કરી દીધાં છે, તેથી અહીં વૈર સાથે માયાય છે. આ ઝીણું સાયન્સ છે ! આપણે સમજતા હોઈએ કે 'આપણામાં અમુક એક જ વૃત્તિ ઘર કરી ગઈ છે,' પરંતુ ખરી રીતે એમાં બીજી વૃત્તિઓના અંશ અંદર ભળી ગયા હોય છે. શુભ અશુભ બંને જાતની વૃત્તિઓમાં આ બને છે, કુમારપાળના જીવે પૂર્વ ભવમાં પોતાની પાંચ કોડીથી ખરીદેલા પુષ્પથી જિનપૂજાની ઉદાર ભક્તિ કરવાની મુખ્ય વૃત્તિ ઊભી કરી, પણ સાથે સાથે એમાં ગર્ભિત રીતે બીજી કેઈ વૃત્તિઓનાં બીજારોપણ કર્યાં. તોજ કુમારપાળના ભવમાં ઉદાર જિનભક્તિ ઉપરાંત સાધર્મિક ભક્તિ, જ્ઞાનભક્તિ, જ્ઞાનોપાર્જન, કડક વ્રત નિયમો, મહાન દયા-અહિંસાની ભવ્ય કાર્યવાહી, ઉચ્ચ સદાચાર, ચાતુર્માસિક વગેરે વિશિષ્ટ બ્રહ્મચર્ય, શાસન પ્રભાવના અને ધર્મરક્ષા, ઈત્યાદિ આરાધનાઓ જોવા મળે છે. તો અશુભ વૃત્તિમાં પણ એવું છે. માટે અહીં અગ્નિશર્માના જીવમાં દેખીતી વૈરવૃત્તિના મંડાણ ઉપરાંત પછીના ભવોમાં જડની આસક્તિ, ક્રૂરતા, અભિમાન, લોભ વગેરે દેખવા મળે છે. એવી જ માયા પણ ઘર કરી ગઈ છે.

**ધનશ્રીના તાલને ટેકે :-** એટલે ધનશ્રી તાલને ટેકે જમાવવા કપટથી પતિની આગળ ઓશિયાળા કરે છે,-

'આર્યપુત્ર ! તમે તો હવે પરદેશ ઊપડવાના પણ મારે શું કરવું ?'

ધન કહે છે, 'સુંદરી ! એમાં શું છે ? તમારે વડિલ જનોની સેવા કરવાની.' પણ આ એને ગમે ? જુઓ એ શું કહે છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૯,તા.૭-૧૧-૧૯૫૯

**માનવજીવનમાં મુખ્ય શું ? મોજમજાહ કે પરોપકાર :-**

ધનનું હૃદય વાંચજો. માનવજીવનમાં એણે મોજમજાહ મુખ્ય નથી માની. નહિતર તો પત્નીને કહી દીધું હોત કે તમે તમારે સુખે ખાજો-પીજો અને આનંદ મંગલમાં રહેજો. પણ એણે સેવા-પરોપકાર મુખ્ય માન્યા છે, માટે પત્નીને વડિલ જનોની સેવા કરવાની સલાહ આપે છે. 'સેવામાં ગૂંથાઈ તો બિચારી અડધી થઈ જાય.' એવી હલકટ ગણત્રી ધન નથી ધરાવતો. એ તો સમજે છે કે,

**સેવાથી શરીર અને મન બંનેનું આરોગ્ય વધે છે.** આ કદાચ તમારા મનમાં નહિ ઊતરે, પણ આ હકીકત છે. સેવાભાવી માણસના તરફ નજર નાખો તો આ દેખાશે કે એમનાં શરીર નિરોગી અને મન સ્વસ્થ રહે છે. શરીરનું આરોગ્ય રહેવામાં કારણ એ છે કે સેવામાં પરિશ્રમ રહેવાથી ખોરાકનું પાચન સારું થાય છે. તમે કહેશો 'પરિશ્રમ તો પોતાની અંગત પ્રવૃત્તિમાં પણ ક્યાં નથી ?' પરંતુ સેવાના પરિશ્રમમાં સાથે વિશિષ્ટ ઉલ્લાસ હોય છે તેની વિશેષતા છે. સેવાથી મન સ્વસ્થ રહેવામાં પણ આ કારણ છે કે ચિંતા, સંકલ્પ, વિકલ્પ વગેરે, કે જે અસ્વસ્થતા ઊભી કરે છે, તે ત્યાં જોર મારી શકતા નથી. ત્યારે સ્વસ્થ મન એ તો મહાસુખ ઉપરાંત આત્મવિકાસ, તત્ત્વરુચિ, ધર્મરુચિ વગેરેનો પાયો છે. માટે તો પ્રભુની સ્તુતિમાં પહેલાં **'અભયદયાણં'** કહ્યું પછી 'ચક્ખુદયાણં, મગ્ગદયાણં' પ્રભુ અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા વગેરે; અને અભય એટલે આત્મસ્વાસ્થ્ય, ચિત્તની સ્વસ્થતા. એ આવે પછી ચક્ષુ એટલે ધર્મરુચિ-ધર્મપ્રશંસારૂપે બીજ આવી શકે. મન કેવળ સ્વાર્થ-ભાવનામાં રગદોળાયેલું હોય ત્યાં બીજાની ઋદ્ધિ-સમૃદ્ધિ તો શું પરંતુ ધર્મ-સાધના દેખીને પણ પ્રશંસા ક્યાંથી કરી શકે ? સાચી નીતરતી સેવાભાવની વૃત્તિવાળાને ધર્મપ્રશંસા થવી સહેલી છે.

શરીર અને મનની સ્વસ્થતા ઉપર તો બીજી સુંદર ભાવનાઓ અને ધર્મસાધના તથા વિશેષ કરીને પરમાત્માનું સ્મરણ, ધ્યાન, સ્તુતિ વગેરેને સારો અવકાશ રહે



છે...કેટલાય ગલીચ વિચારો દૂર રહેવાનું સંરક્ષણ સેવાથી મળે છે; સ્વસ્થ મનથી મળે છે.

ધન સેવાભાવને જીવનમંત્ર બનાવનારો હોવાથી પત્ની ધનશ્રીને આ સલાહ આપે છે કે 'તમે તમારે રહીને વડિલોની સેવાભક્તિ કરજો.'

પરંતુ ધનશ્રી તો સ્વાર્થસાધુતા અને કપટની ભરેલી છે, જીવનમાં એણે માયા, પોલિસી મુખ્ય રાખી છે, એટલે ઝટ આંખમાં ઝળઝળિયાં આણ્યાં !

હૃદયમાં કયા સિદ્ધાંતને, કઈ રીતરસમને અને કયા ગુણ-અવગુણને આપણે મુખ્યપણે ધરાવીએ છીએ, એના પર આપણી પ્રવૃત્તિ આવીને ખડી થઈ જાય છે. માટે જ આ લખી રાખો કે જીવનને સારી પ્રવૃત્તિથી, સારા ઉદ્ગારથી અને સારા સૌમ્ય દેખાવથી મઘમઘતું રાખવું હોય તો સારા સિદ્ધાંત, સારા ગુણો અને સારી રીતરસમને હૃદયમાં ખૂબ પ્રબળ સ્થાન આપો. જીવનમાં બીજી-ત્રીજી વસ્તુની કિંમત ન આંકતા.

જીવનને સુખ-તાજગીભર્યું, નિશ્ચિન્તતા-નિરુદ્વેગભર્યું અને નિર્ભેળ મસ્તીભર્યું રાખવાનો મનોરથ કોને નથી ?

પણ એ માટે હૃદયમાં પ્રધાનપણે વિકસતા ઉચ્ચ સિદ્ધાંતો, સુંદર ગુણરત્નો અને સુયોગ્ય પદ્ધતિઓની વિચારસરણી જ કામ લાગશે; હલકા સિદ્ધાંતો વગેરેની નહિ.

ધનશ્રી પતિને જાણે દુઃખભર્યા અવાજે કહે છે, 'આર્યપુત્ર ! મારે તો આપ જ મહાન વડીલ છો, અને વડીલ તો હૈયાની પાસે જ હોય. માટે હું તો સાથે જ રહેવી જોઈએ. હું આપનો વિયોગ જરાય સહી શકું નહિ. છતાં ય જો આપ મને છોડીને ચાલ્યા જશો તો હું આપને આ જણાવી દઉં છું કે અવશ્ય મારે આત્મઘાત કરવો પડશે; મારે તો તમારા વિના જીવવું મુશ્કેલ છે, આમ બોલીને એ અવ્યક્તપણે રોવા લાગી, ચીસ પાડીને કે પોક મૂકીને નહિ, પણ ડચકાં લેતી હોય એવું રોદણું શરૂ કર્યું.

**એક કોયડો : સ્વચ્છંદતા-ધૃષ્ટતા-દંભ નહિ :-**

ધનને તો એક આ કોયડો થઈ પડ્યો. મહાસજ્જન છે, કોઈનું ય દુઃખ જોવાની એનામાં શક્તિ નથી, તો આ તો નિકટની સ્નેહી પત્ની. એનું દુઃખ કેમ જોઈ શકે ? ત્યારે વડિલો માથે બેઠાં હોય ત્યાં પોતે એને શી રીતે આપ મેળે કહી દે કે 'ભલે ત્યારે, તું સાથે આવજે' ? એમાં એ સ્વચ્છંદતા જુએ છે. તેમ વડિલોને પણ કહેવું શી રીતે કે આને સાથે મોકલો ? એમાં એને અવિનય દેખાય છે. ધૃષ્ટતા દેખાય છે. તો ધનશ્રીને બારોબાર માતાજીને પૂછી લેવા કહેવું એમાં એક પ્રકારનો દંભ દેખાય છે, માટે આ કોયડો છે કે શી રીતે સ્વચ્છંદતા, અવિનય ને દંભ પણ ન થવા દેવો અને સામાનું દુઃખ પણ ટાળવું ? પણ સાફ દિલવાળાને બહુ મૂંઝવણ

કરવાની જરૂર નથી રહેતી, ભાગ્ય સહાયે આવે છે.

**માતાનું આગમન :-**

બન્યું એવું કે ધનશ્રી પોતાનું કથન કહીને રોવા લાગી છે એટલામાં ધનની માતા ત્યાં આવી પહોંચી. એટલે ધન વિનયથી ઊભો થઈ ગયો. વડિલનો આ પહેલો વિનય કે એ પધારે એટલે તરત ઊભા થઈ જવું.

જો જો હવે ધનથી બોલાય એવું નથી, અને ધનશ્રી તો મર્યાદા ખાતર ત્યાંથી બહાર નીકળી ગઈ. કેમ

વડીલની હાજરીમાં પતિ પાસે ઘૂસપૂસ કરતાં કેમ બેસી રહેવાય ? વડિલ ચાહીને અત્રે આવ્યા છે, તે ખાસ વાત કરવા આવેલ હોય, -એ સમજી લેવું ઘટે; તો ત્યાં ત્રીજાએ શા માટે ઊભા રહેવું જોઈએ ?

આર્ય સંસ્કૃતિની કેવી સુંદર મર્યાદાઓ ! આ ખોટા બંધન નથી હોં, પણ પશુતામાંથી ઊર્ધ્વીકરણ પામેલી માનવતાનાં શોભાભર્યા પાલન છે.

**જો મન મિથ્યાભાવથી મૂર્છિત અને આપમતિથી આવરાયેલું હોય છે તો ઉચ્ચ કોટિના કર્તવ્યો અને જીવનને અજવાળનારા ગુણો તથા મર્યાદાઓ બંધનરૂપ-ગુલામીરૂપ લાગે છે.** આજે આર્યસંસ્કૃતિની મર્યાદાઓના લોપ આથી જ થઈ રહ્યા છે. પરપુરુષના દેખતાં ઉઘાડા માથે ફરવું, સાસુ-સસરાની હાજરીમાં પતિ સાથે વાતોચીતો કરવી. આ બધું માનસિક મિથ્યાભાવ અને આપમતિના આવરણમાંથી ચાલી પડ્યું છે.

(૧) **મિથ્યાભાવ એ, કે ઉદ્ભટ વિલાસના વિકારોને સહજ જીવન માનવાનું કરાય છે.**

(૨) **આપમતિ એ, કે વડીલોના કરતાં ઊતરતા સ્વવ્યક્તિત્વને એમના જેટલી જ કક્ષાવાળું મનાય છે.** 'એ વડીલો જો વાત કરવા હકદાર છે, તો પોતે પણ હકદાર છે,' - આ અહંભાવ છે, આપમતિ છે. મિથ્યાભાવ અને આપમતિના પરિણામ કેવા કટુ છે, એ આજે જોવા મળે છે ને ? અંતરના ઊભરાતા ભીના-ભીના સ્નેહ અને સદ્ભાવ ઓછા થતા ચાલ્યા. વડીલો જે કેટલીય હિતચિંતા કરતા હતા તે ઓછી થતી આવી. આવા તો કેઈ નુકસાનો નીપજે છે !

અહીં મર્યાદાનું પાલન છે, એટલે જુઓ ધનકુમાર કે ધનશ્રી, કોઈને ય ચિંતા નહીં કરવી પડે. માતા પોતે જ સમજુ છે, એટલે એણે પેસતાં જ જોઈ લીધું કે દીકરાની વહુ ભારે ગમગીન છે, તો એનું મન સાથે જવાનું હશે, તો ભલે સાથે જાય, એવું મનમાં ધારી રાખે છે, અને અહીંથી દીકરા સાથે વાત કરીને ગયા પછી પતિ પાસે ધનશ્રીને ધનની સાથે જવાની રજા અપાવે છે. આ પણ મર્યાદા, કે પોતે



જાતે રજા ન આપી દેતા ઘરના માલિક રજા આપે એટલે કાર્ય થાય - એવી માલિકની છાયા બીજા પર પાડવી. બારોબાર પોતે જ કારભાર ચલાવી લે તો કાંઈ છાયા ન પડે; એ તો આવી વિધિ કરે તો પડે. એવી વિધિઓથી ભર્યા તંત્રવાળા કુટુંબના ઉજ્જવળ અને સુખ શાન્તિભર્યા જીવન જોવા જેવા હતાં.

**પરદેશ જતાં પુત્રને માતાની કિંમતી સલાહ :-**

હવે અહીં જુઓ માતા કેમ આવ્યા છે ! માતા ધનકુમારને પરદેશને યોગ્ય સલાહ દેવા આવ્યા છે. ધને માતાનું અભ્યુત્થાન કર્યા પછી પ્રણામ કરીને એ માતાને આસન પર બિરાજમાન કરી સામે હાથ જોડી આદેશની અભિલાષા સેવે છે, 'ફરમાવો શી આજ્ઞા છે.' માતાએ જમાનાને સાચો ઓળખ્યો છે. એ ઠરેલ અને ગંભીર છે. તેથી એ પુત્રને કેટલીય ઊંચી જાતની ઘણી ઘણી શિખામણ આપે છે. એ કહે છે,

"પુત્ર ! પરદેશ તો ઘણો લાંબો પહોંચે. માણસ પરદેશ જાય એટલે વિયોગ તો પડ્યો, પણ પાછો સંયોગ-સમાગમ ક્યારે થાય એનું શું કહેવાય ? આ જગતમાં **વિયોગ થવો સહેલો છે, સમાગમ થવો કઠિન છે. દુષ્પ્રાપ્ય છે...**

"વળી પૈસા કમાવા એ કલેશ અને આયાસનું કામ છે, માટે એનો મૂળ આધાર ઉત્સાહ પર છે; કેમકે ધનના ઉપાર્જનમાં કષ્ટ પણ આવવાના અને શ્રમ પણ લાગવાનો. ત્યાં જો કંટાળો લાવવામાં આવે, તો કષ્ટ અને શ્રમ પડતા મૂકવાનું થાય. પછી વેપાર ધંધા બંધ કરાય તો ધન પ્રાપ્તિ ક્યાંથી થાય ? માટે **કષ્ટ અને શ્રમના કાર્યમાં ઉત્સાહ પ્રસન્નતાદિ અખંડ રહેવા જોઈએ.**

"તો હે સુજાત ! જો કે તું સર્વ ગુણોએ સંપન્ન છે; તને વિશેષ શું કહેવાનું હોય છતાં હું સૂચવું છું કે ક્યારે ય ખેદ કિંવા કંટાળો-નિરાશા ન લાવીશ, સદા ઉત્સાહભર્યો બન્યો રહેજે; અને એની સાથે ક્ષમાદિ ગુણોનો ખપ કરજે.

"દેશાવર છે, કેઈ જાતના નવા માણસોનો સંપર્ક થાય એમાં નવી નવી અણગમતી ય વસ્તુ બની આવે, તો ત્યાં આપણે તો ક્ષમા જ દાખવવી. **ક્ષમાથી આપણી મોટાઈ વધે છે. ગુસ્સાખોર વર્તાવથી તો બહાર પણ હલકાઈ થાય છે, અને અંદરેય હલકાઈ આવે છે.** વળી ક્ષમાની માફક નમ્રભાવ, સહિષ્ણુતા, સચ્ચાઈ, નિર્દંભતા ઉદારતા વગેરે કેટલાય ગુણોના પાલનમાં બરાબર કટીબદ્ધ રહેજે. આ એકેક ગુણમાંથી મહાન લાભ નીપજે છે, જ્યારે એના અભાવે મહાનુકસાન વેઠવાં પડે છે. બસ, હવે વધુ શું કહું અવાર નવાર તારા સમાચાર અમને મોકલાવતો રહેજે, જેથી અમને બહુ ચિંતા ન રહે."

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની 'સમરાઈચ્ચ કહા' એટલે દૃષ્ટાંતોનો

ખજાનો છે. એમાં **જીવનના વિવિધ પ્રસંગોમાં** કેવાં કેવાં ઉચિત વર્તાવ હોવા જોઈએ, કયા કયા અવસરે કઈ કઈ પદ્ધતિના સુયોગ્ય બોલ હોવા ઘટે, અને કેવા **કેવા બનાવ વખતે કેવી જાતની ઉચ્ચ વિચારસરણી ચાલવી જોઈએ, એનાં અદભૂત શિક્ષણ મળે છે.** માતાની પરદેશ જતા પુત્રને શિખામણ વિસ્તારથી નથી આલેખી, પણ સાર કહી દીધો છે. એમાંથી વ્યાવહારિક અને ધાર્મિક બંને દૃષ્ટિએ ભવ્ય માર્ગદર્શન મળે એવું છે. મુખ્ય વાતો જુઓ :-

**વ્યાવહારિક દૃષ્ટિએ :-**

(૧) પરદેશ ઘણો લાંબો.

(૨) વિયોગ સુલભ છે, ફરી સંયોગ દુર્લભ છે.

(૩) ધન કષ્ટ અને શ્રમથી સાધ્ય છે.

(૪) માટે જ અખિન્નતા, અખંડ ઉત્સાહની જરૂર.

(૫) ક્ષમાદિ ગુણોનો પ્રયત્ન રાખવો.

**ધાર્મિક દૃષ્ટિએ :-**

**(૧) પરલોક યાને ભવિષ્યકાળ અનંત છે.**

**(૨) દેવ-ગુરુ વગેરે ધર્મસામગ્રીનો વિયોગ સુલભ છે, ફરી સંયોગ દુર્લભ છે.**

**(૩) ધર્મ કષ્ટ અને શ્રમથી સાધ્ય છે.**

**(૪) માટે જ ધર્મમાં અખિન્નતા, અખંડ ઉત્સાહ બહુ જરૂરી છે.**

**(૫) ક્ષમાદિગુણોનો બહુ પ્રયત્ન રાખવો.**

(૧) પરદેશ અને પરલોક બહુ લાંબો હોવાનો બરાબર જાગ્રત ખ્યાલ હોય તો એને સારો બનાવવા માટે અને જરાય ન બગડે એ માટે જરાય ગફલત ન સેવતા શક્ય બધી સાવધાની રખાય. પછી ત્યાં ચાલુ જીવનની ગણત્રીઓ ગૌણ થઈ જાય છે. દા.ત. પરદેશ ગયા ત્યાં અમુક રીતની ખાનપાનાદિ સામગ્રી કે અમુક જાતનું મુકામ વગેરે ન મળ્યું. તો એની બહુ ચિંતા નહિ, પણ પરદેશ યાત્રા ન બગડવી જોઈએ, ધનાર્જન, કીર્તિ, વગેરેને ધક્કો ન લાગવો જોઈએ. આરોગ્ય ન બગડવું જોઈએ, સંગ સુમિત્રોનો રહેવો જોઈએ. એવું જ પરલોકની દૃષ્ટિએ વિચારવાનું છે. ચાલુ જીવનની ખાનપાનાદિ બાબત, મુકામ, ધનમાલ વગેરે બાબત ગૌણ રાખવાની, એમાં જરા આઘું પાછું થાય એને મહત્ત્વ નહિ આપવાનું, એની બહુ ચિંતા નહિ કરવાની. પરંતુ પરલોક સંબંધી બાબતો, જેવી કે ધર્માર્જન, પાપત્યાગ, આત્મસ્વાસ્થ્ય, સત્સંગ વગેરે બાબતો જ જીવનમાં મુખ્ય બની રહેવી જોઈએ.

વિચારજો આના માટેની કેટ-કેટલી ચીવટ અને સાવધાની જોઈએ, અને



એના મહાલાભ કેવા ! આસ્તિક, નાસ્તિકમાં અહીં જ ફરક પડે છે, કે આસ્તિકને પરલોક ન બગડે એની ભારે ચિંતા રહે છે; આ લોકની બાબતોમાં અગવડ સહન કરીને પણ પરલોક બગાડનારી વસ્તુથી દૂર રહે છે, તથા પરલોક સુધારનારી બાબતોમાં સારો ઊજમાળ, ઉદ્યમશીલ બન્યો રહે છે; એ માટે તન, મન, ધનના ભોગ આપે છે. એની કમાણીમાં આનંદ અને એ બગડવામાં ખેદ અનુભવે છે. ત્યારે નાસ્તિક પરલોક તરફ તદ્દન બેપરવા હોઈ એને બગાડનારી અસત્યાદિ પાપોની, ક્રોધાદિ દુર્ગુણોની અને હિંસા-અભક્ષ્યભક્ષણ-દુરાચારાદિ દુષ્કૃત્યોની એને કોઈ સૂગ નથી, અરુચિ નથી, બલ્કે એ ટેસથી આચરે છે, વિના કોઈ મર્યાદા સેવે છે. પણ એનું પરિણામ શું ? પરદેશમાં તો મૃત્યુ થયું પછી પરદેશ બંધ પડી ગયો, પરંતુ પરલોકમાં એકવાર મૃત્યુ થયુ પછી પરલોક થોડો જ બંધ પડી જવાનો હતો ? ના, અનેક જન્મ-મરણોભરી દુર્ગતિની દુઃખદ દુર્દશાના શિકાર બની જવાનું. માટે જ દીર્ઘ પરલોકના હિતની દૃષ્ટિ જ મુખ્ય રહેવી જોઈએ.

(૨) બીજી વાત કરી કે જેમ વિયોગ સુલભ પણ ફરી સંયોગ દુર્લભ છે, તેવી રીતે આ ઉચ્ચ ભવમાં મળેલ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાન, ત્યાગી - સંયમી નિસ્વાર્થ મુનિવરો, સર્વજ્ઞકથિત આગમશાસ્ત્રો, જિનમૂર્તિ વગેરે ધર્મ-ક્ષેત્રો, તીર્થો અને અનેકાનેક શ્રી નવકાર મંત્ર સ્મરણ વગેરે અનુષ્ઠાનોની અનુકૂળતાઓનો વિયોગ થઈ જવો તો સુલભ છે. **'આંખ મીંચ્યે ડૂબ ગઈ દુનિયા.'** તે ખરી તો આ દુનિયાય ધ્યાનમાં રાખવાની છે. આંખ્યો મિંચાય એટલી વાર છે, દેવાધિદેવથી માંડીને બધું અદશ્ય થઈ જશે; અને ફરી એનો સંજોગ મળવો ઘણો ઘણો મુશ્કેલ છે. માટે જ જેમ વ્યવહારમાં વિયોગ થયા પછી જલદી સ્નેહી-સમાગમ થાય તે તકેદારી જોઈએ, એમ અહીં પણ આ શ્રેયસ્કરી કલ્યાણ સામગ્રીનો આ જીવનના અંતે વિજોગ થવા પછી ફરી જલ્દી એનો સમાગમ થાય એવું કરવું જોઈએ. અરે ! અહીંને અહીં પણ મંદિરે-ઉપાશ્રયેથી ગયા પછી જલદી ફરી ત્યાં જવાય, ગુરુ જલદી ફરી મળે, શાસ્ત્રવાંચન મૂક્યા પછી ફરીથી વેલાસર એ મળે, ધર્માનુષ્ઠાન ફરી ફરીને જલદી મળે...એવી તકેદારી ચીવટ અને ચોક્સાઈ જોઈએ.

(૩) ધનની જેમ ધર્મનું ઉપાર્જન કષ્ટસાધ્ય અને શ્રમસાધ્ય છે એ જો સમજી રખાય તો પછી ધર્મસાધના કરતાં કરતાં એમ ન લાગે કે આ કષ્ટ ક્યાં આવ્યું ? ઉપવાસ કરું છું તો ભૂખનું કષ્ટ આવવાનું જ છે, અને મારે તે સહન કરવાનું જ છે. ગિરિરાજની યાત્રાએ ચઢું છું તો શ્રમ લાગવાનો જ છે, અને તે મારે સહવાનો જ છે. ધન કરતાં ધર્મ તો બહુ કિંમતી છે, તો એ કમાવવામાં ભારે કષ્ટ અને શ્રમ હોય જ, ઉઠાવવા જ જોઈએ. એથી સત્ત્વ ખીલશે આવો નિર્ધાર હોય પછી એ

સાધનામાં ખેદ કંટાળો નહિ ઊપજે. ઉત્સાહમાં ભંગ નહિ થાય. આ તો પહેલેથી જ સુંવાળાશની ગણત્રીઓ હોય છે એટલે પછી જરાક થાક લાગતા કે કષ્ટ ઊભું થતા કંટાળો આવી જાય છે, ઉત્સાહ મટી જાય છે. ત્યારે દુનિયામાં જુઓ કે ધન કમાવાની લગની લાગી હોય છે તો હોંશભેર કેટલા કષ્ટ વેઠાય છે, કેટલો શ્રમ ઉપાડાય છે ! બસ, પરમ કલ્યાણકારી મોક્ષમાર્ગની ઉપાસના કરવામાં એકધાર્યો ઉત્સાહ બન્યો રાખવા માટે આ સમજ જીવતી જાગતી રાખો કે આ ઉપાસનામાં શ્રમ પણ પડવાનો જ છે અને કષ્ટ પણ લાગવાનું છે, તકલીફ લાગવાની જ છે, છતાં એ ઉપાડીને ય મારે ઉપાસના કરવી છે એ સાચી.

(૪) ધનકુમારની માતા ક્ષમાદિ ગુણો માટે પ્રયત્ન જીવતો રાખવાનું કહે છે. એક ક્ષણિક લક્ષ્મી ખાતર પણ પણ જો એની જરૂર, તો અવિનાશી ધર્મ માટે એની કેટલી જરૂર છે ? પરલોકની દૃષ્ટિએ પરદેશનો તો ઘણો ટૂંકો કાળ, ટૂંકું જીવન, એના માટે પણ ક્ષમાદિ ગુણો જરૂરી; ત્યાં ગુસ્સાખોરી, અસહિષ્ણુતા, ક્ષુદ્રતા, અભિમાન સ્વાર્થાંધતા વગેરે ન ચાલે. એ તો પરદેશ યાત્રાને બગાડી મૂકે; તો પરલોક યાત્રાને કેમ ન બગાડે ?

**ગુણનો અભ્યાસ :-**

ગુણોનો અભ્યાસ જીવને અઘરો લાગે છે, ઝટ કરવાની હોંશ નથી થતી, અને દોષોનો અભ્યાસ તો સરળતાથી અને હોંશપૂર્વક થાય છે, - એ સૂચવે છે કે અહીં મહાન માનવ ભવ પામી તો ગયા, પણ આની પૂર્વ જોરદાર ગુણાભ્યાસ કરીને આ ભવ નથી પામ્યા તો હવે ય આથી સારા કયા ભવના વાયદે આ કરવાનું રાખવું છે ? કે અહીંથી જ આજથી જ શરૂ કરવું છે ? એટલે સમજી રાખવાનું કે બધું અનુકૂળ અનુકૂળ બની આવે ત્યારે ગુણાભ્યાસ કરીએ. આ સમજ વ્યાજબી નથી, કારણ કે બધું અનુકૂળ બની આવવાનું પુણ્ય નથી. ત્યારે પ્રતિકૂળ સંયોગોમાં ગુણાભ્યાસ કેળવ્યા વિના સત્ત્વ નથી ખીલતું. માટે નિર્ધાર જોઈએ કે પ્રતિકૂળ સંયોગો વચ્ચે મારે ક્ષમા, નિરભિમાનાદિ ગુણોની સતત ભારે ટેવ પાડવી છે.

**કલેશ અને કષ્ટની પૂર્વ ગણત્રી રાખો :-**

અહીં એક વાત જરા ફરીથી વિચારી લો. માતાએ ધનને શા માટે કહ્યું કે પરદેશ વેપાર અર્થે જાય છે તો ક્યાંય ખેદ ન થવા દઈશ ? એટલા જ માટે કે ધનોપાર્જનની સાધના અને પરદેશની મુસાફરી એ કલેશ અને કષ્ટભરી છે, તેથી મનને ક્યારેક ખિન્નતા થવાનો સંભવ છે. તેનાથી બચવું હોય તો આ એક ઉપાય છે કે પહેલેથી જ કલેશ અને કષ્ટની ગણત્રી રાખી મૂકવી જોઈએ. એ રાખી મૂકી હોય અને પછી ક્યાંક કલેશ, કષ્ટ ઊભા થાય તો નવાઈ ન લાગે. મનને એમ થાય કે 'આ



તો હું પહેલેથી ધારતો જ હતો કે આવવાના; તો ભલે આવ્યા. આપણે કાંઈ મૂંઝાવાની પાછા પડવાની, કે ખેદ ધરવાની જરૂર નથી,' ખેદ શા માટે થાય છે ?

પહેલેથી જાણે એમ ધારી રાખ્યું હોય છે કે 'બધું સુખે સમાધિએ પાર પડી જવાનું.' પછી એકાએક વાંધો-વચકો ઊભો થતાં ખેદ પ્રગટે છે. નહિતર જુઓ જે નોકર પહેલેથી જ જઉં-જઉં કરે છે, એ કદાચ પાછળથી જાય છે તો શેઠને એવો ખેદ નથી થતો. તો જે વેપારમાં કષ્ટ સમજી રાખ્યું હોય, ત્યાં કષ્ટ પડતાં ખેદ નથી થતો. બસ, ધર્મમાં પણ જો આ સમજી રાખીએ કે 'કષ્ટ તો આવવાના, એ વેઠીને પણ મારે ધર્મ સાધ્યે જ જવાનો છે,' તો કષ્ટ આવતા કંટાળી ન જવાય, ધર્મ પડતો ન મૂકાય. કે એમાં ઓછાશ ન કરાય. વિના કષ્ટનો ધર્મ જોઈએ છે તો વાંધા ઊભા થાય છે.

**તામલિપ્તિ નગરીમાં :-**

અહીં હવે 'જેવી તારી આજ્ઞા, એમ કહી ધનકુમારે માતાની સલાહ માથે ચઢાવી. માતાએ ત્યાંથી જઈને ધનશ્રીને રજા આપી. પછી એને લઈને ધન સાર્થ સાથે તામલિપ્તિ નગરીએ ઊપડે છે. સંસારની મુસાફરીની જેમ વચમાં કેઈ જંગલો અને ગામો આવે છે; એમાં ખાનપાન આરામ સિવાય ન ઠેરતાં સતત પ્રયાણ ચાલુ રાખી બે માસ જેટલા સમયમાં ઈચ્છિત તામલિપ્તિ નામની મહાનગરીમાં જાય છે.

**જીવનમાં ચોક્કસ કાર્ય સિદ્ધ કરવા હોય** તો આમ જ થાય. કાર્ય ઉપાડ્યા પછી વચમાં બીજાં ત્રીજાં પ્રલોભનને તર્પણ ન કરાય. એ તો સતત એકધાર્યા કાર્યોપયોગી પ્રયત્નને જ કાર્યની સમાપ્તિ પર્યંત ચાલુ રખાય. ધ્યાનમાં રાખવાનું છે કે આ ભવચક્રની મુસાફરીએ છેલ્લા પુદ્ગલ પરાવર્ત કાળમાં ધર્મબીજ પામ્યા પછી તો આપણે મોક્ષનગરે પહોંચવા માટે પ્રયાણ આદર્યાં છે. હવે તો મોક્ષ-પ્રાપ્તિની કાર્યસિદ્ધિ કરવી છે, ત્યાં આ મોક્ષ-મુસાફરીના કાળમાં, સિવાય ખાન-પાનાદિ ટેકો ઉપરાંત ક્યાંય બીજા ત્રીજા પ્રલોભન દેખી વચમાં અટકી પડાય નહિ. એ તો મોક્ષના પ્રવાસ સતત ચાલુ રહેવા જોઈએ.

**મોક્ષના પ્રવાસ એટલે ?** સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ઉપાસના, દાન, શીલ, તપ, ભાવનાની સાધના; અહિંસા, સંયમ, તપની આરાધના, સંવર અને નિર્જરા માર્ગની આસેવના, એ વણથંભી ચાલુ રહેવી જોઈએ.

**ધાર્યો લાભ થતો નથી :-**

બે માસ જેટલા કાળમાં સતત પ્રયાણથી ધન તામલિપ્તિ નગરીએ સાર્થ સાથે પહોંચી જાય છે. ત્યાં જઈને રાજાને મળે છે. રાજાએ એનું બહુમાન કર્યું. પછી માલનો વેપાર કર્યો; પરંતુ ધાર્યો લાભ થયો નહિ. ભાગ્ય શું કામ કરે છે !

બબ્બે મહિનાના પરિશ્રમ અને માલસામગ્રીની સગવડ છતાં એક માત્ર ભાગ્યના વાંકે મનવાંછિત કમાણી થતી નથી. દાન મોટું દેવું છે, તે મોટી કમાણી વિના કેવી રીતે બની શકે ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૧૦,તા.૨૧-૧૧-૧૯૫૯

ચોથા ભવમાં સમરાદિત્ય કેળવી મહર્ષિના જીવ ધનકુમારની ભાવના પવિત્ર છે. દાન, પરોપકાર કરવાની છે, છતાં ભાગ્ય અનુકૂળ નથી થતું ! પરદેશ ગયો પણ ધારી કમાણી ન થઈ. એ સૂચવે છે કે તો પછી જ્યારે જ્યારે ભાગ્યની અનુકૂળતા હોય, શુભ વિચાર આદિ ધર્મની સામગ્રી મળી હોય, ત્યારે ત્યારે પવિત્ર ભાવનાઓની સફળતા કરી લેવી જોઈએ. ત્યાં જો વાયદે રાખ્યું ને, તો ભાગ્ય કે સામગ્રી આઘી પાછી થતાં મનની ભાવનાઓ મનમાં જ રહી જશે !

**ભાગ્યની અનુકૂળતામાં જ પુરુષાર્થનો કાળ છે.** માનવભવનું ભાગ્ય મળ્યું છે, તો જ સર્વવિરતિ ચારિત્રનો પુરુષાર્થ કાળ છે. દેવભવમાં સમજ તો ઘણી છે, નિર્મળ અવધિજ્ઞાન છે, પણ કરે શું ? ભવ માનવનો નહિ ને ? એટલે ચારિત્ર તો શું, એક વ્રત પણ લઈ શકતા નથી. માટે સતત જાગ્રતિ રાખો કે 'ભાગ્યની અનુકૂળતામાં ધર્મ પુરુષાર્થ સાધી લઈએ.'

**ધનને ચિંતા :-** ધનકુમારને ધાર્યો લાભ ન થવાથી ચિંતા થઈ. જીવ સમરાદિત્ય કેવળી ભગવાનનો છે. ખોબે ખોબે દાન ઉછાળવું છે. મોટો પરોપકાર કરવાની ભાવના કર્યા પછી એ સફળ ન થાય ત્યાં સુધી જંપ નથી. વિચાર કરે છે કે 'મારા મનના મનોરથ પૂર્ણ થયા વિના પાછો ઘેર કેવી રીતે જાઉં ?' આમ ચિત્ત ચિંતામાં તો પડી ગયું, પણ પુરુષાર્થી જીવ છે ને, એટલે તરત ઉપાય શોધી કાઢ્યો અને હવે એ વિચારણામાં યોગ્યાયોગ્યતા માપી લેવા અને યોગ્ય હોય તો સંમતિ મેળવી લેવા નોકર નંદ અને પત્ની ધનશ્રી સમક્ષ વિચારણા રજુ કરે છે.

**વિચારની આપ-લે કર્યે લાભ :-**

ઉપાય ભારે કઠિનતાભર્યો હતો છતાં પોતાને કોઈ ભય નહોતો, કે કાયરતા નહોતી. પરંતુ માણસે પોતાની સ્વતંત્ર બુદ્ધિના ગુમાન રાખ્યા શા કામનાં ? પોતાની વિચારણામાં બીજાની સાથે બાંધછોડ કરવાથી કેટલી વાસ્તવિકતા છે એનું તારણ નીકળી શકે. ત્યારે જુઓ કે એવું કેટલીયવાર બને છે કે એકલા મનોમન વિચાર કર્યે જવામાં જે સ્ફૂરણા ન થઈ હોય તે બીજાની સાથે વિચારની આપ-લે કરતાં થઈ આવે. 'નંદ એક નોકર છે, અને ધનશ્રી તો સ્ત્રીજાત, એ બંનેની શી



બુદ્ધિ પહોંચે ?...' એવી તુચ્છ માન્યતા બુદ્ધિશાળી એવો આ ધનકુમાર નથી રાખતો. કહેવાય છે ને કે **'બુદ્ધિ કોઈના બાપની નથી ?'** જાતના જ નહિ, પણ બીજાનાંય મૂલ્યાંકન કરતાં આવડવું જોઈએ. એ જો આવડે તો એની પાછળ માણસ કેટલાય સારા લાભોનો ભોક્તા બને છે.

**સહચારીની સંમતિથી કામ કરવું :-**

અહીં તો સાથે એ પણ વાત છે કે 'નોકર અને પત્ની બંનેની સંમતિથી કાર્ય થાય એજ ઉચિત' એમ ધન માનનારો છે. મોટું કાર્ય કરવા નીકળવું, એમાં સહચારીની નારાજી હોય તો, જેમ શુકન કરતાં શબ્દ આગળ, એમ સામાની ઈતરાજી ને મનનો કચવાટ કેટલીક વાર પરિણામ સારું નથી લાવવા દેતો. ત્યારે જો પોતાને ઉલ્લાસ છે, અને બુદ્ધિ પણ છે, તો પહેલેથી જ સામાનું મન સંપાદન કરી લેવામાં ખોટું શું ? ઊલટું, એમાં તો સામાને પણ લાગે કે અમારી પણ ગણત્રી થાય છે, તેથી એ બેવડા ઉત્સાહથી કાર્યમાં સહયોગ આપે.

**ધન અને નંદ વચ્ચે વાર્તાલાપ :-**

ધનકુમાર કહે છે, 'જુઓ આ જે માટે આપણે નીકળ્યા, તે તો કાંઈ બરાબર સિદ્ધ થયું નહિ. કાંઈ મહાલાભ થયો નહિ.'

નંદ કહે છે, 'એમાં શું ? એ તો ભાગ્યની વાત છે. શું આપણે કાંઈ પુરુષાર્થ નથી કર્યો કે વિમાસવાનું હોય ?'

'ભાઈ ! એ ખરું, પણ હવે કાંઈ આ રીતે ઘેર પાછું જવાય ?'

'અરે શેઠ મારા ! તે એમાં કાંઈ નાનપ થોડી જ છે ? નાનપ તો એદીને હોય. આપે તો ઉદ્યમ કર્યો છે. બાકી ફળ તો ભાગ્યાધીન છે.'

'નંદ ! નાનપનો સવાલ નથી. મને તો બાપુકી મૂડી ખાઈ લેવામાં જીવતર ધૂળ લાગે છે. મારે તો જ્યોતિભર્યા જીવતર જીવી જવા માટે જે આપકમાઈના ધનથી મહાદાન દેવાં છે, એ મનોરથ એમ જ રહી ગયો ને ?'

'પણ એ તો ભાગ્ય વાંકું હોય ત્યાં શું થાય ?'

'શું થાય નહિ, જુઓ અહીં પ્રભાવવંતો રત્નાકર (સમુદ્ર) પાસે જ છે. તો આપણે એમાં ઊતરીએ, સમુદ્ર પ્રવાસને ખેડી પેલે પાર જઈ ધન કમાવી લાવીએ.'

નંદ તો આ સાંભળી ચોંકી ઊઠે છે ! હેં ? ક્યાં ને ક્યાંય સાગરને પેલે પાર જવાનું ? એમ કરતાં તો કોણ જાણે શું ને શું ય થાય ? એ કહે છે,

'પ્રભુ ! એ તો મોટું જોખમ !'

'અરે ઘેલા ! જોખમ ખેડ્યા વિના મહાલાભ તે મળતા હશે ? **ઊંચા જીવનમાં ઊંચા જોખમથી ડરવાનું ન હોય.'**

'પણ શેઠ ! નક્કી થોડું જ છે કે એમ મહાલાભ થશે જ ? જુઓને, આટલે દૂર સુધી ધારીને જ આવ્યા હતા ને ? છતાં લાભ ન થયો.'

ધન કહે છે, 'અહીં ન થયો એટલે બીજે ય ન જ થાય એવું થોડું જ છે ? સંભવ છે કે કોઈ સારા દ્વીપ પર જઈએ તો ત્યાંથી મહાલાભ થઈ જાય.'

'પણ એમ કાંઈ લાભની સંભાવના કરીને સાહસ કરાય ?'

'અરે ભોળા ! લાભની સંભાવનાથી શું કાર્ય નથી થતા ? લાભ તો ઉદ્યમ કર્યા વિના ક્યાંથી થાય ? કેટલીક વાર નિર્ણયથી અને કેટલીક વાર લાભની સંભાવના વિચારીને ય ઉદ્યમ થાય છે. ખેડૂત વરસાદને પાકની સંભાવનાથી ખેતી કરે જ છે ને ? રાજા દુશ્મનના આક્રમણની સંભાવના વિચારી લશ્કરનો ખર્ચ કરે છે. વેપારી સારો ભાવ આવી લાભ મળવાની સંભાવનાથી માલ ખરીદે છે. સંભાવનાથી કશું ન જ થાય એવું ક્યાં છે ? સંભાવનાથી પણ કાર્યમાં ઝંપલાવ્યા વિના તો સંપત્તિ ક્યાંથી મળવાની હતી ?'

'તો બાપુ ! શું આવી સંભાવનામાં આટલું મોટું જોખમ ખેડવું ?'

'અરે ! એમાં ગભરામણ શું છે ? એમ ભય રાખ્યા કરીએ તો તો મળેલી પુરુષાર્થ શક્તિ હણાઈ જ જાય ! એટલું જ નહિ, પરંતુ સંભવિત સફળતાને ય પહેલેથી જ દૂર રાખવાનું થાય.'

વિચારવા જેવા છે ધનના ઉદ્ગાર.

**ભય શું કામ કરે છે ? એક પુરુષાર્થ શક્તિનો નાશ અને બીજું સંભવિત ફળને પહેલેથી જ નકારો.** જીવનમાં કેટલીય એવી સોનેરી તકો આવી મળે છે કે એ વખતે જો ભયરહિત હોઈએ તો માનવજીવનની અણમોલી પુરુષાર્થ-શક્તિને એળે ન જવા દેતા એને સારી કામે લગાડી શકીએ. અહીં જે મહામૂલી પુરુષાર્થ-શક્તિ મળી છે, તેની કદર હોવી જોઈએ. આ જગતમાં અનંતાનંત જીવો એવા છે કે જે બિચારાને વિકસિત પુરુષાર્થ-શક્તિ જ મળી નથી. પછી એની પાસે આયુષ્ય પણ હોય, શરીર પણ હોય, સંયોગો પણ હોય, પરંતુ બિચારા શું કરી શકે ? પુરુષાર્થ શક્તિના અભાવે બાકીનું બધું મળેલું ફોગટ જ ને ? એક પક્ષઘાતી ને જ જુઓને ! એની પાસે આયુષ્ય, ધન, શરીર, સંયોગો, વગેરે શું શું નથી ? છતાં એ બધું હોઈને ય શું કરી શકે ? ત્યારે આપણે શું પક્ષઘાતના રોગવાળા છીએ તે એમજ આયુષ્ય ઢળી જવા દઈએ છીએ ? પુરુષાર્થ-શક્તિનો સદુપયોગ ન કરવો એ એક મહાકિંમતી મૂડીનો નાશ છે. એ નાશ કરવા જેવી મૂર્ખ ચેષ્ટા બીજી કઈ કહેવાય ?

**પુરુષાર્થ-શક્તિના વિવિધ ઉપયોગ :-**

ભૂલશો નહિ, પુરુષાર્થ-શક્તિનો ઉપયોગ માત્ર કાર્યોની પ્રવૃત્તિ જ થઈ શકે



છે એવું નથી, પણ કાયાને સ્થિર આસનમાં રાખીને કે, એની સંલીનતા અર્થાત્ બિન જરૂરી હલનચલન પર અંકુશ મૂકીને પણ પુરુષાર્થ-શક્તિને લેખે લગાડી શકાય છે. કાયોત્સર્ગ એ શું છે ? પુરુષાર્થ-શક્તિનો ઊંચો સદુપયોગ. એમ બીજી ધર્મક્રિયામાં ફોગટના હાથ પગ હલાવવાનું, ખણખણ કરવાનું, કપડું કે બીજું કોઈ ઊંચુ નીચું કરવાનું, - એ બધું ન કરીએ એ પણ પુરુષાર્થ-શક્તિનો સદુપયોગ છે. એવી રીતે પવિત્ર હિતકારી વાણી વિચારણા એ પણ પુરુષાર્થ-શક્તિની ક્રિયાશીલતા છે.

**માનસિક પુરુષાર્થ :-** ઊંઘમાં હોઈએ ત્યાં મન કામ ન કરે, પરંતુ જાગતા હોઈએ ત્યારે મનને શૂન્ય કે સુસ્ત શા માટે રાખીએ ? મહાપુરુષોના ઉત્તમ જીવન પ્રસંગો,-સ્વાત્મ નિરીક્ષણ, આત્મ-ઉન્નતિના વિવિધ માર્ગો, જીવ-અજીવ વગેરે નવ તત્ત્વો, અનિત્યાદિ શુભ ભાવનાઓ, જિનાજ્ઞાની શ્રેયસ્કરતા, રાગદ્વેષાદિના અનર્થો, કર્મના વિપાક, વિશ્વના સંસ્થાન ઇત્યાદિની વિચારણા કરવામાં કે શ્રી પંચપરમેષ્ઠીનો જાપ વગેરે કરવામાં પુરુષાર્થ શક્તિને કાં ન જોડીએ ? અવસર હોય ત્યાં એ અંગેની જ વાતચીતમાં જ કાં ન લાગીએ ? પુરુષાર્થશક્તિને અહીં સક્રિય રાખી શકીએ છીએ.

**પુરુષાર્થ શક્તિનો અપવ્યય :-**

એટલું અવશ્ય ધ્યાનમાં રાખવું કે પવિત્ર વિચારણા કે વાતચીતના આ બધા વિષયોથી વિરુદ્ધ વાતો યા ભળતા જ વિષયોમાં મન-વચનને લગાડવાથી તો પુરુષાર્થ-શક્તિનો અપવ્યય થાય છે. જુગાર, દુરાચાર, ઊંધા વેપલા વગેરેમાં ધનનો અપવ્યય કર્યે નુકસાન થાય છે ને ? અધિક પડતા ખાનપાન-વિષયસંગ-રગડાઝગડા વગેરેમાં કરેલો શરીરનો ગેરવ્યય નુકસાનકારી થાય છે ને ? બસ, એવો પુરુષાર્થ-શક્તિનો અપવ્યય મહાઅનર્થકારી નીપજે.

**પુરુષાર્થશક્તિ હણો નહિ :-** માટે, બેઉ સાવધાની રાખવાની છે, પુરુષાર્થ-શક્તિનો દુર્વ્યય થવા ન દેવો, તેમ એને નિષ્ક્રિય પડી રહેવા દેવી નહિ. **ધનકુમાર** નંદને આ વિચાર આપે છે કે પુરુષાર્થશક્તિને, કશું સુકૃત ન કરીને, હણી શા માટે નાખવી ? તેમ એ પણ કહે છે કે ભયના માર્યા નિષ્ક્રિય બેસી રહીને સફળતાને પહેલેથી જ કાં આઘી રાખવી ?

**ભય સફળતાને પહેલેથી જ દૂર રાખે છે :-** વાત સાચી છે કે વાતવાતમાં જો ડરપોક રહ્યા કરીએ ભય સેવ્યા કરીએ કે 'આમ કરીએ તો પછી કેવી ફસામણી થાય, કેવી આપત્તિ આવે'...વગેરે, તો એનું પરિણામ તો એ, કે કાર્ય-પ્રવૃત્તિ જ નહિ થવાની, પછી ફળની શી આશા ? ફળ મળવાનો અર્થાત્ સફળતા થવાનો આધાર તો પ્રવૃત્તિ પર છે, પણ ભય ચીજ જ એવી છે કે પહેલેથી જ પ્રવૃત્તિ

અટકાવી સફળતાને નકારો કરી દે છે કે 'અહીં તું ન આવીશ.' અલબત્ત આનો અર્થ એ નથી કે આંધળિયા કરવા; પરંતુ વાત આ છે કે ભય દૂર કરીને સારાં સાહસ, સારાં કૃત્ય કરતા રહેવું; અને સંભવિત સફળતાને આવવા માટે માર્ગ કરી આપવો. ધનકુમાર એટલે જ સમુદ્ર પ્રવાસ કરીને પણ લક્ષ્મી કમાઈ મહાદાન કરવા ઝંખે છે.

ત્યાં નોકર નંદ કહે છે, 'નાના શેઠ ! પણ આવડું મોટું સાહસ તે બીજાને સારું ખેડાતું હશે ?'

**પરમાર્થ વિનાનાં જીવન તુચ્છ :-**

ધન કહે છે, 'અરે ભાગ્યવાન ! સ્વાર્થ ખાતર તો આખી દુનિયા લોહીનાં પાણી કરી રહી છે. પણ એમ કમાયેલી સંપત્તિ થોડી જ જગતને આનંદદાયિની બને છે ? એ તો બીજાના ભલામાં વાપરીએ તો સૌનાં દિલ ઠારે. ને નંદ ! તું જો, કે એવું કરતાં ન આવડ્યું તો ય અંતે તો એ જવાનું તો છે જ ને ? તો પછી ઊંચા પરમાર્થ-પરોપકાર કાં ન સાધી લેવા ? એ વિનાના તુચ્છ સ્વાર્થભર્યા જીવન જીવવામાં શી મઝા છે ? માટે હું તો સમુદ્રની મુસાફરી કરવાના અભિપ્રાયવાળો છું.'

**મમતાળુ હોય તો બીજાની ચિંતા કરે :-**

ધનકુમારની પુખ્ત વિચારભરી આ વાત પર નોકર નંદ સંમત થાય છે. કહે છે, 'તો ભલે શેઠ ! અમે તમારી સાથે જ છીએ.' ત્યારે પત્ની ધનશ્રી ? અગ્નિશર્માનો જીવ છે ને ? એને કાંઈ પતિ ગમતો નથી. એટલે 'બિચારા પતિ પર પરદેશમાં કાંઈ આફત આવે તો ?' એવી કોઈ અફસોસી એને નથી; પછી શું કામ ના પાડે ? નોકર તો શેઠ ધન પર મમતાળું છે એટલે અત્યાર સુધી ના પાડતો હતો. મમતાળુ હોવા યા ન હોવામાં આ ફરક પડે છે કે સામાના હિતની ચિંતા યા બેપરવાઈવાળા બનાય છે.

**સમુદ્ર પ્રવાસનો નિર્ણય :-** બસ, ત્રણેય જણાની વચ્ચે આ નક્કી થયું કે દરિયાની મુસાફરી કરી બીજા બંદરે જઈ વેપાર કરવો. સવારના પહોરમાં જ આ વિચારણા થઈ; પછી સ્નાન માટે હવે ઊઠે છે ત્યાં એક અણધારી ઘટના બને છે.





**જુગારીનું આગમન :-**

ત્યાં એક માણસ દોડતો ઘરમાં ઘૂસી આવે છે. એના શરીર પર માત્ર બે હાથનું ચીંથરૂં છે, અને શરીરે નખના ઊઝરડા પડેલા છે; જુગારીના હાથના તળિયા ખડી ઘસી ઘસીને ધોળા ધોળા થઈ ગયા છે; પાન ચાવી ચાવીને હોઠ લાલ થઈ ગયા છે; ગળામાં કરમાઈ ગયેલી માળા છે; જો જો જુગારી માનવનું કદ્રૂપું ચિત્ર !

એની પૂંઠે જુગારીઓનું ટોળું લાગેલું છે. બિચારો ભયભીત બની 'મને પકડી તો નહિ લે' એટલા માટે પાછળ જોતો જોતો દોડીને અહીં ઘરમાં ઘૂસી જઈ ધનકુમારને કહે છે.

'આર્ય ! હું તમારે શરણે આવ્યો છું; તો આ અનાર્ય જંગલી જેવા જુગારીઓથી તમે મને બચાવી લો. નહિતર એ લોકો મને મારી નાખશે !'

**બળ્યા-ઝળ્યાને પહેલો નકારો-જાકારો ન દેવાય :-**

અવસરનો જાણ ધનકુમાર મનમાં એમ નથી વિચારતો કે 'વળી આ લપ મને ક્યાં વળગી ? આવા પાપીઓમાં આપણે વળી શા સારું સંડોવાઈએ ? અને ઓળખાણ વિના એમ સહાય કેમ અપાય ?...' આવું આવું એના મનને કાંઈ જ આવતું નથી. એ તો એકજ જુએ છે કે 'આ દુઃખી લાગે છે, ને શરણું માગે છે, તો એકવાર તો એને આશ્વાસન દઈ દેવું જ જોઈએ. બળ્યા-ઝળ્યા માણસને પહેલો નકારો, જાકારો કે ઠપકો ન દેવાય. આપણા જ હાથે કાંઈ ઊંધું વેતરણ થઈ ગયું હોય અને આપત્તિમાં મૂકાઈ ગયા હોઈએ તો આપણે સારા માણસ પાસેથી શી આશા રાખીએ છીએ ? ઠપકાની આશા કે આશ્વાસનની ? હડધૂતની કે પ્રેમની ? બસ **'આત્મવત્ સર્વભૂતેષુ,'** પોતાના આત્માની જેમ સર્વ જીવો પ્રત્યે દૃષ્ટિ રાખવાની છે, ધનકુમાર તરત પેલાને કહે છે.

'ભદ્ર ! વિશ્વાસ રાખ, અહીં તું નિર્ભય છે. પણ હું તને પૂછું છું કે શા કારણે આ લોકો ઉપદ્રવ કરે છે ?'

પેલો ઉત્તરમાં કહે છે, 'આર્ય ! મને શું પૂછો છો ? મારા નસીબને પૂછો. હું મારા મોંઢે બોલી શકતો નથી.'

ધન જુએ છે કે આ શબ્દો એનું અત્યંત દર્દ બોલાવી રહ્યું છે. તો હવે એવા પીડિતને 'ના, તને ઓળખ્યા વિના અમે કશું ન કરી શકીએ,' એવા હૃદયભંગકારી શબ્દ ન સુણાવાય. એના બોલ ગંભીર છે, કોઈ મોટી વિટંબણાને સૂચવી રહ્યા છે,' - એમ વિચારીને ધન એને કહે છે,

'હશે, કલ્યાણ પુરુષ ! ખેદ ન કરીશ. સરખી દશા ચાલતી હોય એમાં વિષમતા કોને નથી ઊભી થતી ? મધ્યાહ્નને ઝગમગતો સૂર્ય પણ જો ને કે સાંજ પડતાં અસ્તની દુર્દશા ક્યાં નથી પામતો ? સવારે ખીલેલું ફૂલ સાંજે કેવું કરમાઈ જાય છે ! ગ્રીષ્મમાં તપતો પ્રકાશ વર્ષામાં ક્યાં નથી આવરાઈ જતો ? માટે મૂંઝાઈશ ના. આમ થવામાં તારે કાંઈ નવાઈ નથી. તું તારે મને કહે આમ ક્યા કારણે બન્યું.

**માણસની ભૂલ થવા માત્રથી એ તિરસ્કારને પાત્ર નથી.** આપણા જીવનમાં જ જુઓને કે આપણે ક્યાં ભૂલ નથી કરી બેસતા ? ત્યાં ભૂલના માઠા પરિણામથી બચાવની અપેક્ષા રહે છે, સજ્જનનું કામ એ બચાવ આપવાનું છે. ધન આ માનનારો છે, તેથી હૃદયની લાગણીથી પૂછી રહ્યો છે, એની આ ઉમદા ચર્યાથી જુગારીને પોતાના દુષ્કૃત્ય પર હવે ખરેખર પશ્ચાત્તાપ થાય છે. પોતાને બહુ પૂર્વે નરસા જીવન પ્રત્યે જે ઉદ્વેગ હતો, અરુચિ અને સૂગ હતા, તે પાછા જન્મે છે, તે પણ એટલા વેગમાં કે એની આંખો આંસુથી ભરાઈ જાય છે.

**જુગારીનો આત્મવૃત્તાન્ત :-** જુગારી આંખમાં ઝળઝળિયાં સાથે ગદ્ગદ શબ્દમાં કહે છે, 'આર્ય ! શું કહું તમને ? ઉત્તમ વણિક કુળમાં જન્મેલો છતાં હું કુળને કલંક દેનારો બન્યો છું; સુકુળના યશ પર કાળો કૂચડો ફેરવનાર થયો છું. આલોક પરલોક ઉભયને પ્રતિકૂળ આચરનારો તથા પ્રાજ્ઞ પુરુષોને નિંદનીય બનેલો છું. મારો જન્મ કુસુમપુર નગરમાં **મહેશ્વરદત્ત**ના નામથી થયેલો; પણ પુણ્યશાળી લોકો જેનાથી દૂર રહે છે, અને જે સકલ દોષોની ખાણભૂત છે, એવા જુગારના છંદે ચઢી આ પાયમાલી મેં સર્જી છે !'

**ઉત્તમ કેવો ? :-** ધનને આ સાંભળીને થયું; કે 'અહો કેવો આનો વિવેક છે ! નહિતર ઉત્તમ કુળ અને અધમ કરણી બેનો ભેદ ક્યાંથી સમજી શકે ? આવી અવસ્થાને પામેલો છતાં એને પોતાની જાતનો અને અકાર્યનો ખ્યાલ છે. તેમજ એ પોતાના આ કાર્યનો શોક કરે છે ! તેથી ખરેખર ! આ કોઈ ઉત્તમ આત્મા છે.' ધનકુમાર એનામાં ઉત્તમતા જોઈ રહ્યો છે. કેમ વારુ ? એ સમજે છે,

**અકાર્ય કર્યા છતાં ઉત્તમતા કેમ ખીલવાય :-**

ઉત્તમતા ચીજ એવી છે કે એને ગમે તેવી દશામાં ખીલવી શકાય અર્થાત્ અકાર્ય કર્યા પછી પણ ખીલવી શકાય. એ માટે અકાર્યનું હૃદયવેધી ભાન થવું જોઈએ, ભારે પશ્ચાત્તાપ જોઈએ; ફરી અકાર્ય ન કરવા અને કરેલા અકાર્યનો પ્રાયશ્ચિત્ત રૂપે વિશિષ્ટ સત્કાર્યની તમન્ના જાગવી જોઈએ, આવી ઉત્તમતા જોવી એ પણ ઉત્તમતા છે. ધનકુમારમાં એ ઉત્તમતા છે. તેથી જ એ જુગારીમાં આ ઉત્તમતા



જુએ છે, તેથી આશ્વાસન આપે છે. નહિતર તો આડા-અવળા ધંધા કરીને આવ્યો હોય અને આપણા માથે પડતો હોય તો સહેજે કહેવાનું મન થાય 'મૂરખ ! અવળા ધંધા કરતાં લાજ ન આવી ?' સગા દીકરાની સાથે પણ આવા આશ્વાસનના વર્તાવ રાખવા મુશ્કેલ છે ! ત્યારે અહીં તો સાવ અજાણ્યા પ્રત્યે પણ એવો વર્તાવ છે એ સામામાં પાત્રતા જુએ છે, એટલે એને થાય છે કે અહીં દયા દાખવો.

**કાપડનું પોત તેમ આત્માનું પોત જુઓ :-**

બજારમાં કાપડ ખરીદવા જાઓ છો ત્યાં પોત તપાસો છો; એના તાણાવાણા, વણાટ, કાઉન્ટ, પાતળું છે કે ઘટ, વગેરે કેટલુંય જુઓ છો. એમ આ દુનિયાના આત્માનાં પોત જોતાં કેમ નથી આવડતું ? રંગમાં સારા દેખાતા કાપડનાં પોત રાશી હોય, અને નરસાં દેખાતાનાં પોત મજબૂત હોય એમ બને ને ? તો પછી આત્મા જેવી વસ્તુમાં એ શું ન બને ? જુગારીનો જુગારથી રંગ નબળો ગણાય, પણ હાર્દિક પશ્ચાત્તાપથી એનું પોત ઊંચું ન ગણાય ? તમે રંગને મહત્ત્વ આપો ? કે પોત ને ? કાપડમાં તો કહેશો કે 'રંગને શું રુએ ? પોત ક્યાં છે ?' તેમ અહીં આત્માના પોતનો વિચાર કાં નથી કરાતો, તે જ્યાં મોકો મળ્યો કે ભૂલતા પર તૂટી પડવાની જ વાત ! બસ ! જાતના અહંકારના જ ધબકારા સતત ચાલુ રહેતા હોય છે તેથી એમ લાગ્યા કરે છે કે 'હું તો હોશિયાર અને સાવધાન છું. આ બીજાઓ ભૂલ કરે છે' જાણે પોતાનું આત્મપોત સારું, ને બાકી બીજાનાં પોત રાશી ! આ અહંકાર મનાવે છે. કોઈના માટે હલકી કલ્પના થાય, નિંદા થાય, ત્યાં અહંકાર પોષાય છે, અને અહંકારમાં જાતની અધમતા પોષાય છે. બીજાના ગુણ તરફ જ દૃષ્ટિ રાખો. ખાણોમાંથી રત્ન કાઢનારાની દૃષ્ટિ રત્ન તરફ જ હોય છે. બાકી તો પાસે મોટા પર્વતો હોય, અને ખાણમાં માટી કાંકરા ભર્યા પડ્યા હોય છતાં એને જોતાં નથી, કે એને વખોડતા નથી. એમ સામાના આત્મામાં થોડી પણ લાયકી હોય નાનો પણ ગુણ હોય, તેના તરફ ધ્યાન દેવું જોઈએ, તો જ આપણી ભાવના સારી રહે.

**ખોખું અને એના લાગતા વળગતા :-** બાકી તો જગતમાં જુઓ કે અધમ જીવોને તો પોતાનું આત્માનું કાંઈ જ ભાન હોતું નથી. એને તો ભાન હોય છે માત્ર ખોખાનું અને ખોખાના લાગતા વળગતા ધનમાલ અને કુટુંબનું. એને એ સૂઝ ન પડે કે ઊંચા કુળ યા ઊંચી સ્થિતિમાં રહેલા મારે માટે આ હલકી કાર્યવાહી ગણાય અને તે મારે કરવાની ન હોય. જ્યારે મહેશ્વરદત્ત જુગારીને આ ખ્યાલ આવે છે કે 'હું તો ઉત્તમ કુળને કલંક દેનારો બન્યો છું. આ ભવ પરભવ બંને બગાડે એવી લતે ચઢી ગયો છું.' આ બોલતાં એને આંસુ આવે છે કેમકે એના

દિલમાં જુગારના અધમ ધંધા પ્રત્યે ભારે પશ્ચાત્તાપ છે. આવા પશ્ચાત્તાપ પણ અંદરખાને ઉત્તમતા બેઠી હોય એને આવે. તમને થશે કે આટલા હલકટ ધંધા કરે છતાં ઉત્તમ ? હા, જગતમાં જોઈ વળો કે નીચ કૃત્યો કરનારા કેટલા જીવો છે, અને એમાંથી કેટલા કેટલાને એમા પશ્ચાત્તાપ થાય છે ? અબજ-પરાર્ધમાં ભાગે નહિ મળે ! સહેજ પણ ઉત્તમતા ખીલ્યા બાદ જ પોતાના અપકૃત્યની તેવી ઓળખ અને ખરો શોક થાય છે.

**આત્મભાન અને પશ્ચાત્તાપ માટે** ધ્યાન રાખજો, સમાજનું આધ્યાત્મિક જીવનધોરણ ઊંચું હશે, ઘરના આચાર-વિચાર ઊંચા હશે, અને નાનપણથી શિક્ષણ-અવસ્થામાં સુકૃત-દુષ્કૃત્ય, કર્તવ્ય-અકર્તવ્ય, ગુણગણ-દોષગણ, વગેરેના વ્યાપકપણે શિક્ષણ મળ્યા કર્યા હશે, તો જ આત્મભાન અને દુષ્કૃત્યના પશ્ચાત્તાપને અવકાશ રહેવાનો છે. અસલ તો એ એ દુષ્કૃત્ય-અકાર્ય કરે નહિ, દોષોને સેવે નહિ; પણ કદાચ તેમ બન્યું તો એને હૃદયમાં એનો ખ્યાલ જીવંત રહેશે; ને અવસર મળતાં એના ભારે શોક સાથે એમાંથી છૂટવાનો યત્ન કરશે. ત્યારે આજે જુઓ કે કેળવણી કેળવણીની વાહ વાહ ગવાય છે, પણ એમાં બાળપોથીથી માંડી ઠેઠ ઉપરના શિક્ષણ સુધી આનું પ્રધાન શિક્ષણ છે ખરું ?

**અપરિચિત ગુણોના તો અભ્યાસ જોઈએ :-**

બીજી વસ્તુનાં પણ જો શિક્ષણ અપાય છે, તો જ એમાં હોશિયારી આવે છે, તો પછી અનાદિકાળના દોષ, દુર્ગુણ અને દુષ્કૃત્યમાં ટેવાયેલા જીવને સદ્ગુણ-સત્કૃત્યોના શિક્ષણ અને સંસ્કરણ વિના એમાં હોશિયારી ક્યાંથી આવવાની ? ભૂલશો નહિ, સદ્ગુણ-સદાચારના પૂર્વ પરિચય છે નહિ, ને અહીં નિશાળમાં આ શીખવા મળતું નથી, તેમ તમારે ઘેર પણ સંતાનોને બેસાડી રોજ આના શિક્ષણ-સંસ્કરણ આપવા નથી; પછી બૂમો મારવી છે કે છોકરા-છોકરી બગડી ગયા ! ઉદ્ધત અને સ્વાર્થી થઈ ગયા !...' વગેરે વગેરે, એથી શું વળે ? સાચી કેળવણી કોને કહેવાય એ સમજો. ખાલી કળા તો સરકસના સિંહ-વાઘ જેવાય શીખે છે, સરકસના કૂતરાય કળાબાજ બને છે, પણ તેથી શું ? માનવ જેવું ઉત્તમ પ્રાણી આર્ટ્સ-કોમર્સ અને ડોક્ટરી-વકિલાતની કળામાં હોશિયારી મેળવે એટલા માત્રથી શું માનવતા વિકસી ? માનવતાનો વિકાસ કરવા માટે તો સદ્ગુણ-સદાચારના ખૂબ ખૂબ અભ્યાસ કરવા-કરાવવા આવશ્યક છે.

ધનકુમાર જુગારી મહેશ્વરદત્તના દુષ્કૃતના શોકની કદર કરે છે. એ કહે છે,

'ભદ્ર ! તો હવે કહે હું શું તારું પ્રિય કરું ?'

**જુગારીને શરમ : ધનકુમારની શોધ :-**



ભારે લાગણીભર્યા આ શબ્દોથી જુગારીના દિલમાં આજે કોઈ અપૂર્વ ઠંડકભર્યું આશ્વાસન મળ્યું; પણ ઉત્તર દેતાં એ શરમાય છે, મોઢેથી માગવાની ધૃષ્ટતા નથી કરી શકતો, આંખ મિચાઈ જાય છે, મોઢું વીલું બની જાય છે, અને ભાંગ્યા-તુટ્યા અક્ષરે કાંઈક બોલે છે તે ન બોલ્યા જેવું અસ્પષ્ટ. ધનની સજ્જનતાની આ છાયા પડી ગઈ છે, કે જે એને ધિટ્ટાઈ નથી કરવા દેતી.

આ ઉપરથી ધન અનુમાન બાંધે છે કે 'જરૂર, આ જુગારમાં કંઈક હારી ગયો લાગે છે; પરંતુ તે માગી શકતો નથી.' સંયોગો પરથી કલ્પીને એ નોકર નંદને કહે છે,

'ભદ્ર નંદ ! જા જો, આ બહાર ફરતા જુગારીઓને જરા પૂછ કે ભાઈ ! આ ભદ્ર જીવે તમારો શો અપરાધ કર્યો છે ?' કેટલો કોમળ વ્યવહાર ! આવેશ પર કાબુ ! અને બધાને ન્યાય આપવાની પ્રવૃત્તિ !

નંદ સાંભળીને તરત ઊઠી ગયો બહાર. નમ્ર શબ્દોમાં પેલા જુગારીઓને એણે પૂછ્યું ત્યારે એ કહે છે,

**સોળ સોનામહોરનું દેવું :-** 'અપરાધ ? એ શરત કરીને સોળ સોનામહોર હાર્યો છે. એ આપવા વચનથી બંધાયેલો છે. અમે પણ વચનબદ્ધ રહી વર્તીએ છીએ. અમારામાંથી એ છૂટે એમ નહોતો, પરંતુ અમે જરા ક્ષોભમાં પડેલા એમાં લાગ સાધીને એ દેવું આપ્યા વિના ભાગ્યો અને અહીં ઘૂસી ગયો છે.'

નંદે કયાસ કાઢી લીધો કે શું બન્યું. તરત આવીને એણે ધનકુમારને હકીકત કહી.

ત્યારે ધનને પરોપકારની તો લગની જ હતી, એમાં વળી આને શરણું આપ્યું હતું, એટલે સંકોચ કે વિચાર કરવાનો જ ક્યાં હતો ? ઝટ નંદને કહ્યું,

'જા, એ લોકોને સોળ સોનામહોર દઈ દે.'

**પરમાર્થ-પરોપકારના શ્વાસ બંધ :-**

પરદેશ કમાવા ગયો છે, ધાર્યો લાભ થયો નથી, છતાં એ કાળમાં સોળ સોનામહોર જેટલી મોટી રકમ એકદમ જ દઈ દેવાનું કેમ થાય છે ? પણ આજે આવક ઘટી જવાની બૂમ મારનારાના જીવનમાં જુઓ કે ફર્સ્ટ ક્લાસની કે વિમાનની મુસાફરીઓ ને મોટરના ખર્ચા; એવા બીજાય કેઈ ધૂમ ખર્ચા ચાલુ જ હોય છે. એમ મધ્યમ વર્ગવાળાને ય નવી નવી સગવડોના કેટલાય ખર્ચ ચાલ્યા કરે છે, છતાં અવસરોચિત સાધર્મિક ભક્તિ-ઉદ્ધાર, દીનદુઃખીની દયા, મંદિર-ઉપાશ્રયના સાધારણના ખર્ચ, ધાર્મિક પાઠશાળાના ખર્ચ ઇત્યાદિની વાત આવે ત્યાં ખીસાં બંધ થઈ જાય છે. તે તે શું પેલા અંગત જંગી ખર્ચ આગળ કોઈ મોટી રકમો છે માટે

નથી છૂટતું ? ખરી વાત એ છે કે પરમાર્થ-પરોપકારના શ્વાસોચ્છ્વાસ સમજો છો ને ? માણસને શ્વાસે-શ્વાસે સ્વાર્થની લગની રહેતી હોય છે; એના બદલે જો પરોપકારની લગની રહે, તો એ એના શ્વાસોચ્છ્વાસ ગણાય.

**દેવું પતે છે છતાં નંદ ખિન્ન :-** ધનકુમારના કહેવાથી નંદ નોકરે જુગારીઓને સોળ સોનામહોર આપી દીધી; એટલે તેઓ જતા રહ્યા. એથી અલબત મહેશ્વરદત્તને જુગારીનું દેવું પતવા પર અને જુગારીઓના ઉપદ્રવમાંથી છૂટવા ઉપર રાહત તો થઈ; પરંતુ એનું દિલ કોઈ ઉદ્વેગ અનુભવી રહ્યું છે. હવે ઉદ્વેગ ? હા, ખરો ઉદ્વેગ જ હવે છે, કેમકે એને ધનકુમારનો ઉદાર અને મધુર વર્તાવ જોઈ એમ થાય છે કે 'અરે ! સુકુળમાં તો આ પણ જન્મેલ છે, અને હું ય જન્મેલ છું. છતાં ક્યાં આનું ઉચ્ચ પરોપકારભર્યું અને દીનવત્સલ જીવન, અને ક્યાં મારું એવું તો નહિ પણ સ્વોપકારક ઉચિત વેપારાદિનું ય જીવન નહિ ? ઊલટું સ્વઘાતક પ્રાજ્ઞનિંદ્ય જુગારનું જીવન ? ગમે તેટલા ચડસમાં ચઢ્યો પણ આજે એ બધાનો શો સાર હું જોઈ રહ્યો છું ? ધિક્કાર છે મારા અવતારને ! અભાગિયાને ચિંતામણિ મળે તો ટકે ક્યાંથી ? એમ હું ભાગ્યહીન બની જીવન એળે ગુમાવનારો બન્યો...!'

**ખેદનું કલ્યાણ વલોણું :-** ખેદના વિચારમાં એ મૂઢ બની ગયો છે. અને આ ખેદ એને સુંદર હૃદયપલટો કરાવનાર બને છે. ખેદમાંથી જે દિલનું કલ્યાણ વલોણું થઈ જાય છે એના પર જો જો હવે એ કેવા ઝડપી વિકાસને સાધે છે. આ સ્થિતિ સુધી લઈ આવનાર ધનકુમાર છે. એક પરોપકાર અને પ્રેમભર્યા વર્તાવ કેટલો બધો પ્રભાવ પાડી જાય છે ! અવસરે મોટા વિદ્વત્તાભર્યા ભાષણ કામ ન કરે એ આ પ્રેમ અને પરોપકારનાં વર્તાવ કરે છે. ધનકુમારે પોતાના આત્માને જ એવો ઘડ્યો છે તેથી આ સહજ બની ગયું છે. એ જુગારીનો ખેદ જોઈ શકતો નથી, એને કહે છે,

**ભૂતકાળ ભૂલ : ભાવી જો :-** 'ભદ્ર ! હવે એ ખેદ કરવો મૂકી દે કે આ બધું જીવનમાં કેટલું અજુગતું બની ગયું ! હવે તો આગળ શું કરવું, કેવા બનવું, એનો વિચાર કર. પુરુષો તો કાર્ય-કર્તવ્યને મુખ્ય કરનારા હોય છે, બાકી ખાલી ખેદ કરવાનું તો સ્ત્રીજનો કરે. એ તો સ્ત્રીઓને કંઈ બગડી-સગડી જવા પર ઉચાટ થયા કરે. પણ એમાં તો કાયરતા છે, નિરર્થક કિંમતી સમયની બરબાદી છે. વિચારણા તો એ કરવી કે ભૂતકાળ તો ગયો, પણ ભાવી સમય મારા હાથમાં છે, તો ખેદ શા સારું કરું ? હવે તો એ જોઉં કે એને કેવાં સારા કૃત્યો અને ઉચિત જીવનથી સારો બનાવું. માટે ઊઠ, સ્નાન કરી લે.'

**જીવનનો ઝોક જ આવો બનાવો :-**

એના દેવાની રકમ આપી દીધા પછી પણ ધનકુમારને છૂટી નથી જવું.



પરોપકારનું કાર્ય હાથમાં આવી પડ્યું તો એ પરોપકાર જેટલો વધારાય એટલો વધારવો છે. આમાં જો જો કે બહુ કાંઈ પુણ્ય કમાઈ લેવાનો લોભ છે એવું નથી, પણ સ્વાર્થ ગૌણ અને પરાર્થ પ્રધાન બનાવેલા હૃદયનો ઝોક જ એ તરફ ચાલ્યા કરે છે. બસ, જીવનના ઝોક આવા બનાવી દેવાની જરૂર છે.

**લિમિટ પરમાર્થમાં કે સ્વાર્થમાં :-** ધનકુમારના ઉપરાપર સજ્જનતાભર્યા બોલથી જુગારી મહેશ્વરદત્ત જાણે લજવાઈ જાય છે, અને સંકોચ પામતો પામતો ઊઠે છે, ધનની સાથે સ્નાન કરી લે છે. ધન એને રેશમી વસ્ત્રની જોડ અપાવરાવે છે, અને એ એ કચવાતા મને પહેરી લે છે, પછી સાથે બેસાડી એને જમાડે છે. પરમાર્થ ક્યાં સુધી કરવાનો ? દેવું તો પતાવ્યું, હવે રવાના ન કરે ? ના, શક્તિ પહોંચે છે અને પરમાર્થ કરવાની તક મળી છે. પછી શા માટે લિમિટ બાંધી બંધ કરવું ? લિમિટ શાને હોય ? સ્વાર્થને કે પરમાર્થને ? સ્વાર્થમાં તો માણસ કાંઈ હદ નથી રાખતો, અને પરમાર્થની વાત આવે ત્યાં 'હવે તો હદ થઈ ગઈ ! માફ રાખો ભાઈસાબ !' એમ કહે છે. ધર્મનું જ ફળ સુખ સગવડ છે, તે અનલિમિટેડ-અનહદ ગમે છે, પણ મૂળ કારણભૂત ધર્મની વાતમાં ડગલે પગલે લિમિટ બાંધવી છે, આ કેટલી સ્વહિતની જ અજ્ઞાન દશા !

**ધનની કિંમતી સહાય : પતિતના ઉદ્ધાર :-**

ભોજન બાદ ધન મહેશ્વરદત્તને કહે છે, 'ભદ્ર ! તું ય વણિકકુળનો અને હું પણ વણિક કુળનો, એટલે તું તો મારે સમાન જાતિનો છે, અને સજ્જન ભાવવાળો છે, એટલે આ બધું ધન આપણા બંનેનું છે. માટે આમાંથી કાંઈક પણ લઈ જા અને સ્વયં વેપાર કર. આ તને જ ન રુચતો તથા શાણા પુરુષોથી પણ નિંદ્ય એવો જુગારનો ધંધો હવે શા સારું કરે ? એથી તો ઉભય લોક બગડે છે. એવા ધંધા તો અધમ પુરુષને જ આનંદ આપે, ઉત્તમને નહિ. જ્યાં આપણું હૃદય ડંખે અને જે વળી જીવન બરબાદ કરનાર હોય એવું આચરવું તારા જેવા મહાન આત્માને ન છાજે. બીજા સારા ધંધા અને એની સામગ્રી ક્યાં નથી ? લઈ જા આ દ્રવ્યમાંથી, જરાય સંકોચ ન રાખીશ. આ કાંઈ મારા એકલાનું નથી. હું ય જન્મ્યો ત્યારે આ લઈને નહોતો આવ્યો. એ તો સમજ કે તારા મારા પુણ્યે આ આવી મળ્યું છે. માટે આમાંથી કંઈ પણ લઈ વેપાર કર.'

**લિમિટ આહાર-વિષય-પરિગ્રહ અને કષાયોમાં :-**

જુઓ અહીં પણ ધનકુમારની વધતી જતી પરોપકાર-પ્રવૃત્તિ. જુગારીનું દેવું તો પતાવ્યું. ઉપરાંત એને ભોજન, કપડાં આપ્યા પછી પણ હવે જુગારનો ધંધો મૂકી દઈ યોગ્ય ધંધો કરવા માટે પૈસા લઈ જવા કહે છે. પોતાને ધાર્યો લાભ નથી થયો એ ધ્યાનમાં રાખજો. છતાં વાત આ છે કે ઉપરાપર પરોપકાર કરવાની તક મળી છે તો એમાં મર્યાદા-લિમિટ નથી બાંધવી કે 'બસ ભાઈ ! આપણે તો આટલું કર્યું એ ઘણું છે. હવે આપણે આગળ કેટલે પહોંચીએ ?' ના, પરમાર્થનાં કાર્યમાં લિમિટ કેવી ? અને તે છતે સંજોગે ? લિમિટ તો સ્વાર્થના કાર્યમાં. આહાર-વિષય-પરિગ્રહમાં અને ક્રોધ-લોભાદિ કષાયોમાં રાખવા જેવી છે.

**જડસંયોગો અને મલિન લાગણીઓમાં સંયમન :-**

બહુ સાવધાન બનવાની જરૂર છે, અને મળતા જડસંયોગો અને ઊઠતી મલિન લાગણીઓમાં મર્યાદા, સંયમન રાખવાની ખાસ જરૂર છે. પુણ્યનો ઉદય હશે તો સગવડો તો મળતી જશે, પરંતુ એ લઈ લેવામાં અને ભોગવી-સાચવી લેવામાં જો નિયમન-સંયમન નહિ રાખ્યું, મળ્યું એટલું લીધું ને ભોગવ્યું, તો આત્માનું સાત્ત્વિક ધોરણ નહિ ઘડાય, રાજસી-તામસી ધોરણ જે અનાદિનું ચાલ્યું આવે છે, એ પુષ્ટ અને પગભર રહેશે. એથી પરિણામ શું, જાણો છો ? અહીંય હરાયા જેવા, ગળિયા જેવા, અને હલકી અપવિત્ર વિચારસરણી તથા કેટલીય ચિંતા-સંતાપ કરતા બનવાનું, એની પાછળ ગુણો ગુમાવી દોષોને ફાલવા-ફૂલવાનું કરી આપવાનું, અને પરલોકમાં આ વારસો લઈ ગયા પછી ત્યાં કેટલી પારાવાર દુઃખમય અને પાપમય દશા !! માટે **'મળે છે છતાં નથી જોઈતું, હાજર છે છતાં નથી ભોગવવું,'**- આ ધગશ કેળવવાની જરૂર છે. પાપનો ડર વધારવાથી આ પ્રયત્ન વધશે. જુઓ તો વેણીચંદભાઈએ ચાલી આવતી કમાઈ પર કેવી લિમિટ બાંધી.

**વેણીચંદભાઈની સ્વાર્થમાં લિમિટ :-** મેસાણા પાઠશાળાના સ્થાપક શ્રાદ્ધરત્ન વેણીચંદભાઈનું નામ તો સાંભળ્યું છે ને ? એકવાર એ ધંધાર્થે મુંબઈના બજારમાં જઈ ઊભા. વેપારીઓ એમને ઓળખે એટલે પૂછે છે,

'શેઠ ! આપ તો સંઘના મહાન કાર્યો કરનાર ! આપને કેમ અહીં સુધી આવવું પડ્યું ?

'સંઘ-સેવા તો ચાલે છે, પણ આ જરા ખીચડી કમાવવા આવ્યો છું.'

વેપારીઓ કહે છે, 'અરે શેઠ સાહેબ ! એની ચિંતા આપને કરવાની હોય ? જાઓ, અમારા વેપારમાં અમે આપનો ૧-૧ આની ભાગ નાખી દઈએ છીએ, એટલે કાર્ય પતી જશે, આપ નિરાંતે સંઘના કાર્યો કરો.'

**સંઘ જયવંતો ચાલી આવે છે, શાથી ? :-**

અસંખ્ય વરસથી સંઘ જયજયકારથી ચાલી આવે છે એમાં આ પણ એક પ્રબળ કારણ છે. સંઘસેવા-શાસનસેવા કરનારાની બીજી ચિંતા સંઘના ઉદાર માણસો કરી લેતા. આજે જો આ ઉદારતા અને શાસન દાઝ હોય અને એવી ચિંતા ઉપાડી લેવાતી હોય ને, તો આજે ય સંઘમાં એવી શક્તિઓ પડી છે કે જે સંઘસેવા અને શાસન સેવાનાં મહાન સર્જન કરી શકે. આજે દુનિયામાં પણ જુઓ કે ધર્મસંસ્થાઓ કે બીજી સંસ્થાઓ કેવી રીતે ધૂમ પ્રચાર કરે છે. સેવા કરે છે, જૈન સંઘમાં આજે ય એવા પુણ્યશાળીઓ છે કે દરેક એકેક શક્તિને કામે લગાડી દે તો ય પોતાને બહુ ઘસારો ન ખાવો પડે અને શાસન હિતનાં મહાન કાર્યો કરાવી શકે.

વેપારીઓની ઉદાર ઓફર ઉપર વેણીચંદ કહે છે, 'ભાઈ ! હવે તો થાકેલો છું.'

'અરે ! થાક્યા છો ? તો તો અમારી વિનંતિ સ્વીકારી લો.'

**થાક અશક્તિનો નહિ, અન્યાયનો :-**

'ના ભાઈ ના, મહેનત મજૂરીથી થાક્યો નથી. અનીતિ-અન્યાયથી થાક્યો છું. એથી થતાં ભવભ્રમણથી થાક્યો છું. તેથી તમારામાં ભાગ રાખવાનો મોખ નથી. તમે તો ભાગ કરી દ્યો, પરંતુ કોને ખબર તમારા વેપાર કેવી રીતે ચાલતા હોય ? શું તમે ખાતરી આપો છો કે તમારે ત્યાં એક રાતી પાઈની પણ અનીતિ નથી થતી ? મારે તો અનીતિની પાઈ પણ ન ખપે.'

**અનીતિનું અન્ન કાતિલ ઝેર :-** ધર્માત્માને પાપનો ડર કેટલો હોય ? ટૂંકાશા જીવનમાં દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી દુઃખ દેનારા અનીતિ-પ્રપંચ, જૂઠ-હિંસા, વગેરે પાપોથી એ દૂર ભાગે. શું ભવમાં ભટકતાં પાપનાં જ કાર્ય કરવા-કરાવવાનાં ? એ તો કાતિલ ઝેર છે. અનીતિનું ભોજન પેટમાં જતાં જ ગુણોનું અને ધર્મ લેશ્યાનું મોત નીપજાવે છે, બુદ્ધિ બગાડે છે.

વેણીચંદ શેઠના પ્રશ્નમાં વેપારીઓ ઉત્તર કરે છે, 'શેઠ સાહેબ ! વધુ બોલાવો નહિ. પણ અમને કંઈક લાભ મળે ને ?

વેણીચંદભાઈ કહે છે, 'લાભ ને ? હા લાભ મળશે, તમારા ચોક્ખા માલની હું ચોક્ખી દલાલી કરીશ.'

**પ્રામાણિકતાનાં મીઠાં ફળ :-**

વેપારીઓ ખુશ થયા, શેઠની દલાલી ચાલી. પ્રામાણિકપણે ખરીદ કે વેચાણ

કરવાનું એટલે એમને તો ઘરાક પણ સારા મળતા ગયા. તેથી વેપારીઓને સોદા સારા મળવા માંડ્યા. એમાં એક વિદેશી કંપનીએ પણ શેઠને દલાલી ખટાવવા માંડી. પ્રામાણિકતામાં માણસ ધીરજ રાખે તો એનાં સારાં મીઠાં ફળ પામે છે; અને એ કમાઈ નિશ્ચિન્તતાથી ભોગવી શકે છે, તેમ ધર્મમાં પણ મુખ્યરૂપે ન્યાયમાર્ગની કમાઈનો વ્યય કરવાનું કહ્યું છે તે કરી શકે છે.

થોડો વખત થયો વેણીચંદ હિસાબ માગે છે. દલાલીનો આંક આઠ હજારે પહોંચ્યાનું જાણવા મળે છે, ત્યાં ચોંકીને કહે છે,

'હેં ! આઠ હજાર ? મારે તો ચાર હજારની જ જરૂર હતી. બસ, બસ, બંધ કરો મારું ખાતું. ઊઠ, ઊઠ, જીવ ઊભો થા, થા ઘર ભેગો.'

**લિમિટ શામાં હોય ? ચાલુ ધીકતી કમાઈમાં ? સ્વાર્થમાં કે પરમાર્થમાં ?**

**કહો છો ને 'ભાઈ ! ભલાઈની હદ હોય છે.' પણ બૂરાઈની હદ ખરી ?** ના, એ તો ગમે તેટલી કરાય !! પરિગ્રહની હદ ખરી ? ના, એ તો જેટલો ભેગો કરાય એટલો કરવાનો !

**શુભ ભાવોમાં આગળ કેમ વધાય ?**

વિચારજો માનસ હજી કેટલું કલુષિત છે, તામસી અને રાજસી ભાવોમાં કેવું પ્રધાનપણે રમ્યા કરે છે, ઉદાત્ત, શાંત અને પવિત્ર સાત્ત્વિક વૃત્તિથી કેટલું દૂર છે. આ બધું ખૂબ ધ્યાન પર લેવા જેવું છે. પવિત્ર શાંત, સાત્ત્વિક હૃદય બની ગયા પછી ભલાઈ. પરોપકાર, ક્ષમા-સમતા વગેરે શુભ ભાવોમાં લિમિટ-મર્યાદા બાંધવાનું નહિ થાય, વધતા ઉછરંગે આગળ વધાશે.

વેણીચંદભાઈએ તો દલાલીનો ધંધો બંધ કરી જવાની તૈયારી કરી. પેલી પરદેશી કંપની કહે છે, 'શેઠજી ! પણ અમને તમારા જેવા નેકીવાળા દલાલ ક્યાં મળે ? તમે રહો, અમે તમને મોટી અને વધારે દલાલી આપશું.'

**શ્રાવકને આજીવિકા પૂરતી લિમિટ :-** વેણીચંદ કહે છે, 'પણ મારો ધર્મ ના પાડે છે. શ્રાવકને જીવન-નિર્વાહ જેટલી જ મહેનત કરવાની, પથારાની નહિ. અમારે તો ધર્મના કાનૂનથી જીવવાનું. અર્થોપાર્જન અને પરિગ્રહમાં તો આત્મા કેટલાંય પાપોથી બંધાય છે. પૈસા તો સાપના ભારા છે. આટલું ય કરવું પડે છે તે છૂટકો નહિ માટે. બાકી ઠીક છે જ્યાંસુધી વીતરાગદેવ. નિર્ગ્રન્થ ગુરુ અને ત્યાગ પ્રધાન ધર્મ નહોતો મળ્યો ત્યાંસુધી **'જે આવે તે ખપે' એવાં મોહનાં નાટક ખેલ્યાં, પણ હવે નહિ.'** કહીને દેશમાં ચાલ્યા ગયા.

લિમિટેડ બીઝનેસ દાનશીલતામાં નહિ, ત્યાગ તપમાં નહિ, પણ પાપ વેપારમાં, પાપપ્રવૃત્તિમાં;- એ આર્યધર્મનું અજવાળું છે.



**તમારી લક્ષ્મી તમારા એકલાના પુણ્યથી ? :-** ધનકુમારને આ પરોપકારનો રસ છે એટલે જુગારીનું દેવું વાળવાથી માંડીને ઠેઠ ધંધા માટે પૈસા આપવાની તૈયારી બતાવી. એમાં ય બીક નથી કે વધારે માગી લેશે તો ? આપણી નિર્ભેળ સજ્જનતા હોય તો એની અંજામણામાં સામો આવી જાય છે. કદાચ કોઈ વધારે ભીડમાં છે, અગર ધિટ્ઠો છે એટલે વધારે માગી લીધા, અને આપણી તેટલા આપવાની ત્રેવડ નથી, તો ય શું ? એને કહી શકાય ને, કે 'જુઓ ભાઈ ! તમે આટલા માગ્યા તે બરાબર છે, પરંતુ હમણાં જરા સમય બારિક છે, તો આટલા લઈ જાઓ, વળી પછી જરૂર રહે તો આવજો. મારે ય એટલામાં થોડી વધુ અનુકૂળતા થઈ ગઈ તો વધુ સગવડ કરવામાં ક્યાં હરકત છે ?' ના, આ તો પહેલેથી ખોટી કલ્પનાઓ કરી લેવી છે, અને પરમાર્થના કાર્યથી બચાય એટલું બચવું છે, પછી સારાં સુકૃત ક્યાંથી થવાના હતા ? સાધર્મી કોઈ આવ્યો અને જો કહેવાય કે 'આવો ભાઈ ! તમારું ય પુણ્ય અહીં પડેલું છે' તો દેતાં ઉલ્લાસ રહે. ત્યારે જુઓ અહીં ધનને બીક નથી, તેથી સામાને 'લઈ જા' કહે છે.

**'બીજા કેટલાયના પુણ્યથી આપણી પાસે ધન આવ્યું છે,'- આ સમજ હોય તો દેવામાં સંકોચ ન રહે.** અરે, કેટલીકવાર તો કુટુંબમાં કોઈ નવી વહુ, પુત્રવધૂ, પુત્ર, પૌત્ર વગેરે આવવાના યોગે લક્ષ્મી આવતી જાય છે, ને એના જવા પાછળ એ ચાલી જાય છે. એવું જોવા સાંભળવા મળે છે. આમાં મુખ્ય પુણ્ય એ ભાગ્યવાન કે ભાગ્યવતીનું. ત્યાં ઘરના વડેરાએ ગુમાન કે મમત્વ રાખ્યા શા કામના ? વાત આ છે કે

**લક્ષ્મીથી તમે તમારા આત્માને અને સદ્ભાવનાને ન બાંધો પણ લક્ષ્મીને આત્મા અને સદ્ભાવનાથી બાંધો.**

ધનકુમાર પૈસા લઈ જવાનું કહેવા સાથે કહે છે, 'જરાય મનમાં સંકોચ ન કરજે કે કેમ લેવાય ? આ તો આપણે બંને વણિક જાતિના એટલે ભાઈ જેવા હોઈને આ ધન પર આપણા બંનેનો હક છે. માત્ર તું આવો ઉભય લોકને બગાડનારો અને શાણા માણસોથી નિંદ્ય એવો જુગારનો અધમ ધંધો શા સારુ કરે ? એ તો અધમ માણસોને આનંદ આપે, તારા જેવા ઉત્તમને નહિ. જુગાર પણ એક ખરાબ આચાર છે, દુરાચાર છે, નીચ હૃદયને સંતોષનાર છે.

**કાળ ફરવાથી પાપ એ ધર્મ ન બને :-** જુગારની ઓળખ જુઓ, એને દુરાચાર તરીકે ઓળખાવે છે. કહો જો જમાનો બદલાય એમ દુરાચાર એ સદાચાર થાય ખરો ? પાપ એ પુણ્યકાર્ય બને ખરું ? અનંતકાળના આ અફર, અવસ્થિત ભાવો છે કે સત્ય એ ધર્મ, અને અસત્ય એ અધર્મ; અહિંસા એ કર્તવ્ય અને હિંસા

એ ત્યાજ્ય; ચોરી-અનીતિ એ પાપ, અને અદત્તનું અગ્રહણ-નીતિ-પ્રામાણિકતા એ પવિત્રતા; દુરાચાર એ દૂષણ, સદાચાર એ ભૂષણ. વગેરે વગેરે. એમ જુગાર એ અકાર્ય હંમેશ માટે અકાર્ય જ છે. કાળ ફરવાથી દુષ્કૃત્ય એ સુકૃત ન બને. પાપ એ ધર્મ ન બને.

**જુગારમાં હરામી બુદ્ધિ :-** કાળ ગમે તેવો ફર્યો, પણ આજે જુગારનાં નુકસાન જુઓ-વિચારો. પહેલું તો એમાં વગર મહેનતે અને માલ આપ્યા વિના સામા પાસેથી જરાક ચાલાકીથી રૂપિયા આંચકી લેવાની બુદ્ધિ થાય છે. કહો આવી બુદ્ધિ એ હરામી કે ન્યાય-પુરસ્સર ? માટે જ જો જો કે એમ હરામનું ખાવાની ઈચ્છા તો પછી પરિશ્રમપૂર્વકના પરમાર્થના કાર્યમાં ય ગળિયાપણું કરાવશે. હરામનું ખાવાનું એ હાડકાં હરામ કરે છે. હાડકાં હરામ એટલે મન હરામ થાય છે; મન તામસીભાવને છોડતું નથી.

**સટ્ટાનું તામસી હૃદય :-**

બાકી જુગારીની પાયમાલી તો જગતમાં ક્યાં જોવા નથી મળતી ? આર્ય સંસ્કૃતિ જીવવાની ઈચ્છા હોય એને માટે તો જુગાર, શિકાર, વગેરે સાત વ્યસન ત્યાજ્ય હોવા જોઈએ. એનું એક કારણ એ છે કે એ વ્યસન બીજાય કેટલાંય પાપ ઊભા કરે છે. જુગારમાં જીતવાનું તો નક્કી હોય જ નહિ, અને હારે એટલે, કહે છે ને કે, **હાર્યો જુગારી બમણું રમે,** એમ મોટી મૂડીની મૂડી સાફ કરી નાખે છે. નળ રાજા, પાંડવો વગેરેએ રાજ્ય ગુમાવ્યા ને ? જુઓ જગતમાં કેટલા સટોડિયા પાયમાલ થઈ ગયા ! કાપડ વગેરેના વેપારીને તો દુકાને બેઠો ત્યાં સુધી એની ચિંતા; ત્યારે સટ્ટાવાળાને ચોવીસેય કલાકની આર્તધ્યાનની હોળી ! એટલું જ નહિ પણ બજાર આખાનું કમાઈ લેવા પર્યંતની લાલસા ! આમાં બીજા પાયમાલ ન થાઓ એ ભાવના ક્યાં રહી ? એ તો 'બસ ! હું ખેલો કરીને બજારને હાથ પર લઈ લઉં,' એટલે સુધીની લેશ્યા ! કેટલું ભયંકર તામસી હૃદય !

**જુગારના પાપસંતાનોની હદ નથી.** જુગારથી નિષ્ઠુર બનેલું હૃદય દુરાચારની સૂગ નથી રહેવા દેતું. આંતરિક ક્રોધની, લોભની, મદ-અહંકાર વગેરેની પરિણતિ પુષ્ટ કરે છે. અર્થાત્ કામ-ક્રોધ-લોભ, માન-મદ-હર્ષ એ છ આંતર શત્રુઓને પગભર રાખે છે. પછી ત્યાં આર્યત્વને ખીલવાનો અવસર જ ક્યાં રહ્યો ? ત્યારે આ બધા પાછળ કેટલાં ઘોર પાપ બંધાય ! અને તેથી ભવાંતરે દુર્ગતિઓ જ ભરવાની ને !

**જુગારનાં નુકસાન :-**

જુગારની પાછળ તો કેટલીકવાર મોટાં તોફાન મચે છે, મારામારી થાય છે,



અને એનાં છાંટા કુટુંબીઓને પણ ઊડે છે. જુગારીના વિશ્વાસ કરનારા ઓછા નીકળશે. છતાં જુગારનો તો એક ચડસ લાગી જાય છે. આબરૂ જાય, જનવિશ્વાસ જાય, પૈસા જાય, ધર્મ જાય, પણ જુગારનું વ્યસન છૂટતું નથી. આજે રમીના નાદ લાગ્યા છે ને ?' રાતના એકેક, બબ્બે વાગી જાય, તો ય એની પરવા નથી રહેતી. આવી ધૂનમાં ધર્મક્રિયા, પ્રભુભક્તિ વગેરે કરવાનું ક્યાં સૂઝે ?

ટૂંકમાં જુગાર એ મહાપાપ છે, છતાં આજના યુગમાં આંક ને ફીચર, રેસ ને રમી, કેટલા વિકસ્યા છે ! સટ્ટાનું કેવુંક જોર જામ્યું છે ! અમે જાવાલ ગયા હતા, ત્યાં સાંભળ્યું કે સ્ત્રીઓ સટ્ટો રમે છે. પૂર્વકાળમાં જેનો તિરસ્કાર, તે આજે નિર્ભયપણે ખુશમિશાલ ચાલે છે ! આવા યુગમાં ધર્મીએ બહુ સાવધાન રહેવાનું છે. નહિતર આધ્યાત્મિક પતન થતાં વાર નહિ લાગે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૧૩,તા.૧૨-૧૨-૧૯૫૯

એટલે જ ધનકુમાર મહેશ્વરદત્તને સમજાવે છે, 'મહાનુભાવ ! જુગાર તો મહાનિંદ્ય ધંધો કહેવાય, અને એ તો અધમ પુરુષોને જ આનંદ આપે, તારા જેવા ઉત્તમને નહિ. તો પછી શા સારું તું એને સેવે ? લે, આ દ્રવ્ય આપણું સહિયારું છે, એમાંથી લઈ જા અને સારો વેપાર કર.'

**માનવ જીવનનું મૂલ્યાંકન :-**

ધનના આ કરુણા અને વાત્સલ્ય ઊભરાતા ભવ્ય બોલની પાછળ ઉચ્ચ માનવજીવન જીવવાના ઊંચા આદર્શ કેવા નક્કી કરેલા હશે એ વિચારવા જેવું છે. આવા માત્ર હૃદયની જરૂર છે. એક વખત અનાદિનું પાપી અને કુટિલ મન ફેરવ્યું પછી તો બધું સહેલું છે. ત્યારે, ઠેઠ એકેન્દ્રિયપણાથી માંડીને કેટલીય ક્ષુદ્ર યોનિઓ વટાવી ઉચ્ચ મનુષ્ય યોનિ પામ્યા પર દૃષ્ટિ રહે તો મન ફેરવવું શું કઠિન છે ? મનુષ્ય જીવનમાં ઊંચી વિચારશક્તિ, વિવેકશક્તિ, દીર્ઘ ત્રિકાળ નિરખવાની શક્તિ, ઉચ્ચ લાગણીઓ અને મહાગુણવિકાસનો ઊંચો અવસર, તથા ઉદાર પવિત્ર હૃદય મળવાની જે મોંઘેરી તક મળી છે, એનાં મૂલ્યાંકન જોઈએ.

**પ્રેમ અને પરોપકાર :-**

માનવભવની કદર હોય તો વિશ્વપ્રેમ અને શક્ય કરુણા બજાવવાનું સહેલું છે, સહજ સ્વાભાવિક છે. બાકી જીવન મળ્યું છે એટલે એ જીવાવાનું ય ખરું અને જોતજોતામાં પૂરું પણ થઈ જવાનું. પણ સરવાળે તો ખાધું-પીધું-ભોગવ્યું-સંઘર્યું કશું ઊભું નથી રહેતું. બધું શૂન્યમાં આવીને ઊભું રહે છે. તો પછી એની વચમાંથી

પ્રેમ અને પરોપકારથી જીવન મઘમઘતું કાં ન કરી લેવું ?

**સમ્યગ્દર્શનનો આચાર :-** આજે આ વસ્તુ કમમાં કમ જો જૈન ભાઈ-બેનો પૂરતી પણ વ્યાપક રીતે વિકસાવાય તો જૈન સંઘનો મહાન ઉદય જોવા મળે, અને સ્વાત્માને ચિંતામણિરત્નથી પણ અધિક સમ્યગ્દર્શન રત્નની આરાધના-નિર્મળતા કરવાનો અનુપમ લાભ મળે. જાણો છો ને દર્શનના આઠ આચારોમાં ઉવવૂહ, થિરીકરણ અને વચ્છલ્લ-એટલે કે પ્રશંસા, સ્થિરીકરણ અને પ્રેમ, એ આવે છે ? દર્શનના આચાર એટલે ? સમ્યગ્દર્શનને પમાડનાર, પાળનાર અને પોષનારા અવશ્ય કરણીય કર્તવ્ય. 'જગતના જીવ માત્ર મારા મિત્ર છે, જૈનો મારા વિશેષ મિત્ર છે. એ સર્વનું કલ્યાણ થાઓ...' આવી ભાવના હૈયે રમ્યા કરતી રહેવી જોઈએ. પછી જ્યાં જ્યાં મોકો મળશે કે તરત ત્યાં દ્વેષ, ઈર્ષ્યાનું નામ નહિ, પરંતુ સ્નેહના ફુવારા છુટશે, ભલેને કદાચ સામાની ભૂલ પણ હશે, છતાં અહીં પોતાના હૃદયમાં પ્રેમ-પરોપકારની ભાવનાના વરસાવેલા મુશળધાર વરસાદ પ્રેમનાં જ ઝરણાં વહાવશે. બસ, આ અનુભવ ન થતો હોય તો સમજો કે એવી ભાવનાના વરસાદ સતત વરસતા રાખ્યા નથી.

**પ્રેમ અને પરોપકાર સર્વ ઉન્નતિમાં જરૂરી :-**

ત્યારે એ જુઓ કે આત્માની સર્વ પ્રકારની ઉન્નતિમાં આ જરૂરી છે.

(૧) ધર્મની વ્યાખ્યામાં જ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે **'मैत्र्यादिभावसंयुक्तं'** કહ્યું છે. મૈત્રી, કરુણા વગેરે ભાવોથી યુક્ત હોય, તેજ ધર્મ. એ જ પ્રેમ-પરોપકાર.

(૨) શ્રાવકના કે સાધુના વ્રતોના પાયામાં જે સમ્યગ્દર્શન છે તેના આચારમાં તો આ છે જ. તેવી રીતે,

(૩) સમ્યગ્દર્શનના પાંચ લક્ષણમાં પણ અનુકંપા છે.

(૪) યોગની પહેલી દૃષ્ટિ જ મિત્રા નામની છે.

(૫) યોગનાં બીજોનું વાવેતર પણ પ્રેમ-કરુણાવાસિત દિલમાં જ થઈ શકે છે.

(૬) 'જયવીયરાય' સૂત્રમાં પણ જે આઠ માગણી કરી છે તેમાં 'શુભ ગુરુનો યોગ અને ગુરુ વચનની સેવના' માંગતા પહેલાં 'પરત્થકરણં' માગ્યું છે. પરત્થકરણ એટલે પરોપકાર-શીલતા.

(૭) કોઈપણ પ્રકારના ધર્મની સિદ્ધિ માટે જરૂરી પ્રણિધાનાદિ આશયો કહ્યા ત્યાં પહેલાં પ્રણિધાનમાં જ પરાર્થવૃત્તિ જરૂરી માની છે.

(૮) મોક્ષ-માર્ગની ભૂમિકાભૂત માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોમાં પરોપકાર, સૌમ્યતા, દયા વગેરેને મહત્ત્વનું સ્થાન છે.

(૯) ભવ્યત્વને પકવવા માટે શ્રી પંચસૂત્રમાં ત્રણ સાધન કહ્યાં, ત્યાં પણ



'સર્વ જીવો સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ' એવી ભાવના ભાવવાનું મૂક્યું છે.

(૧૦) દાનાદિ ચાર ધર્મમાં પણ દાન પહેલું મૂકીને પ્રેમ અને પરોપકારની પહેલી આવશ્યક્તા બતાવી છે.

**મહેશ્વરદત્તને ધન લેવું નથી :-** મહેશ્વરદત્ત ધનકુમારની ઉદાર ધનદાનની તૈયારી અને ગંભીર હિતશિક્ષા પર મુગ્ધ થઈ ગયો. વિચાર કરે છે કે, 'અહો મારી અધન્યતા ! પિતા રુદ્રદેવના ઉત્તમ કુળને છાજતું તો આમનું ચરિત્ર છે ! ત્યારે મારું વળી એથી ઊલટું જ છે ! આ મને પૈસા આપવા માગે છે, પણ તે મારાથી કેમ લેવાય ? કેમ કે કહ્યું છે.

**न वि तह परोवयार अकरेन्तो लाघवं नरो लहइ ।**
**जह किज्जन्तुवयारो परेण करुणापवन्नेणं ॥**

માણસ સ્વયં પરોપકાર ન કરવામાં એટલી લઘુતા નથી પામતો જેટલી બીજા કરુણાતત્પર પુરુષથી ઉપકૃત બનવામાં યાને એના ઉપકાર લેવામાં પામે છે !

બીજાની આગળ હાથ ધરવો, બીજાનું માગી લઈને એના પર જીવવું, એ બહુ શરમભર્યું છે, તો આ સાર્થવાહપુત્ર ભલે ઉદારતાથી કહે કે કંઈ પણ દ્રવ્ય લઈ જા, પરંતુ મારે તેથી શું ? એણે મને જુગારીઓના ઉપદ્રવમાંથી મુક્ત કર્યો છે એ ઘણું છે. હવે તો હું મારા કુળને શોભતો પુરુષાર્થ કરું !...'

**કૃપણતા કરતાં દયાદાન લેવાનું હલકું :-**

વાત પણ સાચી છે. જગતમાં જુઓ પરોપકાર નહિ કરનારા માટે લોક કહેશે તો એટલું જ કે આ કૃપણ છે, એકલપેટો છે; જ્યારે બીજાના દાન લઈને જીવનાર માટે તો કહેશે, 'જોયો ? કોઈનું દયાદાન લઈ જીવે છે ! સાવ સત્ત્વ વિનાનો, નમાલો, ધર્માદાનું ખાનારો, ભિખારી !' આમાં લાંછન મોટું છે. મહેશ્વરદત્ત મનમાં નક્કી કરી લે છે 'ભલે મફતમાં લક્ષ્મી આવી મળતી હોય, પરંતુ એવા ધનનું મારે શું કામ છે ? હું મારા પુરુષાર્થના આલંબને ચાલું. મારા ઉત્તમ કુળને શોભતું કરું. એણે તો મારા પર જીવનદાનનો ભારે ઉપકાર કર્યો છે. એ ઓછો નથી તે પાછા મીઠાં ઝાડનાં મૂળ ઉખેડવા સુધી હું પહોંચું ! પેટ ભરવા કેટલું જોઈએ ? એટલું તો ઉદ્યમથી મળી રહેશે. એટલા ખાતર ભીખ કે દયાદાનનું ન લઉં.' કટોકટીની ધનની ઉદારતાએ ઉપદેશના એક વોલ્યુમ-મોટા પુસ્તક જેટલું કામ કર્યું છે !

**કુળનું મહત્ત્વ :-** સત્ત્વ એનું ખીલ્યું છે. આમાં કુળનો ય કંઈક પ્રતાપ છે.

સારા કુળમાં જન્મ્યાનો ખ્યાલ હોય તો **માગવું ને મરવું બરાબર લાગે.** ઉત્તમ કુળને જ્ઞાનીઓએ એક ગુણ ગણ્યો છે તે સહેતુક છે. એના પ્રભાવને ન સમજનારાઓ લોચા વાળે છે કે 'ઊંચ-નીચ કુળ-બુળ શું ? એ તો જેવી કેળવણી તેવું ફળ દેખાય.' પણ આ એકાંત વચન છે, અસત્ય છે. કેમકે આ માન્યતામાં પૂર્વના ગાઢ કર્મનો પ્રભાવ, લોહીનો સંબંધ, હલકી જીવનસરણીની જન્મથી માંડીને વર્ષો સુધીની અસર,...વગેરેનો વિચાર નથી. એટલે કુળ અને પાપ બંને વચ્ચેના ધોરણનો અનેકાંત છે. કુળ સારું છતાં અધમ સંસ્કરોનું ઘડતર મળે, કુસંગ મળે, કે કોઈ તેવા ગાઢ કર્મના ઉદય હોય, તો વિપરીત પરિણામ જોવા ય મળે; ત્યારે કુળ અધમ હોય છતાં કોઈ તેવા જીવના પૂર્વના શુભ સંસ્કારોનું પ્રાબલ્ય હોય તો, અથવા અહીંના સારા સંસ્કરણ, વાતાવરણ કે સત્સંગ કાળે તો કોક તેવા જીવમાં સારું પરિણામ પણ જોવા મળે. પરંતુ આ વિશેષ નિયમ છે.

**સત્કુળના લાભ :-**

**સામાન્ય નિયમ મુજબ સારા કુળમાં જન્મેલામાં સારું સંસ્કરણ હોય છે.**

**કુળવાનને સારી ભાવનાઓ અને સુકૃતો સહેજે આવે છે.**

**એનું દિલ કોઈનું દુઃખ જોતાં સહેજે દ્રવી ઊઠે છે.**

**એનામાં શિખામણની પાત્રતા સારી હોય છે.**

**અકાર્યથી એ સહેજે પાછો હઠે છે.**

**જવાબદારીનું ભાન કુળવાનને સારું રહે છે.**

વ્રત-નિયમ-પ્રતિજ્ઞાના પાલનમાં મોહવશ કદાચ ઢીલાશ ઊભી થઈ તો ય કુળવાનને કુળનો ખ્યાલ એ ઢીલાશને ખંખેરી મક્કમ બનાવે છે. મેઘકુમારમાં આ બન્યું ને ?

ટૂંકમાં કુળવાનના બોલ, વિચારસરણી, અને કાર્યવાહી સુકુળના પ્રભાવે વિશેષતાવાળા હોય છે.

**મહેશ્વરદત્તના મનનીય બોલ :-**

મહેશ્વરદત્ત પણ કુળનો વિચાર કરીને સામે ધરાતી લક્ષ્મી નહિ લેવાનો નિર્ધાર કરી લે છે. પણ પાછી પોતાની એ હોશિયારી અહીં ગાવી નથી, છતાં એ કેવા શબ્દોમાં ઉત્તર કરે છે તે જુઓ. ધનકુમારને એ કહે છે,

'આર્ય ! મહાન ભાગ્યોદયે હું તમારા દર્શન પામ્યો છું. તેથી હું ધન્ય બન્યો છું. તમે તો મારા જીવનને સુંદર વળાંક આપનારો ધક્કો આપ્યો છે. તો હવે બહુજનને અમાન્ય એવી જુગારાદિના ચેષ્ટાઓ હું આજથી તજી દઉં છું.'

ધનકુમાર સાંભળીને ખુશ થાય છે, 'વાહ ! કેવું સુંદર પરાક્રમ !'



પેલો આગળ કહે છે, 'આજથી હું સત્પુરુષાર્થ વગેરે માનવના ગુણો સ્વીકારી લઉં છું. તમારી દયા અને સજ્જનતા સહૃદયતાએ વિકસતા ગુણોથી મારી દરિદ્રતા તો ગઈ ! સત્પુરુષાર્થ પર જીવનાર એ રાંકડો, દીન-દુઃખી ન જ હોય. આપ તો સુબુદ્ધ છો, આપને વધારે શું કહું ? પરંતુ આપે જો અનુપમ ઉપકાર કર્યો છે તો અવશ્ય હું આપના પ્રભાવથી આપના ઉપદેશના પરિશ્રમને સફળ કરી, વળી આપના ક્યારેક દર્શન કરીશ.'

આમ કહીને એ ઘરમાંથી બહાર નીકળી ગયો. સીધો એ નગરમાં પણ હવે ન થોભતાં શહેરની બહાર ચાલ્યો ગયો.

હવે જુઓ, એ કેટલો ઉમદા સાત્ત્વિક વિચાર કરે છે ! એ વિચારનું મૂળ ધન પાસેથી વગર માગ્યે સામે ચાલી આવતું પણ દ્રવ્ય નહિ લેવાનો નિર્ધારમાં છે, લેવામાં લાંછન માનવામાં છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૧૪,તા.૧૯-૧૨-૧૯૫૯

**પાયામાં જ વિચાર ઉમદા ગોઠવો :-**

એક ઉત્તમ વિચાર ઉપર બીજા સારા વિચારો, સારા સંકલ્પો ખડા થાય છે. પાયામાં જ જો વિચારણા મેલી ઊભી કરી, તામસી ઊભી કરી, સત્ત્વહીન ક્ષુદ્ર વિચારની માંડણી માંડી, તો પછી એવા કે એથી ય અધમ વિચારોની ફોજ ચઢી આવે છે ! જીવનમાં જોશો તો જણાશે કે કંઈક પણ ઘટના બનવા ઉપર પહેલેથી જ પાકી સાવધાની ન રાખી અને ચિંતા-નિરાશાભર્યો, કે કષાય યા અશુભ લેશ્યાવાળો વિચાર શરૂ કર્યો કે તરત પછી એવી વિચારસરણીની પરંપરા ચાલુ થઈ જાય છે. પરંતુ એમાં શું કમાવાનું ? ઘટના તો એની એ જ ઊભી રહેવાની; બની ન બની નહિ થાય; પણ આ સંકલેશભરી વિચારની હારમાળા જીવને કેટલાય દુઃખમાં પાડી દે છે ! પછી ત્યાં બીજું ય સારું નહિ સૂઝે. ઊલટું આવેશ-સંકલેશમાં અનુચિત બોલી-ચાલી નાખવાનું થશે, તેથી અહીં પણ નુકસાન; અને પાપ વિચારોથી ભારે કર્મબંધન થવાના યોગે પરલોકમાં પણ નુકસાન. ત્યારે જો પાયામાં જ વિચાર સારો શરૂ કર્યો તો કેટલાય અનર્થમાંથી બચી જવાય ! માટે ગમે તે પરિસ્થિતિમાં પણ વીતરાગનું અનુયાયીપણું અને તત્ત્વજ્ઞાન વગેરે યાદ લાવીને મનને ન બગડવા દો.

**શ્રાવકનો દીકરો દયાદાન પર ન જીવે :-** મહેશ્વરદત્તે કોઈનું આપ્યું લેવાનો વિચાર જ રદ કર્યો એટલે હવે એથી ય ઉચ્ચ વિચારસરણીમાં ચઢે છે. જૈન બચ્ચો આજે તંગીમાં આવી પડવા છતાં ય જો આ વિચાર કરે કે 'હું શ્રાવકનો દીકરો,

તે બીજાની આગળ હાથ ધરું ? બીજાનું દાન આપેલું ખાઉં ? મજૂરી કરીશ, પણ ભીખનું કે દયાદાનનું નહિ લઉં,' તો જીવનનું ધોરણ નીચે નહિ ઊતરી જાય; હિંમત નહિ, ભીખ માંગીને, કુળને ને જાતને લાંછન લગાડવાનું નહિ કરે.

**સાધર્મી-ઉદ્ધારની જેમ અ-યાચનાનો ઉપદેશ :-**

ત્યારે આજે જેટલી જરૂરિયાત સંપન્ન જૈનોને સાધર્મી-ઉદ્ધારનો ઉપદેશ આપવાની છે, તેટલી જરૂરિયાત સીદાતા સાધર્મિકને શીખવાડવાની છે કે બીજાની મદદના આધારે જીવવાની આશા ન રાખો. મનમાંથી કલ્પના કાઢી નાખો કે 'બીજા પાસેથી માગું અને મળે.' આ શીખવવાનું કારણ ધર્માત્મા માગણીઓ ન હોય એ તો છે જ. પણ બીજું કારણ એ છે કે આજના વિષમ કાળનો પ્રભાવ એ છે કે સ્વદ્રવ્યથી સાધર્મિકનો ઉદ્ધાર કરવાની તમન્ના કોઈક વિરલ પુરુષને જ હોય છે. ત્યારે જો પૈસે ટકે સંપન્ન તો ખરા, પણ સાધર્મિક-ઉદ્ધાર કરવાના નથી, તો એની ફોગટ બૂમો મારવાથી સીદાતાના દિલમાં કષાય પેદા થાય છે કે 'લ્યો જુઓ. આ પૈસાદારોને સાધર્મિકની કંઈ પડી છે ?' અથવા માગણિયાવૃત્તિ જન્મે છે, 'મહારાજ તો ઉપદેશ દે છે, પરંતુ કોઈ ઝીલે તો અમારું કામ થાય ને ?...' વગેરે છે. તો ઉપદેશમાંથી શો સાર નીકળ્યો ? મધ્યમ વર્ગની સભામાં તો આવા ઉપદેશ જોઈએ કે 'ભીખ ન માગવી, બીજાની દયાના આધારે ન જીવવું. માટે તો **શ્રાવક ભલે બે સામાયિક ઓછા કરે, પણ આજીવિકા મહેનતથી ઉપાર્જે;** એમ નહિ કે 'ચાલો નોકરીએ જવા કરતાં ઘરે સામાયિક કરો, આજીવિકા માટે તો શેઠની પાસેથી માગી લઈશું.' આવો ધર્મ કરવાનો નથી.

હરામનું, વગર મહેનતનું ખાવાથી હાડકાં હરામ થાય છે, માટે તો સુજ્ઞ જનો મફતિયું ખાવાનું પસંદ નથી કરતા; અને એ રીતે જીવન જીવવામાં સારા લાભ ઉઠાવે છે.

**એક શેઠની પાંચમી પત્ની :-** એક શેઠ ચાર સ્ત્રી ઉપર પાંચમી પરણ્યા. આ નવી સ્ત્રી ગુણિયલ હતી, તે પૂર્વની ચાર શોક્યોને પગે લાગતી, એમનો વિનય કરતી, સેવા કરતી. પરંતુ ચારેને આના પર શેઠનો વધુ પ્રેમ જોઈ ઈર્ષ્યા રહેતી. પછી તો જેમ જેમ આ નવી સ્ત્રીનું ગુણિયલપણું વધારે ને વધારે દેખાતું ગયું, તેમ તેમ શેઠ એના પ્રત્યે વધુ ને વધુ આકર્ષાયા, અને પેલી ચારને આના ક્ષમા, વિનય, સેવા, વગેરે ગુણોનો દાખલો આપી શિખામણ આપવા લાગ્યા. પણ કહે છે ને કે સુગરીની વાંદરાને શિખામણ, તે વાંદરાએ એનો માળો જ ભાંગી નાખ્યો. એમ આ ચારેયની નવીના પ્રત્યે ઈર્ષ્યા વધી ગઈ ! તે દરેકે મનોમન આનું કાટલું કાઢી નાખવા સુધીનો વિચાર કર્યો. ચારેયને શેઠે રસોડા જુદાં કરી આપ્યા હતા.



**નવીને ઝેરનો લાડુ :-** જોગાજોગ એવું બન્યું કે ચારેયને અંદર અંદર કાંઈ જ સંતલસ નથી છતાં કોઈ તહેવારના દિવસે ચારેયમાંની દરેકને એકી સાથે એ વિચાર આવ્યો કે હું આ નવીને ઝેરનો લાડુ દઈ દઉં. એ પ્રમાણે અમલ પણ કર્યો. સૌથી મોટીએ ઝેરનો લાડુ બનાવી લાવી આને આપતાં કહે છે,

'આજ તો મનને થયું કે લાવ નવીની ભક્તિ કરું. તે આ લાવી છું. ખાજે હોં.'

નવીનું દિલ સાફ હતું, એટલે લાડવો સ્વીકારી લેતાં જૂનીના પ્રેમની કદર કરે છે, ઉપકાર માને છે, કહે છે, 'તમારા જેવા સ્નેહી તો મને પુણ્યે મળ્યા છે.'

એ ગઈ. પછી બીજી શોક્ય આવી. એણે પણ ઝેરનો લાડુ આપ્યો. હવે આ નવીને પહેલાંથી એક પ્રતિજ્ઞા છે કે 'મફતિયું નહિ ખાવું. પ્રભાવના મળે તો ય તેનો પરમાર્થ કરી દેવો પણ જાતે ખાવી નહિ.' એટલે આ બીજીનો લાડવો લઈ પહેલીને ત્યાં જઈ ભેટ કર્યો. એમ ત્રીજીનો લાડુ આવ્યો તે બીજીને, ચોથીનો આવ્યો તે ત્રીજીને, અને પહેલીનો આવેલો હતો તે ચોથીને ભેટ કરી આવી.

**ચારે ઈર્ષ્યાળુનું મોત :-**

એને કાંઈ ઝેરની ખબર નહોતી, પણ એના ધર્મે એને ઝેરી લાડુ ખાતાં બચાવી ! ત્યારે પેલી ચાર તો બીજાનો લાડુ આવ્યો તે હોંશે હોંશે ચપાટી ગઈ. પણ ખાઈને ક્યાં રહે ? થોડી જ વારમાં નસો ખેંચાઈ ગઈ, ધરણીએ ઢળી પડી, અને મૃત્યુ પામી ગઈ.

મફતિયું ન ખાવાના ઘણા લાભ છે. એ તો એવું મક્કમ જીવન જીવો તો અનુભવમાં આવે. એક પાન પણ કોઈનું મફતિયું ખાનારા કેવા શરમમાં દબાય છે !

**મહેશ્વરદત્તની ઉમદા વિચારણા :-**

મહેશ્વરદત્તે ધનકુમારની પ્રેમભરી હાર્દિક ભેટ આપવાનો આગ્રહ છતાં કંઈજ ન લીધું, અને તરત ત્યાંથી નગરની બહાર નીકળી ગયો. ધન તો એની ઉત્તમતા જ વિચારતો રહ્યો. કોણ કોને વિચારમાં પાડે ? સારો કે બગડેલો ? કોઈ નિયમ નથી. બગડેલોય સુધરીને ઉત્તમતા દાખવતો જાય તો એ સારાને ય વિચારમાં પાડી દે. અસ્તુ.

મહેશ્વરદત્ત હવે વિચારે છે, 'શું કરું ? શું પૈસા કમાવવા સમુદ્ર પાર કરું ? પૈસા વિના તો માણસ માણસમાં નથી ગણાતો. દરિદ્રને બિચારાને બીજાની સામે ટળવળવાનું. ટુકડા રોટલા માટે કૂતરા ઘર આગળ દીનપણે ઊભા રહી કેવા રાંક લાગે છે ! દરિદ્રને નથી યશ વિસ્તરતો, નથી કીર્તિ ફેલાતી, તેમ એને સારા માણસોનો સમાગમ નથી મળતો. ત્યારે દરિદ્રને પરોપકાર કરવાનું તો મળે જ

શાનું ? માટે પુરુષાર્થ કરું. તો શું કરું ? ક્યાં ધંધો કરી ધન કમાઉં ?...'

વિચાર કરતાં કરતાં પાછું મન ફર્યું. ધનના વિચાર પરથી બીજા વિચારે ચઢ્યો. એ ચિંતવે છે કે,

**કાળનો કોરડો :-** 'અથવા જ્યારે કાળનો દંડ ઉગ્રપણે અને ઉદ્દામ રીતે ભમી રહ્યો છે, એ જીવનો મનોરથોને અકાળે શીર્ણ-વિશીર્ણ કરી રહ્યા છે, મોટા દેવ-દાનવોને પણ એણે જીતી લીધા છે, એમને ય ગમે ત્યારે ગમે ત્યાં ઉડાડે છે, તો પછી આવી તુચ્છ ધનોપાર્જનની વિચારણા કરવાથી શું ?

**'વિકરાળ કાળના વિંઝાઈ રહેલા કોરડા ધનમાલ, કુટુંબકાયા, કીર્તિસન્માન વગેરે ઉપર ઝીકાઉં ઝીકાઉં કરી રહ્યા છે,** ઝીંકાવાના અવશ્ય છે, તો 'પૈસા હોય તો બધું થાય માટે દરિયાપાર જઈને ય પૈસા લાવું' આ વિચારણા તુચ્છ નથી તો શું છે ?,

**માનવમન કાં બગાડે ? :-** મહેશ્વરદત્ત જાતને ઠપકો દેતાં કહે છે, 'અરે મૂરખ ! આ ન ચિંતવવા જેવું ચિંતવીને મહામૂલ્યવંતા માનવ-મનને કાં બગાડે ? કાંઈ વિચાર કરવા માત્રથી તો પૈસા આવી જવાના નથી, અને પુરુષાર્થ કરવાથી પણ બધાને પૈસા મળી જ જાય છે એવું ય નથી. કદાચ મળી ગયા તો એથી જશ ફેલાઈ જાય એવુંય ક્યાં છે ? કેટલાય પૈસાદારોના અપજશ જગત પર પ્રસરી રહ્યા છે. ધનવાનના જશ ગવાતા હોય તોય એને કર્મની એવી ઠોકરો લાગે છે કે પરોપકાર માટે પૈસા લેવા જતાં ગુમાવવાનું અને વિમાસવાનું થાય છે.

**સત્સંગ સજ્જનતા પર મળે :-**

'ત્યારે જે એ વિચાર્યું કે પાસે પૈસા હોય તો સારા માણસો બોલાવે, પણ એવું નથી. સજ્જનના સત્સંગ તો સજ્જનતા પર મળે છે, સંપત્તિ પર નહિ. દુનિયામાં એવા ય સંત પુરુષો છે કે જે પૈસાના મદવાળાની સામે જોતાય નથી, કે સામે બેસાડતા ય નથી.'

**પૈસાથી પરોપકારનો નિયમ નહિ :-** ત્યારે જે એ વિચાર્યું કે પૈસા હોય તો પરોપકારનું સંપાદન થાય ને ?' એ ય વિચારવું અજુગતું છે; કેમકે પૈસાવાળા તો ઘણા છે, એમાં પરોપકાર કેટલા કરે છે ?'

**અડધી તિજોરીનો પરોપકાર :-**

આજે આ વિચારવા જેવું છે. શ્રીમંતોમાંના અડધા અડધા પણ જો પરોપકારી હોત ને, તો દેશના દેદાર ફરી ગયા હોત. જેટલા પૈસા પાસે છે એમાંથી પરોપકાર કરવાનું નક્કી કરો જો. ભલે અડધી તિજોરીનો કરજો. પછી જુઓ કે જૈન સંઘના કેવા અભ્યુદય ઝળહળે છે. શ્રીમંતો આ કરવા માંડે તો પછી જીવો એવા નથી કે



જે બધા લૂંટ્યે જ રાખે. અરે આપવા જાઓ તો ય ન લે, છતાં ય પરોપકાર કરવો જ છે તો રસ્તા ઘણા છે. અને આ રસ્તા ખુલ્લા થયા પછી તો સંઘમાં અને જનતામાં ધર્મના પરિણામ વધી જવાના ! દિલમાં કુણાશ, સહાનુભૂતિ અને સહિષ્ણુતા વિકસી ઊઠવાની ! આ પરોપકાર માત્ર જોઈને ય કેટલાયના આત્મામાં ધર્મપ્રશંસા દ્વારા ધર્મબીજનું વાવેતર થશે.

ત્યારે પૈસા ન હોય તો પણ પરોપકાર, પરસેવા પરકલ્યાણ કરવાના રસ્તા ઘણા છે. સાધુ મહાત્માઓ ઉપદેશથી એટલે કે શબ્દ માત્રથી અથાગ ઉપકાર કરે છે. મધ્યમ વર્ગના માણસો શારીરિક મહેનત અને બૌદ્ધિક શ્રમથી કેટલાય પરોપકાર કરનારા હોય છે.

**કાળ એક દોર ખેંચે ત્યાં :-** મહેશ્વરદત્ત આગળ વિચારે છે કે 'અરે ! બીજો મહત્ત્વનો વિચાર તો હું છેક જ ભૂલી ગયો. અરે ! હું માનવ ભવમાં આર્ય કુળે જનમ્યો. માનવ ભવ કેટલો બધો દુર્લભ ! જગતમાં બીજા કીડી-માખી-મચ્છર વગેરે નાના જંતુઓ અને પશુપંખી વગેરે સ્થલચર-જલચર મોટા પ્રાણીઓની અપરંપાર સંખ્યા જ કહી આપે છે કે માનવ બનનાર બહુ જ ઓછા ! એવું મહામોંઘેરું માનવ આયુષ્ય એમ જ ગાળ્યું. જ્યાં કાળ રાજાનો ડંડો તકાઈ રહ્યો છે, પત્તો નહિ ક્યારે જીવનનું માટલું ફોડી નાખે ! પૈસા, ટકા, સરંજામ વગેરે કેટલાય મણકાની હારમાળા ઊભી કરી હોય પણ કાળ વચલો એક જ દોર ખેંચી લે કે પત્યું, બધા મણકા ખેર વિખેર ! **કાળનું ઝાડું ફરતાં કેઈ મનોરથના કરોળિયા-જાળાં સાફ !**

**કાળ આગળ મનોરથ રાંક :-** 'ધન કમાવવાના ગમે તેટલા મનોરથ કરી મહેનત કરું, પણ કોને ખબર છે ભાવીકાળ કેવો ય આવીને એ સફળ થવા દે, કે ઉપરથી વિટંબણા દેખાડે ? કાળ આગળ મનોરથ રાંક છે. કદાચ કમાઉ તો ય શું ? અંતકાળ તો બધું સાફ કરી જ દેશે. એટલે કાળની શિરજોરીને વશ થવામાં મોંઘેરી માનવ શક્તિ અને બુદ્ધિની શી સફળતા ?

...એના કરતાં તો આ લોક પરલોક બંનેને સુખકારી એવા પ્રભાવવંતા ધર્મને જ સ્વીકારું. સંસારના મનોરથો કરવા મહેનત કરવી, ને કાળે એ બધું ભાંગી નાખવું,- આ ઘડભાંગમાં ક્યાં સુધી તણાવું ? એના કરતાં ધર્મજીવન સારું, કે જ્યાં કાળના વારેવારે દંડા ખાવા ન પડે. એમ ધર્મ કરવા જતાં પેલા સાર્થવાહ પુત્રનો કદાચ ભેટો થવા સંભવ છે. તેમજ એના ઉપર ઉપકાર કરી શકવાને અવકાશ મળે. બાકી એણે કરેલા ઉપકારનો સાચો જવાબ તો આ છે જ.'

અહીં એ ધ્યાનમાં રાખવાનું છે કે મહેશ્વરદત્તમાં પૈસા કમાવાની તાકાત નહોતી માટે **'असमर्थो भवेत् साधुः'** એવું નથી. કિન્તુ એને પોતાને જ એમ

લાગી ગયું છે કે માનવજીવનમાં ઉભય લોકને હિતકારી ધર્મ જ કરવો ઉચિત છે; માટે એ હવે એકાંતે ધર્મજીવન સ્વીકારવા તૈયાર થાય છે. એને ઘરમાં રહીને ધર્મ નહિ, ઘરબાર વગેરે બધીય પાપ જંજાળ છોડીને ધર્મ કરવો છે.

**સત્પુરુષાર્થનો આધાર સત્ત્વ : સત્ત્વનું સાધન સાત્ત્વિક વિચારણા :-**

જીવનમાં ક્યારે સત્પુરુષાર્થ જાગે છે એનો શો નિયમ બંધાય ? હા, સત્ત્વ અને સમજ ખીલવાની સાથે એ પ્રાપ્ત થાય છે. ત્યારે જીવનમાં ઉત્ક્રાન્તિ કરવા માટેના પ્રસંગ તો ઘણાય આવે છે, ત્યાં જો મન મારીને પણ સત્ત્વ પ્રગટ કરાય તો સત્પુરુષાર્થ જાગ્યો સમજો, સત્ત્વ પ્રગટ કરવા માટે નિરંતર સાત્ત્વિક વિચારણા જગાવવાની જરૂર છે. પૈસા ટકા અને વિષયસુખોની વિચારણા તો તમોભાવ અને રાજસભાવની છે. દાનાદિ ધર્મની તમન્ના જાગવી, ક્ષમાદિ ગુણોની લાલસા પ્રગટવી, ત્યાગ-પરોપકાર-પ્રભુભક્તિ-જ્ઞાનધ્યાન વગેરે પરાક્રમ કરવાની ધગશ ઊછળવી, એ સાત્ત્વિક પરિણતિ છે.

**કલેશ સંતાપના સાધનોના ઘેરાવામાં શું સુખ ? :-**

પરંતુ આ સત્ત્વ કોણ નથી ઊઠવા દેતું ? અજ્ઞાનદશા. અજ્ઞાનદશા એમ સમજાવે છે કે 'ધર્મથી આ લોકમાં શું સુખ મળે ?' પરંતુ તમે નજરે જુઓ છો કે ધર્મનો જ ભેખ લીધેલા સાધુ જે સન્માન કીર્તિ અને શાંતિ પામે છે તે શું સુખ નથી ? ત્યાં કહેશો કે 'પણ એ જીવનમાં કષ્ટ કેટલાં ?' પરંતુ મહાનુભાવ ! એ વિચારો કે મહાસુખની જ્યાં તમન્ના હોય ત્યાં કષ્ટ કષ્ટરૂપ નથી લાગતાં, આ તમારા દુન્યવી જીવનમાં પણ દેખો છો. 'અરે ! ઉઘાડા માથે ઉઘાડા પગે, પાઈના ય સાધન વિના ફરવાનું, મારા બાપ !' આ જોવા બદલે જરા અંદર ઊતરી જુઓ કે એનાં પાછળ રોદણાં છે ? તમારા માથે સારી ટોપી, પગે સારા બૂટ, છતાં રોદણાં છે. તો કહો, રોદણાં હોય એ સુખ ? કે ન હોય એ સુખ ? જે માનસન્માન ખાતર લોકો પૈસા ય ખર્ચી નાખે છે, એ માનસન્માન સાધુને વિના પૈસે ચરણે ખડું થાય છે, છતાં સાધુને એની ભૂખ નથી, એમાં એ વડાઈ માનતા નથી, તેથી એ ખૂબ પ્રશાંત અને આત્મનિષ્ઠ રહે છે. આજ સાચું સુખ છે, પણ માન ઉપર થતા ગર્વ કે હર્ષના છાકટાપણામાં નહિ. કલેશ સંતાપના સર્વ કારણો જ ત્યજી દઈને સાધુ એટલા બધા સ્વસ્થ અને આત્મમસ્તીમાં રહે છે કે મોટો ચક્રવર્તી પણ એવી સુખદ સ્થિતિમાં નથી હોતો; કેમકે એની પાસે તો કલેશ સંતાપનાં સાધનોનો મોટો ઘેરાવો છે. ઊંચી કોટિનું વ્રતમય શ્રાવક જીવન જીવનારો પણ આ આંતર સુખ-સ્વસ્થતાનો અનુભવ કરી શકે છે. અરે, એક સમકિતી પણ સમ્યગ્દર્શન પર બાદશાહ બની રહે છે. બાકી એ અનુભવગમ્ય છે. અનુભવ કર્યા વિના ન સમજાય



કે ધર્મ આ લોકમાં ય શું સુખ આપે છે.

**સુખનો આધાર શાના ઉપર ?**

એટલું જોજો કે જેમ લાડુમાં મિઠાશનો આધાર સાકર પર છે, સાકર વધારે-ઓછી પડવાથી મિઠાશ વધારે-ઓછી આવે છે; એવી રીતે જેને સુખના આધાર તરીકે પકડો, એમાં આ હિસાબ માંડવો પડશે. શું રૂા. દશહજારના સુખ કરતાં વીસ હજારનું સુખ બમણું છે ? ના, માણસ જે સાલ દસ હજાર કમાયો ત્યારે તો બહુ સુખ લાગ્યું. પરંતુ બીજી સાલ ત્રીસ હજાર કમાયા પછી ભાગીદાર કે મુનીમ દસ હજારનો ગોટાળો કરી બનાવી ગયો, તો હવે પાસે વીસ હજારની કમાઈ તો હજી ઊભી છે છતાં પેલાનું બમણું તો શું પણ એટલુંય સુખ કે શાંતિ નથી; બલ્કે 'હરામખોર બનાવી ગયો. આપણે ભોળા થયા ને વિશ્વાસ મૂક્યો...' વગેરે કેઈ સંતાપ સુખને બાળી મૂકે છે. તો કહો, સુખનો આધાર શાના ઉપર ? શું બે લાડુ જમવાથી જેટલું સુખ થાય એના કરતાં છ લાડુ જમવાથી ત્રણગણું સુખ થાય ખરું ? પૈસા છે, પણ પુત્ર નથી કે પ્રતિષ્ઠા નથી, તો સુખ લાગે છે ? પુત્ર પ્રતિષ્ઠા છે, પણ પૈસા નથી તો સુખ લાગે છે ? એ બધુંય છે, પરંતુ આરોગ્ય નથી; તો ? પુત્ર ઉચ્છૃંખલ અને ઉઠાવનારો છે, તો ? પત્ની કર્કશા છે તો ? સગાં કે મેમાનોનો ધસારો છે તો ? ટેક્ષ ભારે આવ્યો, તો ? માલ માથે પડ્યો તો ? કહો, તો સુખનો અનુભવ કેટલો ? કંઈ નહિ ? તો પછી સુખનો આધાર શાના પર ? એ બધું બરાબર મળે એના ઉપર ? લલાટ માપીને આ બોલો છો ? છે એવું પુણ્ય ? ને કદાચ કરોડોમાં કોક એકને એ મળ્યું તોય મૃત્યુ એને છોડશે ? બધાં ફાંફાં છે. એમાંની ઘણી ઘણી ત્રુટિ હોય છતાંય માણસ સુખનો અનુભવ કરી શકે છે. કારણ કે **સુખનો આધાર મનની કલ્પના ઉપર છે, મનના તેવા પ્રકારના વલણ અને ધોરણ પર છે;** અને એણે એવી કલ્પના વલણ અને હિસાબ માંડી મૂક્યા હોય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૧૫,તા.૨-૧-૧૯૬૦

**સુખ દેખાડનારી કલ્પનાઓ :-**

**'મને જે મળ્યું છે તે વધારે પડતું મળ્યું છે.** મારા કરતાં ઘણાને ય આમાંનું અડધું ય નથી મળ્યું અથવા મારે જ જન્મતાં કાંઈ નહોતું, એથી હાલ ઘણું છે.'

**'આ બહારનું અનુકૂળ મળેલું એ ખરી સંપત્તિ નથી, પરંતુ દેવ-ગુરુ-ધર્મ એ સાચી સંપત્તિ છે, અને તે મને શ્રેષ્ઠ વિશ્વોત્તમ કોટિના મળ્યા છે.'**

**'વર્તમાન સામગ્રી સુખની ગણાતી હશે, પણ ખરેખર તો એ દુઃખની ચળ**

ક્ષણવાર ઉતારવા અને વધુ ચળ જગાવવાની સામગ્રી છે.'

**'ઋદ્ધિ સંપત્તિ, પુત્ર પરિવાર, રંગરાગ-ભોગો, એ બધા મારું પુણ્ય ચૂસી લે છે, અને પાપ વધારે છે,** એમાં સુખ શું ? સુખ તો ધર્મમાં, કે જે પાપ મટાડી આપે છે, ને પુણ્ય વધારી આપે છે,'

સાચું સુખ શોધવું છે ને ? તો અહીં આવી ગણત્રી ઊભી કરો, હૃદયમાં કોતરી રાખો, વારંવાર નજર સામે લાવો.

**'દુન્યવી સુખ, પૌદ્ગલિક સુખ, એ તો સ્વપ્નનાં સુખ છે, આંખ મીંચ્યે કે પુણ્ય મીંચ્યે ડૂબ ગઈ દુનિયા !**

**'એ સુખ તો ઝાંઝવાના નીર જેવા છે; જેમ એની પાસે પહોંચો કે એ દૂર ભાગે.**

**'એ સુખ પરાધીન છે; કેટલાંને પરવશ ? પુણ્યને પરવશ, પરિસ્થિતિને પરવશ, ઉંમરને પરવશ,....પરવશતામાં સુખ શું ?'**

**'દુન્યવી સુખ ઠગારાં છે. એ તારણહાર દેવ-ગુરુ ધર્મની સેવા-વિનય-ઉપાસનાને ભૂલાવે છે; અને મારણહાર અઢાર પાપસ્થાનકોમાં મલહાવે છે.** એવાં ઠગારામાં સુખપણું શું માનવું ?'

...આવી આવી તો કેઈ નક્કર હકીકતો છે. એ ધ્યાનમાં લઈ ત્યાં સુખનો ભ્રમ કરવો મૂકી દો. તૃપ્તિમાં, ત્યાગમાં, વિરાગમાં, પરમાત્માની ઉપાસનામાં મનની મસ્તી ઊભી કરો, તો સુખ ખરેખર અનુભવમાં આવશે. નહિતર પેલા સુખના ઝપાટામાં તો કેડો ભાંગી જવાની છે.

**મહેશ્વરદત્ત સંન્યાસ લે છે :-**

ધર્મ આ બધું સમજાવે છે, ને સુખનો અનુભવ આપે છે. માટે જ મહેશ્વરદત્તે બીજા-ત્રીજા વિચાર કરવા મૂકી દઈ સંસાર ત્યાગનો મહાધર્મ લેવાનું નક્કી કર્યું. ત્યાંથી ચાલીને પોતાના પિતાના મિત્ર યોગીશ્વર કાપાલિક પાસે જઈ તેણે સંન્યાસ-દીક્ષા સ્વીકારી.

**ધનશ્રીને સળવળાટ :-** ધનકુમારે પોતાનો સમુદ્ર પ્રવાસે જવાનો અભિપ્રાય નંદ નોકરને અને ધનશ્રી પત્નીને જણાવી દીધો છે, અને એ બંનેએ સંમત થતાં કહ્યું કે અમે તમારી અભિલાષામાં અંતરાય કરનાર કોણ ? તમને જે સારું લાગે તે જ હો. અમે તો સાથે છીએ જ.

બસ, ધને સામે કિનારે જનારું એક વહાણ રોકી લીધું અને ક્યારે ઉપડે છે તેની તપાસ કરાવી.

તો હવે શાંતિથી આગળ જવાનું નક્કી થઈ ગયું ને ? ના, ધનશ્રીને જંપ



વળે એમ નથી. પૂર્વ અગ્નિશર્માના ભવના કુસંસ્કાર છે ને ? એ અહીં એને પતિ પર સહેજે-સહેજે દ્વેષ કરાવે છે. પતિની મહાસજ્જનતા છતાં એ એને દીઠે ગમતો નથી; અને હવે તો પાછું દૂર દેશ તરફ જવાનું થાય છે, એટલે મનને વધુ સળવળાટ થાય છે.

**ધનશ્રી નંદને સમજાવે છે :-** ધનશ્રી અને નંદ નોકરને પરસ્પર પ્રેમ છે. તેથી એના પર વિશ્વાસ ધરી પોતાનું દિલ ખોલવા જાય છે. એ ખાનગીમાં એને કહે છે,

'નંદ ! તને મારા પર પ્રેમ કેવો ?'

'અરે ! એમાં શું પૂછો છો ? તમારાથી ક્યારેય જુદાઈ રાખી છે ?'

'એ તો હું જાણું છું. પરંતુ અવસરે કોઈ કામ કરવાનું હોય ત્યારે તું મારી સાથે રહે ને ?'

નંદ કહે છે, 'આજ તમને શંકા કેમ પડે છે ? મારે વેઠવાનું હોય તોય તેની દરકાર કર્યા વિના તમને સહાય કરું.'

'પણ આ તો હું એક એવી વસ્તુ તને બતાવવા ધારું છું કે જેમાં તારે વેઠવાનું નહિ, કમાવાનું છે. પણ તારે તે કરવું જોઈએ. બોલ કરીશ ને ?'

નંદ કહે છે, 'તમે કહો તો ખરા, શું કામ છે. વેઠવાને બદલે કમાવાનું હોય એમાં તો ના હોય જ શેની ?'

ધનશ્રી કહે છે, 'જો ત્યારે, આ સમુદ્ર પ્રવાસ મને કાંઈ ગમતો નથી; અને તું ય શા સારુ એમ જ ધાય ? બીજું, કોણ જાણે કેમ, આ તારા શેઠ મને દીઠે ય ગમતા નથી. તો આપણે એમ કરીએ ધનકુમારને પૂરો કરી નાખીએ અને આપણે આ બધી સમૃદ્ધિ લઈ ક્યાંક બીજે ચાલ્યા જઈ મઝા કરીએ. દરિયામાં ઊતરવાની શી જરૂર છે ?'

ધનશ્રીએ પોત પ્રકાશ્યું; જાતની ક્રૂરતા પ્રદર્શિત કરી, અને નંદની દાઢમાં ગોળ પીરસ્યો.

**વૈરાનુબંધ અને કષાયને તરત વોસિરાવો :-**

ધનને મારી નાખવાનો વિચાર કરે અને કદાચ એવો પ્રયત્ન કરી મારી નાખવાનુંય કરે તો તેમાં ધનના પોતાના પૂર્વ કર્મનોય વાંક છે; છતાં ધનશ્રીને આ વિચાર જે આવે છે તે પોતાના પૂર્વના દુષ્ટ વૈરાનુબંધના પ્રતાપે આવે છે. પોતે જે પૂર્વે કષાયનો મજબૂત પાયો નાખ્યો છે, તેનું આ પરિણામ છે. અહીંથી મરીને સાથે વૈરાનુબંધ અને કષાયના પાયાના વારસા લઈ જતાં વિચાર કરવા જેવો છે. ખરી રીતે તો એ કદાચ જાગ્યા તો એને તરત જ વોસિરાવવા જેવા છે.

**કુસંસ્કારના અનુબંધ જીવને રાંક કરે છે :-** ધનશ્રી અગ્નિશર્માનો જીવ છે, 'ભવો-ભવ ગુણસેનના જીવને મારું' એવું નિયાણું કરીને આવેલ છે. આવા નિયાણાં, વૈર, શલ્ય, વગેરે આત્મામાં એવા ઊંડા કુસંસ્કાર રોપે છે, એવાં **અનુબંધવાળા એટલે કે સબીજ ફળદ્રૂપ મોહનીય આદિ કર્મને** ઊભાં કરે છે કે જેના ઉદય ભોગવતી વખતે એવું નવું નવું સર્જન ચાલુ રહે. પછી ગમે તેવા સારા આલંબન મળે છતાં દુર્બુદ્ધિ છોડવાની વાત નહિ. વિના કારણે પણ એ ઊલસ્યા કરે છે. અહીં ધનકુમાર જે ગુણસેનનો જીવ છે એ ઓછો સજ્જન છે ? ધનશ્રીને કશું અરુચિનું કારણ નથી આપતો, ઊલટું ભારે વાત્સલ્ય રાખ્યા કરે છે, છતાંએ ધનશ્રી એનું કાટલું કાઢી નાખવા ઝંખે છે. મોહબુદ્ધિની કેવી ભયાનકતા ! અને જીવે એને એકવાર વધાવી પછી જીવને કેવા રાંક બનવું પડે છે !

**નિંદાની દુર્જનતા-એ ચેપી દરદ છે :-**

પાછી ધનશ્રી એના કુટિલ ક્રૂર કાર્યમાં નંદને ભેળવવા માગે છે ! દુર્જનોની આ કેવી લીલા કે પોતાના દુષ્ટ કાર્યમાં બીજાને પણ સંડોવવા ! જુઓ જગતમાં નિંદાની દુર્જનતા, વેરની દુર્જનતા, વિષયાંધતાની દુર્જનતા, દારૂ વગેરે અભક્ષ્ય આદિના વ્યસનની દુર્જનતા,...બીજા સારાને પણ માંહી ભેળવવા મથે છે ને ? હોટેલ સિનેમા-ક્લબ-વેશ્યા વગેરે કેઈ અનર્થ છે, જેમાં જનારને બીજાને લઈ ગયા વિના ચેન નથી પડતું ! નિંદા કૂથલીમાં બીજાનો 'હા'કારો 'હું'કારો લીધા વિના રસ નથી આવતો ! કેવા ચેપી દરદ !

**નંદ ના પાડે છે :-** પણ નંદ નોકર એમ ફસાય એવો નથી. ધનશ્રી પર એને પ્રેમ છે, પરંતુ એ નાલાયક નથી. ધનશ્રીને કહી દે છે;

'અરે ! આ શું બોલ્યા ? આ જરાય યોગ્ય નથી. ધનકુમાર તો આપણા સ્વામી છે, ને પાછા આપણા પર બહુ સદ્ભાવ રાખનારા છે. માટે એમને મારવાનું તો તમારે સ્વપ્ને પણ ન ચિંતવવું.'

**પરદોષની ઉપેક્ષા શા માટે :-**

નંદનો ધનશ્રી પર પ્રેમ આગળ ઉપર કેવો ખરાબીમાં પરિણમે છે તે અવસરે જણાશે. તે હિસાબે એનો પાયો જ ખોટો ગણાય, પછી ભલે તે સામાન્ય હસવા-ખીલવાનો હોય. આ દોષ છે, છતાં ધનકુમાર પ્રત્યે એનો સદ્ભાવ, આસ્થા, કદરદાની વગેરે એ ગુણ છે. જીવોની કર્મ-પરિણતિ વિલક્ષણ છે. એક બાજુ દોષ દેખાતો હોય ને બીજી બાજુ ગુણ જણાય. એક દોષ હોય એટલે બધા દોષ જ હોય એવો નિયમ નથી; ગુણ પણ સંભવે છે. એ સૂચવે છે કે બીજાનો દોષ જોઈને એને હલકાપણાનું સર્ટિફિકેટ ન આપી દેવાય; તે એટલા જ માટે કે કર્મોની પરિણતિ



વિચિત્ર છે. ઊલટું એવા સર્ટિફિકેટ ફાડ્યે જવામાં પોતાને ભાગે તો હલકાઈનો જ વિચાર આવે છે, ને એના ઉપર કષાયભરી વિચારસરણી અને વાગ્ધારા ચાલે છે; જ્યાં ને ત્યાં એના દોષ ગાતાં ફરાય છે. થયું ? ગુણાનુરાગ, ઉમદા દિલ, ઉચ્ચ વિચારસરણી વગેરે કાંઈ જ એના ભાગ્યમાં રહ્યું ? વસ્તુ તો બંનેય સામે છે. પણ જેને દૃષ્ટિમાં લો તેની અસર ભોગવવી પડે છે. માટે જ શાસ્ત્રકારો કહે છે કે **પરના દોષોની ઉપેક્ષા કરો. એને દૃષ્ટિમાં જ ન ઘાલો. તેથી એની ખરાબ અસરના ભોગ નહિ બનવું પડે.**

**સામાના સ્નેહ-સદ્ભાવના કોમળ તાર યાચનાથી તૂટે :-**

ધનશ્રી નંદનો ઉત્તર સાંભળીને ખોભિલી પડી ગઈ, ચૂપ થઈ ગઈ. એના મનને હતું કે આ નંદ મારા પર પ્રેમ રાખે છે એટલે મારી વસ્તુ વધાવી લેશે તેથી કહેવા ગઈ. પરંતુ નંદના નિષેધ પર ભોંઠી પડી. માણસ આવી ભૂલ કરી નાખે છે કે અમુક જણ પોતાના ઉપર સ્નેહ રાખે છે, સદ્ભાવ દાખવે છે તેથી પોતાની અનુચિત માગણી તેની આગળ રજુ કરે છે. પણ જગતમાં એવું થોડું જ છે કે સ્નેહ-સદ્ભાવની રૂએ અનુચિત કહેવા માગવા જાય એ એની મૂર્ખાઈ નથી ? અરે, ઉચિત પણ હોય તો ય મંગાતું નથી, માગવું વ્યાજબી નથી. વેપારમાં ખોયા પછી સ્નેહી પાસે માગવા ગયા ત્યાં કડવા અનુભવ થાય છે ને ? અવસર આવ્યે ઉતાવળિયા સાધુ પણ ભૂલ કરી બેસે છે. સામો આપણો ભગત છે માની એને કોઈ ટીપટપ્પામાં આપવાનું કહેવા જાય છે ને, તો રોકડો નકારો ય મળે છે. કહો ત્યાં પછી શો ભારબોજ રહ્યો ? ડહાપણ એ છે કે **સ્નેહના કોમળ તારને યાચનાના પ્રહારથી તોડી ન નાખો.**

**ધનશ્રીની ધિટ્ટાઈ :-** ધનશ્રી ઝંખવાણી તો પડી પણ એમ કાંઈ અકાર્યના વિચારથી એ ધિટ્ટી વિરમે એવી નથી. એણે મનમાં નક્કી કર્યું કે, આ નંદ તો એને મારવાનું કાર્ય નહિ કરે, માટે હું જ કોઈ પણ ઉપાય યોજીને ધનકુમારને ઠેકાણે પાડી દઈશ.

**મારી નાંખવાનો ઉપાય :-** એ મનમાં વિચારે છે કે ત્યારે ઉપાય શો લેવો ? બીજા-ત્રીજા વિચાર કરી રહી છે, એવામાં એને એક નાગદત્તા નામે પરિવ્રાજિકા મળી આવી. એણે એની પાસેથી વિવિધ ઘાતક વસ્તુઓ ભેળવેલો એક કામણયોગ મેળવ્યો. એ તરત મારી નાખે એવો નહોતો, પરંતુ રોગ ઉત્પન્ન કરીને કાલાન્તરે મોત પમાડી દે એવો હતો.

**સારા કામમાં સો વિઘન, પાપમાં એકેય નહિ :-** પાપીને પાપની સામગ્રીય ક્યાંથીય જલદી મળે છે ! સારું કામ કરવું હોય તો સામગ્રીમાં કેઈ વાંધા ઊભા

થાય છે ! કહે છે ને સારા કામમાં સો વિઘન ! કોઈનું બગાડવું હોય તો અનુકૂળતા ઝટ આવી મળશે; અને કોઈનું સુધારવું હોય તો કેટલીય પ્રતિકૂળતા !

શત્રુની ક્ષમા માગી આવવા મન થયું, પગ ઉપાડ્યો કે કોક વિઘ્ન સામે મળ્યું જ છે ! વેર શમવા આમ તો મુશ્કેલ છે, પરંતુ આ સમરાદિત્ય ચરિત્ર જેવું સાંભળીને એમ થયું કે 'લાવ જીવ ! ખમાવી આવું. વૈર રાખીને શું કામ છે ?', ને એ માટે ચાલ્યા પણ ખરા, ત્યાં તો પગને ઠેસ વાગી એટલે અપશુકન લાગ્યું, અગર કોઈ હાથ પકડનાર મળ્યો.

કેમ ભાઈ ! ક્યાં ચાલ્યા ?

ફલાણાને ખમાવવા.

અરે ! એને તમે ઓળખતા નથી ! એ તો મદમાં ચઢી જશે મદમાં ! કાંઈ ક્ષમા માગવા જવું નથી, શું તમને ખબર નથી, પાર્શ્વપ્રભુનો જીવ મરુભૂતિ દુર્જન કમઠને ખમાવવા ગયો. ત્યારે પેલાએ શિલાના પ્રહારનો સિરપાવ આપ્યો ? માટે બેસો શાંતિથી.' થયું, મન પાછું પડ્યું જ છે. ત્યાં એ વિચાર થોડો જ આવે છે કે એવા ખમાવનારને દંડનારાના દાખલા કેટલા ? અને ક્ષમાપનાના વૈર ભૂલી મિત્રતા કર્યાના દાખલા ? વળી ક્ષમાપના ન કરી અને વૈરનાં બીજ લઈને પરભવ ચાલ્યા તો પછી ભયંકરતા કેવી સર્જાવાની ? આ બધો વિચાર ક્યાંથી આવે ? સારા કાર્યમાંથી પાછું પડવાનું અગર પાછા પાડવાનું ઝટ, અને એમાં ચઢી જવાનું કે ચઢાવી દેવાનું મુશ્કેલ. પાપની વાત હોય તો ધકેલનાર ઝટ મળે.

ધનશ્રીને મારક કાર્મણયોગ આપનારી ઝટ મળી ગઈ. એને નિરાંત થઈ. 'બસ, હવે અવસર મળ્યે કામ પતાવી દઈશ.' પાયામાં પાપની વૃત્તિ જ ખોટી. એની સગવડે ય જલદી મળવાની, અને પાપનો અમલ પણ જલદી થવાનો. માટે **પાપની વૃત્તિને જ જાગવા ન દો.**

**સમુદ્રપયાણ શરૂ થાય છે :-**

સમરાદિત્ય કેવલી મહર્ષિનો જીવ ચોથા ભવમાં ધનકુમાર સજ્જનતાથી પત્ની ધનશ્રીનો અભિપ્રાય મેળવીને સમુદ્રયાત્રાનું નક્કી કરી લે છે, ત્યારે ધનશ્રી, જે દુશ્મન અગ્નિશર્માનો જીવ છે, એ દુર્જનતાથી પતિને ભયંકર રોગ પેદા કરી ક્રમે કરીને મૃત્યુવશ પમાડી દે એવું કામણ તૈયાર કરી લે છે, વિધિના ખેલ વિચિત્ર છે !

એટલામાં વહાણ તૈયાર કરવામાં આવ્યું. વ્યાપાર અર્થે અનેક પ્રકારનો માલ ભરવામાં આવ્યો. શુભ દિવસે ધનકુમાર બહાર નીકળ્યો, સમુદ્રતટે પહોંચ્યો, અને દીન-દુઃખી-અનાથ મનુષ્યોને એણે દાન કર્યું.



**'ધમ્મમૂલા સંપત્તિઓ'** સંપત્તિ ધર્મથી જ મળે છે, તો સંપત્તિ અર્થે પ્રયાસ કરવા જતાં ધર્મ કેમ ભૂલાય ?

તેમ એ પણ વસ્તુ છે કે કોઈ સારું કામ કરવા નીકળ્યા. એમાં જેટલાની શુભેચ્છાઓ અને અંતર દુવા મળી એટલી સારી. અહીં તો કામ વેપાર માટે જવાનું છે, પણ એ વખતે દીધેલું દાન સામાની ભલી લાગણીઓ ઊભી કરે છે. **આરોગ્ય જોઈતું હોય તો જીવોને અભયદાન અને દયા-દાન બહુ કરો.**

પછી ધને સમુદ્રની પૂજા કરી, અને પરિવાની સાથે વહાણ પર આરૂઢ થયો. લંગર ઉપાડવામાં આવ્યા; અને શંખ યા કુંદ પુષ્પોના જેવા સફેદ સઢના કપડામાં પવન ભરાય એવી રીતે એને વ્યવસ્થિત કરવામાં આવ્યો.

વહાણ ઊપડ્યું, અને સમુદ્રમાર્ગને કાપવા લાગ્યું. વિશાળ સમુદ્ર છે, કેઈક કાચબા, મત્સ્યો, મગરો વગેરેની મસ્તીથી ખળખળાટવાળો છે. અનેક જાતના શંખ વગેરે જીવ શરીરોથી એ વ્યાપ્ત છે. સમુદ્રની ઊંડાઈ તો જાણે અમાપ ! એ પાતાળનાં તળિયા જેવો ઊંડો લાગે છે. આમ સમુદ્ર એકલો ભયંકર જ લાગે એવું નથી. પરંતુ ક્યાંક એ લવલી ઘરમાં બેઠેલા ગંધર્વ કિન્નર દેવોના યુગલોથી રમણીય પણ લાગે છે. એવી હીરા, ઇંદ્રનીલ અને મરકત મણિઓના કિરણની શોભાને પણ ધારણ કરે છે. દૂર મલયાચલ પર્વતની ગુફાગૃહોમાં સિદ્ધપત્નીઓ સમુદ્રની મનોરમ ભરતી નિહાળી રહી છે. સમુદ્રરૂપી પતિને નદીઓ જાણે પત્ની જેવી વિરહાકુળ બની દોડતી આવી ભેટે છે, અને કિનારા પરના તાડના વનને પણ ભીંજવી રહી છે. **સંપન્ન માણસો સ્નેહીના મિલનમાં પોતે તો સુખપ્રેમથી ભિંજાઈ જાય છે, પરંતુ સાથે દાન, ઔચિત્ય વગેરેથી પરાયાને પણ સુખપ્રેમથી ભીંજવી દે, એવું જાણે આ નદીઓ શીખવતી ન હોય !** એવો એ સમુદ્ર લાલ પરવાળાંની પંક્તિઓથી પણ શોભી રહ્યો છે. પવનના વેગથી આવા સમુદ્રને ધનકુમારનું વહાણ કાપી રહ્યું છે.

**સંસાર પણ સમુદ્ર શાથી :-**

જીવને લાગેલો આ સંસાર પણ આવા સમુદ્ર જેવો છે; કેમકે કર્મરૂપી જળથી એ છલોછલ ભરેલો છે. રાગદ્વેષ, કામ-ક્રોધ, લોભ-મોહ, મદ-માયા વગેરે જળ-જંતુઓથી વ્યાપ્ત છે, અનાદિ અનંતકાળની ઉંડાઈવાળો છે, એમાં મનોરથો અને આશાભંગની ભરતી-ઓટ આવે છે, માનસિક વિકલ્પોના તરંગો માંહી ચાલ્યા કરે છે. આ ભયાનકતાની વચમાં તીર્થો, ધર્મસ્થાનો, ધર્માત્માઓ વગેરેની શોભા પણ છે, અને તપના પવનના વેગથી ઝડપભેર ચાલતું સંયમધર્મનું વહાણ પણ છે. જે ભાગ્યવાન ભવ્યાત્મા એનો આશ્રય કરે છે, એ આ ભયાનક પણ ભવસાગરને તરી જાય છે.

**ધનશ્રીની ચોંટ :-** સમુદ્ર પર જેવું વહાણ આગળ વધી રહ્યું છે તેમ આ ધનશ્રીની દુષ્ટ ભાવના પણ આગળ ધસી રહી છે. 'ક્યારે મોકો મલે, ને આ કામણ ખવરાવી દઉં !'

રાતને-દિ' કેવા જતા હશે એના ? બિલાડીને શિકાર તો મળે ત્યારે મળે, પણ બીજા જીવને મારી નાખવાની લેશ્યા નિરંતર ! ઘોર કર્મોનો પ્રવાહ પણ નિરંતર જ ને ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૧૬,તા.૯-૧-૧૯૬૦

**પાપની લગની ભયંકર કેમ ?**

ધનશ્રી પતિ ધનને મારી નાખવા કામણ પાઈ દેવાની શોધમાં છે. ભારે પાપની લગની લાગી છે. પણ એને ક્યાં ખબર છે કે પાપની લગની એ એટલી ભયંકર છે કે પાપ કરવાનું તો આવે ત્યારે આવે, પણ તે પૂર્વે દીર્ઘકાળ કાળી લેશ્યામાં જકડી કાળાં પાપ આપે છે. પાપ સેવન પૂર્વે દીર્ઘકાળ પાપ ભાવનામાં રમાડે છે, ને પાપ થઈ ગયા પછી દીર્ઘકાળ તેની અનુમોદનામાં રાખે છે ! જૂઠ બોલવાની લગની લાગી એટલે કાળી લેશ્યામાં રમવાનો. શાસ્ત્રકાર હિંસાની ભયંકર ભાવનાને રૌદ્ર ધ્યાનમાં ગણાવે છે. અસત્ય-અનીતિમાં પણ આ દશા છે. એ પાપો કરતાં પહેલાં એની કેઈ વિચારણાઓ અને યોજનાના ઘડતર ચાલે છે; તેમ પાપ કર્યા પછી દિલને તે બદલના હર્ષનો પાર નથી રહેતો. લગની સાથેનું પાપ કર્યું એટલે એમાં હોંશ રહેવાની ! પાસા પોબાર ! એનું પરિણામ ? પ્રભુ મહાવીરને કહેવું પડ્યું કે '**શ્રેણિક** ! તારી નરક કોઈપણ ઉપાયે તૂટી શકે એમ નથી.' કેમ ? પાપની લગની કરી-કરીને પાપ કર્યું, ને પછી એના પર બહાદુરી માની. શિકારે ઊપડ્યા ત્યાંથી લગની કે 'એવો શિકાર કરી દઉં, જિંદગીમાં યાદ રહી જાય કે શિકાર કર્યો હતો !' હરણી દેખી સણસણ કરતું બાણ ફેંક્યું. હરણીના પેટમાં ભોંકાયું ! ઊછળીને પડી. શ્રેણિક જઈને જુએ છે કેવો શિકાર થયો ? હરણીનું પેટ ચીરાઈ ગયું છે, બાણ ગર્ભમાં પેસી ગયું છે, ને ગર્ભ બહાર ઊછળી પડ્યો છે. આ જોઈને શ્રેણિક ખૂશ થાય છે કે આનું નામ શિકાર કહેવાય. આ જે પાપની લગની છે. એના પર પાપનું સેવન, અને એના પર અભિનંદન, એણે ચોરાશી હજાર વર્ષનું નરકનું પાપ ઊભું કરી દીધું ! માટે ભગવાને કહી દીધું કે તું તીર્થંકર થવાનો તે સાચો, પણ તેટલું જ સાચું છે, કે તું અહીંથી મરીને પહેલી નરકમાં જવાનો !



**સમકિતીની સાવધાની :-** સંસારી જીવન જીવતાં ખૂબ ખ્યાલ રાખવા જેવો છે. સવારથી જાગ્યા તે રાત્રે પથારી ભેગા થયા સુધી પાપની લગનીઓ કેટલી ઊઠે છે ? સમકિતીને અલ્પ બંધ કહે છે. તે શાના પર ? કેઈ પાપ સમકિતી જીવ યદ્યપિ કરે છે પણ કર્મબંધ અલ્પ ! શા માટે અલ્પ ? લગની નથી પાપની ! મિથ્યાત્વી દેખીતી એવી જ પાપક્રિયા કરતો છતાં પણ કર્મબંધ ઘોર કરે છે. કેમકે પાપની લગની છે. તો આપણે એ ધ્યાનમાં રાખવા જેવું છે કે **'પાપ અવસરે કરવું પડશે તો જોઈ લઈશ, પણ પાપની લગની તો ન જ જોઈએ.** એ તો અંધકારનું સર્જન કરે છે, તે ન જોઈએ.'

**દોષો કેમ નભે છે ? :-**

આજે આપણા જીવનમાં જે દોષો પેસી ગયા છે કે બીજાનો ઉત્કર્ષ સહન ન થાય, વાતવાતમાં બીજાની ભૂલ દેખાય, આત્મામાં આ પેસી ગએલા જે દોષો છે નિંદા, જુગુપ્સા ખાર-ઝેર, માનસિક કષાયો, ને ઇન્દ્રિયોની ગુલામી, આ જે અંદર આત્મામાં મોજ કરે છે, તે દોષો શાથી ? લગની છે માટે ! નોકર પર ગુસ્સો કરવો હતો, પણ પહેલાં નક્કી કરે છે મનમાં, કે 'આમ સુણાવી દઈશ, આમ દબડાવીશ', આ લગની છે. બે કલાક નોકર ભલે મોડો આવ્યો પણ આપણે ચિત્ત વિહ્વલ કરીએ તો અહીંયાં જ દુઃખી છીએ આપણે ! અહીંયાં સુખે જ જીવવું હોય તો પણ પાપની લગની ઓછી કરવી જોઈએ !

**જગતમાં બે જાતની લગની છે, ૧. દુષ્ટ પાપની, ૨. કલ્યાણ ધર્મની.** પાપની જો લગની લાગે તો જીવ જાણે મુવો પડ્યો સમજો ! ત્યારે કલ્યાણની લગનીથી, ક્ષણે ક્ષણે નવું ચૈતન્ય મળે છે, પરંતુ એ લાવવા-ટકાવવા માટે પાપ લગની ભૂલવી જોઈએ. જ્ઞાનીઓએ બધા જ ધર્મના પાયામાં સમકિત કહ્યું, ને એના પાયામાં મોક્ષરુચિ કહી, શા માટે ? પાપની લગની ન જાગે.

**મોક્ષરુચિ વિના સમકિત કેમ નહિ ? :-**

મોક્ષરુચિ કહી એટલે માત્ર અમારે તો 'શાંતિનાથ ભગવાન સાચા,' એમ કહેવા માત્રથી સમકિત નહિ આવે. સમકિતમાં જેમ દેવગુરુની શ્રદ્ધા જોઈએ, તેમ મોક્ષરુચિ પણ જોઈએ. એ બેના તાણા-વાણા અર્થાત્ શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ અને તત્ત્વની શ્રદ્ધા સાથે મોક્ષનો એક રાગ વણાયેલો જોઈએ. મોક્ષરુચિ પણ નવતત્ત્વમાંના એક મોક્ષ તત્ત્વની જ રુચિ છે ને ? એના વિના અખંડ તત્ત્વરુચિ રૂપ સમકિત ક્યાંથી હોય જ. જૈનપણું એટલે સમકિત. જ્યારે આપણને ખ્યાલ આવે કે હું જૈન છું તો વિચારવાનું કે હું જૈન એટલે સમકિતી ! જૈન એટલે જિનને માનનારો ! કેશરિયાનાથને માને છે શા માટે ? પૈસા, દીકરા આપે માટે ? જિનને દેવાધિદેવ માને, જિનનેજ

માત્ર તત્ત્વ ધર્મના પ્રરૂપક માને તો જ જૈનપણું રહે. જિનને જ આત્માના તારક અને સર્વ કલ્યાણના દાતા માને તે જૈન ! આ માનવાની, હૈયે જચવાની, વાત છે આચરવાનું ગજા પ્રમાણે. જિનને માનનારને સમકિતી કહ્યા, તો જૈનપણું સમકિતથી છે. એ સમકિત મોક્ષ પરના અખંડ પ્રેમ અને સંસાર પરની એકાન્ત અરુચિ ઉપર નભે છે. કદાચ આ ખબર નથી, અથવા તો ખ્યાલ હોવા છતાં પાલવે એમ લાગતું નથી, પણ ભૂલશો નહિ કે પાયો આમાંથી મંડાય છે.

**પ્ર.**- મોક્ષરુચિ હોવા માટે સંસાર પર અરુચિ શા સારું જરૂરી કહી ? સંસાર પર રુચિ હોય, પ્રેમ હોય છતાં પરમાત્મા પર આસ્થા રહે તો સમકિતને વાંધો લાગે ?

ઉ.- હા, બે સાથે ટકે જ નહિ, કેમકે અહીં તો પહેલાં સંસાર પર તિરસ્કાર હશે, સંસારવાસમાં અકળામણ હશે, તો જ એમાંથી છૂટકારો ગમશે. અર્થાત્ મોક્ષની રુચિ થશે. અકળામણ એટલે ? બહુ માણસ ભેગા થઈ જાય ત્યાં અકળામણ થાય છે ને ?

ગાડી આવતી હોય અને ટિકિટ બારીમાં પાંચ-પંદર માણસ ઊભા હોય તો અકળામણ થાય છે ! લેણદારને ધક્કા ખવરાવનાર દેવાદાર પર અકળામણ થાય છે ! આવી સંસાર પર અકળામણ ઊભી કરવાની છે ! અંદરમાં નક્કર ઊભી કરવાની છે હોં. સંયોગવશ ભલે બહાર હસતું મોઢું રાખતા હો ! પણ દિલ કકળી રહે.

દા.ત. - "મારા દીકરા-દીકરી પ્રભુ શાસનના માર્ગે જવા જોઈએ તેના બદલે અરે ! સંસારના ખાડામાં પડે છે ?" જેનું નામ સંસાર, તેના પર આ અકળામણ છે ? અલબત્ત લગ્નમાં જે સ્નેહીઓ આવે છે તેમની આગળ મોં હસતું રાખવું પડે છે. ત્યાં આંતર લાગણીને બાહ્ય લાગણી બે જુદું કામ કરી રહી છે.

યોગની પહેલી દૃષ્ટિનું વર્ણન કરતા કહ્યું કે "તમારે યોગનું વૃક્ષ ઉગાડવું હોય તો પહેલાં યોગનાં બીજોનો સંગ્રહ કરો. તેમાં એક બીજરૂપે સંસાર પર સહજ ઉદ્વેગ કહ્યો. ભલે ચક્રવર્તીની ઠકરાઈ હોય તો પણ ઉદ્વેગ. સુખમય પણ સંસાર, કનડનારી કરોડપતિ બાપના ઘરની પત્નીની જેમ, હૈયે ખટક્યા કરે.

**સંસાર એટલે ? ભવ-ભવમાં ફેરવનાર ! ઊંચી સ્થિતિમાંથી વારેવારે નીચી સ્થિતિમાં પટકનાર ! સુખની આશામાં દુઃખની પોક મૂકાવનાર !**

**સંસાર એટલે ધાર્યું-ઈચ્છ્યું ઘણું ન થવા દેનાર ! પુણ્યના લાડુને કોઈ ને કોઈ પાપના ખારથી મિશ્રિત કરીને આપનાર !**

**અનેક આધિ-વ્યાધિ-ઉપાધિઓની પીડા-વેદનામાં જીવને તરબોળ રાખનાર !**



આવા સંસારમાં અકળામણ ન થાય ? સમ્યગ્દર્શન માટે સંસાર પર ઉદ્વેગનો આ પાયો નાખવાનો છે. તે શા માટે મૂક્યો પાયો ? એ પ્રશ્ન છે.

કહો, સંસાર પર અરુચિ-ઉદ્વેગ હોય, તો જ સંસારના બીજભૂત કર્મનો ક્ષય કરી મોક્ષ મેળવવાની અભિલાષા રહે. પણ એક બાજુ કર્મનો ક્ષય ચાહતા હો, ને બીજી બાજુ પાપની લગની હશે, તો મેળ કેમ જામશે ? કેમકે પાપ લગની તો અખંડ કર્મપ્રવાહ ચાલુ રાખે છે. ચંડકોશિક સાપ શી રીતે બન્યો ? પૂર્વ જીવનમાં સાધુ હતો ને ? સાધુ પછીથી આટલે નીચે જાય ? હા, પાપની લગની હોય તો સર્પ યોનિ શું, નરકમાં પણ જાય ! પાપની લગની ભયાનક ચીજ છે. કેટલોક પટક્યો ? એવો સાપ બનાવ્યો કે એનો એકજ ધંધો ! "મારી દૃષ્ટિમાં જીવતાને જીવતો રહેવા ન દઉં.' આ શાનું ફળ છે ? પાપની લગનીનું.

**ઈચ્છા જુદી ! લગની જુદી !** ખાવાની ઈચ્છા જુદી, લગની જુદી, પાપની લગની ભવિષ્યમાં દુઃખની ને પાપની પરંપરા ચાલવાનાં બીજ નાખી આપે છે. એકાદ વાર તે નરકાયુ જેવું આપી દે તેટલું જ નહિ, પણ ભવિષ્યમાં દુઃખની ને પાપની પરંપરા ચલાવે છે ! તેવી ભયંકરતા છે.

**એમાં માણસને એકલું દુઃખ હોય તો મુંઝાવા જેવું નથી, પણ સાથે પાપ હોય તો ભારે મોત છે.**

પાપની લગનીમાં આ છે ? હા, પાપની લગની સાધુપણામાં હોય તો સાધુવેશે ય એને બચાવી શકે નહિ. પાપની લગનીને તોડવાનું સામર્થ્ય સંસાર પરના અરુચિભાવમાં છે. એ એને તોડી શકે. કદાચ જીવનમાં પાપ રહે, પાપની ઈચ્છા રહે, પણ લગની તો નજ રહેવી જોઈએ. એ વિચારો કે 'કોની લગની રાખું ? જે સંસાર ફેંકી દેવા જેવો છે એની ? જે સંસાર મારી અનંતવાર કતલ કરનારો, તેના ઘરની ચીજ માટે લગની ?' હીરા, માણેક ઊગવાનો બગીચો હોય તોય એની લગની ન જોઈએ. જો આત્મામાં મૂળભૂત સંસાર-ઉદ્વેગ છે તો પાપની લગની કેમ રહે ? લગની તો ધર્મની, ધર્મભાવનાની, ધર્મ મૂર્તિઓનાં સ્મરણ-સ્તવનની રાખવી જોઈએ. એટલી લગની પણ હૃદયનું સંશોધન કરતી આવે છે; મનને માંજતી આવે છે. ત્યારે શુભ અધ્યવસાયથી બીજી પુણ્યાઈ કમાવાય એ તો જુદું. કહો આ ભાવમાં સોદો કરવાનું શું ખોટું છે ? લગની બદલો, પાપને બદલે ધર્મની લગની સેવો.

**કામણનો ઉપયોગ :-**

અહીં ધનકુમારનું વહાણ નીકળ્યે કેટલાક દિવસો થયા ત્યાં રોજ બિલાડીની જેમ તાકી રહેલી ધનશ્રીને એકવાર અવસર મળ્યો. એણે સિફતથી પતિ ધનને

ખ્યાલ ન આવે એ રીતે પેલું તૈયાર કરી રાખેલું કામણ કશાકમાં ખવરાવી દીધું. જો કે ધન અહીં બાવરો બન્યો છે માટે આમ નથી બન્યું, પણ કેટલીકવાર એવું બને છે કે માણસ ધડબડ-ધડબડ કામ કરવામાં પડ્યો હોય તો આવાં જોખમ વહોરી લે છે. એક કામ હાથમાં લઈને બેઠા અને ચિત્ત બીજે હોય, બાવરું હોય, તોય જોખમ બને છે.

**ધનને મહારોગ :-** બસ, કામણ પ્રયોગ થયો એટલી વાર, ધનનો કારમો પાપોદય જાગ્યો. એ મહાવ્યાધિથી પકડાયો. એનો ઉપચાર ત્યાં ભરદરિયે શો મળે ? ધર્મસંયોગ વિનાના સંસાર ક્ષેત્રમાં કેઈ કલેશ-સંતાપના શમન-ઉપચાર શા મળે છે ? ધનનો રોગ રોજ વધતો ચાલ્યો. પેટ ફૂલતું ગયું, છાતી બેસતી ચાલી ! હાથ સુકાતા ગયા, પાતળા-દુર્બળ પડતા ગયાં, મોઢું શૂન્ય મ્લાન ફિક્કું પડતું ગયું. પગની જાંઘો પણ સુકાઈ ગંઠાવા લાગી.

હવે સૌન્દર્ય સ્ફૂર્તિ કયા ? કામણ ખાધા પૂર્વે સુંદર-સુઘડ શરીર હવે બેડોળ બનવા માંડ્યું, સુસ્ત-ઢીલું બની ગયું. પાછું દેખાવ જ નહિ, પીડાએ પણ ઘર ઘાલ્યું. હાથ, પગ એટલા તૂટે છે કે જાણે એને કાપી ફેંકી દેવાનું મન થાય. ભોજન ભાવતું નથી, ને પાણીની તૃષા ભારે, પણ તેય પીએ તે ટકે તો ને ? ઊલટી થઈ જાય છે એટલે તરસ છીપતી નથી; ગળું શોષ-દાહથી પીડાય છે.

**પુદ્ગલની કેવી વિચિત્રતા !**

અન્નની રુચિ નથી અને પાણીની ભારે ઝંખના છે ! ત્યારે તૃષા જલપાનથી તો મટે, પણ વિચિત્રતા શેનું નામ ! એ જ જલપાનથી ઊલટી અને તૃષામાં વધારો ! એક વખતનું સુવ્યવસ્થિત કામ કરનારું શરીર પુદ્ગલ જોતજોતામાં મહાઅવ્યવસ્થિત બની ગયું. પુદ્ગલના એકાંત ભરોસે રહેનાર, કહો, કેટલો નિશ્ચિત રહી શકે ? સારા પુદ્ગલ પર હર્ષ-હોંશની મસ્તીમાં મહાલનારો, જગતમાં છડે ચોક દેખાતી પુદ્ગલની વિચિત્રતા અને ઉઘાડી આંખે નજરે પડતા એના જોતજોતામાં બનતા કારમા પલટા જોવા ભૂલી જાય છે, અને પછી જાતને એવા પલટાનો દુઃખદ અનુભવ આવી પડતાં બેબાકળો બને છે, કલ્પાંત કરે છે, ત્રાહિ ત્રાહિ પોકારે છે ! **ત્યારે જૈન તત્ત્વજ્ઞાનથી ભાવિત મતિવાળાને તો પહેલેથી પુદ્ગલની વિચિત્રતાનો ખ્યાલ છે, એટલે ઉદાસીન ભાવે પુદ્ગલનાં નાટક નિહાળે છે. એને હર્ષ-કીકીયારી કે કલ્પાંત શાના હોય ?**

**આપણી સાચવણી કે સ્ત્રીની તુચ્છ જાતનો એકાંત નથી :-**

ધનકુમારને પુદ્ગલની વિચિત્રતાની મહાન આપત્તિ ખડી થઈ. પોતે ધનશ્રીનું બગાડ્યું નથી. છતાં ધનશ્રીને એવા સજ્જન પતિનું પણ કાટલું કાઢી નાખવું છે.



કેટલાક કહે છે, 'પત્નીને સારી રીતે રાખીએ તો એ કલેશ ન કરે.' બીજા કહે છે, 'ગમે તેટલું સાચવોને, એ જાત જ તુચ્છ છે.' આ બંને એકાંતવાદી છે, ઢાલની એકજ બાજુ જુએ છે. વસ્તુતઃ સારું ન સચવાવા યોગે પણ કલેશ ઊભો થાય છે અને ક્યાંક એ બહુ સાચવો છતાં પોતાની કમ-યોગ્યતા અને સ્વભાવદોષને લીધે પણ કલેશ સર્જાય છે. અહીં ધનની સાચવણીમાં ખામી નથી, પરંતુ ધનશ્રીનો સ્વભાવ દોષ જ એવો છે કે એ પતિનું બગાડવા જાય છે. ખૂબી જુઓ કે સામાનું તો બગડે ત્યારે બગડે, અગર ન ય બગડે, પરંતુ પોતે તો મલિન વિચારોથી બગડી જ રહ્યો છે. માણસ પોતાનો સ્વભાવ દોષ, પોતાની અસહિષ્ણુતા, નિજની સ્વાર્થાંધતા વગેરે કારણે પહેલો તો પોતે જ કલેશ પામે છે; પોતે જ પોતાનું સુખ લોપી દુઃખ ઊભું કરે છે, દુઃખ વધારે છે; જાતે મનના પરિણામ કલુષિત કરે છે, સંકિલષ્ટ અને ક્રૂર કરે છે, પછી ત્યાં ઉત્તમ પણ માનવ જીવન ચુંથાઈ જાય એમાં શી નવાઈ ?

ગમે તેમ પણ ધનને તો અહીં ભયંકર આપત્તિ આવી. જીવનમાં આપત્તિ ક્યારે અને ક્યાંથી આવે એનું શું કહી શકાય ? અહીં આપણી બધી સજ્જનતા છે, પરંતુ પૂર્વનાં કર્મને એ ક્યાં જોવું છે ? માટે જ શુભ કર્મના ઉદય બન્યા રહે એના પર સજ્જનતાનું માપ ન નીકળે. અથવા આપણે સજ્જનતા રાખ્યે જઈએ અને અશુભ કર્મના ઉદય ફૂટી નીકળે એથી કાંઈ આપણી સજ્જનતાને દોષ ન દેવાય, કે એમાં અધીરાઈ કરી એને છોડી ન દેવાય. બન્ને સ્વતંત્ર ક્ષેત્ર છે એ સમજી રાખીએ તો જ એક બાજુ સજ્જનતા ટકાવી શકીએ અને બીજી બાજુ પાપનો ઉદયકાળ ઉદ્વેગ વિના પસાર કરી શકીએ.

**સુખમાં ખીલનારને વિધિ બનાવી જાય છે :-**

બાકી, પાપનો ઉદયકાળ વેઠવો તો પડે જ છે. પછી ખેદ શા સારુ ? ગમે તેવો ચમરબંધી પણ વિધિનો પ્રકોપ થયા પછી શું કરી શકે ? વિશ્વાસ પણ શું રાખી શકે કે અમુક વખતે અમુક બનશે ? પળવારમાં બધું સાફ થઈ જાય છે. માણસ મનમાં માને કે ચાર છોકરા છે. મોટા થઈ જશે, ઠેકાણે પાડી દઈશું ને પછી આપણે ધર્મધ્યાન કરશું ! પણ બને છે ને કે પેલા ચાર ઉમરમાં આવી જાય પણ એક પછી એક ઊપડવા જ માંડે ? જે વિધિએ આજ સુધી ભલભલાને હાથતાળી આપી છે, તેની સામે સુખમાં ખીલવું તે બની જવાનો ધંધો છે.

**ભલાઈ પરિણામે લાભકારી છે :-** ખૂબી એ છે કે ધનશ્રી કંઈપણ આમાં ઘાલમેલ કરનારી હોય તેની શંકા જ ધનને આવતી નથી ! આવી શકે શેની કે 'જરૂર કાંક ધનશ્રીએ ખોરાકમાં ઘાલમેલ કાં ન કરી હોય ?' એના દિલમાં આ

વિચારને સ્થાન નથી. કેમકે તેણે ધનશ્રી પ્રત્યે નિર્મળ પ્રેમ ધારણ કર્યો છે, બહુ ઉમદા દિલ રાખ્યું છે કે આ મારે માણસ ખૂબ ભલું છે માટે એની સાથે ભલાઈ રાખવી જોઈએ. આવી ભલાઈમાં કોઈકવાર દેખીતું બગડતું દેખાય પણ આત્મિક મહાન લાભ છે ! અને જ્યાં દેખીતા નુકસાનથી બચવા માટે ભલાઈ મિટાવી બૂરાઈ બતાવાય છે ત્યાં વાસ્તવિક આત્માને નુકસાનનો ખરેખર પાર રહેતો નથી ! જે બૂરી મુરાદ હૈયામાં ઘાલી તેના ચિરકાળના નુકસાન ભયંકર આવીને ઊભાં રહે છે.

**ઢોંગીના ઢંગ અગમ-અગોચર :-**

ધનકુમારની ભયંકર વ્યાધિ જોઈને નંદ વગેરે પરિવારને તો દુઃખનો પાર ન રહ્યો. પણ ધનશ્રી મનમાં ખુશી થાય છે કે 'ચાલો, ઉપાય તો રામબાણ નીવડ્યો. હવે આમ ને આમ એ ઓગળી-ઓગળીને ખત્મ થઈ જશે. મારા પર કોઈને શંકા આવશે નહિ અને મારું શલ્ય ટળશે.' અંદરથી તો આ વિચારની છે, પણ બહારથી ખેદનો દેખાવ કરે છે. કહેતાં આવડે ને કે 'અરે, આર્યપુત્ર ! આ તમને શું થઈ ગયું ? હાય ! હાય ! કેવું દુઃખ એ મને અભાગણીને કેમ ન આવ્યું અને તમને આવ્યું ? હે ભગવાન ! હવે શું થશે ?...' વગેરે કેઈ ઢોંગી ખેદનાં વચન કાઢતાં આવડે કે નહિ ? ઢોંગીને શું ? સાચા કરતાં ય કરુણ બોલે ! પણ એમાં જો જો ખાવાપીવામાં પાછું બરાબર હોં, કદાચ ઓછું લેવાનો દેખાવ કરવો હોય તો એ એવાની સાથે ખાવા બેસે કે જે આગ્રહ કરીને ખવરાવે, અને પાછું આ શું કહે જાણો છો કે ? 'શું ખાય ? હૈયાં સળગી રહ્યા છે, એમને ભારે મંદવાડ છે, ત્યાં ગળે શું રાખ ઉતરે ?...' એમ ચાલાકીથી બોલ્યે જાય અને પેટમાં ગોઠવવાનું બરાબર ! કહો ઢોંગીને કળી શકાય ? જેમ કહે છે ને જ્ઞાનીનાં દિલ અગમ-અગોચર હોય છે !

**ધનની વિચારણા : અસદ્‌વિચારમાંથી પલટો કેમ લવાય ?**

ધનકુમારને દિવસ પર દિવસ જતા જાય છે તેમ શરીર બગડતું ચાલ્યું છે, વ્યાધિ પ્રસરતી રહી એ જોઈને એને વિચાર થાય છે કે 'અરે ! આ એકાએક શું થઈ ગયું ? તે ય અકાળે આ સમુદ્ર વચ્ચે, કે જ્યાં કોઈ ઉપાય ન જડે ? પણ હું ભૂલ્યો, પાપવિપાકના ચેષ્ટિતને અકાળ જેવું કાંઈ છે જ નહિ' જાગી ઉઠેલો એક અસદ્ વિચાર ઝટ સદ્‌વિચારમાં પલટાવી દે છે. શી રીતે એ પલટે ? પલટે. **વસ્તુ સ્થિતિના વિચાર પર આવી જવાય તો અસદ્ વિચારમાંથી સદ્‌વિચારનો પલટો કરતાં વાર નહિ,**



**પાપોદયના નાટકને અકાળ શો ? :-**

આ વસ્તુસ્થિતિ છે કે પાપના ઉદયને જોવો નથી. તેને વળી કાળ શો, અકાળ શો ? પેટમાં દુઃખવા આવે તે શું સાંજે છ વાગે જ આવે ? ના, એ તો બે વાગે ય આવે અને રાતના બાર વાગેય આવે. એક પાપનો ઉદય શોધી લાવો કે જે નિયમસર આવતો હોય. રસ્તાની ઠેઠ કોરે ચાલનારોય કદાચ વાહનની અડફેટમાં આવી જાય અને વચ્ચે ચાલવા છતાંય કદાચ કચરાય નહિ ! પાપોદયનાં નાટકને જીવનના રંગમંચ પર આવવા માટે કાળ-અકાળનો ભેદ નથી. એને એ નથી જોવું કે આ માણસ અત્યારે સારાસારીમાં છે, અગર કટોકટીમાં છે તો એની પાસે ન જવાય.

**ધર્મને પણ અકાળ નથી :-** ત્યારે શાસ્ત્રકારો પણ કહે છે કે **'अकालो नास्ति धर्मस्य'** ધર્મ કરવા માટે પણ કાળની રાહ જોવાની જરૂર નથી. જ્યારે પાપોદયને કોઈ અકાળ નથી એ જગતમાં સિદ્ધ હકીકત છે, તો ધર્મ માટે કેમ કહેવાય કે 'ના, હમણાં ધર્મનો કાળ નથી, પછી કરીશ' ? ધર્મને કોઈ ભાવી કાળ પર રાખ્યો ને વચમાં કોઈ વિષમ પાપોદય જાગી ગયો તો શું કરી શકાશે ? પાપના અણજાગ્યા ઉદયને તો કહી દેવું જોઈએ કે 'તારો અમને વિશ્વાસ નથી કે તું ક્યારે જાગી પડે, માટે અમારે તો સમજ મળતાં જ ધર્મ કરી લેવો છે.' ખરી વાત આ છે કે **સંયોગોની સારાસારીમાં તો ધર્મ ખાસ કરી લેવો.** બગડ્યા પછી તો મુશ્કેલ છે.

ધનકુમાર વસ્તુસ્થિતિનો વિચાર કરી નિરાશામાં પલટો લાવે છે. એ વિચાર કરે છે કે 'પાપોદયને કાળ શું અને અકાળ શું ? પૂર્વે કરેલા દુષ્કૃત્ય-દુર્ભાવનાઓથી જન્મેલા પાપોને અહીંની પરિસ્થિતિ સાથે થોડો જ મેળ મેળવવો છે કે હમણાં સારા સંયોગ છે, અગર કટોકટી છે માટે ઉદયમાં ન આવીએ ? ના, એ સ્વતંત્ર છે, તો અહીંનું જીવનું ચેષ્ટિત પણ સ્વતંત્ર છે. તો હવે મારે શું કરવું ? પરિવાર દુઃખી થાય છે, ધનશ્રી ઉદ્વિગ્ન રહે છે, અને નંદને મારા પર ભારે સ્નેહરાગ હોવાથી ખેદનો પાર નથી. આ મારું દુઃખ જોઈને આ બધાને કલેશ થાય એના કરતાં તો લાવ હવે આ વિશાળ સમુદ્રમાં ઝંપાપાત કરી દઈને કે બીજી કોઈ રીતે આત્મઘાત કરું ?' વિચાર તો આવ્યો, પણ અહીં વસ્તુસ્થિતિ પર ધ્યાન દઈ પાછો ફરે છે. 'અરે પણ એમ કરવા જતાં તો આ લોકોને આનંદ નહિ, ઊલટું દુઃખ અધિક વધી જશે. તેમ એ પણ વાત છે કે રોગ નિવારણનો કાંઈ ઉપાય કર્યા વિના આવું આત્મહત્યાનું પગલું ભરવું એ યોગ્ય પણ નથી. એ તો કાયર પુરુષનું કામ છે. માતાએ પણ કહ્યું છે **'ખેદ નહિ કરવો.'**

માતાએ કહ્યું છે કે, 'પરદેશ યાત્રા કે ધનકમાઈ એ સહેલું કામ નથી, માટે અખિન્ન રહેવું; કદીય ખેદ-વિષાદમાં ન પડવું.' અખિન્ન એટલે કે ગમે તેવા સંયોગમાં પણ ખેદ ઊભો ન થવા દેતાં ઉત્સાહ ભર્યો રખાય. તો પુરુષાર્થને સ્થાન રહે. તો હું આપઘાતનો વિચાર શા સારું કરું ? મૃત્યુથી તો આશાના બધા જ દોર તૂટી જાય છે. માટે મારે મરવું નથી. જીવતો હોઈશ તો કોઈ ઉપાય થઈ શકશે. સારું થયે સત્પુરુષાર્થને અવકાશ રહેશે.'

**બદ્ધ વિચારની જાળમાં ફસામણવાળા ઉપદેશને નિરર્થક કરે છે :-**

સામાની આપેલી હિંમત પણ કેટલી કામ લાગે છે, ને પુરુષાર્થને પ્રેરે છે ! તો અમે અહીં તમને ઓછી હિંમત આપીએ છીએ ! પણ કેમ પુરુષાર્થ જાગતો નથી ! કહો બદ્ધ વિચારની જાળમાં ફસાયા છો માટે મનમાં વિચાર બાંધી રાખ્યો છે કે 'અનાદિકાળના પેંધેલા દોષ એમ કાંઈ છૂટે ?' 'આપણું ગજું શું ?' 'એ મહાપુરુષો જુદા, ને આપણે જુદા.' 'આવા કાળમાં નીતિ કેમ ચાલે ?' ખમી કેમ ખવાય ? ભોળા કેમ રહેવાય ?... વગેરે વગેરે કોઈ ને કોઈ પ્રકારના વિચાર મનમાં બાંધી રાખ્યા હોય તો મહાજ્ઞાનીઓએ આપેલી હિંમત-પ્રોત્સાહન કે ઉપદેશ ક્યાંથી ઝીલાય ? ક્યાંથી જીવનમાં ઉતારાય ?

ધનકુમારે આત્મહત્યાનો વિચાર તરત ફેરવી નાખ્યો. **મહાન આત્માના હૃદય અને વિચારસરણી મહાન હોય છે.** કદાચ ક્યાંક તુચ્છ વિચાર આવી ગયો તો ય તરત તેનું પરિમાર્જન કરી ઉદાર વિચારધારામાં ચઢી જતાં એમને વાર નથી લાગતી. સાંકડા, મલિન અને રીસ-રોફથી ભારેખમ હૈયાં ધરવાનું એમને આવડતું નથી. એ તો બીજાનાં કષ્ટ-દુઃખના વિચાર અર્થાત્ બીજાને કષ્ટ દુઃખ ન પડે, 'હું કષ્ટ ન આપું, કેમ એને શાંત કરું,...' વગેરે ખ્યાલોને સમજી શકે એવા વિશાલ હૃદયને ધારણ કરે છે. સત્ય, નીતિ, સદાચારાદિનાં વલણવૃત્તિથી પવિત્ર અને ક્ષમા-નમ્રતા વગેરે ગુણોથી હલકું ફૂલ જેવું એમનું હૈયું હોય છે. ધનકુમાર એ સમરાદિત્ય કેવળી મહર્ષિનો જીવ છે, મહાન છે, એટલે એનામાં આ વિશાલ, પવિત્ર અને ફોરું ફૂલ હૃદય જોવા મળે છે.





**ભારેખમ દિલની દુર્દશા :-**

ત્યારે જુઓ કે ધનશ્રી એ અગ્નિશર્માનો જીવ છે, વૈરનું નિયાણું કરી અધમ આત્મા બનેલ છે, તેથી એનામાં દિલ સાંકડું, મલિન અને ભારેખમ જોવા મળે છે. સાંકડા હૃદયમાં બીજાનાં પર દયાર્દ્ર વિચાર સમાઈ શકતો નથી; ઊલટું, છીછરામણના યોગે સ્વાર્થ અને સ્વમતિ મુજબ કરવા બીજાને કષ્ટ આપવાની ધારણાનો કચરો ધરાવે છે. ત્યારે એ મલિન હૃદયના યોગે માયા-પ્રપંચ, જૂઠ-ડફાણ, અનીતિ-દુરાચાર વગેરેનાં અપવિત્ર વલણ અને વૃત્તિ ધરાવે છે. તેમ રીસ, રોફ, અને આગળ વધીને પરઘાતના નિર્ધાર વગેરેથી ભારેખમ હૈયું રાખે છે.

**આથી આપણી જાતનું માપ કાઢી શકાય એવું** છે, અને તે માપ કાઢવું જરૂરી છે. એ માટે વિચારો કે શું આપણાં હૃદયમાં સંકડામણ છે કે વિશાલતા ?

કેવળ સ્વાર્થભરી વૃત્તિ છે કે બીજાના હિતાહિતનો વિચાર કરી રહ્યા છીએ ?

તેમજ દિલમાં શું મલિનતા છે કે પવિત્રતા, એટલે કે જૂઠ-અનીતિ-માયા-દુરાચાર વગેરે દોષના મેલ ભર્યા છે કે સત્ય-નેકી-સદાચાર વગેરે ગુણોથી ઉજ્જવલતા છે ?

શું વાતવાતમાં ખોટું લાગવાનું, રીસ ચઢવાનું, બીજાને તુચ્છ ગણી જાતને મહાન માનવાનું, અને મદ-અહંકાર વગેરે દાખવવાનું. - આ બધાથી હૈયું ભારેખમ રહે છે, કે ક્ષમા, સહિષ્ણુતા, નમ્રતા, મૃદુતા, વગેરેથી દિલ ફોરું રહે છે ?

આ નિરખો ! એ નિરખવા ઉપર આપણને ખ્યાલ આવશે કે આપણી પાસે મહાન હૃદયની સંપત્તિ છે, કે અધમ હૃદયની રાંકડી દરિદ્રતા છે ?

**ઉત્તમ હૃદય એક મહાન સંપત્તિ : અધમ હૃદય એ દરિદ્રતા :-**

ધ્યાન રાખજો ઉત્તમ હૃદય એ એક મહાન સંપત્તિ છે, શ્રેષ્ઠ સંપત્તિ છે, અને અધમ હૃદય એ રાંકડી દરિદ્રતા છે. કદાચ તમારી પાસે મોટી કરોડોની સંપત્તિ હશે, સામ્રાજ્યોની સંપત્તિ હશે, મહા-આરોગ્ય, મોટા પરિવાર-પરિચારક આદિની સંપત્તિ હશે, પરંતુ જો ઉત્તમ હૃદયની સંપત્તિ નહિ હોય તો તમે એ બધું છતાં સ્વાર્થાંધતાભર્યા, છીછરા, અસત્યાદિથી મલિન અને તામસી વિચારોથી ભારેખમ રહેવાના. પછી એમાં પેલી સંપત્તિ દિલને જંપ, સ્વસ્થતા, ઉત્સાહ-ઉલ્લાસ, નિર્ભયતા વગેરે સુખશાન્તિ નહિ આપી શકે. તો પછી એ સંપત્તિ સંપત્તિ કહેવાય ? માટે કહો ઉત્તમ હૃદય એ ઉત્તમ સંપત્તિ છે, પાસે શ્રીમંતાઈ ન હોય, આરોગ્ય ન હોય, પરિવારાદિ ન હોય, છતાં ઉત્તમ હૃદયની સંપત્તિ હશે તો એ માણસને ખુશમિશાલ,

નિર્ભય, સ્વસ્થ અને શાંત રાખે છે, પરગજુ, નીતિમાન, સદાચારી અને મુલાયમ રાખે છે.

અનુભવ છે ને ? ન હોય તો કરી જુઓ અનુભવ. ધીરતાથી કરજો હોં. પ્રારંભમાં કષ્ટમય લાગે, અરુચતું લાગે, પરંતુ મન કઠણ રાખીને ઉત્તમ હૃદયની સંપત્તિ ધરી રાખવાની ધીરજ જરાય ગુમાવતા નહિ. વખત જતાં, પછી જો જો કે એ ખરેખર સંપત્તિ તરીકે કેવા તમને માતબર બનાવે છે; ને કેવી અનુપમ અતૂટ સુખશાન્તિ અર્પે છે. આનું જ નામ હૃદયથી શ્રીમંતાઈ છે, આત્મિક આરોગ્ય છે, હાર્દિક પરિવાર છે. બાકી તો એ સંપત્તિના અભાવે અધમ હૃદયની રાંકડી દરિદ્રતાથી જીવન રાંકડું, દરિદ્ર અને દુર્દશાભર્યું બને છે. મનને મળેલું ઓછું જ લાગ્યા કરે, બીજાને મળેલું ખમાય નહિ, અધિકાધિક મેળવવા કે મળેલું બરાબર સાચવવા કેઈ કૂડકપટ અને ક્લેશ-કલહ કરાય, ઈત્યાદિમાં તો રાંકડાપણું નથી તો બીજું શું છે ? અહીં જ રજેરજ મૂકીને જવાના ધનમાલ-માનસન્માન વગેરેની ખાતર કેટલાય ભવો સુધી સાથે આવી ભયંકર ત્રાસ-રિબામણ અને દુર્દશા દેનારા કૂડ-કપટ, ક્લેશ-કલહ, હિંસા-દુરાચારાદિ પાપોને પરવશ બન્યા રહેવું, એ દરિદ્રતા અને રાંકડાગીરી નહિ તો બીજું શું કહેવાય ?

ધનકુમાર પવિત્ર હૃદય, અક્ષુદ્ર હૃદય, અને સાત્ત્વિક હૃદયરૂપી સંપત્તિને ધરનારો છે. રોગ તો ભયંકર વિસ્તર્યો હતો, લેશ પણ ખાવાની રુચિ જ નથી, અને પાણીનો ઘુંટ પણ લે તો ઊલટી થઈ જાય છે, તરસનો પાર નથી, છતાં આપઘાત કરવાનો વિચાર દાબીને એ ત્રાસનો અંત લાવવાને બદલે પુરુષાર્થનો વિચાર કરે છે. 'માતાએ કહ્યું છે સદા અનુદ્વિગ્ન રહેજે, ખેદ ક્યાંય ન કરીશ.'- એવી માતાની કિંમતી શિખામણને યાદ કરે છે; અને વિચારે છે,

**ધનની યોજના :-**

'તો હવે આ અવસર પ્રાપ્ત છે કે આ નંદને બધા માલના સ્વામીપદે સ્થાપિત કરું, મારી આ વ્યાધિએ મારાથી શું સંભાળી શકાવાનું હતું ? વિધિના ખેલ વિચિત્ર હોય છે. કોને ખબર છે કે હવે શું થશે ? નથી ને એને અધિકારી બનાવ્યા વિના જ મારો જીવનદીપ બુઝાઈ ગયો તો પછી સંભાળનાર વિના બધું ખેરવિખેર ! વળી એ નોકર છે તેથી શું ? સુયોગ્ય છે, કેમકે પિતાજીના ઉપકારને અને મારા ભાઈ જેવા સ્નેહને બહુ માને છે. તો આ બધું એને સોંપી દઉં; ને એ ધનશ્રીને પણ કુટુંબીઓને પહોંચાડશે.

**નંદ-ધનશ્રીને કથન : જીવતર અનર્થોભર્યું :-**

વિચાર કરીને ધનકુમાર નંદ અને ધનશ્રીને કહે છે, 'વત્સ નંદ ! જો, એવા



કોઈ મારા કર્મના વિપાકના કારણે મારી આ દશા થઈ છે. આપણો ઈચ્છિત સામો કિનારો હવે નિકટમાં છે; અને જુઓ, કે આ મારી સ્થિતિમાં જીવનનો શો ભરોસો ? જીવોનું જીવતર તો આમે ય અનેક અનર્થો, વિઘ્નો અને આપત્તિના ભયોથી ભરેલું છે, એમાં વળી વિશેષે કરીને અમારા જેવા વ્યાધિથી પીડાતાઓનું ! તો રોગનો જીવ પર ક્યારે શો પ્રત્યાઘાત લાગે અને એકાએક અંત થઈ જાય એનું શું કહેવાય ?'

**કાળ વિષમ શાથી બને છે :-** ધનકુમારમાં આટલો ભયંકર વ્યાધિ અને વેદના છતાં દીનતા નથી હોં; આ દીનતાના શબ્દ નથી, પરંતુ વસ્તુ સ્થિતિનું યથાર્થ દર્શન અને વિજ્ઞાપન છે. સમયની અકાટ્ય ભીષણતા ઊભી થવા છતાં એની જો ઓળખાણ ન પડે, તો એ કેવી મૂઢતા ગણાય ? માણસે સમજી લેવું જોઈએ કે આપણી ધારણા ગમે તે છતાં અને લાખ સીધા પુરુષાર્થ હોય છતાં કાળની મહાવિષમતા ઊભી થાય ત્યાં સમજી રાખવું જોઈએ કે એમાં ખરેખર જવાબદાર આપણાં કર્મ છે. એની અબાધિત શાસકતા ઓળખી લેવી જોઈએ, જીવનની અનર્થ-બહુલતા અને અકલ્પ્ય વિનાશશીલતા પિછાની લેવી જોઈએ. ઠીક છે, પ્રતિકારના ઉપાય કરવા ગયા, પરંતુ દીનતા, ગભરામણ અને રોદણાં શા માટે ? એથી વળે પણ શું ? ધનકુમાર પરિસ્થિતિ માપી લઈને અવસરોચિત બજાવવા તરફ લક્ષ લઈ જાય છે.

**કમમાં કમ શાંતિમય જીવાય તેવું ધોરણ :-**

બીજું એ જુઓ કે ધનકુમારે આ કહી દીધું 'પોતાની બિમારી માત્ર કર્મના દોષે બિમારી છે.' બીજા કોઈએ બગાડ્યું નથી. સ્વકર્મ પર દૃષ્ટિ જોઈએ. બીજી મહત્વની વાત એ કરી કે જગતની અંદર સર્વ જીવોનું જીવિત અનેક આપત્તિથી પીડાતું છે ! આ સંસારની તારવણી કાઢે છે ! શા માટે કાઢે છે ? હમણાં જ ચારિત્ર લઈ લેવું છે એવું નથી, પણ કમમાં કમ આપણે જે જીવન જીવીએ તે શાંતિમય જીવાય તેવું ધોરણ બનાવવું જ જોઈએ. એના બદલે મનમાં ધોરણ એવાં ઊભાં કરે કે જે અશાંતિ જ આપ્યા કરે, તો ? કહેવાય કે જીવન જીવતાં જ આવડતું નથી ! પાંચ હજાર ઘરમાં લાવવા માટે શાંતિને દેશવટો દેવાની જરૂર નથી. નજીવી વસ્તુની આવ-જાવમાં અશાંતિ થઈ જાય છે, તે મોટી નુકસાની છે. નોકરને તે તત્ત્વ સમજાવે છે. 'જીવોને આ જગતનું જીવન અનેક આફતોથી ઘેરાએલું છે. તો પછી વિશેષે કરીને મારું જીવન આફતવાળું હોય એમાં નવાઈ જ નથી ! કેમકે હું રોગી છું ! આફતનાં દર્શન થાય ત્યાં આપણને લાગે કે મને ખબર જ હતી કે સંસારી જીવન એટલે આફત હોય જ ! મીઠું નાખે એટલે ખારું જ

થાય ! છોકરાએ ભૂસકો માર્યો, તો પડે અને વાગે જ ! એમાં પૂછવાનું શું ? કોટના બટન ખુલ્લાં મુકીને ચાલ્યા ને સાંજ પડે રોતો આવે તો કહેવાય કે એ ખબર જ હતી કે ખુલ્લાં ખીસે ફરો તો કપાશે ! આફત હોય જ ! તેમાં રોવું શા માટે ? આફત બદલ રોવાની જરૂર નથી ! સંસાર-સુલભ આફત પર મગજનો જે ભાર છે તે હળવો થઈ જાય ત્યારે શાન્તિ આવે, માટે નોકરને સમજાવી દીધું કે આમ જીવોય આફતગ્રસ્ત, તો હું ય હોઉં એ સ્વાભાવિક છે.

**પાપ ન કરવામાં બે કક્ષા :-**

આ વિચારવામાં એને કોઈ કાંઈ **અસ્વાભાવિકતા** દેખાતી નથી. પાપ કેમ નથી કરવું ? તેની બે કક્ષા છે, ઊંચી કક્ષામાં પાપ અસ્વાભાવિક લાગે છે ! જૂઠનું પાપ અસ્વાભાવિક; અનીતિ અન્યાયનું પાપ અસ્વાભાવિક. કોઈની સાથે લડવું-ઝગડવું અસ્વાભાવિક, 'ઉચ્ચ કુળમાં જન્મેલા આપણે વાતવાતમાં ઉકળાટ કરીએ ? છટ !' આ પહેલી કક્ષા છે. બીજી કક્ષા **ભયની** છે. પરલોકના ભયને લીધે પાપ ન કરે. પણ એમાંથી પેલી કક્ષામાં જવાનું છે. પાપ કે દોષ મૂળમાં જ અસ્વાભાવિક લાગે પણ આત્માના સ્વરૂપનો વિચાર નથી, ને એ ભાવનાનો અભ્યાસ નથી કરાતો, માટે જે બની શકે એવી વાત છે તે નથી બની શકતી. આત્માના દોષોની જે વસ્તુ છે, ઉચ્ચ માનવભવને જે ન છાજે તેવી વસ્તુ છે, તે આત્માનું શુદ્ધ સ્વરૂપ, નિર્વિકાર સ્વરૂપ વારંવાર વિચારાય અને એની ભાવના કેળવતા જવાય, એટલે સહેજે છૂટી જાય ! એકને એમ થાય છે કે આ પરસ્ત્રીનું રૂપ મારાથી જોવાય જ નહિ ! અને બીજાને એ નરકની ધીખતી પૂતળી દેખાય છે ! ધર્મ-સાધનામાં આ જ વસ્તુ છે. એક તો સ્વાભાવિક રીતે થાય. બીજી સાધના સારા ફળની આકાંક્ષાથી થાય. ઉપવાસ કેમ કરો છો ? એ સ્વાભાવિક લાગે છે. ખાવાનું અસ્વાભાવિક લાગે છે. કેમકે એમાં પુદ્‌ગલની ગુલામી અને પુદ્‌ગલનું ભલું થાય છે. આત્માનું તો જાય છે ! અથવા ઉપવાસ લાભના એ લોભથી થાય કે એથી આહારની સંજ્ઞા તૂટે ! નરકના દશ હજાર ક્રોડ વર્ષના પાપ તૂટે છે માટે ઉપવાસ કરીએ. ઉપવાસથી પરલોકમાં રક્ષણ મળશે.' વગેરે સમજથી પણ ધર્મ થાય. જેટલું ને જેવું કરો, તેટલું ને તેવું ભોગવો. ધર્મ કરો તો સુખ મળે, પાપ કરો તો દુઃખ મળે. સહેજે ધર્મ કરો તો ઊંચી ઉન્નતિ થાય, લાભની આકાંક્ષાથી કરો તો એથી નીચેના લાભ મળે.

**નંદને ભલામણ :-** નંદને કહે છે. 'તો નંદ ! તું હવે આ બધી મિલકત સંભાળી લે અને વહીવટ તું જ કરજે. હવેથી તુંજ નાયક. જ્યારે આપણે આ સમુદ્રદેવને ઓળંઘી કિનારે ઊતરીએ ત્યારે મને ગુપ્ત રાખીને જ તું આ મારા



રોગના નિવારણ અર્થે ઉપચાર કરજે. એમાં જો મને રોગ મટીને સારું થઈ જશે, તો તો મઝેનું છે જ. પણ કર્મના વિપાકનું શું કહી શકાય એટલે નથી ને જો સારું ન થયું તો મારી તને ખાસ ભલામણ છે કે તું મારી ચિંતા ન કરજે, પણ તું પિતાજીના સુકૃત અને ઉપકાર પર તથા મારા ભ્રાતૃસ્નેહ પર બહુમાન ધરનારો હોઈ એની રૂએ આ પતિવત્સલ ધનશ્રીને તારે કુટુંબીઓ પાસે પહોંચાડવી.'

**કદર કરતાં ન આવડે તો નુકસાન :-**

જુઓ, ધનશ્રીને પહોંચાડવાની વાત કરે છે, પણ મિલકત પહોંચાડવાની નહિ. જે નોકરે પોતાની સાથે આટલું સાહસ ખેડ્યું; અને હવે પોતાની બિનસલામતીમાં એ ધનશ્રીને ક્યાંય દૂર દેશથી ક્ષેમકુશળ ઘરે પહોંચતી કરે, એની કદર ન હોય તો એવાં ક્ષુદ્ર વચન નીકળે કે 'જો જે બધી મિલકત પાઈ-એ-પાઈ ઘેર પહોંચતી કરજે. શું સમજ્યો ? કરીશ ને ? એમાં જરાય ઘાલમેલ ન થાય,' આવું કહેવું બેકદરનું તો શું, પણ અવ્યવહારુ છે. પોતાની મરણતોલ સ્થિતિમાં કે મૃત્યુ પછી પોતાનું શું ઊપજે એવું છે ? ઊલટું પેલાને કદર નહિ થયેલી દેખાતાં મન વિફરવા અને કઠોર થવાનો સંભવ છે. પછી તો હાથમાં એ બાથમાં નહિ કરે એની શી ખાત્રી ? અને ત્યાં રોકવા ઉપાય પણ શો ? અહીં એવું થાય તો પછી ધનશ્રીને ય જાતે પહોંચાડવા શું કામ જાય ?-ધનકુમાર આ બધું સમજનારો છે, કૃતજ્ઞ છે, કદરદાન છે, તેમ એ કાંઈ માલમિલકતનાં બહુ મૂલ્ય આંકનારો નથી કે 'મિલકત' 'મિલકત' જપ્યા કરે. એ તો પરિસ્થિતિ ઓળખી લઈને નંદને હાલ રસાલાનો નેતા બનાવે છે. આ સમજી રાખવાનું છે કે અવસરે કદર કરતાં નથી આવડતી તેથી કેટલુંય બગડે છે.

ધનશ્રીને ઉદ્દેશીને ધનકુમાર કહે છે, 'જો સુંદરી ! તારે પણ હવે શોક ન કરવો, અને આ નંદને કોઈપણ ભેદ રાખ્યા વિના મારી જેમ જ માનવો. આનું વચન તારે ઉલ્લંઘવું નહિ.'

**મતિ કઈ દિશામાં ચાલે છે ? :-**

ધનશ્રીની દુષ્ટતાનો પાર નથી, ને ધન એને પતિવત્સલ તરીકે ઓળખે છે ! પોતાને ભૂલી જવા કહે છે ! કેવા દક્ષિણ-ઉત્તર ધ્રૂવના તારાના અંતર ! એ જ ધરતી ઉપર એ જ માનવના અવતારે અને એક જ ઘરમાં હોવા છતાં બંનેના સ્વભાવ-પરિણતિ વચ્ચે કેટલું આકાશ પાતાળનું છેટું ! મતિ ઉપર અજ્ઞાનતાનું ભારે આવરણ હોય ત્યાં સુધી સારું કંઈ જ ન સૂઝે. પછી પ્રવૃત્તિ તદ્દન દુષ્ટતાભરી થાય એમાં બાકી રહેતું નથી. આટલે માનવ ભવના થાળે ઊંચા આવ્યા પછી આ ન થવા દેવું હોય તો અજ્ઞાનતા, મૂઢતા, આપમતિ વગેરેનાં આવરણ દૂર કરો.

તપાસો મતિ કઈ દિશામાં ચાલી રહી છે, કેવા હિસાબ માંડે છે, કેવી લેશ્યાને અપનાવે છે; ને કેવા દૃષ્ટિબિન્દુથી વિચાર કરે છે...ઈત્યાદિ.

**દૃષ્ટિબિન્દુ સમજાય છે ?**

દા.ત. કંઈક અનિષ્ટ પ્રસંગ બન્યો; હવે એમાં જો સામાના દૃષ્ટિબિન્દુથી એટલે કે સામાના સ્થાને હું જ હોઉં અને આવા સંયોગ વચ્ચે ઘેરાયેલો હોઉં તો હું જ શું કરું ?' એ રીતે જો વિચાર કરવામાં આવે તો પોતાની મતિ ઉપર દબાણ ઉશ્કેરાટ વગેરે નહિ આવે.

**પ્રશાંત મનની આ ચાવી કે**

**૧. સામાના સંયોગ, ૨. એનાં કર્મનાં ઉદય, ૩. એની કક્ષા,**

**૪. એની શક્તિ-પહોંચ-યોગ્યતા, ૫. એની અને આપણી ભવિતવ્યતા,**

**૬. આપણી લેણાદેણીના કર્મ,**

વગેરે લક્ષમાં લેવાનું. એ લક્ષમાં લીધું પછી તો ત્યાં મનને થશે કે 'સામાની આવી ભૂલ થઈ યા દુષ્ટતા થઈ એમાં એ બિચારો શું કરે ? એ તો એનો ક્ષયોપશમ જ એટલો છે; એના જીવની કક્ષા હજી નીચી અવસ્થામાં છે, ઊંચે ચઢી નથી. ત્યાં આપણે શો દ્વેષ કરવો ?' **આ ચરિત્ર સાંભળતાં પણ આ ખૂબ લક્ષમાં રાખવાનું છે.** નહિતર શું થશે કે ધન તો ધનશ્રી પર દ્વેષભાવ નહિ રાખતાં, પોતાના આત્માનું ઊર્ધ્વીકરણ કરતો જશે, પણ ચરિત્રશ્રોતા ધનશ્રીના કર્મ વગેરેની પ્રબળતા ન વિચારતાં, 'અરે ભારે દુષ્ટ ! લુચ્ચી આ ધંધા કરે છે ?,' એમ દ્વેષ કરશે. જો આવું થાય તો ચરિત્ર સાંભળીને શું કમાયા ?

**માણસ તામસી કેમ બને છે :-**

માટે આ વાતમાં ચોક્કસ રહો કે સામા માટે કાંઈ અરુચિ વગેરે ન ધરતાં એની કક્ષા, યોગ્યતા, ક્ષયોપશમ, કર્મભાર અને સંયોગપરિસ્થિતિ ખાસ વિચારો, **ખરો વિચાર થયા પછી દ્વેષ નહિ, દયાભાવ જાગશે.** આજના કાળે બહુ સાવધાન રહેવા જેવું છે. કેમકે વાતોચીતો બહુ વધી ગઈ. છાપા-રેડિયો, ક્લબ, ભાષણો વગેરેનું જોર ખૂબ જામી ગયું. આમાં પોતાને અંગત નહિ સ્પર્શતું કે મામુલી સ્પર્શતું આડું-અવળું ઘણું વાંચવા-સાંભળવામાં આવે, તેમ સિનેમા જેવામાં વસ્તુગત્યા કાંઈ નહિ છતાં હુબહુ જેવા દેખાવ જોવા મળે, ત્યાં દ્વેષ ભાવ અને રાગ ભાવ કેટલો બધો થવાનો સંભવ છે ? ઘટના સાથે અંગત કાંઈ જ લેવા દેવા નથી, અથવા ઘટનાની વાત બનાવટી પણ હોઈ શકે, છતાં એમાં રાગદ્વેષ પોષ્યા કરવાના ! ઘણું તો માણસ આમ જ તામસી પ્રકૃતિનો બને છે, તામસી વિચારસરણીમાં રમતો થાય છે. કોરટમાં આજે કોઈક ગુનેગારોના ઈકરારમાં આ રીતનું તામસી ઘડતર પણ



થઈ રહ્યું દેખાય છે. ધનશ્રીની આત્મિક પરિસ્થિત જ એવી છે. મતિ પર ગાઢ અજ્ઞાનતા મૂઢતા વગેરેનું આવરણ છે, તેથી સારું સૂઝતું નથી ત્યારે ધન એને પતિવત્સલા તરીકે માને છે.

**નંદનું રુદન :-** ધનકુમાર ધનશ્રીને ભલામણ કરે છે, 'જો તારે આના પર મારી જેમ જ વિશ્વાસ ધરવો; એનું વચન ઉલ્લંઘવું નહિ.' સંયોગ અનુસાર કેમ વર્તી લેવું એ એ સમજનારો છે, અને ધનશ્રીને એની સમજ પાડે છે. તેમ નોકર નંદને તો ધને પોતાની દુઃખદ સ્થિતિના હિસાબે બધું સુપરત કર્યું જ છે. પણ નંદનું હૈયું આ સાંભળીને વલોવાઈ જાય છે. આવડી મોટી સંપત્તિના નેતા બનવાનું મળ્યું એનો હર્ષ નહિ, પરંતુ ધનકુમારને માથે આ આપત્તિ, મનોવ્યથા વગેરે છે, એના પર ભારે ખેદ થાય છે; હૃદય પાણી પાણી થઈ જાય છે, અને ચોધાર આંસુ સારતો રડી પડે છે ! એમ તો ધનશ્રી પણ રડે છે, પરંતુ તે તો કપટથી.

**ધનનું આશ્વાસન :-**

ધન કહે છે, 'મિત્ર નંદ ! જો આ શોક-ઉદ્વેગનો અવસર નથી. આપણી અત્યારની પરિસ્થિતિ ઓળખ. મારી આવી શારીરિક ખલાસ થતી સ્થિતિમાં આ બધાનો બેલી કોણ ? માટે તું ધૈર્ય રાખ, અને પુરુષાર્થનું આલંબન કર, વિલાપનું નહિ. વિલાપને તો કાયર પુરુષો અપનાવે. સારા માણસો નહિ. માટે તારા હૃદયમાં અવસરોચિત કાર્યને ગોઠવી દે.' ધનકુમાર શું આશ્વાસન આપે છે ? 'રુઓ નહિ. રોવું એ તો કાયરનું કામ છે. કાયરને છાજે એ રુદન તમારે કરવાનું હોય ? હિંમત ધારણ કરી કાર્ય કરો.'

**આવી પડેલું કર્તવ્ય સંભાળી લેવામાં વિવેક છે. ઊભી થઈ ગયેલી પરિસ્થિતિ સમાલી લેવી એમાં ડહાપણ છે.** ધન કહે છે, **'કાળને ઓળખો અને કાર્ય કરો.'**

કેવું સરસ સૂત્ર ! એમાં ગંભીર ભાવભર્યો છે, જીવન સાફલ્યની મહાન ચાવી રહેલી છે. કાલજ્ઞતા અને કાલાનુસાર ઉદ્યોગ તો ભલભલી આપદાઓની વચ્ચે પણ નિરાશા, નિસાસા, રોદણાં વગેરે નહિ, કિન્તુ તેજસ્વી સ્ફૂર્તિ, અને અદમ્ય ઉત્સાહ બન્યો રખાવે છે, સ્વસ્થતા અખંડ રખાવે છે. આજે મોંઘવારી વગેરે પાછળ કેમ રુઓ છો ? કાળને ઓળખતા નથી માટે. નહિતર તો એમ થાય કે 'આજે તો આ લોથ આખી દુનિયા પર પથરાયેલી છે; મને એકલાને થોડી જ વળગી છે ? બસ, હવે તો કાળને અનુરૂપ ઉદ્યોગ કરવો. તે એ, કે જીવનની જરૂરિયાતો અને ખર્ચા ઘટાડી નાખવા.' આમ દરેકે દરેક વાતમાં કાળને ઓળખીને યોગ્ય કાર્યમાં તત્પર રહેવાય, તો માણસ સુખી; નહિતર ઘણું છતાં દુઃખિયારો.

**ધર્માત્માની સમય-ઓળખ :- ધર્માત્માપણું તો સિમેન્ટ કોંક્રિટના પાયે સિદ્ધ**

**કરવું જોઈએ.** એમાં નીચેની પણ સારી અમુક કક્ષા તો એવી સ્થિર કરી લીધી હોય કે વિપરીત સંયોગો એને બાધ ન કરે, ભૂલાવી ન દે. એવું મજબૂત પાયાનું ધર્માત્માપણું સમયની ઓળખ કરાવે છે. એ તો સમજે છે કે-

**'કાળને ઓળખી ચાલું. ભલે દુનિયા મોંઘવારી, અછત, મંદ આવક વગેરે કેઈ આજના કાળની પીડાઓ વ્યક્ત કરતી હોય, પણ એમાં શું, એથી ય ભયંકર કાળ મેં કેઈ જોઈ નાખ્યા. હવે તો મારે ધર્મશાસન, પરમાત્મા, મોક્ષમાર્ગ, ધર્મીસંઘ, શાસ્ત્રો વગેરે સંપત્તિ પ્રાપ્ત થવાનો જે આ સુંદર કાળ મળ્યો છે. એ કાળને ઓળખીને એની સંપત્તિઓની ખૂબ ખૂબ ઉપાસનામાં રક્ત બનું.**

આવા જ કાળમાં દોષોનું પરિમાર્જન અને ગુણોની કમાઈ, ગુણોનો અભ્યાસ કરી લેવો એ સમયસરનું છે.

પ્રલોભન સામે આવે છે ત્યારે જ ન્યાય-નીતિ અને નિર્લોભતાને વળગી રહેવાનો સુંદર કાળ મળ્યો ગણાય.

સામેથી કલેશ-કષાય થાય છે તે વખતે જ સહિષ્ણુતા ખામોશ અને ક્ષમાપ્રદાનના ગુણોને ઘડવાનો ખરો સમય લાધ્યો કહેવાય.

માનવતાને વેચી નિષ્ઠાને ગુમાવનારાઓની વચમાં રહીને નિષ્ઠાને બરાબર જાળવી રાખવા માટે આ અવસર એ નિષ્ઠાના મહાન કિંમતી ગુણને મજબુત પાયે કમાવવાનો સોનેરી અવસર ગણાય. સારી સ્વસ્થતા કાળને ઓળખીને ચાલવામાં છે; નહિતર પહેલી તો માનસિક આપત્તિ જ વધી જાય.

**કોણ કોને આશ્વાસન આપે :-** બહુ જ સ્વસ્થતાથી ધન બંનેને ઉત્સાહિત કરે છે. પોતે ભયંકર રોગમાં પીડાય છે; ઘસાઈ-ઘસાઈને અંતે મરણશય્યાએ પોઢી જાય એવી સ્થિતિમાં છે; છતાં સામાને આશ્વાસન આપે છે ! કોણ કોને આશ્વાસન આપે ? પીડાતો ન-પીડાતાને ? કે નહિ પીડાતો પીડાતાને ? સુખી દુઃખીને કે દુઃખી સુખીને ? અહીં ઊલટું દેખાય છે,- જીવલેણ રોગની વિટંબણા ભોગવનારો સાજાસારાને આશ્વાસન આપી રહ્યો છે એમ કેમ ? કહે એટલા જ માટે કે,

**ધૈર્ય-ઉદારતા-વિવેકવાળો જ આશ્વાસન ભૂત :-**

જે આત્મા ધૈર્ય, ઉદારતા, અને વિવેક ગુણમાં આગળ વધેલો છે, એ એમાં પાછળ રહેલાને આશ્વાસન આપે. હવે ગમે તેવી આપત્તિમાં પણ આપણે બીજાને આશ્વાસન આપીએ છીએ, કે આપણે ઊલટું લેવું પડે છે, એના પરથી આત્મપ્રગતિ-અપ્રગતિનો ખ્યાલ આવશે.

**મગજ પર દુઃખનો ભાર ન લેનારો એ આશ્વાસનભૂત :-**

અથવા કહો, બહાર દેખીતું દુઃખ ગમે તેટલું મોટું હોય, પરંતુ મગજ પર



એનો ભાર ન રાખે, ન આવવા દે, એ આશ્વાસન આપવાની સ્થિતિમાં રહી શકશે; અને મન પર બહુ ભાર લે, તે આશ્વાસન લેવાની સ્થિતિમાં મૂકાશે. જાણો છો ને ભોંયરામાં પૂરાયેલી, ત્રણ ત્રણ દિવસની ભૂખી, તરસી, અને માથું મુંડાયેલી તેમજ બેડીમાં જકડાયેલી ચંદનબાળાને ધનાવહ શેઠ શું આશ્વાસન આપતા હતા, એણે શેઠને આશ્વાસન આપવા માંડ્યું 'રડો છો શા સારું ? મને કંઈ દુઃખ પડ્યું નથી. ધીરજ રાખો, હિંમત રાખો.' કેમ આમ ? એટલા જ માટે કે દુઃખનો ભાર એણે મન પર લીધો જ નહોતો. એણે તો પ્રસંગને સારા રૂપમાં લીધો. એક સરખી રીતે ત્રણ ત્રણ દિવસ સુધી પરમાત્મા શ્રી મહાવીરદેવની નિરાંતે જપમાળા અને ધ્યાન કરવાની તક મળી, એમ માન્યું ! એને જ બહુ સોનેરી અવસર માન્યો ? ધર્મ કરવાનો મોકો મળ્યો એને ધન્ય ઘડી માની ! પછી મન પર દુઃખનો ભાર આવે જ ક્યાંથી ? આનું નામ વિવેક, એથી ધૈર્યત્વ જાગ્રત રહ્યું અને ભોંયરામાં પૂરનારી મૂળ શેઠાણી પર દિલની ઉદારતા-પ્રેમ ભાવના વરસી રહી. કેવી સુંદર સમાધિ ! કેવો અદ્ભુત પુરુષાર્થ ! અહીં પછી દીનતા, રાંકડાગીરી, કે ખેદ-વિલાપ ક્યાંથી જન્મી શકે ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૧૮,તા.૨૩-૧-૧૯૬૦

ધનકુમાર ખેદ-વિલાપ ન કરતાં, પરિસ્થિતિ માપી લઈને નંદને આશ્વાસન આપે છે, પછી ધનશ્રીને પણ રોતી દેખી શાંત કરવા કહે છે.

**શોકની નિષ્ફળતા :-**

'સુંદરી ! તું પણ શોકનો ત્યાગ કર. શોક તો એવો ધૃષ્ટ છે કે પોતે કાયમી વસવાટ માટે સ્ત્રી જનોના હૃદયને રાજધાની રૂપ કરે છે. ઝટ એના હૃદયમાં હાલતાં ને ચાલતાં શોકનાં દર્શન થાય છે. પરંતુ તું કોની પત્ની છે એનો ખ્યાલ કર; અને શોકને તિલાંજલિ આપી દે. બાકી હું જાણું છું કે મારા ઉપરના સ્નેહની પાછળ તું શોકમાં પડે છે. પરંતુ હવે એ સ્નેહ ભૂલી જા, મારા શરીરનો ક્યાં ભરોસો છે કે તારો સ્નેહભર્યો શોક સફળ થઈ શકે ? અને જો,

**'સ્નેહ ખરી રીતે તો ચિંતા અને મજૂરીનું જ કારણ છે.** સ્નેહની પાછળ સુખ તો નામનું, પણ કેઈ કેઈ પ્રકારની ચિંતાનું દુઃખ મોટું. તેમ સ્નેહ ન કરે ત્યાં સુધી એ સ્નેહપાત્રની મજૂરી નહિ, પણ સ્નેહ ઊભો કર્યા પછી તો મજૂરી કરવી જ પડે છે ને ? શ્રમ અને મહેનત લેવી રહે છે; સગવડ-આરામી નહિ.'

**મૈત્રીભાવનો સ્નેહ કરો, સ્વાર્થનો નહિ :-**

ધનકુમારની ફિલસૂફી સમજવા જેવી છે. બીજા પર પ્રેમ-મૈત્રીભાવમાં એ માનનારો અને એને આચરનારો છે; પરંતુ સ્નેહને તો કેવળ ચિંતા અને કષ્ટ આપનાર તરીકે જાણે છે. કેમ આવો ભેદ ? એટલા જ માટે, કે મૈત્રીભાવના ઘરનો સ્નેહ વ્યાપક હોય છે, કોઈ પક્ષપાત વિના બધા ઉપર પથરાયેલો હોય છે, ત્યારે આ દુન્યવી સગાઈ કે કોઈ સ્વાર્થના ઘરનો સ્નેહ અમુક ઉપર જ રાખવામાં આવે છે. તેથી એની પાછળ ચિંતા અને શ્રમ ઊભા થાય એમાં નવાઈ નથી. પરંતુ પાછું એ સગાઈ-સંબંધનો એક દિ' અંત આવે છે. એટલે પછી તો સ્નેહના પાયા ખખડ્યા. ત્યાં વર્ષોના વર્ષો ચિંતા અને આયાસ નિષ્ફળ જાય એમાં નવાઈ નથી. ત્યારે વિશ્વમૈત્રી, વિશ્વપ્રેમ એવા તકલાદી, વિનશ્વર પાયા પર નથી ઊભા, એટલે એનો અંત આવવાને કારણ નથી. એમાં નિષ્ફળતાને અવકાશ નથી. એ તો જન્મ-જન્માંતરમાં આત્માની સાથે થઈ જાય છે, અને એને ઉત્તરોત્તર વધુ ને વધુ ઉન્નતિના રાહે દોરી જાય છે. ધનકુમારને આ સમજ છે એટલે પોતાનો ધનશ્રી પર સ્નેહ-સદ્ભાવ ઊભો રાખવા છતાં અજ્ઞાન ધનશ્રીને સ્નેહ મૂકી દેવા કહે છે.

**દ્વીપ પર : રાજાના દર્શને :-**

ધનકુમારે બંનેને સ્વસ્થ કર્યા. એમણે પણ એની શિખામણ માથે ચડાવી. એટલામાં એક **મહાકટાહ** નામનો દ્વીપ નજીકમાં આવ્યો. વહાણ તેના કિનારા પાસે લઈ જઈ થોભાવ્યું. ઊતર્યા દ્વીપ પર ત્યાં મોટી નગરી છે. નંદ શેઠના હોદ્દા પર છે, એટલે ભેટણું લઈને રાજાને મળવા માટે જાય છે.

**કિંમતી દર્શનની કદર :-** લોકમાં કહેવાય છે કે રાજા, દેવ અને ગુરુનાં દર્શન ખાલી હાથે નહિ પણ કંઈ ને કંઈ ઉપચાર-સામગ્રી સાથે કરવા જોઈએ. કેમ એમ ? કહો, એટલા માટે કે આ મોટો માણસ છે, એ આપણને દર્શન આપવાની મહેરબાની કરે છે એની કૃતજ્ઞતા આપણે દાખવવી જોઈએ. એમનાં દર્શન આપણે કિંમતી સમજીએ છીએ એ, કાંઈ કિંમત સામે ધરીએ તો જ ગણાય ને ? મિત્રને કે નાનાને મળવા જઈએ ત્યારે તો આપણે એને દર્શન આપી એના પર અહેસાન ચઢાવીએ છીએ, જ્યારે અહીં તો આપણે ચાલીને દર્શનાર્થે ગયા છતાં આપણને એ દેવ, ગુરુ કે રાજા દર્શન આપે એમાં આપણા પર અહેસાન ચઢે છે, આપણા પર એમણે દર્શન દેવાનો ઉપકાર કર્યો મનાય છે. દેવના દર્શને જઈએ, અને આ ખ્યાલ રહે તો મફતિયું દર્શન કરવાનું મન ન થાય, તેમ દર્શન ઉપર મહાન કૃતજ્ઞતા બુદ્ધિ ઊભી થાય; ને એ આત્મોન્નતિનો પાયો છે.

**દુર્જનના સામ્રાજ્યમાં સજ્જનોને નિષ્ફળતા :-**

નંદે રાજા આગળ ભેટણું ધરી રાજાને પ્રણામ કર્યા. રાજાએ એનું બહુમાન



કર્યું, કુશળ સમાચારની વાતચીત થઈ. રાજાએ એમને રહેવા માટે એક સારું મકાન અપાવ્યું ત્યાં એ બધા ઊતર્યા. માલ પણ ત્યાં ઉતારવામાં આવ્યો. હવે મુખ્ય કામ તો ધનની દવા કરાવવાનું હતું એટલે નંદે ત્યાં સારા વૈદ્યને બોલાવ્યો. વૈદે રોગ તપાસી દવા આપી. ચાલ્યું ઔષધ સેવવાનું, પરંતુ રોગ જતો નથી. શાનો જાય ? કામણ આપેલું તે શરીરમાં એવું ઓતપ્રોત થઈ ગયું છે કે દવાને ગણે એમ નથી. વૈદે ય શું કરે ? દવાઓ કેટલીય અજમાવી. પણ બધી ફોક ! દુર્જનના સામ્રાજ્યમાં સજ્જનો નિષ્ફળ જાય છે, એમ આ ક્રૂર કામણના વર્ચસ્વમાં દવાઓ નિષ્ફળ ગઈ ! ખરચવા પૈસા ગમે તેટલા હોય પણ શું કરે ? પૈસા હોય તો બધું થાય એ સૂત્ર, કહો, સાચું છે ?

**પાછા દેશ ભણી :-**

હવે અહીં નંદ વિચાર કરે છે કે 'અહીં દૂર પરદેશમાં બેઠા રહ્યે ધનને સારું નહિ થાય, એ તો દેશમાં જઈએ તો ત્યાં ઠીક નિદાન અને ચિકિત્સા થઈ શકશે અને રોગ મટશે. માટે અહીં હવે રહેવું નકામું છે.' ધન સાથે પણ વિચારણા કરી લઈ એણે માલ હતો તે ત્યાં વેચી નાખ્યો અને બીજો ત્યાંનો અનુકૂળ માલ ખરીદી લીધો. વહાણ તૈયાર કર્યું. હવે જવું છે એટલે નંદ પાછો રાજાને મળ્યો, ને રજા માગી. રાજાએ પણ સન્માન કર્યું. પછી ત્યાંથી નીકળીને વહાણ પર આવીને વહાણ ઉપાડ્યું સ્વદેશ ભણી. ભરદરિયે વહાણ ચાલી રહ્યું છે; અને ધનકુમાર, નંદ અને ધનશ્રીના મનમાં ત્રણ જાતના ભાવો પ્રવર્તી રહ્યાં છે.

**ધને જોયું છે કે** દવાનો કાંઈ ઉપયોગ થતો નથી, માટે એને કર્મ-પરિણતિ બળવાન છે એ દેખાય છે. તો હવે એની સામે કોઈ મનમાં ઓછું લગાડવાની જરૂર નથી. તેમ જીવવાનો પણ મોહ રાખવો નકામો છે. માટે જોયા કરો જે થતું આવે તે !

**નંદ નોકરને** આતુરતા છે કે ક્યારે વેળાસર દેશમાં પહોંચી જઈએ અને આ વહાલા શેઠની દવા કરીએ. આશા છે કે ત્યાં સારું થઈ જશે. કેમકે હજી શું છે ? ક્યાં એવી ઉંમર પાકી ગઈ છે કે નિરાશ બનવું પડે, એક ઉદાસીન છે, બીજો આશાભેર છે.

**ધનશ્રી**ના મનોભાવ જુદા જ ચાલી રહ્યા છે. એના મનમાં ચિંતા થઈ કે આ ધન કેમ હજી સુધી મર્યો નહિ ? અને હવે તો આ કાફલો દેશ ભણી જઈ રહ્યો છે. જો ત્યાં સુધીમાં એ મરશે નહિ, ને દેશમાં પહોંચી જશે, તો પછી ત્યાં તો કોને ખબર કેવાય ઈલાજ લેવાય, અને આ બચી ય જાય. પછી તો મારે છાતી પર આ રોજનો ખીલો ! મારે હૈયે ભોંકાયા જ કરે ! માટે હવે તો આ કામણથી

નથી મરતો તો હું કોઈ ઉપાય યોજી આનો તત્કાળ ફેંસલો કરી નાખું.'

**વલણનો પડઘો તરંગ અને પ્રવૃત્તિ પર :-**

કેટલી કાળી અધમાધમ વિચારણા ! દયાળુ બીજાના જીવનને ચાહે છે, ત્યારે કરપીણ અન્યના મૃત્યુને ઝંખે છે ! હૈયાનાં વલણનો વિકલ્પ-વૃત્તિ પર પડઘો પડે છે, વલણના હિસાબે તરંગો અને પ્રવૃત્તિ ઘડાય છે. ત્યારે જેને સારા બન્યાં રહેવું હોય, સજ્જન બન્યા રહેવું હોય, એણે પોતાના માનસિક તરંગો પર તપાસ રાખ્યા કરવી પડે. જો એ તામસી અને હલકા ચાલે છે, તો નક્કી થાય થાય છે કે હૈયાનાં ઊંડાણમાં વલણ મેલાં છે, અપવિત્ર છે, પાપી છે. માટે ધરમૂળમાંથી એ વલણ બદલી નાખો.

**મેલાં વલણ બદલવા શું કરવું ?** એ માટે સત્પુરુષોનો ખૂબ સંગ રાખો, અને સારું ધાર્મિક આધ્યાત્મિક શાસ્ત્રોનું વાંચન ખૂબ વધારી દો.

**સત્સંગ પૂર્વે સાવચેતી :-**

સત્સંગ પણ માત્ર બહાર સત્પુરુષ, સાધુ પુરુષ તરીકે ઓળખાતો નહિ, કિન્તુ એ જોવું જોઈએ કે એમની વાતચીતમાં શું નીકળે છે ?, બીજાની નિંદા નીકળતી હોય કે જડ ભૌતિક વસ્તુના ગાણાં નીકળતા હોય, શરીરની આળપંપાળની જ વાતો ઊઠતી હોય, તો ત્યાં સત્સંગ નહિ મળે. એ તો નીતરતી અધ્યાત્મની વાતો નીકળે, બીજાના ગુણોની પ્રશંસા ઝળકતી હોય, વિષમકાળ અને સંયોગોની સાચી ઓળખાણ કરાવવા સાથે સાવચેતીના સૂર બજતા હોય... એવું. એવું જ મુખમાંથી નીકળતું જોવા મળે તો ત્યાં સત્સંગ સધાશે. માટે આ બધું પરખીને જ બીજાની સાથે વાત-વિચારમાં ઊતરવા જેવું છે. બાકી સત્સંગ અને ધાર્મિક વાંચન મનમાં મેલાં વલણ બદલવામાં ભારે ફાળો આપે છે.

**અરુચિનું લાંબું પૂછડું :-**

ધનશ્રીને પતિને હવે વહેલી તકે મારી નાખવાની કળા વલણમાં રોજ રમી રહી છે, 'ક્યારે મોકો મળે અને એને છેલ્લા શ્વાસ ઘુંટાવી દઉં !' પણ એનો ઘાત તો કરશે ત્યારે કરશે, કદાચ નહિ પણ કરવા પામે, પરંતુ પોતાની જાતનો તો ઘોર ઘાત કરી જ રહી છે. આ ક્રૂર લેશ્યા એ ભયંકર આંતર શસ્ત્ર છે, સ્વાત્મઘાતક અનેરું કાતિલ ખંજર છે. દુર્બુદ્ધિ કેળવતાં અને એને પાળતાં-પોષતાં એ ખબર નથી કે એનું ખતરનાક પરિણામ ક્યાં સુધી જઈને ઊભું રહેશે ! સામા પર અરુચિ-દ્વેષ જન્મવામાંથી સંતાપ ને દુર્બુદ્ધિ પેદા થાય છે. પણ એ જુઓ કે એકવાર કોટે વળગાડેલી આ અરુચિનું પૂંછડું કાળના કાળ વીત્યે પણ પહોંચવામાં અટકતું નથી.

**પ્રભુ પર ખેડુત કેમ અભાવવાળો ? :-**



પ્રભુ શ્રી મહાવીરદેવના જીવ ત્રિપૃષ્ઠ ઉપર સિંહે અરુચિ ઊભી રાખી, શ્રી ગૌતમસ્વામીના જીવ સારથિએ તે વખતે એને આશ્વાસન પણ આપ્યું કે 'આ તો તું નરસિંહના એટલે કે તારાથી સબળાના હાથે પરાજય પામ્યો છે એમાં તારે દુભાવા જેવું નથી,' છતાં એણે અરુચિ છોડી નહિ, તો જુઓ એ પછી તો કેઈ કાળ વીતી ગયા, પણ પ્રભુના છેલ્લા ભવમાં દેવપણે આવીને પ્રભુને નાવ ઊંધી વાળી ડૂબાડી દેવા મથ્યો. ઊપજ્યું કાંઈ નહિ; એ તો શંબલ-કંબલ દેવોએ આવી એને પરાસ્ત કર્યો, છતાં એ હજી અરુચિ મૂકતો નથી. તો પછી ખેડૂત થઈને શ્રી ગૌતમસ્વામીથી બૂઝી સંસારવિરક્ત બનીને સાધુ થયો છતાં સુરાસુરેન્દ્રોથી સેવાતા, અને સમવસરણાદિ-મહાપૂજા પામતા જગતદયાળુ પ્રભુ મહાવીરદેવને જોતાંવેંત એમના પ્રત્યે અંતરની અરુચિથી ભભૂકી ઊઠ્યો ! સાધુપણું છોડી ચાલતો થઈ ગયો. એક ભવની અરુચિએ, કહો, કેટલો કેડો પકડ્યો ? એ અરુચિ કેવી પરમપુરુષ પ્રત્યે પણ ઊછળતી રહી !

કોઈના પ્રત્યે પણ અરુચિ, સૂગ, દ્વેષ પોષી રાખતાં પહેલાં આ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે કદાચ ભવિષ્યમાં એ કોઈ મહાપુરુષ થઈ, કેઈ જીવો એમની પાસેથી તરવાનો મહાલાભ પ્રાપ્ત કરતાં હોય છે ત્યારે આપણે પૂર્વની અરુચિના પાપે એમના પ્રત્યે સૂગ, અરુચિ કરનારા અને મહાપાપ બાંધનારા ન બનીએ એ માટે પણ અત્યારે એ અરુચિ છોડી દેવી ઘટે. જીવમાત્ર પ્રત્યે વાત્સલ્ય કેળવવાથી અરુચિ આઘી રહેશે.

ધનકુમાર પ્રત્યે ધનશ્રીને ઠેઠ અગ્નિશર્માના ભવથી અરુચિ છે, તે અહીં પણ, એ ધનકુમાર ગમે તેવો ગુણિયલ છતાં, એના પ્રત્યે ભભૂકી રહે છે.

ધનકુમાર ગમે તેવો ગુણિયલ હોય પણ સામો આત્મા જો અધમ છે, તો એના ગુણોની અનુમોદના ક્યાંથી કરી શકે ? વિચરતા ભગવાન અહીં હોત તો પણ જીવ પોતાની યોગ્યતા મુજબ જ લાભ ઉઠાવત. ત્યારે ભલે તે મંદિરમાં મૂર્તિરૂપે છે, પણ જો અનાદિની અયોગ્યતા મૂકવા આપણે તૈયાર હોઈએ તો સારામાં સારો લાભ એમાંથી ઉઠાવી શકીએ છીએ.

**યોગ્યતા પ્રગટાવીએ તો સામે નિધિ પડ્યા છે :-**

ઈતરો કહે છે, એકલવ્ય ભીલ ગુરુ દ્રોણાચાર્યની ગેરહાજરીમાં પણ કળા શિખ્યો ! અર્જુન ને બીજા કેટલાય ગુરુની પાસે કળામાં તૈયાર થયા હતા, પરંતુ બીજાઓ પાછા પડી ગયા, ને અર્જુનની હરિફાઈમાં એકલવ્ય આવી ઊભો. કેમ ? યોગ્યતા ખીલવી; ગુરુની મૂર્તિનો વિનય કરીને અભ્યાસ કર્યો હતો. આપણે આપણી યોગ્યતા પ્રગટાવવા તૈયાર નથી, તો લાભ નહિ જ મલે. જગતના પદાર્થો એક જ

સરખા હોય છે, તેમાંથી લાભ ઉઠાવવાની કલા જોઈએ. એ જ લોખંડમાંથી લવાર લઈ જઈને ગડર બનાવી દેશે. બીજો કારીગર ઘડિયાળના ચક્રો, ને મોટરના યંત્રો બનાવશે ! મૂળ પદાર્થ એ જ, પણ લાભ ઉઠાવવાની કળા-શક્તિ પર આધાર છે. જેટલી યોગ્યતા પ્રગટાવીએ તેટલો લાભ મળે ! ભગવાનના ચૌદ હજાર શિષ્યમાંથી સાતસો જ મોક્ષે ગયા ! બધાને ભગવાન તો સમાન જ મલ્યા હતા ને ? પણ ભેદ કેમ પડી ગયો ? કહો, જેણે જેટલી યોગ્યતા પ્રગટાવી તેટલો લાભ મળે ! ઉપકારીના ઉપકાર વહ્યા જ કરે છે. તેમાંથી આપણે જેટલું લઈએ તેટલું લાભમાં. સૂર્યનો પ્રકાશ ચાલુ જ છે પણ ઘર બંધ કરીને બેસીએ તો ? યોગ્યતા ખીલવવા પરમાત્માની શક્તિ ખૂબ પ્રેરક બને, પણ તે ઝિલાયતો. અઈમુત્તાએ યોગ્યતા એવી ખીલવી કે સ્થવિરો ઊભા રહ્યા ને એમણે કેવળજ્ઞાન લીધું ! ભગવાન એ જ છે. જે ચૌદ પૂર્વીને, તેજ અષ્ટ પ્રવચન માતાના જ્ઞાનવાળાને ! તફાવત કયો ? પોતાની યોગ્યતાની ખીલવટ મુજબ પુરુષાર્થ અજમાવવામાં પડ્યો ! એકલો પુરુષાર્થ કામ ન લાગે, સાથે યોગ્યતા ખીલવવી જોઈએ. એવા કેટલાક હોય છે કે જે તપ-સંયમની સાધના કરે છે; પણ જો તેવો લાભ નથી પામતા તો માનવું કે યોગ્યતા તેટલી ખીલવી નથી. અહીંયાં ધનકુમારનો યોગ ધનશ્રીને થયો છે, પછી તેને મારી નાખવા સુધીની વિચારણા કેમ કરે છે ? અયોગ્યતા છે. સામાન્યમાં સામાન્ય સાધર્મી પાસેથી લાભ મેળવી શકાય જો આપણી યોગ્યતાનું બળ વધે.

**ધનશ્રી રાત્રિએ ધનની પાછળ :-**

ધનશ્રીએ મનમાં યોજના ઘડી કાઢી અને તેના પર એટલી ખુશ થઈ કે ‘બસ, આ રીતે પતિ તરત જ ખલાસ થઈ જશે અને પછી નંદ મારે શાશ્વત વહાલો થશે.’ એની યોજના ભયંકર છે, પણ એના દિલમાં પડેલા ક્રૂર વૈરના અનુબંધના હિસાબે જરાય અરેરાટી નથી, ક્ષોભ થતો નથી. બસ, યોજના મુજબ એ રાત્રિના જાગતી રહી અને રાહ જોયા કરે છે કે ક્યારે ધન ઊઠે અને લઘુશંકા ટાળવા વહાણના કિનારે ખાળ પાસે જાય. સરળ કલ્યાણમૂર્તિ ધનકુમાર રાતના ઉઠ્યો, અને ગયો ખાળ પાસે. એને ક્યાં ખબર છે કે ‘આજે કર્મનો કોરડો વિંઝાઈ રહ્યો છે; અને ધીમે પગલે આ ધનશ્રી પાછળ આવી રહી છે.’ ત્યારે રાત્રિને પણ ક્યાં એ પરવા હતી કે આ ધનશ્રીને ગોઝારું કૃત્યુ કરવું છે તો હું ન આવું.

**આત્મભાન સજાગ :-** આનો અર્થ એ, કે કાળ અને કર્મ પોતાનું કાર્ય કરવાની આડે કોઈને ય ગણતા નથી. એની વચ્ચે થઈને આત્માના ઉદ્ધારનો માર્ગ કાઢવાનો છે. એ માટે ભારે જાગ્રતિ રાખવી પડશે, આત્મભાન સજાગ રાખવું પડશે. નહિતર પતન થતાં વાર નહિ ! મન કે હૃદયને ઊંચે લાવતાં કેટલાં ય



જીવનો વીત્યા હોય, ને હવે વાઘવરુની વૃત્તિઓ વળગી ન જાય તેવી સ્થિતિ ઊભી પણ કરી હોય, છતાં જો આત્મભાન ભૂલ્યા, તો પાછી એ ક્રૂર-નિષ્ઠુર વૃત્તિઓ વિકસવા તૈયાર જ છે. અગ્નિશર્મા તાપસ પહેલાં કેટલો બધો ઉદાર અને સમતાભાવવાળો હતો ! છતાં છેડે આત્મભાન એટલે સમજો છો ને ? કોઈપણ પ્રસંગમાં વિચાર, વાણી કે વર્તાવને પ્રવર્તાવતાં પહેલાં એ વિચારવાનું કે આ મારા આત્માનું હિત કરશે કે અહિત ? જો આત્માના અહિતમાં લાગે તો એને એવું ફેરવી નાખવાનું કે આત્માના હિતમાં ઊતરે. ભલે ગુણસેને ત્રીજીવાર પારણું ચુકાવ્યું અને પેલાને અસહ્ય હતું તો ય વિચારી શકત કે ‘આ આહારની સંજ્ઞા મને આકુળવ્યાકુળ અને ગુણસેન ઉપર દ્વેષ કરાવી રહી છે. તો હું જીવનભરનું અનશન જ કરી દઉં, અથવા હવેથી એનું પારણું ન માની લઉં. જેથી અસમાધિ ન થવા પામે...’ આવું કાંઈ ન વિચાર્યું; કેમ આત્મભાન-અર્થાત્ જે વૈર ઊભું કરી રહ્યો છે, ભવોભવ મારવાની જે કાળી વેશ્યા વધાવી લે છે એ પોતાના જ આત્માને ધર્મ માટે નાલાયક અને ક્રૂર કર્મ-દુર્ગતિને લાયક કરી રહ્યા છે, એ સ્વાત્મ-અહિતનું ભાન ભૂલી ગયો. હવે એના પરિણામરૂપે ધનશ્રી ધનની પૂંઠે લાગી છે.

**ધનશ્રી પતિને દરિયામાં ધકેલે છે :-**

ધનકુમાર જેવો ખાળ પાસે ગયો કે ધનશ્રીએ ધીમે પગલે પાછળથી આવી એને એવો જોરથી દરિયામાં ધકેલ્યો કે એ સીધો જઈ પડ્યો વિશાળ મહા-સાગરમાં ! સાગરનાં ઘનઘોર ઘૂઘરાટમાં એના પડવાનો અવાજ વહાણમાં કોણ સાંભળે ? અને પાછા બધા ઊંઘતા. ખલાસી કદાચ જાગતો હશે તો તે તો આ મોટા વહાણના ક્યાંય બીજે છેડે બેઠેલો. ત્યારે ધનશ્રી પણ લુચ્ચી છે તે ધણીને પાડી દીધા પછી તરત કાંઈ બોલતી નથી ને વહાણ ધસારાબંધ આગળ ધપ્યે જાય છે. એ તો બહુ નિરાંત અનુભવે છે કે ‘હાશ ? બધું સરસ થઈ ગયું. સહેજે પતી ગયું...’ કેટલું નિર્ઘૃણ હૃદય ! કેવી પિશાચી લીલા !

**ધર્મ ન હોત તો :-** જીવના સ્વભાવમાં ક્રૂરતાનો લેશ પણ નથી, કઠોરતાનો અંશ પણ નથી, છતાં એના પર ચઢી ગયેલાં કર્મનાં આવરણ અને એના વિપાકથી ચાલી આવતી જુગજૂની કુ-વાસનાઓનો કેટલો બધો ભયંકર પ્રભાવ છે કે જીવને એક રાંક ગુલામની જેમ એ સ્વાધીન કરે છે, નચાવે છે, અને બેફામ બનાવે છે ! ત્યારે જગત પર એક ધર્મ-ઔષધ ન હોત તો આ એનો કારમો રોગ કોણ મિટાવત ! ધર્મ-મોઘર ન હોત તો એ કર્મ-આવરણોને જર્જરિત અને ચૂર્ણીભૂત કોણ કરત ? ત્યારે થોડા પણ એ જર્જરિત ન થાય તો વાઘ-વરુનું જ વિશ્વ જોવા મળે કે બીજું કાંઈ ?

**નંદ દરિયામાં પડે છે ત્યારે ? :-**

ધનશ્રીએ વહાણને ઠીક આગળ વધ્યું જાણી હવે ઢોંગ શરૂ કર્યા. તેણે એકદમ હાહારવ શરૂ કર્યો, નંદ સફાળો જાગીને ગભરાઈ જઈ પૂછે છે.

'સ્વામિની ! આ શું ? આ શું ?'

ત્યારે પેલી છાતી કૂટે છે ને માથું કૂટે છે; ને જાણે ભારે દુઃખથી પીડાતી હોય તેમ અધિકાધિક રોવા લાગે છે, 'હા આર્યપુત્ર ! હા આર્યપુત્ર !' એમ ચીસો પાડતી ધરણી પર ઢળી પડે છે ! સ્ત્રીઓને આવું બહુ આવડે. કોઈની કાણ મોકાણ જાય ત્યારે છાતી કૂટે, અવાજ ભારે નીકળે; જોનારને લાગે 'અરે ! બિચારી કેટલું બધું જોરથી કૂટે છે ! છાતીએ સોળ ઊઠશે !' પણ ઊઠે ખરા ? ના, કેમ ? કારણ છે કે જો આગલા પહોંચાથી કૂટે તો ને ? હથેલીથી કૂટે, અવાજ મોટો થાય, અને વાગે નહિ. પછી સોળ શાના ઊઠે ? કેવો પાપાચાર ! એને આંખમાંથી આંસુ ય ઝટ કાઢતાં આવડે. તે શું અબળા પોચીં છે માટે ? ના, એક જાતની એ સ્ત્રીકળા છે. બાકી તો જો ખરેખર પોચીં હોત ને, તો તો ઓરમાન છોકરાના કે દિયર-જેઠના છોકરાના દુઃખ જોઈ શકત ખરી ?

ધનશ્રીના 'આર્યપુત્ર' શબ્દ સાથે રોવા-કૂટવા પર નંદને એકદમ શંકા પડી ગઈ કે ધનકુમારને કંઈક થયું કે શું ?' એટલે ઝટ એની પથારી તપાસે છે; ત્યાં ધન શાનો જોવા મળે ? ધન ન દેખાતાં જ નંદ ચોંક્યો, ભયભીત થઈ ગયો, અને પોતાના શ્વાસ ઊડી જાય જેવું લાગ્યું. ગદ્‌ગદ સ્વરે ફરીથી ધનશ્રીને પૂછે છે,

'સ્વામિની ! પણ આ શું ? આ શું ?'

પેલી ય રોતી-રોતી કહે છે, 'હું શું કહું ? આ આર્યપુત્ર સંજ્ઞા ટાળવા ઊઠ્યા અને ગફલતમાં સમુદ્રમાં પડી ગયા ! હાય ! હું અભાગણી હજી જીવતી ઊભી છું ? એ પડ્યા પહેલાં હું કાં ન મરી કે આ જોવાને તો ન રહેત ?...'

**વચન-વિચારશક્તિની સિદ્ધિની કદર :-**

ચલાવ્યો ઢોંગ એણે ! માણસને માયા રમવામાં વચન શક્તિ કેવી સહાયક થાય છે ! બેઇંદ્રિયથી માંડીને તિર્યંચ પંચેન્દ્રિય સુધીના જીવોને વચનશક્તિ તો છે પણ આવું સફાઈદાર એ બોલી શકે ? માણસ બોલી શકે છે, એ એની એક મહાન સિદ્ધિ છે, અને એ સિદ્ધિનો ઉપયોગ એ રાંકડો માયા ખેલવામાં અને દુનિયાના તુચ્છ માનવજીવોને સારું લગાડવામાં કરી રહ્યો હોય એ એની કેટલી પામર અને અજ્ઞાન દશા ! આમ કરી-કરીને જ એ ભવભવનાં ભાતાં ભેગાં કરે છે, ભવો સુધી ખૂટે નહિ એટલું ભાતું સંગ્રહે છે ! જેના પરિણામે દુર્ગતિના કારમા દુઃખો ભોગવે છે ! જીવ એટલું ભાન નથી રાખતો કે,



**વચનસિદ્ધિની વિટંબણા :-**

'આ મને મળેલી વચનશક્તિની સિદ્ધિ તો જો વાપરતાં ન આવડી, વાપરવામાં ઘેલો બન્યો, ભાન ભૂલો થયો, વચનસિદ્ધિની વિટંબણા કરી, તો એ મારી જ ગણાતી સિદ્ધિ મને જ શ્રાપરૂપ નીવડશે. તો શા માટે એને માયાચાર સેવવામાં કે લેભાગુઓને સારું લગાડવામાં ખરચું ? એ મને નક્કર શું પરખાવવાના હતા ? અરે ! એટલું જ શા માટે ? નિરર્થક બોલવામાં પણ સિદ્ધિનો દુરુપયોગ શા સારું કરું ? બિનજરૂરી બાબતોથી તો જેમ બને તેમ મૌન રાખવામાં આત્માની શક્તિને આત્માનું ઓજસ વધે છે; અંતરમાં તત્ત્વનો વિચાર કરવા માટે, નિજના દોષોનો અને ઉદ્ધારનો ખ્યાલ કરવા માટે જગા રહે છે. બહુ બોલકણાં માણસો તો અધમાધમ એવી પરચિન્તાને પનારે પડી જાય છે.' વચનશક્તિ અને વિચારણા શક્તિની સિદ્ધિ તો એવી સુંવાળી છે કે એને લપસાવતાં વાર નહિ; શ્રમ નહિ. માટે જ એ જબરદસ્ત અંકુશ માગે છે. અંકુશ આ, કે બોલતાં અને વિચારતાં પહેલાં મન મારીને પણ આ જુઓ કે આનું કોઈ સારું ફળ આપવાનું છે ? જો ના, તો રહેવા દે એવો એક પણ બોલ કાઢવાનો, એક પણ વિચાર કરવાનો.

**ઊંચામાં ઊંચી ધર્મક્રિયામાં જોડાયા પછી પણ આત્મામાં પરિણતિ કેમ નથી સૂધરતી ?**

એમાં આ એક પ્રચંડ કારણ છે કે ધર્મક્રિયા-સાધના વખતે પણ મફતિયું નિરર્થક બોલ-બોલ કરવાનું યા ચિંતવવાનું ચાલુ હોય છે. એ ગડમથલમાં એ પડ્યો હોય પછી જે જે સાધના કરી રહ્યો છે એની એ વખતે અને પછી પણ સારી અસર લેવાઈ રહી છે કે નહિ એ જોવાની ફુરસદ જ ક્યાંથી હોય ? ત્યારે શું અસર લેવાની કાળજી વિના એમને એમ જ ધર્મ-સાધના પરિણતિ સુધારે ? કરાતી ધર્મક્રિયાનો દરેક અંશ, બોલાતો કે મનમાં ધારણા કરાતો દરેક સૂત્રાક્ષર, એની અસર લેવા માટે પાકી કાળજી ચીવટ અને ચોક્સાઈ જોઈએ. તપના દિવસમાં પણ વારેવારે તપની સારી માનસિક અસર લેવા માટે ખબરદારી જોઈએ. અને આ કરવું હશે તો ફોગટિયું બોલવા-વિચારવા ઉપર સારી રીતે કાબૂ મૂકવો પડશે. વાતો ચાલે છે, વિચારોના ભૂંસા કુટાય છે અને ધર્મસાધના કર્યે જઈએ છીએ એમાં ઉદ્ધાર નહિ થાય. કારણ કે એવી સાધનામાં તો પ્રારંભિક પરિણતિ જ નહિ ઘડાય, તો ઉપરની પરિણતિ ઘડાવાની વાતે ય શી ? ત્યારે એટલું સમજી રાખો કે,

**આત્માની પરિણતિ સમાર્યા વિના આત્માનો ઉદ્ધાર નથી.**

શરીર સુધારવું છે, વસ્તુ સમરાવવી છે, ઘર સમરાવવું છે, ને આત્માની પરિણતિ સમરાવવી નથી ? ધર્મસાધના એ સમારી આપે છે, પણ ક્યારે ? તમે

નિરર્થક બોલવા-વિચારવામાં ન ગૂંથાઓ તો. નહિતર એ બિનજરૂરી બોલ કે વિચારણા તો એવી ખંધી છે કે પોતે બંધ પડ્યા પછી પણ પોતાની ગડમથલ મૂકતી જાય. બસ, આ વાત છે કે માનવભવની વચનશક્તિ બહુ ઊંચી સિદ્ધિ છે, એનો લેશમાત્ર દુરુપયોગ, વ્યર્થ કે અહિતકારી ઉપયોગ ન થવા દો. એને તો મૌન, જિન ગુણગાન, ગુણાનુરાગ, હિતોપદેશ અને તત્ત્વમાં જોડી દો.

ધનશ્રીને આ કાંઈ જોવું નથી, એણે તો વચનશક્તિથી ભારે માયાચાર માંડ્યો, 'હાય ! આર્યપુત્ર ! તમે ક્યાં ચાલ્યા ? હું કેમ ન મરી ? નફટ હૈયા ! તું તે પાષાણનું છે કે હજી ફૂટી જતું ય નથી ?... ચાલ્યું. પણ જે જે બોલે એ કરે ખરા ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૧૯,તા.૩૦-૧-૧૯૬૦

**ધર્મ માટે ભોગ કેમ નથી અપાતો ?**

અને કરવું હોય એ ભાષણ કરવા રહે ? જુઓ છો ને આપઘાત કરનારા કહેવા રહે છે ?

ધનશ્રી તો માત્ર બોલી-રડીને ઊભી રહી, પરંતુ નંદ તો ધનકુમારને દરિયામાં પડ્યો સાંભળીને એટલો આઘાત પામ્યો કે આંખ આંસુથી છલકાઈ ઊઠી, અને ધનકુમાર ઉપરના સ્નેહથી મોહિત મન એવું ઉછાળો મારી ઊઠ્યું કે એ તો સીધો વહાણના કાંઠે જઈ જાતને દરિયામાં ઝુકાવી દેવા તૈયાર થયો !

**હૃદયનો સાચો સ્નેહ છે** એટલે એને સવાસલાં કરતાં નથી આવડતાં, આક્રંદની ઉપલક બાફ અને થૂંક ઉડાડવા નથી થોભતો, સીધો દરિયામાં કૂદી પડવા જાય છે. નોકર વધે કે સગી નારી ? આ વિચિત્ર જગતમાં ક્યાં એનો નિયમ છે ? મુનિમ માથું આપવા તૈયાર થાય અને ભાઈ દલ્લામાં ભાગ પડાવવા નહિતર ભાગી જવા હોશિયાર હોય, એવું બને છે ને ? હૈયામાં કેળવેલા ભાવ પર આધાર છે.

**દેવ-ગુરુ-સાધર્મિક માટે ભોગ કેમ નથી અપાતો :-**

દેવ, ગુરુ અને સાધર્મિક પ્રત્યે ઊછળતી ભક્તિ-પ્રીતિભર્યા ભાવ કેળવ્યા હોય તો એમની પાછળ ભારે ભોગ આપવા તત્પરતા રહે છે. એના બદલે ત્યાં ગલોચિયાં ખાવાનું મન કેમ થાય છે ? કહો, હૈયામાં એમના પ્રત્યે એ ભાવ નથી કેળવ્યા. હા, પત્ની-પુત્ર-મિત્રાદિ પ્રત્યે કેળવ્યા હોય છે એટલે ત્યાં બધી તૈયારી છે. સંસાર આમ તરાશે ? ભવ પાર આમ કરી જશો, એમ ને ? વિચારો તો ખરા કે જે કરી રહ્યા છો એમાં શું નવું છે ? ચકલા-ચકલીના અવતારેય એ કર્યું છે.



અનંત-અનંત કાળથી એ કરતાં આવ્યા છો. લોટરી લાગી ગયા જેવી આ સર્વોત્તમ માનવભવની પ્રાપ્તિ થયા પછી અને દેવાધિદેવ વિશ્વતારક શ્રી અરિહંત પરમાત્મા, નિઃસ્વાર્થ સાચા હિતૈષી ગુરુઓ અને ધર્માત્મા સાધર્મિકો પ્રત્યે અનન્ય પ્રીતિ-ભક્તિ હૈયે ઊછળતી કરતાં તથા એમની પાછળ તન-મન-ધનના ભારે ભોગ આપતાં નહિ શીખો તો ક્યાં શીખશો ? અને પછીની અવદશા-દુર્દશા કેવી ?

**ધનની શોધ કરાય છે :-** નંદ દરિયામાં પડવા તો ગયો, પરંતુ તરત સાથેનાઓએ એને પકડી રાખ્યો અને કહ્યું કે,

'આ અવસરે પડવાનું હોય ? પછી ધનની શોધ કોણ કરશે અને આ બધાને સંભાળશે કોણ ? પછી તમે કહેતા હો તો બધાય દરિયામાં ઝુકાવી દઈએ.'

નંદથી ઉત્તર દેવાય એવું ન રહ્યું, પણ એના હૈયામાં શોકનો મોટો દાવાનળ સળગ્યો હતો. એને એમ થતું હતું કે પોતે શેઠના આવા અકસ્માત પછી જીવતો કેમ જ રહી શકે ? પણ અહીં કોઈ ઉપાય જ દેખાતો નથી; અને એથી તો એ વધારે ખિન્ન થઈ ગયો. હવે ધનની શોધ કરે છે.

પછી વહાણ તરત ઊભું રાખવામાં આવ્યું અને તરવૈયા માણસોને દરિયામાં ઉતારવામાં આવ્યા. એ લોકો ચારે બાજુ ધનની શોધ કરે છે. પરંતુ ધન પડ્યા પછી જ્યાં મોટું અંતર વહાણે કાપી નાખ્યું હોય ત્યાં એનો પત્તો લાગે ? નંદના દિલમાં દુઃખનો પાર નથી; એને એમ થાય છે કે આ શું થઈ ગયું. પરંતુ હવે ત્યાં રોકાઈને કરેય શું ? વિશાળ મહાસાગરના મધ્યમાં પડી ગયેલો ધનકુમાર હવે હાથમાં આવવાની કોઈ આશા એને દેખાતી નથી, એટલે દુઃખિત હૃદયે પ્રભાતે વહાણ સાથે ઈચ્છિત દેશ તરફ પ્રયાણ આરંભી દે છે.

શું ત્યારે હવે એ ઘેર સીધો પહોંચી જશે ? શું બને છે એ હવે કથામાં બહુ લાંબે ગયા પછી જાણવા મળશે. પણ એમાં સંયોગ, નિમિત્તનો કેટલો જબરદસ્ત ફાળો છે એ સમજવા મળશે, માટે જ નરસા સંયોગ, નરસા નિમિત્તથી હંમેશા દૂર રહી સારા સંયોગ અને સારાં નિમિત્તો ખૂબ સેવવાં જરૂરી છે.

**ધૂળનાં ચણતર :-** ધનકુમારના શા કોડ હતા ? 'જાઉં, રત્નાકર ઓળંગી પરદેશ જાઉં અને પુષ્કળ પૈસા કમાવી લાવીને ધનથી પરોપકાર કરું.' એ કલ્પના ક્યાં ગઈ ? કલ્પનાઓનો શિલ્પી બનનાર માણસ, શું એને આ ખબર છે કે બાળક ધૂળનું ઘર બનાવીને કલ્પે કે 'બસ, હવે અહીં મજા આવશે !' અને મનોરથનો અંત ટૂંકા કાળમાં જ ? કોક ભેંસ દોડતી આવીને એ ભાંગી નાખે, તે વખતે બાળકની જે દશા તેવી મનુષ્યની દશા થાય છે. એને ખબર નથી કે આ કલ્પનાઓના ચણતર પત્થરના નહીં પણ ધૂળના ચણતર છે, કે જે જરીકમાં જમીન દોસ્ત થઈ જાય !

**પુણ્ય છે માટે ધર્મ નથી કરતા ને ?**

ધર્મ કાર્યમાં આજે આપણી શિથિલતા કેમ છે ? ખોટી કલ્પનાઓ છે, 'હજુ ક્યાં હું મરી જવાનો છું ? ઘણું જીવી શકું એમ છું ! બધું કરીશ' પણ એ જુઓ કે નથીને કોઈ નિમિત્તિઓ આવીને કહે કે તમે ત્રણ દિવસમાં ખત્મ !' તો પછી ધર્મનો પુરુષાર્થ કેવો કરે ? કંઈ પણ ધર્મની જેને લાગણી છે તે તો આ સાંભળીને બધું જ મૂકે ! ત્યાં એકદમ પુરુષાર્થ જાગે છે ! અવનવી આરાધના કરવા લાગી જાય છે ! આટલું જ નહિ, પણ એમેય થાય છે કે 'જો ચારિત્ર મળે એમ હોય તો તે પણ લઈ લઉં !' આ બધો પુરુષાર્થ ક્યાંથી જાગ્યો ? પુણ્ય ખૂટવાનું લાગ્યું ત્યારે ને ? તો એનો અર્થ તો એજ ને કે પુણ્ય પહોંચે છે ત્યાં સુધી ધર્મ પુરુષાર્થ નથી કરવો, પુણ્ય ખુટી જવાનું જણાય પછી વાત ?'

**કલ્પનાનાં ચણતર :-** આયુષ્ય ખૂટવાની ખબર પડવા પર બીજી કલ્પનાઓનાં ચણતર બંધ થઈ જાય છે. કલ્પનાના ચણતરમાં ધર્મ બિચારો પાંગળો બની જાય છે. આત્માથી જાગેલા માણસો સવારે સાંજની વાતનું પણ ચણતર નથી કરતા તો આગળનું તો શાના કરે ? સમજે છે કે 'કલ્પનાનાં ચણતર ધૂળના ચણતર જેવાં છે. વર્તમાન જે મારા હાથમાં છે તેનો હું કેવી રીતે સારો ઉપયોગ કરી લઉં !' તેજ લગનીમાં રહે છે. મનુષ્ય કાં તો ભૂતકાળનાં રોદણાં રોશે, કાં તો ભવિષ્યની કલ્પનાનાં ચણતર કરશે ! બંનેમાં કંઈ માલ નહિ ! પહેલામાં શોક ને દુર્ધ્યાન, બીજામાં કેવળ તરંગો ! કેટલાકનાં મન કેમ બગડી જાય છે, ને પછી કાર્યવાહી કેમ બગડે છે ? કેમકે તરંગી છે. પણ એ નથી જોતો કે 'મારું શું સ્થાન છે ? તે મુજબ વર્ત ને !'

**નીચે જુઓ :-** ખરી રીતે એ જોવું જોઈએ કે 'તારાથી જે નીચે છે, તે જો તારા સ્થાને હોય તો હું આવું સ્થાન પામી આવું આવું કરું,'- એમ વિચારે ને ? 'ફલાણા પાસે સારું છે. મારી પાસે આવું હોય તો હું આમ કરું' એ તરંગ આવ્યો, પણ એ નથી વિચારતો કે બીજો તારી સ્થિતિએ હોય તો એ શું ઝંખના કરે ? આંધળાને શું થાય ? માણસને આંખ નબળી પડી હોય તો શું થાય ? પોતાને જો સારી આંખ હોત તો પ્રભુદર્શન ને દયા કરત ! ત્યારે સારો જો એ વિચારે કે 'મારી પાસે તો હજી પણ આંખ છે, ને આંધળા પાસે તો આંખ જ નથી. તે શું વિચારતો હતો ? મારી પાસે આંખ ખુલ્લી છે તો સાધુનાં દર્શન જ કર્યા કરું' જે વાત હાથમાં છે તે જોવી નથી પછી કમાણી ક્યાંથી ચાલે ? આગળ વધવાનો ઉપાય છે કે ભૂત-ભવિષ્ય જોયા વિના વર્તમાનનો સારો ઉપયોગ કરવો. તે માટે વિચારવું કે 'જે મારાથી નીચેની કોટિએ છે, તેને કેવા કોડ થતા હશે ? તે જે



સ્થાન ઈચ્છે છે તે મને મળેલું છે, તો હું કેમ સાધના ન કરું.' આપણને જે અનુકૂળતા મળી છે, એમાંની માનો, અડધી જ હોય તો શું કોડ થાય ? એ જ ને કે 'કમમાં કમ આથી સવાઈ-દોઢી-બમણી અનુકૂળતા થઈ જાય તો બસ નિરાંત !' તો પછી વર્તમાન સ્થિતિમાં નિરાંત કેમ ન અનુભવી શકીએ ? નડતર અહીં જ છે કે મન ઓછું માનવા જાય છે; અને કોડ સેવ્યા કરે છે.

ધનકુમારે ઘણા કોડ સેવ્યા હશે, તે ક્યાં ગયા ? દરિયામાં પતન થવામાં ખલાસ થઈ ગયા.

**પરિસ્થિતિ મુજબ મન :-**

હવે ? કોઈ બચવાનો ઉપાય ? પડ્યો છે મોટા દરિયામાં. ડૂબે જ ને ? દરિયો અને નાવ નહિ એટલે પરિણામ ? સંસાર સમુદ્રમાં ધર્મના નાવથી વિખૂટાની દશા કઈ ? ધનકુમારને અહીં કોણ બચાવે ? બચાવે તો એક ભાગ્ય. એટલે કોઈ લાકડાનું પાટિયું ભાગ્યના બળે અથડાય છે. તે આ ધનકુમારના હાથમાં આવ્યું. માણસના મનની ખૂબી કેવી છે ? બધું બરાબર છે ! પરંતુ વહાણમાં બેઠો છે ત્યારે ! પણ દરિયામાં પડ્યા પછી ? બધું જ ગયું.' મન નિરાશા અને સુસ્ત ! પણ પાટિયું હાથમાં આવ્યા પછી ? 'ફિકર નહિ !' ઘડીમાં રાજી અને ઘડીમાં નારાજી, વહાણમાં ખાટ-પાટની સગવડ હોય છતાં તે ખુંચતું હોય ! અહીંયાં એક પાટિયું મળે છતાં મહાન આનંદી લાગે, 'આ વિમાન જેવું પાટિયું !' આ શું સૂચવે છે ? જેવી પરિસ્થિતિ આવીને ઊભી રહે, કે જેવો સંયોગ મળે તે મુજબ મન કામ કરતું થઈ જાય છે ! આપણે પણ કાંક દુભાયેલા હતા ને સારા ધર્મી મિત્રોનો સંયોગ મળ્યો તો તે મુજબ મન કામ કરતું થઈ ગયું. પણ ગામ-ગપાટિયા મળે તો ? મન તે મુજબ ! ધનના હાથમાં પાટિયું આવતાં સંતોષ અનુભવે છે ! હવે પાટિયું જ્યાં ઉતારે ત્યાં ઊતરવું રહ્યું ! ગમે તેમ થાય પણ પાટિયું છોડવાનું નહિ.

**ગુરુને પાટિયાની જેમ પકડી રાખો :-**

પણ જો એમ કહે કે, **'પાટિયા ! તારે અમને તારવા હોય તો સીધે સીધું રહી કિનારા તરફ લઈ જા ને ? આમ હાલમ-ડોલમ થાય છે શા માટે ? જા તું અમારે ન જોઈએ !'** અને એમ કરીને મૂકી દે, તો ? આજે કહેનારા કહે છે કે 'ગૌતમસ્વામી જેવા ગુરુ નથી ! માટે શું કરીએ અમે ? ગુરુ કચકચ કરે, અમારા દોષ કાઢ્યા કરે, પછી શું કરીએ એમને વળગી રહીને ? વ્યાજબી છે આ ? ના, એ તો પાટિયાનું દૃષ્ટાન્ત યાદ રાખી જે વખતે જે તારનારા દુર્લભ સંયોગો મલ્યા તેને વળગી રહેવું જોઈએ ! ઠીક છે ! પોણો સો ટકાનો સંયોગ મલે છે તો પચાસ ટકાનો ન લઈએ, તે વાત જુદી ! પણ જો એમ વિચારે કે આ તો ગૌતમ

નહિ ! ને મૂકી દે, બસ, પછી ? ભવસાગરમાં જ ને ? ભૂલો નહિ, સાગરમાં પાટિયું જ તારનાર છે ! એમાં પરિસ્થિતિ વિષમ દેખાય છે તો દોષ તારનારનો નહિ પણ જાતનો છે ! માટે સમજો કે સાધુ મહાત્માઓ તારનારા છે પછી કોઈ સંયોગ-પરિસ્થિતિને વશ એ કડક દેખાતા હોય તો ય સાધુ મહારાજ પર ગુસ્સો-અરુચિ કરવાની નહિ ! એ તારક ગુરુઓનો સદ્ભાવ-બહુમાન-સેવા મુકાય જ નહિ. પાટિયા તરફ તેવો વર્તાવ હોય છે તો જલદી નહિ તો ક્યારેક પણ કિનારે એ પહોંચાડે છે !

**ઉન્નતિ માટે યોગ્યતા ને પુરુષાર્થ વિકસાવો :-**

સોનાની ધર્મ સામગ્રી ન હોય, સૂતરની હોય, પણ આપણી યોગ્યતા ખીલે તો એમ પણ કેવળજ્ઞાન લઈ શકાય, જો સંઘ પણ યારી આપે તો ! આપણી યોગ્યતા જોઈએ. પછી જિનેશ્વરદેવ મહા દેશના આપતા હોય, પરંતુ એ સંયોગ પણ ઝીલવાની આપણી યોગ્યતા હોય તો ફળે. ગુરુમહારાજનો એક નાનો ઠપકો મલે તેના પર કેવળ લઈ શકાય ! મૃગાવતીજીને પ્રભુની દેશના સાંભળતાં ન મલ્યું તે કેવળજ્ઞાન ગુરુણીનો એક ઠપકો ઝીલતાં મલ્યું ! જો શીખો તો આ શીખો, ઠપકો ઝીલવાનું શીખો, સામનો કે અરુચિ કરવાનું નહિ. મુનિસુવ્રત ભગવાન પાસે ખંધકસૂરિના પાંચસો શિષ્યો કેવળજ્ઞાન ન પામ્યા ! ને પાલક પાપીની ઘાણીમાં પીલાતાં કેવળજ્ઞાન પામ્યા ! તો શું નિયમ બંધાય કે કેવળજ્ઞાન ભગવાનના સમોસરણે ન પમાય, ઘાણીમાં પમાય ? આમ નિયમ બંધાય ? ના, નિયમ એ કે જ્યાં યોગ્યતા અને પુરુષાર્થ ખીલવો ત્યાં કેવળજ્ઞાન લઈ શકો ! ભગવાનની વાણી સાંભળવાની લાખ અનુકૂળતા હોય, પણ તમે તમારી યોગ્યતા પ્રગટાવવાને પુરુષાર્થ કરવા તૈયાર નથી તો કેવળજ્ઞાન તો શું, ચારિત્ર પણ ન મલે. લાખો-કરોડો આવે છે વાણી સાંભળવા, પણ કેમ બધા ચારિત્ર નથી લેતા ? પોતાની યોગ્યતા-પુરુષાર્થ નથી ફોરવતા માટે ! પણ તમે તો એમ કહેશો કે 'કર્મ નડે છે માટે યોગ્યતા નથી પ્રગટતી !'

'અરે પણ આ આલંબન મોટાં મળ્યાં છે, **ચૌદ ક્ષેત્રમાં તીરથ ન એવો,'** એવો સિદ્ધાચળગિરિ મલ્યો ! પીસ્તાલીશ **આગમની રત્નપેટી** મલી છે. આવા કાળમાં શુદ્ધ જ્ઞાનના તત્ત્વો અને માર્ગ મલ્યો છે, તો પછી આવા સુસ્ત કેમ રહો છો ? યોગ્યતા કેમ નથી ખીલવતા ?

તમે ત્યાં કહેવાના 'કર્મ નડે છે !'

આ એક મગજની ભ્રાંતિ છે ! ખોટો બચાવ છે; કારણ, ઠીક ભાઈ ! તમે કહો છો કર્મ નડે છે, પાછાં કર્મ અનાદિ અનંત કાળથી ચાલી આવે છે તો તે



રહેવાનાં છે ? ના, તૂટવાનાં છે ! ત્યારે તો યોગ્યતા મલશે ને ? જો જો એકદમ 'હા, હા, બસ આ કર્મ ભોગવાઈને તૂટી ગયા પછી તો યોગ્યતા મળશે,' આવું કહેતાં નહિ; કેમકે આ કર્મ તૂટવાનો જેટલો કાળ બાકી છે તેટલા કાળમાં નવા કર્મ ઊભાં નહિ કરો ને ?

'ના ભાઈ ! એ તો થઈ જાય,'

થઈ જાય, કે ઊભાં કરો છો ? જો કર્મ એમજ ઊભાં થઈ જાય, ને આપણું કંઈ ચાલે નહિ, તો પછી એમ કહોને કે 'જીવ એટલે પથરો છે કે એને જ્યાં લાત વાગે તેમ ફેંકાય. બધું કરવું હોય તે કર્મ કરે ! સાતમી નરકમાંય લઈ જવો હોય તો કર્મ લઈ જાય !' આનું નામ જૈનતત્ત્વ નહિ !

જૈન તત્ત્વજ્ઞાન તો કહે છે, કર્મના અણુ તો જડ છે, જડ કાર્મણ વર્ગણાના પુદ્ગલને આત્માનો સહકાર મળે ત્યારે કર્મ થાય, અમુક કર્મ બેઠાં છે ત્યાં તારું નથી ચાલે એમ, પણ એ તૂટશે નહિ ત્યાં સુધી નવાં કર્મ બંધાશે ને ? પછી ? તે નડ્યા જ કરવાના ! ભલે આવું કર્મ તૂટી ગયું, પણ પાછાં નવાં ઊભાં કરેલાં ઊભાં જ છે.

**પ્ર.- 'ભવસ્થિતિ પરિપાક થયા વિણ કોઈ ન મુક્તિ જાવે,' એનું કેમ !**

ઉ.- આ તો બહુ સુંદર વાત કરી છે, ધ્યાન રાખજો, કે જીવ જાણે કે મને ગુરુ મહારાજ હાથ પકડીને ઉપર લઈ જશે, એ ખોટું છે. સમજી રાખવું કે જાતે ભવસ્થિતિનો પરિપાક કર્યા વિના કંઈ નહિ થાય. માટે જો ભવ સ્થિતિનો પરિપાક કરવો હોય તો આ આ સાધનો સેવવા જોઈએ એમ 'પંચસૂત્ર' શાસ્ત્ર ફરમાવે છે.

**આત્માનો વિજય :-**

ભવ સ્થિતિનો પરિપાક અરિહંતાદિ ચારનું શરણ, દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદનાથી શક્ય કહ્યો. એમાં તો, કહો, કર્મ ઉપર આત્માનો વિજય બતાવ્યો. માટે જ કર્મને હાથ જોડીને બેસી રહેવાનું નથી. કર્મસ્થિતિ અને ભવ સ્થિતિને પકવવાનું કામ આપણા હાથમાં છે. ભગવાનને ઠપકો દઈએ તે તો લાડનો છે.

**"સિદ્ધનિવાસ લહે ભવસિદ્ધિ, એમાં શો પા'ડ તુમારો ?**
**તો ઉપકાર તમારો વહીએ, જો અભવસિદ્ધિને તારો હો પ્રભુજી"**

**એ ઠપકો દેતાં મૂળ અર્થ વિચારવો જોઈએ.** 'તમે શું વડાઈ કરી ? ભવસ્થિતિ પરિપાક થયા વિના તો મોક્ષ જવાતું નથી !' એમ પ્રભુને ઓળંભો દેવા સાથે સમજી રાખવાનું કે ભવસ્થિતિને પકાવી આપનાર પણ પ્રભુ તમે જ છો ! ભવસિદ્ધિ એટલે ભવ્ય, અભવ્યસિદ્ધિ એટલે અભવ્ય. ખાલી 'ભવ્ય' બોલાય

પણ સિદ્ધિ શબ્દ લગાડતાં ભવ્ય સિદ્ધિ નહિ, પણ ભવ સિદ્ધિ શબ્દ બને અર્થાત્ ભવમાંથી સિદ્ધિ છે જેની. ક્યારેય પણ સિદ્ધિ જેની નથી તે અભવસિદ્ધિ કહેવાય.

જીવ ભવ્ય છે તો મોક્ષે જઈ શકે છે. તેમાં ભગવાને શું કર્યું ! પણ સમજવાનું કે જિનેન્દ્ર ભગવાનનું એવું અચિંત્ય સામર્થ્ય છે કે તમે એમનું ત્રિકરણ શુદ્ધ શરણું સ્વીકારો એટલે તમારી ભવસ્થિતિ પાકે જ. બીજાનું નહિ, પણ એમનું જ શરણ પકવે છે, એ એમના પ્રભાવને ઉપકાર સૂચવે છે. મોક્ષે જવા માટે જ ભવસ્થિતિ પકવવાની છે, તેમાં મોટી સહાય ભગવાન કરે છે. પુરુષાર્થ ભવ્ય કરે, પણ ભગવાનને સહારે !

કર્મ બંધન તો સદાનું છે માટે સદા તે નડતાં રહેશે. વર્તમાનમાં બચવું હોય તો આ એક જ રસ્તો છે કે નવાં કર્મ-બંધનના રસ્તાઓને ટાળતા જાઓ. કોઈની સાથે વાતચીતનો પ્રસંગ આવતાં વિચારો કે નવો કર્મ બંધ થવા દેવો નથી માટે એમાં જૂઠ, ગુસ્સાનો લેપ, માયા-પ્રપંચ ન આવી જાય. જ્યાં સુધી કર્મ બંધન ઊભાં છે, ત્યાં સુધી યોગ્યતાને આડે કર્મ ઊભાં જ રહેવાનાં ! આજનાં કર્મ બાજુએ રાખીએ પણ ભવિષ્યમાં કર્મ ન નડે એ માટે તો તૈયારી જોઈએ ને ? આ બધું પુરુષાર્થથી સાધ્ય છે. એ થાય તો સારામાં સારો લાભ ઊઠાવી શકીએ. મૃગાવતીજીને ઠપકો ને ખંધકના શિષ્યોને ઘાણીમાં પીલાવાનું ! આણે કેવળજ્ઞાન અપાવ્યું ! કેમ ? યોગ્યતા અને પુરુષાર્થ અત્યંત વિકસાવ્યા. બસ આ નક્કી કરો કે જેટલું સાધન-આલંબન હાથમાં આવ્યું એના જ સહારે અંદરની યોગ્યતા અને પુરુષાર્થ વિકસાવવાના.

**ગુરુથી વધારે બુદ્ધિ હોય છતાં :-**

ધનકુમાર અહીં જે પાટિયાને વળગી રહ્યો છે તે એ જ વિશ્વાસથી કે **'તારશે તો આ જ તારશે',** ને એ નિર્ધારથી કે 'ભાગ્ય ગમે તેવું હોય, બચવાનું કે ડૂબી જવાનું, પણ આ પાટિયાને ન જ છોડું' દરિયામાં મોજાં ઊછળી આવે પાટિયું ય ઊછળે, એની સાથે પોતાને ય ઊછળવાનું થાય, પરંતુ પાટિયાને છોડવાનું નહિ. સમજે છે કે 'ભારે મોજું મને ય ઊછાળે તો પાટિયાને ઊછાળે એ સહજ છે. કદાચ હું સીફતથી આઘો ખસી શકું એમ હોઉં અને પાટિયામાં એ સીફત ન હોય, તોય મારે એને વળગ્યા જ રહેવાનું જરાય મૂકવાનું નહિ,' શું સમજ્યા ? કલ્યાણમિત્ર, ધર્મીમિત્ર, ગુરુ,- એમાં આ જ સમજવાનું છે. કાળ એમના પરે ય અસર કરે, સંયોગો એમને ય મૂંઝવી જાય, ડોલમડોલ કરી જાય, પણ એમને આપણે મૂકવાના નહિ, તારશે તો એ જ તારશે. કદાચ આપણી આવડત-બુદ્ધિ વધારે હોય, શાસ્ત્રજ્ઞાન વધારે મેળવ્યું હોય, અને આપણે અમુક સંયોગમાં જુદી રીતે વર્તી



શકીએ એમ હોઈએ, ત્યારે એમનામાં એ આવડત કે જ્ઞાન ન હોય, તેથી અમુક રીતે વર્તતા હોય છતાં આપણે એમને છોડવાના નહિ, વળગી જ રહેવાનું.

**ગમે તેમ પણ પાટિયું નહિ મૂકવાનું :-**

ધનકુમાર પાટિયાને વળગી રહ્યો છે, એમાં એ રાત્રિ ય વીતી, દિવસ થયો, દિવસ પણ વધીને ઓશરવા લાગ્યો, છતાં કિનારો હાથ નથી લાગતો. બીજી રાત્રિ, બીજો દિવસ, ત્રીજી રાત્રિ, ત્રીજો દિવસ, ચાલ્યું. સાત સાત રાત્રિ થવા આવે છે, છતાં કિનારાની પ્રાપ્તિ નથી. ત્યાં ખાવા-પીવાનું શું ? શિંગોડા ય નહિ; ખારું પાણી જ ને ? પીવાય ? પણ શું કરે ? ભારે પરિશ્રમથી તૃષા લાગે તો એ ય પીવાઈ જાય. પણ ખરું ને ? એટલે પીધા પછી તરસ ઘટે કે વધે ! ગમે તે હોય પણ એક વાત નક્કી છે કે પાટિયું છોડવાનું નથી. રોજના ખાનારાને કેટલાય દિવસથી કામણવશ ખાવાનું બંધ થઈ ગયું છે, અને અહીં તો ભૂખમરામાં દિવસો જવા લાગ્યા. રોગથી દુર્બલ થયેલા શરીરમાં હવે અશક્તિ કેટલી બધી આવી હશે ! એ ગમે તેમ પણ પાટિયું મૂકવાનું નથી.

**સાત રાત્રિના અંતે કિનારે :-**

આ ધીરજ સાથે પાટિયાના આશ્રયે સાત રાત્રિના અંતે કિનારો દેખ્યો. પાટિયું કિનારા પાસે જઈ પહોંચ્યું. હવે પાટિયાનું કામ નથી. સંસારના કિનારે મોક્ષભૂમિ પર પહોંચ્યા પછી ગુરુનું કામ નથી; પણ ત્યાં સુધી ગુરુને પકડી રાખવા જ જોઈએ, એમનું આલંબન મૂકાય જ નહિ. ધીરજના ફળ મીઠાં. મોટા મહાસાગરમાંથી પણ ધીરજે બચાવ્યો. અધીરાઈ કરી હોત તો જાત નીચે !

**ધર્મ અને પાપોદય :-** કહો, પાટિયાએ જલદી ફળ દેખાડ્યું ? ના, ત્યારે તમારે ધર્મનું ફળ તરત જોઈએ છે ને ? અહીં દાન દઉં ને ઝટ પ્રશંસા-તકતી કેમ ન મળે ? એ જ ઝંખના છે માટે ગુપ્ત દાન, ઘરખૂણે ખાનગી દાન, કે જેમાં બીજા જાણે નહિ એમાં દાન કરવું મુશ્કેલ થઈ ગયું છે. ધીરજ હોત તો થાત કે 'ધર્મના તો બહુ ઊંચા ફળ મળવાનાં છે, પણ તે કાળ વિલંબે; માટે ધીરજ રાખું.' હરકોઈ ધર્મમાં આ ખ્યાલ રાખવાનો છે, ધૈર્ય બરાબર જાળવવાનું છે. વર્તમાન તકલીફ કે પાપના ઉદય સામે એ નહિ જોવાનું કે 'આ ક્યાં મીટે છે ?' બસ, ધર્મ કર્યે જ જવાનો ખૂબ કર્યે જવાનો. ધનકુમારે ધીરજ રાખી'તી તો કિનારો દેખવા પામ્યો.

**બીજો મહાન લાભ :-** આટલું જ નહિ પણ એને એક બીજો જબરદસ્ત લાભ થઈ ગયો. દરિયામાં સાત રાત્રિ અને છ દિવસ પૂરા રહ્યો હતો. અન્નનો કે બીજો દાણોય ખાધો નથી, ઉપરથી ખારું પાણી પેટમાં ગયું હશે, અને બહારથી ચોવીસેય કલાક ખારા પાણીનો જ સંપર્ક, એ બધાએ આનું શરીરયંત્ર હચમચાવી નાખ્યું, રોગ

તો લાંઘણો અને ખારા પાણીથી ખત્મ થઈ ગયો. હવે તો સાચી ભૂખ લાગી છે, જાણે નવું જીવન મળ્યું એવું થાય છે. રોગ બધો ગયો, સ્વસ્થતા અને સુઘડ શરીર થઈ ગયું. કહો, દરિયામાં પડ્યો તે સારું કે વહાણમાં હતો તે સારું ?

પડ્યા પછી પાટિયું મળ્યું તે સારું કે બીજું કોઈ વહાણ મળ્યું હોત તો તે સારું ?

પાટિયું એક જ દિવસમાં કિનારે પહોંચાડત તે સારું કે અનેક દિવસો દરિયામાં રખડાવી પહોંચાડ્યો તે સારું ?

**દેખીતું ખોટું એ સારું નથી ? :-**

સંયોગોને રડો છો ને ? દેખીતું કંઈક પ્રતિકૂળ આવે તો ઝટ મન બગાડો છો ને ? પણ એ જોતા નથી કે, એમાંથી જ કંઈક લાભ થવાનો હશે. ધનકુમારના આ પ્રસંગ વિના એમને એમ કોઈ પૂર્વના ત્રણ પ્રશ્ન પૂછે તો એમ જ કહો ને કે દરિયામાં પડ્યો તે ખરાબ; પાટિયાને બદલે વહાણ મળ્યું હોત તો સારું; પાટિયે એકજ દિનમાં પહોંચાડ્યો હોત તો ઠીક થાત' પણ અહીં ઊલટું કહેવું પડે છે. કેમકે એ બધું જ લાભમાં ઊતર્યું છે.

**લાભની દૃષ્ટિના લાભ :-**

બસ આ રીતે દરેક પ્રસંગને નિહાળતાં આવડે તો હૃદયમાં આનંદ-આનંદ ભર્યો રહે, સંતાપ થાય જ નહિ. કાણાંવાળાં ખીસામાં પાંચની નોટ નાખીને નીકળ્યા ને રસ્તે પડી ગઈ, ખબર પડી ત્યાં જો એમ થાય કે 'સારું થયું, સોની નોટ નાખીને ન નીકળ્યો,' તો આનંદ છે 'સારું થયું આનાથી હવે બોધપાઠ મળ્યો કે ખીસું કે બીજું કાંઈ તપાસ્યા વિના કામ એમજ ધબડાવવું નહિ,' તો બળતરા થાય ? કોઈની શિખામણ એકલી યાદ ન રહેત તે આ પાંચનું નુકસાન બરાબર યાદ રખાવશે,' - આમ લાભનો હિસાબ માંડો તો આનંદ છે !

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૨૦,તા.૬-૨-૧૯૬૦

**દૃષ્ટિ સુધારો, એકલાં નુકસાન, એકલી પ્રતિકૂળતા જોયા કર્યા વિના, લાભ જુઓ, કોઈને કોઈ પ્રકારની એમાં રહેલી અનુકૂળતા જુઓ.**

(૧) હૈયું એથી ઘણું ફોરું રહેશે.

(૨) શોક સંતાપ, ઉદ્વેગ અકળામણ ને, બીજા પર દ્વેષ-ધમધમાટ વગેરે બહુ ઓછા થઈ જશે.

(૩) દુર્ધ્યાન અને પાપના પોટલાંથી બચી જવાશે.



(૪) નિર્મળ મનમાં શુભભાવનાઓને સારો અવકાશ મળશે.

(૫) ધર્મમાં સ્થિરતા રહેશે.

(૬) ધર્મ કરવાને ઉલ્લાસ જાગતો રહેશે. નહિતર તો એક ઉદ્વેગ ઊભો થયો પછી, ધર્મના પ્રેમી છતાં, ધર્મ કરવાનો ઉલ્લાસ નહિ રહે, ધર્મમાં સ્થિરતા નહિ રહે.

લાભ અને કોઈને કોઈ રીતની અનુકૂળતાની દૃષ્ટિ કેળવવાથી કેટલા બધા લાભ !

ધનકુમાર નિરોગી થઈને સમુદ્રકાંઠે ઊતર્યો અને એને પોતાની જાતને પુનર્જીવન પામ્યા જેવો આનંદ થયો. થાકી ગયો છે એટલે એક તિમિરના વૃક્ષ નીચે બેસે છે. હવે એના મનમાં વિચાર આવે છે. વિચારણા એને કેવી આવે છે, તે જોવાનું છે. નજર સામે બધો પ્રસંગ છે કે 'પત્નીએ હડસેલો માર્યો ને હું દરિયામાં પડ્યો !' એ ઘોર દરિયામાંથી પોતાનો ઉદ્ધાર શી રીતે થયો, તે બધી ખબર છે, તે વખતે કેવી વિચારણાનો ધોધ છૂટે ને આ ધનને કેવી વિચારણા છૂટે છે ? તેનો અભ્યાસ કરવો પડશે. તો હૃદયનું ઘડતર ક્યાં થાય એનો ખ્યાલ આવશે.

**ધનકુમારની વિચારણા :-**

ધન ઝાડ નીચે બેસી વિચારમાં ચઢે છે કે અહો સ્ત્રી-જાતિમાં કેવી માયા બહુલતા ! વારે વારે એને કપટ રમવા જોઈએ એમાં વિશેષે કરીને આ ધનશ્રીની કેવી નિર્દયવૃત્તિ ! કેટલું મારા જેવા ઉપર પણ ઘાતકીપણું ? આજ સુધી હું જાણતો હતો કે એને મારા પર પ્રેમ છે, પણ આટલું અસાધારણ વેર છે મારા પર ? ભલે આપત્તિ મારા કર્મના યોગે છે; જીવને જે કંઈ આપત્તિ આવે છે તે સ્વકર્મના યોગે આવે છે; પણ આ આચરણથી એણે એના પિતાનું અને અમારું કુળ એમ ઉભય કુલને કલંકિત કર્યું 'કોની છોકરી ? કોને ત્યાં આવેલી ?' 'ફલાણાની અને અમુકને ત્યાં આવેલી જવા દો ! એ કુળોની વાત !' એમ થાય. એણે મને દરિયામાં ફેંકી દીધો, તેથી એને શું મળ્યું ? ઊલટું હવે તો એને વિધવા બાઈ થઈને રહેવું પડશે. ત્યારે વિચાર થાય છે કે આમ કરવાનું કારણ શું હશે ? અથવા બીજું કારણ શું શોધવું હતું ? સ્ત્રી-જાતિમાં અવિવેક ઘણો હોય છે, તો એથી વધીને બીજું શું કારણ પૂછવાનું હોતું જ હશે ? મૂળ કારણ અવિવેક જ છે. જો એનામાં વિવેક હોત તો એ આવું પગલું ન ભરત.

ધનકુમાર અકાર્યની જડ પકડે છે. **અવિવેક એ અકાર્યની જડ છે.** આ સામાન્ય વચન છે. સ્ત્રીઓમાં પણ અપવાદ હોય છે. એવીય સ્ત્રીઓ જગતમાં વિવેકી હોય છે કે ધણી તરફથી ભલે ત્રાસ મલતો હોય, સહન કરી લે છે. આપણે સ્ત્રીજાતિ

એટલે ? ખરાબ સ્ત્રીજાતિમાં માયા-પ્રપંચ, અકાર્ય હોય પણ આપણે સારી સ્ત્રીજાતિ, આપણે શરમમાં રહેવાનું, સહવાનું ! અકાર્ય નહિ કરવાનું.' સારા ઘરો સ્ત્રીના વિવેક ઉપર ચાલે છે. એને અનેકની સાથે કામ લેવાનું, એમાં માનસિક સંઘર્ષના પ્રસંગ આવ્યા કરતા હોય છે. પરંતુ એનો વિવેક, ખાનદાની અને શરમ સહિષ્ણુતા એની અને ઘરની શોભા રાખે છે. જો આપણે ખાનદાન છીએ, તો આપણે સહન કરવાનું ને શરમમાં રહેવાનું એ ખાનદાનીનો અમલ. ધમાધમ કરે તો છાજે નહિ પણ લાજે.

ધનકુમાર વિચારે છે કે સ્ત્રી જાતિમાં અકાર્યનું મોટું કારણ અવિવેક છે જ, તો પછી અમુક બની ગયું એમાં શું કારણ એવું કોણ પૂછે છે ? સ્ત્રી નામ જ એનું જ કે જે દોષોનું નિવાસસ્થાન હોય. સ્ત્રી એટલે દોષોનું ઘર છે ! સાહસોનું નિમિત્ત છે ! કપટો કેળવનારી છે ! મૃષાવાદનું ક્ષેત્ર છે ! અકલ્યાણ માર્ગનો દરવાજો છે ! આપત્તિનું ઘર છે ! નરકની પગથી છે ! શુભ કૃત્યો રૂપી નગરમાં પ્રવેશ કરવામાં તે આડે અર્ગલા છે !'

**સ્ત્રીપણામાં સુલભ દોષો :-**

ધનકુમાર સ્ત્રી જાતિની જે ઓળખ કરી રહ્યો છે એ ધ્યાનમાં લેવાની છે. જેથી અનર્થના મૂળભૂત કામરાગમાં અંધ ન બની જવાય. આમ ધ્યાન રાખજો સ્ત્રીઓ ઉપર દ્વેષિલા કે નિંદાખોર નથી બનવાનું, પરંતુ માતા-પિતા અને દેવ-ગુરુને તરછોડી સ્ત્રીની પાછળ ઘેલા બનતા અટકવાનું છે.

**સ્ત્રી દોષોનું ઘર શાથી ?** ધન એ વિચારે છે કે સ્ત્રી એટલે દોષોનું નિવાસસ્થાન. જગતમાં દોષોને રહેવું હોય તો ક્યાં કાયમી મુકામ કરે ? વળી બીજે ક્યાં ? સ્ત્રીઓમાં. કર્મસિદ્ધાંતની દૃષ્ટિએ જોશો તો જણાશે કે સ્ત્રીવેદ નામનું કર્મ બાંધવામાં હલકુ ગુણસ્થાનક અને હલકા માયા-પ્રપંચ-નિર્દયતા વગેરે કારણો જોઈએ છે, અને એ કારણો હોય એટલે જીવ અનેક બીજી પણ પાપ પ્રકૃત્તિઓ અને એ દોષોના મોહનીય કર્મ બાંધે છે. પછી એના વિપાક થયે શું જોવા મળે ? દોષો કે ગુણો ?

ત્યારે બીજી દૃષ્ટિએ જુઓ કે સ્ત્રીએ ઘરમાં રહેવાના જીવનવાળી છે, પરણીને પારકા કુટુંબમાં આવનારી છે, ભોગ્ય વસ્તુ છે, નાજુક હૃદય ધરનારી હોય છે, મોહક હોય છે, ઈત્યાદિ કેટલીય ખાસિયતો પુરુષ કરતાં એવી વિલક્ષણ ધરાવે છે કે જે એને દોષસેવનની સુલભતા કરી આપે છે. આજે તો અનુભવ પણ કરો છો કે પત્નીના જ કારણે પુત્રો વર્ષોના અનુપમ ઉપકારી માતા-પિતા સાથે ઝગડે છે, ને જુઆરું લે છે ! સ્ત્રીઓનાં કારણે સગા ભાઈઓમાં સ્નેહના ભંગ થાય છે, અને



બહેનો અળખામણી બને છે ! સારું દાન દેવું હોય, સાધર્મિક ભક્તિ કરવી હોય, કે વ્રત-પચ્ચખાણ-તપ કરવા હોય, પણ સ્ત્રીઓ આડી આવે છે ! કેમ વારુ ? ધનકુમાર વિચારે છે તેમ, એમસ્તો કે સ્ત્રીજાતિ દોષોનું નિવાસસ્થાન છે, તે એક બે દોષનું નહિ, દોષોના ઢગલાનું.

જ્યારે સ્ત્રીમાં દોષો ભર્યાં જ હોય, પછી આ ધનશ્રી પત્ની ગણાતી છતાં પતિ પ્રત્યે આટલી બધી નિર્દય બને એ સહજ છે. ત્યારે પતિ પર એના વૈરની ગાંઠ કેટલી બધી અસાધારણ હશે ! કાર્ય પરથી કારણનું અનુમાન થાય છે. દોષોની પ્રબળતાથી એણે તો પિયર અને સાસરું, બંનેના કુળને કલંક લગાડ્યું; હલકા પાડ્યા ! ઊંચા કુળના માણસમાં આ હોય ?

**સ્ત્રી એ સાહસોનું નિમિત્ત :-**

ત્યારે એ દોષો શા શા છે ? ધનકુમાર વિચારે છે કે સ્ત્રી એ સાહસોનું નિમિત્ત છે. જાતે સાહસ અને બીજાને સાહસ કરાવવામાં સ્ત્રીપણું કારણ બને છે. એમાં જાતે તો વાત-વાતમાં સાહસ કરી બેસશે. પ્રવૃત્તિનું પરિણામ, પોતાની શક્તિ, ગજું, પોતાની યોગ્યતા, અધિકાર, સંયોગ, દેશકાળ, કાંઈ વિચાર્યા વિના અંતરમાં ઉર્મિ ઊછળી માટે બોલી-ચાલી નાખ્યું એ સાહસ છે. પોતાના મનથી પરિણામ વિચારે તો ય જો તે પોતાના હૈયે સ્વાર્થ યા કોઈ પૂર્વગ્રહ રાખીને હશે, તો પણ તે જાતની વાણી-વર્તાવના પરિણામનો સાચો અંદાજ ધ્યાનમાં આવશે કે કેમ એમાં શંકા છે. તેથી પણ સાહસ થઈ જવા સંભવ છે. સ્ત્રીનાં હૃદય ઉર્મીશીલ હોય છે, અને એથી સાહસને ઝટ અવકાશ મળે છે; સાહસમાં તુચ્છ બોલ બોલી નાખે છે, તુચ્છ વર્તાવ કરી નાખે છે. ત્યારે આજે જો પરસ્પરમાં કલેશ જોવા મળતો હોય, તો તેની પાછળ મોટા ભાગે આ સાહસ જ કારણભૂત તરીકે જોવા મળશે. સામાની ભૂલ દેખી ત્યાં ઝટ છણકો કરી દેવો, ઠપકો ઠોકી દેવો, કે મોઢું બગાડી નાખવું એ સાહસ છે. એમાંથી આજે જુઓ કેટલી સાસુઓ કેટલી વહુરો, કેટલી નણંદો-ભાભીઓ કે દેરાણી-જેઠાણીઓ બચે છે ? બસ, આવા નાનકડા સાહસમાંથી મોટા અંટસ પડી જવાની શરૂઆત થાય છે; કેમકે પછી પોતાના અહંત્વને પોષવા માટે અધિકાધિક સાહસને આચર્યે જવાનું બને છે. ધનશ્રીએ તો ત્યાં સુધીનું સાહસ કર્યું કે પતિને દરિયામાં હડસેલી દીધો. પતિ ધનકુમાર એજ વિચારી રહ્યો છે કે સ્ત્રીપણું સાહસોને પ્રેરવામાં નિમિત્ત બને છે. સાહસ કરતાં એ પાછું વાળીને જોતી નથી.

**સ્ત્રી કપટનું કારખાનું :-**

વળી એ કપટોની ઉત્પત્તિ છે; ઉત્પત્તિસ્થાન છે, કારખાનું છે. સ્ત્રીસ્વભાવમાં

માયા-કપટ માટે સહજતા હોય છે. પહેલાં કહી આવ્યા છીએ કે એના સંયોગો પરિસ્થિતિ એવા છે એટલે પોલિસી-ચાલાકીથી વર્તે તો સુખે જીવી શકે એમ એને લાગે છે. વેશ્યાપણું કરનાર તો અમુક જ સ્ત્રીઓ હોય છે કે જે કપટથી રમે કોક સાથે, કપટથી ઈશારો બીજાને કરે, અને કપટથી મનમાં ત્રીજાને રાખે ! પણ ઘર માંડીને બેઠેલી સ્ત્રીઓ તો દુનિયાભરમાં ઘરેઘરમાં મળે. એનેય કપટભર્યું જીવન જીવવા જોઈએ છે. હૈયાના ભાવ જુદા જ છે છતાં એને છુપાવી કંઈક જાતના માયાભર્યા બોલ બોલતી હશે, માયાભર્યા વર્તાવ કરતી હશે. ખુદ ધણી કે જેની સાથે જીંદગી વીતાવવી છે એના પ્રત્યે પણ સાફદિલી અને નિખાલસ વર્તાવ નહિ ! પરલોકનો કોઈ વિચાર નથી કે આ સ્ત્રીપણું માયાથી તો ઉપાર્જી લાવી છું ને એમાં કેટલીય પરાધીનતા, વેઠ અને પુરુષોની જોહુકમી વેઠી રહી છું. તો હવે ફરી આ લોથ માટે તૈયારી કાં કરું ? પરાધીનતા વગેરે અનિષ્ટો એને છે કે નહિ ? વિષય વાસના અને કષાયના આવેશમાં ન લાગે એ જુદી વસ્તુ છે, પરંતુ હકીકત એ જ છે, વેઠ પરાધીનતા એવી કે પુરુષ તો જરાક શી ક્રીડા કરી આઘો રહે છે, ને નવ-નવ મહિના ગર્ભને સાચવવાનું અને પ્રસૂતિની ભારે પીડા વેઠવાનું સ્ત્રીના માથે જ રહે છે. એટલી પીડા ભોગવીને ય છુટકારો નથી. છોકરા મોટા કરવાનું ય એના માથે હોય છે; અને આ બધાની ઉપર કમાઉ દીકરાની અને એની વહુની ગુલામી જોહુકમી પણ એને વેઠવી પડે છે ! કેવું સ્ત્રીપણું ! એમાં પાછું સુખે જીવવાનું કપટથી જ બની શકે, એમ એને લાગે છે. એવા કપટોભર્યા જીવનનો દારુણ અંજામ કેવો ! અબળા ગણાતી એ સાહસ અને કપટ કેળવવામાં ભારે સબળ હોય છે.

**મૃષાવાદનું ક્ષેત્ર** :- કપટનો અરેકારો નથી, પછી જૂઠ બોલવાનો આંચકો શાનો હોય ? કપટવૃત્તિનાં બીજ ઉપર સ્ત્રીજીવનમાં મૃષાવાદનો પાક નર્યો સર્જાય છે. માટે ધનકુમાર વિચારે છે કે સ્ત્રી એ મૃષાવાદનું ક્ષેત્ર છે. ખાસ કાંઈ લાભ નથી, છતાં જૂઠ બોલીને પોતાની હોશિયારી સાચવવા જશે, સામાને સારું લગાડવા મથશે. જુઠ્ઠો દુકાનદાર તો દુકાનગીરી કરતી વખતે જ જૂઠ બોલશે, પણ સ્ત્રીને તો ચોવીસેય કલાકનો ઘરવાસ એ જ દુકાનગીરી કહો કે ગમે તે, પણ એમાં એને જૂઠ વ્યવહાર અમુક જ કલાકનો ન રહ્યો ને ? એકેન્દ્રિયપણામાંથી છૂટી ઠેઠ માનવના અવતારે ચઢી ગયા પછી પણ આ કેવી વિટંબણા !

## • પંડિતની કથા : સ્ત્રીચરિત્ર •

કપટ અને જૂઠના મજબૂત પાયા પરનો જગતમાં કહેવાય છે કે સ્ત્રીચરિત્ર



ઘણું દુર્ગમ હોય છે; સમજવું કઠીન હોય છે, ભલભલા બુદ્ધિમાન પુરુષો અને શાસ્ત્રજ્ઞજનો ત્યાં છકડ ખાઈ જાય છે. એક પંડિતે કોઈ રાજાની સભામાં જઈને ખૂબ વિદ્વત્તાપૂર્ણ શાસ્ત્રનાં તત્ત્વોની વાતો કરી. રાજા મુગ્ધ થઈ ગયો. પંડિતને દેવનો અંશ હોય એમ એ જુએ છે. પછી તો એનો પરિચય સાધવા લાગ્યો, અને પંડિતે એમાં શુદ્ધ બ્રહ્મ અને માયા ઉપર વિવેચન કરીને એટલો બધો વૈરાગ્ય પીરસ્યો કે રાજાનું મન વિષયો પરથી ઊઠી ગયું.

રાણી વિચારમાં પડી કે 'આ રાજા કેમ હવે મારી સાથે એવા પ્રેમ-આલાપ વગેરે નથી કરતા ? કેમ એ ઉદાસ-ઉદાસ જેવા દેખાય છે ?'

એણે રાજાને એક દિ' પૂછ્યું, 'કેમ કાંઈ હમણાં ઉદાસ રહો છો ? શું કોઈ શારીરિક કે બીજી કોઈ તકલીફ ઊભી થઈ છે ?'

રાજા કહે છે, 'ના...રે..., કાંઈ તકલીફ નથી. ઈશ્વર કૃપાએ બધું બરાબર છે.'

'તો પછી આમ ઉદાસ કેમ ? પહેલાં તો મારી સાથે હસીને બોલતાં-ખીલતાં; ઊલટી હું ખોટું ખોટું રીસાઉં તો તમે ભારે મનામણાં કરતા; ને હવે કેમ એમાંનું કાંઈ નથી દેખાતું ? કહો ન કહો પણ કંઈક તમારા મનમાં ઉદ્વેગ જેવું છે.'

રાજા ઉત્તર કરે છે, 'દેવી ! ઉદ્વેગ કશો જ નથી. માત્ર પહેલાં હું ભાન ભૂલેલો હતો હવે મને કંઈક દૃષ્ટિ ખૂલી છે, એટલે એ બધાં ગાંડાવેડા હવે મને ગમતા નથી,'

'હા આ...શી દૃષ્ટિ ખૂલી છે ?'

'એજ કે બ્રહ્મ સત્યં, જગન્મિથ્યા.' આ બધું આપણે કરતા હતા એ સ્વપ્નના ચાળા છે. સારી ય દુનિયા એક સ્વપ્નની જ માયા છે, મિથ્યા છે, સાચું એક માત્ર શુદ્ધ સચ્ચિદાનંદ બ્રહ્મ છે. જીવ અવિદ્યાવશ મિથ્યા જ્ઞાન અને મિથ્યા પ્રવૃત્તિ કરી કરી ચોરાશી લાખના ચક્રમાં ભ્રમણ કરે છે, પુનરપિ જનનં, પુનરપિ મરણં, પુનરપિ જનની જઠરે શયનં. અનંતા જન્મ-મૃત્યુ, અને અનંતી યાતનાઓમાં જીવ કુટાય છે. દેવી ! તે પરમ શુદ્ધ બ્રહ્મપદની પ્રાપ્તિને યોગ્ય માનવભવે તો હવે એ મિથ્યાજ્ઞાન અને મિથ્યા પ્રવૃત્તિ મૂકી દેવાના હોય' રાજાએ ભાષણ ચલાવ્યું.

રાણી ચોંકી ઊઠી; કેમકે એને તો ભોગ લંપટતા હતી, તેથી આ ભાષણે કોઈ સીધી અસર ન કરી. વિષયલંપટ જીવોને ધર્મોપદેશ, અકારો લાગે છે. રાણી સમસમી ઊઠી, પણ અંદરથી. બાકી તો માયાના મંદિર સમી એ સ્ત્રી જાત છે ને ? રાજાના શબ્દોને બહારથી વધાવી લીધા.

'એમ છે ? હા, તો આ દૃષ્ટિ કોણે ખોલી આપી ?' એણે પૂછ્યું.

રાજા કહે છે, 'એક મહાવિદ્વાન પંડિતજી આવ્યા છે. શો એમનો

ઉપદેશ ! કેટલું અગાધ શાસ્ત્રજ્ઞાન.'

રાણીને મનમાં થાય છે કે 'હં ! આ બધું તોફાન એક પંડિતનું છે ? ઠીક છે એને જ સાણસામાં લઈશ.'

રાણી કહે છે, બરાબર ! બરાબર ! તો હવે મને પણ તમે થોડું-થોડું ચખાડતા રહેજો.

રાજા ખુશી થયો. તે પછી રાણીએ પંડિતની તપાસ કરાવી અને વિશ્વાસુ હોશિયાર દાસીને એની પાસે મોકલી.

દાસી કહે છે, 'પંડિતજી મહાશય ! આપ તો કેવળ રાજા સાહેબને ઉપદેશ દો છો. પણ અમારા રાણી સાહેબને આપનું સાંભળવા ઈચ્છા છે, તો મહેલમાં પધારો.'

પંડિત કહે છે, 'નહિ, બિલકુલ નહિ. હું સ્ત્રીચરિત્રને જાણું છું સ્ત્રીનું મોં જોવા નથી માગતો.'

'પણ કહો તો પડદો કરાવી, એમાં રાણી સાહેબ બેસી રહેશે; ને આપ ઉપદેશ દેજો.'

પંડિત કહે, 'હું વિચાર કરીશ.'

દાસી ગઈ, રાણીને વાત કરી રાણી વિચારે છે કે 'અરે ! આ સ્ત્રીચરિત્રને જાણવાનો દાવો રાખે છે ? મોટા ઋષિ-મહર્ષિઓ નથી જાણી શક્યા એ સ્ત્રીચરિત્રને આ પંડિત મરગડું જાણી શકે ? હવે તો બે કામ કરવા રહ્યા; એક તો એને સ્ત્રીચરિત્ર કેવાં અગમ-દુર્ગમ છે એ સમજાવું, અને બીજું રાજાને એના ફાસલામાંથી છોડાવું.'

દાસીને બીજે દિવસે પંડિત પાસે સોનાની ગીનીઓ લઈને મોકલી. એણે જઈને નમસ્કાર કરી પંડિતજીના ચરણે ગીનીઓની ઢગલી કરી દીધી. પછી કહે છે.

'મેં રાણી સાહેબને આપની બધી વાત કરી. એ આપની અડગતા જોઈ ખૂબ પ્રસન્ન થયા, અને એ માને છે કે 'ખરેખર ! આજે અમારા રાજ્યમાં દેવનો અવતાર ઊતરી આવ્યો છે, તેથી અમે ધન્ય બન્યા છીએ. આપ આપના આચારમાં રહો એથી એ બહુ ખુશી છે; અને સમજે છે કે આવા દેવાંશી પુરુષના શ્રીમુખેથી બે વચન રત્નો પ્રાપ્ત કરવા એ મહાન અહોભાગ્યનો વિષય છે. અમે તો કેઈ પાપના ઉદયે સ્ત્રી અવતાર પામ્યા છીએ, પરંતુ જો કાંઈક સદ્બોધ મળશે તો અમારો ઉદ્ધાર થશે.'

પંડિત શું લેક્ચર કરતો હતો ? રાણી તરફથી દાસીએ હૃદયવેધી લલકાર્યું. શું આ ? કપટ અને જૂઠ, કે બીજું કાંઈ ?



પંડિત પીગળ્યા, અને મહેલમાં આવવા સંમતિ આપી. દાસીએ પણ એવો સમય આપ્યો કે પંડિતને ધરપત રહે કે એમાં એકાંત હશે, તેથી રાજાને ખબર નહિ પડે. રાજાને તો એણે વારંવાર સમજાવ્યું છે કે સ્ત્રીનું મોં જોવું એ પણ ભયંકર પાપ છે. એટલે હવે 'રાજાની જાણકારીમાં આ મુલાકાત ક્યાંથી ગોઠવી શકે ?' એવું પંડિત મનમાં સમજે છે.

પંડિતજી આવ્યા. વળી રાણીએ ગીનીઓથી એમનું ચરણપૂજન કર્યું, અને પંડિતજીના ખૂબ ગુણ ગાયા. પૈસો અને માન બેઉ મળ્યા; પછી શું બાકી રહે ? પંડિતજીનો સ્ત્રીઓ પ્રત્યેનો અણગમો નરમ પડી ગયો. મહાપુરુષો કહે છે.

**'રસના, રામા ને રમાજી, એ ત્રણ પાતક મૂળ,**
**એહની અહનિશ ચિંતનાજી, તેથી ભવ થયા થૂલ (સ્થૂલ)'**

એક જીભડી, બીજી નારી, અને ત્રીજી લક્ષ્મી, એ ત્રણ પાપનું મૂળ છે. એની રાત ને દિવસ ચિંતા-વિચારણા કરતાં-કરતાં જ આ સંસારમાં મોટમોટા ભવ સર્જાયા છે.'

પંડિતજીએ ઉપદેશ કાઢ્યો. ત્યાં રાણી પૂછે છે.

'મહારાજ ! સ્ત્રીચરિત્રનો પાર કોઈ પામી શકે ?

પંડિતજી કહે છે, 'એમાં શું છે ? એ તો અજ્ઞાનને મુંઝવે, વિદ્વાન તો એને જાણે છે. માટે જ સ્ત્રીઓના સંસર્ગથી આઘા રહે છે.'

'ઠીક ત્યારે તત્ત્વ શું ?... એમ પ્રશ્ન ઉપર વાત ચાલી, એટલામાં રાજા દાદરે ચઢી આવવાનો અવાજ સંભળાયો ! પંડિતને થાય કે 'અત્યારે રાજા ક્યાંથી ?' પણ રાણીએ બરાબર ગોઠવી રાખ્યું હતું કે આ જ રીતે પંડિતજી બેઠા હોય અને રાજાને આવવાનો સમય થાય. છે ને સ્ત્રીઓનું સાહસ અને માયા ?

પંડિતજી ગભરાયા, 'હાય ! રાજા જો જુએ કે રાણી સાથે હું એકલો બેઠો છું, તો તો એ એને અપાતા મારા રોજના ઉપદેશનો અર્થ શો કરે ? અને મારી વલે કેવી થાય ?' હવે તો બીજો ઉપાય નહોતો, રાણીને કહે છે.

'મને જલદી ક્યાંક સંતાડ.'

રાણી કહે છે, 'મુંઝાશો નહિ પણ અહીં તો બીજી ઓરડી નથી. માત્ર આ એક પેટી છે, એમાં છુપાઈ જાઓ.'

પંડિત શું કરે બીજું ? છૂટકો નહોતો, પેટીમાં લપાઈ ગયા.

રાણી કહે છે 'જુઓ રાજા અમથું ઉઘાડવા ન જાય માટે તાળું મારું ને ?'

'હા, હા, એ ઠીક છે. મારો' પંડિત હાથે કરીને સંમતિ આપે છે. સ્ત્રીચરિત્રની એને શી ખબર ? હજી તો એ રાણીને ઊંચો સારો જીવ દેખે છે.

રાણીએ તાળું લગાવી દીધું.

એટલામાં રાજા આવ્યો. રાણી કુશળ સમાચાર પૂછી રહી છે, ત્યાં તો રાજાને ગમે ત્યાંથી ખબર પડી હોય, એટલે પૂછે છે, 'અહીં પંડિતજી આવ્યા હતા ને ?'

રાણી કહે છે, 'પંડિતજી ? એ તો, તમે કહેતા હતા ને કે, કહે છે સ્ત્રીનું મોઢું જોવામાં પાપ છે, તે અહીં આવે ?'

'તમે સ્ત્રીઓ બહુ માયાવી એ વાત સાચી છે, હું પૂછું છું એનો સીધો જવાબ 'હા' કે 'ના' કહેવાને બદલે પ્રશ્ન ઉડાડવાની જ વાત !'

રાણી મોઢું બગાડતી રડતી સુરતે અને ઓશિયાળા કરતી કહે છે, 'લ્યો બસ ! અમે તો હવે સાવ નકામા ને નિર્ગુણી ! અમારો એક બોલ પણ ઊંધો !'

રાજા ગળગળો થઈ કહે છે, 'હશે રહેવા દો, તમને એટલામાં ખોટું લાગ્યું ? કાંઈ મન પર લાવતા નહિ. આ તો હું સહેજે પૂછું છું કે પંડિતજી અહીં આવ્યા હતા ને ?'

પંડિત પેટીમાં પડ્યો પડ્યો દિંગ થઈ જાય છે, 'શું સ્ત્રીનું ચરિત્ર ! કેટલી કળા ! કેવી ભારે ચાલાકી કે રાજાને ગદ્ગદ કરી મૂક્યો !'

પણ એટલામાં તો રાણી કહે છે, 'હા, આવ્યા હતા, આ પેટીમાં છે !'

પંડિતને આ શબ્દ સાંભળતાં તો હોંશકોશ ઊડી ગયા. એમાં વળી અધૂરામાં પૂરું, વાત આગળ વધે છે. રાજા આશ્ચર્યથી પૂછે છે.

'પેટીમાં ?'

'હાસ્તો ! પંડિતને સ્ત્રીનું મુખ જોવામાં પાપ લાગતું હોય, તો અમને શું પર પુરુષની છાયા સરખી ય સહન થાય ? એ તો અહીં આવ્યા એટલે મેં આ પેટીમાં પૂરાવી દીધા.'

બસ પંડિતને ધ્રાસકો પડે છે.

રાજા કહે છે, 'એમ ? તે પંડિત આવો લુચ્ચો ? મને ઉપદેશ આપે છે કંઈ ને પોતે વર્તે છે કંઈ ?'

'તો નાથ ! સ્ત્રીચરિત્ર કરતાં તો પંડિત ચરિત્ર સમજવાં કઠિન પડશે.'

'લાવ લાવ ત્યારે એ હરામીને અહીં બહાર કાઢી આ તલવારનો સ્વાદ ચખાડી દઉં !'

પંડિતને ગભરામણનો પાર નથી. મનને થાય છે, 'આ પંડિતચરિત્રની માંડે છે, પણ એનું ચરિત્ર ક્યાં ઓછું છે ? બસ, હવે તો મારું આવી બન્યું તલવારના એક ઘાએ મારા બે ટૂકડા !'

રાજા પૂછે છે પણ આને તો તાળું મારેલું છે ને !'



રાણી કહે છે, હા, લો આ ચાવી !' એમ કહીને ચાવી આપે છે.

અને રાજા જ્યાં તાળું ખોલવા આવે છે, ત્યાં તો પંડિતજીને એટલો બધો ભય વધી ગયો કે ત્યાં ને ત્યાં પરસેવાથી રેબઝેબ અને પેસાબ છૂટી ગયો. તેય બિચારા 'આ બહાર ન રેલાય એ માટે ધોતિયામાં દાબી દે છે, હવે તો પાકો ફડફડાટ છે કે 'રાજાએ આ તાળું ખોલ્યું ને હું આ પકડાયો ! હે ભગવાન ! આ સ્ત્રીજાતિના ફંદામાં હું ક્યાં ફસાયો ? હાથે કરીને ગીનીઓથી લલચાઈ અહીં આવ્યો. પ્રભુ ! આમાંથી જો બચાવી લે તો ફરી જિંદગીમાં સ્ત્રીનું મોઢું ય ન જોઉં.'

હેં ? આરપાર શિખામણ શાસ્ત્રની લાગે કે આવી કોઈ ફસામણીની ? ફસામણીની પણ લાગે ને કાયમી ટકે તો ય ભાગ્યશાળી ! નહિતર તો ફસામણીમાંથી છુટ્યા પછી પાછા એના એ રહેવાય છે.

**નારીની જાત વાઘણથી ભૂંડી :-**

વાઘણ તો એની પકડમાં આવે એને પૂરો કરે, પણ આ નારી તો એના કટાક્ષમાં પણ આવે એને એવો ગળિયો ઘેંસ કરી દે કે પછી લાગ્યો એની પૂંઠે. વાઘણ તો અહીં એક મૃત્યુ પમાડે. ત્યારે નારી તો આ ભવચક્રમાં અનંતા મૃત્યુ સુધી પહોંચાડી દે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૨૧,તા.૬-૨-૧૯૬૦

પંડિતને તો, જ્યાં એ રાજા ચાવી ખટાક તાળામાં ઘાલવાનો અવાજ આવે છે ત્યાં કંપી રહ્યો છે ! હવે તો ચોક્કસ લાગે છે કે 'આ હમણાં તાળું ખૂલ્યું, પેટી ઊઘડી, અને હું પકડાયો. આ રાણીએ શું કર્યું ? કેવાં એના ક્રૂર ચરિત્ર !'

અહીં રાજાને મુશ્કેલી પડી છે, તાળું ખૂલતું નથી. ખોલવું તો છે જ, એટલે જોરથી ખખડાવે છે. એમાં પેટી ય થોડી હલી ઊઠે છે. અને પંડિતના પેસાબના બહાર રેલા ફૂટે છે.

રાણી સમજી ગઈ કે આ બહાર શું આવ્યું ? પણ તરત પોતે એના પર એક સુગંધીદાર કપડું ઢાંકી દેતાં રાજાને મોટા અવાજથી કહે છે.

'આ તમે શું કર્યું ? મારા કિંમતી અત્તરના સીસા ફોડી નાખ્યા ? જુઓ આ બધું અત્તર ઢોળાઈ ગયું !'

રાજા ચોંકે છે, 'હેં ? આમાં અત્તર છે ? પંડિતજી નથી ?'

'તે તમે ય કેટલી બુદ્ધિ વાપરી ? આમાં તે પંડિત હોય ?'

રાજા ક્ષોભ પામી ગયો. ચાવી પડતી મૂકી. અસલમાં, રાણીએ ચાવી જ ખોટી આપેલી. તેથી તાળું ક્યાંથી ઊઘડે ?

થોડીવાર પછી રાજા ત્યાંથી ચાલી ગયો. રાણીએ પછી પંડિતને બહાર કાઢ્યો; બીજું ધોતિયું પહેરવા આપ્યું, ને હવે પૂછે છે,

'કેમ વિદ્વાન ? જાણો ને બધાં અમારાં ચરિત્ર ? આ તો સારું થયું કે ચાવી સાચી નહોતી આપી, નહિતર તમારી શી વલે થાત ! જીવતા રહી શકત ? જાઓ અહીંથી જઈને સીધેસીધા આ નગરીમાંથી ચાલ્યા જવાનું. બોલો કબૂલ છે ? નહિતર સિપાઈ પાસે પકડાવી દઉં.'

પંડિત ના શી રીતે કહે ! એ તો રાણીને પગે લાગીને કહે છે, 'તમે તો મારી મા છો. મારા પર ભારે ઉપકાર કર્યો એક તો જીવતદાન અપાવ્યું અને બીજું, સ્ત્રી ચરિત્રનો પાઠ ભણાવ્યો ! રાજાને એમેય કીધું કે 'પંડિત આવેલ છે, પેટીમાં છે, લો આ ચાવી,' અને એમ પણ સમજાવ્યું કે 'અહીં પંડિત હોય ?' આ તો અત્તરના સીસા. પેસાબને પણ અત્તરમાં ખપાવ્યું. ધન્ય તમારી ચતુરાઈ ! હવે અહીંથી સીધો બહારગામ ચાલ્યો જઈશ.'

પંડિત ગયો અને સ્ત્રીજાત કેવી માયા રમે છે, સાહસ કરે છે, અને મૃષાભાષણ-પ્રિય હોય છે, તે વિચારતો રહ્યો.

**હૃદય પર કાબૂ હોય તો ઉચ્ચતા :-**

ધનકુમાર દુષ્ટ પત્નીથી ઠેઠ દરિયામાં હડસેલાયો ત્યારે હવે એની અયોગ્યતા ને એની માયા પર વિચાર કરવા પ્રેરાય છે. વિચાર પણ જો જો કે એવો નહિ કે 'આ હરામખોર, મારી વૈરિણી, લુચ્ચી, મને દરિયામાં નાખ્યો ? હમણાં સામી મળે તો એનું માથું ફોડી નાખું...' આવી આવી કાળી નરકદાયિની, લેશ્યા અને ક્રૂર પરિણામવાળો વિચાર નહિ, પરંતુ માત્ર સ્ત્રીજાતિની ક્રૂરતા, અવિવેક પર આશ્ચર્યભર્યો, દુઃખભર્યો વિચાર. હૃદય પર કાબૂ હોય તો જ આવી દરિયામાં ફેંકાઈ જવાની પરિસ્થિતિમાં આ વિચાર આવે ને ? ત્યારે માનવપણાની ઉચ્ચ સ્થિતિએ પહોંચવા છતાં જો પોતાના હૃદય પર કાબૂ નહિ તો, વિચારો, શી ઉચ્ચતા પ્રાપ્ત કરી ? ખોળિયાની ઉચ્ચતા ? ખોળિયાં તો ઝાડ, પાન, માટી, અગ્નિ, પાણીના હજીય બીજાને કામ લાગે છે. પશુના ય જીવતાં છાણ વગેરે અને મર્યા પછી પણ ચામડાં કામ લાગે છે. માણસનું ક્લેવર શું કામ લાગ્યું ? હા, એનું હૃદય જો ઉચ્ચ હોય. સ્વાર્થ પર અંકુશવાળું હોય, હલકી અધમ વિચારસરણી પર નિયંત્રણવાળું હોય તો એનું ખોળિયું બીજાને કામ લાગે. મૂળમાં હૈયા પર કાબુ જોઈએ, પ્રકૃતિ પર અંકુશ જોઈએ, વિચાર કરતાં અને ધોરણ બાંધી લેતાં પહેલાં ભારે ખામોશ



જોઈએ. સમજી રાખો કે,

**મનુષ્ય જીવન અંધકારનો કાળ નહિ.**

અંધકારના ભવ તો ગયા ! એક રખડતા ઢેખાળાની જેમ આ ચોરાશી લાખ યોનીઓમાં જીવની રખડપટ્ટી થઈ. બધું અંધારે કુટાયા ! આ મનુષ્ય જીવન એ અંધકારનો કાળ નથી, માટે બેસી ન રહેવાય ! જુઓ,

**'રજની વીતી છે, વિકસી જ્યોતિ છે, વન મત ઘૂમજે, હો...વન મત ઘૂમજે**
**મનુજગતિ છે, કુગતિ મીટી છે કુપંથ ન ભજજે, હો. કુપંથ**
**અજ્ઞાનતાના ઘોર અંધારે, જ્ઞાનતણા પૂરણ દેવાળે,**
**ચાલ્યો છો ભારે-હો દુઃખ-ધારે,એ મત ભૂલજે, હો.**

શું કહ્યું ? જેમ, વનમાં ભૂલા પડેલાને કોઈ કહે, રાત્રિ વીતી છે, અને પ્રકાશ થયો છે, તો હવે વનમાં ન રખડીશ. તેમ, જ્ઞાની કહે છે, 'માનવ ! તારે અહીં પ્રાપ્ત થયેલી મનુષ્યગતિ છે માટે કુગતિ મીટી ગઈ ! હવે જો કુપંથે જઈશ તો પછી અંધકાર ભરખી જવા તૈયાર છે ! અજ્ઞાનતાના ઘોર અંધકારમાં, જ્ઞાનના દેવાળામાં ખૂબ ચાલ્યો; કોના પર ? દુઃખની ધાર પર ! પરમાધામીની જોહુકમીથી તલવારની ધાર પર જીવને નરકમાં જે ચાલવાનું થાય, તે કેવી રીતે ? કે તે મૂકીને જો નીચે ઊતરવા જાય તો માથે ઉપરથી મોટો ઘન ઠોકાવા તૈયાર હોય ! બીજી ગતિઓમાં પણ એક માત્ર દુઃખની ધાર પર તું ચાલતો આવ્યો છે, તે ન ભૂલતો ! અહીંયાં ફટાકિયા-મટાકિયા વિષયોમાં ભૂલો ન પડજે. ઘણું કર્યું ને હવે એ લક્ષ્મી-લાડી-વાડી-કે ગાડી બધું તારા માટે ખતરનાક છે.

"રજની વીતી ! વિકસી જ્યોતિ !"

આ યાદ રાખવાનું છે ! એ યાદ હોય તો આંખ ચોળવાની વાત ન થાય ! 'અનંતા પુણ્યના યોગે મળેલા મહાન ધર્મના પ્રકાશને અંધકારમય બનાવી દે તેના જેવો મૂર્ખ કોણ ?'- આવું કોઈ ભાન રહે તો ધર્મનો ઊછળતો રાગ અને મનનો પ્રચંડ પુરુષાર્થ થશે. મન માંદું છે માટે કાયા માંદી છે ! મન જો સજાગ હોય કે મારે ઉપદેશ એકાગ્ર ચિત્તથી બેસીને સાંભળવો છે તો એમ સાંભળી શકાય ! મજબૂત મનને પુરુષાર્થ, અને ઊછળતો રાગ આ બે ભેગા થાય તો ધર્મનો વજ્રપાયો નખાય.

**ત્રણ ભવનું તારણ :-**

ગુણસેને તેવો પાયો નાખ્યો હતો ! તો ભલે શત્રુ રેતી વરસાવે ! જે અગ્નિશર્મા રેતીથી બાળી રહ્યો છે તો તેની સામે ગુણસેનનો એવો મજબૂત મનનો પુરુષાર્થ છે કે એની પ્રત્યે એક પણ રંચ ક્રોધનો ઊભો નથી થવા દેતા. કેવી

ઊછળતી ક્ષમા ! 'પ્રભુ ! તું ક્ષમાના માર્ગે ચાલ્યો તો મને પણ એજ માર્ગ મુબારક હો !' બીજા ભવમાં સિંહ અને આનંદ રાજવી પિતા-પુત્ર થયા ! એમાં આનંદ સગા બાપ પર તલવારનો ઘા કરી દે છે, પણ ગુણસેનનો જીવ સિંહ રાજા વિચારે છે કે 'ભલે એ તલવારનો ઘા મારે, પણ એ તો રાજા બનવાને લાયક છે ! મંત્રીઓ જાઓ એને રાજ્યગાદી આપી દો.' આ ક્ષમાનો પરિણામ ઊભો કરવા દિલને મથામણ કરવી પડી. કંઈજ નહિ ! મારે કંઈ જ વાંધો નથી. એને રાજ્યગાદી સોંપવાની છે ! મરવાની છેલ્લી ઘડી સુધી પૂર્ણ ક્ષમા ! ત્રીજા ભવમાં પણ એવો જ સહજ ધર્મ, ભલે સગી માએ ઝેર ખવરાવી દીધું ! મરવાનો શોક શો ? જીવીને ય ધર્મ કરવો છે ને ? **તો જીવીને જે કરવું છે તે મરતાં કરવાનું.** શું મરવાનું જે કારણ નથી ગમતું તે કારણને મજબૂત કરવાનું ? મરીએ તો દુઃખી થઈ જવાય, તેમ નથી ગમતું ને મરવાનું ? હવે મરવાનું તો નિશ્ચિત છે તો કલ્પાંત કરી ભાવી કારમા દુઃખને શું મજબૂત કરાય ? આ મરે છે પણ વિચારે છે શું ? 'અહો શું કર્મની ભયંકર વિચિત્રા ? આ લોક બિચારી માતાનો અપયશ ગાશે ?' જે માતા ઝેરથી મારી નાખે છે તેના પર પણ આટલો દયા ભાવ ! આટલી લાગણી ! આના પર કંઈ મથામણ કરવી પડી ક્ષમા લાવવા ? ના. સમજતા હતા કે અંતે જીવને શરણ કોનું ? ઘરકુટુંબનું ? આપણા જીવને જો કોઈ શરણ કરવા લાયક હોય તો તે ચાર વસ્તુ છે ! અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ. ઓછામાં ઓછી ત્રિકાળ સ્મૃતિ થવી જોઈએ એની. વધારેમાં વધારે, જ્યારે ચિત્ત બગડે ત્યારે વારેવારે સ્મૃતિ થવી જોઈએ. આ થાય તો જ ભવસ્થિતિ પાકે; નહિતર ભવમાં બૂરે હાલે ભટકવાનું રહેશે. બોલો,

**ચત્તારી મંગલં...અરિહંતા...''**

**સિદ્ધા...'' સાહુ...'' કેવલી પન્નત્તો ધમ્મો મંગલં**

**ચત્તારિ સરણં પવજ્જામિ**

અરિહંતા...'' સિદ્ધા...'' સાહુ...''કેવલી પન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ

અત્યાર સુધી ધને પત્ની પર શુદ્ધ સદ્‌ભાવ રાખ્યો હતો. પરંતુ હવે તો સાક્ષાત્ અનુભવ કર્યો એટલે મન જરાક વિહ્વળ બને છે. પુત્રની ભારે નાલાયકી દેખી જો મનને એમ થાય કે, 'દીકરો ભયંકર વૈરી પાક્યો !' તો આ વિહ્વળતાને ? પણ જો, જો, 'દીકરો મારો આવો સારો પાક્યો !' આ પણ રાગની વિહ્વળતા છે. ઉદ્વેગ કરતાં આનંદની વિહ્વળતા મોટી ! એ મોટી વિહ્વળતાનેય જિનેશ્વરદેવે હટાવી દીધી માટે તેમને વીતરાગ કહેવાય છે. 'વીતરાગ' એટલે ભાગી ગયો છે રાગ જેમનો. 'વીતદ્વેષ,''વીતમદ,' આ બધું મૂકી શકાય, પણ



વીતરાગ કેમ કહ્યું ? રાગ જેણે કાઢી નાખ્યો. તેણે તો મૂળ ઉખેડી દેવોનું મહાન પરાક્રમ કર્યું ! આનંદ અને શોક એ બંનેની વિહ્વળતા હોય છે ! આ થાય એટલે શું કરવાનું ? આ ચાર શરણ ! આ ન હોય તો પણ સવાર, બપોર ને સાંજ અવશ્ય ત્રિકાળ ચાર શરણને યાદ કરવું જોઈએ !

**રાગમાં, આનંદમાં, વિહ્‌વળતા છે :-**

આ સમજાતું નથી કે રાગમાં વિહ્‌વળતા શી ? આનંદમાં વિહ્‌વળતા શી ? કેમકે ત્યાં તો સ્વસ્થતા સમજાય છે. વિહ્વળતા તો દ્વેષમાં, દુઃખમાં સમજાય છે. પણ મૂળ એક વસ્તુ જો સમજી શકાય કે આત્મા બાહ્ય વસ્તુને છોડી આભ્યન્તર જ્ઞાનાદિ ગુણમાં જેટલો સંલગ્ન રહે છે, વિશ્રાન્ત રહે છે, સ્થિર ઠરીને બેસે છે, એટલો એ સ્વસ્થ છે; 'સ્વસ્થનો અર્થ જ એ કે સ્વમાં સ્થ અર્થાત્ સ્થિર રહેલો; તો હવે જેટલો એ બાહ્ય મનગમતી વસ્તુમાં જઈ એનો રાગ કર્યો, આસક્તિ કરી, આનંદમગ્ન બન્યો, એટલો એ પરમાં આધીન બન્યો. પરસ્થ બન્યો, સ્વસ્થ નહિ. ફરક એટલો કે પ્રતિકૂળતામાં ઊંચો-નીચો થવાનું લાગતું હતું, ત્યારે અનુકૂળતામાં એ સ્પષ્ટ નથી દેખાતું. પરંતુ અંતરથી વિહ્વળ તો છે જ. એ મૂર્ચ્છા જેવી દશા છે, માણસને કેફી વસ્તુથી મૂર્ચ્છા આવી જાય ત્યારે લાગે કે દરદ શાંત પડી ગયું, પણ અંદરમાં તે ચાલુ જ હોય છે. પરતત્ત્વનો પ્રવેશ અને એની આધીનતા એ જીવને અસ્વસ્થ જ કરનાર છે. એટલે, આત્મામાં એને ગમતારૂપે પણ સ્વીકારવા એ અસ્વસ્થતા છે, મૂઢતા છે, ગૂઢ વિહ્‌વળતા છે. એને અટકાવી આત્માની અલિપ્ત, નિર્વિકાર સ્થિતિ વિચારવા જેવી છે.

**સ્ત્રી મૃષાવાદનું ક્ષેત્ર :-**

બાહ્ય પદાર્થોમાં શું રાચવું'તું ? શા એના લેખાં ગણવાં'તા ? ધનકુમાર બાહ્યને બહુ માનનારો નહોતો તેથી દરિયામાં ફેંકાઈ જવાની સ્થિતિ ઊભી થઈ તો પણ 'હાય ! મારું બધું ગયું ! મારી મિલકત, કમાઈ વગેરે નાશ પામ્યું !' એવી વિહ્‌વળતા એ નથી કરતો. એને સ્ત્રીજાતિની માયા ભરપૂરતા વગેરે નજર સામે આવી જાય છે. એ વિચારે છે, સ્ત્રી તો એક મૃષાવાદનું ક્ષેત્ર ! જુવારીના ક્ષેત્રમાં જુવારી પાકે, મકાઈના ખેતરમાં મકાઈ, એમ આ સ્ત્રીમાં મૃષાવાદનો ભરપૂર પાક ! ત્યાં જૂઠ, અસત્ય વગેરે ખૂબ જડે ! એ શું સૂચવે છે ? એ જ કે સ્ત્રીને હાલતાં-ચાલતાં જૂઠ બોલવા જોઈએ. માનવ જીભ ગમે તેટલી કિંમતી, પણ એનો ઉપયોગ આટલો અધમ કરવાનો ?

**સ્ત્રી અશ્રેયમાર્ગનું દ્વાર :-**

ધન વિચારે છે સ્ત્રી એ અશ્રેયમાર્ગનો દરવાજો છે. તમારે અકલ્યાણના રસ્તે

ચઢી જવું હોય તો સ્ત્રીના સંગમાં આવો એટલે અશ્રેયમાર્ગના દરવાજામાં પેઠા. હવે તમને અકલ્યાણ જ વળગ્યા કરવાનું. જુઓ. જગતમાં સ્ત્રીના સંબંધમાં આવ્યા પછી કેટલાં અકલ્યાણ ઊભાં થાય છે ! કોઈક ઉત્તમ સ્ત્રીનો સંબંધ થાય અને આદમી કલ્યાણમાર્ગે ચઢી જાય, એ બંને. પણ એવો દાખલા કેટલા ? લગભગ તો સ્ત્રીના સંબંધમાં આવ્યા પછી જીવનમાં કેઈ પાપો ઊભાં થાય છે, કેઈ દુષ્કૃત્યો, અને જૂઠ, માયા, મમતા, ઈર્ષ્યા વગેરે કેઈ દુર્ગુણો ઊભા થઈને ફાલે-ફૂલે છે.

**સ્ત્રી એ આપદાઓનું ઘર :-**

આ બધાનું પરિણામે ય શું ? ધન વિચારે છે કે સ્ત્રી એ આપદાઓનું ઘર છે. અકલ્યાણના દરવાજામાં પેઠા પછી અકલ્યાણ, અહિત સિવાય બીજું શું જોવા મળે ? ત્યારે અકલ્યાણમાંથી આપત્તિઓ ન આવે તો બીજું શું આવે ? સ્ત્રીનો પરિચય કરો એટલી વાર, આપદાઓ વળગી જ સમજો. મધપૂડો એટલે મધમાખીઓનું ઘર તેમ સ્ત્રી એટલે આપદાઓનું ઘર ! મધપૂડા પાસે જાઓ એટલે ભમરીઓ વળગી સમજો. જીવનમાં અનુભવો છો ને ? રસોઈપાણી, ઘરસાચવણી વગેરેની સામે હમણાં ન જોતાં; માત્ર એ જો જો કે કુંવારા હતા ત્યારે આપદાઓ કેટલી હતી, ને પરણ્યા પછી કેટલી ઊભી થઈ. રસોઈ તો તૈયાર કરી દે, પરંતુ કહો છે ને કે 'તાંબાની તોલડી તેર વાના માંગે' જો સ્ત્રી પુણ્યયોગે સારા સ્વભાવની મળી હોત તો ય એના આવ્યા પછી ઊભા થયેલા જીવનમાં આપદાઓ હોય છે, તો તુચ્છ, માયાવી ક્રૂર વગેરે સ્વભાવની સ્ત્રી મળ્યેથી આપદાઓ કેટલી ? મોટે ભાગે જોશો તો દેખાશે કે સ્ત્રીઓ એવા ક્ષુદ્ર વગેરે સ્વભાવની હોય છે, અને પુરુષોને અનેક આપત્તિઓમાં ઉતારનારી હોય છે.

**સ્ત્રી એ નરકનું સોપાન, સ્વર્ગ આડે શિલા :-**

ધનકુમારના મનને થાય છે કે વધારે શું વિચારું ? સ્ત્રી એ નરકનું સોપાન છે અને સ્વર્ગની આડે શિલા છે. આત્માઓ આવા ઊંચા માનવ જીવનમાંથી કે જ્યાં પરમાત્માને ભજી લઈ સહેજે ઉચ્ચગતિમાં જઈ શકાય ત્યાંથી નીચે નરકમાં ઊતરી પડવાનાં કયાં પગથિયાં પસાર કરતા હોય છે ? કહો મુખ્ય બે, એક કંચન અને બીજી કામિનીના સંસર્ગરૂપી પગથિયાં. સ્વર્ગમાં જવાની આડે કોણ આવી ઊભું ? કોણે રોક્યા ? એ જ કંચન યા કામિનીએ. એમાં કંચન તો બિચારું જડ; એટલે એ બીજી-ત્રીજી ચાલબાજી, વાણીવિલાસ કશું ન કરી શકે; ત્યારે કામિની એટલે કે સ્ત્રી તો જીવતું ચેતનપ્રાણી. પુરુષને પાકો મોહ મૂઢ કરવા માટે એ એટલાં ચેનચાળાં, સ્નેહના નખરા, અને માયા-કપટનાં ખેલ રમે છે કે એની આગળ પુરુષ સાવ ઢીલો બની જાય છે, લહેવાય જાય છે, અંતરથી એને માથે લઈને ફરે છે.





**સ્ત્રી-પુરુષ બંનેની ઓળખ :-**

ધનને સ્ત્રીનો અનુભવ થયો છે માટે એ એકલી સ્ત્રીનો વિચાર કરે છે; પણ આપણે ઉભય રીતે વિચાર કરવાનો છે ! સ્ત્રી કે પુરુષને સંસારના જ રંગી હોય અને જો એમને ધર્મની કાંઈપણ પરવા ન હોય તો બંનેય આવા જ છે ! દોષોની ખીલી ! સાહસનું નિમિત્ત ! કપટનું ઉત્પત્તિ સ્થાન ! જૂઠનું ક્ષેત્ર ! કોણ ? કેવળ અર્થ-કામના લાલચુ !

**ઝગડવાનું કોની સાથે ? :-** આવા સ્નેહી-સંબંધી આગળ દાન-શીલાદિ ધર્મની વાત કરો કે એ ચપટીમાં ઉડાવે ! જરાક ધર્મની વાત કરો કે એમનાં મોં બગડે ! સુકૃત નગરમાં પેસવા જતાં આડી મોટી અર્ગલા ! ને દુષ્કૃત નગરમાં ન પેસતા હોઈએ છતાં ધક્કો મારીને પેસાડે એવી શક્તિ ! બહુ મનનીય વિચારણા છે, સાવધાન કરે એવી. આવી ઓળખાણ કરીને એમની સાથે લડવા-ઝગડવાનું નથી ! લડવાનું છે દુષ્ટ આંતર વૃત્તિઓ સાથે, આપણી મોહાંધદશા, મૂઢતા, આસક્તિ વગેરેની સામે મથામણ કરીને એ ઓછા કરતાં ચાલવાનું છે.

**સાચા સ્નેહી બનો અને બનાવો :-** આમાં બે વાત બને; એક, આપણે બીજા માટે આવા માયાવી, જૂઠા, દુર્ગતિ-દોરનારા સ્નેહી-સંબંધી ન બનીએ ને બીજું આપણા સ્નેહીઓને આવી કોટિના રહેવા ન દઈએ. 'અમને સ્નેહી-સંબંધી ધર્મની પ્રેરણા અને સહાય આપનાર જોઈએ, ને અમે ગમે તેવા હોઈએ તે ચાલે !' આ અન્યાય છે ! ખોટું છે ! તેમ, 'અમે તો બીજાને ધર્મની પ્રેરણા આપીએ. બીજા અમને પાપપથારી પાથરી આપે' તે પણ ન જોઈએ.

ધનકુમાર આ વિચારણાથી હવે વિરામ પામે છે. એ વિચારે છે, 'અરે ! આ વિચાર કરવાનું મારે શું કામ છે ? મારે તો કાર્યનો વિચાર કરવાનો છે !' સાચી વાત છે ! બધાં રોદણાં રોયાં પછી કંઈ કરવાનું ખરું કે નહિ ? ભલે ! ગયું તે ગયું, ગમે તેની ભૂલે ગયું; પણ હવે ઊભા થવું છે ને ? તો કરો કંઈક પ્રયત્ન ! ''શું કરીએ ? સંસારમાં ઘણું ભટક્યા, અહીં પણ બધું એળે ગયું. નથી જ્ઞાન, નથી ત્યાગ, નથી તપનું ઠેકાણું ! ઉંમર આખી વહી ગઈ. હવે શું બને ? કશું કમાયા નહિ, કાંઈ જ કર્યું નહિ...' વગેરે વગેરે એકલાં રોદણાં રોયેથી શું ? આ રોદણાં રોનારને પૂછીએ કે હવે કંઈ કરવું છે કે નહિ 'ના' ! કરવાનું કંઈ નહિ ! રોદણું સાચું કર્યું તો જ કહેવાય કે નક્કી કરો. 'હવે મારે બગડવા દેવું નથી.' રોદણાંની પાછળ સાચી બળતરા હોય તો શું સુધારા માટે પગ ન ઊપડે ?

ધનકુમાર વિચારે છે, 'આની વિચારણાનો અત્યારે કાળ નથી. સમુદ્રમાંથી બચીને અહીં સુધી આવી ઊભેલા મારે અત્યારે તો ઉત્સાહનો કાળ છે !' કેટલાંક છોકરાં ચાલતાં-ચાલતાં પડે છે. પણ પછી કોઈને ખબર ન પડે તે માટે ઊઠીને પાછા બમણા જોરથી ચાલે છે ! તેમ આ વિચારે છે કે 'હું અત્યારે આપત્તિમાં છું તો બેવડો પુરુષાર્થ કરવો જોઈએ !'

**આપત્તિના કાળે જે પોતાનો પુરુષાર્થ વધારતા નથી, તે પોતાની આપત્તિમાં ઉમેરો યા ગુણાકાર કરે છે.** 'હાય મારે બધું ગયું !'- આ આપત્તિનો સરવાળો થયો; કેમકે ગયું તે તો આપત્તિ થઈ જ અને વધારામાં શોક-ઉદ્વેગ દીનતાની આપત્તિ વધારી. પણ ગયું તે ગયું હવે નવેસરથી શરૂ કરો. 'ના, આપણે ધર્મથી પાછા પડી ગયા છીએ ! ઘણું બગડી ગયું છે !...' વગેરે રોદણાં રોવાં છે, સક્રિય સુધારો કરવો નથી; ખેદ કરવો છે, ખોટું છોડવું નથી. ખેદ સાચો હોય તો સારો પુરુષાર્થ બમણો કરો. સારો પુરુષાર્થ ન કરાય તો અવળો પુરુષાર્થ આપત્તિમાં જોસમાં ચાલવાનો; ને તેથી આપત્તિમાં ગુણાકાર થાય એ સ્વાભાવિક છે.

**ઉત્સાહ કેમ ટકે :-** અત્યારે તો ઉત્સાહના અવસરને ઓળખી લઈ ધનકુમાર એના પ્રભાવના વિચારમાં ચઢી જાય છે. એને એમ થાય છે કે,

'વૃદ્ધ પુરુષોની શિખામણ છે કે જે પુરુષ બગડેલી બાજી ઉપર પણ ઉત્સાહ ભંગ નથી થવા દેતો, ઉત્સાહને છોડતો નથી, પણ ચાલુ રાખે છે અને ઉદ્યમ કરવામાં લાગી જાય છે, એ ઉદ્યમને અનુસારે અવશ્ય ફળને પામે છે. તેમ, બની ગયેલી વસ્તુની બહુ ચિંતા નકામી છે, તે નહિ કરવી જોઈએ. માતાએ આપેલી શિખામણનો પણ આજ સાર છે; તો માતાપિતા એ તો ખરેખર મહાન છે, એમની ઈચ્છા એ જ ખરી કિંમતી છે. એની આગળ માણસનું આ પ્રયોજન કે પત્ની બગડી ગઈ, એ તો એક નાની વસ્તુ છે, અલ્પ મૂલ્યવાળું પ્રયોજન છે. જ્યારે મારા માત પિતા સુંદર છે, ત્યારે પત્ની ખરાબ હોય એ કોઈ મોટી વસ્તુ નથી. શોક કરવા જેવી ચીજ નથી, ઉત્સાહ ભંગ કરવા જેવી વ્યક્તિ નથી. મા બાપ તો હજી સારા કાયમ છે ને ? બસ, ઉત્સાહ રાખી ઉદ્યમે લાગું.'

ઉત્સાહ રાખવો હોય, દીન ન બનવું હોય, તો આ એક મોટું આલંબન છે કે બગડેલી ચીજ અગર સંયોગ બાદ કરીને બાકીનું જે સુંદર સુંદર હોય એનું ગૌરવ લેવું, આશ્વાસન ધરવું. કહો જો, માનો કે અહીં તમારું ઘણું ઘણું બગડી ગયું છે. પરંતુ દેવાધિદેવ અને સદ્દગુરુ તો સુંદર ઊભા જ છે ને ? પરમાત્માના ધર્મ-આદેશો અને એની ક્રિયાઓ સ્થાનો વગેરે તો હજી સુંદરરૂપે કાયમ છે કે નહિ ? એમ, શું તમારું આરોગ્ય, સગાં-વહાલાં, ઘર-માલ, વગેરે વગેરે કંઈ સારું ઊભું નથી ?



ઊભું છે જ, તો એના પર હુંફ આશ્વાસનભરી દૃષ્ટિ રાખવાને બદલે શા સારૂં ઊભું નથી ? ઊભું છે જ, તો એના પર હૂંફ આશ્વાસનભરી દૃષ્ટિ રાખવાને બદલે શા સારુ કાબૂ બહાર બગડી ગયેલી વસ્તુ ઉપર કેવળ હૈયું બાળનારી દૃષ્ટિ રાખી બેસો છો ? એમ કરવાથી કાંઈ સાર હાથમાં આવવાનો છે ? ના, સાર તો કશો જ નહિ, પણ ઊલટું એમાં મશગુલ બનેલું ચિત્ત, જે હજી સુંદર તત્ત્વો હાથ પર છે, એનો લાભ લેવામાં પ્રવર્તમાન નહિ થઈ શકે. એટલે ? એટલે બીજું શું ? શક્ય સાર મેળવવામાંથી બાકાત રહેવાનું. ઉત્સાહની કેડો ભાંગી તે ભાંગી, હવે શક્ય એવા પણ કર્તવ્ય માટે ઉત્સાહ નહિ ઊઠવાનો.

**ધનને રત્નમાળા જડે છે :-**

ધનકુમાર મગજના ક્ષેત્રમાંથી પત્નીને હટાવી ઉત્સાહવંતો બની જાય છે અને ઝાડ પાસેથી ઊઠીને આગળ ચાલે છે. એટલામાં એક ચમત્કાર જુએ છે.

**શો ચમત્કાર ? :-**

ચમત્કાર કોઈ જાદુગરનો નથી; પરંતુ કર્મ અને ભવિતવ્યતાની વિચિત્રતાથી વિશ્વમાં જે અચિંત્ય ઘટનાઓ બને છે, એમાંની એક જાતની ઘટનાનો ચમત્કાર અહીં બન્યો છે, ધનકુમાર જ્યાં કિનારા પરથી અંદરના ભાગમાં ચાલવા જાય છે, ત્યાં એક ઉપર ઓઢવાનું વસ્ત્ર પડ્યું છે, અને એના પર એક રત્નમાળા-હીરાની કંઠી એ પ્રદેશને ચકચકાટ કરતી જોવામાં આવે છે. વસ્ત્ર પાછું એકલું નથી પડ્યું. પાસે મનુષ્ય સ્ત્રીનું ક્લેવર પડ્યું છે. સિંહલદ્વીપ તરફ જતી શ્રાવસ્તિના રાજાની પુત્રીની દાસીનું એ મડદું છે. હીરાની કંઠી એટલી બધી કિંમતી છે કે એનું નામ છે ત્રૈલોક્યસારા.

ધનકુમારને આ બધી હકીકતની ખબર નથી પોતે સાવ નિર્ધન અને પહેર્યે લુગડે બની ગયો છે, અને એમાં આ રત્નમાળાને ઝગમગતી જુએ છે. અહીં માણસને કલ્પના તો થાય કે સમુદ્રના એકલા અટૂલા કિનારા પર આ હાર પડ્યો છે અને પાસે મડદું ય પડ્યું છે, તેથી હારનો માલિક મરી ગયો લાગે છે. પરંતુ ધનકુમાર તો એમ જ સમજે છે કે 'આ કંઠી પારકી છે. મારાથી લેવાય નહિ. એના પર મારો કોઈ અધિકાર નહિ, પરંતુ એમ તો આ રત્નમાળા અહીં આ શૂન્ય પ્રદેશ પર પડી રહેવાની લાગે છે, તો હું એને લઈ જાઉં, એનાથી વેપાર કરું, અને પછી એના મૂલ્ય જેટલું નાણું સારા માર્ગે ખર્ચી નાખીશ.'

**પડેલું પારકું લેવાય નહિ :-**

આમ વિચાર કરીને એણે કંઠી લીધી, અને પોતાના કપડામાં છુપાવી દઈ આગળ ચાલવા માંડ્યું. અજ્ઞાનદશા જુઓ, કેવુંક કામ કરે છે કે એને ખબર નથી

કે હું આ એક બલા સાથે લઈ જઈ રહ્યો છું. ભગવાને શ્રાવકને ઠીક જ ધર્મ બતાવ્યો છે કે કિંમતીમાં કિંમતી પણ રસ્તે પડેલી વસ્તુના સામે ય જોતો નહિ, દેખાઈ ગઈ હોય તો ય એને અડ્યા-કર્યા વિના, લીધા વિના ચાલ્યો જજે.

**જ્ઞાનીનું કહેલું જીવન જીવનાર સહેજે-સહેજે કેટલીય આપત્તિઓથી બચી જાય છે.** હા, પ્રલોભનોનો લોભ જતો કરવો પડે. જડ વસ્તુની કિંમત કરતાં આત્મામાં કેળવી શકાતા ન્યાય, નિષ્ઠા, સત્ત્વ, જિનાજ્ઞા-બંધન વગેરે ગુણોની મહાકિંમત આંકવી પડે.

**મહેશ્વરદત્તને જોગી મળે છે :-**

ધનકુમાર પોતાના દેશની દિશામાં ચાલ્યો જાય છે ત્યાં તેને એક જોગી મળે છે. એ જોગી કોણ છે ? બીજો કોઈ નહિ, પરંતુ ધને પૂર્વે સોળ સોનામહોર આપીને જે મહેશ્વરદત્ત જુગારીનો બચાવ કરેલો, તેજ. ધનકુમાર તો ઉપરથી બીજી મદદ કરવા તૈયાર હતો, પરંતુ આ એમજ નીકળી જઈ વિરાગ પામી જોગી બનેલો. એ પછી એણે ગારુડમંત્ર સારી રીતે સિદ્ધ કર્યો હતો, અને મંત્રસાધના માટે સમુદ્ર તટે જ રહેતો હતો. ભવિતવ્યતાએ એ અહીં ધનને ભેટ્યો.

મહેશ્વરદત્તે ધનને તરત ઓળખીને આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું.

'અરે સાર્થવાહપુત્ર ! તું અહીં ક્યાંથી અને તારે આવી દશા શાથી થઈ ?'

હવે શો જવાબ દેવો ? બધું સ્પષ્ટ કહેવા જાય તો ઘરના માણસનું દુશ્ચરિત બીજાની આગળ ખુલ્લું પાડવાનો અવસર આવે છે, અને તે તો ઉચિત નથી, ત્યારે શું અસત્ય બોલવું ? ના, તે પણ ઉચિત નથી. સ્ત્રી ગમે તેવી અધમ નીવડી, અને આ સામે એક સાધુ પુરુષ છે, છતાં 'સ્ત્રીએ ફેંકી દીધો,' એમ કહેવા એનું સાત્ત્વિક દિલ તૈયાર નથી.

ઉત્તમ લેશ્યામાં એ વિચારણા ખડી થાય છે કે "પોતાના ઘરનું કોઈનું દુશ્ચરિત બીજા આગળ પ્રગટ કરવું સારું નહિ. શું એમ કરવાથી સામો આપણને દુઃખના દરિયામાંથી બહાર કાઢી લેશે ? ના. શું એ આવીને દુશ્ચરિત મિટાવી દેશે ? ના. ઘરના માણસ દુશ્ચરિત હજુ આપણી સરળતાથી છોડી દેશે, કે પોતાને ફોકટ લાગતાં મૂકી દેશે, પણ આપણે જ્યાં જઈએ ત્યાં ચોખા મૂકી આવવાથી નહિ.' તો પછી,

**બહાર બોલી નાંખવાનો માણસને ઊભરો કેમ આવે છે ? બે-ચાર જગાએ પણ કહી દેવાનું મન કેમ થઈ જાય છે ?**

કહો. સામાની સુધારણાની લાગણી કરતાં પોતાની અસહિષ્ણુતાનો ઊભરો વધારે છે. સહિષ્ણુતા ટકાવી રાખવા તરીકેની જે વિશેષતાઓ જોઈએ તે નથી ! દૂધને જરા વધુ તાપ મળતાં ઊભરાઈ જાય, તેમ આપણે પ્રતિકૂળતાનો તાપ લાગતાં



ઊભરાઈ જઈએ છીએ. આપણી પ્રતિકૂળતાનો ઝટ વિચાર ! બીજાની પ્રતિકૂળતાનો નહિ ! કેવી પરાંધ દશા ! સામાની પરિસ્થિતિનો વિચાર નથી કરતા, અને આપણો ભભડાટ ગાવા લાગી જઈએ છીએ. પણ આનાથી હૈયું છીછરૂં બને છે. જો તળાવ ધોધમાર પાણીને પોતાનામાં સમાવવાને બદલે ઉછળાવી દે છે તો તે છીછરૂં ગણાય છે. સમુદ્ર અંદરમાં સમાવી દે છે તો ગંભીર કહેવાય છે. એમ અહીં બહાર ન ઉછાળતાં અંદર સમાવી દેવું જોઈએ. શા માટે આકળા ઉતાવળા થવું ?

**એટલું વિચારો કે કોઈએ કંઈ કરી નાખ્યું, એનાથી કેઈગુણું ભયંકર કરવાનું આ દુનિયામાં સંભવિત છે ને ?** હા, તો તેટલું તો એણે નથી કર્યું - ને ? ના. તો પછી શાંતિ કેમ ન રાખવી ? 'પણ આ તો અસહ્ય છે !' ભલે, અસહ્ય હોય પણ ઘરની વાત છે તો એના પર આપણે બહુ ઊકળી ઊઠવાની જરૂર નથી. અલબત્ત થોડોક ઊકળાટ થવાનો, પણ એટલો નહિ કે જે ઊકળાટની ગરમી બહાર પડે.

**સંસારની ભારે વિચિત્રતાઓનો ધીખતો ખ્યાલ એ સહિષ્ણુતા ને સમતા રાખવા માટે બસ છે.** ગંભીરતા રાખવા માટે કાફી છે ! હૈયું દુઃખે છે, ભલે દુઃખે આંખ સામે નરકના જીવોને ઊભા રાખો પછી અહીંનું વિસાતમાં નહિ લાગે. ધન વિચારી લે છે, 'આપણા ઘરની વાત બીજાને કહેવી ઠીક નહિ.' તેમ અસત્ય પણ બોલવું નથી. તો મૌનથી ચાલશે ? ના, ઉત્તર તો કરવો પડશે ને ? ઉત્તર તૈયાર છે. હૈયાનું શુભ વલણ નક્કી ઘડી રાખો, પછી એને અનુરૂપ બોલ સહેલાઈથી નીકળશે. અહીં બે પ્રશ્નના બે ઉત્તર જોગીને ધન કહે છે, 'સમુદ્રમાંથી આવું છું. વહાણનો વિયોગ થયો માટે આવી અવસ્થા થઈ.'

જોગી જુએ છે વહાણનો વિયોગ થયા પછી એની અત્યારે આ દશા ! એકલ-દોકલ અને પહેર્યે કપડે દુઃખભરી અવસ્થા છે ! તેથી જોગી એને આશ્વાસન આપે છે ! ને આ વસ્તુ આર્યદેશમાં ઘરે-ઘરમાં જોઈએ; કેમકે જીવનમાં ઊંચી-નીચી ખૂબ આવે છે. તેમાં જો આ હોય તો અનુપમ શાતા મળે ! આવું કંઈ વિચારતાં-બોલતાં ન આવડે તો અનુચિત બોલીને સામાના દુઃખમાં વધારે લાહ્ય મૂકશે ! કોઈ કહે, 'ભાઈસાબ ! છોકરાને ડબલ નિમોનિયા થઈ ગયો !' હેં ? ઘણું ખરાબ થઈ ગયું ! તમે રહ્યા એકલા ! છોકરો એકનો એક, ને પછી તમારે કેટલું દુઃખ ? અરરર....' પેલાએ વગર આંસુએ વાત કરી હોય, પણ આના બોલ ઉપર પેલાને શ્રાવણ-ભાદરવો વરસશે. આ શું ? આશ્વાસન આપ્યું કે, સંતાપ વધાર્યો ? કહેવું તો એવું કાંક જોઈએ કે મુંઝાશો નહિ, આપણે સંભાળ કરીશું. બાકી કર્મના વિપાક વિચિત્ર છે. એની સામે સાચો ઉપાય ભગવાનનો જાપ છે.

**મહેશ્વરદત્ત જોગીનું આશ્વાસન :-**

આ જોગીનું આશ્વાસન જુઓ. એ કહે છે, 'અરે મહાનુભાવ ! લોકમાં સાંભળીએ છીએ કે "વિધિ-નસીબ એ ઊંચે ચઢેલાને નીચે પટકવામાં ખૂબ સાવધાન હોય છે; ને લક્ષ્મી સાપોલિયા જેવી ચંચળ છે.' આ વાત લોકની વાણીમાં સાંભળવા મળે છે તે તારી દશા જોતાં લાગે છે કે તે વાત સાચી છે." દુર્જનને જો સજ્જનનું સારું ખમાય, તો આ નસીબને સારું ખમાય ! વિધિ જ ઊંચે ચઢાવે છે ને પછી એ જ નીચે પટકે છે ! મહાન ઉન્નતિ પણ એ જ દેખાડે ને પછી મહાપતન પણ એ જ કરાવે છે ! વિધિને મન આ બધું હાંલ્લા જેવું ! તોફાનીને હાંડલું ફોડતાં કેટલીવાર ? તેમ ભલે પાંચ બંગલા હો કે છ મોટર હો ! પળવારમાં તે તોડી નાંખતા વાર નહિ ! વિધિની એક થપાટ બસ છે ! 'બસ બેસ, જા નીચો !' એમ જાણે કહી દે છે. સુભૂમને એમ હતું કે 'આ ઊડ્યું વિમાન ! હવે તો ધાતકીદ્વીપના છ ખંડ આમ જીતી લઉં ચપટીમાં પહોંચી જાઉં !' આમ હાંડલું તો મોટું છે ! છ ખંડ જીતેલા, ને છ ખંડ લોભના ! લાખો કરોડોનું સૈન્ય વહન કરી શકાય તેવું વિમાન છે ! એક કાચી સેકન્ડમાં દેવે હાંડલું ફોડી નાખ્યું ! યક્ષોએ ખાંધ ખસેડી લીધી કે વિમાન ગયું નીચે સમુદ્રના તળિયે ! નસીબે શું કર્યું ? કાચી સેકન્ડમાં સુભૂમનું સર્વસ્વ ફોડી નાખ્યું !

**નસીબ ચઢેલાનું ફોડી નાખવા સાવધાન છે !**

પડેલાને ચઢાવવાનું તે તો કદાચિત્ બને છે ! પણ ચઢેલાને પાડવાનું તો રોજનું કાર્ય !

રોજિંદી વસ્તુમાં આશ્ચર્ય નહિ તેમ નસીબનું આ રોજિંદુ નખરું છે, તેમાં શું આશ્ચર્ય માણવું ? ગમે તેવી ધારણાની ઈમારતોનાં ચણતર જમીનદોસ્ત કરી નાંખવા વિધિ સજાગ છે. આ આપણા જીવનમાં બને તો આશ્ચર્ય પામવા જેવું નહિ.

**આશ્ચર્ય કયું ? :-** આજ મારું માથું કેમ દુઃખે છે ? શું આશ્ચર્ય કરવું જોઈએ ? કે 'આજે કેમ હું સાજો છું ?' આશ્ચર્ય કરવાં જેવું છે ? ન સંભવિત બને ત્યાં આશ્ચર્ય. બનવાનું બને એમાં શું આશ્ચર્ય ? 'મૃત્યુ કેમ આવ્યું ?' એ આશ્ચર્ય કરવા જેવું નથી. આશ્ચર્ય તો એ થવું જોઈએ કે હું જીવતો કેમ છું ? કેમકે કાળરાજાના જડબામાં છીએ. આ તો એ કાળરાજાને બગાસું આવ્યું છે, તેટલા કાળમાં જીવનની લહેર.

વડનો ટેટો વાંદરાના જડબામાં હોય, પણ વાંદરાને બગાસું છે, ત્યાં સુધી જ ટેટામાં રહેલા જંતુઓને જીવનની લહેર છે. પણ પછી બગાસું પૂરું થયું કે જડબું દબાયું એટલી વાર ! એમાં ચવાઈ-છુંદાય જવાનું !



તેમ આ કાળનું બગાસું પુરું થતાં એના જડબામાં ચવાઈ-ચુંથાઈને ફેંદાઈ જવાનું !

આશ્ચર્ય એ થવું જોઈએ કે 'મને શાતા છે ! જીવન છે,! બે પૈસા છે ! બે માણસ બોલાવે છે ! લાત મારવાના બદલે શબ્દના કે ફૂલના હાર ચઢાવે છે ! આ જે બને છે તે આશ્ચર્ય ! કેમકે કુટિલ વિધિમાં આવું ઓછું બને તો હવે પુણ્યની સદ્ધરતા એવી ઊભી કરવી જોઈએ કે પછી આગામી જીવનમાં વિધિનું વક્ર નખરું ન બને !

સુખના વખતે તો ખાસ ભવિષ્યની સ્થિતિ સદ્ધર કરી લો; પરમાત્મા, અને સદ્ગુરુઓનું શરણ અને તેમની વાણી જીવનમાં ઉતારી લ્યો ! એમની કૃપાભરી વાણીનો જીવનમાં ઓતપ્રોત કરી લેવાની ક્યારે ? પહેલાં તો સુખના કાળમાં ! જ્યારે સારું ખાવાનું મળે છે ત્યારે આ સંસાર-તારણ તપ ખાસ કરવાનો છે. જ્યારે બહારથી આમંત્રણો ને મીજલસો હોય ત્યારે સામાયિક, નવકાર જાપ વગેરે ખાસ કરવાના.

વિચાર કરો કે મહાપુરુષો ઘોર પીડામાં-આપત્તિમાં શી રીતે ધર્મસાધના કરી શક્યા હશે ? ત્યારે આપણે શું સારાસારીમાં ય ધર્મસાધના ભરપૂર ન કરી લઈએ ? પુણ્યની મૂડી વખતે નહિ સધાય તો મૂડી ખુટ્યે શું સધાશે ?

❖ ❖ ❖

# અનુપ્રેક્ષાનો આનંદ

**- પૂ. મુનિરાજ શ્રી પદ્મબોધિવિજય મ.**

પાંચેય પ્રકારના સ્વાધ્યાયમાં પ્રવીણ હતા પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ. વાચના ખૂબ વહાલી હતી, પૃચ્છના સ્વાધ્યાયમાં ખૂબ પ્રવીણ હતા, પરાવર્તનાનો ઘણો પ્રેમ હતો, અનુપ્રેક્ષાની અદ્વિતીય આવડત હતી, અને ધર્મકથામાં તો ધુરંધર હતા. બીજા ચાર પ્રકારના સ્વાધ્યાય કરતાં અનુપ્રેક્ષા અઘરી એટલા માટે કે ભણી લીધા પછી તેમાં ઊંડી ડૂબકીઓ મારવી પડે, બુદ્ધિને ખૂબ વ્યાયામ આપવો પડે, ઘણી ગડમથલ કરવી પડે. પણ, એકવાર તેની મજા ચાખી લીધી પછી તો તેનું વ્યસન થઈ જાય છે. તીવ્ર અને નિર્મળ ક્ષયોપશમ હોય અને બુદ્ધિ શાસ્ત્રપરિકર્મિત થઈ ગઈ હોય પછી તો અનુપ્રેક્ષાનું વલોણું ઘુમરાયા કરે અને રસભરપૂર નવનીત નીકળ્યા જ કરે. પૂજ્યપાદશ્રી પાસે આ બધું હતું અને તેથી જ તેઓશ્રીએ શાસ્ત્રદોહન કરીને ભરપૂર નવનીત તારવી-તારવીને ખૂબ પીરસ્યું છે. અનુચિંતનની કૂંચીથી શાસ્ત્રવચનોના તાળાં ખોલી-ખોલીને અંદરમાંથી લખલૂટ રહસ્યોના ખજાના તેઓશ્રીએ છતાં કર્યા હતાં.

તેઓશ્રીની અનુપ્રેક્ષાની એ વિશેષતા હતી કે તે નિરાધાર નહોતી. આગમના કો'ક પાઠનું, શાસ્ત્રના કોઈ શ્લોકનું, ક્રિયાના કોઈ સૂત્રનું ટીકા ગ્રંથોના કોઈ વાક્યનું દાર્શનિક ગ્રંથોની કોઈ પંક્તિનું, શાસ્ત્રીય પ્રાચીન કોઈ ચરિત્રનું, પૂજાની કોઈ ઢાળનું કે સ્તવનની કોઈ કડીનું આલંબન લઈને તેઓશ્રી ચિંતનના ઉદધિમાં ઊતરી પડતા અને થોકબંધ રત્નોનો ઢગલો લઈને જ બહાર નીકળતા. પ્રાચીન મહામુનિઓએ રચેલા સ્તવનોના રસાળા શબ્દોની ઓથે સંતાયેલા ભવ્ય ભાવોને ખોળી કાઢવાનો પૂજ્યશ્રીને ભારે શોખ હતો અને જબરી હથોટી હતી. ગોખેલા સ્તવનોને ચૈત્યવંદન આદિમાં ખાલી ગાવા ખાતર ગાઈ નાંખવાનું તો પૂજ્યશ્રી સમજ્યા જ નહોતા. ચાંપ દાબે ને કેસેટમાંથી ગીત વાગે તેની જેમ ચૈત્યવંદનમાં સ્તવનનો ક્રમ આવે ત્યારે સ્તવન ગબડાવી જવું પૂજ્યશ્રીને પસંદ નહોતું. સ્તવનની પંક્તિમાં પૂરાયેલા ભાવાનો હૃદયમાં લાવીને ભક્તિનિર્ભર હૈયે સ્તવન ગાવાની મજા પૂજ્યશ્રી હંમેશા માણતા. તેથી, સ્તવનની પંક્તિઓના અર્થ તો ખાસ વિચારતા. તેથી જ તો, અનેક સ્તવનોની પ્રચલિત થયેલી પંક્તિઓમાં ક્યાંક ક્યાંક રહેલી અશુદ્ધિઓ પૂજ્યશ્રીના ધ્યાનમાં



આવી. પ્રચલિત પાઠ પ્રમાણે સ્તવનનો અર્થ સંગત ન થતો હોય ત્યારે પૂજ્યશ્રી ખૂબ વિચારતા તથા તપાસ કરતા અને લહીયા આદિની ભૂલને કારણે પ્રચલિત બનેલી અશુદ્ધિનું પરિમાર્જન કરતા. દેખો એક દાખલો આનંદઘનજી મહારાજે રચેલા પ્રથમ જિનના સ્તવનમાં એક પંક્તિ આ રીતે પ્રચલિત બની છે, પુસ્તકોમાં પણતે જ રીતે છપાઈ છેઃ 'ચિત્તપ્રસન્ને રે પૂજનફળ કહ્યું,' પૂજ્યશ્રી તેના અર્થની વિચારણામાં ચડ્યા, પણ કોઈ રીતેય અર્થ સંગત થતો નહોતો. આ પંક્તિનો અર્થ તો એવો થાય કે ચિત્ત પ્રસન્ન હોય તો જ પૂજનનું ફળ મળે. તેથી ચિત્તપ્રસન્નતાએ પૂજનફળ માટેનું કારણ બને. પણ શાસ્ત્રોમાં તો ચિત્તપ્રસન્નતાને પૂજનનું ફળ કહેવામાં આવ્યું છે. આ તો ગાળી આગળ અને ઘોડો પાછળ તેના જેવું થાય છે. અહીં ચિત્તની પ્રસન્નતા એ કારણ છે અને પૂજનનું બીજું કોઈ ફળ કાર્ય તરીકે અધ્યાહાર રાખ્યું છે. માટે, ચિત્તપ્રસન્ને શબ્દ સંગત થતો નથી. જૂની હસ્તપ્રતોમાં તપાસ કરતા ચિત્તપ્રસત્તિ કે ચિત્તપ્રસન્નિશબ્દ નજરે ચડ્યા અને અર્થ સંગત થયો. આવું પરિમાર્જન તો અનેક સ્તવનોમાં પૂજ્યશ્રીએ કરી આપ્યું છે. દેરાસર આદિમાં સ્તવન ગાયા પછી તેની પંક્તિઓને, બાળક ચ્યુઈંગમ ચગળે તેમ પૂજ્યશ્રી ચગળ્યા કરતા. બુદ્ધિ ન્યાયપરિકર્મિત હતી તેથી વાત-વાતમાં પ્રશ્ન ઊઠતો; કવિએ આમ કેમ લખ્યું ? આવું લખવા પાછળ શું રહસ્ય હશે ? વિ. ઊહાપોહ કરતા મજાના રહસ્યો તેઓશ્રીને જડી જતા અને પછી તેની રસલહાણી કરાવે ત્યારે તો સહુને આનંદ-આનંદ થઈ જતો.

ઋષભદેવ ભગવાનના સ્તવનની પંક્તિ છે. 'ઈન્દ્ર-ચંદ્ર-રવિ-ગિરિ તણાં ગુણ લઈ ઘડિયું અંગ લાલ રે, ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે...' આ પંક્તિનું રહસ્ય ખોલતાં પૂજ્યશ્રીએ સમજાવેલું; આશ્ચર્ય, શીતલતા, પ્રતાપ, ધીરતા આદિ ગુણો ઈન્દ્ર આદિમાંથી લઈને કુદરતે ભગવાનમાં ગોઠવ્યા, પણ સૌભાગ્ય ક્યાંથી આવ્યું તે આશ્ચર્ય છે, તેમ કવિ કહે છે. તેનું કારણ એ છે કે ભાગ્ય એ કોઈની પાસેથી લાવવાની વસ્તુ નથી પણ પોતાની મેળે ઉપાર્જન કરવાની વસ્તુ છે. જેમ નાણાં એ ઉપાર્જન કરવાની વસ્તુ છે. પછી એ નાણાંથી અનાજ, કપડાં, સોનું આદિ લાવવાની વસ્તુ છે. એ બધી વસ્તુ ક્યાંથી લાવવી તે પ્રશ્ન થાય તો ત્યાં કહેવાય કે અનાજ કરિયાણાંની દુકાનથી લવાય વિ. પણ, નાણાં ક્યાંથી લાવવા ? એમ પૂછતાં કહેવું પડે કે નાણાં તો સ્વપુરુષાર્થથી ઉપાર્જવા પડે. તેમ, અહીં ઐશ્વર્ય આદિ ઈન્દ્ર-ચંદ્ર

આદિમાંથી લવાય, પરંતુ તે બધું પ્રાપ્ત થવાનું ભાગ્ય પ્રભુ ક્યાંથી લાવ્યા ? તો કહેવું પડે કે તે પ્રભુએ સ્વપુરુષાર્તથી ઉપાર્જ્યું. તે જ સ્તવનની છેલ્લી પંક્તિમાં કવિ કહે છેઃ "ગુણ સઘળા અંગીકર્યા... દેજો સુખનો પોષ લાલ રે..." પૂજ્યશ્રીએ પ્રશ્ન ઉઠાવ્યોઃ પ્રભુએ બધા ગુણ અંગીકાર કરેલા છે તે વાત કર્યા પછી ગુણનો પોષ માંગવો જોઈએ, સુખનો પોષ કેમ માંગ્યો ? તે પ્રશ્નનું પોતે જ સમાધાન શોધ્યું. આ જે સુખનો પોષ માંગ્યો છે તે સામાન્ય સુખનો નહિ પરંતુ ગુણોના સુખનો પોષ માંગ્યો છે, ક્યારેક ક્યારેક આપણે ગુણોનું પાલન તો કરીએ છીએ પરંતુ તેનો આનંદ નથી માણતા દા.ત. કોઈકના ઉદ્ધત વર્તન પર ક્ષમા રાખ્યા પછી મનમાં થાય છે - ખોટી ક્ષમા રાખી, તેને તો બરાબર શિક્ષા કરવાની જરૂર હતી, ઉપવાસ કે આયંબિલ કર્યા પછી શિથિલતા આવતા મનમાં થાય છે. - ક્યાં તપ કર્યો ? આવા અનેક પ્રસંગોમાં સુકૃત અને સદ્ગુણનો આનંદ-સુખ આપણે માણી શક્તા નથી. તેથી કવિએ ભગવાન પાસે ગુણના સુખનો પોષ માંગ્યો.

વિહારમાં કે વરઘોડામાં ચાલતા હોય ત્યારેય પૂજ્યશ્રીનું મન તો ચિંતની રમ્ય સૃષ્ટિમાં રમ્યા જ કરતું. સામૈયામાં રસ્તા પર ગહુંલીઓ થતી હોય ત્યારેય મનમાં તો સ્તવન-પંક્તિઓના તાળા ખોલતા હોય. કોલ્હાપુરના એક વરઘોડામાં પૂજ્ય પં. જગચંદ્રવિજય (હાલ આચાર્ય) નો હાથ પકડીને ચાલતા હતા. મન તો દિવ્ય ચિંતનમાં ખોવાયેલું હતું. તરત જ પ્રશ્ન કર્યો : "બોલ, જગચંદ્ર, સંભવનાથ ભગવાનના સ્તવનમાં ઉપાધ્યાયજી મહારાજ લખે છે - ખામી નહિ મુજબ ખિજમતે..." આમાં મૃષાવાદ નથી ? આપણી ખિજમત તો ઘણી ખામીવાળી છે અને સ્તવન રચનાર મહોપાધ્યાયજી તો મહાજ્ઞાની છે, મૃષાવાદ લાગે તેવું તો લખે નહીં, તો આનું સમાધાન શું ? પછી, તરત પોતે જ સમાધાન આપ્યું, જે કાળમાં જેવું સંઘયણ હોય તે અનુસાર શક્તિ ગોપવ્યા વિના આરાધના કરાય તે ખામીરહિત કહી શકાય... તે રીતે આપણે આરાધના કરતા હોઈએ તો વાક્ય સાચું જ છે...

બારમાં ભગવાનના સ્તવનની પહેલી પંક્તિમાં ઘણીવાર ખૂબ રમાડતા.

"સ્વામી ! તમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું.
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ સહિત મન-ઘરમાં ઘરશું."

આ કીડામાં કવિએ પહેલા કહ્યું કે - "હે સ્વામી ! તમે કાંઈક કામણ કરીને અમારું ચિત્ત ચોરી લીધું." એનો અર્થ તો એ થાય કે - આપણું ચિત્ત પ્રભુ દ્વારા ચોરાઈ ગયું અટેલે ચિત્ત આપણી પાસે રહ્યું નહિ. તો પછી હવે કવિ શી રીતે એમ કહી શકે કે - "પ્રભુ ! તમે તો અમારું માત્ર એકલું ચિત્ત ચોર્યું પણ અમે તો તમને આખાને આખા અમારા મનમાં બેસાડી દઈશું ?" કારણ કે, ચિત્ત તો એની પાસે રહ્યું જ છે ક્યાં ?

પછી પોતે જ તેનું સમાધાન આપતાઃ અહીં ચોરી લીધું નો અર્થ-હરી લીધું, આકર્ષી લીધું - એવો થાય છે. અર્થાત્, અમારું ચિત્ત જે સંસારના પદાર્થ તરફ હતું તે પ્રભુના કામણથી પ્રભુ સન્મુક થઈ ગયું. હવે અમે પ્રભુ પ્રત્યે ભક્તિનું કામણ એવું કરીશું કે - પ્રભુ ! તમે તો માત્ર અમારા મનને આકર્ષી લીધું પરંતુ અમે તમારું માત્ર કોઈ અંગ નહી, કિન્તુ તમને આખાને જ અમારા ચિત્તમાં સ્થાપી દઈશું.

પછી તો આખા સ્તવનની એક-એક પંક્તિમાં પ્રશ્નજાળ ઊભી કરીને પૂજ્યશ્રી બધાને ફસાવતા અને પોતે જ ચિંતનની કળથી જાળ ઉકેલીને ફસાયેલા અમને બધાને બહાર કાઢતા. સ્તવનો એમના રસમધુર કંઠેથી ગવાતા સાંભળવા જેવા હતા અને તેના રહસ્યો તેઓશ્રી પાસેથી સમજવા જેવા હતા.

આ લાભ જેને મળ્યો અને જાણે માણ્યો તેણે તો ખરેખર લહાવો લૂંટી જાણ્યો. પૂજ્યપાદશ્રીના પુસ્તકોમાં અને દિવ્યદર્શનના અંકોમાં ઠેર ઠેર આવી સ્તવન-અનુપ્રેક્ષાનું નવનીત પીરસાયેલું જોવા મળે છે. નવપદ પૂજાની ઢાળો ઉપર પૂજ્યશ્રીએ વાચના ચલાવી છે તો મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની સ્તવન-ચોવીશી ઉપર ચિંતનસભર વિવેચન પણ પીરસ્યું છે. સ્તવનનોની અનુપ્રેક્ષા દ્વારા પૂજ્યશ્રી ચિંતનની રમ્યસૃષ્ટિમાં શ્રોતાઓને ખેંચી જતા તમે પ્રભુભક્તિના ભાવોને વધુ ઘેરા બનાવી દેતા. પૂજ્યપાદશ્રીની આ સ્તવન-અનુપ્રેક્ષાઓ અસાધારણ કોટિની છે અને તેમાં પૂજ્યપાદશ્રીનુ અસાધારણ કક્ષાનું બુદ્ધિચાતુર્ય પ્રતિબિંબિત થતું સ્પષ્ટ દેખાય છે.

– **"ભુવનભાનુનાં અજવાળાં"** પુસ્તકમાંથી સાભાર

❉ ❉ ❉